ૐ

# રાજહૃદય

(ભાગ-૧)

('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)


પ્રકાશક

**વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**

ભાવનગર

**પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન :**
**વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
**૫૮૦, જૂની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામી માર્ગ**
**ભાવનગર-૩૬૪૦૦૧**
**ફોન : (૦૨૭૮) ૨૫૧૫૦૦૫ / ૨૪૨૩૨૦૭**

**શ્રી કુંદકુંદ-કહાન જૈન સાહિત્ય કેન્દ્ર,**
**'ગુરુ ગૌરવ', સોનગઢ**
**ખીમજીભાઈ ગંગર (મુંબઈ) : (૦૨૨) ૨૬૧૬૧૫૯૧**
**ડોલરભાઈ હેમાણી (કલકત્તા) : (૦૩૩) ૨૪૭૫૨૬૯૭**
**અમી અગ્રવાલ (અમદાવાદ) : R-૨૫૪૫૦૪૯૨, ૯૩૭૭૧૪૮૯૬૩**
**શ્રી આદિનાથ કુંદકુંદ કહાન દિગંબર જૈન ટ્રસ્ટ**
**'વિમલાંચલ' હરિનગર, અલીગઢ.**
**ફોન : (૦૫૭૧) ૪૧૦૦૧૦/૧૧/૧૨**

**પ્રથમ આવૃત્તિ : પ્રત–૧૫૦૦, તા. ૮-૧૨-૦૬**
**પૃષ્ઠ સંખ્યા : ૮ + ૩૪૮ = ૩૫૬**

**પડતર કિંમત : ૫૫/-**
**વેચાણ કિંમત : ૨૦/-**

**લેસર ટાઈપ સેટિંગ :**
**પૂજા ઇમ્પ્રેશન્સ**
**પ્લોટ નં. ૧૯૨૪-બી,**
**૬, શાંતિનાથ બંગલોઝ,**
**શશીપ્રભુ માર્ગ, રૂપાણી સર્કલ,**
**ભાવનગર-૩૬૪૦૦૧**
**ફોન : (૦૨૭૮) ૨૫૬૧૭૪૯**

**મુદ્રક :**
**ભગવતી ઓફસેટ**
**૧૫-સી, બંસીધર મિલ**
**કમ્પાઉન્ડ, બારડોલપુરા,**
**અમદાવાદ-૩૮૦૦૦૪**
**ફોન : ૯૮૨૫૩૨૬૨૦૨**

# પ્રસ્તાવના

'**રાજહૃદય**' ભાગ–૧નું પ્રકાશન કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે. પ્રસ્તુત ગ્રંથમાં કૃપાળુદેવ '**શ્રીમદ્ રાજચંદ્ર**' ગ્રંથમાં પ્રકાશિત વચનામૃતો તથા પત્રો ઉપર સમાદરણીય સિદ્ધાંતનિષ્ઠ પૂજ્ય ભાઈશ્રી '**શશીભાઈ**'ના પ્રવચનોનું પ્રકાશન છે. 'ભાવનગર'માં ૧૯૮૯માં '**શ્રી સીમંધર સ્વામી દિગંબર જિનમંદિર**'માં '**શ્રીમદ્ રાજચંદ્ર**' ગ્રંથનો સળંગ સ્વાધ્યાય ચાલ્યો હતો. પ્રસ્તુત ધ્વનિમુદ્રિત પ્રવચનોના સી.ડી. પ્રવચનો અત્યારે '**શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર**'માં નિયમિતરૂપે સાંભળવાનો નિત્યક્રમ ચાલી રહ્યો છે. પ્રવચનો સાંભળ્યા બાદ ઘણા મુમુક્ષુઓને એવો ભાવ આવ્યો કે જો આ પ્રવચનો ગ્રંથારૂઢ થાય તો સર્વ મુમુક્ષુ સમાજને આત્મહિતમાં લાભનું કારણ થાય. આ ભાવનાના ફળસ્વરૂપે '**રાજહૃદય**' નામક ગ્રંથ પ્રકાશન કરવામાં આવી રહ્યો છે.

આપણાં પરમ તારણહાર, સાગર સમાન ગંભીર, અધ્યાત્મયુગ દિવાકર પૂજ્ય ગુરુદેવશ્રી 'કાનજીસ્વામી'નો સમસ્ત મુમુક્ષુ સમાજ ઉપર અવિસ્મરણીય ઉપકાર વર્તે છે. આવા દુષમકાળમાં તીર્થંકર જેવા યુગપુરુષનો જન્મ એ આપણાં સૌનું મહાન સદ્ભાગ્ય છે. પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના વિશાળ અને ગહન શાસ્ત્ર અભ્યાસની શ્રૃંખલામાં એક ગ્રંથ હતો 'શ્રીમદ્ રાજચંદ્ર' ! પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના પરિવર્તન બાદ તેઓશ્રીએ આ ગ્રંથ ઉપર પ્રવચનો પણ આપેલા છે અને ત્યારે કોઈ પૂછે કે, અમારે કયુ શાસ્ત્ર વાંચવું ? તો પૂજ્ય 'ગુરુદેવશ્રી' કહેતા, 'શ્રીમદ્ રાજચંદ્ર' વાંચો !

પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના હૃદયમાં 'કૃપાળુદેવ' પ્રત્યે કેટલું બહુમાન, ઉપકારબુદ્ધિ અને ભક્તિભાવ હતો તેનો પુરાવો છે 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર પર પ્રવચનો'. પાને પાને 'કૃપાળુદેવ'ના ગુણગ્રામ કરતો આ ગ્રંથ 'કૃપાળુદેવ'નું પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના હૃદયમાં શું સ્થાન હતું તેની પ્રસિદ્ધિ કરે છે ! પૂજ્ય 'ગુરુદેવશ્રી'એ કહ્યું છે કે, 'અત્યારે જે આ 'સમયસાર'

વંચાય છે તે 'શ્રીમદ્ રાજચંદ્ર'નો ઉપકાર છે !' આપણા ગુરુવર 'કહાન' પણ જેમનો ઉપકાર માને છે અને જેમના ગુણગ્રામ કરતાં થાકતા નથી તો આપણને તો કેટલો ઉપકાર, ભક્તિ અને બહુમાન હોવા ઘટે તે સ્પષ્ટ સમજી શકાય એવી વાત છે. પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના શ્રીમુખેથી પ્રવાહિત બહુમાનયુક્ત ઉદ્ગારો પ્રસ્તુત ગ્રંથમાં અન્યત્ર આપવામાં આવેલ છે.

જન્મ-મરણ, માનસિક અને શારીરિક દુઃખ, પીડા, બાધા, રોગ, શોક આદિ અનેક પ્રકારના દુઃખથી ગ્રસિત સંસારી જીવ અનેક વિડંબનાઓને ભોગવતો પરવશ બની કાળચક્રમાં પરિભ્રમણ કરી રહ્યો છે. અનેક પ્રકારના કર્મજનિત ચિત્ર-વિચિત્ર ઉદય પ્રસંગોમાં રહેતું અસમાધાન, મૂંઝવણ આદિનો ઉપાય શું ? તેનું અજ્ઞાન હોવાને લીધે ન ઇચ્છતા છતાં દુઃખની પરંપરા અનિવાર્યપણે ભોગવી રહ્યા છે. સુખની ઝંખના, સુખની પ્રાપ્તિ માટેના વલખાં અને દુઃખથી ત્રસ્ત સંસારી જીવ આજ પર્યંત સાચું સુખ પ્રાપ્ત નથી કરી શક્યા એ વાત વર્તમાન પરિસ્થિતિ ઉપરથી સ્પષ્ટ સમજી શકાય તેમ છે.

આવી એક અણઉકેલી સમસ્યાનું સમાધાન ગવેષવા કોઈક વિરલ જીવ જાગે છે. તેને પહેલો વિચાર એ આવે છે કે, આ સુખ-દુઃખની સમસ્યાનું સમાધાન આપનાર એવા કોઈ મહાપુરુષ છે ખરા ? જો હોય તો મારે સાતમે પાતાળે પહોંચીને પણ આ સમસ્યાનો અંત લાવવો છે ! અંતરંગથી ઉત્પન્ન થયેલી સત્સમાગમની ભાવના સત્પુરુષની શોધમાં પરિણમિત થાય છે અને કુદરતના નિયમાનુસાર તે જીવને એ દિવ્યમૂર્તિની પ્રાપ્તિ થાય છે. તે વિરલ જીવ જ્ઞાનીપુરુષ દ્વારા ઉપદિષ્ટ બોધ અનુસાર પ્રયત્ન કરતાં તેને તે સત્ય સુખની પ્રાપ્તિ થાય છે અને ક્રમશઃ સંસારદુઃખથી પરિમુક્ત થાય છે.

'કૃપાળુદેવે' પૂર્વભવોમાં આત્મહિતાર્થે અનેક અથાગ પ્રયત્ન કર્યા હતાં છતાં એ સૌ નિષ્ફળ ગયા હતા પરંતુ કોઈ એક ભવમાં સત્પુરુષનો યોગ થયા બાદ તેઓશ્રીને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી અને અનંત જન્મ-મરણનો અંત આવ્યો હતો. માટે 'કૃપાળુદેવે' વર્તમાનમાં સ્વયંને પ્રત્યક્ષ

સત્પુરુષનો યોગ થયો ન હોવા છતાં પત્રે પત્રે સત્‌સમાગમનો મહિમા નિષ્કારણ કરુણાથી માત્ર મુમુક્ષુજીવના કલ્યાણ અર્થે ગાયો છે. 'કૃપાળુદેવ'ના પરિચયમાં જે કોઈ સુપાત્ર જીવો આવેલા તેમને તે વખતની તેમની યોગ્યતાને જોઈને તેઓએ પત્રમાં માર્ગદર્શન આપેલું. આ માર્ગદર્શન વર્તમાનમાં આપણને સૌ કોઈને લાગુ પડે તેવું માર્ગદર્શન છે.

'કૃપાળુદેવ'ને સમષ્ટિગત ઉપદેશ આપવાનો ઉદય નહોતો પરંતુ વ્યિ તગત ઉપદેશ આપવાનો ઉદય હતો. માટે આ વાતની મર્યાદા સમજીને 'કૃપાળુદેવે' આપેલ માર્ગદર્શનને જો જીવનમાં અવધારવામાં આવે તો અવશ્ય દોષમુ ત થવાય એ વાત નિઃસંશય છે. 'કૃપાળુદેવ'ની લખાણની ભાષા ગૂઢ હોઈ પ્રાયઃ જીવ તેમના અંતઃકરણને સમજી શકતો નથી. છતાં તેઓશ્રીના લખાણમાં એવો જ કોઈ ચમત્કાર છે કે આજે તેઓશ્રીની અનુપસ્થિતિમાં પણ હજારો લોકો તેમના બોધને અનુસરવાનો પ્રયત્ન કરી રહ્યા છે !

'કૃપાળુદેવ'ના લખાણમાં રહેલી મધ્યસ્થતા, આશય ગંભીરતા, આત્મહિતનો પ્રધાન સૂર, નિષ્કારણ કરુણા, અંગ અંગમાં નીતરતો વૈરાગ્ય, પારલૌકિક વિચક્ષણતા, પુરુષાર્થની તીવ્ર ગતિ, સરળતા, પરેચ્છાનુચારીપણું ઇત્યાદિ અનેકાનેક ગુણોથી વિભૂષિત થયેલા તેમના પત્રો એક અમૂલ્ય રત્નોની નિધિ છે ! તેઓશ્રીના લખાણમાં રહેલું ડાણ તેમના હૃદયને – અંતરંગ પરિણતિને પ્રકાશે છે. અંતરંગ પરિણતિમાં વર્તતા દિવ્ય ગુણોની ઝલક તેમના લખાણમાં વ્ય ત થઈ છે. પરંતુ આ ઝલકને પારખનારા પણ કોઈ વિરલા જીવ જ હોય છે. કોઈક જ વિરલા તેમના હૃદયને પારખી શક્યા છે, જેણે પારખ્યા તે પોતે તે દિવ્ય દશાને પામી ગયા ! એ દિવ્ય હૃદયને પરખીને વર્તમાન મુમુક્ષુ સમાજ પર્યંત તે હૃદયના ભાવોને પ્રકાશમાં લાવનાર છે – પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ' !

'રાજ હૃદય' નામ અનુસાર 'કૃપાળુદેવ'ના અંતરંગને ખોલનાર પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના અનુભવરસ ઝરતા આ પ્રવચનો અમૃતવેલડી સમાન છે. એક દિવ્યમૂર્તિને આકાર આપતા આ પ્રવચનો 'કૃપાળુદેવ' જેવા મહાન

સાધકની સાધકદશાને સ્વયંની અનુભવવાણીરૂપી ટાંકણાંથી ઉત્કીર્ણ કરીને મુમુક્ષુજીવને દર્શાવે છે કે, આ છે 'કૃપાળુદેવ' ! આ છે 'રાજ હૃદય' ! 'કૃપાળુદેવ'ના લખાણમાં વ્ય ત થતાં તેઓશ્રીના અંતરંગ અલૌકિક ગુણરૂપી રત્નોના ખોબા ભરી ભરીને મુમુક્ષુ સમક્ષ મૂક્યા છે !! કોઈપણ જીવ ગ્રાહક થઈને લે તો સ્વયં એ રત્નોથી વિભૂષિત થઈ જાય !

ધન્ય છે પૂજ્ય ભાઈશ્રીના સાતિશય જ્ઞાનને અને ધન્ય છે તેમની સાતિશય પ્રવચનધારાને કે જેના દ્વારા એ દિવ્યમૂર્તિના દર્શન કરાવ્યા ! જ્ઞાનીપુરુષના એક એક વચનમાં અનંત આગમ રહેલાં છે એ વાતની પ્રતીતિ કરાવતા આ પ્રવચનો મુમુક્ષુજીવ માટે રત્નોની નિધિ સમાન છે. મુમુક્ષુજીવને પોતાનું વ્યવહારિક જીવન અને નિશ્ચય જીવન કેવી રીતે ઘડવું તેવું માર્ગદર્શન ઠામ ઠામ અનેક પત્રોમાં જોવા મળે છે.

નાની ઉંમરથી જ 'કૃપાળુદેવ'ના લખાણમાં તેઓશ્રીના પૂર્વસંસ્કાર પ્રકાશિત થાય છે અને કોઈ ગજબના સાધકજીવે આ કળિકાળમાં જન્મ ધારણ કર્યો છે તેવી પ્રતીતિ કરાવી જાય છે. લખાણની અંદર ઝળકતી પ્રૌઢતા, વૈરાગ્ય, વિવેક, આત્મહિતનો સંવેગ, વિશાળતા, સરળતા આદિ અભિવ્ય તઓ દર્શનીય અને મનનીય છે.

૧૭ વર્ષની ઉંમર પહેલાં લખાયેલાં દસ વચનો ઉપર પ્રવચન આપતાં પૂજ્ય 'ગુરુદેવશ્રી' ફરમાવે છે કે, **આ તો બાર અંગનો સાર છે !** એવા વચનોના, એ વચનના દેનાર એવા પુરુષના, અલ્પમતિ જીવ શું ગુણગ્રામ કરી શકે ? છતાં ઉપકારબુદ્ધિવશાત્ અત્ર તેઓશ્રીના થોડા ગુણોનું બહુમાન, ભ ત કરી તેમના ચરણોમાં વંદન કરીએ છીએ.

પ્રસ્તુત ગ્રંથના પ્રકાશન પ્રસંગે અધ્યાત્મ યુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી 'કાનજીસ્વામી', તદ્ભ તરત્ન પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી 'ચંપાબહેન', ગુરુ ગૌરવ પુરુષાર્થમૂર્તિ પૂજ્ય 'નિહાલચંદ્ર સોગાનીજી' તથા શાંતમૂર્તિ, 'રાજહૃદય' ઓળખાવનાર એવા પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના ચરણોમાં ભ તભાવપૂર્વક વંદન કરીએ છીએ.

પ્રસ્તુત ગ્રંથમાં પ્રકાશિત પ્રવચનોને સી.ડીમાંથી સાંભળીને સંપાદન

કરવામાં આવેલ છે. ઘણા પ્રવચનોમાં રેકોર્ડિંગ ખરાબ હોઈ ક્યાંક ક્યાંક સ્પષ્ટ સંભળાતું નહિ હોવાથી ત્યાં કૌંસ ભરવામાં આવ્યા છે અને શક્ય તેટલો ભાવોનો પ્રવાહ યથાવત જાળવી રાખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. તેમ છતાં ક્યાંક ભૂલ રહી ગઈ હોય તો એ સત્પુરુષોની તથા જિનવાણી માતાની હૃદયપૂર્વક ક્ષમા યાચીએ છીએ. ત્યારબાદ આ પ્રવચનોને બીજા મુમુક્ષુ દ્વારા ફરીથી તપાસવામાં આવે છે અને પછી જ પ્રેસ ઉપર મોકલવામાં આવે છે.

સળંગ પ્રવચનો 'ભાવનગર' જિનમંદિરમાં ચાલ્યા છે, આશરે ૪૫૦ પ્રવચનોમાં પૂર્ણ થતા આ ગ્રંથના પ્રવચનોના લગભગ ૩૦ ભાગ પ્રકાશિત કરવાની ભાવના છે. પ્રસ્તુત ગ્રંથમાં જે પત્રો ઉપરના પ્રવચનો તે શ્રૃંખલામાં નહિ હોવાથી ત્યારબાદ પાછળથી બીજે સ્થળે તે જ પત્ર ઉપરના પ્રવચનો ચાલ્યા હોય તો ત્યાં તે પ્રવચનો લેવામાં આવેલ છે. જે પ્રવચનો હિન્દીમાં ચાલેલા છે તેની માત્ર લિપી ગુજરાતી કરીને લેવામાં આવ્યા છે. બહારગામ ચાલેલા પ્રવચનનોનું સ્થળ-નિર્દેશન જે તે પ્રવચનના મથાળામાં આપવામાં આવેલ છે.

ગ્રંથના પ્રકાશન કાર્યમાં જે જે મુમુક્ષુઓનો સહકાર પ્રાપ્ત થયેલ છે તેમનો આભાર માનવામાં આવે છે. ગ્રંથ પ્રકાશનાર્થ પ્રાપ્ત દાનરાશિનો ઉલ્લેખ અન્યત્ર આપવામાં આવેલ છે તે સર્વનો પણ આભાર માનવામાં આવે છે. ગ્રંથના સુંદર ટાઈપ સેટિંગ માટે 'પૂજા ઇમ્પ્રેશન્સ'નો તથા સુંદર મુદ્રણ કાર્ય માટે મે. 'ભગવતી ઑફસેટ'નો આભાર માનવામાં આવે છે.

અંતતઃ 'રાજહૃદય'માંથી પ્રવાહિત આ અવિરત અમૃત સરવાણીને પીને પ્રત્યેક જીવ શાશ્વત સુખને પ્રાપ્ત થાય એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ.

તા. ૧૫-૧૧-૨૦૦૫
(કાર્તિકી પૂર્ણિમા, 'શ્રીમદ્ રાજચંદ્ર' જન્મ જયંતિ દિવસ)

ટ્રસ્ટીગણ
**વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**

# હું જ્ઞાનમાત્ર છું.

સુખધામ અનંત સુસંત ચહી,
દિનરાત્ર રહે તદ્ધ્યાન મહી;
પ્રશાંતિ અનંત સુધામય જે,
પ્રણમું પદ તે વરતે જય તે.

પાવન મધુર અદ્ભુત અહો ! ગુરુવદનથી અમૃત ઝર્યાં,
શ્રવણો મળ્યાં સદ્ભાગ્યથી નિત્યે અહો ! ચિદ્રસ ભર્યાં.
ગુરુદેવ તારણહારથી આત્માર્થી ભવસાગર તર્યાં,
ગુણમૂર્તિના ગુણગણતણાં સ્મરણો હૃદયમાં રમી રહ્યાં.

હું એક શુદ્ધ સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે;
કંઈ અન્ય તે મારું જરી, પરમાણુમાત્ર નથી અરે.

**સહજાત્મસ્વરૂપ સર્વજ્ઞદેવ પરમગુરુ**

# પૂજ્ય ગુરુદેવશ્રી 'કાનજીસ્વામી'ના 'શ્રીમદ્ રાજચંદ્રજી' પ્રત્યે પ્રવાહિત હૃદયોદ્‌ગાર

**આ આત્મસિદ્ધિશાસ્ત્રમાં કોઈ મહાન યોગબળથી, જગતના ભાગ્ય માટે ડું ડું તત્ત્વદર્શન ગોઠવાયું છે.** (આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચન, દ્વિતીય આવૃત્તિ, પૃષ્ઠ સંખ્યા–૪૯૪)

**આ આત્મસિદ્ધિમાં અનંત જ્ઞાનીના જ્ઞાન અમૃતનો સાર રેડાયો છે આ પંચમકાળમાં આવીને શ્રીમદ્ એકાવતારીપણાના સંદેશા આપે છે.** (આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચન, દ્વિતીય આવૃત્તિ, પૃષ્ઠ સંખ્યા–૪૯૭)

**ઘણી સરળ ભાષાથી આ આત્મસિદ્ધિમાં ડું રહસ્ય મૂ યું છે.** (આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચન, દ્વિતીય આવૃત્તિ, પૃષ્ઠ સંખ્યા–૫૧૭)

**ગુજરાતી ભાષામાં તત્ત્વનું ડુ રહસ્ય આ શાસ્ત્રમાં જાહેર કર્યું છે.** (આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચન, દ્વિતીય આવૃત્તિ, પૃષ્ઠ સંખ્યા–૫૧૭)

**જ્ઞાની પુરુષોએ જે પ્રકારે આત્માને કહ્યો છે તે જ પ્રકારે, આ આત્મસિદ્ધિમાં આત્માને કહ્યો છે, તેનો વિશ્વાસ કરવો, અને સત્સમાગમ વડે તેનો નિત્ય અભ્યાસ કરવો .** (આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચન, દ્વિતીય આવૃત્તિ, પૃષ્ઠ સંખ્યા–૫૧૭)

**જેમ છે તેમ આત્મા અને જડ, સ્વભાવ-વિભાવ, કષાય-અકષાય, કર્તા-અકર્તા, સક્રિય-અક્રિય, ભો તા-અભો તા વગેરે અનેક ધર્મનું રહસ્ય આ શાસ્ત્રમાં આવી જાય છે. માટે તે ખૂબ વિચારવું. પૂર્વાપર વિરોધ રહિત નિર્ણય થવો જોઈએ.** (આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચન, દ્વિતીય આવૃત્તિ, પૃષ્ઠ સંખ્યા–૫૧૭)

**૧૧૫, ૧૧૬, ૧૧૭, ૧૧૮, આ ચાર ગાથા હૃદયમા કોતરી રાખવા જેવી છે.** (આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચન, દ્વિતીય આવૃત્તિ, પૃષ્ઠ સંખ્યા–૫૨૨)

જેણે આ પંચમકાળમાં સત્ ધર્મની જાહેરાત કરી, અને પોતે અનંત ભવનો છેડો કાઢી, એક જ ભવ બાકી રહે તેવી, પવિત્રદશા આત્માને વિષે પ્રગટ કરી તેવા પવિત્ર પુરુષનું અતિ અતિ બહુમાન થવું જોઈએ. તેમના જન્મ દિવસ આજે જયંતિ છે, ધન્ય છે તેમને હું ચોક્કસ કહું છું કે ગુજરાત કાઠીયાવાડમાં, વર્તમાનકાળમાં મુમુક્ષુ જીવોના પરમ ઉપકારી હોય તો તે શ્રીમદ્ રાજચંદ્ર છે. ગુજરાતી ભાષામાં આત્મસિદ્ધિ લખીને જૈનશાસનની શોભા વધારી છે. આ કાળમાં તેમના જેવા મહત્ પુરુષ મેં જોયા નથી. તેમના એકેક વચનમાં ડું રહસ્ય છે. તે સત્સમાગમ વિના સમજાય તેમ નથી. (આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચન, દ્વિતીય આવૃત્તિ, પૃષ્ઠ સંખ્યા–૫૪૭)

શ્રીમદ્‌નું જીવન સમજવા માટે મતાગ્રહથી, દૂરાગ્રહથી દૂર રહી, એ પવિત્ર જીવનને મધ્યસ્થપણે જોવું જોઈએ. જ્ઞાનીની વિશાળ દ્રષ્ટિના ન્યાયથી વિચારવું જોઈએ. તેમની ભાષામાં અપૂર્વભાવ ભર્યા છે. તેમાં વૈરાગ્ય, ઉપશમ, વિવેક, સત્સમાગમ બધું છે. બાળકથી માંડીને અધ્યાત્મિક સત્સ્વરૂપની પરાકાષ્ટાને પહોંચેલા, ડા ડા ન્યાય, ગંભીર અર્થ તેમના લખાણમાં છે. વ્યવહાર નીતિથી લઈને પૂર્ણ શુદ્ધતા-કેવળજ્ઞાન સુધીના ભણકાર તેમાં છે, કોઈ જ્ઞાનબળના અપૂર્વયોગે એ લખાયા છે. તેમના અંતરમાં વીતરાગ શાસનની પ્રભાવના થાય, સનાતન જૈનધર્મ જયવંત વર્તે, એમ નિમિત્ત થવાની ડાણમાં ભાવના હતી. (આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચન, દ્વિતીય આવૃત્તિ, પૃષ્ઠ સંખ્યા–૫૪૮)

હાલમાં શ્રી સમયસારજી પરમ આગમ શાસ્ત્ર વંચાય છે, તેની પ્રભાવના કરનાર પણ શ્રીમદ્ રાજચંદ્ર હતા. પોતાની હૈયાતિમાં જ તેમણે પરમશ્રુત પ્રભાવક મંડળની સ્થાપના કરી. તેમનો ઉદ્દેશ મહાન આચાર્યોના આગમ શાસ્ત્રો સંશોધિત કરીને છપાવવાનો હતો. તે મંડળે ઓગણીશ વર્ષ પહેલાં, એક હજાર સમયસારજી શાસ્ત્ર, આચાર્યવર કુંદકુંદ ભગવાન રચિત મહાસૂત્ર છપાવ્યું. (આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચન, દ્વિતીય આવૃત્તિ,

પૃષ્ઠ સંખ્યા–૫૪૮)

**એ પુસ્તક છપાય એવી તેમની ખાસ ઇચ્છા હતી. એ રીતે ઓગણીશ વર્ષ પહેલાં શ્રી સમયસારની પ્રભાવના તેમના મારફત થઈ. તે પરમાગમ શાસ્ત્રનો હાલ કાઠીયાવાડમાં સારા પ્રમાણમાં લાભ લેવાય છે.** (આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચન, દ્વિતીય આવૃત્તિ, પૃષ્ઠ સંખ્યા–૫૪૯)

**સમયસાર શાસ્ત્રની આ કાળે, પ્રથમ જાહેરાત કરાવનાર શ્રીમદ્ રાજચંદ્ર છે, માટે તેમનો અનંત ઉપકાર છે, તેનો લાભ અત્યારે ઘણા ભાઈઓ-બહેનો લે છે, તે શ્રીમદ્‌નો જ ઉપકાર છે. હાલમાં તેની બે હજાર પ્રત ગુજરાતીમાં છપાય છે. તેનો લાભ લેનારને પણ શ્રીમદ્ ઉપકારી ગણાય.** (આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચન, દ્વિતીય આવૃત્તિ, પૃષ્ઠ સંખ્યા–૫૪૯)

**શ્રીમદે પત્રે–પત્રે અંતરનાદથી પુરુષાર્થ સહિત એક જ ભણકાર ગજાવ્યો છે કે સત્સમાગમ જ એક કલ્યાણકારી છે.** (આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચન, દ્વિતીય આવૃત્તિ, પૃષ્ઠ સંખ્યા–૫૫૧)

**આત્મસિદ્ધિ બધાએ (બાળગોપાળ બધા ભાઈઓ-બહેનોએ) અંતર પટમાં કોતરાઈ જાય તેવી રીતે, મુખપાઠ કરીને ધારી રાખવા યોગ્ય છે. એનું જ રાત દિવસ મનન કરવાથી પોતાની જાતનો નિર્ણય આવશે.** (આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચન, દ્વિતીય આવૃત્તિ, પૃષ્ઠ સંખ્યા–૫૫૧)

**શ્રીમદ્‌ના પુસ્તકમાં ઘણી અર્થ સૂચક ગંભીરતા ભરી છે, તેમાં 'પ્રાયે', 'મુખ્યપણે' વગેરે અપેક્ષા, સાધારણ જીવને ન સમજાય તેવું પણ કોઈ ઠેકાણે આવે છે. માટે સત્સમાગમથી વાંચવુ, વિચારવું; મોક્ષમાળા બધાએ વાંચવા જેવી છે. વળી અંદર 'પંચાસ્તિકાય' ટૂંકી ભાષામાં, અદ્‌ભૂતભાવ ગ્રહીને પોતાની બળવાન કલમથી લખ્યું છે. દ્રવ્યસંગ્રહની ગાથાનો અર્થ પણ લીધો છે. એમ મહાન આચાર્યોનો અનુભવ પોતે પોતાની નોંધમાં ટપકાવી લીધેલ છે, અને વાંચનારને સુગમ પડે એવી રચના બની છે; છતાં તેમની વાણીમાં એટલું બધું ગૂઢપણું છે કે તેમાં 'પ્રાયે' એટલે 'કથંચિત' – (=સાપેક્ષપણે) સમજવાનું ઘણું હોય છે. તે સમજવા માટે**

**મધ્યસ્થતા અને વિશાળબુદ્ધિ જોઈએ. જો આગળ પાછળની સંધિ, અપેક્ષા મેળવ્યા  વિના કોઈ વાંચે તો ભાવમાં સંધિ તૂટી જાય અને સરખો મેળ બેસે નહિ. માટે સત્સમાગમે વાંચવા વિચારવા ભલામણ છે. શ્રીમદ્દે તો મનુષ્ય જીવનમાં પોતાનું સુકૃત્ય કર્યું. અને આત્માની અખંડ સમાધિ લઈને ગયા છે.** (આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચન, દ્વિતીય આવૃત્તિ, પૃષ્ઠ સંખ્યા–૫૫૬)

**બધાના ઘરમાં સૌએ આત્મસિદ્ધિ મોઢે કરવા જેવી છે. તથા મોક્ષ માળા જેમાં ૧૦૮ મણકારૂપ પાઠ છે, તે નાના બાળકો એ અને વૃદ્ધોએ પણ એ મોક્ષમાળા અવશ્ય વાંચવી. તેમને (શ્રીમદ્‌ને) નવ વર્ષે તો જાતિ સ્મરણ જ્ઞાનના સંસ્કાર પ્રગટ્યા હતા.** (આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચન, દ્વિતીય આવૃત્તિ, પૃષ્ઠ સંખ્યા–૫૫૬)

**શ્રીમદ્દે સોળ વર્ષ અને પાંચ મહિને મોક્ષમાળા રચી. પછી ઉત્તરોત્તર તેમનું જીવન જોશો તો તેમાં લોકોત્તર સુગંધ જોઈ શકશો. એ બધા સંસ્કાર પૂર્વ ભવના હતા. એવા જ્ઞાની પુરુષ હૈયાત હતા ત્યારે તેનો લાભ લેનાર ખાસ કોઈ નહોતું. કોઈ લાવો તો ખરા કે એ સંદેશો કેમ હશે ? એક વખત તેઓ પૂર્વ જન્મના સંસ્કારના સ્મરણની ભાવના છે કે ધન્ય તે સત્સમાગમ, અરે જે પૂર્વે સત્સમાગમ કર્યા તે ક્ષેત્ર તે કાળ અને ભાવ સાંભરે છે. ધન્ય એ સત્સમાગમનો આનંદ. પ્રવૃત્તિમાં બેઠા છતાં તે નિવૃત્તિ સંયોગ અને સત્સમાગમ યાદ આવે છે. આ તે એકાન્ત વનક્ષેત્રમાં બેઠા છે કે ઝવેરાતના ધંધામાં છે ? ધર્માત્માને ઓળખવા માટે અંતરંગ દૃષ્ટિ ખીલવવી જોઈએ. ધર્માત્માની અંતરની ઉજ્જળાઈ ધર્માત્મા જ જાણે. સાધારણ જીવોના ટૂંકા ગજ વડે જ્ઞાનીના મહાન હ્રદયના આંક ન દેખાય.** (આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચન, દ્વિતીય આવૃત્તિ, પૃષ્ઠ સંખ્યા–૫૫૭)

# પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના 'શ્રીમદ્ રાજચંદ્રજી' પ્રત્યે પ્રવાહિત હૃદયોદ્‌ગાર

**૧. પંદર-સોળ વર્ષે સૈદ્ધાંતિક વાત કાઢી છે !** (પૃ. સંખ્યા–૧૭)

ಌಌಌ

**૨. ખરેખર ધ્વનિ બહુ સારો છે ! એકેએક બોલનો ધ્વનિ બહુ સારો છે !! બધામાં એકદમ આરાધનાનો વિષય છે.** (પૃ. સંખ્યા–૨૨)

ಌಌಌ

**૩. `શ્રીમદ્‌જી'ની સરળતા જુઓ તો એટલી હદની એમની સરળતા છે !! અને એ એમનો પુરાવો છે. આ પત્રો છે એ એમની સરળતાનો પુરાવો છે.** (પૃ. સંખ્યા–૩૪)

ಌಌಌ

**૪. ૧૭માં વર્ષમાં લખે છે, સંસ્કારી હતા ને ! વિચારણા તો બહુ નાની ઉંમરથી – ૧૪-૧૫ વર્ષની ઉંમરથી વિચારણા જાગી ગઈ છે. એટલે યથાર્થ વિચારધારા ચાલે છે. યથાર્થ વિચારધારા ચાલ્યા પછી અનુભવ સુધી પહોંચતા કેટલા વર્ષ ગયા છે ! ૩૪ વર્ષના આયુષ્યમાં, આ તો ૧૫-૧૬ વર્ષથી વિચારણા જાગી ગઈ છે. નવ-દસ વર્ષ જ્ઞાનદશા રહી છે. ૨૪માં વર્ષે પામ્યા છે. એટલે દસ વર્ષ જ્ઞાનદશા રહી છે. ત્રેવીસ પછી, ત્રેવીસ અને દસ તેંત્રીસ. તેંત્રીસ પૂરા કર્યા છે અને અહીં ત્રેવીસ પૂરા કર્યા છે. દસ વર્ષ જ્ઞાનદશા – એક દસકો બરાબર રહી છે.** (પૃ. સંખ્યા–૨૧૮)

ಌಌಌ

**૫. ૧૭માં વર્ષે પણ કેટલું ચિંતવન ચાલતું હતું ! આ વસ્તુ પૂરાવો છે કે કેવું ચિંતવન ચાલતું હતું !** (પૃ. સંખ્યા–૨૨૭)

ಌಌಌ

**૬. સારામાં સારી ઉત્કૃષ્ટ પાત્રતા !! ઉત્કૃષ્ટ પાત્રતા પામ્યા, પામ્યા એટલું જ નહિ પણ એમની યોગ્યતા એવી (કે) એક ભવ (બાકી રહી ગયો) !! વિશેષ વાત છે ! એક જ ભવ ! એટલી બધી આત્માની નિર્મળતા છે ! આત્માની નિર્મળતા ઘણી છે એ તો દેખાઈ આવે છે.**

(પૃ. સંખ્યા–૨૪૪)

**૭. (નાની) ઉંમરમાં પણ ઘણી પ્રૌઢ વિચારદશા છે ! સામાન્ય વિચારદશા નથી પણ એકદમ પરિપકવ વિચારદશા છે.**

(પૃ. સંખ્યા–૨૪૬)

**૮. ૨૦ વર્ષે તો એમને કેટલો વૈરાગ્ય છે !** (પૃ. સંખ્યા–૩૦૭)

**૯. કેવી કેવી વાતો એમણે કાઢી છે ! પોતાની વિચારણામાં કેવી કેવી વાતો કાઢી છે !!** (પૃ. સંખ્યા–૩૨૧)

**૧૦. 'ગુરુદેવ' કહેતાં, 'શ્રીમદ્' જેવા બહુ શક્તિ લઈને આવેલા, છસ્સો વરસમાં આવા શક્તિશાળી પુરુષ નથી થયા એવા પુરુષ થયા છે !! આયુષ્ય ટૂંકું હતું. બહુ શક્તિ હતી ! જુઓને ! સેંકડો વચનો કેટલી ગંભીર વિચારણામાંથી કાઢ્યા હોય એવા વચનો છે !! વીસ વર્ષની ઉંમરે સમ્યગ્દર્શન થયા પહેલાં બહુ જેની ગંભીર વિચારણા હોય અને જે વાત કાઢે એવી વાત કાઢી છે !** (પૃ. સંખ્યા–૩૨૩)

## 'રાજહૃદય' ભાગ–૧ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ

| | |
|---|---|
| જમનાદાસ હેમચંદ હેમાણી ચેરિટેબલ ટ્રસ્ટ, કોલાકાટા દ્વારા સ્વ. પ્રાણકુંવરબહેન હેમાણીના સ્મરણાર્થે, હ. શ્રી ડોલરભાઈ હેમાણી | ૨૫,૦૦૦/- |
| શ્રી વરુણભાઈ પ્રશાંતકુમાર જૈન, ભાવનગર | ૫,૫૦૦/- |
| સ્વ. શ્રી હસમુખભાઈ અજમેરાના સ્મરણાર્થે, હ. અજમેરા પરિવાર, કોલકાટા | ૫,૦૦૦/- |
| શ્રીમતી ચંદ્રિકાબહેન શશીકાંતભાઈ શેઠ, ભાવનગર | ૫,૧૦૦/- |
| શ્રી નવીનભાઈ શાહ, મુંબઈ | ૫,૦૦૦/- |
| શ્રી રમેશભાઈ મહેતા, મુંબઈ | ૫,૦૦૦/- |
| શ્રી ધર્મેન્દ્રભાઈ ન્યાલચંદ વોરા, ભાવનગર | ૨,૫૦૦/- |
| શ્રી જશવંતભાઈ તથા ડૉ. સુરેખાબહેન ઉદાણી, કોલકાટા | ૨,૫૦૦/- |
| શ્રી હેમંતભાઈ સી. શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રીમતી વિમલાદેવી હીરાલાલ જૈન, ભાવનગર | ૨,૧૦૦/- |
| શ્રી પિયુષભાઈ ભાયાણી, કોલકાટા | ૨,૧૦૦/- |
| એક મુમુક્ષુ, મુંબઈ | ૨,૦૦૦/- |
| શ્રી સુકૃતિ સરાવગી, કોલકાટા | ૧,૫૦૦/- |
| શ્રી શ્રુતિ ઘોષાલ, કોલકાટા | ૧,૧૦૦/- |
| શ્રી પરિચંદજી ઘોષાલ, કોલકાટા | ૧,૦૦૦/- |
| શ્રીમતી જયાબહેન જયંતીલાલ દોશી, બોરીવલી-મુંબઈ | ૧,૦૦૦/- |
| એક મુમુક્ષુ, કોલકાટા | ૫૦૧/- |
| એક મુમુક્ષુ, કોલકાટા | ૫૦૧/- |
| શ્રીમતી સ્નેહલતાબહેન જયેન્દ્રભાઈ શાહ, ભાવનગર | ૫૦૧/- |
| શ્રીમતી ચારૂબહેન જૈન, ભાવનગર | ૫૦૦/- |
| શ્રી ગુણવંતરાય મ. શેઠ, ભાવનગર | ૨૫૧/- |
| સ્વ. કસ્તુરીબહેન લક્ષ્મીચંદ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |
| સ્વ. મધુબહેન કનુભાઈ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |
| એક મુમુક્ષુ, ભાવનગર | ૧૦૧/- |

## પ્રવચન અનુક્રમણિકા


| ક્રમાંક | પત્રાંક | પાના નં. |
|---|---|---|
| ૦૧. | પુષ્પમાળા, બોધવચન | ૦૦૧ |
| ૦૨. | બોધવચન | ૦૨૫ |
| ૦૩. | અનિત્ય ભાવના | ૦૪૮ |
| ૦૪. | અનિત્ય ભાવના | ૦૭૫ |
| ૦૫. | અનિત્ય, અશરણ ભાવના | ૦૯૪ |
| ૦૬. | અશરણ ભાવના | ૧૧૮ |
| ૦૭. | સંસાર ભાવના | ૧૩૭ |
| ૦૮. | સંસાર ભાવના | ૧૫૪ |
| ૦૯. | સંસાર ભાવના | ૧૬૭ |
| ૧૦. | સંસાર ભાવના | ૧૮૨ |
| ૧૧. | અન્યત્વ ભાવના, સત્સંગ પાઠ | |
| | ક્ષમાપના પાઠ | ૧૯૫ |
| ૧૨. | ક્ષમાપના પાઠ | ૨૧૬ |
| ૧૩. | શિક્ષાપાઠ | ૨૩૬ |
| ૧૪. | મહાનીતિ | ૨૬૯ |
| ૧૫. | વચનામૃત | ૨૮૯ |
| ૧૬. | વચનામૃત | ૩૧૨ |

ॐ

नमः श्रीसिद्धेभ्यः

# રાજહૃદય

(ભાગ–૧)

## પુષ્પમાળા

૬. અઘટિત કૃત્યો થયાં હોય તો શરમાઈને મન, વચન, કાયાના યોગથી તે ન કરવાની પ્રતિજ્ઞા લે.

૯. જો તને ધર્મનું અસ્તિત્વ અનુકૂળ ન આવતું હોય તો નીચે કહું છું તે વિચારી જજે :–

(૧) તું જે સ્થિતિ ભોગવે છે તે શા પ્રમાણથી ?

(૨) આવતી કાલની વાત શા માટે જાણી શકતો નથી ?

(૩) તું જે ઇચ્છે છે તે શા માટે મળતું નથી ?

(૪) ચિત્રવિચિત્રતાનું પ્રયોજન શું છે ?

૫૩. પવિત્રતાનું મૂળ સદાચાર છે.

૯૭. ભલે તારી આજીવિકા જેટલું તું પ્રાપ્ત કરતો હો, પરંતુ નિરુપાધિમય હોય તો ઉપાધિમય પેલું રાજસુખ ઇચ્છી તારો આજનો દિવસ અપવિત્ર કરીશ નહીં.

૧૦૨. સરળતા એ ધર્મનું બીજસ્વરૂપ છે. પ્રજ્ઞાએ કરી સરળતા સેવાઈ હોય તો આજનો દિવસ સર્વોત્તમ છે.

## બોધવચન

૧. આહાર કરવો નહીં.

૨. આહાર કરવો તો પુદ્‌ગલના સમૂહને એકરૂપ માની કરવો, પણ લુબ્ધ થવું નહીં.

૩. આત્મશ્લાઘા ચિંતવવી નહીં.

૪૫. બહાર લડો છો તે કરતાં અભ્યંતર મહારાજાને હરાવો.

૫૧. એક ચિત્તે આત્મા ધ્યાવો. પ્રત્યક્ષ અનુભવ થશે.

૧૦૪. જેમ બને તેમ આત્માને ત્વરાથી આરાધો.

૧૦૮. સ્વદ્રવ્ય અન્ય દ્રવ્ય ભિન્ન ભિન્ન જુઓ.

૧૦૯. સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ.

૧૧૦. સ્વદ્રવ્યના વ્યાપક ત્વરાથી થાઓ.

૧૧૧. સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ.

૧૧૨. સ્વદ્રવ્યના રમક ત્વરાથી થાઓ.

૧૧૩. સ્વદ્રવ્યના ગ્રાહક ત્વરાથી થાઓ.

૧૧૪. સ્વદ્રવ્યની રક્ષકતા ઉપર લક્ષ રાખો (દો).

૧૧૫. પરદ્રવ્યની ધારકતા ત્વરાથી તજો.

૧૧૬. પરદ્રવ્યની રમણતા ત્વરાથી તજો.

૧૧૭. પરદ્રવ્યની ગ્રાહકતા ત્વરાથી તજો.

**તા. ૧૪-૦૪-૧૯૮૯, પ્રવચન નં. ૧**
**પુષ્પમાળા–૬, ૯, ૫૩, ૯૭, ૧૦૨.**
**બોધવચન–૧, ૨, ૩, ૪૫, ૫૧, ૧૦૪,**
**૧૦૮ થી ૧૧૭.**

('શ્રીમદ્ રાજચંદ્ર', પુષ્પમાળા). (**'અઘટિત કૃત્યો થયાં હોય તો શરમાઈને મન, વચન, કાયાના યોગથી તે ન કરવાની પ્રતિજ્ઞા લે.**)' લૌકિકમાં પણ આ વિષય ચાલે છે કે કોઈ માણસ અઘટિત કાર્ય કરતો હોય (કે) કર્યું હોય તો જીવનપર્યંત એનો જે આત્મા છે (એ) એ વિષયની અંદર ડંખ્યા કરતો હોય છે. હવે એ પરિણામથી જેને છૂટી જવું છે એના માટે આ વાત છે.

સામાન્ય રીતે અઘટિત કૃત્યની અંદર કોઈ દુરાચાર પાપના પરિણામ થયા હોય એ વિષય ઉપર અહીંયાં આ જે શરૂઆત છે એમાં મોટાભાગે એવી વાતો લીધી છે. કેમકે કોઈ માણસ ધર્મના ક્ષેત્રમાં આવવા માગે છે ત્યારે એને સીધું અંદરથી એવું લાગે છે કે, આપણે ધર્મના ક્ષેત્રમાં કેવી રીતે જવું ? ભૂતકાળની અંદર આપણે તો ઘણા એવા પરિણામ કર્યા છે કે, જે પરિણામોથી આ ધર્મના ક્ષેત્ર સાથે આપણને તો ઘણું દૂર પડી જાય છે. એનું ચિત્ત છે એ ધર્મમય થાય એના માટે એને ભૂતકાળના પરિણામથી નિવૃત્તિ આવી જાય અને એ જીવ પરિણામથી હળવો થઈ જાય એટલા પૂરતું અહીંયાં ખાસ કરીને આ માર્ગદર્શન છે.

મુમુક્ષુ :– વાત સ્થૂળ દેખાય છે પણ અંદર મર્મ ઘણો છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ તો પોતાના ચિંતનમાંથી કાઢેલી વાતો છે. જે લખી છે એ તો પોતાના ચિંતનમાંથી કાઢીને લખેલી છે. અનેક જીવોને મુમુક્ષુની ભૂમિકામાં પ્રવેશતા પહેલાં એક ડખલ ભી થાય છે, તો જેને એવા કૃત્ય થયા હોય તેની વાત છે. કેમકે જે થયું તે થયું, પણ મન-વચન-કાયાથી હવે એ દિશામાં જવું નથી. પરિણામમાં (એવી) દૃઢતા આવી જાય છે તો હળવાશ થઈ જાય છે અથવા એવા પ્રકારનો કષાય ગળી જાય છે. આવા પરિણામથી એ કષાય ગળી જાય છે તો એ છૂટી જાય છે અથવા અભિપ્રાય બદલાઈ જાય છે. કેમકે એ મક્કમ નિર્ણય કરે છે ત્યારે અભિપ્રાય આખો બદલાઈ જાય છે.

નવમું વાક્ય છે.

**'જો તને ધર્મનું અસ્તિત્વ અનુકૂળ ન આવતું હોય તો નીચે કહું છું તે વિચારી જજે :'** હવે કોઈ એવા જીવ છે કે જેને નાસ્તિક જેવા વિચારો છે કે, આ બધી જે ધર્મની વાતો છે એ એક જાતની અંધશ્રદ્ધા છે અને એ બધી પરંપરા ચલાવવા માટે ચાલે છે, ખરેખર વાતમાં કોઈ દમ નથી – એવું ઘણા વિચારતા હોય છે. એવી યોગ્યતાવાળા પૂરતી વાત છે. કેમકે આ તો ભિન્ન ભિન્ન યોગ્યતાવાળાને લાગુ પડે એવી વાતો છે. બધાયને બધી વાતો લાગુ ન પડે.

આવી યોગ્યતાવાળા શું હોય છે કે, બહુ બુદ્ધિવાદી હોય છે. જેમકે આપણે (એક ભાઈ) સાથે કેટલીક ચર્ચા થાતી હતી. એ અન્યમતિનું અને 'રજનીશ'નું સાહિત્ય વાંચતા હોય છે. બુદ્ધિવાદી માણસો બહુ હોય છે, બુદ્ધિશાળી પણ હોય છે. એને ભો રાખવા માટે આટલી સીધી વાત છે.

**'(૧) તું જે સ્થિતિ ભોગવે છે તે શા પ્રમાણથી ?'** કોઈ પણ સ્થિતિ ભોગવતો હોય એમ જ સ્થિતિ છે અને બીજી રીતે નથી એનું શું કારણ ? શું નક્કી કરે ? કેમકે જીવને એને પોતાથી આગળની સ્થિતિમાં

જવા માટેની મહત્ત્વાકાંક્ષા લોકસંજ્ઞાને લીધે અથવા પરિગ્રહસંજ્ઞાને લીધે સહેજે હોય છે. તો અમુક જ સ્થિતિ છે, કોઈ ને કોઈ સ્થિતિ તો છે જ. એવી સ્થિતિ નથી કે એની પછી આગળ કોઈ સ્થિતિ નથી, એવી તો સ્થિતિ કોઈની હોતી નથી. તો એને પૂછે છે કે, તું કયા પ્રમાણથી આ સ્થિતિને ભોગવે છે ?

જીવનમાં એવા પ્રસંગો બન્યા હોય છે કે, વગર પરિશ્રમે કેટલાક કામ થઈ જતા જોવામાં આવે છે. પછી ભલે પોતે પોતાની બુદ્ધિ લગાડી દ્યે કે, મને આ વિચાર આવ્યો હતો એટલે આમ થયું. તો કેટલાક એવા પ્રસંગ બને છે કે, જેમાં એનો બહુ સારો એવો પ્રયત્ન હોવા છતાં એમાં નિષ્ફળ જાય છે. બન્ને પ્રકારના પ્રસંગો અનુભવગોચર થાય છે કે, જેમાં પરિશ્રમ ઘણો કર્યો હોય, બુદ્ધિ ઘણી લગાવી હોય અને સરાસર નિષ્ફળતા મળે. શું પ્રમાણ છે તારી પાસે ? આને સ્વીકાર કરવાનું શું પ્રમાણ છે ? કેમ એમ થયું ? કયા પ્રમાણથી તું એને તારી વર્તમાન સ્થિતિ સ્વીકારે છે ? (આવું વિચારશે ત્યાં) એની બુદ્ધિ બહારનો વિષય થઈ જશે, એની બુદ્ધિમાં એ વાત નહિ આવે. તારી ચારે બાજુની જે વર્તમાન સ્થિતિ છે એ તપાસી લે કે, શું કારણ છે આ ? એને પૂર્વકર્મ સ્વીકારવું પડે, પૂર્વકર્મ સ્વીકારે તો પૂર્વકર્મ જે પરિણામથી થયા એ પરિણામ સ્વીકારવા પડે. આ બધી વાત ભી થઈ જાય. એને આરાધના-વિરાધના અને ધર્મ-અધર્મનો પ્રસંગ સામે આવ્યા વગર રહેશે નહિ.

મુમુક્ષુ :– આનો રસ્તો શું કાઢે ?

સમાધાન :– શું છે ? શું બુદ્ધિનો વિષય છે ? અમુક જ કુળમાં આવ્યો, અમુક જ પરિસ્થિતિમાં આવ્યો, શું જવાબ છે ? પ્રાણીમાત્રને જોવે છે કે, એક ઘરમાં સાકરની ગાંગડી પડી છે ને ત્યાં સો-બસો કીડીઓ થઈ જાય છે. કેટલું આયુષ્ય ? કે, થોડા કલાકોનું. કોઈનું અડધી કલાકનું, કોઈનું કલાકનું, કોઈનું બે કલાકનું, પછી એ કાંઈ

હોતું નથી. એવા પ્રાણીઓના કલાકોના આયુષ્ય હોય છે. એ બધાં જીવ છે. એ તને ખબર પડે છે કે, આ જીવ છે. ફટકડી પડી છે ત્યાં કેમ નથી જાતી અને સાકર પડે છે ત્યાં જાય છે ? જો વિચારવા માગે તો તો ઘણા વિચારવાના સ્થળ છે. વિચારવાના સ્થાન ઘણા છે કે, આમ કેમ ? આ જીવ શા માટે કીડી થયો છે ? એનું આટલું જ આયુષ્ય કેમ ? એટલા બધાં વિચારવાના સ્થાન છે કે, જો જીવ વિચારવા બેસે તો એને એનો ઉકેલ શોધવો જ પડે અને એનો ઉકેલ શોધવા જાય તો એને સ્પષ્ટપણે આ વિજ્ઞાન સ્વીકાર્યા વગર કોઈ રીતે સમાધાન થાય એવું નથી. બધાં પડખેથી એમાં સમાધાન છે.

'**(૨) આવતી કાલની વાત શા માટે જાણી શકતો નથી ?**' અરે...! આવતી કાલની ક્યાં એક સેકંડ પછીની વાત જાણતો નથી. આ તો સ્થૂળ વિચારમાં મૂકી દીધો છે. નહિતર તો આ બજારમાં જે Speculationનો વેપાર ચાલે છે એમાં એમ ખબર પડે કે, એક મિનિટ પછી એક પૈસો વધવાનો છે, તો કેવડો મોટો સોદો કરે ? એક પૈસામાં કરોડો મળે. એક પૈસાની તેજી થાય તો કરોડો મળે. પણ એવડો સોદો કરતાં એક પૈસાની મંદી થાય તો કરોડો જાય. એને ખબર નથી કે તેજી જ થશે. ખબર હોય તો કાંઈ છોડે નહિ. છોડી દ્યે કોઈ ? કેમ વાત નથી જાણતો ? નક્કી કર. એનો વિશ્વાસ જ આવવો મુશ્કેલ છે. બીજી સેકંડે શું થશે કોઈને ખબર નથી.

મુમુક્ષુ :– બે રૂપિયા વધે ત્યારે પાછો એમ કહે કે, મને ખબર જ હતી કે આ તેજી જ થાશે, છતાં પણ કરી ન શકે.

પૂજ્ય ભાઈશ્રી :– એનો વિશ્વાસ આવવો બીજી વાત છે. લાગવું બીજી વાત છે, વિશ્વાસથી લાગવું બીજી વાત છે. જ્ઞાન છે છતાં તું કેમ નથી જાણતો ? એમાં પણ તારે પૂર્વકર્મને સ્વીકારવું પડશે કે, તારો મર્યાદિત ક્ષયોપશમ છે.

'**(૩) તું જે ઇચ્છે છે તે શા માટે મળતું નથી ?**' તું એમ કહે

છે કે, માણસ બધું કામ કરી શકે છે. મેં આ કર્યું... મેં આ કર્યું... મેં આ કર્યું... તો તું જેટલું ઇચ્છે એ કેમ નથી કરી શકતો ? કેમ મળતું નથી ? જે ઇચ્છે ઈ બધું કેમ મળતું નથી ? શા માટે બધી બાબતની મર્યાદા છે ? એમાં પણ તારે પૂર્વકર્મ સ્વીકારવું જ રહેશે.

'(૪) **ચિત્રવિચિત્રતાનું પ્રયોજન શું છે ?**' અનેકવિધ પ્રકારની ચિત્રવિચિત્રતા જોવામાં આવે છે. પ્રમાણિક માણસને દુઃખી થતો જોવામાં આવે છે, પાપી માણસને સુખી થતો જોવામાં આવે છે. લટું-સૂલટું છે. અનીતિ કરે ઈ જીતી જાય. ખૂની કોર્ટમાં છૂટી જાય, ગુનેગાર છૂટી જાય, નિર્દોષ ફાંસીએ ચડે. જગતમાં અનેક જાતની ચિત્રવિચિત્રતા છે. શું પ્રયોજન છે ? આ નાસ્તિક માણસને વિચાર કરતો કરી મૂકે એવા એમના તર્ક છે અને લગભગ ૧૫-૧૬ વર્ષે એમણે આ તર્ક ઉઠાવ્યા છે.

પાંચમાં પાને ૫૧ નંબરનો (બોલ છે). આ માર્ગદર્શન મુમુક્ષુને લાગુ પડે છે.

**'જિંદગી ટૂંકી છે, અને જંજાળ લાંબી છે, માટે જંજાળ ટૂંકી કર તો સુખરૂપે જિંદગી લાંબી લાગશે.'** જિંદગી – આયુષ્ય મર્યાદિત છે. જે જંજાળમાં પોતે સંડોવાય છે, આમ કરવું... આમ કરવું... આમ કરવું... આમ કરવું... હજાર ઘોડા ચાલે છે એની પાસે તો જિંદગી સાવ ટૂંકી થઈ જશે. એ બધા વિચારો પૂરા થયા પહેલાં તો આયુષ્ય પૂરું થવાનો પ્રસંગ આવી જવાનો. એટલે જિંદગીની પાસે જંજાળ તો બહુ લાંબી છે. જંજાળ ટૂંકી કર એટલે મર્યાદા કરી નાખ.

મારે જગતની અંદર જગતની મોટાઈ જોઈતી નથી, જગતમાં શ્રીમંતાઈ જોઈતી નથી, જગતનું રાજપાટ જોઈતું નથી, જગતની સત્તા જોઈતી નથી, અધિકારો જોઈતા નથી, ફલાણું જોઈતું નથી. પછી તને જિંદગી સુખરૂપે જીવવાનું કારણ બનશે. નહિતર તો એટલી આકુળતામાં જિંદગી પસાર થશે કે ઝડપથી જિંદગી પૂરી થઈ જશે

અને આ બધી આકુળતામાં જ પૂરી થઈ જશે. સૂત્ર જેવી વાત કરી છે !

મુમુક્ષુ :– મુનિમાં જે વૈરાગ્ય છે એનું બીજ અહીંયાં છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એમ જ છે. મુમુક્ષુની ભૂમિકામાં જ બધાં બીજડાં ભા થાય છે. પાત્રતામાં આખું બીજ છે. નિર્વાણ સુધીનું બીજ છે ! મુનિદશા શું નિર્વાણ સુધીનું બીજ પાત્રતામાં પડ્યું છે ! એવી મોટી વાત છે ! એટલે એણે શું છે કે, વાત સમેટી લીધી કે, દુનિયાદારીમાં જે આગળ વધે છે એ દિશામાં મારે જાવું નથી. કેમકે એ દિશામાં જાવું હોય તોપણ પૂર્વકર્મથી આગળ કોઈ જઈ શકતું નથી, મહત્ત્વકાંક્ષા ગમે તેટલી હોય. પૂર્વકર્મ સિવાય એમાં શું છે ?

એક માણસ આખી જિંદગી જે કામ કરીને સફળ થયો હોય એ જ કામમાં એ નિષ્ફળ જાય છે તો શું ત્યાં બુદ્ધિ ઘટી ગઈ ? જ્યારે સફળ થયો હોય ત્યારે એની પાસે સાધનો ઓછા હોય અને સફળ થયો હોય. ઓછા સાધનમાં સફળતા મળી હોય અને સાધનો વધી ગયા પછી સમૃદ્ધ સાધનોમાં નિષ્ફળ જાય. શું કારણ છે ? બુદ્ધિ ઘટી ગઈ ? સાધનો તો વધ્યા છે. કાંઈ નહિ, એ તો પૂર્વકર્મ જ કામ કરે છે, એની મહત્ત્વકાંક્ષા કોઈ કામ નથી કરતી. આ તો બધું નજર સામે દેખાય છે કે નહિ ?

પ્રશ્ન :– તો પછી એવો પ્રશ્ન ભો થાય કે કર્મ કાંઈ કરે છે ?

સમાધાન :– નહિ. એટલે શું છે કે, બહારની જે વ્યવસ્થા ગોઠવાય છે એ જીવના પરિણામના આધારે નથી. એની વ્યવસ્થાનું વિજ્ઞાન પૂર્વકર્મની સાથે સંબંધ ધરાવે છે. પૂર્વકર્મ છે એટલે વૈજ્ઞાનિક કારણો છે. જીવની ઇચ્છાને આધીન નથી.

કોઈપણ જીવને મહત્ત્વકાંક્ષા તો કેટલી મોટી છે ! કોઈને કોઈ વાતે પૂરું થઈ ગયું હોય એવું તો છે જ નહિ. એટલે જંજાળ તો

લાંબી જ છે. જે જંજાળ છે એની સામે જિંદગી – અત્યારના આયુષ્ય છે એ તો ટૂંકા છે. હવે જો સુખરૂપે જિંદગી જીવવી હોય તો તું જંજાળ ટૂંકી કરી નાખ. કોઈ મહત્ત્વકાંક્ષા નહિ. પૂર્વકર્મ પ્રમાણે જે થવું હોય તે થાય, આપણે આત્માનું પહેલાં કરો. આપણાં સુખનું સાધન પહેલાં કરી લ્યો. બાકી બહારનું સાધન તો જે હશે ઈ ગમે તે હશે એમાં દુઃખ નહિ થાય. પછી કોઈ પણ પરિસ્થિતિમાં દુઃખ નહિ થાય. એવું સુખનું સાધન કરી લ્યો. એ સ્વાધીન છે, અંતરંગમાં પોતાના સુખનું સાધન કરવું એ સ્વાધીન છે. બસ, દિશા બદલાઈ જાય છે.

પછી ૫૩મો (બોલ) છે. '**પવિત્રતાનું મૂળ સદાચાર છે.**' આ એક એમણે સીધી આચરણ સાથેની પરિસ્થિતિ લીધી છે કે, કોઈ પવિત્રતા માટે વિચાર કરે અને સદાચાર પાળવામાં એની વૃત્તિ લટું કામ કરે, તો કહે છે કે, માત્ર એ વિચાર નહિ કામ આવે. જે સામાન્ય સદાચાર છે એ તો પૂજ્ય બહેનશ્રી આવી રીતે વાત કરે છે કે, મુમુક્ષુએ એની મર્યાદામાં તો રહેવું જ જોઈએ. પરિસ્થિતિ ગમે તે હોય, મર્યાદા છોડીને તો આગળ જવું જ નહિ જોઈએ. એ એનો સદાચારનો વિષય થઈ ગયો. મુમુક્ષુને યોગ્ય એનો સદાચાર છે એ હોવો જોઈએ. પછી ગમે તે ક્ષેત્રનો, ગમે તે પ્રસંગ હોય પણ સદાચાર છોડીને એ વર્તતો નથી અને એમાં પવિત્રતાનું મૂળ રહેલું છે. નહિતર તો એ શુભ ભાવ છે, પણ છતાં જે સદાચારની ભાવના છે એમાં પવિત્રતાનું મૂળ રહેલું છે. મૂળમાં જ ગડબડ હોય (તો) એ કોઈ વાત આગળ વધવાની નથી, એમ કહેવું છે.

મુમુક્ષુ :– સદાચાર એટલે દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે, પરિવાર પ્રત્યે...

પૂજ્ય ભાઈશ્રી :– હા, બધે આવે છે, કોઈ પણ ક્ષેત્રમાં આવી જાય છે. સદાચાર છોડવાની વાત નહિ. સદાચાર જેને કહે છે...

મુમુક્ષુ :– કોઈ સાથે અન્યાય ન કરવો...

પૂજ્ય ભાઈશ્રી :– હા, મધ્યસ્થતા, સરળતા, ન્યાય, નીતિ બધે સદાચારનો વિષય આવી જાય છે. અરસપરસનો વ્યવહાર છે, પછી પરિવાર સાથેનો હોય કે સમાજ સાથેનો હોય કે જ્યાં કર્મપ્રસંગે જે કંઈ ઉદય વર્તતો હોય, જે તે પ્રકારનો વર્તતો હોય એ બધામાં (સદાચારપૂર્વક વર્તવું). સામાન્ય રીતે જે જીવ ધર્મમાં પ્રવેશ કરવાનો હોય છે એને આ બધી પૂર્વભૂમિકા હોય છે. સામાન્ય રીતે આ પૂર્વભૂમિકા હોય છે. એની છાપ જ એવી હોય છે કે, આ માણસ છે ઈ સદાચારી માણસ છે. એ બીજાને એવી રીતે નહિ છેતરે, બીજાની સાથે એવું વર્તન નહિ કરે, આમ નહિ કરે, આમ નહિ કરે. ખોટું બોલવું નહિ, જેમકે બોલવું હોય તો સત્ય બોલે છે, એમ. શક્ય છે ત્યાં સુધી. કોઈ અપવાદ છોડીને શક્ય છે ત્યાં સુધી એની આદત જ સાચું બોલવાની (હોય છે). લોકોને વિશ્વાસ આવે. એ વાત કરે એમાં કાંઈ અવિશ્વાસ કરવા જેવું નથી, વિશ્વસનીય માનતા (હોય છે). જ્યાં જ્યાં એનો પરિચય હોય ત્યાં લગભગ એ પરિસ્થિતિ થઈ જાય છે. એનું કારણ એનું સદાચરણ છે, એ પવિત્રતાનું મૂળ છે. એમાંથી વાત આગળ વધે. અહીંયાં સદાચાર છોડે તો પવિત્રતામાં કેવી રીતે જવાય ? પ્રશ્ન જ નથી. છે 'શ્રીમદ્જી'માં – આ ગ્રંથમાં તો ઘણી જગ્યાએ એ વાત છે. અને એ તો એની અંદર મુમુક્ષુતાની સુગંધ છે. એની અંદર મુમુક્ષુતાની સુગંધ છે. એવું સામાન્ય રીતે આચરણ હોય છે.

આ લોકોનું છે ને ? 'અધ્યાત્મ સ્ટડી સર્કલ'વાળા જે કરે છે ને ? શુભથી ધર્મ નથી અથવા ધર્મ છે એનું મૂળ સ્વરૂપ શું છે ? જ્યાં શુભથી ધર્મ નથી ત્યાં સદાચારનો નિષેધ નથી, ઈ વાત સાથે લક્ષમાં હોવી જોઈએ. શુભ પરિણામથી ધર્મ નહિ હોવા છતાં ક્યાંય સદાચારનો નિષેધ નથી. નહિતર તો શું છે કે કોઈ સદાચાર ખોઈ બેસે છે, પછી એમાંથી નિશ્ચયાભાસ ભો થાય છે. એવું નહિ થવું

જોઈએ.

'શ્રીમદ્જી' પોતે કહે છે કે, તમારા પરિચયથી પરિચય કરનાર સામા (જીવને) એવી એક છાપ ભી થવી જોઈએ કે, નક્કી આને કોઈ અલૌકિક સત્પુરુષ મળ્યા છે. સામાન્ય રીતે માણસો વ્યવહારની અંદર આવી રીતે આચરણ કરતાં હોતા નથી. આનો સદાચાર જોતાં એમ લાગે છે કે, નક્કી આને કોઈ સત્પુરુષ મળેલાં હોવા જોઈએ. એટલી છાપ લઈને તમારી સાથે વ્યવહાર કરવાવાળો જાય એવું તમારું પોતાનું પ્રતિબિંબ પડવું જોઈએ. કેટલાક પત્રોમાં 'શ્રીમદ્જી'એ એવી વાતો કરી છે.

આપણે તો શું છે કે, લોકોને જલ્દી જલ્દી ચામાં ચી વાત સાંભળવા મળી ગઈ. યોગ્યતા એટલી ન હોય. કોઈ મળી જાય તો કહે, તમે કેવા છો ? (એટલે સામેવાળો કહે), અમે સ્થાનકવાસી (છીએ). (એટલે આ કહે), અમે પણ સ્થાનકવાસી હતા. ઘોર મિથ્યાત્વ ! અમે પણ મિથ્યાત્વમાં જ પડ્યા હતા, ઘણા વરસ મિથ્યાત્વમાં કાઢ્યા. પણ જાણે અત્યારે સમ્યક્ત્વ થઈ ગયું હોય એવો એને અંદરથી ધ્વનિ આવી જાય ! ભાઈ ! હજી તો આના બદલે આ સંપ્રદાય ઠીક છે એટલી વાત છે. પેલાને તો એમ જ લાગે કે, આ કેમ આવી રીતે વાત કરે છે ? આટલો બધો દ્વેષપૂર્ણ વ્યવહાર કેમ લાગે છે ? એને કોઈની સાથે કેવી રીતે વ્યવહાર કરવો એનો સદાચાર એને હોવો જોઈએ. નહિતર આ તત્ત્વની જે ઉત્કૃષ્ટતા છે એ ઉત્કૃષ્ટતાની સામા માણસને કાંઈ છાપ જ ન પડે, લટાની વિપરીત છાપ પડે. એવી પરિસ્થિતિ ભી થાય. બહુ ફરક પડે છે.

એ થોડી ગૂઢ વાત છે. '**પવિત્રતાનું મૂળ સદાચાર છે.**' તારે પવિત્ર ધર્મ અંગીકાર કરવો છે તો ઓછામાં ઓછો તારો સદાચાર તો હોવો જોઈએ. ત્યાંથી Queueમાં લઈ લીધો. એને ધર્મની Queueમાં લઈ લીધો કે, હવે આ ધર્મની લાઈનમાં આવશે ! એમ ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ વ્યવહાર

હોય છે, જેને નિશ્ચય ગ્રહણ કરવાની પરિસ્થિતિ હોય એનો વ્યવહાર ઘણી ઉચ્ચ કોટિનો હોય છે. બીજાનો એવો વ્યવહાર ન હોય.

પછી સાતમા પાને ૯૭ (નંબરનો બોલ છે). **'ભલે તારી આજીવિકા જેટલું તું પ્રાપ્ત કરતો હો, પરંતુ નિરુપાધિમય હોય તો ઉપાધિમય પેલું રાજસુખ ઇચ્છી તારો આજનો દિવસ અપવિત્ર કરીશ નહીં.'** ઈ શૈલી બહુ સારી લીધી છે કે, ભલે તને જીવનનિર્વાહ પૂરતું પ્રાપ્ત થતું હોય પણ તું વ્યવસ્થા એવી રાખ કે ઉપાધિ ન થાય. એવી વ્યવસ્થાથી તું આજીવિકાના પ્રવર્તનમાં રહેજે. ઉપાધિ વધારીને રાજસુખ જેટલું સુખ મળતું હોય તો એવી ઇચ્છા નહિ કરતો. કેમકે નિરુપાધિમય જે સમય છે એમાં જ તત્ત્વવિચારનો અવકાશ છે, પણ જ્યાં ઉપાધિ ઘણી હોય ત્યાં તત્ત્વનો વિચાર પણ ક્યાંથી આવે કે, તાત્ત્વિકદૃષ્ટિએ આ બધું શું છે ? એટલે એનો જે કષાયરસ છે એ પહેલેથી ઠંડો હોવો જોઈએ, તીવ્ર થવો જ નહિ જોઈએ. એના માટે આ જુદી જુદી રીતે માર્ગદર્શન લઈ લીધું છે.

મુખ્ય વાત તો એ છે કે, દરેક માણસનો પોતાની આજીવિકાનો પહેલા સવાલ છે. એ એની સહનશ઼િ તની એક મર્યાદાનો વિષય છે કે સહનશ઼િ ત બહાર એને જાવું પડે છે. સમ્યક્ત્વ પામવામાં જે મળ – જે મલિનતા નડે છે એ આ વિષય ઉપર છે. સમ્યક્દૃષ્ટિ છે એ ભાવિની ચિંતા નથી કરતો. એની પાસે એના જ્ઞાનમાં – સમ્યક્જ્ઞાનમાં એટલું સમાધાન છે કે, એને ભાવિની ચિંતા નથી. તો એનો અર્થ એ છે કે, મિથ્યાદૃષ્ટિને ભાવિની ચિંતા છે. જેને ભાવિની ચિંતા રાખવી છે એને મિથ્યાત્વ કેવી રીતે ટાળવું છે ? એક બાજુથી કહે છે કે, મારે મિથ્યાત્વ તો ટાળવું છે કેમકે બહુ મોટો દોષ છે અને બીજી બાજુથી ભાવિની ચિંતા છોડવી નથી. એના માટે એક સીધું માર્ગદર્શન આપ્યું કે, સમ્યક્દૃષ્ટિને ભાવિની ચિંતા થતી નથી, હોતી નથી, કરતા નથી. બધી પરિસ્થિતિમાં સમાધાન

વર્તે છે. તો એનો અર્થ છે કે, જેને સમ્યક્દૃષ્ટિ થવું છે એને એ લાઈન પકડવી. ઈ ભાવિની ચિંતા પકડી રાખે અને મિથ્યાત્વનો નાશ કરવા માગે – બે વાત તો બનવાની નથી.

આ વાત એમણે અનેક શૈલીથી કરી છે, આગળ આવશે. ઘણી શૈલીથી આ વાત કરી છે. આ વાતને નિરૂપિત કરવા માટે કેવી કેવી શૈલી કરી છે ! દરેક શૈલીથી એમના પ્રત્યે બહુમાન વધે. એવી આ શૈલી છે !

પ્રશ્ન :– આજીવિકા નિરુપાધિમય હોય એમાં શું કહેવું છે ?

સમાધાન :– એટલે શું છે કે, ઉપાધિ થાય એ રીતે આજીવિકાની પ્રવૃત્તિ માણસે અવિવેકે કરીને નહિ ગોઠવવી જોઈએ. એણે એવી રીતે ગોઠવણી રાખવી જોઈએ કે, નિરુપાધિમય ચાલે. પછી તો એની અંદર જે સંયોગ-વિયોગ હોય છે એ પૂર્વકર્મ અનુસાર હોય છે, પણ એનો પોતાનો દૃષ્ટિકોણ આ હોવો જોઈએ. ઘણી ઉપાધિ કરીને ઘણું મેળવવા માટે રાજસુખ હોય તો એકવાર ઇચ્છવા જેવું નથી. કેમકે એ રાજસુખ તો – રાજા જેટલું સુખ તો તારી મહત્ત્વકાંક્ષાથી મળવાનું હશે તો મળશે પણ એ પહેલાં તારો આજનો દિવસ તો અપવિત્ર થઈ ગયો. તારું વર્તમાન બગડ્યું. આજનો દિવસ એટલે વર્તમાન તારું બગડ્યું. જેનું વર્તમાન બગડ્યું એનું ભવિષ્ય બગડ્યું, સીધી વાત છે. જેનું વર્તમાન ઉજ્જવળ એનું ભવિષ્ય ઉજ્જવળ. એમ લેવું છે.

મુમુક્ષુ :– જીવને આજની ઉપાધિ લગભગ હોતી નથી, કાલની ચિંતામાં આજનો દિવસ બગાડે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, આજની ઉપાધિ લગભગ હોતી નથી કેમકે એટલા તો પુણ્ય લઈને આવ્યો છે. જે ઉપાધિ કરે છે ઈ કાલની કરે છે અને એમાં સમ્યક્ત્વને રોકે છે. એ પરિસ્થિતિને કારણે એ પોતાના જ સમ્યક્ત્વને રોકે છે, પ્રતિબંધ કરે છે.

જીવને ધર્મ નહિ પામવાના મુખ્ય બે કારણોમાં સ્વચ્છન્દ અને

પ્રતિબંધ (બે કારણો છે). આ પ્રતિબંધ છે. પ્રતિબંધને દર્શાવવાની એમણે બહુ શૈલી કરી છે અને સચોટ ! અનુભવપૂર્ણ ! આ બધી અનુભવમાંથી કાઢેલી વાત છે. કેમકે પોતે પૂર્વકર્મથી ગૃહસ્થદશામાં છે ને એટલે પોતે અનુભવમાંથી કાઢેલી આ બધી વાત છે અને આ લાઈન પાછી એવી છે કે, એ પોતે ઘણા નિરુપાધિકપણે વ્યવસાય કરે છે તોપણ જેટલા પરિણામ દેવા પડે છે એ સહન નથી કરતાં, એ પણ સહન નથી કરતાં. જાણે પોતાના આત્મા ઉપર બળાત્કાર કરીને એ પરિણામ કરે છે. આત્મા અંદરથી ના પાડે છે. આત્મા પરિપૂર્ણ વીતરાગશ્રેણીને ભજે છે એવું ભજન છોડીને એને જે વ્યવસાયમાં આવવું પડે છે ત્યારે એને એમ થાય છે કે, આ મારે બળાત્કાર કરવો પડે છે. એ પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :– કાલની ચિંતા સમ્યક્ત્વનો પ્રતિબંધક (ભાવ) છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ એક પ્રતિબંધ થઈ ગયો. એ સમ્યક્ત્વમાં આગળ નહિ વધવા દ્યે. પ્રતિબંધનો અર્થ અવરોધ. માર્ગને આડે એને અવરોધ થઈ ગયો. એ પરિણામ રહેશે (ત્યાં સુધી) સમ્યક્ત્વની દિશામાં આગળ નહિ વધી શકે, માટે છોડ કાલની ચિંતા ! કાલે જે થવું હશે તે થશે. આજે મારી પાસે ચોખ્ખેચોખ્ખો સમય છે, ચોખ્ખેચોખ્ખું મારી પરિસ્થિતિમાં કોઈ ચિંતા કરવાનું કારણ નથી, નિશ્ચિંત થઈને હું મારા સ્વકાર્યમાં લાગું, આજે તો હું મારા સ્વકાર્યમાં લાગું. જે અન્યમતિ નિશ્ચિંત થાય છે એમાં ઈશ્વરનું અવલંબન લ્યે છે. 'કલ કી રામ જાને, રામ જેવડો ધણી છે ઈ જાણે છે કે મારી કાલ કેમ જવાની છે. આજે તો એણે મને બરાબર (કરી દીધું છે). આરામથી ખાધું-પીધું, આરામ કર્યો, સૂવું-નિદ્રા બધું મારું બરાબર છે, સ્વાસ્થ્ય બરાબર છે, કલ કી રામ જાને. જાઓ છોડી દ્યો એના ઉપર !' આજે તો હું બરાબર રામનું ભજન કરું. કાલ સંભાળવાવાળો ઈ બેઠો છે. એમ એ લોકો મંદકષાયી થાય છે.

મુમુક્ષુ :– કાલની ચિંતાને લાત મારવી.

પૂજ્ય ભાઈશ્રી :– હા, સ્મૃતિ નહિ આવવી જોઈએ. એનું સ્મરણ ન થાય એટલી જોરથી એને દૂર કરી દ્યે. એનું સ્મરણ જ ન આવે. વિચારીને દૃઢતાથી એ વિષયની અંદર એટલા નિર્ણય ઉપર આવે કે એનું એને સ્મરણ જ ન આવે. અને સ્મરણ ક્યારે ન આવે ? કે, જ્યારે પોતે વેગથી પોતાના હિતના માર્ગે આગળ વધતો હોય તો. નિજહિતના માર્ગમાં જોર આવે એટલે પછી પેલું સ્મરણ નહિ આવે.

મુમુક્ષુ :– આસક્તિ એટલી બધી તીવ્ર હોય છે ને કે એનો વિચાર કરવો ભારે પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :– જ્યાં આસક્તિ છે ત્યાં સુખ નથી ઈ પહેલાં વિચારથી નક્કી કરવું. વિચાર વડે કરીને એ નક્કી કરવું કે અહીંયાં સુખ નથી, સુખની ભ્રાંતિ છે અને મોટું દુઃખ ઉત્પન્ન થવાનું કારણ છે. એ ભ્રાંતિ છે એ મોટું દુઃખ ઉત્પન્ન થવાનું કારણ છે.

આ જાહેરાત આવે છે ને ? ફલાણો પાનનો મસાલો ખાઓ, ઢીકણું... અનેક જાતના જર્દા અને એના તમાકુની અને ફલાણાં નંબરની (તમાકુ)... છાપામાં બધી જાહેરાતો આવે છે. એ જ છાપાની અંદર પાછા બીજા સમાચાર આવતા હોય છે કે, આવું વ્યસન કે આવી ચીજ સેવવાથી કૅન્સર થાય છે. એક છાપામાં બન્ને વાત હોય છે. બરાબર છે ? આ ચીજ બહુ સારી બનાવે છે. ફલાણી જગ્યાએ ફલાણી (ચીજના) ઉત્પાદકો છે, સારી ચીજ બને છે અને આટલા કરોડનું અને આટલા લાખનું વેચાણ થાય છે. એટલે એમ કે, બહુ માણસો આનો ઉપભોગ કરે છે. છાપામાં બીજી જગ્યાએ બીજા પાના પર ક્યાંક એવી વાત આવે કે, આનાથી કૅન્સર થાય છે. પેલો આસક્તિનો વિષય છે કે, બહુ સારો Taste આવે છે, સુગંધ આવે છે, સ્વાદ આવે છે એ આસક્તિનો વિષય છે. (એનાથી) કૅન્સર થાય

છે (એમ ખબર પડે એટલે કહે કે) આપણે સ્વાદ નથી લેવો. સ્વાદ કદાચ સારો બનાવ્યો હશે પણ આપણે નથી લેવો. નક્કી કરે છે કે નથી કરતા ? પોતાના હિતને વિચારે તો આસક્તિના પરિણામ કાંઈ જોર નથી કરી શકતા. હિતનો વિચાર છૂટી જાય તો આસક્તિના પરિણામ ગમે એટલા જોર કરે. હિત-અહિતને વિચારે તો તરત જ એનું બળ ખલાસ થઈ જાય. આ એનો નિયમ છે.

આ આજીવિકાનો (વિષય છે એ) વ્યવસાય સંબંધી વિવેકનો વિષય છે. આજીવિકા કરવી જ પડે એવી પરિસ્થિતિ હોય તો એણે નિરુપાધિમય (વ્યવસાય) હોય તો એ ઇચ્છનીય છે. ઉપાધિમય કરીને રાજસુખ પણ ઇચ્છવા જેવું નથી.

૯૭ પછી ૧૦૨ (બોલ) છે. '**સરળતા એ ધર્મનું બીજસ્વરૂપ છે. પ્રજ્ઞાએ કરી સરળતા સેવાઈ હોય તો આજનો દિવસ સર્વોત્તમ છે.**' '**સરળતા એ ધર્મનું બીજસ્વરૂપ છે.**' કેમકે સમ્યગ્દર્શન એ પોતે સમ્યક્ પ્રકારે સરળતાના પરિણામ છે અને જેટલું મિથ્યાત્વ છે એ વક્રતા, માયાના પરિણામ છે, જેના ફળમાં નિગોદગતિ, તિર્યંચગતિ છે.

સરળતા છે એ ધર્મના બીજસ્વરૂપ છે – આ એક ગાંઠ મારવા જેવી વાત છે કે, સરળતા છોડવી નથી, ભલે ગમે તે નુકસાન થાય. (કોઈ એમ કહે કે), તમે સરળ થઈ જાઓ છો પણ પેલા એનો લાભ લ્યે છે. એ લાભ લેતો હોય તો લે, હું મારી સરળતાનો લાભ લઉં છું. એ એનો ગેરલાભ લેતો હોય તો ભલે લેતો પણ હું મારી સરળતાનો લાભ લઉં છું. એની કીમત બહુ મોટી છે ! એનાથી ધર્મનો લાભ છે એ બહુ મોટી કીમત છે. સંસારિક લાભ-નુકસાન એ કોઈ લાભ-નુકસાન ખરેખર છે નહિ અથવા એ પ્રાસંગિક છે અને એને પૂર્વકર્મ સાથે સંબંધ છે. ખરેખર તો વર્તમાન સરળતા-અસરળતા સાથે સંબંધ નથી.

'**પ્રજ્ઞાએ કરી સરળતા સેવાઈ હોય...**' એટલે કે ઉપયોગે કરીને –

સાવધાનીથી. સરળતા આદરણીય છે એવી બુદ્ધિથી, એવા અભિપ્રાયથી, એવી સાવધાનીથી જો સરળતા સેવાઈ હોય તો તારું વર્તમાન છે એ ઉત્તમ છે. તારું વર્તમાન ઉત્તમ છે તો તારું ભવિષ્ય પણ ઉત્તમ છે. '**આજનો દિવસ**' ઈ એમની (કહેવાની) શૈલી છે. આજનો દિવસ અર્થાત્ તારું વર્તમાન ઉત્તમ છે, તારું ભવિષ્ય પણ ઉત્તમ છે, બસ. **પંદર-સોળ વર્ષે સૈદ્ધાંતિક વાત કાઢી છે !**

આ જીવ સરળતાના પરિણામથી મનુષ્ય થયો. મનુષ્ય થયો એનો અર્થ કે સમ્યક્ત્વ આદિ ધર્મ પામવાની સારામાં સારી પરિસ્થિતિમાં મૂકાઈ ગયો કે જે ત્રણ ગતિને મુકાબલે બહુ મોટો ફરક છે. ત્રણ ગતિના મુકાબલે જે મનુષ્યપણું છે એમાં ધર્મપ્રાપ્તિની જે તક છે એમાં – ત્રણે ગતિમાં અને આમાં બહુ મોટું અંતર છે. તિર્યંચગતિમાં સંજ્ઞી હોય તોપણ જ્ઞાન બિડાઈ જાય છે. સંજ્ઞી હોય તોપણ જ્ઞાન બિડાઈ જાય છે. બહુ જ વિચારશ િત ઓછી હોય છે, વાચા તો હોતી જ નથી. અહીં તો પૂછી શકે, વિચારોની આપ લે કરી શકે, વિચાર-વિમર્શ કરી શકે, કેટલી બધી વ્યવસ્થા છે ! બાકી તો દેવ અને નારકીમાં તો વાત જ મૂકી દ્યો. જેમ અત્યારે કોઈ મોટા આરંભ-સમારંભ કરવાવાળા અબજોપતિને મગજનું કાંઈ ઠેકાણું હોતું નથી, માથું જ ઠેકાણે રહેતું નથી. ઘડીકમાં આ ટેલિફોન ઉપાડ્યો તો ઘડીકમાં પેલો ઉપાડ્યો, ઘડીકમાં બીજો ઉપાડ્યો. એક કરતા વધારે તો ટેલિફોન વસાવવા પડે એવી તો પરિસ્થિતિ હોય છે. કેમકે એટલો મોટો કારોબાર ! દેવલોકમાં તો આ ભિખારી લાગે એટલો મોટો કારોબાર ત્યાં છે ! પરિણામનો, હોં ! અહીંના જેટલી મજૂરી નથી પણ પરિણામની સ્થિતિ બહુ ખરાબ છે. આની જે સ્થિતિ દેખાય એના કરતાં ઘણી ખરાબ છે. નારકીમાં પ્રતિકૂળતાને લઈને એટલી જ ખરાબ છે. પેલી અનુકૂળતાને લઈને એટલી જ ખરાબ છે. મનુષ્યપણામાં જે મધ્યસ્થબુદ્ધિ છે એ બહુ મોટો ફરક છે અને એનું

કારણ સરળતા છે. સરળતા સેવાઈ હોય છે તો મનુષ્યપણું આવે છે. એમાં જો વિશેષે કરીને સરળતા રાખે તો એનું વર્તમાન ઉત્તમ છે, એનું ભાવિ ઉત્તમ છે. એ સરળતાની બહુ સારી વાત મૂકી છે !

દસમા પાને બીજું **'બોધવચન'**.

**'આહાર કરવો તો પુદ્‌ગલના સમૂહને એકરૂપ માની કરવો, પણ લુબ્ધ થવું નહીં.'** ગમે તે ચીજ હોય, બધાં પુદ્‌ગલના પરિણામ છે. શાકના હોય, દાળના હોય કે રોટલીના હોય કે મીઠાઈના હોય કે જે હોય તે બધાં પુદ્‌ગલનાં સમૂહ છે. ધ્યાન જ દેવું નહિ, એમ કહે છે. પુદ્‌ગલના સમૂહને એકરૂપ માનીને (આહાર) કરવો એટલે એની વિવિધતા ઉપર ધ્યાન જ દેવું નહિ. જેમ કોઈ માણસ એમ કહે કે, આ દવા જરા કડવી લાગશે પણ તમે પી જાઓ કેમકે તમારે રોગ મટાડવામાં કડવી દવા હોય તો પીધા વગર છૂટકો નથી, ભાવે કે ન ભાવે. તો આ પણ એક ક્ષુધારોગ છે, દવા જ પીવાની છે, બીજું શું છે ? દવામાં આવી હોવી જોઈએ અને તેવી હોવી જોઈએ ઈ દવા કહેવાય ? આ દવા (લેવાની છે એમ) માની લે. ક્ષુધારોગ છે, ચાલે એવું નથી. પરિસ્થિતિ અસહ્ય  ભી થાય છે એટલે ચાલે એવું તો છે નહિ. મુનિદશા સુધી એ પરિસ્થિતિ  ભી છે. આહાર કરવા માટે નગર વિષે આવે છે. ભગવાન ' ષભદેવસ્વામી' છ-છ મહિને આહાર માટે નીકળે છે ! એટલી આરાધકતા તો જબરજસ્ત છે ! ચોથા આરાનો પ્રારંભ છે અને પ્રથમ તીર્થંકર છે. એટલું સંઘયણ, એટલા આયુષ્ય, એટલું પુણ્ય, એટલી પવિત્રતા ! આ બધું લઈને નીકળે તોપણ આહાર માટે છ મહિને નગરમાં પ્રવેશ કરે. પહેલેથી આ વાત છે. દશા કેળવી છે. પુદ્‌ગલનો સમૂહ (માનીને આહાર લે છે), આહાર કરતી વખતે કોઈ Choice નથી. (તમને પૂછે કે) શું જમવું છે ? (તો કહેવું કે), કોઈ Choice નથી, અમારે જમવાની કોઈ Choice નથી, જે હોય તે મૂકી દ્યો. ફટાફટ આંખ્યું મીંચીને

દવા પી જાય એમ ખાઈ લે. વાત પૂરી થઈ.

'ગુરુદેવ' આહાર કરતા હતા ઈ જોવા જેવું હતું. 'સોગાનીજી' આહાર કરતા હતા ઈ જોવા જેવું હતું. એનું ચિત્ત તો તત્ત્વમાં રહેતું હોય છે. આ તો એક ક્રિયા જાણે અનઉપયોગે થઈ જતી હોય એવી રીતે ફટાફટ પતાવી દ્યે છે. એટલે લુબ્ધ થવું નહિ (એટલે) એના સ્વાદની અંદર ઉપયોગ દેવો નહિ. આ તો શું છે કે, એક મહાવરાનો વિષય – Practiceનો વિષય થઈ જાય. (પૂછે કે), કેવું લાગ્યું ? (તો કહે કે), ધ્યાન દીધું હોય એને ખબર હોય ને ? ઠીક છે ! ઠીક છે (એટલે) બહુ સારું નથી, બહુ ખરાબ નથી, ઠીક છે ! વાત પૂરી થઈ ગઈ. એવી રીતે.

મુમુક્ષુ :– પહેલું વચન છે – **'આહાર કરવો નહિ.'**

પૂજ્ય ભાઈશ્રી :– **'આહાર કરવો તો...'** એમ. એટલે એમાં શું છે, Tone બહુ સારો છે. આહાર કરવો નહિ. ઠીક ! આહાર કરવો નહિ એટલે શું છે કે આત્માને આહાર કરવાનો પ્રશ્ન નથી. આત્મા કોઈ આહાર કરી શકતો નથી. એટલે ઈ માન્યતાની દૃષ્ટિએ તો આહાર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત જ નથી થતો, પણ પોતાની જે વર્તમાન દશા છે એમાં તો આહાર કર્યા વિના ચાલે એવી મુનિદશા સુધી પરિસ્થિતિ નથી. એટલે '**કરવો તો...**' એમ કરીને વાત લીધી. '**આહાર કરવો તો...**' '**કરવો તો...**' એવી શું વાત કરે છે ? એમ કેમ વાત કરે છે ? આહાર તો કરવો જ પડે છે એમાં '**કરવો તો...**' શું ? કે, ખરેખર આત્મા આહાર કરતો નથી પણ આહાર કરવાનો વિકલ્પ થાય છે એને આહાર કર્યો એમ કહેવાય છે. તો એની અંદર આ સાવધાની છે (કે), લુબ્ધ થવાનું નથી, એમ.

એક મુમુક્ષુને ત્યાં જમવાનું થયું હતું. Variety બધી બહુ બનાવેલી. Variety બહુ બનાવેલી એટલે એને એમ કે, આનું મહત્ત્વ ગણાતું હશે. મહત્ત્વ તો કોને હોય કે, જેને એક એક ચીજના સ્વાદનો

વિષય હોય, એમાં પારંગત હોય અને એની અંદર એનો ઉપયોગ બહુ સરસ લાગતો હોય એને માટે એ બધી વાત તો ઠીક છે પણ જેને એક સમૂહ માનીને કરી લેવો હોય એને શું ? એને એ રીતે કોઈ વિચારવાનું (હોતું નથી). મુમુક્ષુએ જ્યારે પોતાના માર્ગમાં આગળ વધવું છે એને આ બધા પ્રતિબંધથી ખસવું પડે છે. આ બધા એના પ્રતિબંધ છે.

લુબ્ધતા છે તો એ લુબ્ધતાની અંદર જ્ઞાન અથવા બુદ્ધિ એવી રીતે રોકાયેલી રહે છે, જેને પ્રતિબંધ કહે છે, કે એને દ્રવ્યશ્રુતમાંથી જે ભાવશ્રુત કરવું છે એમાં એનું જ્ઞાન જ કામ કરે નહિ. એ પરિસ્થિતિ ભી થાય. એટલે લૂખાશના પરિણામ હોય તો જ એનું જ્ઞાન બરાબર કામ કરે, નહિતર જ્ઞાન કામ ન કરે.

મુમુક્ષુ :– 'ગુરુદેવશ્રી' કહેતા કે, દાળ સદડી ન થઈ હોય તો ઢીંચણિયું ડે !

પૂજ્ય ભાઈશ્રી :– હા, ઈ તો એવી રીતે કહેતા કે, જેને દાળ બરાબર ન થઈ હોય અને ઢીંચણિયું ડે એટલે કે કોઈ ચીજ રસોઈની અંદર બરાબર ન બની હોય, ચાર-પાંચ Itemમાંથી એક Item બગડી હોય તો જેને ગુસ્સો આવતો હોય ઈ આત્માના તત્ત્વને કેવી રીતે વિચારવાનો હતો ? એને તત્ત્વજ્ઞાન ચડવાનો ક્યાં પ્રશ્ન થાય છે ? એના માટે તો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

બહુ સારા માર્ગદર્શન આપ્યા છે. આ તો રોજીંદો વિષય છે, દરેક મુમુક્ષુને રોજનો વિષય છે. જમવા બેસે અને 'આ ઠીક ને આ અઠીક... આ ઠીક ને આ અઠીક' પરિણામ થયા કરે. ચીજ સારી-ખરાબ છે નહિ પણ પોતાની લુબ્ધતાને લઈને કર્યા કરે છે. કહે છે કે, તારા જ્ઞાનને રોકે છે, તારી આરાધનાને રોકે છે, તારા જ્ઞાનને રોકે છે, તારા માર્ગને એ રોકે છે. આ બધો પ્રતિબંધ છે.

'(૩) **આત્મશ્લાઘા ચિંતવવી નહીં.**' મારી કોઈ પ્રશંસા કરે તો

સારું, તેવું ચિંતવન કરવું નહિ, એવા વિચાર કરવા નહિ. મારી પ્રશંસા થાય તો સારું, મને માન મળે તો સારું, મને લોકો આમ જાણે તો સારું, સારા તરીકે ઓળખે તો સારું – એવું કાંઈ ચિંતવવું નહિ. એનો વિચાર જ ન કરવો, એમ (કહે છે).

પછી આ બાજુના પાને ૫૧મો (બોલ) છે.

'**(૫૧) એક ચિત્તે આત્મા ધ્યાવો. પ્રત્યક્ષ અનુભવ થશે.**' આ અહીંથી અધ્યાત્મ શરૂ થયું. '**એક ચિત્તે આત્મા ધ્યાવો.**' જ્ઞાનસ્વરૂપી આત્મા ! એક ચિત્તે જો એનું ધ્યાન કરવામાં આવે તો વસ્તુ પ્રત્યક્ષ હોવાથી એનો અનુભવ પ્રત્યક્ષ થાય છે. બધી પૂર્વભૂમિકા તો જે છે એ એની અંદર અધ્યાહાર રીતે આવી જાય છે, પણ એ પરિસ્થિતિમાં આવેલા જીવ માટે આ બોધવચન છે. બધાને તો બધા બોધવચન લાગુ ન પડે, કોઈને કોઈ લાગુ પડે, કોઈને કોઈ લાગુ પડે. એમ જે ધ્યાનની પરિસ્થિતિએ પહોંચેલો જીવ છે એટલે જેને જ્ઞાનમાં આત્માનું લક્ષ છે, જેને સ્વભાવનું લક્ષ છે એને ધ્યાવવાની વાત છે. લક્ષ (થયા) પહેલાં તો ધ્યાવવાનો પ્રશ્ન નથી. એને તો શબ્દજ્ઞાન છે. લક્ષ પહેલાં તો ખાલી શબ્દજ્ઞાન છે અને શબ્દજ્ઞાન તો કાંઈ ચીજ નથી, કોઈ વસ્તુ જ નથી એમ લેવાય છે.

પ્રશ્ન :– ૪૫ નંબરમાં '**અભ્યંતર મહારાજા**' એટલે દર્શનમોહ લેવો ?

સમાધાન :– '**બહાર લડો છો તે કરતાં અભ્યંતર મહારાજાને હરાવો.**' હા, એ દર્શનમોહ છે. અભ્યંતર મહારાજા દર્શનમોહ છે. એ રહી ગયું છે, છૂટી ગયું છે. સારો બોલ છે. '**બહાર લડો છો તે કરતાં અભ્યંતર મહારાજાને હરાવો.**' અભ્યંતર મહારાજા એ દર્શનમોહ છે. અભ્યંતર મહારાજા એટલે અભ્યંતર મોહ – ભાવમોહ.

તેરમા પાને છે, ૧૦૪ નંબર. '**જેમ બને તેમ આત્માને ત્વરાથી આરાધો.**' આ બધા જે બોલ છે – દસ બોલ છે એમાં '**ત્વરા**' શબ્દનો

પ્રયોગ છે. એ બધા બોલની અંદર છે. ત્વરા એટલે ઝડપ, ત્વરા એટલે શીઘ્રતાથી, ત્વરાથી એટલે શીઘ્રતાથી, જલ્દી-જલ્દીથી. આ પુરુષાર્થસૂચક વાત છે. જે ત્વરાનો વિષય છે (એમાં) પુરુષાર્થની પ્રેરણા છે. આત્માને આરાધો એમ નહિ, ત્વરાથી આરાધો ! અત્યારે જ આરાધો ! પછી આરાધીશ એ વાત રુચિવિરુદ્ધ છે, આત્માની રુચિવિરુદ્ધ છે. રુચિમાં શિથિલતા નથી, રુચિમાં ત્વરા સિવાય બીજી વાત નથી. દસે દસ બોલની અંદર બધી જગ્યાએ એમણે એ વાત લીધી છે.

મુમુક્ષુ :– 'ગુરુદેવશ્રી'ને આ બોલ બહુ પ્રિય હતા.

પૂજ્ય ભાઈશ્રી :– **હા, ખરેખર ધ્વનિ બહુ સારો છે ! એકેએક બોલનો ધ્વનિ બહુ સારો છે !! બધામાં એકદમ આરાધનાનો વિષય છે.**

'**જેમ બને તેમ આત્માને ત્વરાથી આરાધો.**' એટલે અત્યારે જ આરાધન કરો. પછી ૧૦૮ મો (બોલ) છે. સ્વદ્રવ્ય અને અન્ય દ્રવ્ય '**સ્વદ્રવ્ય અન્ય દ્રવ્ય ભિન્ન ભિન્ન જુઓ.**' શરીરને ભિન્ન જુઓ, આત્માને ભિન્ન જુઓ. ઉદયમાન સંયોગોને ભિન્ન જુઓ અને પોતાના આત્માને ભિન્ન જુઓ. સ્વદ્રવ્યથી બધું ભિન્ન જુઓ, ભિન્ન ભિન્ન જુઓ. ભિન્ન (છે એમ) કહેતાં જ ઉપાદેય નથી એ વાત એમાં આવી જાય છે. ભિન્નતામાં ઉપાદેયતા છૂટી જાય છે, એનું નામ ભિન્નતા છે. ભિન્નતા એટલે જુદું છે એમ એટલી જ મર્યાદા નથી આવતી. આ વાત સાથે ભી થાય છે. એને એમ કહે છે કે, ભિન્નતા છે એ તો વસ્તુનું સ્વરૂપ છે. ભિન્નતા છે એ વસ્તુનું સ્વરૂપ છે અને વસ્તુના સ્વરૂપને અને આરાધનાને સીધો સંબંધ છે. કેમકે આરાધના વસ્તુના સ્વરૂપને અનુસારિક જ્ઞાન-શ્રદ્ધાન છે, એથી વિપરીત જ્ઞાન-શ્રદ્ધાન નથી.

'અલવર'વાળા ભાઈએ એક પ્રશ્ન કર્યો હતો કે, અમારે તો પદાર્થનું સ્વરૂપ સમજવું છે અને એના વિદ્વાનો કોઈ અમને સમજાવે,

આથી વિશેષ અમારે મતલબ નથી. નહિ, પદાર્થના સ્વરૂપને અને ધર્મના વિષયને અલગ અલગ કરી શકાતો નથી. એને અલગ અલગ ખરેખર કરી શકાતો નથી. સ્વદ્રવ્ય અને અન્ય દ્રવ્ય ભિન્ન છે તો અન્ય દ્રવ્યનું હેયપણું એની અંદર સીધું જ ભું થાય છે, આનું નામ ભિન્ન છે. ભિન્ન છે એટલે માત્ર ભિન્ન છે એમ નહિ, એનું હેયપણું આવ્યું એનું નામ ભિન્ન છે. ભિન્ન કહેતાં હેય છે. ત્યારે એનું ભિન્નપણું સમજાણું. ભિન્નપણે એનું સ્વરૂપ છે એમ સમજાણું. એનું કારણ છે. કેમ એમ કહે છે ? નહિતર કોઈ એમ કહે કે, એમ શું કરવા પણ ? આનો વિભાગ જુદો – વસ્તુવિજ્ઞાનનો વિભાગ જુદો અને આરાધના-વિરાધના ધર્મનો વિભાગ જુદો અથવા સિદ્ધાંતબોધનો વિભાગ જુદો અને ઉપદેશબોધનો વિભાગ જુદો. બેને જુદાં જુદાં રાખીએ, તો ઉપદેશબોધ તો અમે અમારી મેળે ગ્રહણ કરી લેશું, પહેલાં વિદ્વાન પાસેથી સિદ્ધાંતબોધ સમજી લઈએ. (તો કહે છે), એમાં નથી ચાલતું. એમાં એવી રીતે કામ નથી લેવાતું. કેમ નથી લેવાતું એનું કારણ છે કે, તું એક એવી જગ્યાએ ભો છે તે કારણથી તે એમ નથી લઈ શકાતું. આ કારણ છે. તું કેવી જગ્યાએ ભો છો ? કે, અન્ય દ્રવ્યને ઉપાદેય જાણતો ભો છો. અન્ય દ્રવ્યને માત્ર અભિન્ન જાણો છે એમ નહિ, અન્ય દ્રવ્યથી તારું એકત્વ અને અભિન્નપણું થાય છે પણ અભિન્નપણું અને એકત્વ થતાં એની ઉપાદેયતા થાય છે, તો ભિન્નપણું જાણતાં એનું હેયપણું થવું જોઈએ. આ પરિસ્થિતિમાં ભો હોવાને લીધે, એકત્વથી ઉપાદેય કરતો જે સ્થિતિમાં ભો છે એ સ્થિતિમાં હોવાને લીધે માત્ર એનું વિજ્ઞાન જાણેલું કાર્યકારી નથી, એના બોધ સાથે એનો સીધો સંબંધ આવવો જોઈએ. એમ વાત છે.

મુમુક્ષુ :– અગિયાર અંગ અને નવ પૂર્વ સુધી ચાલ્યો જાય એટલે સિદ્ધાંતબોધમાં ચાલ્યો જાય અને આ રહી ગયું.

પૂજ્ય ભાઈશ્રી :– પણ ઈ પોતે ક્યાં ભો છે એની ખબર

નથી. એટલે સિદ્ધાંત છે એ એને માટે સિદ્ધાંત નથી રહેતો અથવા સિદ્ધાંત કહેનારે જે હેતુથી સિદ્ધાંત કહ્યો એ હેતુ એણે છોડી દીધો.

મુમુક્ષુ :– આચાર્યે જે કહ્યું એ માન્યું નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– તો વાત પૂરી થઈ ગઈ. કહેનારનો હેતુ તો એને દેખાણો નથી, કહેનારનો હેતુ એને સમજાણો નથી. તમે જે હેતુથી જે વાત કરવા માગો છો એ હેતુ જ હું ન સમજું તો એ વાતનો અર્થ શું? (એ) વાત નિરર્થક છે. સીધી વાત એ છે કે, એ વાત નિરર્થક થાય છે. એ રીતે (વાત છે).

ટાઈમ થયો છે, અહીં સુધી રાખીએ.



જ્ઞાની કે અજ્ઞાની જન, સુખ દુઃખ રહિત ન કોય;
જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોય.

વચનામૃત વીતરાગનાં, પરમ શાંતરસ મૂળ;
ઔષધ જે ભવરોગનાં, કાયરને પ્રતિકૂળ.:

## તા. ૨૦-૦૪-૧૯૮૯, પ્રવચન નં. ૨
## બોધવચન, દોહરા

('શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત.) (આત્મશ્લાઘારૂપ) ચિંતવન કરવું નહિ અથવા આત્મશ્લાઘાનો જેને અભિપ્રાય હોય છે એને એવી ચિંતા (થાય છે) – એવું ચિંતવન ચાલે છે. એ અભિપ્રાય પણ કર્તવ્ય નથી અને વિકલ્પ પણ કર્તવ્ય નથી. ચિંતવનમાંથી બન્ને લેવું. મારી પ્રશંસા થાય તો સારું. આત્મશ્લાઘા એટલે પોતાની પ્રશંસા, પોતાની આબરૂ વધે – કીર્તિ વધે, મહત્ત્વ વધે એ બધું એમાં આવી જાય છે.

મુમુક્ષુ :– એવા પરિણામ તો થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પણ થઈ જાય તો એની સામે જ વાત છે. નુકસાન થાય, (એવા પરિણામ) થાય તો નુકસાન થાય છે. જીવ નુકસાન સમજે તો નુકસાનથી બચવા માટે જાગૃતિ આવે. જેટલી

જાગૃતિ આવે એટલો ફરક પડે.

આ બાજુ એકાવન નંબર છે.

‘**એકચિત્તે આત્મા ધ્યાવો. પ્રત્યક્ષ અનુભવ થશે.**’ સત્તરમા વર્ષ પહેલાંનું આ લખાણ છે. અનેક પ્રકારના બોધવચનો લખ્યા છે પણ એમાં આવા પરમાર્થ વિષયક વચનો પણ આવી ગયા છે. ‘**એકચિત્તે આત્મા ધ્યાવો.**’ એકાગ્રતાથી આત્માનું ધ્યાન કરો. ‘**પ્રત્યક્ષ અનુભવ થશે.**’ એનાથી અનુભવ થશે એમ ન લેવું, પ્રત્યક્ષ અનુભવ થશે. સંસ્કાર લઈને આવેલા છે એટલે એમની જે વિચારધારા છે એ સમ્યગ્દર્શન થયાના દસ વર્ષ પહેલાં પણ એમની જે વિચારધારા છે એ કેટલી સુસંગત છે એ બધું આમાંથી નીકળે છે. જેમ કોઈ જ્ઞાનદશામાંથી લખે એવી જ વાત એમણે પૂર્વભૂમિકામાં લખી છે.

તેર પાનું. અહીંથી ચાલવાનું છે. ‘**જેમ બને તેમ આત્માને ત્વરાથી આરાધો.**’ તેરમે પાને, ૧૦૪ નંબર. ‘**જેમ બને તેમ આત્માને ત્વરાથી આરાધો.**’ આત્માનું આરાધન કરવામાં શીઘ્રતા, ઝડપ એ પુરુષાર્થસૂચક વિષય છે. જેને પુરુષાર્થનું જોર છે, રુચિનું જોર છે એ અત્યારે જ, મોડું નહિ પણ અત્યારે જ આરાધન કરવું છે, આ જ સમયે–વર્તમાન સમયમાં જ આરાધન કરવું છે – એ પ્રકારના પરિણામ આવે છે. અહીંયાં તો ઉપદેશાત્મક વચનપદ્ધતિ છે – આરાધો ! એમાં પોતાનો ભાવ આવી જાય છે. એ બધાં વચનોમાં – દસે દસ વચનોમાં એ વાત લીધી છે.

૧૦૮માં છે ‘**સ્વદ્રવ્ય અન્ય દ્રવ્ય ભિન્ન ભિન્ન જુઓ.**’ સ્વદ્રવ્ય અને અન્ય દ્રવ્ય ભિન્ન ભિન્ન જુઓ. આની અંદર ભેદજ્ઞાનનો વિષય છે. સ્વદ્રવ્ય અને અન્ય દ્રવ્ય ભિન્ન ભિન્ન છે એમ વિચાર કરો, એવું નથી કહ્યું. વાક્યની અંદર જે મર્મ છે એ એટલો છે કે જોવાની વાત છે. જોવું એટલે અવલોકન કરવું. સવારથી સાંજ સુધી જીવને શરીરાદિ અન્ય દ્રવ્ય સાથેનો વ્યવહાર ચાલે છે અને જે કાંઈ જીવ વ્યવહાર

કરે છે એમાં અન્ય દ્રવ્યની ભિન્નતા એને દેખાતી નથી. એને કહે છે કે, સ્વદ્રવ્ય અને અન્ય દ્રવ્ય ભિન્ન ભિન્ન જુઓ. અન્ય દ્રવ્યના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાંથી સ્વદ્રવ્યમાં પ્રવેશ નથી અને જ્ઞાનમય એવું જે સ્વદ્રવ્ય છે, આત્માને જ્ઞાનથી જોવો, તો જ્ઞાનનો ક્યાંય પણ પરપદાર્થની અંદર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી પ્રવેશ નથી. એ રીતે સ્વદ્રવ્ય અને અન્ય દ્રવ્યને ભિન્ન ભિન્ન જુઓ. વિચારમાં તો સમજાય (કે), એક જડ છે, એક ચૈતન્ય છે. માટે ચૈતન્ય અને જડ ભિન્ન ભિન્ન છે ખ્યાલમાં આવે છે – એમ નહિ, એ વિચાર માત્ર થયો. એનાથી થોડું આગળ, એટલું જ નહિ પણ એનાથી થોડું આગળ. એ આમાં આવી જશે કે, પોતાની પ્રવૃત્તિમાં, પોતાના ચાલતાં પરિણમનમાં સ્વદ્રવ્ય છે ત્યાં અન્ય દ્રવ્ય નથી (અને) અન્ય દ્રવ્ય છે ત્યાં સ્વદ્રવ્ય નથી.

શાસ્ત્રમાં એ દૃષ્ટાંત આવે છે. જેમ બે માણસ હોય, એક લંગડો હોય અને એક આંધળો હોય તો લંગડાની દૃષ્ટિથી આંધળો ચાલતો દેખાય, એને દોરતો હોય અથવા એની ઉપર બેસી ગયો હોય. લંગડો છે ઈ ખભા ઉપર બેસી ગયો હોય. ચાલતો હોય આંધળો, કોઈને એમ લાગે કે, આંધળો દેખતો લાગે છે. ઉપર જે લંગડો છે ઈ ચાલી નથી શકતો, એ એને કહે છે કે, હવે જરાક ડાબો ચાલજે, હવે આ બાજુ વળી જજે, હવે જમણે વળવાનું છે, હવે ડાબે વળવાનું છે. તો કોઈ એવી ભૂલ નથી કરતું કે, આંધળો દેખે છે કે શું ? આંધળો નથી દેખતો.

એમ જડ છે ઈ આંધળું છે, ચૈતન્ય દેખતું છે. જડની પ્રવૃત્તિ જોઈ કોઈ ભૂલ કરે કે, આમાં કાંઈ જડ દેખી રહ્યું છે કે શું છે ? જડ ખાય છે ? ભૂખ લાગી, ખાધું. માણસે ખાધું. કોણે ખાધું ? જીવે ખાધું ? નહિ. જીવે નથી ખાધું. વેદના છે, શરીરમાં વેદના થઈ. આત્માને વેદના થઈ ? નહિ. વેદના શરીરનો ધર્મ છે, આત્માનો

ધર્મ નથી. એ જડ છે એનામાં દૃષ્ટિ નથી. એ તો આંધળું છે, ચેતન દેખતો છે. એકનું બીજામાં કાર્ય છે, એ ભૂલ કરી નાખે છે. એને ભિન્ન ભિન્ન જુઓ.

ચાલતા કાર્યમાં બન્નેનાં કાર્યની ભિન્નતા જુઓ, તપાસો. ન દેખાય તો તપાસો. તપાસીને એને જુઓ કે, ભિન્ન ભિન્ન છે કે નહિ ? પરિણામ એ આવશે કે, ભિન્નતા જોતાં અન્ય દ્રવ્યના કાર્ય સંબંધીનું જોર તૂટી જશે. અન્ય દ્રવ્ય સંબંધિત કાર્ય કરવામાં જે રાગનું જોર છે, એ પરિણામમાં રાગનું જોર છે એ એકદમ તૂટી જશે. એ તો ભિન્ન છે. ભિન્ન છે તો કરી શકાતું નથી. કરી શકાતું નથી તો એનો જે જોર ખાઈને રાગ આવે એ રાગનું જોર તૂટે છે. રાગ તરત નથી તૂટતો. પહેલાં રાગનું જોર તૂટે છે એટલે એ શિથિલ થાય છે, નિર્બળ થાય છે પછી નાશ પામે છે. એવો એનો નાશ થવાનો ક્રમ છે.

એના ફળસ્વરૂપે, સ્વદ્રવ્ય અને અન્યદ્રવ્યને ભિન્ન ભિન્ન જોવાના ફળસ્વરૂપે, આ પ્રયોગનો વિષય છે, એ પ્રયોગનું ફળ એ આવશે કે, રાગની તાકાત ઘટશે, રાગનું જોર ઘટશે, રાગ નિર્બળ થઈ જશે, એ અભાવ થવાને લાયક થશે.

પછી ૧૦૯ છે. **'સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ.'** રક્ષક થવું એટલે સંભાળવું. આમ તો સ્વદ્રવ્યનો જે સ્વ-સ્વભાવ (છે કે) આત્મા પોતે સ્વયં રક્ષિત છે. આત્મા પોતે જ સ્વયં રક્ષિત છે પણ એની ખબર નથી કે, આ પોતે સ્વયં રક્ષિત છે. એટલે પોતે ભયવાન થાય છે કે, મારું શું થશે ? ભવિષ્યમાં મારું શું થશે ? ક્યારે મારું શું થશે ? કોને ખબર કેવી રીતે શું થશે ? ક્યારે કઈ આપત્તિ આવી પડશે ? કેવી જાતની આપત્તિ આવી પડશે કાંઈ ખબર નથી. સંસારમાં આવી રીતે જીવ ભયાન્વિત હોય છે. ત્યારે એને ગમે તેવા અનિષ્ટ પરિણામથી, દોષિત પરિણામથી દૂર કરવો એને એની રક્ષા કહેવામાં આવે છે. દોષિત પરિણામથી અથવા દૂષિત થતો રોકવો એ એની

રક્ષા છે; અથવા એમાં (દોષિત પરિણામમાં) એના સુખની હિંસા થાય છે, શાંતિની હિંસા થાય છે અને અશાંતિ થાય છે – એ શાંતિ જળવાઈ રહે એવું જે કાર્ય (થાય છે) એને એનું રક્ષણ કહેવામાં આવે છે અને એ ત્વરાથી કરવા યોગ્ય છે. એ બધી લાંબી લાંબી વાતો છે.

મુદ્દો એમાં એમાં એટલો છે કે, પોતાને જેવો છે તે એવો સંભાળી લ્યે. જેવા સ્વરૂપે છે એવા સ્વરૂપે, એવા સ્વરૂપની જાગૃતિમાં આવીને એની સંભાળ કરે કે, હું આવો જ છું. અચલ સ્વરૂપ પ્રત્યેના અચલિત પરિણામ રાખે એ એનું રક્ષણ છે. એના ભાવપ્રાણની હિંસા નથી થતી તે એનું રક્ષણ છે અને એ ત્વરાથી કરવા યોગ્ય છે એટલે વર્તમાનથી જ કરવા યોગ્ય છે. ત્વરાનો અર્થ વર્તમાનથી જ – અત્યારથી જ એ કરવા યોગ્ય છે. અત્યારે જ મારે મારો આત્મા સંભાળવા જેવો છે કે, હું જ્ઞાતા-દૃષ્ટા છું અને રાગની સાથેનું એનું જે એકત્વ છે એ સંબંધ તોડી નાખવા જેવો છે. એનાથી એને અનંતુ દુ:ખ છે, રાગના એકત્વરૂપ પરિણામમાં જીવને અનંત દુ:ખ છે, એના અનંત સુખનો એમાં ઘાત છે. એ (ઘાત ન થવા દેવો એ) એની રક્ષા છે.

'**સ્વદ્રવ્યના વ્યાપક ત્વરાથી થાઓ.**' આ પણ બહુ માર્મિક વિષય છે. પોતાનો વ્યાપ્ય-વ્યાપકભાવથી અનુભવ કરાય છે. અનુભવમાં પોતાની વ્યાપકતાનો અનુભવ છે કે, મારા સ્વક્ષેત્રમાં હું વ્યાપેલો પ્રત્યક્ષ અનુભવગોચર થાઉં છું. જોડે રહેલાં શરીરમાં પણ હું વ્યાપતો નથી, પછી બીજે તો વ્યાપવાનો સવાલ ભો થતો નથી, પણ ક્ષેત્રમાં શરીર આકારે જે આત્મદ્રવ્ય છે, જેવો શરીરનો આકાર છે એવો જ આત્મવસ્તુનો આકાર છે તોપણ વ્યાપ્ય-વ્યાપકપણે હું મારા પ્રદેશમાં છું, મારા જ્ઞાનાદિ ભાવમાં વ્યાપ્ય-વ્યાપકપણે છું અને એવી વ્યાપ્ય-વ્યાપકતાથી મારું અસ્તિત્વ છે. મારા જ્ઞાનમય વ્યાપ્ય-વ્યાપકપણાથી

મારા અસ્તિત્વનું મને ગ્રહણ છે. એ રીતે અત્યારે જ, ત્વરાથી એટલે અત્યારથી જ વ્યાપ્ય-વ્યાપકપતા ગ્રહણ કરો. ત્વરાથી – અત્યારે જ વ્યાપ્ય-વ્યાપકતા ગ્રહણ કરો.

વ્યાપવામાં શરીરાદિમાં તો વ્યાપતો નથી પણ રાગાદિ ભાવમાં પણ મારો જ્ઞાનભાવ, મારો ભાવ વ્યાપતો નથી, મારો આત્મભાવ વ્યાપતો નથી. આ વ્યાપ્ય-વ્યાપકતા અહીં સુધી કામ કરે છે. એવું સ્વદ્રવ્યનું વ્યાપ્ય-વ્યાપકપણે અનુભવન વર્તમાન સમયથી કરવું એવી પ્રેરણા છે.

મુમુક્ષુ :– વ્યાપ્ય-વ્યાપકતા બન્ને લીધી.

પૂજ્ય ભાઈશ્રી :– વ્યાપક પણ પોતે છે અને વ્યાપ્ય પણ પોતે છે. શબ્દ બે છે, વસ્તુ એક જ છે. વ્યાપ્ય અને વ્યાપક બન્ને પોતે જ છે. વ્યાપક પણ પોતે છે, વ્યાપ્ય પણ પોતે છે. પોતે પોતામાં વ્યાપેલો છે, પોતાથી બહાર ક્યાંય વ્યાપેલો નથી.

મુમુક્ષુ :– વ્યાપ્ય-વ્યાપક એક દ્રવ્યમાં જ હોય.

પૂજ્ય ભાઈશ્રી :– બીજા દ્રવ્યમાં કોઈ વ્યાપી શકે નહિ. અને વ્યાપ્ય-વ્યાપકતાનો અભાવ હોવાને લીધે કર્તા-કર્મપણાનો અભાવ છે. એથી કોઈ પણ જાતના સંબંધનો અભાવ છે, કોઈ પણ સંબંધ રહેતો નથી. તદ્દન ભિન્નતા ભી થાય છે.

પ્રશ્ન :– વ્યાપકતા જોવામાં ભિન્ન પડે છે ?

સમાધાન :– હા, ભિન્ન પડે છે. જે સ્વદ્રવ્ય અને અન્યદ્રવ્યને ભિન્ન જોવું છે એમાં અન્ય દ્રવ્યમાં પોતાની વ્યાપકતા નથી દેખાતી. રાગમાં પણ પોતાની વ્યાપકતા નથી દેખાતી. ભેદજ્ઞાનનું આ મુખ્ય પડખું છે, ભેદજ્ઞાનનું આ મુખ્ય પડખું છે. અહીંથી ભેદજ્ઞાન શરૂ થાય છે.

જે આત્મા પોતે જ્ઞાનમય સત્તાધારી છે એ જ્ઞાનમય સત્તા જુદી કેવી રીતે પડે છે ? કે, પોતાની વ્યાપકતાથી જુદી પડે છે કે, હું

મારા જ્ઞાનમાં જ વ્યાપું છું. મારા જ્ઞાન સિવાય રાગ અને શરીરમાં હું વ્યાપતો નથી. એવી પોતાની વ્યાપકતાનો, પોતાની હયાતીમાં પોતાની વ્યાપકતાનો અનુભવ કરે ત્યારે એને વેદકતા (કે) જે તિરોભૂત થઈ ગઈ છે, જ્ઞાનમાં જ્ઞાનનું વેદન છે એ તિરોભૂત થઈ ગયું છે એ વેદન આવિર્ભાવ થવાનો અવસર આવે. જો વેદનની નજીક જાય તો આ વેદન ઇન્દ્રિયના આધાર વિનાનું અને નિમિત્ત વિનાનું હોવાથી એની પ્રત્યક્ષતાનો પત્તો લાગે.

આમ ભિન્નતા, વ્યાપકતા, વેદકતા અને પ્રત્યક્ષતા અભેદ થાય ત્યારે ભેદજ્ઞાન સફળ થઈ ગયું. આ ભેદજ્ઞાન સિદ્ધપદનું મૂળ છે. **'भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।'** ભેદવિજ્ઞાનથી સમ્યગ્દર્શન થાય છે એમ ન કહ્યું કેમકે એ કહેવાની જરૂર નથી અને સમ્યગ્દર્શન એ કોઈ ધ્યેય નથી, ધ્યેય તો સિદ્ધપદનું છે. આ જો ભેદવિજ્ઞાન થયું – ભેદજ્ઞાન થયું તો સિદ્ધપદ સીધું પહેલેથી Reserve થઈ જાય છે. ભેદવિજ્ઞાનમાં સિદ્ધપદનું Reservation છે. કહે છે ને ? આરક્ષણ ! અહીંથી અગાઉથી તમારું Reservation – Advance booking. આવું ભેદજ્ઞાનનું Advance bookingનું Stage છે.

ખરેખર તો મુમુક્ષુઓ વચ્ચે ભેદવિજ્ઞાનની ચર્ચા ચાલવી જોઈએ. ભાઈ ! તમે ભેદવિજ્ઞાન કરો છો ? જેમ કોઈ માણસ મળે ત્યારે શું કહીએ કે, કેમ તમારી તબિયત બરાબર છે ને ? એમ પૂછે. સાજાં-નરવા તો છો ને ? મજામાં છો ને ? વ્યવહારથી એમ પૂછે ને ? મુમુક્ષુને આ એક વ્યવહાર (હોવો જોઈએ કે), કેમ ભાઈ ! ભેદવિજ્ઞાન ચાલે છે ? કેવુંક ચાલે છે ? કેમ ચાલે છે ? કેટલોક પ્રયત્ન થાય છે ? પ્રયત્નમાં કાંઈ મુશ્કેલી આવે છે ? એની કોઈ ચર્ચા નથી. જે સ્વાધ્યાયનું, કાર્યપદ્ધતિનું કેન્દ્રસ્થાન; સ્વાધ્યાય તો એક બાહ્ય ક્રિયા છે, પુસ્તક લઈને મંદિરમાં બેસવું કે સ્વાધ્યાય હોલમાં બેસવું, વાતચીત કરવી, વિકલ્પ કરવા એ બધી બાહ્ય ક્રિયા છે, વાત

તો બોધને અંદરમાં ઉતારવાનો છે. આ અંતરંગ ક્રિયા છે અને એ અંતરંગ ક્રિયાનું સાધન એક ભેદજ્ઞાન છે, બીજું કોઈ નથી. અંદરમાં બોધને  તરવાનું એક જ સાધન છે, એક જ ચાવી છે, એક જ ઉપાય છે, એક જ માર્ગ છે, બીજું કાંઈ છે નહિ. એની ચર્ચા નથી. ચર્ચા કરવી તો એની કરવા જેવી છે.

મુમુક્ષુ :– એક તો પોતાની પોલ ઘણી છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પણ ક્યાં સુધી પોલ રાખવી છે ? પોલ રાખવાથી કોઈ લાભ થઈ જવાનો ? જ્યારે તમે તમારા પુત્રને રોજ પૂછો કે, ભાઈ ! તને કામ સોંપ્યું હતું કર્યું કે નહિ ? તો એ એમ કહે કે, ના, ના ! નથી કર્યું. (તમે) પૂછશો કે, કેમ ન કર્યું ? (તો કહેશે કે), બીજા ઘણા કામમાં રહી ગયું. (એટલે તમે કહેશો કે), કાંઈ વાંધો નહિ. કાલ જરાક યાદ કરી, ખ્યાલ કરીને, ખટકો રાખીને કાલે કરી લેજે. બીજે દિવસે પાછા સાંજે પૂછો કે, કેમ ભાઈ પેલું કામ થઈ ગયું ? (તો કહે કે), ના, ના ! કેમ (ન થયું) ? તો કહેશે કે, સાવ ભુલાઈ જ ગયું. (તમે કહેશો કે), આ જરા મહત્ત્વનું કામ છે, હવે કાલ નહિ ભુલાવું જોઈએ. કેટલા 'દી તમને કહેશે ? ભૂલી ગયો, ભૂલી ગયો, નથી થયું, નથી થયું કેટલા દિવસ એ કહેશે ? એક દિવસ તો એને પણ શરમ થશે કે, આ હું ક્યાં સુધી કહું કે, મેં નથી કર્યું ? અને તમે કામનું મહત્ત્વ બતાવો. એમ રોજ અંદરોઅંદર જ્યારે પૂછવાની પરિસ્થિતિ  ભી થાય ત્યારે તમે કેટલા દિવસ એમ કહો કે, આજે હું નથી કરતો, આજે હું કાંઈ નથી કરતો, હું કાંઈ નથી કરતો. ન પૂછો એમાં પોલ ચાલે છે. ચર્ચા ન ચાલે ત્યારે એમાં પોલ ચાલે છે પણ ચર્ચા ચાલે તો ક્યાં સુધી (પોલ) ચાલે ?

મુમુક્ષુ :– આ વિષયની પોતાને નજદીકતા હોય ત્યારે વાત થાય ને !

પૂજ્ય ભાઈશ્રી :– આમાં – નજદીકતામાં શું વાંધો છે ? વાંધો

તો છે નહિ. આ તો હિતના રસ્તે તમારે જાવું છે અને મારે જાવું છે. સાથે જવા માટે આપણે બધા સાથે બેસીએ છીએ, હિતના રસ્તે સાથે જવા માટે સાથે બેસીએ છીએ. એક માર્ગે જવું છે પછી ઈ માર્ગે જવામાં તમે ચાલો છો કે નહિ ? તમે ચાલવાનું શરૂ કર્યું કે નહિ ? ચાલ્યા તો કેટલું ચાલ્યા ? એમાં શું વાંધો ?

મુમુક્ષુ :– બીજી ઘણી વાતો યાદ રહે છે, આ નથી રહેતી, એટલે મોટી પોલ એ છે.

પૂજ્ય ભાઈશ્રી :– એવું છે કે, જ્યાં સુધી પોતે નિર્ણય કરતો નથી ત્યાં સુધી કામનો પ્રારંભ થતો નથી. ચર્ચા કરવાની તો એટલા માટે વાત લીધી છે કે, ઈ નિર્ણયમાં તો આવે કે, આ મારે કરવું જ છે. આ કરવું જ છે ઈ નિર્ણયમાં તો આવે, પછી શરૂ થશે. પહેલો તો નિર્ણય જ નથી કે, કરવું જ છે કે કેમ ? આમ સ્વાધ્યાય કરે (ત્યારે કહે કે), બરાબર છે, ભેદજ્ઞાન (કરવું જોઈએ). 'સમયસાર'માં તો સંવરનું કારણ જ ભેદજ્ઞાન કીધું છે. 'સંવર અધિકાર' શરૂ કર્યો ત્યારે 'કુંદકુંદાચાર્યે' કહ્યું કે, આ સંવરનું કારણ છે અને એમાં જ આ કળશ લીધો કે, '**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।** ' 'સંવર અધિકાર'નો 'અમૃતચંદ્રાચાર્યદેવ'નો કળશ છે. ૧૩૧મો કળશ છે. પણ એ સારું લાગે છે અને એ ઉપર ઉપરથી સારું લાગે છે એમાંથી આ જીવ સંતોષાઈ ગયેલો છે. એટલે કામની શરૂઆત નથી કરતો. બહુ બહુ તો વાતો સાંભળે, બહુ બહુ તો થોડી વાતો કરે, કામ શરૂ નથી કરતો એનું કારણ કે, નિર્ણય નથી કે કામ શરૂ કરવું છે. અત્યારે જ શરૂ કરવું છે, બહુ જરૂરી છે અને આજે જ શરૂ કરવું છે, અત્યારે જ શરૂ કરવું છે. એ (નિર્ણય) ઉપર નથી આવતો. આ જે શીઘ્ર વાત છે ને ? આ જે '**ત્વરા... ત્વરા**' શબ્દ લીધો છે એમાં આ વાત છે કે, અત્યારે આ કરવા જેવું છે. એને ઉધાર રાખીશ નહિ.

મુમુક્ષુ :– મનોરંજન જેવું થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એવું જ થઈ જાય છે, મનોરંજન જેવું થઈ જાય છે. ગમે છે અને પછી એ વાત તદ્દન વિસ્મૃત થઈ જાય છે. બીજા ઉદયના કાર્યોમાં સ્મરણ પણ રહેતું નથી.

મુમુક્ષુ :– એવી વાત કરવામાં સંકોચ પણ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– એમાં એવું છે કે, એ અસરળતા છે. સરળતાની અંદર એ પ્રકાર, એ પ્રશ્ન નથી, એ તકલીફ નથી. સરળતામાં તો જ્ઞાનીઓ એવી સરળતા સેવે છે, આ તો હજી મુમુક્ષુ છે. આપણે પત્રો વાંચશું એટલે ખબર પડશે કે, કેટલી બધી એમની સરળતા છે કે, મારા આવા પરિણામ છે, મારા આવા પરિણામ છે, મારા આવા પરિણામ છે. મારા પ્રવૃત્તિમાં આવા પરિણામ છે, મારા ઉદયમાં આ પરિણામ છે – એવું બધું લખે છે ! પોતે જ્ઞાની છે અને જેને લખે છે એ મુમુક્ષુ કોટિનો – નીચા દરજ્જાનો જીવ છે તો એને લખે છે !! સરખેસરખાને લખવું કે પોતાથી વિશેષ હોય એને પોતાના પરિણામ બતાવવા એ તો બહુ સહેલી વાત છે. પેલી તો અઘરી વાત છે. પોતાથી નાનો હોય એની પાસે નાનપ દેખાડવા જેવી વાત છે. મોટો હોય એની પાસે નાનપ દેખાડવામાં કાંઈ અઘરું નથી. એટલી હદે સરળતા રાખી છે ! **`શ્રીમદ્જી'ની સરળતા જુઓ તો એટલી હદની એમની સરળતા છે !! અને એ એમનો પુરાવો છે. આ પત્રો છે એ એમની સરળતાનો પુરાવો છે.**

હવે, કેમ એટલી સરળતા આવી ? કે, ઈ એક એવા જ ખ્યાલમાં હતા કે, હું શા માટે આ ભવમાં પૂર્ણ ન થઈ જાઉં ? અથવા હું કેમ જલદીથી જલદી પરિપૂર્ણ દશાને પ્રાપ્ત ન કરું ? બહુ બહુ તો આયુષ્ય પૂરું થશે તો બીજા ભવમાં પકડી લઈશ, પણ હવે મારે લાંબો કાળ ન જોઈએ. એટલી બધી ઝડપ કરવાના ખ્યાલમાં પોતે (હતા). દોષ માત્ર ન જોઈએ. ગમે તેવો દોષ હોય તે દોષને પ્રગટ

કરવો, પોતે ઈ ખ્યાલમાં છે. દોષને પ્રગટ કરો. ફરીને દોષ થવામાં છેવટે જાગૃતિ તો આવવાની જ છે. જાગૃતિ આવશે એટલે એના રસ ઉપર ઘા પડશે. દોષિત પરિણામનો – વિરાધક પરિણામનો જે રસ છે એના ઉપર મોટો ઘા પડે છે. બસ, પરિણામ જ્યાં રસ નીરસ થયું પછી ઈ પરિણામમાં કોઈ શિ ત નથી. પરિણામની શિ ત તો પરિણામના રસને લીધે છે. જ્યાં જે પરિણામનો રસ નીરસ થયો કે એની શિ ત ગઈ, ખલાસ થઈ ગઈ, ગળી ગઈ. એવી તો ઘણી વાતો એમના જીવનમાંથી મળે છે !! એમનું જે જીવન જીવી ગયા એમાંથી ઘણી વાતો મળે છે, જે વાત પત્રમાં બહાર આવી.

મુમુક્ષુ :– પ્રયોગ કરે તો પછી એની ચર્ચા ચાલે. આપસમાં ચર્ચા નહીં થવાનું કારણ પોતે પ્રયોગ કરતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :– પોતે નથી કરતો ઈ તો બરાબર છે, કબૂલ. પણ આજે નથી કરતો, કાલે પાછું પૂછ્યું કે, કેમ ભાઈ, તમે કાંઈ શરૂ કર્યું ? તમે કેટલા દિવસ ના પાડશો ? જો તમે એકલા હો અને કોઈ સંગ ન હોય તો તો એટલો પણ સાથ નથી મળતો. આ તો સાથીદારના સાથનો સવાલ છે. તમે શરૂ નથી કરતા તો એ તમને પૂછીને સાથ આપે છે કે, કેમ શરૂ કર્યું તમે ? કેવી રીતે શરૂ કર્યું ? ક્યાંથી શરૂ કર્યું ? કયા વખતે શરૂ કર્યું ? ઉદય તો સતત ચાલુ છે, કોઈ ને કોઈ ઉદયમાંથી શરૂ કરવું પડે છે, ઉદય તો સળંગ ધારાવાહી ચાલે છે.

એક લગનીથી જે ઉદયમાં ગૂંચાઈ જવાય છે એમાં ફરક પડ્યે છૂટકો છે. સ્વાધ્યાયના વિચારો છૂટ્યા પછી એકાકાર થઈને ઉદયમાં જાય છે. અથવા તો ક્યારેક વિચાર કરી લ્યે છે પણ એ તો અલ્પજીવી નીકળે છે, ક્ષણજીવી નીકળે છે. પ્રયોગને અર્થે તો એનું કોઈ મૂલ્ય નથી, પ્રયોગ પાસે એનું કોઈ મૂલ્ય નથી. તત્ત્વનો થોડો વિચાર આવી જાય તો એનું કાંઈ મૂલ્ય નથી. એ તો ઝાકળના બિંદુની જેમ ઘડીકમાં

ડી જશે, વિચાર તો આવીને ડી ગયો. ઝાકળ ડી જાય એવી રીતે ડી જશે.

પ્રયોગમાં તો આત્માની શિ ત કામ કરે છે. એટલે પ્રયોગમાં તો પુરુષાર્થનો તબક્કો જ શરૂ થઈ જાય છે. શિ ત કહો કે પુરુષાર્થ કહો. ઈ જલદી નહિ જાય. વિચાર છે ઈ વિલીન થઈ જશે. પ્રયોગમાં જે પુરુષાર્થથી કાર્ય થયું એનું મૂળ ડું જાવાનું. અને એ તો જ્યાં સુધી શરૂ નથી થયું ત્યાં સુધી એમ લાગે છે કે, નથી થતું... નથી થતું... નથી થતું... કરવું છે અને નથી થતું. શરૂ થયા પછી, જેમ કોઈ ચીજ ભાવે છે એ ખાધા પછી એનો રસ લાગે એવી ચીજ છે. તમે ખાવાનું શરૂ કર્યું અને એનો રસ ચાખ્યો પછી ભાવ્યો, ભાવ્યો એટલે તમે ચાલુ કરી દીધું. પછી તો વધુ ખાવાનું મન થયું. આ એવી જ ચીજ છે કે, જેવું એનું કાર્ય શરૂ થયું એટલે એનો રસ લાગશે કે, અરે...! આ તો બહુ મજાનું કામ છે ! ઘણું સારું છે આ ! જે ઓઘેઓઘે સાંભળ્યું છે કે, આ અલૌકિક માર્ગ છે, અલૌકિક Line છે, અલૌકિક દિશા છે ઈ પછી એને ત્યાં વાસ્તવિકતા દેખાશે, પછી એની વાસ્તવિકતા હાથમાં આવશે. એનો રસ ઓર લાગશે. ઈ રસ જે ચડશે એ પછી અંદરથી પાતાળ ફોડવાની વાત છે !! કેમકે પછી તો જેમ જેમ ડો ગયો એમ હવા બદલતી જાય છે. જેમ જેમ જીવ આત્માની સમીપ આવે છે (તેમ તેમ એને લાગે છે કે) આ આત્મા તો નંદનવન છે !! એની સુગંધ અને એની શીતળતા (આવે છે). જેમ જેમ નંદનવનની સમીપ જાય એમ સુગંધ અને શીતળતા વધુ ને વધુ આવતી જાય તો એને વધારે પ્રતીતિ થાય છે કે, બરાબર છે. હું આ રસ્તે જાઉં છું ઈ બરાબર છે. સુગંધ વધી, ઠંડક વધી.. સુગંધ વધી, ઠંડક વધી... કોઈને પૂછવું નહિ પડે. એમ એનો રસ ચડે છે. એ આગળ ચાલવાનો તબક્કો વ્યાપકતાથી છે.

**'સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ.'** ધારણ કરવું એટલે હુંપણે

આશ્રય કરવો એને ધારણ કર્યું એમ કહે છે. હુંપણે આશ્રય કરવો. એ પણ સત્તાને ગ્રહણ કરવાનો વિષય છે. રુચિના વિષયમાં એ વાત લીધી છે કે, રુચિ જેમ સમ્યગ્દર્શન સત્તાને ગ્રહે છે, સમ્યગ્દર્શન એટલે શ્રદ્ધાનું કાર્ય ચૈતન્યસત્તાનું સ્વયંરૂપે ગ્રહણ કરવું એટલું છે. એનો જે પ્રયત્ન છે એનું નામ રુચિ છે. પૂર્વની ભૂમિકામાં ગ્રહણ કરવાનો પ્રયાસ (છે) એનું નામ જ રુચિ છે, બીજું કોઈ નથી. એ ત્વરાથી થાઓ.

મુમુક્ષુ :– 'સોગાનીજી'ના ઘણા બોલ આવે છે કે, અહંપણું કરવું... અહંપણું કરવું...

પૂજ્ય ભાઈશ્રી :– દર્શન – શ્રદ્ધાપ્રધાન વિષય છે ને ! ભાષા શ્રદ્ધાપ્રધાન છે.

મુમુક્ષુ :– ત્વરાથી ધારક થવું જે કહ્યું એના જેવો જ વિષય છે.

પૂજ્ય ભાઈશ્રી :– ધારક થવું એટલે હુંપણે ગ્રહણ કરવું – સ્વદ્રવ્યને હુંપણે ગ્રહણ કરી લેવું, ત્વરાથી – એકદમ ઝડપથી !! એટલે તો એમાં પતંગિયાનું દૃષ્ટાંત લીધું છે કે, પતંગિયું દીવાના વખાણ કરવા રોકાતું નથી કે, દીવો બહુ સારો છે... દીવો બહુ સારો... દિવો બહુ સારો ! એ તો સીધું દીવાને જોવે એટલે ઝપટ મારીને અંદર પડે, ભલે પોતે બળી જાય ! એ વિચાર નથી કરતું કે હું બળીશ કે જીવીશ કે મરીશ ? એટલી બધી રુચિમાં આવે છે ! ઈ ખાખ થવા માટે પડે છે. બસ, આ રુચિનું દૃષ્ટાંત બહુ સરસ છે ! (એમ) જે તીવ્ર રુચિ પડે છે (એ) અનુકૂળતા-પ્રતિકૂળતા કાંઈ ગણતી નથી. ફટાફટ ઉડાવે છે, જે કાંઈ અનુકૂળતાનું બાધક કારણ હોય કે પ્રતિકૂળતાનું બાધક કારણ હોય... ફડાક ઉડાવે... એનું નામ રુચિ ! ઈ અહીંયાં ત્વરાથી લેવું છે. એનું નામ ત્વરા !

'પરમાગમ ચિંતામણિ'માં એક દૃષ્ટાંત વાંચ્યું. (પાણીમાં તરનારને

પાણી) કેટલું ડું છે એની કોઈ સમસ્યા ખરી ? નહિ ને ? એ પાણી છ ફૂટ ડું હોય કે સાઠ ફૂટ ડું હોય કે દરિયા જેટલું ડું હોય, એની સાથે એને શું સંબંધ છે ? તરનારને તો સપાટી ઉપર તરવાનું છે. પાણી નીચે કેટલું ડું છે એની સાથે એને શું સંબંધ છે ? કાંઈ સંબંધ નથી.

એમ જે ભિન્ન પડે છે, ભેદજ્ઞાનથી જે ભિન્ન પડે છે એટલે તરે છે. બસ ! તરે છે એને કોનાથી ભિન્ન પડવું છે એનાથી શું Problem છે ? શું સમસ્યા છે ? કે, ભાઈ ! પહેલાં ગરીબાઈ હતી અને હવે શ્રીમંતાઈ થઈ ગઈ. શ્રીમંત થયા એટલે હવે તકલીફ થાય છે. એમ કાંઈ આમાં થાતું હશે ? ઈ કાંઈ પ્રશ્ન નથી. થોડા સંયોગ હોય કે વધારે સંયોગ હોય, જેને ભિન્ન પડવું છે એને સંયોગ થોડા-વધારેનો પ્રશ્ન નથી કેમકે એને તો તરવું છે, જુદું તરવું છે. જેમ તારવે છે એમ જુદું તરવું છે, ભિન્ન પડવું છે. પાણીના પ્રવાહની સાથે એને કાંઈ સંબંધ નથી કે, પાણી ડું છે કે છીછરું છે. એ તો ઉપર જ તરે છે. છ ફૂટ ડું હોય તોપણ ઉપર તરે છે અને છસો ફૂટ હોય તોપણ ઉપર તરે છે.

એટલે જે કાંઈ બીજા વિચાર આવે છે કે, આ કારણથી નથી થતું, આ કારણથી નથી થતું – એ વાત બરાબર નથી. એવો કાંઈ વિચાર આવતો હોય કે, અમુક કારણથી નથી થતું, ચિંતા થાય છે માટે નથી થતું, ચિંતાનું કારણ છે – એ ખોટું છે. ચિંતા તારી ભી કરેલી છે. જેને સાદી ભાષામાં ઉપાધિ કહે છે. ઉપાધિનો અર્થ શું ? પોતે ભી કરે એનું નામ ઉપાધિ. કે બીજું કાંઈ ? જેમ કો'કનો ઝઘડો કો'ક માથે લઈ લ્યે તો એને શું કહેવાય ? કે, ભાઈ ! તું શું કરવા ઉપાધિ કરે છે ? ઈ બે માથાકૂટ કરતા હતા, તેં વચમા શું કરવા ઉપાધિ કરી ? બસ, એવું જ છે, બીજું કાંઈ નથી.

છએ દ્રવ્યો એના પરિણામશ્રૃંખલાની અંદર વર્તી રહ્યાં છે.

જગતના છ દ્રવ્યો છે અને છએ દ્રવ્યો એના પરિણામશ્રૃંખલાની અંદર વર્તી રહ્યા છે. કોઈ પણ દ્રવ્યના પરિણામની તું શું કરવા ઉપાધિ કરે છે ? અને કર તો પણ નિરર્થક છે, ઉપાધિ કર તો પણ એ નિરર્થક છે. તારી ઉપાધિથી એમાં કોઈ સાર્થકતા થવાની છે એ તો કાંઈ વસ્તુસ્થિતિ નથી. એમાં પરદ્રવ્યનું ધારકપણું થાય છે. એમાં પરદ્રવ્યનો ધારક થઈ જાય છે. પરદ્રવ્યનો ધારક હોય ત્યાં સુધી સ્વદ્રવ્યનો ધારક થતો નથી. સ્વદ્રવ્યના ધારકમાં પરદ્રવ્યની ધારકતા ત્વરાથી તજો જે ૧૧૫મો બોલ આવ્યો એ એકબીજાના અનુસંધાનમાં છે. '**પરદ્રવ્યની ધારકતા ત્વરાથી તજો.**' અને '**સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ.**' આની નિવૃત્તિ અને આની પ્રવૃત્તિ. એકબીજાને સાપેક્ષ છે. પહેલાં છોડો એમ કહેવાય છે કેમકે પહેલાં કરેલું છે પણ ખરેખર એક જ કાળ છે. એના બે કાળ નથી, એક જ સમય છે.

૧૧૨ (બોલ) છે, '**સ્વદ્રવ્યના રમક ત્વરાથી થાઓ.**' રમક એટલે લીન થવું, રમવું, જામવું, સ્થિર થઈ જવું. સ્વદ્રવ્યમાં તીવ્રતાથી અત્યારે જ શીઘ્રતાથી જામી જાઓ. એની સામે ૧૧૬ (બોલમાં) લીધું કે, '**પરદ્રવ્યની રમણતા ત્વરાથી તજો.**' એ અસ્તિ-નાસ્તિ છે. જેમ ધારકતામાં અસ્તિ-નાસ્તિ આવ્યું એમ અહીંયાં રમણતામાં છે. નહિતર પરદ્રવ્યની લીનતા અને રમણતા ચાલુ રહેશે. એને નિષ્ફળ સમજીને અથવા નુકસાનનું કારણ સમજીને સ્વદ્રવ્યમાં (લીન થા). જેમ હમણાં એક બોલ આવી ગયો ને ? અંદર ઘૂસી જા. એ રમવાની વાત છે, લીન થવાની વાત છે. અંદર ઘૂસી જા, તું અંદર સ્વભાવમાં ઘૂસી જા. ત્વરાથી એટલે જોરથી. અને એવું જ થાય છે. જોર થાય છે એનું કારણ એ છે કે, બહુ મજબૂત પકડ છે. આ જીવ ઉપર મિથ્યાત્વ અને અજ્ઞાન(ની) બહુ મજબૂત પકડ છે અને જ્યારે પકડ મજબૂત હોય ત્યારે એને છોડાવવા માટે જોરથી જ એને ધક્કો મારવો પડે છે. એ વગર મજબૂત પકડ છૂટતી નથી. એટલે સમ્યક્ત્વના કાળમાં

પુરુષાર્થ જોર કરે છે અથવા કોઈ અસાધારણ પુરુષાર્થના તબક્કામાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ હોય છે, અનુભવની પ્રાપ્તિ હોય છે. એનું કારણ એ છે કે, એ વગર રાગથી જે એકત્વ થઈ રહ્યું છે એ એકત્વ છૂટતું નથી. એ અનાદિનો સંસ્કાર છે, રૂઢ સંસ્કાર છે અને છોડવા માટે ઘણો સૂક્ષ્મ છે, અનઅભ્યાસે તો ઘણો કઠણ પણ છે. એટલે એથી વિરુદ્ધ જોર ભું થાય છે ત્યારે તૂટે છે, જોર વિના એ છૂટતું નથી. એ ત્વરાની અંદર જોર લેવું છે.

એવી જ રીતે '**સ્વદ્રવ્યના ગ્રાહક ત્વરાથી થાઓ.**' અને '**પરદ્રવ્યની ગ્રાહકતા ત્વરાથી તજો.**' ૧૧૭માં (બોલમા) છે. ૧૧૩ અને ૧૧૭નું અનુસંધાન છે. સ્વદ્રવ્યને ગ્રહવું. ગ્રહવું એટલે પોતાની હયાતીને – મોજૂદગીને – અસ્તિત્વને પ્રત્યક્ષપણે વેદવી, હયાતીનો અનુભવ કરવો – અસ્તિત્વનો અનુભવ કરવો એને ગ્રહણ કર્યું એમ કહેવામાં આવે છે. રમણતામાં ચારિત્ર ગુણની મુખ્યતાથી વાત છે તો અહીંયાં શ્રદ્ધાની મુખ્યતાથી વાત છે. ગ્રહવું છે (એ) સત્તાનું ગ્રહવું છે એ શ્રદ્ધાનો વિષય છે. પરદ્રવ્યનું ગ્રહણ કરી રાખ્યું છે એને એકદમ શીઘ્રતાથી છોડી દ્યો અને સ્વદ્રવ્યને શીઘ્રતાથી ગ્રહણ કરો, એમ લેવું છે. એમાં પણ એક જ સાથે બધું છે. રમણતા પણ સાથે છે, ગ્રહણતા પણ સાથે છે, વ્યાપવું પણ સાથે છે, પરમાં ભિન્ન થવું અને સ્વમાં અભિન્ન થવું એ પણ સાથે છે.

'**સ્વદ્રવ્યની રક્ષકતા ઉપર લક્ષ રાખો.**' લક્ષ રાખો એટલે જ્ઞાનની ચોકીદારીનો વિષય છે કે, મારા પ્રાણનો ઘાત ન થાય એનું હું ધ્યાન રાખું, એની જાગૃતિ રાખું. એની ચોકસાઈ રાખું.

પ્રશ્ન :– જ્ઞાન-પ્રાણ ?

સમાધાન :– જ્ઞાન-પ્રાણ. જ્ઞાન, શાંતિ (આદિ). જ્ઞાન છે એ લક્ષ રાખે છે, ચોકસાઈ રાખે છે, ચોકીદારી રાખે છે કે, મારી હિંસા હવે મારે કરવી નથી. પોતે જ પોતાના કારણથી બહુ દુઃખી થયો,

બહુ દુઃખી થયો. હવે મારે દુઃખી થાવું નથી. આ મારી રક્ષકતા છે, એના ઉપર મારું લક્ષ છે. જેનું લક્ષ હોય છે એ લક્ષની એક એવી જાગૃત પરિસ્થિતિ છે, જેમકે વેપારની અંદર વેપારીનું લક્ષ હોય છે, કોઈપણ Transaction કરે – ખરીદ કરે, વેચાણ કરે, હિસાબ-કિતાબ રાખે પણ ક્યાંય ભૂલથી નુકસાન થવું જોઈએ નહિ. જાણી જોઈને તો નહિ, ભૂલથી પણ નુકસાન ન થવું જોઈએ એની વ્યવસ્થા રાખે. Calculator શું કરવા રાખે છે ? સરવાળો, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર કરતાં તો આવડે છે. Tally કરી લ્યે કે આમાં હું ભૂલ્યો નથી ને ? અત્યારે Calculator છે, નહિતર બીજા હાથે હિસાબ કરાવી લ્યે કે, જુઓ ભાઈ ! આ તૈયાર કર્યું છે, જરાક તપાસી જજો. હું ભૂલ્યો નથી ને ? તાળો મેળવી લ્યે, એકલો ને એકલો હોય તો તાળો મેળવી લ્યે. અમારે ગુજરાતીમાં તાળો કહે છે. તાળો એટલે બીજી રીતથી એનું Result તપાસી લેવું કે, સાતમાંથી પાંચ જાય તો બે રહે, તો ચાર રહ્યા તો કેમ તપાસવું ? પાંચ ને ચાર તો નવ થાય. પાંચ ને બે સાત થાય તો પાંચ ને બેવાળો જવાબ સાચો છે. સાતમાંથી પાંચ જાય તો બે રહે ઈ સાચું કેમ ? કેમકે બે ને પાંચ સાત થાય છે માટે. બાદબાકી સાચી કેમ ? કે, વધેલી રકમ નીચલી રકમમાંથી બાદ કરો તો ઉપરની રકમ આવી જવી જોઈએ. એકલો ને એકલો હોય તો છેવટે એવી રીતે તપાસી લ્યે કે ક્યાંય પોતે ભૂલે નહિ. એ લક્ષનો વિષય છે. એમ થવાનું કારણ લક્ષ છે. લક્ષ છે એમાં ક્યાંય ભૂલ થવા દેવી નથી. એમ તારા રક્ષણનું તને લક્ષ હોવું જોઈએ કે, હવે મારે મારી હિંસા કરવી નથી, મારો ઘાત કરવો નથી, મારે મારું રક્ષણ કરી લેવું છે.

મુમુક્ષુ :– નિર્ણય કરે ત્યારે આગળ વધે.

પૂજ્ય ભાઈશ્રી :– એક નક્કી કર્યું કે, અત્યારથી જ આ કામ કરવું છે. એ કેટલુંક મોડું કરશે. જેને અત્યારથી જ કરવું છે એ

કેટલુંક મોડું કરશે અને મોડું કરશે તો પાછું પૂછવાનું તો છે જ. જ્યારે મળે ત્યારે પૂછે કે, કેમ ભાઈ શું ચાલુ કર્યું ? કેવી રીતે કર્યું ? ક્યાં સુધી એમ કહેશે કે, ના હજી નથી કર્યું, હજી નથી કર્યું ?

પ્રશ્ન :– ધનાર્થીની ભૂમિકામાંથી મોક્ષાર્થીની ભૂમિકામાં આવે ત્યારે જ થાય ને ?

સમાધાન :– હા, એ તો જેને હિત કરવું છે એની વાત છે ને ? જેને સ્પષ્ટ પ્રીતિથી સંસાર વેદવો છે, સંસાર અનુભવવો છે, સંસારની પ્રવૃત્તિ સ્પષ્ટ પ્રીતિથી કરવી છે એને છૂટવું મુશ્કેલ છે.

એક મુમુક્ષુ ભાઈ હતા. નામથી તો બધા મુમુક્ષુ જ કહેવાય ને ? પાંચ સભ્યોનું કુટુંબ હતું, બે માણસ પોતે, ત્રણ સંતાન. (એમણે એમ કહ્યું કે) મારે તો બાર મહિને એક લાખ ન વધે ત્યાં સુધી મને સખ ન પડે. મારે એક લાખ તો કમાવા જ જોઈએ, આ મારી નક્કી કરેલી વાત છે. એટલે હું નિવૃત્તિ નથી લઈ શકતો એનું કારણ કે મારે એક લાખ તો આવે પછી જ મને એમ થાય કે, હવે (બરાબર છે). મેં કીધું, પણ ઈ ક્યાં હાથની વાત છે ? અને ક્યાં સુધી આમ ને આમ કરશો ? કોના આયુષ્યનો ભરોસો છે ? અત્યારે તમે નિવૃત્તિ નથી લેતા. કેમકે તમને એક લાખ મળતા નથી. એટલે ખર્ચીના મળી રહે છે, ઘરખર્ચ મળી રહે છે પણ લાખનો જે તમારો Target છે ઈ પૂરો નથી થતો. માટે પ્રવૃત્તિ એક નહિ ને બીજી, બીજી નહિ ને ત્રીજી, ગમે તે ગોતી કાઢવી. ગમે તે કરવું પણ લાખ પૂરા કરવા. નથી થતા તો આ વર્ષે નહિ તો આવતા વર્ષે પ્રયત્ન કરીને પૂરા કરશું. પછી પણ આપણે પ્રયત્ન ચાલુ રાખવો. ભાઈ ! એ પદ્ધતિ ખોટી છે.

સ્પષ્ટ પ્રીતિથી જેને સંસારમાં પ્રવૃત્તિ કરવી જ છે એના માટે આ માર્ગ નથી. જેને સંસારને લાત મારવી છે, જેને સંસારને ખલાસ કરવો છે અને પોતાનું હિત સાધી લેવું છે એવો જેણે નિર્ણય કર્યો

છે એના માટેની વાત છે. એટલી વાત તો સ્પષ્ટ છે. એ તો એણે નક્કી કરવું જ રહ્યું કે, હવે મારે કરવું છે શું ? મારા જીવનનું ધ્યેય શું ? એટલે તો પૂર્ણતાના લક્ષે શરૂઆતવાળી વાત લીધી છે. જીવનનું ધ્યેય શું ? શાના માટે જીવવું છે ? સંસારને વધારવા માટે જીવવું છે કે સંસારનો નાશ કરવા માટે જીવવું છે ? બસ, એક વાત નક્કી કરીને Line પકડવી પડશે. બે ઘોડાની સવારી તો અમસ્તી પણ થવાની નથી. બે ઘોડા હોય માટે બેની સવારી કરી શકાય છે એમ નથી કે, ઠીક છે ! આપણને દેવ-ગુરુ-શાસ્ત્ર પણ મળ્યા, જ્ઞાનીઓ પણ મળ્યા (માટે આપણે) એ પણ કરીએ અને આ પણ કરીએ. તું બે ઘોડા ઉપર પગ રાખવા ગયો (છો પણ) હેઠો જ પડવાનો, બેમાંથી એકેય નહિ રહે. એટલે એ તો બની શકતું નથી. એટલે એક વાત તો નક્કી કરવી જ પડશે કે, મારે હિત સાધવું છે કે નથી સાધવું ? આ વાત વગર તો આગળ ચાલવાનો પ્રશ્ન જ નથી, શરૂઆત થવાનો પ્રશ્ન નથી.

પંદરમા પાનેથી દ્વાદશ અનુપ્રેક્ષાનો વિષય ચાલે છે. બધું અસ્થિર છે, સંયોગો બધાં અસ્થિર છે. એના ઉપર વાત ચાલે છે. અઢારમા પાને જે પેરેગ્રાફ છે એમાં વચ્ચેથી છે. **'પાપનો આરંભ કરી, લક્ષ્મીનો સંગ્રહ કરી, મહા મૂર્છાથી ઉપાર્જન કરી છે, તેને બીજાના હાથમાં આપી, અન્ય દેશમાં વ્યાપારાદિથી વધારવા માટે તેને સ્થાપન કરી, જમીનમાં અતિ દૂર છેટે મેલી અને રાત-દિવસ એનું જ ચિંતવન કરતાં કરતાં દુર્ધ્યાનથી મરણ કરી દુર્ગતિ જઈ પહોંચે છે. કૃપણને લક્ષ્મીનું રખવાલપણું અને દાસપણું જાણવું.'** કૃપણ એટલે લોભી. **'દૂર જમીનમાં નાખીને લક્ષ્મીને પહાણા સમાન કરી છે. જેમ ભૂમિમાં બીજા પહાણા રહે છે તેમ લક્ષ્મીનું જાણો.'** પહેલાં દાટતા હતા ને ? સો વરસ પહેલાંની વાત છે. ધાતુના પૈસા હતા. સોના, ચાંદી દાટતા હતા.

**'રાજાનાં, વારસનાં તથા કુટુંબનાં કાર્ય સાધ્યાં, પણ પોતાનો દેહ**

**તો ભસ્મ થઈ   ડી જશે, તે પ્રત્યક્ષ નથી દેખતા ?**' રાજાનું કાર્ય સાધ્યું, પોતાના વારસદારો – પુત્રાદિનું (કાર્ય સાધ્યું). પુત્ર, પ્રપુત્ર વગેરે. '**પણ પોતાનો દેહ તો ભસ્મ થઈ   ડી જશે, તે પ્રત્યક્ષ નથી દેખતા ?**' હવે એક વાત કહે છે કે, '**આ લક્ષ્મી સમાન આત્માને ઠગવાવાળું બીજું કોઈ નથી.**' આટલી વાત લખી છે. કેમ એને ઠગવાવાળી કીધી ? પોતાનો દેહ છે એ ભસ્મ થઈને   ડી જશે એ વાત એને દેખાતી નથી. લક્ષ્મી મેળવવા માટે એટલો એ ઠગાય છે ! લક્ષ્મી મળે, આપણી સ્થિતિ સારી થાય, સ્થિતિ સારી થાય એના જેવું એકેય નહિ. પોતાનો દેહ ભસ્મ થઈ જશે એ વાત પણ એ જોઈ શકતો નથી.

'**પોતાના સમસ્ત પરમાર્થને ભૂલી લક્ષ્મીના લોભનો માર્યો રાત્રિ અને દિવસ ઘોર આરંભ કરે છે. વખતસર ભોજન નથી કરતો. ટાઢી   ની વેદના સહન કરે છે. રાગાદિકના દુઃખને નથી જાણતો. ચિંતાતુર થઈ રાત્રે   ઘ નથી લેતો.**' હવે પાછું એક વાક્ય છે કે, '**લક્ષ્મીનો લોભી પોતાનું મરણ થશે એમ નથી ગણતો.**' એ વાત પણ ગણતરીમાં નથી લેતો. નાની-મોટી પ્રતિકૂળતા તો ગણતરીમાં નથી લેતો પણ પોતાનું મરણ થશે એ વાત પણ ગણતરીમાં નથી લેતો. એમ જે ધનાર્થીની વાત છે એમાં બે જગ્યાએ એ વાત નાખી છે. એ જરા માર્મિક વાત નાખી છે.

એકત્રીસમા પાને પંદરમો આંક છે એમાં દોહરા છે. '**જ્ઞાની કે અજ્ઞાની જન, સુખ દુઃખ રહિત ન કોય; જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોય.**' બન્નેને ઉદય તો પૂર્વકર્મના આવે છે. જ્ઞાની જ્ઞાતા-દૃષ્ટા થાય છે – ભિન્ન પડે છે, અજ્ઞાની ઘેરાય જાય છે.

ત્રીજો દોહરો છે એ તો બહુ પ્રસિદ્ધ છે. '**વચનામૃત વીતરાગનાં, પરમ શાંતરસ મૂળ; ઔષધ જે ભવરોગનાં, કાયરને પ્રતિકૂળ.**' વીતરાગનાં વચનામૃતો આત્માને પુરુષાર્થ અર્થે એટલાં બધાં શાંતરસના મૂળિયા જેવા (છે). શાંતરસને ઉત્પન્ન કરવા માટે શાંતરસના મૂળિયાં

જેવા છે અને ભવરોગને નાશ કરવાની એક ઔષધિ અથવા દવા છે અથવા રામબાણ ઉપાય છે. એ હીન પુરુષાર્થી જીવને પ્રતિકૂળ પડે છે. હીન પુરુષાર્થી જીવને પ્રતિકૂળ પડે છે અથવા જે લાયક નથી એવા જીવને – જેને વિપર્યાસ ઘણો છે એને એ પ્રતિકૂળ પડે છે, લટું પડે છે. વીતરાગ વચનમાં વાત તો જે છે તે છે પણ એકને પરમશાંતિનું મૂળ થાય છે તો એકને અશાંતિનું નિમિત્ત પડે છે. એમ કહે છે. વચનોની શૈલી તો ઘણી છે !

પ્રશ્ન :– 'કાયર' શબ્દનો અર્થ શું ?

સમાધાન :– કાયર એટલે પુરુષાર્થહીન. જેને એ પુરુષાર્થ કરવો રુચતો નથી, કરવો ગમતો નથી, કરવામાં એને પોતાનું સત્ત્વ કામ કરતું લાગતું નથી એવી પરિસ્થિતિવાળાને અથવા જેને પ્રતિકૂળ છે, એમ. એની પરિસ્થિતિ બતાવી. એ કાયર છે, આત્મિક પુરુષાર્થ કરવા માટે એ કાયર છે. જેમ કોઈ લડાઈ કરવી હોય અને આપણું કામ નહિ હોં ! આપણું કામ નહિ, આમાં આપણું કામ નહિ. એમ આ આત્માની બધી વાત સાંભળે, આખા સંસારને છોડી દેવાની વાત છે !? સંસારાર્થી કે ધનાર્થી રહેવાની જ વાત નથી ? સ્પષ્ટ પ્રીતિથી જેને સંસાર કરવો છે એનું અહીંયાં કામ નથી એમ કહી દીધું ? આપણને તો ઘણી પ્રીતિ અને ઘણી રુચિ છે. હજી તો આપણે સંસારમાં ઘણું કરવું હોય એવું બધું થયા કરે છે. એને પહેલેથી જ જાણે કે પોતે નહિ કરી શકે, નહિ કરી શકે, આવું નહિ કરી શકાય, આવું ન થઈ શકે એવું એને લાગ્યા કરે છે. એ એની કાયરતા છે, ઈ જાતની કાયરતા છે. અને ગૃહસ્થી હોય, કુટુંબ-પરિવાર લઈને બેઠા હોય એને આટલું બધું હોય કાંઈ ? આટલી બધી વાત કેવી રીતે થઈ શકે ? એને એમ લાગે. એ બધી કાયરતાની વાત છે. ચારે ગતિમાં સંજ્ઞી પંચેન્દ્રિય જીવ અનુભવ કરી શકે, ભવનો નાશ કરી શકે અને આ કહે કે, મારે આટલું બધું આમ ને આટલું બધું આમ

ને આ આટલું ને આ આમ ને આ આમ... આમાં ક્યાં બહાર નીકળી શકાય એવું છે ? એને એમ લાગ્યા કરે. આ બધી ઉપાધિમાંથી કેવી રીતે બહાર નીકળવું અને ક્યાં બહાર નીકળી શકાય એવું છે ? એ બધાં કાયરતાના પરિણામ છે.

અથવા કોઈને વિરોધાભાસ થાય છે, વાતનો વિરોધ આવે છે. વીતરાગનાં સિદ્ધાંતો હોય, વીતરાગી વચનો હોય, આ દ્રવ્યદૃષ્ટિની તીખી વાતો આવે છે, એ તીખી વાતો જે છે એ તો એકદમ પુરુષાર્થની પ્રેરણાની વાતો છે, એનો જે વિરોધ થાય છે એ કાયરતાને સૂચવે છે. એમ કાયરતામાં અનેક પ્રકાર છે. એને એ વાતનો વિરોધ થઈ જાય છે. આવું તો હોતું હશે ? દેવ-શાસ્ત્ર-ગુરુને અનાયતન કહ્યાં ! એવી બધી વાતો આવે. વળી એમ કહે કે, લોકોનો સંસાર તો કુટુંબ-પરિવાર છે પણ જે નવરો થઈને – નિવૃત્ત થઈને શાસ્ત્ર વાંચે છે અને છતાં અનુભવનો પ્રયત્ન કરતો નથી (તો) કહે છે, એ શાસ્ત્ર એનો સંસાર છે. એક કોરથી એમ કહે કે, તું આગમની પ્રવૃત્તિ રાખજે, આગમ છોડીશ નહિ, આગમ તો ચક્ષુ છે, જગતચક્ષુ છે, મુનિરાજ આગમચક્ષુ છે, મુનિઓ પણ વાંચે છે. અનુભવ ન કરતો હોય એને કડક કહી દ્યે કે, ઈ આગમ નથી, તારા માટે ઈ જ સંસાર છે. તું એમાં વાંચે છે કે, અનુભવ કરવા જેવો છે અને અનુભવનો તો તું કાંઈ પ્રયત્ન જ કરતો નથી. આખો ’દી વાંચ વાંચ કરે છો, સાંભળ્યા કરે છો, અનુભવના પ્રયત્ન માટે શું કરે છો ? અનુભવનો પુરુષાર્થ તો કરતો નથી અને વાંચ વાંચ કરે એનો શું અર્થ છે ? એ જ તારો સંસાર છે. લોકોને બહારની પ્રવૃત્તિ સંસાર છે, તારો આ સંસાર છે. એ વીતરાગનાં વચનામૃત છે, વીતરાગ થવા માટેના વચનામૃત છે. કોઈ લાયક નથી (એને) એમ લાગે છે કે, આવું તો કહેવાતું હશે ? માણસ વાંચવું છોડી દ્યે, શાસ્ત્રો છોડી દ્યે. શાસ્ત્રનું વાંચન છોડી દેશે. ભાઈ ! જે છોડી દ્યે એની વાત છોડી દે, તું તારું તો

સમજ ! કો'કની તું શું કરવા ચિંતા કરે છે કે, લોકોને આમ નુકસાન થશે અને બીજાને આમ કહેવાથી આમ થશે અને આમ કરવાથી આમ થશે. તારું પકડ કે તને એમાંથી લાભ થાય એમ છે કે નથી ? પોતાની વાત તો સંભારે નહિ અને દુનિયા આખીની માંડે ! એ બધો કાયરતાનો વિષય છે, કાયરતામાં જાય છે. કેમકે એને વિરોધ આવે છે. પરમ સત્ય હોય છે, પરમ વીતરાગ પ્રતિપાદક વચનો હોય છે એનો જેને નિષેધ આવે છે એ એની કાયરતાને બતાવે છે. ભવનાં નાશના જે ઔષધિ સમાન (વચનામૃતો) છે એનો નિષેધ કરે તો કાયરતા વગર કેમ કરે ? એમ.

(બીજો) સર્વજ્ઞનો વિષય ચાલે છે, (તો કહે કે), સર્વજ્ઞને વચ્ચે ન રાખવા. પણ ભાઈ ! સર્વજ્ઞ તો અનંત વીર્ય પ્રગટ કર્યું ઈ સર્વજ્ઞ છે એને વચ્ચેથી કાં ઉડાવ ? આગમ ક્યાંથી નીકળ્યા ? સર્વજ્ઞ સિવાય આગમ ક્યાંથી નીકળ્યા ? ધર્મ કોણે શરૂ કર્યો ? સર્વજ્ઞ સિવાય કોણ ધર્મ શરૂ કરે ? ધર્મનું મૂળ સર્વજ્ઞ છે, તત્ત્વના નિરૂપણનું મૂળ સર્વજ્ઞ છે અને વિશ્વસનીય કોઈ હોય તો સર્વજ્ઞ છે, આપ્તપુરુષ છે. એનો નિષેધ કેવી રીતે થાય ? એનો નિષેધ કરે છે એ પણ કાયર છે. કાયરતા તો અનેક પ્રકારે છે, ઘણી રીતે છે.

એ રીતે વિશેષ લઈશું...



## દ્વાદશાનુપ્રેક્ષા

આત્માને પરમહિતકારી એવી દ્વાદશાનુપ્રેક્ષા એટલે વૈરાગ્યાદિ ભાવભાવિત બાર ચિંતવનાઓનું સ્વરૂપ ચિંતવન કરું છું.

૧. અનિત્ય, ૨. અશરણ, ૩. સંસાર, ૪. એકત્વ, ૫. અન્યત્વ, ૬. અશુચિ, ૭. આસ્રવ, ૮. સંવર, ૯. નિર્જરા, ૧૦. લોક, ૧૧. બોધિદુર્લભ, ૧૨. ધર્મ. એ બાર ચિંતવનાઓનાં પ્રથમ નામ કહ્યાં. એના સ્વભાવનું, ભગવાન તીર્થંકર પણ ચિંતવન કરી સંસાર દેહ ભોગથી વિર ત થયા છે. આ ચિંતવનાઓ વૈરાગ્યની માતા છે. સમસ્ત જીવોનું હિત કરવાવાળી છે. અનેક દુઃખોથી વ્યાપ્ત સંસારી જીવોને આ ચિંતવનાઓ બહુ ઉત્તમ શરણ છે. દુઃખરૂપ અગ્નિથી તપ્તાયમાન થયેલા જીવોને શીતલ પદ્મવનની મધ્યમાં નિવાસ સમાન છે. પરમાર્થમાર્ગ દેખાડનારી છે. તત્ત્વનો નિર્ણય કરાવનારી છે. સમ્યક્ત્વ ઉત્પન્ન કરનારી છે. અશુભ ધ્યાનનો નાશ કરનારી છે. દ્વાદશ ચિંતવના સમાન આ જીવનું હિત કરનાર બીજું કંઈ નથી. બાર અંગનું રહસ્ય છે. એટલા માટે આ બાર ચિંતવનાઓમાંથી ભાવ સહિત હવે અનિત્ય અનુપ્રેક્ષાનું ચિંતવન કરીએ છીએ.

દેવ, મનુષ્ય, તિર્યંચ, એ સમસ્ત જોતજોતામાં પાણીના બિંદુની પેઠે અને ઝાકળના પુંજની પેઠે વિણસી જાય છે, જોતજોતામાં વિલયમાન થઈ ચાલ્યા જાય છે. વળી આ બધાં રિદ્ધિ, સંપદા, પરિવાર, સ્વપ્ન સમાન છે. જેવી રીતે સ્વપ્નમાં જોયેલું પાછું નથી દેખાતું, તેવી રીતે વિનાશ પામે છે. આ જગતમાં ધન, યૌવન, જીવન, પરિવાર સમસ્ત ક્ષણભંગુર છે, એને સંસારી મિથ્યાદૃષ્ટિ

જીવ, પોતાનું સ્વરૂપ, પોતાનું હિત જાણે છે. પોતાના સ્વરૂપની ઓળખાણ હોય તો પરને પોતાનું સ્વરૂપ કેમ માને ? સમસ્ત ઇન્દ્રિયજનિત સુખ જે દૃષ્ટિગોચર દેખાય છે, તે ઇન્દ્રધનુષ્યના રંગની પેઠે જોતજોતામાં નાશ થઈ જાય છે. યૌવનનું જોશ સંધ્યાકાળની લાલીની પેઠે ક્ષણ ક્ષણમાં વિનાશ પામે છે, એટલા માટે આ મારું ગામ, આ મારું રાજ્ય, આ મારું ઘર, આ મારું ધન, આ મારું કુટુંબ, એવા વિકલ્પ કરવા તે જ મહામોહનો પ્રભાવ છે. જે જે પદાર્થો આંખથી જોવામાં આવે છે, તે તે સમસ્ત નાશ પામશે, એની દેખવા-જાણવાવાળી ઇન્દ્રિયો છે તે અવશ્ય નાશ પામશે. તે માટે આત્માના હિત માટે જ ઉતાવળે ઉદ્યમ કરો. જેમ એક જહાજમાં અનેક દેશના અને અનેક જાતિના માણસો ભેગા થઈ બેસે છે, પછી કિનારે જઈ નાના દેશ પ્રતિ ગમન કરે છે, તેમ કુળરૂપ જહાજમાં અનેક ગતિથી આવેલા પ્રાણી ભેગા થઈ વસે છે. પછી આયુષ્ય પૂરું થયે પોતપોતાના કર્માનુસાર ચારે ગતિમાં જઈ ઉત્પન્ન થાય છે; જે દેહથી સ્ત્રી, પુત્ર, મિત્ર, ભાઈ વગેરેની સાથે સંબંધ માની રાગી થઈ રહ્યો છે, તે દેહ અગ્નિથી ભસ્મ થશે, વળી માટી સાથે મળી જશે તથા જીવ ખાશે તો વિષ્ટા અને કૃમિકલેવરરૂપ થશે. એક એક પરમાણુ જમીન, આકાશમાં અનંત વિભાગરૂપે વીખરાઈ જશે; પછી ક્યાંથી મળશે ? તેથી એનો સંબંધ પાછો પ્રાપ્ત નહીં થાય એમ નિશ્ચય જાણો. સ્ત્રી, પુત્ર, મિત્ર, કુટુંબાદિમાં મમતા કરી, ધર્મ બગાડવો તે મોટો અનર્થ છે. જે પુત્ર, સ્ત્રી, ભાઈ, મિત્ર, સ્વામી, સેવકાદિનાં એકઠાં થયેલ સુખથી જીવન ચાહો છો, તે સમસ્ત કુટુંબ શરદકાળનાં વાદળાંની જેમ વીખરાઈ જશે. આ

સંબંધ આ વખતે દેખાય છે તે નહીં રહેશે, જરૂર વીખરાઈ જશે, એવો નિયમ જાણો. જે રાજ્યના અર્થે અને જમીનના અર્થે તથા હાટ, હવેલી, મકાન તથા આજીવિકાને અર્થે હિંસા, અસત્ય, કપટ, છળમાં પ્રવૃત્તિ કરો છો, ભોળાઓને ઠગો છો, પોતે જોરાવર થઈ નિર્બળને મારો છો, તે સમસ્ત પરિગ્રહનો સંબંધ તમારાથી જરૂર વિખૂટો પડશે. અલ્પ જીવવાના નિમિત્તે મારો છો, તે સમસ્ત પરિગ્રહનો સંબંધ તમારાથી જરૂર વિખૂટો પડશે. અલ્પ જીવવાના નિમિત્તે, નરક, તિર્યંચ ગતિના અનંતકાળ પર્યંત અનંત દુઃખના સંતાન ન ગ્રહણ કરો. એના સ્વામીપણાનું અભિમાન કરી અનેક ચાલ્યાં ગયાં, અને અનેક પ્રત્યક્ષ ચાલ્યાં જતાં જુઓ છો, માટે હવે તો મમતા છોડી, અન્યાયનો પરિહાર કરી, પોતાના આત્માના કલ્યાણ થવાના કાર્યમાં પ્રવર્તન કરો. ભાઈ, મિત્ર, પુત્ર, કુટુંબાદિક સાથે વસવું, તે જેમ ગ્રીષ્મ તુમાં ચાર માર્ગની વચમાં એક વૃક્ષની છાયા નીચે અનેક દેશના વટેમાર્ગુ વિશ્રામ લઈ પોતપોતાના ઠેકાણે જાય છે. તેમ કુળરૂપ વૃક્ષની છાયામાં રોકાયેલ, કર્મને અનુકૂળ અનેક ગતિમાં ચાલ્યા જાય છે. જેનાથી પોતાની પ્રીતિ માનો છો તે પણ દરેક મતલબના છે. આંખના રાગ જેમ, ક્ષણ માત્રમાં પ્રીતનો રાગ નાશ પામે છે. જેમ એક વૃક્ષ વિષે પક્ષી પૂર્વે સંકેત કર્યા વિના જ આવી વસે છે, તેમ કુટુંબના માણસો સંકેત કર્યા વિના કર્મને વશ ભેળા થઈ વીખરે છે. એ સમસ્ત ધન, સંપદા, આજ્ઞા, ઐશ્વર્ય, રાજ્ય, ઇન્દ્રિયોના વિષયોની સામગ્રી જોતજોતામાં અવશ્ય વિયોગને પ્રાપ્ત થશે. જુવાની મધ્યાહ્નની છાયાની પેઠે ઢળી જશે, સ્થિર નહીં રહેશે. ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્રાદિક તો અસ્ત થઈ પાછા ગે

છે, અને હેમંત વસંતાદિક   તુઓ પણ જઈ જઈ પાછી આવે છે, પરંતુ ગયેલ ઇન્દ્રિયો, યૌવન, આયુ, કાયાદિક પાછાં નથી આવતાં. જેમ પર્વતથી પડતી નદીના તરંગ રોકાયા વિના ચાલ્યા જાય છે, તેમ આયુષ્ય ક્ષણક્ષણમાં રોકાયા વિના વ્યતીત થાય છે. જે દેહને આધીન જીવવું છે, તે દેહને જર્જરિત કરનારું ઘડપણ સમય સમય આવે છે. ઘડપણ કેવું છે કે જુવાનીરૂપ વૃક્ષને દગ્ધ કરવાને દાવાગ્નિ સમાન છે. તે ભાગ્યરૂપ પુષ્પો (મોર)ને નાશ કરનાર ધૂમસની વૃષ્ટિ છે. સ્ત્રીની પ્રીતિરૂપ હરણીને વ્યાઘ્ર સમાન છે. જ્ઞાનનેત્રને અંધ કરવા માટે ધૂળની વૃષ્ટિ સમાન છે. તપરૂપ કમળના વનને હિમ સમાન છે. દીનતા ઉત્પન્ન કરવાની માતા છે. તિરસ્કાર વધારવા માટે ધાઈ સમાન છે. ઉત્સાહ ઘટાડવાને તિરસ્કાર જેવી છે. રૂપધનને ચોરવાવાળી છે. બળને નાશ કરવાવાળી છે. જંઘાબળ બગાડનારી છે. આળસને વધારનારી છે. સ્મૃતિનો નાશ કરનારી આ વૃદ્ધાવસ્થા છે. મોતનો મેળાપ કરાવનારી દૂતી એવી વૃદ્ધાવસ્થાને પ્રાપ્ત થવાથી પોતાના આત્મહિતનું વિસ્મરણ કરી, સ્થિર થઈ રહ્યા છો તે મોટો અનર્થ છે. વારંવાર મનુષ્યજન્માદિક સામગ્રી નહીં મળે. જે જે નેત્રાદિક ઇન્દ્રિયોનું તેજ છે તે ક્ષણક્ષણમાં નાશ થાય છે. સમસ્ત સંયોગ વિયોગરૂપ જાણો. એ ઇન્દ્રિયોના વિષયમાં રાગ કરી, કોણ કોણ નાશ નથી થયા ? આ બધા વિષયો પણ નાશ પામી જશે, અને ઇન્દ્રિયો પણ નાશ થઈ જવાની. કોને અર્થે આત્મહિત છોડી ઘોર પાપરૂપ માઠું ધ્યાન કરો છો ? વિષયોમાં રાગ કરી વધારે વધારે લીન થઈ રહ્યા છો ? બધા વિષયો તમારા હૃદયમાં તીવ્ર બળતરા ઉપજાવી

વિનાશ પામશે. આ શરીરને રોગે કરીને હમેશાં વ્યાપ્ત જાણ. જીવને મરણથી ઘેરાયેલો જાણ. ઐશ્વર્ય વિનાશની સન્મુખ જાણ. આ સંયોગ છે તેનો નિયમથી વિયોગ થશે. આ સમસ્ત વિષયો છે તે આત્માના સ્વરૂપને ભુલાવવાવાળા છે. એમાં રાચી ત્રણલોક નાશ થઈ ગયું છે. જે વિષયોના સેવવાથી સુખ ઇચ્છવું છે, તે જીવવાને અર્થે વિષ પીવું છે. શીતળ થવાને માટે અગ્નિમાં પ્રવેશ કરવા બરાબર છે. મીઠાં ભોજનને માટે ઝેરના વૃક્ષને પાણી પાવું છે. વિષય મહામોહ મદને ઉપજાવનાર છે, એનો રાગ છોડી આત્માનું કલ્યાણ કરવા યત્ન કરો. અચાનક મરણ આવશે, પછી મનુષ્યજન્મ તેમ જ જિનેન્દ્રનો ધર્મ ગયા પછી મળવો અનંતકાળમાં દુર્લભ છે. જેમ નદીનો પ્રવાહ નિરંતર ચાલ્યો જાય છે, ફરી નહીં આવે, તેમ આયુષ્ય, કાયા, રૂપ, બળ, લાવણ્ય અને ઇન્દ્રિયશક્તિ ગયા પછી પાછાં નહીં આવે. જે આ પ્યારાં માનેલાં સ્ત્રીપુત્રાદિક નજરે દેખાય છે તેનો સંયોગ નહીં રહેશે. સ્વપ્નના સંયોગ સમાન જાણી, એના અર્થે અનીતિ પાપ છોડી, ઉતાવળે સંયમાદિક ધારણ કર. તે ઇન્દ્રજાળની પેઠે લોકોને ભ્રમ ઉપજાવનારું છે. આ સંસારમાં ધન, યૌવન, જીવન, સ્વજન, પરજનના સમાગમમાં જીવ આંધળો થઈ રહ્યો છે. તે ધનસંપદા ચક્રવર્તીઓને ત્યાં પણ સ્થિર રહી નહીં, તો બીજા પુણ્યહીનને ત્યાં કેમ સ્થિર રહેશે ? યૌવન, વૃદ્ધાવસ્થાથી નાશ થશે. જીવવું મરણ સહિત છે. સ્વજન પરજન વિયોગની સન્મુખ છે. શામાં સ્થિરબુદ્ધિ કરો છો ? આ દેહ છે તેને નિત્ય સ્નાન કરાવો છો, સુગંધ લગાડો છો, આભરણ વસ્ત્રાદિકથી ભૂષિત કરો છો, નાના પ્રકારનાં ભોજન કરાવો છો, વારંવાર એના જ દાસપણામાં

કાળ વ્યતીત કરો છો; શય્યા, આસન, કામભોગ, નિદ્રા, શીતલ, ઉષ્ણ અનેક ઉપચારોથી એને પુષ્ટ કરો છો. એના રાગથી એવા અંધ થઈ ગયા છો કે ભક્ષ, અભક્ષ, યોગ્ય, અયોગ્ય, ન્યાય, અન્યાયના વિચારરહિત થઈ, આત્મધર્મ બગાડવો, યશનો વિનાશ કરવો, મરણ પામવું, નરકે જવું, નિગોદને વિષે વાસ કરવો, એ સમસ્ત નથી ગણતા. આ શરીરનો જળથી ભરેલા કાચા ઘડાની પેઠે જલદી વિનાશ થશે. આ દેહનો ઉપકાર કૃતઘ્નના ઉપકારની પેઠે વિપરીત ફળશે. સર્પને દૂધ સાકરનું પાન કરાવવા સમાન પોતાને મહા દુઃખ, રોગ, લેશ, દુર્ધ્યાન, અસંયમ, કુમરણ અને નરકનાં કારણરૂપ શરીર ઉપરનો મોહ છે એમ નિશ્ચયપૂર્વક જાણો. આ શરીરને જેમ જેમ વિષયાદિકથી પુષ્ટ કરશો, તેમ તેમ આત્માને નાશ કરવામાં સમર્થ થશે. એક દિવસ ખોરાક નહીં આપશો તો બહુ દુઃખ દેશે. જે જે શરીરમાં રાગી થયા છે, તે તે સંસારમાં નાશ થઈ, આત્મકાર્ય બગાડી અનંતાનંત કાળ નરક, નિગોદમાં ભમે છે. જેમણે આ શરીરને તપસંયમમાં લગાડી કૃશ કર્યું તેઓએ પોતાનું હિત કર્યું છે. આ ઇન્દ્રિયો છે, તે જેમ વિષયોને ભોગવે છે તેમ તૃષ્ણા વધારે છે; જેમ અગ્નિ બળતણથી તૃપ્ત થતી નથી, તેમ ઇન્દ્રિયો વિષયોથી તૃપ્ત થતી નથી. એક એક ઇન્દ્રિયની વિષયની વાંછના કરી મોટા મોટા ચક્રવર્તી રાજા ભ્રષ્ટ થઈ નરકે જઈ પહોંચ્યા છે, તો બીજાનું તે શું કહેવું ? એ ઇન્દ્રિયોને દુઃખદાયી, પરાધીન કરનારી, નરકમાં પહોંચાડનારી જાણી, તે ઇન્દ્રિયોનો રાગ છોડી, એને વશ કરો.

સંસારમાં જેટલાં નિંદ્ય કર્મ કરીએ છીએ તે તે સમસ્ત

ઇન્દ્રિયોને આધીન થઈ કરીએ છીએ. માટે ઇન્દ્રિયરૂપ સર્પના વિષથી આત્માની રક્ષા કરો. આ લક્ષ્મી છે તે ક્ષણભંગુર છે. આ લક્ષ્મી કુલીનમાં નથી રમતી. ધીરમાં, શૂરમાં, પંડિતમાં, મૂર્ખમાં, રૂપવાનમાં, કુરૂપમાં, પરાક્રમીમાં, કાયરમાં, ધર્માત્મામાં, અધર્મીમાં, પાપીમાં, દાનીમાં, કૃપણમાં ક્યાંય નથી રમતી. એ તો પૂર્વજન્મમાં પુણ્ય કરેલ હોય તેની દાસી છે. કુપાત્ર-દાનાદિક, કુતપ કરી ઉત્પન્ન થયેલ જીવને, ખોટા ભોગમાં, કુમાર્ગમાં, મદમાં લગાડી દુર્ગતિમાં પહોંચાડનારી છે. આ પંચમકાળની મધ્યમાં તો કુપાત્ર-દાન કરી કુતપસ્યા કરી લક્ષ્મી પજે છે. તે બુદ્ધિને બગાડે છે. મહા દુઃખથી પજે છે, મહા દુઃખથી ભોગવાય છે. પાપમાં લગાડે છે. દાનભોગમાં ખર્ચ્યા વિના મરણ થયે, આર્ત્તધ્યાનથી છોડી તિર્યંચગતિમાં જીવ પજે છે. એથી લક્ષ્મીને તૃષ્ણા વધારવાવાળી, મદ ઉપજાવવાવાળી જાણી, દુઃખિત દરિદ્રીના ઉપકારમાં, ધર્મને વધારવાવાળાં ધર્મસ્થાનકોમાં, વિદ્યા આપવામાં, વીતરાગ સિદ્ધાંત લખાવવામાં લગાડી સફળ કરો. ન્યાયના પ્રમાણિક ભોગમાં, જેમ ધર્મ ન બગડે તેમ લગાડો. આ લક્ષ્મી જલતરંગવત્ અસ્થિર છે. અવસરમાં દાન ઉપકાર કરી લો. પરલોકમાં સાથે આવશે નહીં. અચાનક છાંડી મરવું પડશે. જે નિરંતર લક્ષ્મીનો સંચય કરે છે, દાન ભોગમાં લઈ શકતા નથી, તે પોતે પોતાને ઠગે છે. પાપનો આરંભ કરી, લક્ષ્મીનો સંગ્રહ કરી, મહા મૂર્છાથી ઉપાર્જન કરી છે, તેને બીજાના હાથમાં આપી, અન્ય દેશમાં વ્યાપારાદિથી વધારવા માટે તેને સ્થાપન કરી, જમીનમાં અતિ દૂર છેટે મેલી અને રાત-દિવસ એનું જ ચિંતવન કરતાં કરતાં દુર્ધ્યાનથી મરણ કરી

દુર્ગતિ જઈ પહોંચે છે. કૃપણને લક્ષ્મીનું રખવાલપણું અને દાસપણું જાણવું. દૂર જમીનમાં નાખીને લક્ષ્મીને પહાણા સમાન કરી છે. જેમ ભૂમિમાં બીજા પહાણા રહે છે તેમ લક્ષ્મીનું જાણો. રાજાનાં, વારસનાં તથા કુટુંબનાં કાર્ય સાધ્યાં, પણ પોતાનો દેહ તો ભસ્મ થઈ ડી જશે, તે પ્રત્યક્ષ નથી દેખતા ? આ લક્ષ્મી સમાન આત્માને ઠગવાવાળું બીજું કોઈ નથી. પોતાના સમસ્ત પરમાર્થને ભૂલી લક્ષ્મીના લોભનો માર્યો રાત્રિ અને દિવસ ઘોર આરંભ કરે છે. વખતસર ભોજન નથી કરતો. ટાઢી ની વેદના સહન કરે છે. રાગાદિકના દુઃખને નથી જાણતો. ચિંતાતુર થઈ રાત્રે ઘ નથી લેતો. લક્ષ્મીનો લોભી પોતાનું મરણ થશે એમ નથી ગણતો. સંગ્રામના ઘોર સંકટમાં જાય છે. સમુદ્રમાં પ્રવેશ કરે છે. ઘોર ભયાનક રાન પર્વતમાં જાય છે. ધર્મરહિત દેશમાં જાય છે. જ્યાં પોતાની જાતિનું, કુળનું કે ઘરનું કોઈ દેખવામાં આવતું નથી, એવા સ્થાનમાં કેવળ લક્ષ્મીના લોભથી ભ્રમણ કરતો કરતો મરણ પામી દુર્ગતિમાં જઈ પહોંચે છે. લોભી નહીં કરવાનું તથા નીચ ભીલને કરવા યોગ્ય કામ કરે છે. તો તું હવે જિનેન્દ્રના ધર્મને પામીને સંતોષ ધારણ કર. પોતાના પુણ્યને અનુકૂલ ન્યાયમાર્ગને પ્રાપ્ત થઈ, ધનનો સંતોષી થઈ, તીવ્ર રાગ છોડી, ન્યાયના વિષયભોગોમાં અને દુઃખિત, બુભુક્ષિત, દીન અનાથના ઉપકાર નિમિત્તે દાન, સન્માનમાં લગાડ. એ લક્ષ્મીએ અનેકને ઠગીને દુર્ગતિમાં પહોંચાડ્યા છે. લક્ષ્મીનો સંગ કરી જગતના જીવ અચેત થઈ રહ્યા છે. એ પુણ્ય અસ્ત થયે અસ્ત થઈ જશે. લક્ષ્મીનો સંગ્રહ કરી મરી જવું એવું ફલ લક્ષ્મીનું નથી. એનાં ફલ કેવળ ઉપકાર કરવો, ધર્મનો માર્ગ ચલાવવો એ છે.

એ પાપરૂપ લક્ષ્મીને ગ્રહણ નથી કરતા તેને ધન્ય છે. ગ્રહણ કરીને મમતા છોડી ક્ષણ માત્રમાં ત્યાગી દીધી છે તેને ધન્ય છે. વિશેષ શું લખીએ ? તે ધન, યૌવન, જીવન, કુટુંબના સંગને પાણીનાં ટીપાં સમાન અનિત્ય જાણી, આત્મહિતરૂપ કાર્યમાં પ્રવર્તન કરો. સંસારના જેટલા જેટલા સંબંધ છે તેટલા તેટલા બધા વિનાશિક છે.

એવી રીતે અનિત્ય વિચારણા વિચારો. પુત્ર, પૌત્રો, સ્ત્રી, કુટુંબાદિક કોઈ પરલોક સાથે ગયા નથી અને જશે નહીં. પોતાનાં ઉપાર્જન કરેલ પુણ્યપાપાદિક કર્મ સાથે આવશે. આ જાતિ કુળ રૂપાદિક તથા નગરાદિકનો સંબંધ દેહની સાથે જ વિનાશ થશે. તે અનિત્ય ચિંતવના ક્ષણ માત્ર પણ વિસ્મરણ ન થાય. જેથી પરથી મમત્વ છૂટી આત્મકાર્યમાં પ્રવૃત્તિ થાય એવી અનિત્ય ભાવનાનું વર્ણન કર્યું. ૧

## તા. ૦૭-૧૨-૧૯૯૬, પ્રવચન નં. ૩
## અનિત્ય ભાવના

('શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, બાર ભાવનામાંથી પહેલી ભાવના). વૈરાગ્ય ઉત્પન્ન કરનારી બાર ભાવનાઓ છે. મુમુક્ષુજીવથી લઈને મુનિદશા પર્યંતના સાધકો આ બાર ભાવનાઓ ભાવે છે. બારનાં નામ આ પ્રમાણે છે. (૧) અનિત્યભાવના. (૨) અશરણભાવના. (૩) સંસારભાવના. (૪) એકત્વભાવના. (૫) અન્યત્વભાવના. (૬) અશુચિભાવના. (૭) આસ્રવભાવના. (૮) સંવરભાવના. (૯) નિર્જરાભાવના. (૧૦) લોકભાવના. (૧૧) બોધિદુર્લભભાવના. અને (૧૨) ધર્મભાવના.

આ ભાર ભાવનાઓના નામ છે. ભગવાન તીર્થંકર પણ એ ભાવનાને વિચારીને સંસાર, શરીર અને ભોગથી વિર ત થયા. તીર્થંકરદેવ પણ આ બાર ભાવના ભાવિને વિર ત થયા એટલે વૈરાગ્યમાં પરિણમ્યા. વૈરાગ્યની ઉત્પાદક છે, બારેય ભાવના વૈરાગ્યની ઉત્પાદક છે.

વૈરાગ્ય એ રાગને નીરસ કરનાર ભાવ છે જેને વૈરાગ્ય કહે છે. રાગની નીરસતા ! જ્યાં સુધી જીવમાં રાગરસ બળવાન છે ત્યાં સુધી જીવ બંધાય છે, બંધનને પામે છે. રાગરસ મંદ પડવો એ જરૂરી છે. જો રાગરસ મંદ ન પડે તો બીજા કોઈ પણ ધર્મસાધન છે એ

સફળ ન થાય, નિષ્ફળ જાય. એટલા માટે આ ભાવનાઓ '**વૈરાગ્યની માતા છે.**' વૈરાગ્યને જન્મ આપનાર હોવાથી વૈરાગ્યની માતા છે.

'**સમસ્ત જીવોનું હિત કરવાવાળી છે.**' સ્વ અને પર બધાં જીવોનું એમાં હિત છે, હિતકારક છે. અનેક દુઃખોથી વ્યાપ્ત એવો જે આ સંસાર એવા સંસારી જીવોને આ ભાવનાઓ ઉત્તમ શરણરૂપ છે. એટલે કે દુઃખથી છોડાવે છે અથવા દુઃખને હળવું કરી નાખે છે. દુઃખરૂપ અગ્નિથી સળગતા એવા જીવોને શીતળ કમળવનની વચમાં નિવાસ કરવા સમાન છે. બારેય ભાવનાઓ છે એ શીતળતા આપે છે. જે જીવ દુઃખથી તપ્તાયમાન થતો હોય એને શીતળતા અને શાંતિ પજાવે છે.

પરમાર્થમાર્ગને દેખાડવાવાળી છે, દર્શાવવાવાળી છે. પરમાર્થમાર્ગ એટલે આત્મકલ્યાણના માર્ગને દર્શાવવાવાળી છે. તત્ત્વનો નિર્ણય કરાવવાવાળી છે. તત્ત્વનિર્ણય પણ થાય એવું એની અંદર નિમિત્તત્ત્વ રહેલું છે. સમ્યક્ત્વને ઉત્પન્ન કરવાવાળી છે. મુમુક્ષુજીવને સમ્યક્ત્વ ઉત્પન્ન કરાવે એવી છે. અશુભ ધ્યાનનો નાશ કરવાવાળી છે. અશુભ ધ્યાન એટલે આર્ત્ત અને રૌદ્ર ધ્યાન એનો નાશ કરવાવાળી છે. આ બાર ભાવનાઓ સમાન આ જીવનું અન્ય હિત નથી અને બાર અંગનો સાર છે. બાર અંગમાંથી સારરૂપ કાઢીને આ બાર ભાવનાઓ ચિંતવવામાં આવે છે.

ધ્યાનના ચાર ભેદ છે. (૧) આર્ત્તધ્યાન (૨) રૌદ્રધ્યાન (૩) ધર્મધ્યાન અને (૪) શુ લધ્યાન. ધર્મધ્યાન અને શુ લધ્યાન એ જીવના શુદ્ધ પરિણામો છે, જે સ્વરૂપના આશ્રયે પ્રગટ થાય છે. આર્ત્તધ્યાન છે એ અન્ય પદાર્થની વાંછામાંથી – ઇચ્છામાંથી જન્મે છે. એટલે અન્ય પદાર્થો પ્રત્યેના રાગ અને દ્વેષવાળા જે પરિણામ છે, ઇષ્ટ અને અનિષ્ટ ભાવ થાય છે, પ્રિય અને અપ્રિય લાગે છે એ બધાં જે પરિણામ છે એને આર્ત્તધ્યાનનાં પરિણામ કહેવામાં આવે છે. આર્ત્ત

એટલે દુઃખી થવું. જે ધ્યાનથી દુઃખી થવાય તેને આર્ત્તધ્યાન કહે છે. રાગ-દ્વેષથી તો જીવ દુઃખી થાય છે, આકુળિત થાય છે એટલે એને આર્ત્તધ્યાન કહે છે. એ આર્ત્તધ્યાન બહુ તીવ્ર થાય અને અમુક ડિગ્રી વટી જાય પછી એને રૌદ્રધ્યાન નામ આપવામાં આવે છે. જેમકે કોઈ માણસ હિંસા કરીને ખુશી થાય તો એને હિંસાનંદી કહે છે – એ રૌદ્રધ્યાન છે. ચોરી કરીને ખુશી થાય એને ચૌર્યાનંદી કહે છે. એવી રીતે રૌદ્રધ્યાન છે એ ઘણું માઠું ધ્યાન છે, આકરાં કર્મ બાંધવાવાળું (ધ્યાન છે).

પ્રશ્ન :– ભાઈશ્રી ! મુનિરાજને આર્ત્તધ્યાન હોય છે એ કઈ અપેક્ષાએ છે ?

સમાધાન :– આર્ત્તધ્યાન હોય, રૌદ્રધ્યાન ન હોય. આર્ત્તધ્યાન એટલે એમને પરની વાંછા નથી પણ જેટલો વિકલ્પ છે એટલું આર્ત્તધ્યાન છે. જેટલો રાગનો અંશ બાકી એટલું આર્ત્તધ્યાન. કેમકે રાગનો એક કણ પણ દુઃખરૂપ છે. રાગનો એક કણ પણ દુઃખરૂપ છે.

મુમુક્ષુ :– મુનિમહારાજ માટે મુમુક્ષુએ એ જોવાનું નથી.

પૂજ્ય ભાઈશ્રી :– હા, મુનિના આર્ત્તધ્યાનનું આપણે કાંઈ પ્રયોજન નથી. કેમકે એમને બહુ જ મંદ સંજ્વલનનો રાગ હોય છે. એક સંજ્વલન કષાય બાકી છે પણ એ પણ મંદ ઉદય હોય છે. એટલે એમનું આર્ત્તધ્યાન ઘણું મંદ હોય છે. એ કરણાનુયોગની અપેક્ષાથી (વાત છે).

તેથી બાર ભાવનાઓને ભાવસહિત ચિંતવન કરવાયોગ્ય છે.

મુમુક્ષુ :– ભાવસહિત કહ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ભાવસહિત એટલે શું છે કે જે જે ભાવનામાં જે જે ભાવ રહ્યો છે એ ભાવસહિત એનું ચિંતવન ભાવવાહીપણે થવું જોઈએ.

પ્રશ્ન :– ભાવભાસનમાં લઈને એટલે Visualise કરીએ તો વૈરાગ્યનો ભાવ આવિર્ભાવ થાય ?

સમાધાન :– હા. તો બરાબર વૈરાગ્ય – યથાર્થ વૈરાગ્યની ઉત્પત્તિ થાય.

પ્રશ્ન :– રૌદ્રધ્યાન નરકગતિમાં લઈ જાય છે ?

સમાધાન :– રૌદ્રધ્યાન નરકગતિનું કારણ છે. આર્તધ્યાન છે એ તિર્યંચગતિનું – પશુગતિનું કારણ છે. બન્નેને માઠાં ધ્યાન કહેવામાં આવે છે.

અનિત્ય ભાવનાનું સ્વરૂપ આ પ્રકારે વિચારવું જોઈએ. પહેલી અનિત્ય ભાવના છે. અનિત્ય ભાવનાનું સ્વરૂપ આ પ્રકારે વિચારવું જોઈએ કે, દેવ, મનુષ્ય, તિર્યંચ આયુષ્ય ! એ બધાં પાણીનાં પરપોટા સમાન છે. અનિત્ય લેવું છે ને ? આયુષ્ય છે એ અનિત્ય છે. દેવનું આયુષ્ય ભલે લાંબું હોય તોપણ કાળના સમુદ્ર પાસે તો પાણીનાં પરપોટા જેવું છે. અનાદિ અનંત કાળ છે એમાં કોઈ પણ ગતિનું આયુષ્ય તો પાણીનાં પરપોટા જેવું છે.

'**ઝાકળનાં પુંજની પેઠે વિણસી જાય છે,...**' ફીણનાં જથ્થા સમાન વિનાશિક છે. ફીણ બરાબર છે, ફીણ જેમ ફૂટી જતા વાર ન લાગે એમ. જોતજોતામાં વિલય થઈ જાય છે. જોતજોતામાં આયુષ્ય છે એ પૂરું થઈ જાય છે અને જીવ એક ગતિમાંથી બીજી ગતિમાં ચાલ્યો જાય છે. આ સમસ્ત દ્ધિ એટલે સંપત્તિ, સંપદા, પરિવાર સ્વપ્ન જેવું છે. જેમ સપનું ખલાસ થાય એટલે જાણે કાંઈ છે જ નહિ. એવી રીતે બધું વિનાશિક છે. કાં પોતે ચાલ્યો જાય છે કાં સંયોગ ચાલ્યો જાય છે. એ પ્રકારે નાશ પામે છે, વિણસે છે (એટલે) જેમ સ્વપ્નમાં દેખેલી વસ્તુ ફરીને દેખાતી નથી, સપનું થઈ જાય છે. ફરીને દેખાતી નથી એવું અનિત્યપણું છે. સંયોગનું એવું અનિત્યપણું છે.

પહેલેથી સંયોગી અવસ્થામાં એ અનિત્યપણું ભાવ્યું હોય તો

એટલો આઘાત-પ્રત્યાઘાત ભો ન થાય. પહેલેથી આ ભાવના ભાવી હોય તો એટલો આઘાત-પ્રત્યાઘાત ન આવે. જેમકે આપણે તીર્થસ્થાનોમાં મુસાફરીએ જઈએ છીએ તો ત્યાં ધર્મશાળામાં ઉતરીએ છીએ. ભલે ગમે એવી સારી ધર્મશાળા હોય પણ આપણને ખ્યાલ છે કે, આપણે અહીંયાં બે-ચાર દિવસ રોકાઈએ એટલી જ વાત છે, બાકી આથી વધારે અહીંયાં કાંઈ ચોંટીને રહેવાનું નથી. ધર્મશાળા સારી છે માટે ચોંટી જઈએ એવું તો થતું નથી. એમ પહેલેથી ખ્યાલ હોય કે આ ઘર, આ કુટુંબ, આ સંપત્તિ (છોડીને જવાનું છે), એ રીતે પહેલેથી Expected હોય તો એટલું પરિણામ ઉપર Tension કે Depression નથી આવતું. અથવા આપણે એ ધર્મશાળાને Normally છોડી દઈએ છીએ. બે-પાંચ દિવસ જે કાંઈ રોકાવું હોય એ રોકાઈને આપણાં નિયત કાર્યક્રમ પ્રમાણે આપણે એને છોડવામાં Normal positionમાં છોડી દઈએ છીએ. એમ જ્ઞાનીઓ પોતાનું આયુષ્ય પૂરું થાય અને વર્તમાન સંયોગો એને છૂટે તો એ Normal positionમાં છોડે. હવે આ તો મારી નક્કી જ વાત હતી. મારે તો મારા ટાઇમે જવાની વાત નક્કી જ હતી અથવા તમારે તમારા ટાઇમે જવાની વાત નક્કી જ છે. એમાં બીજું શું હરખ-શોક કરવાનું કારણ હોઈ શકે ?

**'આ જગતમાં ધન, યૌવન, જીવન, પરિવાર સમસ્ત ક્ષણભંગુર છે, એને સંસારી મિથ્યાદષ્ટિ જીવ, પોતાનું સ્વરૂપ,...'** એટલે પોતાપણું કરીને. પોતાનું સ્વરૂપ એટલે એમાં પોતાપણું કરીને **'પોતાનું હિત જાણે છે.'** હિત એટલે સુખ જાણે છે. એમાં પોતાપણું કરીને એને સુખનું કારણ જાણે છે. જો **'પોતાના સ્વરૂપની ઓળખાણ હોય તો પરને પોતાનું સ્વરૂપ કેમ માને ?'** પોતાનું અસ્તિત્વ ગ્રહણ કર્યું હોય તો પોતાના અસ્તિત્વ બહારની કોઈ પણ ચીજમાં એ પોતાપણું કેમ કરે ?

પ્રશ્ન :– ભાઈશ્રી ! પરમાં જે પોતાપણું કરે છે એ એને નિત્ય

માનીને કરે છે ?

સમાધાન :– હા, એમાં એને નિત્યતાની કલ્પના થાય છે કે, આ જાણે કાયમ રહેવાનું છે અને એનો વિયોગ થવાનો નથી. એવા વિચાર (કે) વગર વિકલ્પે – નિર્વિકલ્પપણે એમાં કાયમીપણું એ ભાવમાં સ્થાપી દ્યે છે. એટલે જ પછી એનું Reaction આવે છે. અનિત્યતામાં નિત્યતા માની હોય અને વાસ્તવિકપણે અનિત્ય અનિત્ય થઈને ભું રહે ત્યારે પોતાની ધારણા બહાર થયું એનું દુઃખ અને આર્ત્તધ્યાન થયા વગર રહે નહિ.

(અહીંયાં) શું કીધું ? કે, '**પોતાના સ્વરૂપની ઓળખાણ હોય તો પરને પોતાનું સ્વરૂપ કેમ માને ? સમસ્ત ઇન્દ્રિયજનિત સુખ જે દૃષ્ટિગોચર દેખાય છે, તે ઇન્દ્રધનુષ્યના રંગની પેઠે જોતજોતામાં નાશ થઈ જાય છે.**' આકાશમાં ઇન્દ્રધનુષ્ય – મેઘધનુષ્ય થાય છે ને ? મેઘધનુષ્ય કહે છે, ઇન્દ્રધનુષ્ય કહે છે. પટ્ટા રંગીન થાય છે ને ? ઘડીકમાં દેખાય ને ઘડીકમાં ક્યાં ગયા ? કેમકે એ તો Reflection હોય છે. વાદળાના પાણીમાંથી સૂર્યના કિરણો પસાર થાય એના Reflectionથી એ પટ્ટાઓ દેખાય. ઘડીકમાં ખલાસ ! એવી રીતે ઇન્દ્રિયજનિત સુખ જે દૃષ્ટિગોચર થાય છે તે ઇન્દ્રધનુષ્યના રંગની પેઠે જોતજોતામાં નાશ થઈ જાય છે.

'**યૌવનનું જોશ સંધ્યાકાળની લાલીની પેઠે ક્ષણ ક્ષણમાં વિનાશ પામે છે,...**' યુવાની જતા વાર લાગતી નથી. વાતવાતમાં ધોળા વાળ દેખાવા મંડે છે. હજી તો એમ લાગે કે હું યુવાન છું પણ Notice આવી જાય છે. સંધ્યાકાળની લાલી જેમ ક્ષણમાં ડી જાય છે અને ઘોર અંધારું થઈ જાય છે એવી રીતે યુવાની ચાલી જાય છે.

'**એટલા માટે આ મારું ગામ, આ મારું રાજ્ય, આ મારું ઘર, આ મારું ધન, આ મારું કુટુંબ, એવા વિકલ્પ કરવા તે જ મહામોહનો પ્રભાવ છે.**' એને (ફ ત) મોહ ન કીધો, મહામોહ એટલા માટે કીધો (કેમકે)

એમાં દર્શનમોહ છે. આ મારું... આ મારું... આ મારું... એવું જે પોતાપણું કર્યું એ દર્શનમોહથી કર્યું છે, કેમકે ત્યાં પોતે છે નહિ. ઘર-કુટુંબ, રાજ, ગામમાં કાંઈ પોતે તો છે નહિ. પોતાપણું કર્યું એ દર્શનમોહને લઈને કર્યું એટલે એને મહામોહ કીધો. દર્શનમોહ છે તે મહામોહ છે.

મોહ એટલે શું ? કે, વસ્તુ જેવી છે તેવી જોવા ન દ્યે. બીજી રીતે દેખાય. જેમકે એ બધી કોઈ ચીજ આત્માની નથી. આત્મા એમાં નથી, આત્મામાં એ કોઈ ચીજ નથી. છતાં જીવ ત્યાં પોતાપણું કરે છે. ભિન્ન ચીજને ભિન્ન ન જોઈ એ દર્શનમોહના કારણે. વસ્તુ જેવી છે એવી દર્શનમોહ જોવા દેતું નથી. પછી તો જે કોઈ ચીજને પ્રિય કરે છે (પણ) વસ્તુ કાંઈ પ્રિય નથી. અપ્રિય કરે છે (એ) વસ્તુ કોઈ અપ્રિય નથી. બન્ને પોતાની કલ્પના છે અને દર્શનમોહને લઈને એ કલ્પના કરે છે.

**'જે જે પદાર્થો આંખથી જોવામાં આવે છે, તે તે સમસ્ત નાશ પામશે, એની દેખવા–જાણવાવાળી ઇન્દ્રિયો છે તે અવશ્ય નાશ પામશે.'** પદાર્થો પણ નાશ પામશે એટલે એની પર્યાયો પલટાઈ જશે. જોવાવાળી ઇન્દ્રિયો – પાંચ ઇન્દ્રિયોના ખોખાં છે એ પણ નાશ પામવાના. **'તે માટે આત્માના હિત માટે જ ઉતાવળે ઉદ્યમ કરો.'** લ્યો, ઠીક ! આત્મહિત માટે ઉતાવળે એટલે ત્વરાથી ઉદ્યમ કરો. સમય ફાલતુ ગુમાવ્યા વિના જલદી ઝપટ કરો, આત્મહિત માટે ઝપટ કરો. કેમ એમ કીધું ? કેમકે સમય થોડો છે અને એ પણ અચોક્કસ છે. અનિત્ય છે, આયુષ્યનો સમય લાંબો નથી અને તે પણ અનિશ્ચિત છે, માટે ત્વરાથી પોતાનું કામ કરી લ્યો.

**'જેમ એક જહાજમાં અનેક દેશના અને અનેક જાતિના માણસો ભેગા થઈ બેસે છે,...'** એક જહાજમાં અથવા એક ટ્રેનમાં અનેક દેશના અને અનેક જાતના માણસો ભેગા થઈને બેસે છે. એમાં પણ ખાસ

કરીને જે પર્યટક સ્થાનો છે ત્યાં તો દેશદેશના માણસો આવે છે. એક જ ટ્રેનમાં, એક જ બસમાં બેસીને બધાં ભેગા આવે છે. કોઈ ક્યાંથી, કોઈ ક્યાંથી, કોઈ ક્યાંથી... જોવાલાયક સ્થળ હોય ને ? ત્યાં જોવા માટે દેશદેશાવરના – ભિન્ન ભિન્ન દેશોના માણસો આવે છે. '**પછી કિનારે જઈ...**' અનેક દેશોમાં પાછા ચાલ્યા જાય છે અથવા પોતપોતાના સ્ટેશન આવે ત્યારે પોતપોતાના ગામમાં સૌ ચાલ્યા જાય છે. આ ટ્રેનમાં જગ્યા માટે ઝઘડો થાય ત્યારે આ લેવાય છે, પણ સ્ટેશન આવશે ત્યારે એને કહેશું તોપણ બેસી નહિ રહે. અત્યારે જે જગ્યા માટે બેસવા માટે ઝઘડો કરે છે એ જ જગ્યા એને કહીએ કે, બેસોને તમે ! બેસી રહો ને ! તો કહે, નહિ ! મારું ગામ આવી ગયું. તમે કહો તોપણ હવે બેસવું નથી. એના માટે ઝઘડો કર્યો હતો, એને છોડવા ઉતાવળો થાશે. હજી ગાડી   ભી રહે ઈ પહેલાં તો બધું (પેક કરી) જાવાની તૈયારી કરવા મંડે. ત્યાં ઈ ગાડી છોડવા માટે રોતો નથી.   લટાંનો સ્ટેશન આવ્યા પહેલાં ગાડી ધીમી પડે ત્યાં છોડવા માટે ઉતાવળ કરે છે. મારે જાવું છે, મારું ગામ આવી ગયું અને મારે જાવું છે. અહીંયાં પકડ કરી છે તો છોડવાના ટાણે ખબર પડે તો બેશુદ્ધ થઈ જાય છે. મોટાભાગના મનુષ્યો બેશુદ્ધ અવસ્થામાં દેહ છોડે છે, કારણ (કે) એને છોડવું ગમતું નથી. ગાડીમાં ઉતાવળ કરે છે, તૈયારી કરે છે.

મુમુક્ષુ :– તીવ્ર મોહ છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, તીવ્ર પકડ છે. Conceptનો જ ફરક છે, બીજું શું છે ? ત્યાં Concept એમ છે કે, હવે મારે અહીંયાં રહેવું જોઈએ નહિ. અહીંયાં એમ કહે છે કે, મારે હજી રહેવું છે. કુદરત કહે છે કે, જો ભાઈ ! તારું સ્ટેશન આવી ગયું, તારે હવે જાવું જોઈએ. તો કહે, ના ! મારે રહેવું છે. રહેવું હોય તો નહિ રહેવાય. તો એના માટે દુઃખી થાય છે. રહેવું છે અને રહેવા દેતા નથી એનું

દુ:ખ થાય છે.

**'તેમ કુળરૂપ જહાજમાં અનેક ગતિથી આવેલા પ્રાણી ભેગા થઈ વસે છે.'** કોઈ એક જગ્યાએથી બધાં નથી આવ્યા. કોઈ ક્યાંયથી... કોઈ ક્યાંયથી... કોઈ ક્યાંયથી... કોઈ ક્યાંયથી... જેનો કોઈ પત્તો નથી. જુદાં જુદાં ઠેકાણેથી બધાં આવીને વસે છે.

મુમુક્ષુ :– અમારું ગાંડપણ એવું છે કે અમને સમજાતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :– કાલે કોની સાથે વાત કરી હતી ? આની સાથે વાત કરી હતી ને ? તું જીવ છો ? તું (ફલાણો) છો ? તો કહે, નહિ. હું જીવ છું. તારા પપ્પા ? તો કહે, જીવ છે. પપ્પા નથી, જીવ છે. કોઈ ક્યાંથી આવ્યું હશે... કોઈ ક્યાંથી આવ્યું હશે... કોઈ ક્યાંથી આવ્યું હશે...

મુમુક્ષુ :– બધાંના સ્વભાવ અલગ અલગ છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ તો પ્રકૃતિ દરેકની જુદી જુદી હોય.

મુમુક્ષુ :– આપે 'ગુરુદેવશ્રી'ને કીધું હતું ને કે, આ ગાંડપણ તો (આપ જેવા) મહાપુરુષ સિવાય કોઈ છોડાવી શકે નહિ !

પૂજ્ય ભાઈશ્રી :– (હા !) **'પછી આયુષ્ય પૂરું થયે પોતપોતાના કર્માનુસાર ચારે ગતિમાં જઈ ઉત્પન્ન થાય છે;...'** અહીંયાં જેવું પૂરું થાય, એ આયુષ્ય દરમ્યાન જેવા ભાવો કર્યા છે એ પ્રકારના કર્મો બાંધ્યા છે એ ભોગવવા માટે ભિન્ન ભિન્ન ઠેકાણે, ભિન્ન ભિન્ન ગતિમાં ચાલ્યા જાય છે. એમાં કોઈ રોકી શકે એવું છે નહિ. એ કુદરતની વ્યવસ્થા છે. **'જે દેહથી સ્ત્રી, પુત્ર, મિત્ર, ભાઈ વગેરેની સાથે સંબંધ માની રાગી થઈ રહ્યો છે,...'** (એ બધાં) દેહના સંબંધી છે. એ બધાં સંબંધી કોના છે ? આત્માના કોઈ સંબંધી નથી. સંબંધ કલ્પે છે ત્યારે પોતે દેહસ્વરૂપે પોતાને માને છે. આત્મસ્વરૂપે માને – જીવસ્વરૂપે માને તો કોઈ સંબંધ નથી. સંબંધ વિનાની ચીજ છે, જીવ છે એ સંબંધ વિનાની ચીજ છે.

**'જે દેહથી સ્ત્રી, પુત્ર, મિત્ર, ભાઈ વગેરેની સાથે સંબંધ માની રાગી થઈ રહ્યો છે, તે દેહ અગ્નિથી ભસ્મ થશે,...'** એ શરીર તો રાખ થવાની છે. 'રજકણ તારા રખડશે જેમ રખડતી રેત.' શરીરની એ હાલત છે અને **'માટી સાથે મળી જશે તથા જીવ ખાશે તો વિષ્ટા અને કૃમિકલેવરરૂપ થશે.'** અથવા મડદાને કોઈ બીજા પ્રાણી ખાઈ જાય છે તો એનું કલેવર થાય અને વિષ્ટા થાય, બીજું શું થાય ? પરમાણુ પરમાણુની અવસ્થા બદલે છે. કોઈ એક પરમાણુનો નાશ થતો નથી. શરીરના પરમાણુઓમાંથી એકેય પરમાણુનો વિશ્વમાંથી નાશ નહિ થાય. એ પરમાણુઓ જુદી જુદી અવસ્થા, યોગ્યતા અનુસાર ધારણ કરી લેશે. જીવ બાંધેલા કર્મ અનુસાર ગતિ કરી લેશે. એમ કહીને એમ કહે છે કે, તું વિર  ત થઈ જા. તારો રાગ છોડ. એ રાગ તને દુઃખદાયક છે. વિર  ત થા તો તને દુઃખ નહિ થાય. સમજીને, જ્ઞાન કરીને વિર  ત થા તો તને દુઃખ નહિ થાય. એટલી વાત છે.

વાસ્તવિક પરિસ્થિતિ આ છે – કલ્પના દુઃખની ઉત્પાદક છે. કલ્પના એક વિપર્યાસ છે અને એનું ફળ દુઃખ આવે છે. કલ્પનાનું ફળ દુઃખ આવે છે. એટલે જીવનું સ્વરૂપ ઓળખવાની વાત છે, એની કલ્પના નહિ કરવી. એ વિપર્યાસ છે એ દુઃખનું ઉત્પાદક છે. અન્ય મતમાં જીવ સંબંધીની જે જે કલ્પનાઓ છે તે બધી વિપર્યાસ છે અને દુઃખનું ઉત્પાદક છે. અહીંયાં પણ જૈનમાં આવીને કલ્પના નહિ કરવી, ઓળખવાની વાત છે, પરખવાની વાત છે. નહીતર જીવ કલ્પનાએ ચડે.

મુમુક્ષુ :– કલ્પના કરે તો અન્યમત થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, કલ્પના કરે તો અન્યમત થઈ જાય, એટલે કલ્પનાએ ન ચડવું. તત્ત્વ અભ્યાસ કરીને પણ કલ્પનાએ ન ચડવું. એટલા માટે એક વાત સ્પષ્ટ કરવામાં આવે છે કે, જીવનું સ્વરૂપ મનાતીત છે. ઇન્દ્રિયાતીત અને મનાતીત અતીન્દ્રિય સ્વરૂપ

છે. મનથી એની કલ્પના ન કરવી. જ્ઞાનથી જ્ઞાનને સીધું જાણવું, વચ્ચે મનને રોકીને એની કલ્પના ન કરવી. એ ખાસ વાત કહેવામાં આવે છે.

**'એક એક પરમાણુ જમીન, આકાશમાં અનંત વિભાગરૂપે વીખરાઈ જશે; પછી ક્યાંથી મળશે ?'** શરીરના જે પરમાણુઓ છે (એ) કોઈ જમીનમાં, કોઈ આકાશમાં વીખરાઈ જવાના છે. **'તેથી એનો સંબંધ પાછો પ્રાપ્ત નહીં થાય એમ નિશ્ચય જાણો.'** એ પરમાણુનો ફરીને સંબંધ થાશે નહિ અને થશે તો પણ તને ખબર પડશે નહિ કે, આ ઈ ના ઈ પરમાણુ પાછા સંયોગમાં આવ્યા. એ નહિ ખબર પડે.

**'સ્ત્રી, પુત્ર, મિત્ર, કુટુંબાદિમાં મમતા કરી, ધર્મ બગાડવો તે મોટો અનર્થ છે.'** એમાં શું થાય છે કે, જીવ જેટલું પોતાપણું કરે છે એ પોતાના ધર્મને ખોવે છે અને એ મોટો અનર્થ છે. મોટો અનર્થ કેમ છે ? કેમકે પરિભ્રમણનું કારણ છે. પરમાં પોતાપણું કરવું તે જ પરિભ્રમણનું કારણ છે.

મુમુક્ષુ :– 'કૃપાળુદેવે' ૫૩૭ પત્રમાં લીધું ને...

પૂજ્ય ભાઈશ્રી :– હા. આ જીવે પિતા, પુત્ર આદિ ભાવકલ્પનાના હેતુથી પોતાનું માઠું કરવામાં મણા રાખી નથી. પાપ કોના માટે કરે છે ? મારા માન્યા છે એના માટે. નહિતર એકલાને જોઈએ કેટલું ? કુટુંબનો બોજો ઉપાડીને પરિણામ બગાડવામાં બાકી રાખતો નથી. બધા દુઃખનું કારણ એ જ છે. જે કુટુંબમાં પોતાપણું કરવું એ સંસારમાં ફરજ અને ધર્મ ગણાય છે, પરમાર્થમાર્ગમાં એ અધોગતિના પરિણામો ગણવામાં આવે છે. એટલે એમ કહે છે કે, તું અંદરથી વિર ત રહેજે. બહારથી વ્યવહાર કરવો પડે એ બીજી (વાત છે), અંદરથી વેગળો રહેજે.

જેમ નોકર છે ઈ કામ કરે. પ્રવૃત્તિ કરતો દેખાય પણ અંદરથી મારે કાંઈ લેવા કે દેવા. પગાર લઉં છું એટલે મારે કામ દેવું પડે.

એમ હું બધાંની સાથે રહું છું, બધાં અનુકૂળતા આપે છે એની સામે Service આપી દઉં, બાકી મારે કાંઈ લેવાદેવા નથી.

મુમુક્ષુ :– ઈ મારા છે ઈ કલ્પના મૂકી દેવાની.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ઈ મારાપણાની કલ્પના અધોગતિમાં લઈ જશે એમ કહે છે. નાનો અપરાધ નથી. મહામોહથી થયેલો મહાઅપરાધ છે એમ લેવું. જીવને ભયંકર પરિભ્રમણ પ્રાપ્ત કરાવશે. આ જેટલા જીવો પરિભ્રમણમાં ભ્રમણ કરે છે એ બધાય પોતાપણું કરી કરીને જ કરે છે, બીજું કાંઈ કારણ નથી. પોતાપણું કરે એટલે ભાવ ત્યાં ખેંચાય (અને) ભાવભ્રમણ  ભું થાય. ભાવભ્રમણ  ભું થાય એના ફળમાં દ્રવ્યભ્રમણ  ભું થાય જ. યથાર્થ વિચાર કરીને ભિન્નપણું જાણીને નીરસતા આવવી જોઈએ. ઈ વૈરાગ્ય યથાર્થ. નહિતર તો દ્વેષગર્ભિત વૈરાગ્ય આવે.

પ્રશ્ન :– દ્વેષગર્ભિત વૈરાગ્યને કેવી રીતે ઓળખવો ?

સમાધાન :– એ તો શું છે કે, એ જ પરિણામ પલટીને પાછો એમાં જ રાગ કરશે. એનું ક્યાં ઠેકાણું છે ?

મુમુક્ષુ :– દ્વેષગર્ભિત વૈરાગ્ય પ્રસંગોપાત હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પ્રસંગના આશ્રયે હોય છે.

શું કહે છે ? '**સ્ત્રી, પુત્ર, મિત્ર, કુટુંબાદિમાં મમતા કરી, ધર્મ બગાડવો...**' આત્માનો ધર્મ બગાડવો '**તે મોટો અનર્થ છે.**' મમતા કરે એટલે ધર્મ ન થાય. એ મોટો અધર્મ છે. ધર્મને ઉત્પન્ન થવા ન દ્યે, તે મહા અનર્થ છે. '**જે પુત્ર, સ્ત્રી, ભાઈ, મિત્ર, સ્વામી,...**' એટલે પતિ '**સેવકાદિ...**' નોકરાદિના '**એકઠાં થયેલ સુખથી જીવન ચાહો છો,...**' એ બધાંના સંયોગથી તમે જે જીવન ચાહો છો, જે સુખ ચાહો છો '**તે સમસ્ત કુટુંબ શરદકાળનાં વાદળાંની જેમ વીખરાઈ જશે.**'

'ગુરુદેવ' બહુ સરસ દૃષ્ટાંત આપતા હતા. એક માણસ હતો. કુટુંબમાં એકલો જ હતો. કોઈ સગા-સંબંધી નહોતા અને નિર્ધન હતો.

પરદેશ ગયો, ધન કમાણો, ત્યાં લગ્ન કર્યા, છોકરાઓ થયા, કુટુંબ થઈ ગયું અને ખુશી-ખુશી થઈ ગયો. (ત્યારબાદ) ટપોટપ બધાં એક પછી એક મરવા મંડ્યા. પાછો એકલો રહી ગયો અને ધન ચાલ્યું ગયું. એ વખતે સપનું આવીને ચાલ્યું ગયું એવી રીતે એને બધું થઈ ગયું. હું પૈસાવાળો થયો, મોટો કુટુંબવાળો થયો. વળી પાછી ઈ જ સ્થિતિમાં આવીને ભો રહ્યો. એમ જીવને કેટલાક સંયોગો ભેગા થાય છે, પાછા એ સંયોગો છૂટી જાય છે. શરદકાળના વાદળા એટલે ચોમાસાના વાદળા જેમ વીખરાઈ જાય એમ વીખરાઈ જશે.

**'આ સંબંધ આ વખતે દેખાય છે તે નહીં રહેશે, જરૂર વીખરાઈ જશે, એવો નિયમ જાણો.'** ચોક્કસ વીખરાઈ જશે. કોઈ સંયોગો શાશ્વત – કાયમ રહેતા જ નથી. એ વીખરાઈ જવાના તે વીખરાઈ જ જવાના. આપણે 'લંડન' ગયા ને ? ત્યાં ઘડીકમાં વાદળા ને ઘડીકમાં વરસાદ ને ઘડીકમાં તડકો. એક 'દીમાં કેટલી વાર એવું થાય. વાદળા આવતા પણ વાર નહિ અને વીખરાતા પણ વાર નહિ. First class તડકો હોય એમાં ખૂબ જ ઘનઘોર વાદળા થઈ જાય. આપણને એમ થાય કે કેટલોય વરસાદ વરસશે. ત્યાં પાછું બધું વીખરાઈને તડકો ચાલુ થઈ જાય કાં પાંચ-પંદર મિનિટ થોડો વરસી જાય. પાંચ-પંદર મિનિટ વરસે અને પાછો તડકો નીકળે. બદલાતા વાર નહિ. આ બધાં સંયોગોનું એવું જ છે, બદલાતા વાર નહિ લાગે.

**'જે રાજ્યના અર્થે અને જમીનના અર્થે તથા હાટ, હવેલી, મકાન તથા આજીવિકાને અર્થે હિંસા, અસત્ય, કપટ, છળમાં પ્રવૃત્તિ કરો છો, ભોળાઓને...'** નિર્દોષને **'ઠગો છો, પોતે જોરાવર થઈ નિર્બળને મારો છો, તે સમસ્ત પરિગ્રહનો સંબંધ તમારાથી જરૂર વિખૂટો પડશે.'** જેના માટે ધા-ઉધામા કરો છો એ બધું વીખરાઈ જવાનું છે. પહેલેથી વિચારી રાખે તો પરિણામ ચીકણાં ન થાય.

**'અલ્પ જીવવાના નિમિત્તે,...'** થોડા જીવન માટે **'નરક, તિર્યંચ**

**ગતિના અનંતકાળ પર્યંત અનંત દુઃખના સંતાન ન ગ્રહણ કરો.**' પોતે આગળ એક વચનામૃત લખ્યું છે – થોડા કાળના થોડા સુખ માટે અનંતકાળનું અનંત દુઃખ વહોરી લેવાનું કાર્ય વિવેકી પુરુષો કરતા નથી, વિવેકી જીવો નથી કરતા.

મુમુક્ષુ :– પાંચ-પચીસ વરસ જીવવું છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પાંચ-પચીસ વરસની સગવડ માટે, જીવન માટે તિર્યંચગતિના અનંતકાળ પર્યંતના અનંત દુઃખોની પરંપરાને, સંતાન એટલે પરંપરાને જીવ ગ્રહણ કરી લ્યે છે. અહીંયાં ભાન ભૂલ્યો પછી તિર્યંચગતિમાં વિવેક કરી શકે એવી બુદ્ધિ હોતી નથી.

'**એના સ્વામીપણાનું અભિમાન કરી અનેક ચાલ્યાં ગયાં,...**' એના સ્વામીપણાનું અભિમાન કરીને, સંયોગોનો માલિક થઈને અભિમાન કરીને અનેક ચાલ્યા ગયા. અભિમાન કરે ત્યારે (એમ જોવે કે) મારી પાસે આટલું, મારી પાસે આટલું. અહંભાવ કરી કરીને બધાં ચાલ્યા ગયા કહે છે, ઘણી સંપત્તિથી ઘણું અભિમાન કરવાવાળા પણ ચાલ્યા ગયા, બધું અહીંયાં પડ્યું રહ્યું. અભિમાન કર્યું (અને) અધોગતિમાં ગયો, પેલી ચીજ અહીંયાં પડી રહી. '**એના સ્વામીપણાનું અભિમાન કરી અનેક ચાલ્યાં ગયાં, અને અનેક પ્રત્યક્ષ ચાલ્યાં જતાં...**' જોવામાં આવે છે. જુઓ ! આ ચાલ્યો, આ ચાલ્યો, આ ચાલ્યો...

માણસ ગામડામાંથી દોરી-લોટો લઈને આવ્યો હોય. અહીંયાં આવ્યા પછી ધા-ઉધામા, સાચા-ખોટા કરીને કરોડપતિ થયો હોય એમાં ઓચિંતો ફૂ થઈ જાય. ઈ બધું જે ખોટા ભાવના નિમિત્તે ભેગું થયું (હોય), એનાથી નથી થતું, એ ભાવો તો નિમિત્ત પડે છે. આવવાનું હોય ઈ તો પૂર્વ પુણ્યના ઉદયે આવે છે. ઓચિંતો ચાલ્યો જાય, (ખોટા) ભાવ કરીને પોતાનું બગાડીને ગયો. કાંઈ કામમાં આવે નહિ.

મુમુક્ષુ :– ચક્રવર્તી મહારાજને પર્વત ઉપર લખવું હોય તો એને ભુંસાડવું પડે.

પૂજ્ય ભાઈશ્રી :– ભુંસાડવું પડે. એટલે ઈ લખે ત્યારે એને ભાન હોવું જોઈએ કે, આ પણ મારું કાયમ રહેવાનું નથી. નામ તેનો નાશ છે. (શું) ? નામ તેનો નાશ છે.

'**અનેક ચાલ્યાં ગયાં, અને અનેક પ્રત્યક્ષ ચાલ્યાં જતાં જુઓ છો, માટે હવે તો મમતા છોડી, અન્યાયનો પરિહાર કરી,...**' અવિવેકનો પરિહાર કરીને. અન્યાય એટલે પોતાને અન્યાય કરે છે, છે અવિવેક. પરિહાર એટલે નાશ કરવો. '**માટે હવે તો મમતા છોડી, અન્યાયનો પરિહાર...**' એટલે નાશ કરી '**પોતાના આત્માના કલ્યાણ થવાના કાર્યમાં પ્રવર્તન કરો.**' આ Total કાઢ્યો – સરવાળો માર્યો કે, આત્મકલ્યાણના કાર્યમાં પ્રવૃત્તિ કરો, મુખ્ય પ્રવૃત્તિ એ કરી નાખો. (બહારનું કામ) કરવું પડે છે પણ એ તો પ્રારબ્ધ અનુસાર થવાનું છે. પોતાની ઈચ્છા અનુસાર બનવાનું નથી. Priority change કરી નાખવી, આત્મકલ્યાણ મુખ્ય. કેમકે જીવન એના માટે મળ્યું છે, બીજા કામ માટે મળ્યું નથી અને ઈ પણ માંડ માંડ મળ્યું છે. મોટાભાગનાને તો એનું ભાન નથી. એટલે એમ ને એમ ચાલે છે. પછી તો પરિભ્રમણ સિવાય એનું ફળ શું આવે ? પણ જો બરાબર સમજ આવે તો પોતાના આત્મકલ્યાણની પ્રવૃત્તિમાં અવશ્ય લાગી જાય.

'**ભાઈ, મિત્ર, કુટુંબાદિક સાથે વસવું, તે જેમ ગ્રીષ્મ તુમાં ચાર માર્ગની વચમાં એક વૃક્ષની છાયા નીચે અનેક દેશના વટેમાર્ગુ વિશ્રામ લઈ પોતપોતાને ઠેકાણે જાય છે, તેમ કુલરૂપ વૃક્ષની છાયામાં રોકાયેલ, કર્મને અનુકૂળ અનેક ગતિમાં ચાલ્યા જાય છે.**' અથવા જેમ એક ધર્મશાળામાં, એક હોટલમાં જુદાં જુદાં દેશના માણસો આવીને થોડો ટાઈમ રહે અને પાછા ચાલ્યા જાય. આ થોડો ટાઈમ ભેગા થયા એમાં મમતા કરી લીધી. છૂટા પડવું એ તો નક્કી વાત છે, ચાલ્યા જશે.

'**જેનાથી પોતાની પ્રીતિ માનો છો તે પણ દરેક મતલબના છે.**'

સંસાર છે એ મતલબનો છે, જરાક વાંકું પડ્યું કે દ્વેષ આવી જશે. રાગ કરતો હશે એને દ્વેષ આવી જશે. મારું કીધું માનો નહિતર મને દ્વેષ આવ્યા વિના નહિ રહે, એના જેવું થયું. એ આત્મહિત કરી શકે નહિ. **'આંખના રાગ જેમ, ક્ષણ માત્રમાં પ્રીતનો રાગ નાશ પામે છે.'** જેના પ્રત્યે પ્રીતિ કરી છે એનો રાગ નાશ પામતા વાર લાગશે નહિ.

**'જેમ એક વૃક્ષ વિષે પક્ષી પૂર્વે સંકેત કર્યા વિના જ આવી વસે છે, તેમ કુટુંબના માણસો સંકેત કર્યા વિના કર્મને વશ ભેળા થઈ વીખરે છે.'** પોતપોતાના કર્મો ભોગવવા એક ઠેકાણે આવે છે અને પાછા વીખરાઈ જાય છે. કોઈ Notice આપતા નથી, આવવાની કે જવાની કોઈ Notice આપતા નથી. આ ચાલ્યા અમે ! અમારો ટાઇમ થઈ ગયો કે પડ્યા ! જાઓ ! **'એ સમસ્ત ધન, સંપદા, આજ્ઞા, ઐશ્વર્ય, રાજ્ય, ઇન્દ્રિયોના વિષયોની સામગ્રી જોતજોતામાં અવશ્ય વિયોગને પ્રાપ્ત થશે.'** વાતવાતમાં ચાલી જશે, વાર નહિ લાગે.

**'જુવાની મધ્યાહ્નની છાયા પેઠે ઢળી જશે, સ્થિર નહીં રહેશે.'** એ પણ જતાં વાર લાગશે નહિ. **'ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્રાદિક તો અસ્ત થઈ પાછા ગે છે, અને હેમંત વસંતાદિક તુઓ પણ જઈ જઈ પાછી આવે છે, પરંતુ ગયેલ ઇન્દ્રિયો,...'** ગયેલ **'યૌવન,..'** ગયેલ **'આયુ,...'** ગયેલ **'કાયાદિક પાછાં નથી આવતાં.'** ઈ ગયા ઈ ગયા. એ કાંઈ પાછું આવતું નથી. **'જેમ પર્વતથી પડતી નદીના તરંગ રોકાયા વિના ચાલ્યા જાય છે, તેમ આયુષ્ય ક્ષણક્ષણમાં રોકાયા વિના વ્યતીત થાય છે.'** એ તો પાણીનું પુર જ છે. પાણીનું જ દૃષ્ટાંત આપ્યું છે. પુરને કોઈ રોકી શકે નહિ એમ કાળને અને આયુષ્યને કોઈ રોકી શકે નહિ. કાળને જતા વાર નથી લાગતી. 'Time and tides waits for none.'

**'જે દેહને આધીન જીવવું છે, તે દેહને જર્જરિત કરનારું ઘડપણ સમય સમય આવે છે.'** દરેક સમયે જીવ ઘડપણની નજીક જાય છે.

એને પણ કોઈ રોકી શકે ? કોઈ એમ કહે કે મારે મોટા નથી થવું, આટલા ને આટલા રહેવું છે. હવે મને પચીસ વરસ થયા હવે મારે છવ્વીસમું જોઈતું નથી. જીવ પ્રતિ સમય વૃદ્ધાવસ્થાની નજીક જાય જ છે. **'ઘડપણ કેવું છે કે જુવાનીરૂપ વૃક્ષને દગ્ધ કરવાને દાવાગ્નિ સમાન છે.'** દગ્ધ એટલે બાળવું. યુવાનીને બાળવા માટે અગ્નિ સમાન છે. **'તે ભાગ્યરૂપ પુષ્પો (મોર)ને નાશ કરનાર ધૂમસની વૃષ્ટિ છે.'** બહુ ધૂમસ થાય ત્યારે ફૂલ છે એનો નાશ થઈ જાય. બહુ ધૂમસ પડે તો ફૂલ છે ઈ બધા ખરી જાય. એવી રીતે એ ઘડપણ છે એ (યુવાનીનો) નાશ કરનાર છે.

**'સ્ત્રીની પ્રીતિરૂપ હરણીને વ્યાઘ્ર સમાન છે.'** જે ઘડપણ છે એ વાઘ જેવું છે. **'જ્ઞાનનેત્રને અંધ કરવા માટે ધૂળની વૃષ્ટિ સમાન છે.'** ધૂળનો વરસાદ વરસે (તો) માણસ આંધળો થઈ જાય, એના જેવું છે. **'તપરૂપ કમળના વનને હિમ સમાન છે.'** બરફ પડે તો કમળનું વન આખું સાફ થઈ જાય અને **'દીનતા ઉત્પન્ન કરવાની માતા છે.'** ઘડપણમાં માણસ દીન થઈ જાય, પરાશ્રય થઈ જાય છે ને ? અરે..રે...! હવે મારા હાથ-પગ ચાલતા નથી, હું કામ કરી શકું નહિ, બીજા મને કરીને દ્યે ત્યારે થાય (એમ) દીનતા આવી જાય છે. 'હું વૃદ્ધ થયો' એમાં દીનતા આવી જાય છે.

**'તિરસ્કાર વધારવા માટે ધાઈ સમાન છે.'** બધા એના ઉપર તિરસ્કાર કરે. પુણ્ય ખવાઈ જાય ને ? ઘરડો થાય એટલે પુણ્ય ખવાઈ જાય. બધા એને તિરસ્કારથી બોલાવે. વાતવાતમાં અપમાન કરે. એને એમ થાય કે, અરે..રે...! મને આમ કરે છે... અરે..રે...! મારી સાથે બધાં આમ કરે છે. પણ તું શરીર (નથી) તું આત્મા છો, તું જીવ છો એમ જો. ફલાણો ફલાણો છું એમ જોવું છોડી દે.

ઘડપણતા – વૃદ્ધાવસ્થા **'ઉત્સાહ ઘટાડવાને તિરસ્કાર જેવી છે. રૂપધનને ચોરવાવાળી છે. બળને નાશ કરવાવાળી છે. જંઘાબળ બગાડનારી**

**છે. આળસને વધારનારી છે.**' આળસ વધી જાય છે. '**સ્મૃતિનો નાશ કરનારી આ વૃદ્ધાવસ્થા છે.**' સ્મરણશક્તિ પણ ઘસાઈ જાય, કાંઈ યાદ ન રહે. વૃદ્ધાવસ્થા આવ્યા પહેલાં, સત્તરમાં વર્ષ પહેલાં આ બધું લખ્યું છે ! '**મોતનો મેળાપ કરાવનારી દૂતી એવી વૃદ્ધાવસ્થાને પ્રાપ્ત થવાથી પોતાના આત્મહિતનું વિસ્મરણ કરી, સ્થિર થઈ રહ્યા છો તે મોટો અનર્થ છે.**' એ રીતે વૃદ્ધાવસ્થાનું થોડું પ્રકરણ આમાં લખ્યું છે. કેમકે જીવનની અંદર વધારેમાં વધારે તકલીફ દેવાવાળી કોઈ વાત હોય તો વૃદ્ધાવસ્થા છે. અનેક રીતે પ્રતિકૂળતા આપે છે. મોટાભાગના મનુષ્યો Depressionમાં જીવે છે. વૃદ્ધાવસ્થામાં Depressionમાં જીવે છે. વૃદ્ધાશ્રમમાં જાઓ તો ખ્યાલ આવે કે સૌ પોતપોતાની કેવી કથા કરે છે, દીનતા કેવી હોય છે. છોકરાને મેં આમ કરેલું, એણે આમ કર્યું જે કુટુંબ માટે આમ કર્યું, એણે આમ કર્યું...

મુમુક્ષુ :– બધાને એમ જ હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :– નહિ, દીનતામાં આવી જાય છે. વૃદ્ધાવસ્થામાં જીવો દીનતામાં આવી જાય છે. આશ્વાસન ગોતે, એમ કહી કહીને આશ્વાસન ગોતે.

પછી પ્રકરણ બદલે છે '**વારંવાર મનુષ્યજન્માદિક નહીં મળે !**' એમ કરીને. અહીં સુધી વૃદ્ધાવસ્થાનું લીધું છે. પહેલી અનિત્ય ભાવના છે ને એટલે.

અહીં સુધી રાખીએ.

## તા. ૦૮-૧૨-૧૯૯૬, પ્રવચન નં. ૪
## અનિત્ય ભાવના

('શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત) બાર ભાવનામાંથી અનિત્ય ભાવનાનું સ્વરૂપ ચાલે છે. આ 'રત્નકરંડ શ્રાવકાચાર'નો અનુવાદ છે. બાર ભાવના અનેક આચાર્યોએ અને અનેક જ્ઞાનીઓએ ભાવી છે. વૈરાગ્યને ઉત્પન્ન કરનારી ભાવના છે, ઉદાસીનતાને ઉત્પન્ન કરે છે અને ઉદાસીનતા વિના અધ્યાત્મ જન્મ પામતું નથી. છેવટનો આશય તો સ્વરૂપનો આશ્રય લેવાનો છે. જ્યાં સુધી રાગરસથી પરિણામો ચાલતા હોય છે ત્યાં સુધી સ્વરૂપના આશ્રય માટે પરિણામ પાછા વળીને અંતર્મુખ ન થઈ શકે. એટલે ઉદાસીનતા આવવી એ જરૂરી છે અને મુમુક્ષુની ભૂમિકાનો પ્રારંભ પણ ઉદાસીનતાથી જ છે. પરિભ્રમણની વેદના આવે છે એમાંથી યથાર્થ પ્રકારે ઉદાસીનતા (આવે છે). બાકી અયથાર્થ પ્રકારે વૈરાગ્ય તો અન્યમતિઓને અને જૈનમતિઓને પણ આવે છે.

પ્રશ્ન :– અયથાર્થ અને યથાર્થતામાં શું ફેર છે ?

સમાધાન :– જે યથાર્થ વૈરાગ્ય આવે છે એ જ્ઞાનીના માર્ગે ચાલનારને આવે છે. અયથાર્થ પ્રકારે આવે છે એ પોતાની મતિકલ્પનાથી ચાલનારને આવે છે. જિનદીક્ષા લ્યે છે એ વૈરાગ્યથી લ્યે છે અને અન્યમતમાં પણ ત્યાગી થાય છે એ તો વૈરાગ્યને હિસાબે

ત્યાગી થાય છે. ત્યાં અમુક અંશે હોય કે સંપૂર્ણ ત્યાગ હોય એમાં બહુભાગ વૈરાગ્ય સાથે છે, કોઈ અપવાદને બાદ કરતાં.

વૈરાગ્યમાં પણ યથાર્થ વૈરાગ્ય એ તો મોક્ષમાર્ગીને જ્ઞાનદશામાં હોય છે જેને જ્ઞાનસહિતનો વૈરાગ્ય કહેવાય છે. મુમુક્ષુને જ્ઞાનદશા નથી, મુમુક્ષુને આત્મકલ્યાણની ભાવનાથી જે ઉન્નતિ-ક્રમ છે – આત્મઉન્નતિનો ક્રમ છે એમાં પ્રત્યેક ક્રમમાં – પ્રત્યેક Stageમાં વૈરાગ્યની ઉત્પત્તિ થાય છે અને વૈરાગ્ય વર્ધમાન પણ થતો જાય છે, વધતો પણ જાય છે.

પ્રશ્ન :– ભાઈશ્રી ! વૈરાગ્ય સાથે રુચિ પણ હોય ?

સમાધાન :– આત્મકલ્યાણની રુચિ, આત્મરુચિ હોય છે, યથાર્થ વૈરાગ્યમાં આત્મરુચિ હોય છે. એ એની Positive side છે.

મુમુક્ષુ :– મુમુક્ષુદશામાં વૈરાગ્ય જે છે...

પૂજ્ય ભાઈશ્રી :– એ આત્મરુચિ સહિત હોય તો તે યથાર્થ છે. એ એનું બીજું પડખું છે. એ વૈરાગ્યમાં બાર ભાવના કોઈને કોઈ પ્રકારે વર્તતી હોય છે. બાર પ્રકારમાંથી કોઈને કોઈ, કોઈને કોઈ ભાવના વર્તતી હોય છે. એમાંથી સૌથી પહેલાં અનિત્ય ભાવનાનો થોડો વિષય કાલે આપણે ચાલી ગયો છે.

એમાં સૌથી પહેલાં શરીરનું અનિત્યપણું (લીધું), પછી કુટુંબ-પરિવારનું અનિત્યપણું લીધું. પછી વૃદ્ધાવસ્થાનો વિષય લીધો. એ વૃદ્ધાવસ્થાનો વિષય પૂરો કર્યા પછી એમ કહે છે કે, '**વારંવાર મનુષ્યજન્માદિક સામગ્રી નહીં મળે.**' વારંવાર મનુષ્યભવ નહિ મળે, વારંવાર જૈનકુળ નહિ મળે, વારંવાર સન્માર્ગનો યોગ થાય એવા સંયોગો પણ નહિ મળે. દેવ-ગુરુ-શાસ્ત્ર, સત્પુરુષ, સત્સંગ આદિ યોગ છે એવા સંયોગ પણ વારંવાર નહિ મળે. એ દુર્લભ છે.

'**વારંવાર મનુષ્યજન્માદિક...**' 'આદિક'માં એ બધાં લઈ લેવા. એવી સામગ્રી નહિ મળે. '**જે જે નેત્રાદિક ઇંદ્રિયોનું તેજ છે તે ક્ષણક્ષણમાં**

**નાશ થાય છે.**' જે જે ઇન્દ્રિયોનું તેજ છે, ચક્ષુ છે એ વાંચનના કામમાં આવે છે અને કાન છે એ શ્રવણના કામમાં આવે છે, મન છે એ વિચારવાના કામમાં આવે છે. બાકી તો બીજી ઇન્દ્રિયોનો પરમાર્થે કોઈ ઉપયોગ નથી. **'જે જે નેત્રાદિક ઇંદ્રિયોનું તેજ છે તે ક્ષણક્ષણમાં નાશ થાય છે.**' ગમે ત્યારે કોઈપણ ક્ષણે નાશ થઈ જાય.

**'સમસ્ત સંયોગ વિયોગરૂપ જાણો.**' જેટલા કોઈ સંયોગો છે એ બધાં વિયોગરૂપે જાણો, પહેલેથી જ એનો વિયોગ ચિંતવી લ્યો. કોઈ સંયોગ હંમેશાં રહેવાના છે એવું કદી નહિ બને. પહેલેથી એનો વિયોગ ધારી રાખ્યો હશે અથવા Expected હશે તો વિયોગ વખતે એટલું Reaction નહિ આવે. નહિતર આવ્યા વિના રહેશે નહિ. **'સમસ્ત સંયોગ વિયોગરૂપ જાણો.**'

**'એ ઇંદ્રિયોના વિષયમાં રાગ કરી, કોણ કોણ નાશ નથી થયા ?**' એની તો જુદી જુદી કથાઓ શાસ્ત્રોમાં આવે છે. જેમકે ચક્ષુ ઇન્દ્રિયથી આ પતંગિયા વગેરે નાશ પામે છે એવી રીતે કોણ કોણ નાશ નથી પામ્યા ? **'આ બધા વિષયો પણ નાશ પામી જશે,...**' જે બધા સંયોગરૂપ છે **'અને ઇંદ્રિયો પણ નાશ થઈ જવાની.**'

**'કોને અર્થે આત્મહિત છોડી ઘોર પાપરૂપ માઠું ધ્યાન કરો છો ?**' આત્માના હિતને મૂકી દઈને કોને માટે આ કરો છો ? એમ કહે છે. જે સંસારમાં રચ્યાપચ્યા રહે છે એ એકલા પાપના પોટલાં બાંધે છે. આત્મકલ્યાણને છોડીને જે કોઈ સાંસારિક પ્રવૃત્તિઓ છે (એ) બધી પાપના બંધનને કરે છે, કોને માટે કરો છો ? એમ કહે છે. મનુષ્ય આખી જિંદગી સાંસારિક પ્રવૃત્તિ કરીને અને અંતે મૃત્યુને શરણ થાય છે એમાં શું વિવેક છે ? એમાં કોઈ વિવેક નથી.

**'વિષયોમાં રાગ કરી વધારે વધારે લીન થઈ રહ્યા છો ? બધા વિષયો તમારા હૃદયમાં બળતરા ઉપજાવી વિનાશ પામશે.**' જેટલો જેટલો રાગ કરો છો, રાગરસ વધે છે એટલી એટલી આકુળતા પણ સાથે

સાથે વધે છે. એ આકુળતા કહો કે તીવ્ર બળતરા કહો કે દાહ કહો એક જ વાત છે.

**'આ શરીરને રોગે કરીને હંમેશાં વ્યાપ્ત જાણ.'** શરીરમાં તો કાંઈને કાંઈ રોગ થયા કરે છે. સંપૂર્ણ નિરોગી તો અપવાદ ખાતર કોઈક હશે બાકી કાંઈને કાંઈ, કાંઈને કાંઈ કોઈને ચાલતું જ હોય છે. તો જે શરીર ઉપર તીવ્ર રાગ છે એ તો રોગવાળું છે. રોગ એમાં વ્યાપેલો છે એમ જ જાણી લ્યો. એમ કહીને શરીરના રાગને ઉડાડવો છે, શરીર પ્રત્યેના રાગને ઉડાડવો છે.

મુમુક્ષુ :– ક્ષુધા અને તૃષાનો રોગ નિરંતર ચાલે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, લૌકિકમાં તો ક્ષુધા, તૃષાને રોગ ગણતા નથી. શાસ્ત્રમાં પારમાર્થિક પ્રકરણમાં ક્ષુધા, તૃષા પણ રોગ છે, વૃદ્ધાઅવસ્થા પણ રોગ છે, એને જરારોગ કહે છે – વૃદ્ધાવસ્થાને જરારોગ કહે છે.

મુમુક્ષુ :– એક દિવસ જમે નહિ તો બીજા દિવસે શરીર હલે નહિ એવી સ્થિતિ છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા ! એ તો શું છે કે, અનાજનું ઢીંગલું છે. અનાજ ખાય છે તો આ ઢીંગલું ચાલે છે. એક 'દી નહિ ખાય તો કરમાય જાય.

**'આ શરીરને રોગે કરીને હંમેશાં વ્યાપ્ત...'** વ્યાપ્ત એટલે વ્યાપેલું જાણો. એટલે એની મુખ્યતા છોડી દ્યો. એમ કહીને એમ કહેવું છે કે, શરીરની મુખ્યતા છોડી દ્યો, ગૌણ કરી નાખો, શરીરને ગૌણ કરી નાખો. શરીરની મુખ્યતામાં સંસાર વધાર્યો છે. (હવે) આત્માની મુખ્યતા કરીને એને ગૌણ કરી નાખો એમ કહેવું છે.

**'જીવને મરણથી ઘેરાયેલો જાણ.'** અને મરણ સમીપ છે. ઘેરાયને જ ભું છે, ગમે ત્યારે તરાપ મારશે ! એમ જાણી લેવું. હજી મને કાંઈ વાંધો નથી એવા ધોખામાં રહેવા જેવું નથી. આજુબાજુના પ્રસંગો

બને છે એ એ વાતની સાબિતી કરે છે (કે), ગમે ત્યારે માણસ મરણને શરણ થઈ જાય છે.

આજે જે પેલા (એક મુમુક્ષુભાઈનું) આવ્યું ને ? 'કાનાતળાવવાળા' ! Heart fail થઈ ગયું. આમ તો હમણાં સમાધિદિવસ ઉપર 'સોનગઢ' આવ્યા હતા. હજી અઠવાડિયા પહેલાં જ (આવ્યા હતા) પછી 'કાનાતળાવ' ગયા હતા. સવારના પહોરમાં ચા-પાણી પીધા પછી કે પીધા પહેલાં ઓચિંતું Heart fail થઈ ગયું. એ તો ગમે ત્યારે પ્રાણ પલકમાં જાય છે. સવારે મંદિરમાં (એક ભાઈએ) વાત કરી હતી. (એ રીતે) '**જીવને મરણથી ઘેરાયેલો જાણ.**' મરણ દૂર છે એમ ન જાણ, હજી મને વાંધો નથી એમ ન જાણ. ભલે કોઈપણ ઉંમર હોય, ઉંમર સાથે મૃત્યુને કાંઈ લેવાદેવા નથી.

'**ઐશ્વર્ય વિનાશની સન્મુખ જાણ.**' અને જેટલી કોઈ સંપત્તિ છે એ વિનાશની સન્મુખ જઈ રહી છે એમ જ જાણ. એનો નાશ તું ચિંતવી લે કે, એ ન હોય તો મારું આત્મસાધન હું કેવી રીતે કરીશ ? કેમકે એ છે એટલે એના આધારે મારે આત્મકલ્યાણ કરવું છે એવી આધારબુદ્ધિ રાખીને કોઈનું આત્મકલ્યાણ થયું નથી. ધર્મના ક્ષેત્રમાં નિવૃત્તિ લઈને આવનાર બહુભાગ ધર્મની ઇચ્છાવાળા આધારબુદ્ધિ છોડ્યા વિના ધર્મ કરે છે, ધર્મસાધન કરે છે. ધર્મ કરે છે એટલે ધર્મસાધન કરે છે. કે 'દી ધર્મ થાય ઈ કહો ? કોઈ દિવસ ધર્મ થાય જ નહિ. પહેલાં ધર્મ ન થાય એવી વ્યવસ્થા રાખે અને ધર્મ પામવા ઇચ્છે ! આનું નામ અજ્ઞાન, આનું નામ અજ્ઞાન. શરીર પ્રતિબંધ રાખીને આત્માનો ધર્મ પામવો હોય (તો) એ બનવાનું નથી, બની શકે નહિ. જીવનો પુરુષાર્થ જ ન પડે. પછી એમ દલીલ કરે કે, બધું સમજાય છે પણ પુરુષાર્થ ચાલતો નથી, પણ ચાલે ક્યાંથી ?

મુમુક્ષુ :– માથું સલવાયેલું છે.

પૂજ્ય ભાઈશ્રી :– માથું સલવાયેલું છે, અમસ્તા તરફડિયા મારે.

પાણીની નીચે ભેખડ હોય, નદીમાં પણ એવું બને છે. કૂવામાં હોય, નદીમાં હોય. ભેખડ એટલે પથ્થર હોય છે એમાં નીચે પોલાણ હોય છે. ઉપર પથ્થર દેખાય, નીચે તળિયામાં પોલાણ છે. હવે કોઈ આમ ડાઈ લગાવીને પાણીમાં જાય છે તો માથું નીચે અને પગ ઉપર છે. એમાં નીચે (પોલાણમાં) માથું ઘૂસી જાય છે અને ફસાઈ જાય છે. હવે માથું નીકળતું નથી, હાથ-પગ ગમે તેટલા હલાવે (તો) શું કરે ? માથું તો ફસાઈ ગયું છે, હાથ-પગ હલાવવાથી કાંઈ બહાર તો નીકળશે નહિ, છૂટશે નહિ. એમ પ્રતિબંધમાં માથું તો ફસાઈ ગયું છે. શરીર પ્રતિબંધ, કુટુંબ પ્રતિબંધ, સંયોગ પ્રતિબંધ(માં માથું ફસાઈ ગયું છે).

મુમુક્ષુ :– પછી હું જ્ઞાયક છું... જ્ઞાયક છું... વિકલ્પ કરે તો શું થાય ?

પૂજ્ય ભાઈશ્રી :– હું જ્ઞાયક છું... જ્ઞાયક છું... કર્યા કરે. કોઈ ભિ ત-પૂજા કર્યા કરે, કોઈ વ્રતાદિ કર્યા કરે (પણ એ રીતે) આત્મહિત કદી થાય નહિ.

પ્રશ્ન :– સંયોગ પ્રતિબંધ એટલે ?

સમાધાન :– સંયોગ કહો કે સામગ્રી કહો, બધો પ્રતિબંધ જ છે ને ? એ સંયોગપ્રતિબંધમાં આવી જાય છે.

પ્રશ્ન :– સંયોગની અનુકૂળતા લાગે છે એ સંયોગપ્રતિબંધ જ છે ને ?

સમાધાન :– હા, અનુકૂળતા રહે તો મારા વિકલ્પ ઈ બાજુ ખેંચાય નહિ. પ્રતિકૂળતા ન રહે, મારી ઇચ્છા પ્રમાણે અનુકૂળતા રહ્યા કરે. આપણે બહુ નથી જોઈતું પણ હું થોડું ગોઠવું ઈ પ્રમાણે બધું રહ્યા કરે તો પછી મારા વિકલ્પ છે એ બહુ ખેંચાય નહિ, તો મારા પરિણામ આત્મામાં કામ કરે. બગડેલા (પરિણામ) પેક રાખે, વધારે ન બગડે એટલા માટે બગડેલા એમને એમ રાખે અને સુધારવા

મહેનત કરે ! એમ તો કાંઈ સુધરે નહિ. એને Conditional ધર્મ કરવો છે. ધર્મ છે એ અનંત સુખનું કારણ છે. અનંત સુખ Conditional જોઈએ છે. દુઃખના કારણ છોડ્યા વિના સુખ જોઈએ છે. એ કેવી રીતે બને ?

કોઈપણ હાલતમાં મારે મારું કામ ચાલુ રાખવું છે. સંયોગ-વિયોગની ગમે તે પરિસ્થિતિ હોય મારે મારું કામ હરહાલતમાં ચાલુ રાખવું છે. કોઈ શરત નહિ, મારું કામ કરવામાં મારે કોઈ શરત નહિ. આમ હોય તો હું કામ કરું નહિતર ન કરું, – એ વાત તારી ખોટી (છે). બહારમાં જ્યાં લાભ માન્યો છે ત્યાં ઘણો લાભ મળે તો કોઈપણ રીતે તૈયાર થાય કે ન થાય ? કે નથી થતો ? આ તો અનંતો લાભ છે. અનંતો લાભ જોઈએ અને એમાં શરત જોઈએ. બે વાત કેમ બને ? અથવા પોતાનું નિજ પરમેશ્વરપદ છે એની પ્રાપ્તિ કરવી છે, પણ શરત રાખવી છે !

મુમુક્ષુ :– શરત તો રાખવી પડે ને, સાહેબ ! માથે સત્પુરુષને રાખીએ એવી શરત ન હોય તો કેવી રીતે કામ થાય ? એવી શરત તો રાખવી પડે ને ? આ શરત તો રાખો !

પૂજ્ય ભાઈશ્રી :– અહીં ઈ શરતની વાત નથી. સંસારની અનુકૂળતાઓની બધી શરત રાખે છે. માથે સત્પુરુષ રાખે તો એ તો બધા પ્રતિબંધ છોડાવશે.

મુમુક્ષુ :– એ તો પાયાનો મુદ્દો છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો પ્રતિબંધ છોડાવવા માટે છે.

મુમુક્ષુ :– આધારબુદ્ધિ ઈ જ છોડાવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– આધારબુદ્ધિ, એકત્વબુદ્ધિ, સુખબુદ્ધિ, કર્તાબુદ્ધિ, ભો તાબુદ્ધિ એ બધું એ તો છોડાવે છે.

પ્રશ્ન :– ભાઈશ્રી ! અનુકૂળતાની સુખબુદ્ધિ પડી છે એ કેવી રીતે છૂટે ?

સમાધાન :– ન છૂટે તો કામ કેવી રીતે ચાલે ? એમાં શું રાખ્યું છે ?

મુમુક્ષુ :– સહેજે એવી દૃષ્ટિ થઈ જાય છે, ખબર પણ નથી પડતી.

પૂજ્ય ભાઈશ્રી :– અનુકૂળતા ન મળી તો આત્માને શું થઈ ગયું ? શું નુકસાન થઈ ગયું બતાવો ? અનુકૂળતા ન મળી તો આત્માને શું નુકસાન થઈ ગયું એ બતાવો ? અત્યાર સુધી ઘણી પ્રતિકૂળાઓ મળી છે. અનંતકાળમાં અનંત પ્રકારની વિધવિધ પ્રતિકૂળતાઓ ઘણી મળી છે, શું ચાલ્યું ગયું છે ? જુઓ ! પછી તેનું અવલંબન લઈને આત્મકાર્યને કેમ બગાડવું ?

**'આ સંયોગ છે તેનો નિયમથી વિયોગ થશે.'** ચોક્કસપણે એનો વિયોગ થશે. જેટલા સંયોગ છે એ બધાનો ચોક્કસપણે વિયોગ થશે, નક્કી (થશે). **'આ સમસ્ત વિષયો છે તે આત્માના સ્વરૂપને ભુલાવવાવાળા છે.'** આત્માના સ્વરૂપને ભુલાવવાવાળા છે એને પકડી રાખીને આત્માને પકડવો છે ! ઈ કેમ બને ? લટી વાત છે, એ સમજણ વગરની વાત છે. **'એમાં રાચી ત્રણલોક નાશ થઈ ગયું છે.'** અથવા થઈ રહ્યું છે. એમાં રાચનારા બધા ભાવમરણ અને દ્રવ્યમરણને કરી રહ્યા છે.

મુમુક્ષુ :– ઈ કરી રહ્યા છે અને ઈ મરી રહ્યા છે, એવું લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :– ત્રણલોકમાં અત્યાર સુધી પોતે પણ એમ જ કર્યું છે.

**'જે વિષયોના સેવવાથી સુખ ઇચ્છવું છે, તે જીવવાને અર્થે વિષ પીવું છે.'** અથવા તો દુઃખના માર્ગે જાવું છે અને સુખ લેવું છે એવી એ અવળી વાત છે અને અજ્ઞાનતાને કારણે જીવ અવળો ઉપાય કરે છે. ઝેર પીને જીવવું છે એમ લીધું ને ? ઝેર પીને જીવવું છે ! **'શીતળ**

**થવાને માટે અગ્નિમાં પ્રવેશ કરવા બરાબર છે.**' લટું કરે છે ને ? અવળું કામ (કરે છે). જોઈએ છે ઠંડી, પ્રવેશ કરે છે અગ્નિમાં ! '**મીઠાં ભોજનને માટે ઝેરના વૃક્ષને પાણી પાવું છે.**'

'**વિષય મહામોહ મદને ઉપજાવનાર છે, એનો રાગ છોડી આત્માનું કલ્યાણ કરવા યત્ન કરો.**' કેમકે એ આત્મકલ્યાણને આવવા દેતા નથી અથવા તો એની મુખ્યતામાં આત્મકલ્યાણ સૂઝતું નથી. '**અચાનક મરણ આવશે,...**' અનિત્યતામાં મરણની વાત અવારનવાર લ્યે છે. અચાનક આવશે અને ચોક્કસપણે (આવશે). '**પછી મનુષ્યજન્મ તેમ જ જિનેન્દ્રનો ધર્મ ગયા પછી મળવો અનંતકાળમાં દુર્લભ છે.**' આ મનુષ્યજન્મ જો મિથ્યાત્વ અવસ્થામાં પૂરો થઈ ગયો તો ફરીને મનુષ્યજન્મ અને આ જિનેન્દ્રનો ધર્મ (મળવો) એ તો ઘણું દુર્લભ છે, અનંતકાળે પણ મળવા દુર્લભ છે. થોડું છેટું નહિ પડે, અનંત કાળે પણ મળવા દુર્લભ છે.

મુમુક્ષુ :– અનુકૂળતાના ક્ષુદ્ર પ્રસંગમાં પોતે દેવ-ગુરુ-શાસ્ત્રની બલી ચઢાવી રહ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :– એમાં શું છે (કે) જીવ ઉપેક્ષા કરે છે. એટલે કુદરતની એ વ્યવસ્થા છે કે જેની ઉપેક્ષા કરી હોય એ તરત ન મળે, એમ.

મુમુક્ષુ :– દુર્લભતા છે એ પોતાના જ પરિણામનું ફળ છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પોતાના જ પરિણામનું ફળ છે. કેમકે પોતે ઉપેક્ષા કરી ને ? પોતે આજ્ઞામાં ન રહ્યો, આજ્ઞાધર્મમાં ન રહ્યો.

'**જેમ નદીનો પ્રવાહ નિરંતર ચાલ્યો જાય છે,...**' નદી ક્યારેય અટકે છે ? રાત ને દિવસ પ્રવાહ તો ચાલ્યો જાય છે. '**ફરી નહીં આવે,...**' જે પાણી ગયું તે ફરી નહિ આવે. જે પાણી દરિયામાં ગયું એ કાંઈ પાછું આવવાનું નથી. '**તેમ આયુષ્ય, કાયા, રૂપ, બળ, લાવણ્ય અને ઇંદ્રિયશક્તિ...**' અને આયુષ્યનો જે સમય ગયો, આયુષ્ય એટલે આયુષ્યનો સમય ગયો. ઈ ગયા પછી પાછા નહિ આવે. મરણને

શરણ થયો (એટલે) ઈ બધું ગયું, ઈ કાંઈ હવે પાછું આવે એવું નથી. ગમે તે દુઃખ લગાવે, અણગમો કરે, સંમત ન કરે, સમાધાન ન થાય, અસમાધાન રહે તોપણ (જે) ગયું એ કાંઈ પાછું ન આવે.

**'જે આ પ્યારાં માનેલાં સ્ત્રીપુત્રાદિક નજરે દેખાય છે...'** વ્હાલા લાગે છે, જે જે કુટુંબીજનો વ્હાલા લાગે છે, નજરે દેખાય છે અને વ્હાલા લાગે છે **'તેનો સંયોગ...'** રહેવાનો નથી. એ સંયોગ રહેવાનો નથી. જે વ્હાલાપણું, મીઠાશ વેદી છે એ દુઃખને ઉત્પન્ન કરશે. જેટલી મીઠાશ વધારે વેદી છે એટલું દુઃખ વધારે લાગશે. (માટે) અત્યારથી નક્કી કર (કે), એ રહેવાના નથી અને આ મીઠાશનું મીઠું ઝેર ખાવા જેવું નથી. **'તેનો સંયોગ નહીં રહેશે.'**

**'સ્વપ્નના સંયોગ સમાન જાણી, એના અર્થે અનીતિ પાપ છોડી, ઉતાવળે સંયમાદિક ધારણ કર.'** અથવા ધર્મ ગ્રહણ કર, ધર્મનું શરણ ગ્રહણ કર. 'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી, અનાથ એકાંત સનાથ થાશે...' સપનાની જેમ બધું પૂરું થઈ જશે. પચાસ-સો વરસનું આયુષ્ય સપનાની જેમ પૂરું થઈ જશે. જેમ જાગ્યા પછી સપનાની કોઈ ચીજ નથી હોતી એમ એ બધું જે ગયું તે બધું સપનાની જેમ ગયું. જેટલું આયુષ્ય ગયું એ બધું સપનાની જેમ ગયું.

**'સ્વપ્નના સંયોગ સમાન જાણી, એના અર્થે...'** એટલે કટુંબ-પરિવારને અર્થે **'અનીતિ પાપ છોડી, ઉતાવળે...'** એટલે ત્વરાથી **'સંયમાદિક ધારણ કર.'** એટલે પાપની પ્રવૃત્તિ છોડી અને આત્મહિતના કાર્યમાં તું લાગી જા. **'તે ઇંદ્રજાળની પેઠે લોકોને ભ્રમ ઉપજાવનારું છે.'** એ બધું કામનું છે એવો ભ્રમ છે, સુખનું કારણ છે એવો ભ્રમ છે અથવા એનો આધાર મળે છે એ ભ્રમ છે, બધો ભ્રમ છે.

**'આ સંસારમાં ધન, યૌવન, જીવન, સ્વજન, પરજન...'** બધામાં છેલ્લો 'ન' આવે છે. **'ધન, યૌવન, જીવન, સ્વજન, પરજન...'** એ બધાના

**'સમાગમમાં જીવ આંધળો થઈ રહ્યો છે.'** આંધળો થઈ રહ્યો છે એટલે શું ? કે, એને ક્યાંય આત્મહિત સૂઝતું નથી. ખોટી દિશામાં ચાલ્યો જાય છે. આ બધાના સંયોગ પાછળ પોતાના હિતથી અને આત્મિકસુખથી વિમુખ થઈ રહ્યો છે. સંયોગમાં સમય ગુમાવે છે.

**'તે ધનસંપદા ચક્રવર્તીઓને ત્યાં પણ સ્થિર રહી નહીં, તો બીજા પુણ્યહીનને ત્યાં કેમ સ્થિર રહેશે ?'** ચક્રવર્તી જે પુણ્યના ગંજ લઈને આવ્યા એને પણ એ લક્ષ્મી રહી નહિ, સંપદા રહી નહિ કે કુટુંબ-પરિવાર રહ્યા નહિ. 'શ્રીકૃષ્ણ'નો બહુ મોટો દાખલો છે. અર્ધચક્રી ! ત્રણ ખંડના ધણી ! અને સોનાની દ્વારકા ! 'ગુરુદેવ' વૈરાગ્ય કરતા. આપણે અહીંયાં પંચકલ્યાણકમાં Fire થઈ ને ? ત્યારે શ્રીકૃષ્ણને એ બહુ યાદ કરતા હતા. હજારો જિનમંદિરો ! પોતે જૈન હતા, આ તો અત્યારે લોકો વૈષ્ણવ માને છે. પોતે તો જૈન હતા, જ્ઞાનીપુરુષ થઈ ગયા. હજારો જિનમંદિરો ! સોળ હજાર એકસો આઠ રાણી હતી તો દરેકને (માટે) એક એક જિનમંદિર ! એક એક મહેલની પાસે આંગણાંમાં એક એક જિનમંદિર ! કોઈને Disturb ન થાય, સ્વતંત્ર ! લાખો પ્રતિમાઓ કોલસો થઈ ગઈ ! રાખ થઈ ગઈ ! નજર સામે જોઈ રહ્યા. છેવટે એમ થયું કે મા-બાપને બચાવી લઉં, ઈ પણ ન બચાવી શક્યા. (આગને) ઓલવવા જાય તો Double આગ લાગે. પાણીથી ઓલવવા જાય તો આગ Double થાય. કુદરતી આગ લાગેલી.

મુમુક્ષુ :– દિવ્યધ્વનિમાં વાત આવેલી કે, આગ લાગશે, કોઈ નહિ બચે.

પૂજ્ય ભાઈશ્રી :– કોઈ નહિ બચે. 'નેમિનાથ' ભગવાનનું સમવસરણ હતું. (છેલ્લે તો) પાણીની વ્યવસ્થા (પણ) ન રહી કે પાણીનું વાસણ સાથે લઈએ, તરસ લાગે તો પાણી પીવા થાય. રોટલા-પાણી, નાસ્તો-પાણી તો એક બાજુ રહ્યો. ખાવાની વ્યવસ્થા તો ન રહી, પાણી પીવાની વ્યવસ્થા નહોતી રહી ! બે ભાઈ એકલા રહી ગયા.

(ભાઈ) પાણી લેવા ગયા એમાં 'જરાસંઘે' બાણ માર્યું. એટલે એવા સમર્થ પુરુષને પણ, જ્યાં અઢળક લક્ષ્મી હોય, દૈવી સંપત્તિ હોય, એ લોકોને તો શું છે કે દેવો આવીને સંપત્તિ આપે છે. એ પણ નથી રહેતી તો અત્યારે અહીંયાં મજૂરી કરીને, પાપ કરીને કમાય એ કેટલાં 'દી રાખ્યું રહે ? **'બીજા પુણ્યહીનને ત્યાં કેમ સ્થિર રહેશે ?'**

**'યૌવન, વૃદ્ધાવસ્થાથી નાશ થશે. જીવવું મરણ સહિત છે.'** જીવવું એ મરણ સાથે જ છે. મરણની ગોદમાં પડ્યો પડ્યો જીવે છે ! ક્યાં પડ્યો છે ? મરણની ગોદમાં પડ્યો પડ્યો જીવે છે.

મુમુક્ષુ :– 'ગુરુદેવશ્રી' કહેતા ને કે, અનિત્યતાએ એને ગોદમાં લઈ લીધો છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, માતાને ત્યાં બાળક જન્મે છે, એ જન્મ્યા પછી પોતાની ગોદમાં લ્યે ઈ પહેલાં તો મરણની ગોદમાં ઈ જઈ પડેલો છે. અનિત્યતાની ગોદમાં જ એ પડેલો છે.

મુમુક્ષુ :– મરણનો ભય ચોવીસ કલાક રહે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, તો પછી એ ભય છે એને સન્માર્ગમાં લઈ જવો કે, જ્યારે ચોવીસ કલાક મરણનો ભય રહે છે તો મારે મારું કાર્ય શીઘ્રતાથી કરી લેવું જોઈએ, એમ.

**'સ્વજન પરજન વિયોગની સન્મુખ છે.'** જે કાંઈ કુટુંબીજનો છે, પરજન એટલે આડોશીપાડોશી, બીજા સંબંધીઓ એ બધા વિયોગની સન્મુખ છે. એનો આધાર પણ રાખવા જેવો નથી, એના આધારે જીવવા જેવું નથી. આધારબુદ્ધિ છોડાવે છે. **'શામાં સ્થિરબુદ્ધિ કરો છો ?'** જે અનિત્ય છે એમાં નિત્યબુદ્ધિ કરો છો ? નિત્યતાની બુદ્ધિ કરો છો ? શરીરના પરમાણુ એક સેકંડમાં દગો દ્યે. કાંઈ ન હોય, ઓચિંતો કફ થઈ જાય, લ્યો ! ઘડીકમાં ! એટલો થાય કે (એને) કાઢવા જાય ત્યાં પ્રાણ છૂટી જાય !! (કોઈ પૂછે) કેમ થયું ? (તો કહે) કફ ભરાય ગયો હતો, નીકળતો નહોતો (એટલે) શ્વાસ રુંધાય

ગયો, બસ ! વાત પૂરી થઈ ગઈ. શરીરના પરમાણુ કફમાં પલટતા વાર ન લાગે. અંદરને અંદર ફેરફાર ! ગમે એટલું સાચવે નહિ. સોનાની ભસ્મ ખાધી હોય, રાજા-મહારાજા, શ્રીમંત શેઠિયાઓ કિંમતીમાં કિંમતી ઔષધિઓ Preventive drugs તરીકે લ્યે. પરમાણુ ફરતા વાર લાગતી નથી. એકદમ અંદરના પરમાણુ ફરી જાય. આ બ્લડ કૅન્સર ને બીજું-ત્રીજું થાય છે એ પરમાણુ જ અંદર ફરે છે ને ? બીજું શું છે ? અંદરના પરમાણુ ફરી જાય છે, સ્વતંત્ર પલટે છે. એ પરમાણુના પરિણમનમાં જીવની પહોંચ છે કે કાંઈ હસ્તક્ષેપ કરે ? કાંઈ ન થાય. **'શામાં સ્થિરબુદ્ધિ કરો છો ?'**

**'આ દેહ છે તેને નિત્ય સ્નાન કરાવો છો, સુગંધ લગાડો છો, આભરણ વસ્ત્રાદિકથી ભૂષિત કરો છો, નાના પ્રકારનાં ભોજન કરાવો છો,...'** સારાસારા ભોજન ખવડાવો છો., સુગંધ લગાડો છો. **'નાના પ્રકારનાં ભોજન કરાવો છો, વારંવાર એના જ દાસપણામાં કાળ વ્યતીત કરો છો;...'** જીવ શરીરની નોકરી કરે છે એમ કહે છે. ત્રણલોકનો નાથ ગંધાતા એવા શરીરની નોકરી અને ચાકરી કરે છે. આને ઠીક રાખું... આને ઠીક રાખું... આને ઠીક રાખું... અમસ્તા કોઈ કહે કે, ભાઈ ! અમારે ત્યાં નોકરીએ આવવું છે ? તો કહે, શું વાત કરો છો ? કાંઈ સમજીને તો વાત કરો, એમ કહે. અને જડ પરમાણુની નોકરી કરે છે. જડ પરમાણુની નોકરી કરે છે.

એમ કરીને એમ કહે છે કે, બધું ગૌણ કરી નાખ. તને શરીરની મુખ્યતા છે એટલે શરીરની સેવાચાકરી કરે છો. આત્મકલ્યાણની મુખ્યતામાં એને ગૌણ કરી નાખ. આત્મકલ્યાણની મુખ્યતામાં એને ગૌણ કરી નાખ. જેમ તેમ પતાવી લેવું એમ કહે છે. નહાવું–ધોવું, બીજું-ત્રીજું જેમ-તેમ પતાવી લેવું, વેઠ ઉતારતા હોય તે રીતે. પરિણામ ચીકણા કરીને બહુ સારસંભાળ કરવી નહિ એમ કહે છે. જેટલા ચીકણા પરિણામથી સારસંભાળ કરી હશે એટલો આત્મહિતથી દૂર

ચાલ્યો જઈશ. તારા પરિણામ જેટલા ચીકણા થઈને શરીરની સારસંભાળમાં ચોંટશે એ આત્મામાં ચોંટાડવામાં ઈ આડું આવશે. ઈ પરિણામને આત્મામાં ચોંટાડવા હશે અને લગાડવા હશે તો ઈ આડું આવશે. કેમકે જેને જડનો રસ ચડે છે એને ચૈતન્યનો રસ ચડતો નથી. અરે...! ક્ષયોપશમનો રસ ચડે એને અધ્યાત્મરસ ન ચડે તો (જેને) શરીરનો અને જડનો રસ હોય એને આત્માનો રસ ચડે ક્યાંથી ? ચડે નહિ. શું કહે છે ?

**'આ દેહ છે તેને નિત્ય સ્નાન કરાવો છો, સુગંધ લગાડો છો, આભરણ વસ્ત્ર...'** આભરણ એટલે આભૂષણ. એનાથી વિભૂષિત કરો છો, શોભા કરો છો. **'નાના પ્રકારનાં ભોજન કરાવો છો,...'** અનેક પ્રકારનું સારું સારું ખાવાનું ખવડાવો છો. એ જોયું છે કે ઘણાને આવી જ રોટલી જોઈએ. કોઈ કહે કે, મારે કડક જોઈએ એટલે કડક જ જોઈએ, મને બીજી ન ફાવે. જો પરિણામ એટલા બધા ચોંટતા હોય ઈ કયા આશયે આત્મામાં આવે ? આંખ્યું વીંચીને ખાઈ લે ને ! એમ કહે છે. કેવી રીતે ખાવું ? આંખ્યું વીંચીને ખાઈ લેવું. એવી રીતે જે ઉદયપ્રસંગ હોય આંખ્યું વીંચી જા ! એટલું ગૌણ કર (કે) પરિણામ ચીકણા ન થાય.

**'વારંવાર એના દાસપણામાં કાળ વ્યતીત કરો છો; શય્યા, આસન, કામભોગ, નિદ્રા, શીતલ, ઉષ્ણ અનેક ઉપચારોથી એને પુષ્ટ કરો છો. એના રાગથી એવા અંધ થઈ ગયા છો કે ભક્ષ, અભક્ષ, યોગ્ય, અયોગ્ય, ન્યાય, અન્યાયના વિચારરહિત થઈ, આત્મધર્મ બગાડવો, યશનો વિનાશ કરવો, મરણ પામવું, નરકે જવું, નિગોદને વિષે વાસ કરવો, એ સમસ્ત નથી ગણતા.'** બધું અવગણીને આંખ્યું વીંચીને અજ્ઞાનના માર્ગે જીવ ચાલ્યો જાય છે. શરીર છે એ મુખ્ય આધાર છે, બધી પ્રવૃત્તિનો આધાર શરીર છે. એક શરીરને ગૌણ કરે એટલે શરીરપ્રતિબંધ મૂકી દ્યે તો આત્મકાર્યનો – આત્માના ધર્મનો રસ્તો મોકળો, ખૂલી જાય.

ત્રીજો પ્રતિબંધ એ લીધો છે. કુટુંબ પ્રતિબંધ છે એ પણ શરીર પ્રતિબંધને લઈને છે. 'શરીર તે હું' એ ભુલીને 'આત્મા તે હું' એમ લેવું જોઈએ. હું ફલાણો... ફલાણો એ શરીરવાળો ગણીને છે. બાકી તો જ્ઞાનમયી આત્મા છે. પોતે એક જીવ છે, આત્મા છે એ સિવાય કાંઈ નથી. બધા સંબંધો કલ્પિત છે, કેવળ કલ્પિત છે. છે જ નહિ ને, જીવને કોઈ સંબંધ જ નથી અને એ વાસ્તવિકતા આવીને ભી રહે છે. જ્યારે જીવ આયુષ્ય પૂરું કરે છે ત્યારે કયો સંબંધ રહે છે ? એક્કેય નથી રહેતો. એ વાસ્તવિકતા છે, વસ્તુસ્વરૂપની એ વાસ્તવિકતા છે. વાસ્તવિકતાની અવગણના કરે તો એથી કંઈ વાસ્તવિકતા બદલાઈ ન જાય. કાચને હીરો માને એટલે કાચનો હીરો થઈ જાય ? વાસ્તવિક છે એ વાસ્તવિક જ રહેવાનું છે. 'અંધ થઈ ગયા છો...' એટલે અજ્ઞાનથી અંધ થઈ ગયા છે.

'**રાગથી એવા અંધ થઈ ગયા છો કે, ભક્ષ, અભક્ષ,...**' જોતા નથી. '**યોગ્ય, અયોગ્ય,...**' જોતા નથી. '**ન્યાય, અન્યાય...**'નો વિચાર રહેતો નથી અને પોતાના આત્માનું બગાડે છે. '**યશનો વિનાશ કરવો,...**' એ માનપ્રકૃતિ સેવવાની વાત નથી. '**મરણ પામવું, નરકે જવું, નિગોદને વિષે વાસ કરવો,...**' એ બધાં એના ફળ છે. એ સમસ્ત અવગણીને જીવ શરીરને મુખ્ય કરે છે પણ '**આ શરીરનો જળથી ભરેલા કાચા ઘડાની પેઠે જલદી વિનાશ થશે.**' જેની પાછળ તું છો એ તો કાચા ઘડામાં પાણી ભરેલું છે એમ સમજી લે ! એને ઓગળી જતા, માટી થતા વાર લાગશે નહિ.

'**આ દેહનો ઉપકાર કૃતઘ્નના ઉપકારની પેઠે વિપરીત ફળશે.**' કૃતઘ્ન એટલે શું ? કે, જેના ઉપર ઉપકાર કર્યો હોય એ ઉપકારને ભુલી જાય અને અપકાર કરે ત્યારે એને કૃતઘ્ન કહેવામાં આવે છે. કરેલાને હણે, કરેલાને હણે. 'ઘ્ન' એટલે હણવું, 'કૃત' એટલે કરેલો. કરેલો હોય એને હણે. કોઈએ ઉપકાર કર્યો હોય એને હણે એને

કૃતઘ્ન નામ આપે. તો કહે છે, શરીર કેવું છે ? કે, કૃતઘ્ની છે. તું ગમે એટલો એનો ઉપકાર કર એ તો તને સરવાળે દગો દેવાનું છે.

મુમુક્ષુ :– શરીર શરીરનો સ્વભાવ છોડતું નથી...

પૂજ્ય ભાઈશ્રી :– તો તું તારો સ્વભાવ શું કરવા છોડે છે ? શરીર તો શરીરના સ્વભાવમાં રહેવાનું છે.

**'સર્પને દૂધ સાકરનું પાન કરાવવા સમાન પોતાને મહા દુઃખ, રોગ, લેશ, દુર્ધ્યાન, અસંયમ, કુમરણ અને નરકના કારણરૂપ શરીર ઉપરનો મોહ છે એમ નિશ્ચયપૂર્વક જાણો.'** શરીર ઉપરનો મોહ છે એ મહા દુઃખનું કારણ છે, રોગનું કારણ છે, લેશનું કારણ છે, આર્ત્ત-રૌદ્ર ધ્યાનનું કારણ છે, અસંયમનું કારણ છે, કુમરણ અને નરકાદિ ગતિનું કારણ છે. જેટલો શરીર ઉપરનો મોહ (છે) એમાં આ બધું થાશે. **'એમ નિશ્ચયપૂર્વક જાણો.'** ખરેખર એમ જાણો. નિશ્ચયપૂર્વક એટલે ચોક્કસ એમ જાણી લ્યો.

શરીરનો એક પરમાણુ જીવની આજ્ઞામાં રહે એવો નથી. ગમે એટલું સાચવવા માગે તો એ પરિણામથી એને નુકસાન છે, બાકી સાચવ્યું સચવાય એવું છે નહિ. જેટલો સાચવવાનો તીવ્ર પરિણામ કરે એટલી આત્માની સંભાળથી દૂર જાય. શરીરને સંભાળે તે આત્માને ન સંભાળી શકે. શરીરની સાવધાની જીવને આત્મામાં સાવધાન થવા ન દ્યે, એવી સ્થિતિ Automatic ભી થાય છે.

**'આ શરીરને જેમ જેમ વિષયાદિકથી પુષ્ટ કરશો,...'** ખાય-પીને. **'તેમ તેમ આત્માને નાશ કરવામાં સમર્થ થશે.'** ઠીક ! એટલે તમે દુશ્મનને તૈયાર કરો છો, એમ કહે છે. ઠીક ! અનેક રીતે બોધ આપે છે. તું શરીરનો મોહ છોડ, શરીરનો મોહ છોડ !! તને શરીરનો મોહ કેમ છે ? (કેમકે) મારું સ્વરૂપ છે એમ માન્યું છે. 'શરીર તે હું' એ મોહનું સ્વરૂપ છે. મોહનું સ્વરૂપ શું છે ? કે, શરીર તે હું. પણ પોતે કંઈ શરીર છે નહિ. એ મોહ છે એ આત્માનો દુશ્મન છે,

સૌથી મોટો દુશ્મન મોહ છે.

મુમુક્ષુ :– શરીરથી મોહ છૂટતો તો નથી.

પૂજ્ય ભાઈશ્રી :– છૂટતો નથી ને ? ઘણો દૃઢ કર્યો છે તો એવી રીતે તો કેમ છૂટશે ?

પ્રશ્ન :– શું કરવું ?

સમાધાન :– બસ, એનાથી જેટલો મોહ દૃઢ થઈ ગયો છે એનાથી અધિક દૃઢ ભાવના કરવી જોઈએ. આત્મકલ્યાણની ભાવના તીવ્ર, અતિ તીવ્ર કરવી જોઈએ.

મુમુક્ષુ :– વારંવાર મોહ થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– તોપણ લડવાનું છે. પરિસ્થિતિ મોહવાળી છે એમાં કોઈ બેમત નથી. પરંતુ જેને એક લક્ષથી, એક ધ્યેયથી, એક લયથી આત્મકલ્યાણ કરવું છે એ કરી શકે છે અને તે મોહને તોડી શકે છે. એવું નથી કે મોહને ન તોડી શકે, તોડી શકે છે. માટે નિરાશ નથી થવાનું, નિરાશ થવાનું નથી.

**'એક દિવસ ખોરાક નહીં આપશો તો બહુ દુઃખ દેશે.'** એક દિવસ પણ જો ખોરાક નહિ આપ્યો હોય તો વેદના ચાલુ થશે. **'જે જે શરીરમાં રાગી થયા છે, તે તે સંસારમાં નાશ થઈ, આત્મકાર્ય બગાડી અનંતાનંત કાળ નરક, નિગોદમાં ભમે છે.'** આ પરિભ્રમણ લીધું. જે જે શરીરના રાગી થયા છે ઈ બધાય સંસારી પરિભ્રમણ કરે છે. જીવને નવો નવો દેહ કેમ મળે છે ? કે, અહીં દેહનો અનુરાગ કર્યો છે માટે. દેહનો રાગ કર્યો છે તેથી દેહ મળે છે. જેવી મતિ એવી ગતિ, જેવી ભાવના એવું ફળ.

આત્મા સ્વરૂપે અશરીરી, સ્વભાવે અશરીરી (છે) એ આત્મા શરીરનો રાગ કરી અને નવા નવા શરીર ધારણ કરે છે. અજ્ઞાન કેમ કહ્યું ? શરીર તો એને બંધન છે અને જેલ છે, કેદખાનું છે. એ કેદખાના ઉપર રાગ કરે છે, બીજા કેદખાનામાં જવા માટે, ઠીક !

જીવની આવી મૂઢતા છે. કેવી મૂઢતા છે ? આવી મૂઢતા છે.

મુમુક્ષુ :– બીજા દેહ તો પાછા કેવા ચિત્રવિચિત્ર હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, આ જુઓને કાનખજૂરાનું શરીર જુઓ, સર્પના શરીર જુઓ, બીજા પ્રાણીના શરીર જુઓ, ચિત્રવિચિત્ર કેવા છે ! ઈ શરીરના રાગી થઈ થઈને એવા એવા શરીર ધારણ કર્યા.

મુમુક્ષુ :– 'રત્નકરંડશ્રાવકાચાર'માં નારકીના શરીરનું વર્ણન કરે છે. એ જોવા ભો ન રહે, એનું સપનું આવી જાય ને તો માણસ મરી જાય. એટલો ભયાનક હોય છે નારકીનો દેહ !

પૂજ્ય ભાઈશ્રી :– Heart fail થઈ જાય, બરાબર છે.

**'જેમણે આ શરીરને તપસંયમમાં લગાડી કૃશ કર્યું તેઓએ પોતાનું હિત કર્યું છે.'** અથવા જેણે શરીરને ગૌણ કર્યું છે તે હિત સાધી શક્યા છે. શરીરની મુખ્યતામાં કોઈ આત્મહિત સાધી શકે નહિ. **'આ ઇંન્દ્રિયો છે, તે જેમ વિષયોને ભોગવે છે તેમ તૃષ્ણા વધારે છે; જેમ અગ્નિ બળતણાથી તૃપ્ત થતી નથી, તેમ ઇંદ્રિયો વિષયોથી તૃપ્ત થતી નથી. એક એક ઇંદ્રિયની વિષયની વાંછના કરી મોટા મોટા ચક્રવર્તી રાજા ભ્રષ્ટ થઈ નરકે જઈ પહોંચ્યા છે, તો બીજાનું તે શું કહેવું ?'** ઈ તો બધા પાપાનુબંધી પુણ્ય છે (એટલે) રાજાઓ થાય, પાંચે ઇન્દ્રિયના વિષયો ખૂબ મળે (પછી ભોગવીને) અધોગતિમાં જાય છે.

**'એ ઇંદ્રિયોને દુઃખદાયી, પરાધીન કરનારી, નરકમાં પહોંચાડનારી જાણી, તે ઇંદ્રિયોનો રાગ છોડી, એને વશ કરો.'** આખરે તો વાત પરિણામની છે. પછી એને અવલંબે છે – પરિણામ ઇન્દ્રિયોને અવલંબે છે એટલે ઇન્દ્રિયોથી વાત કરે છે (બાકી) વાત તો પોતાના પરિણામની છે. જે જે ઇન્દ્રિયાધીન પરિણામ છે એ પરિણામને સમ્યક્પ્રકારે વશ કરવા જોઈએ. સમ્યક્ પ્રકારે એના ઉપર વિજય મેળવવો જોઈએ. સમ્યક્ પ્રકારે ! બાકી તો દમન તો ઘણા કરે છે પણ એથી કાંઈ કોઈ કાયમી – Permanent solution ન આવે. યથાર્થ પ્રકારે (થવું

જોઈએ).

પ્રશ્ન :– સમ્યક્ પ્રકારે એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :– સમ્યક્ પ્રકારે એટલે આત્માભિમુખ થઈને. આત્માભિમુખ ન થાય તો એનું ઉપશમન ન થાય, દમન થઈ જાય. રોગ તો અંદર રહી જાય, સડો અંદર રહી જાય – એમ તો નહિ થવું જોઈએ. સમ્યક્ પ્રકારે એટલે યથાર્થ પ્રકારે આત્માભિમુખ થઈને એ પરિણામોનો અભાવ કરવો જોઈએ, મૂળમાંથી ક્ષય કરવો જોઈએ. આત્માનો જે સ્વભાવ છે એ વિભાવનો ક્ષયકરણશીલ છે. 'રાજમલજી'એ 'કળશટીકા'માં લીધું છે (કે), વિભાવનો ક્ષયકરણશીલ છે (અર્થાત્) ક્ષય કરવાનો જેનો સ્વભાવ છે એવો છે. એ સ્વભાવસન્મુખ થવું, સ્વભાવમાં લીન થવું ત્યારે સમ્યક્ પ્રકાર રહે. બીજા કોઈ પ્રકારે નહિ, એમ.

મુમુક્ષુ :– ભાઈશ્રી ! આ પાંચ ઇન્દ્રિયો છે એ સર્પ જેવી છે, પાંચ સર્પ છે એનું પોષણ કરી રહ્યા છીએ એવું Feeling માં બિલકુલ આવતું નથી. રાત-દિવસ તેનું જ પોષણ ચાલે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, તો એને તો – શરીરને (તો) એકદમ ગૌણ કરી દેવું જોઈએ. આત્મહિતની મુખ્યતામાં તેને ગૌણ કરી નાખવું જોઈએ.

અહીં સુધી રાખીએ.

## અશરણ અનુપ્રેક્ષા

હવે અશરણ અનુપ્રેક્ષા ચિંતવીએ છીએ.

આ સંસારમાં કોઈ દેવ, દાનવ ઇન્દ્ર, મનુષ્ય એવા નથી કે જેના ઉપર યમરાજાની ફાંસી નથી પડી. મૃત્યુને વશ થતાં કોઈ આશરો નથી. આયુષ્ય પૂર્ણ થવાના કાળમાં ઇન્દ્રનું પતન ક્ષણ માત્રમાં થાય છે. જેના અસંખ્યાત દેવ આજ્ઞાકારી સેવક છે, જે હજારો રિદ્ધિવાળા છે, જેનો સ્વર્ગમાં અસંખ્યાત કાળથી નિવાસ છે, રોગ ક્ષુધા તૃષાદિક ઉપદ્રવ રહિત જેનું શરીર છે, અસંખ્યાત બળ પરાક્રમના જે ધારક છે, આવા ઇન્દ્રનું પતન થઈ જાય ત્યાં પણ અન્ય કોઈ શરણ નથી. જેમ ઉજ્જડ વનમાં વાઘે ગ્રહણ કરેલ હરણના બચ્ચાની કોઈ રક્ષા કરવાને સમર્થ નથી, તેમ મૃત્યુથી પ્રાણીની રક્ષા કરવાને કોઈ સમર્થ નથી. આ સંસારમાં પૂર્વે અનંતાનંત પુરુષ પ્રલયને પ્રાપ્ત થયા છે. કોઈ શરણ છે ? કોઈ એવાં ઔષધ, મંત્ર, યંત્ર અથવા દેવદાનવાદિક નથી કે જે એક ક્ષણ માત્ર કાળથી રક્ષા કરે. જો કોઈ દેવ, દેવી, વૈદ, મંત્ર, તંત્રાદિક એક મનુષ્યની મરણથી રક્ષા કરત, તો મનુષ્ય અક્ષય થઈ જાત. માટે મિથ્યા બુદ્ધિને છોડી અશરણ અનુપ્રેક્ષા ચિંતવો. મૂઢ લોક એવા વિચાર કરે છે કે મારા સગાના હિતનો ઇલાજ ન થયો, ઔષધ ન આપ્યું, દેવતાનું શરણ ન લીધું, ઉપાય કર્યા વિના મરી ગયો, એવો પોતાના સ્વજનનો શોક કરે છે. પણ પોતાનો શોચ નથી કરતો કે હું જમની દાઢની વચ્ચે બેઠો છું. જે કાળને કરોડો ઉપાયથી પણ ઇન્દ્ર જેવા પણ ન રોકી શક્યા, તેને બાપડું માણસજાત તે શું રોકશે ? જેમ બીજાનું મરણ થતાં જોઈએ છીએ તેમ મારું પણ અવશ્ય થશે.

જેમ બીજા જીવોને સ્ત્રી, પુત્રાદિકનો વિયોગ દેખીએ છીએ, તેમ મારે પણ વિયોગમાં કોઈ શરણ નથી. અશુભકર્મની ઉદીરણા થતાં બુદ્ધિનાશ થાય છે, પ્રબળ કર્મનો ઉદય થતાં એકે ઉપાય કામ નથી આવતો. અમૃત વિષ થઈ પરિણમે છે, તણખલું પણ શસ્ત્ર થઈ પરિણમે છે, પોતાના વહાલા મિત્ર પણ વૈરી થઈ પરિણમે છે, અશુભના પ્રબળ ઉદયના વશથી બુદ્ધિ વિપરીત થઈ પોતે પોતાનો જ ઘાત કરે છે. જ્યારે શુભ કર્મનો ઉદય થાય છે, ત્યારે મૂર્ખને પણ પ્રબળ બુદ્ધિ પજે છે. કર્યા વિના સુખકારી અનેક ઉપાય પોતાની મેળે પ્રગટ થાય છે. વૈરી મિત્ર થઈ જાય છે, વિષ પણ અમૃત પરિણમે છે. જ્યારે પુણ્યનો ઉદય થાય ત્યારે સમસ્ત ઉપદ્રવકારી વસ્તુઓ નાના પ્રકારના સુખ કરવાવાળી થાય છે. તે પુણ્યકર્મનો પ્રભાવ છે.

પાપના ઉદયથી હાથમાં આવેલું ધન ક્ષણમાત્રમાં નાશ થઈ જાય છે. પુણ્યના ઉદયથી ઘણી દૂર હોય તે વસ્તુ પણ પ્રાપ્ત થઈ જાય છે. લાભાંતરાયનો ક્ષયોપશમ થાય ત્યારે, વિના યત્ને નિધિરત્ન પ્રગટ થાય છે. પાપ ઉદય થાય ત્યારે સુંદર આચરણ કરતો હોય તેને પણ દોષ, કલંક આવી પડે છે, અપવાદ અપયશ થાય છે. યશ નામકર્મના ઉદયથી સમસ્ત અપવાદ દૂર થઈ દોષ ગુણરૂપ થઈ પરિણમે છે.

સંસાર છે તે પુણ્યપાપના ઉદયરૂપ છે.

પરમાર્થથી બન્ને ઉદય (પુણ્ય-પાપ) પરના કરેલા અને આત્માથી ભિન્ન જાણીને તેના જાણનાર અથવા સાક્ષી માત્ર રહો, હર્ષ અને ખેદ કરો નહીં. પૂર્વે બંધ કરેલ કર્મ તે હવે ઉદય આવ્યાં છે. પોતાનાં કર્યાં દૂર નથી થતાં. ઉદય આવ્યા પછી

ઇલાજ નથી. કર્મનાં ફળ, જે જન્મ, જરા, મરણ, રોગ, ચિંતા, ભય, વેદના, દુઃખ આદિ આવતાં તેનાથી રક્ષણ કરવા મંત્ર, તંત્ર, દેવ, દાનવ, ઔષધાદિક, કોઈ સમર્થ નથી, કર્મનો ઉદય આકાશ, પાતાલ, કે ક્યાંય પણ નથી છોડતો. ઔષધાદિક બાહ્ય નિમિત્ત, અશુભ કર્મનો ઉદય મંદ થતાં ઉપકાર કરે છે. દુષ્ટ, ચોર, ભીલ, વૈરી તથા સિંહ, વાઘ, સર્પાદિક ગામમાં કે વનમાં મારે, જલચરાદિક પાણીમાં મારે; પણ અશુભ કર્મનો ઉદય જળમાં, સ્થળમાં, વનમાં, સમુદ્રમાં, પહાડમાં, ગઢમાં, ઘરમાં, શય્યામાં, કુટુંબમાં, રાજાદિક સામંતોની વચમાં, શસ્ત્રોથી રક્ષા કરતાં છતાં ક્યાંય પણ નથી છોડતો. આ લોકમાં એવાં સ્થાન છે કે જેમાં સૂર્ય, ચંદ્રમાના ઉદ્યોત તથા પવન તથા વૈક્રિયિક રિદ્ધિવાળાં જઈ શકતાં નથી, પરંતુ કર્મનો ઉદય તો સર્વત્ર જાય છે. પ્રબળ કર્મનો ઉદય થતાં, વિદ્યા, મંત્ર, બળ, ઔષધિ, પરાક્રમ, વહાલા મિત્ર, સામંત, હાથી, ઘોડા, રથ, પાયદળ, ગઢ, કોટ, શસ્ત્ર, સામ, દામ, દંડ, ભેદાદિક બધા ઉપાય શરણરૂપ થતા નથી. જેમ ઉદય થતા સૂર્યને કોણ રોકે ? તેમ કર્મના ઉદયને ન રોકી શકાય એવા જાણી સમતાભાવનું શરણ ગ્રહણ કરો, તો અશુભ કર્મની નિર્જરા થાય, અને નવો બંધ ન થાય. રોગ, વિયોગ, દારિદ્રય, મરણાદિકનો ભય છોડી પરમ ધૈર્ય ગ્રહણ કરો. પોતાનો વીતરાગભાવ, સંતોષભાવ, પરમ સમતાભાવ, એ જ શરણ છે, બીજું કોઈ શરણ નથી. આ જીવના ઉત્તમ ક્ષમાદિક ભાવ પોતે જ શરણરૂપ છે.

ક્રોધાદિક ભાવ આ લોક પરલોકમાં આ જીવના ઘાતક છે. આ જીવને કષાયની મંદતા આ લોકમાં હજારો વિઘ્નની

નાશ કરનારી પરમ શરણરૂપ છે, અને પરલોકમાં નરક તિર્યંચ ગતિથી રક્ષા કરે છે. મંદ-કષાયીનું દેવલોકમાં તથા ઉત્તમ મનુષ્યજાતિમાં પજવું થાય છે. જો પૂર્વકર્મના ઉદયમાં આર્ત્ત, રૌદ્ર પરિણામ કરશો તો ઉદીરણાને પ્રાપ્ત થયાં, તે રોકવા કોઈ સમર્થ નથી. કેવળ દુર્ગતિનાં કારણ નવાં કર્મ વધારે વધશે. કર્મનો ઉદય આવવા માટેનાં જોઈતાં બાહ્ય નિમિત્તો ક્ષેત્ર, કાળ, ભાવ મળ્યા પછી તે કર્મનો ઉદય ઇન્દ્ર, જિનેન્દ્ર, મણિ, મંત્ર, ઔષધાદિક કોઈ પણ રોકવા સમર્થ નથી. રોગના ઇલાજ તો ઔષધાદિક જગતમાં દેખીએ છીએ, પરંતુ પ્રબળ કર્મના ઉદયને રોકવાને ઔષધાદિક સમર્થ નથી, લટા તે વિપરીત થઈ પરિણમે છે.

આ જીવને અશાતા વેદનીય કર્મનો ઉદય પ્રબળ થાય ત્યારે ઔષધાદિક વિપરીત થઈ પરિણમે છે. અશાતાનો મંદ ઉદય હોય અથવા ઉપશમ હોય ત્યારે ઔષધાદિક ઉપકાર કરે છે. કારણકે મંદ ઉદયને રોકવાને સમર્થ તો અલ્પ શ તવાળા પણ થાય છે. પ્રબળ બળવાળાને અલ્પ શ તધારક રોકવાને સમર્થ નથી. આ પંચમકાળમાં અલ્પ માત્ર બાહ્ય દ્રવ્ય, ક્ષેત્રાદિક સામગ્રી છે, અલ્પ માત્ર જ્ઞાનાદિક છે, અલ્પ માત્ર પુરુષાર્થ છે. અને અશુભનો ઉદય આવવાથી બાહ્ય સામગ્રી પ્રબળ છે, તો તે અલ્પ સામગ્રી અલ્પ પુરુષાર્થથી પ્રબળ અશાતાના ઉદયને કેમ જીતે ? મોટી નદીઓનો પ્રવાહ પ્રબળ મોજાં ઉછાળતો ચાલ્યો આવતો હોય તેમાં તરવાની કળામાં સમર્થ પુરુષ પણ તરી નથી શકતો. નદીના પ્રવાહનો વેગ મંદ થતો જાય ત્યારે તરવાની વિદ્યા જાણનાર તરી પાર તરી જાય છે, તેવી રીતે પ્રબળ કર્મના

ઉદયમાં પોતાને અશરણ જાણો. પૃથ્વી અને સમુદ્ર બન્ને મોટાં છે, પરંતુ પૃથ્વીનો છેડો લેવાને અને સમુદ્રને તરવાને ઘણાં સમર્થ જોઈએ છીએ, પરંતુ કર્મ-ઉદયને તરવાને સમર્થ થતાં દેખાતાં નથી. આ સંસારમાં સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન, સમ્યક્ચારિત્ર, સમ્યક્તપ–સંયમ શરણ છે. આ ચાર આરાધના વિના કોઈ શરણ નથી. તથા ઉત્તમ ક્ષમાદિક દશ ધર્મ પ્રત્યક્ષ આ લોકમાં સમસ્ત લેશ, દુઃખ, મરણ, અપમાન, હાનિથી રક્ષા કરવાવાળાં છે. મંદ કષાયનાં ફલ સ્વાધીન સુખ, આત્મરક્ષા, ઉજ્જવળ યશ, લેશરહિતપણું, ઉચ્ચતા આ લોકમાં પ્રત્યક્ષ દેખી એનું શરણ ગ્રહણ કરો. પરલોકમાં એનું ફળ સ્વર્ગલોક છે. વિશેષમાં વ્યવહારમાં ચાર શરણ છે. અર્હંત, સિદ્ધ, સાધુ, કેવળજ્ઞાનીનો પ્રકાશેલ ધર્મ એ જ શરણ જાણવું. એ પ્રમાણે અહીં એના શરણ વિના આત્માની ઉજ્જવળતા પ્રાપ્ત નથી થતી એવું દર્શાવનારી અશરણ અનુપ્રેક્ષા વિચારી. ૨.

## તા. ૦૯-૧૨-૧૯૯૬, પ્રવચન નં. ૫
## અનિત્ય ભાવના, અશરણ ભાવના

(‘શ્રીમદ્ રાજચંદ્ર’ વચનામૃત). અનિત્ય ભાવના. અઢારમા પાનાના પહેલાં પેરેગ્રાફથી (લેવાનું છે). **‘સંસારમાં જેટલાં નિંદ્ય કર્મ કરીએ છીએ તે તે સમસ્ત ઇંદ્રિયોને આધીન થઈ કરીએ છીએ.’** પાંચે ઇન્દ્રિયોના સંબંધી જે પરિણામ છે એ બધા પાપના પરિણામ છે. આમ માણસને એમ લાગે કે, ખાવું એ તો જરૂરિયાતનો વિષય છે, પણ ખાવાના પરિણામ કંઈ પુણ્યના પરિણામ નથી. ધંધો – વ્યાપાર, નોકરી કરવી એ બધા પણ પાપના પરિણામ છે.

‘ગુરુદેવ’ને (એક) જજસાહેબે પ્રશ્ન કરેલો કે, અમે પ્રમાણિકપણે ન્યાય આપીએ એમાં અમે પાપ શું કરીએ છીએ ? ન્યાયાધીશ તરીકે પ્રમાણિકતાથી ન્યાય તોળીએ તો એમાં અમે શું ખોટું કરીએ છીએ ? તો ‘ગુરુદેવે’ એમ કહ્યું કે, પણ તમે ન્યાય શું કરવા કરો છો ? કે, તમારું પેટ ભરવા માટે કરો છો. પેટ ભરવાની જરૂરિયાત, લૌકિક તરીકે જરૂરિયાત દેખાય પણ એ કાંઈ પુણ્યના પરિણામ નથી. પરિણામ તો બે વિભાગમાં જ વહેંચાય છે – એક પુણ્ય અને એક પાપ. સંસારના પરિણામમાં ત્રીજો વિભાગ નથી. ત્રીજો જે ધર્મનો ભાવ છે તે સંસારભાવ નથી. એ મોક્ષમાર્ગ આખી ત્રીજી લાઈન છે, એ તો શુભાશુભથી રહિત છે.

સંસારમાં જેટલા કર્મો છે એ બધા – સમસ્ત ઇન્દ્રિયાધીન અથવા દેહને લઈને છે, દેહાર્થે છે. **'માટે ઇંદ્રિયરૂપ સર્પના વિષથી આત્માની રક્ષા કરો.'** સર્પની ઉપમા આપી દીધી ! જેમ સર્પથી ઝેર ચડે છે એમ (અહીંયાં) મુખ્યપણે આત્માનું અહિત થાય છે. આ પરિણામથી હિત થવાનો કોઈ સવાલ નથી.

પ્રશ્ન :– ભાઈશ્રી ! વૃત્તિઓ જે ત્યાં ખેંચાય છે એના કારણે કર્મબંધ થાય છે ?

સમાધાન :– હા, વૃત્તિઓ ખેંચાય છે, આસક્ત થાય છે અને પાપના પરિણામ છે એટલે કર્મબંધ તો થાય જ છે અથવા એ પરિણામ ધર્મથી તો દૂર જ લઈ જાય છે, આત્માથી તો દૂર જ લઈ જાય છે.

મુમુક્ષુ :– નોળવેલનું દૃષ્ટાંત નથી આવતું ? (સત્સંગ) મુમુક્ષુને માટે નોળવેલ છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, જેમ નોળિયો છે એને સર્પ વારંવાર કરડે (એટલે) એ વેલ સૂંઘી આવે. એમ મુમુક્ષુને સત્સંગ છે એ નોળવેલ છે. સંસારના કાર્યો તો અનિવાર્યપણે ભલે કરે, હેય જાણીને પણ ભલે કરે તોપણ એની અસર તો આવે જ. સત્સંગથી એ અસરનું નિવારણ કરે.

**'આ લક્ષ્મી છે તે ક્ષણભંગુર છે.'** એ ચંચળ છે અથવા ક્યારેક હોય અને ક્યારેક ન હોય. **'આ લક્ષ્મી કુલીનમાં નથી રમતી.'** કુલીનમાં એટલે કોઈ સારા કુળવાળા હોય ત્યાં જ પૈસા હોય એવું નથી. નીચ કુળવાળાને ત્યાં પણ પૈસા હોય છે અથવા પાપીમાં પાપી પ્રાણીને ત્યાં પણ પૈસા હોય છે. એટલે એની એવી કોઈ કિંમત નથી. ધર્મના ક્ષેત્રમાં પૈસાની કોઈ કિંમત નથી.

**'ધીરમાં, શૂરમાં,...'** શૂર એટલે શૂરવીર. **'પંડિતમાં, મૂર્ખમાં, રૂપવાનમાં, કુરૂપમાં, પરાક્રમીમાં, કાયરમાં, ધર્માત્મામાં, અધર્મીમાં, પાપીમાં, દાનીમાં, કૃપણમાં...'** એટલે લોભીમાં કે ઉદારમાં એ **'ક્યાંય**

**નથી રમતી.**' ગમે ત્યાં હોય એનું કાંઈ ઠેકાણું નથી. '**એ તો પૂર્વજન્મમાં પુણ્ય કરેલ હોય તેની દાસી છે.**' પૂર્વ પુણ્યને હિસાબે એનો સંયોગ છે. '**કુપાત્ર-દાનાદિક, કુતપ કરી ઉત્પન્ન થયેલ જીવને, ખોટા ભોગમાં, કુમાર્ગમાં, મદમાં લગાડી દુર્ગતિમાં પહોંચાડનારી છે.**' કુપાત્ર-દાનાદિક એટલે શું છે કે કેટલાકને દાન ક્યાં દેવું એની ખબર પડતી નથી. એક મનના સંતોષ ખાતર ગમે ત્યાં દાન દઈ દચે છે. જે કુપાત્રદાન છે એ દાન મેળવનાર એનો દુરુપયોગ કરે છે, સદુપયોગ નથી કરતો. '**કુતપ કરી ઉત્પન્ન થયેલ જીવને,...**' આપી દચે કે, આ તપ કરે છે. એ તો અજ્ઞાનતપ કરતો હોય એને દાન આપે. '**ખોટા ભોગમાં,...**' ખર્ચી નાખે, '**કુમાર્ગમાં,...**' ખર્ચી નાખે અને અભિમાન ખાતર માનપત્ર મળતું હોય ત્યાં, સન્માન મળતું હોય ત્યાં આપે. એ '**દુર્ગતિમાં પહોંચાડનારી છે.**'

પ્રશ્ન :– અનુમોદનાનો દોષ લાગે ને ?

સમાધાન :– હા, અનુમોદનાનો દોષ લાગે.

'**આ પંચમકાળની મધ્યમાં તો કુપાત્ર – દાન કરી કુતપસ્યા કરી લક્ષ્મી પજે છે.**' અત્યારે જે પૈસા આવે છે એ તો બધા કાંઈ સારા પુણ્યના નથી આવતા. પૂર્વે એવા હલકા પુણ્ય કર્યા હોય એના ફળમાં આવે છે. '**તે બુદ્ધિને બગાડે છે.**' પૈસા આવ્યા પછી બુદ્ધિને બગાડે છે. '**મહા દુઃખથી પજે છે,...**' મહા દુઃખથી પજે છે, પજે છે એટલે આવે છે ત્યારે પણ ઘણા પાપ કરે, આકુળતા કરે, કષાય કરે ત્યારે આવે છે.

'**મહા દુઃખથી ભોગવાય છે.**' એને ભોગવતી વખતે પણ જીવ પરિણામ બગાડે છે. '**પાપમાં લગાડે છે.**' અનેક પ્રકારનાં પાપકાર્યમાં પણ લક્ષ્મી વાપરે છે. '**દાન-ભોગમાં ખર્ચ્યા વિના મરણ થયે, આર્ત્તધ્યાનથી છોડી તિર્યંચગતિમાં જીવ પજે છે.**' ખર્ચ ન કર્યો હોય અને એમને એમ સાચવી રાખે, લોભથી ભેગા કર્યા હોય (અને) ઓચિંતો મરી

જાય એ વખતે એને આર્ત્તધ્યાન ખૂબ થાય. મરતી વખતે આર્ત્તધ્યાન થાય કે, અરે..રે...! આ બધા ભેગા કર્યા છે (પણ) એનો ઉપયોગ તો કર્યો નહિ. આમ કરવું હતું, તેમ કરવું હતું (ઈ બધું) રહી ગયું. એ રીતે તિર્યંચગતિમાં જાય છે. એના ફળમાં તિર્યંચગતિમાં ચાલ્યો જાય છે.

મુમુક્ષુ :– કાંઈ કરવું ન હોય તોપણ ભેગા કરતા હોય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એક લોભને માટે લોભથી સંચય કરવાની વૃત્તિ વિશેષ હોય છે. એ પણ તિર્યંચગતિનું કારણ છે. વધારવું, સાચવવું એ બધા તિર્યંચગતિમાં જવાના કારણો છે.

મુમુક્ષુ :– ભાઈશ્રી ! દાન દે તોપણ એમાં અકડ થઈ જાય કે, મેં આટલું દાન દીધું.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ તો શું છે કે એણે (લક્ષ્મીને) મદમાં લગાડી. પોતાના અભિમાન માટે ખર્ચી છે. અભિમાન માટે ખર્ચી એ પણ એને દુર્ગતિનું કારણ થાય છે.

મુમુક્ષુ :– મારી પાઈએ પાઈ વીતરાગમાર્ગમાં વપરાઓ એવો ભાવ...

પૂજ્ય ભાઈશ્રી :– હા, સન્માર્ગ છે, વીતરાગમાર્ગ છે એમાં લક્ષ્મીનો વ્યય થાય એ ઇચ્છવા યોગ્ય છે, એ ઇચ્છવા યોગ્ય છે.

**‘એથી લક્ષ્મીને તૃષ્ણા વધારવાવાળી, મદ ઉપજાવવાવાળી જાણી, દુઃખિત દરિદ્રીના ઉપકારમાં,...’** દુઃખિત અને દરિદ્રીના ઉપકારમાં વાપરવી એને કરુણાદાન કહે છે. એની છૂટ છે – કરુણાદાનની છૂટ છે. **‘દુઃખિત દરિદ્રીના ઉપકારમાં, ધર્મને વધારવાવાળાં ધર્મસ્થાનકોમાં,...’** ક્યાં વાપરવી ? **‘વિદ્યા આપવામાં, વીતરાગ સિદ્ધાંત લખાવવામાં...’** પહેલા તો હાથથી લખતા ને ? લહિયા ! હવે આપણે છપાવીએ છીએ. (તેમાં) **‘લગાડી સફળ કરો.’** આવી જગ્યામાં વાપરીને સફળ કરો.

પ્રશ્ન :– વિદ્યામાં વાપરવી એમાં શું કહેવા માગે છે ?

સમાધાન :– વિદ્યામાં તો લૌકિક વિદ્યા ન લેવી, ધર્મની વિદ્યા લેવી, પાઠશાળા વગેરે. અત્યારે તો શું છે કે લૌકિકવિદ્યામાં તો પાપનું કારણ વધારે છે. એમાં પણ પછી આ જે ડૉ  ટરી લાઇન છે, બાયોલોજી છે એમાં તો વધારે પાપનું કારણ છે. એમાં તો Dissectionમાં જીવતા પ્રાણીઓને ચીરવા પડે છે. એમાં વધારે પાપનું કારણ છે.

મુમુક્ષુ :– લૌકિકમાં તો એમ લખે કે, 'સા વિદ્યા યા વિમુ  તયે'

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ તો પહેલાં નિશાળમાં એ બધા સૂત્રો લખાતા. હવે એ બધું ગયું. વિદ્યા તેને કહીએ કે જે મુ  ત આપે તેને વિદ્યા કહીએ. આ બધી (વિદ્યા) તો બંધનમાં પાડનારી છે. અત્યારે તો લોકો પૈસા કમાવાના હેતુથી જ ભણે છે. કઈ લાઇન લઈએ તો વધારે કમાણી કરીએ ? (આ) એક જ હેતુ છે. એ પાપનું કારણ છે.

મુમુક્ષુ :– 'ગુરુદેવશ્રી' કુભણતર કહેતા હતા.

પૂજ્ય ભાઈશ્રી :– હા, કુવિદ્યા કહેતા હતા, કુવિદ્યા કહેતા હતા. જે પાપમાં પાડે એને કુવિદ્યા કહેતા હતા, મુ  તમાં લઈ જાય એ વિદ્યા સાચી.

'**ન્યાયના પ્રમાણિક ભોગમાં, જેમ ધર્મ ન બગડે તેમ લગાડો.**' ન્યાયમાં લગાડો અને ધર્મ ન બગડે તેમ એનો ઉપયોગ કરો. '**આ લક્ષ્મી જલતરંગવત્ અસ્થિર છે.**' પાણીનો તરંગ જેટલો અસ્થિર છે એમ એ પણ અસ્થિર છે. '**અવસરમાં દાન ઉપકાર કરી લો.**' અવસરમાં એટલે આવે ત્યારે એનો દાન વગેરે સદુપયોગ કરી લ્યો. '**પરલોકમાં સાથે આવશે નહીં.**' અહીંથી સાથે લઈ જવાય એવી કોઈ વ્યવસ્થા નથી.

'**અચાનક છાંડી મરવું પડશે.**' અચાનક છોડીને જાવું પડશે. જરૂર

કરતા ઘણા ભેગા થાય એનો ઉપયોગ શું પણ ? એ પડ્યા રહેવાના, ગમે ત્યારે આયુષ્ય પૂરું થાશે અને એ અહીં પડ્યા રહેવાના.

મુમુક્ષુ :– ચોકીદારી કરવાની.

પૂજ્ય ભાઈશ્રી :– ચોકીદારી કરીને આર્ત્તધ્યાન કરવાનું અને મરતી વખતે વિશેષ આર્ત્તધ્યાન થવાનું.

**'જે નિરંતર લક્ષ્મીનો સંચય કરે છે, દાન ભોગમાં લઈ શકતા નથી, તે પોતે પોતાને ઠગે છે.' 'જે નિરંતર લક્ષ્મીનો સંચય કરે છે,...'** (એટલે) જે ભેગી કર્યા કરે છે, વધારે વધારે ભેગા કરવાની વૃત્તિ હોય છે. એનો ઉપયોગ **'દાન ભોગમાં લઈ શકતા નથી, તે પોતે પોતાને ઠગે છે.'** લ્યો ઠીક ! જગતમાં એને એમ લાગે કે, હું જરા ડાહ્યો છું, બુદ્ધિશાળી છું એટલે આવું હું ભેગું કરી શકું છું, બીજા ભેગા નથી કરી શકતા, હું કરકસર કરું છું. ભેગું કરી જાણું છું. અહીંયાં જ્ઞાની કહે છે કે, એ પોતે પોતાને છેતરે છે.

**'પાપનો આરંભ કરી, લક્ષ્મીનો સંગ્રહ કરી, મહા મૂર્છાથી ઉપાર્જન કરી છે,...'** પોતાનું આત્મભાન ભુલીને ઉપાર્જન કરી છે. **'તેને બીજાના હાથમાં આપી,...'** કુટુંબીઓને સોંપીને જાવું પડે છે, બીજાના હાથમાં સોંપી **'બીજાના હાથમાં આપી, અન્ય દેશમાં વ્યાપારાદિથી વધારવા માટે તેને સ્થાપન કરી, જમીનમાં અતિ દૂર છેટે મેલી અને રાત-દિવસ એનું જ ચિંતવન કરતાં કરતાં દુર્ધ્યાનથી મરણ કરી દુર્ગતિ જઈ પહોંચે છે.'** કોઈ આમ કરે છે... કોઈ આમ કરે છે... કોઈ આમ કરે છે...

મુમુક્ષુ :– પહેલા તો જમીનમાં દાટી દેતા હતા ને !

પૂજ્ય ભાઈશ્રી :– હા, પહેલા દાટતા હતા. તો કોઈ ધંધા-વેપાર માટે એને બહારમાં Establishmentમાં નાખે, પછી તો પરિણામ ઈ બાજુના ચાલતા રહે. એ બધા દુર્ગતિના પરિણામ છે. આર્ત્તધ્યાન છે ને ? આર્ત્તધ્યાન છે એ તિર્યંચગતિનું કારણ છે.

**'કૃપણને લક્ષ્મીનું રખવાલપણું અને દાસપણું જાણવું.'** જે લોભી

છે, સન્માર્ગમાં વાપરી નથી શકતો એ એનો રખવાળો છે, એટલે ચોકિયાત છે. રખવાળ એટલે ચોકિયાત છે અથવા એનો નોકર છે, દાસ છે. **'દૂર જમીનમાં નાખીને લક્ષ્મીને પહાણા સમાન કરી છે.'** ઘણીવાર તો જમીનમાં જેમ પહાણા દાટે, પહાણા હોય એમ આને પણ પહાણાના સ્થાનમાં રાખી. **'જેમ ભૂમિમાં બીજા પહાણા રહે છે તેમ લક્ષ્મીનું જાણો.'** દાટનારને માટે (વાત છે). અત્યારે એ પરિસ્થિતિ નથી, એક જમાનામાં હતી.

મુમુક્ષુ :– 'ભાવનગર'માં એક વૈદ્ય હતા, કોઈ માણસ મરતી વખતે બેભાન થઈ જાય એટલે એને બોલાવે, લક્ષ્મી ક્યાં દાટી છે એ પૂછવા માટે એવી દવા આપે કે એ બોલવા માંડે.

પૂજ્ય ભાઈશ્રી :– પહેલાના જમાનામાં (એવી રીતે) બોલાવે. એવી દવા આપે એટલે એ બોલવા મંડે. જે એને બોલવું હોય તે (બોલવા માંડે). બોલી ન શકતો હોય. એટલે એને છોકરાઓને જે કહેવાનું રહી ગયું હોય ઈ કહી દ્યે કે, જુઓ ! આટલા આટલા ઠેકાણે (પૈસા રાખ્યા) છે. પહેલાં છોકરાથી છાનું રાખ્યું હોય (પછી) છેલ્લે છેલ્લે કહી દ્યે.

**'રાજાનાં, વારસનાં તથા કુટુંબનાં કાર્ય સાધ્યાં,...'** રાજાના એટલે કરમાં. આ ટે  સમાં આપે છે ને ? વારસદારને આપે, કુટુંબના કાર્ય (સાધ્યાં) **'પણ પોતાનો દેહ તો ભસ્મ થઈ   ડી જશે, તે પ્રત્યક્ષ નથી દેખતા ?'** તે નથી દેખતા ? એમ પ્રશ્ન કર્યો છે. **'તે પ્રત્યક્ષ નથી દેખતા ? આ લક્ષ્મી સમાન આત્માને ઠગવાવાળું બીજું કોઈ નથી.'**

જગતમાં પૈસાનું એટલું બધું મહત્ત્વ છે (કે), એ જીવને પોતાનું અહિત કરાવીને ઠગે છે. એ મહત્ત્વથી પોતાનું અહિત ઘણું થાય છે, જીવ પોતે પોતાથી છેતરાય જાય છે.

પ્રશ્ન :– કરવું શું ?

સમાધાન :– સન્માર્ગમાં એનો ઉપયોગ કરવો. સન્માર્ગમાં એનો

ઉપયોગ કરવો જોઈએ.

મુમુક્ષુ :– પૈસા આવવાથી ધર્મ-બર્મ ભુલી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એની પાછળ પરિણામ લાગેલા રહે છે. આર્ત્તધ્યાન કરી કરીને દુર્ગતિમાં ચાલ્યો જશે. ક્યારે મૃત્યુ આવશે કોઈને ખબર તો છે નહિ. પરિણામ તેની પાછળ લાગેલા રહે છે. દુર્ગતિમાં ચાલ્યો જશે.

**'રાત-દિવસ એનું જ ચિંતવન કરતાં કરતાં દુર્ધ્યાનથી મરણ કરી દુર્ગતિ જઈ પહોંચે છે... આ લક્ષ્મી સમાન આત્માને ઠગવાવાળું બીજું કોઈ નથી.'** ત્યાં સુધી આવ્યું. **'પોતાના સમસ્ત પરમાર્થને ભૂલી લક્ષ્મીના લોભનો માર્યો રાત્રિ અને દિવસ ઘોર આરંભ કરે છે.'** આ કરવું, તે કરવું... આ કરવું, તે કરવું... પોતાના આત્મકલ્યાણને ભૂલીને રાત-દિવસ એના જ વિચાર કરે છે. પોતાના સમસ્ત પરમાર્થને ભુલીને એમ કરે છે. સમસ્ત – પૂરું કલ્યાણ છોડીને.

**'વખતસર ભોજન નથી કરતો.'** ટાઇમ થાય તોપણ ખબર પડે નહિ, કામ છે મારે, કામ છે... કામ છે... **'વખતસર ભોજન નથી કરતો. ટાઢી   ની વેદના સહન કરે છે.'** ઠંડી-ગરમી સહન કરે છે. **'રાગાદિકના દુઃખને નથી જાણતો.'** ગણતો, રાગાદિકના દુઃખને નથી જાણતો અને કેટલી આકુળતા થાય છે એ દુઃખને સમજતો નથી. **'ચિંતાતુર થઈ રાત્રે   ઘ નથી લેતો.'**   ઘ પણ નિરાંતે આવતી નથી.

એક મુમુક્ષુ કહેતા હતા કે, બધું ખોટું કરી કરીને પૈસા તો ઘણા ભેગા કર્યા છે. બહુ સામાન્ય હતા. એક જમાનામાં ૫૦ રૂપિયાની નોકરી માટે દીનતામાં આવતા પણ નોકરી નહોતી મળતી. (ત્યારપછી) લાખો રૂપિયા થઈ ગયા. બધું ખોટું કરીને (ભેગા) કરેલા. ઈ કહે   ઘ નથી આવતી. પરિસ્થિતિ ઈ છે કે   ઘ નથી આવતી. વિચારો આવ્યા કરે, એમાં જરાક તબિયત બગડે (એટલે) એટલા Depressionમાં આવે કે વાત (મૂકી દ્યો). હવે શું થાશે મારું ? મારું

શું થાશે ? એમની પરિસ્થિતિના પરિણામો નજરે દેખાય.

**'ચિંતાતુર થઈ રાત્રે ઘ નથી લેતો. લક્ષ્મીનો લોભી પોતાનું મરણ થશે એમ નથી ગણતો.'** એને મરણ દેખાતું જ નથી, જાણે હું કાયમ રહેવાનો છું એમ સમજીને લોભ કર્યા કરે છે, લોભના પરિણામ (કર્યા કરે છે). **'સંગ્રામના ઘોર સંકટમાં જાય છે. સમુદ્રમાં પ્રવેશ કરે છે.'** કોઈ સંગ્રામમમાં એટલે આ લડાઈમાં જોડાય છે ને ? લશ્કરમાં જોડાય છે. કોઈ **'સમુદ્રમાં પ્રવેશ કરે છે.'** કોઈ **'ઘોર ભયાનક રાન પર્વતમાં જાય છે.'** કમાવા માટે, પૈસા મેળવવા માટે અનેક પ્રકારે પરિશ્રમ કરે છે.

**'ધર્મરહિત દેશમાં જાય છે.'** દૂર દૂરના દેશમાં જાય છે, (જ્યાં) ધર્મનું નામનિશાન નથી ત્યાં જાય છે. **'જ્યાં પોતાની જાતિનું, કુળનું કે ઘરનું કોઈ દેખવામાં આવતું નથી,...'** આ જાય છે ને ? 'આફ્રિકા' ને એવા બધા દેશોમાં **'જ્યાં પોતાની જાતિનું, કુળનું કે ઘરનું કોઈ દેખવામાં આવતું નથી, એવા સ્થાનમાં કેવળ લક્ષ્મીના લોભથી ભ્રમણ કરતો કરતો મરણ પામી દુર્ગતિમાં જઈ પહોંચે છે.'**

'અમેરિકા' ગયા હતા ત્યાં કોઈ સારા વિચારવાળા મુમુક્ષુ મળે ઈ એમ કહે કે, અહીં પૈસાને માટે આવી તો ગયા છીએ પણ હવે એમ થાય છે કે, થોડા ટાઇમમાં (આ) દેશ છોડી આપણાં વતનમાં, દેશમાં પહોંચી જવું. બને એટલું વહેલું અહીંનું સંકેલી અને પહોંચી જવું. એમ ભાવ રાખે, પછી મૃત્યુ તો કાંઈ કોઈની રાહ જોતું નથી. આયુષ્ય તો ગમે ત્યારે પૂરું થઈ શકે છે. પણ કોઈને એવું સૂઝે, બાકી મોટાભાગનાને તો એ સૂઝતું પણ નથી.

**'લોભી નહીં કરવાનું તથા નીચ ભીલને કરવા યોગ્ય કામ કરે છે.'** લોભ ખાતર તો ગમે એવો ધંધો અને ગમે એવા કાર્યો – હિંસાના, આરંભ-સમારંભના ગમે એવા કાર્યો પણ કરે છે. **'તો તું હવે જિનેન્દ્રના ધર્મને પામીને સંતોષ ધારણ કર.'** જરૂરિયાત પૂરતું

(કમાઈ લેવું, એની) પાછળ દોડ મૂકવા જેવી નથી.

**'પોતાના પુણ્યને અનુકૂલ ન્યાયમાર્ગને પ્રાપ્ત થઈ, ધનનો સંતોષી થઈ, તીવ્ર રાગ છોડી, ન્યાયના વિષયભોગોમાં અને દુઃખિત, બુભુક્ષિત, દીન અનાથના ઉપકાર નિમિત્તે દાન, સન્માનમાં લગાડ.'** એનો સદુપયોગ કર. ન્યાયમાર્ગથી પ્રાપ્ત કરવી, બહુ પાપ કરીને લક્ષ્મી મેળવવી નહિ, તીવ્ર રાગ છોડી દેવો અને છતાં પૂર્વના પુણ્યથી આવે તો એને બીજાના ઉપકારમાં અને સાચા માર્ગમાં લગાડજે. **'એ લક્ષ્મીએ અનેકને ઠગીને દુર્ગતિમાં પહોંચાડ્યા છે.'** આ બધા જે દુર્ગતિમાં ફરે છે એ બધા એ લોકો જ છે, ધનાર્થી લોકો જ છે.

**'લક્ષ્મીનો સંગ કરી જગતના જીવ અચેત થઈ રહ્યા છે.'** કેવા ? જડ જેવા થઈ રહ્યા છે. **'એ પુણ્ય અસ્ત થયે અસ્ત થઈ જશે.'** જેવા પુણ્ય ખૂટ્યા કે ગયો, વાત પૂરી થઈ ગઈ. **'લક્ષ્મીનો સંગ્રહ કરી મરી જવું એવું ફલ લક્ષ્મીનું નથી.'** લક્ષ્મીના ફળમાં એનો સંગ્રહ કરી મરી જવું એ કંઈ એનું ખરું ફળ નથી. **'એનાં ફલ કેવળ ઉપકાર કરવો, ધર્મનો માર્ગ ચલાવવો એ છે.'** સન્માર્ગ ચાલે એવી વ્યવસ્થા વિચારવી એ એનું ફળ છે, સાચું ફળ તો એ છે.

**'એ પાપરૂપ લક્ષ્મીને ગ્રહણ નથી કરતા તેને ધન્ય છે.'** જે લક્ષ્મીની પાછળ દોટ મૂકતા નથી એને ધન્ય છે ! **'ગ્રહણ કરીને મમતા છોડી ક્ષણ માત્રમાં ત્યાગી દીધી છે તેને ધન્ય છે.'** દીક્ષા લ્યે ને (ત્યારે) ક્ષણમાત્રમાં છોડી દ્યે છે. ગ્રહણ કરી પણ મમતા કરી નહિ. મમતા છોડી એને ધન્ય છે, એમ કીધું.

**'વિશેષ શું લખીએ ? તે ધન, યૌવન, જીવન, કુટુંબના સંગને પાણીનાં ટીપાં સમાન અનિત્ય જાણી, આત્મહિતરૂપ કાર્યમાં પ્રવર્તન કરો.'** આત્માનું હિત સૂઝવું જોઈએ. બધું ગૌણ કરીને – ધન, કુટુંબ, જીવન, સંયોગ બધું ગૌણ કરીને આત્મહિતમાં લાગવું જોઈએ. **'સંસારના જેટલા જેટલા સંબંધ છે તેટલા તેટલા બધા વિનાશિક છે.'** ખરેખર તો સંબંધ

છે જ ક્યાં ? જેટલા સંબંધ છે એ બધા વ્યવહારમાં કહેવામાત્ર છે. એ કોઈ રહેવાના નથી. સંબંધ છે એને સાચો માને છે ત્યાં ભૂલે છે. ખરેખર સંબંધ સાચો નથી. બધા જીવો છે એમાં સંબંધ શું ? પરમાર્થે બધા જીવો છે. એમાં કોણ, કોનો, શું ? કે, એ કાંઈ વાત ખરેખર છે નહિ. '**એવી રીતે અનિત્ય વિચારણા વિચરો**' અનિત્ય ભાવના ભાવો. '**પુત્ર, પૌત્રો, સ્ત્રી, કુટુંબાદિક કોઈ પરલોક સાથે ગયા નથી...**' ઈ બધા અહીંયાં રહી જશે. સંબંધો બધા અહીંયાં રહી જશે. '**ગયા નથી અને જશે નહીં.**' કોઈને સાથે ગયા નથી અને કોઈને સાથે જવાના પણ નથી. આયુષ્ય પૂરું થાય છે, ચાલ્યો જાય છે, અહીંયાં બધા રહી જાય છે. ત્યારપછી મેળ ખાવાનો નથી. અમારે ગુજરાતીમાં 'મારાં' કહે છે. હિન્દીમાં 'મેરા' (કહે છે), ગુજરાતીમાં 'મારા' કહે છે. ખૂન કરનારને શું કહે; 'મારા' (કહે). કે આની પાછળ 'મારા' રોક્યા છે, એટલે મારનારા રોક્યા છે. ઈ 'મારા' છે ઈ આ 'મારા' છે એમ 'ગુરુદેવ' કહેતાં. કોઈ એમ કહે ને કે, આ બધા મારાં ! તો કહે (છે), એ ખરેખર તારા સુખ–શાંતિને મારનારા છે.

('ગુરુદેવ') 'વાળા' કહેતા. પગમાં વાળો નીકળે ને ? (એ) પીડા કરે. પૈસાવાળા, કુટુંબવાળા, મોટરવાળા... એમ. પગમાં એક રોગ નીકળે છે. વાયર જેવો નીકળે. Ringwarm ! એને ગુજરાતીમાં વાળાનો રોગ કહે છે. એને વાળો નીકળ્યો છે એમ કહે. એટલે અમે આ વાળા, અમે આ વાળા... આ વાળા... તો 'ગુરુદેવ' કહે, (આ) બધા વાળા નીકળ્યા ! એને બધા વાળા નીકળ્યા. જેમ વાળાવાળાને પીડા થાય છે એમ આને બિચારાને પીડા થાય છે. દીકરાવાળો તો દીકરાની પીડા, દીકરીયુવાળો તો દીકરીયુની પીડા... એમ. બધાની ઉપાધિ કરે છે ને ? એમ.

મુમુક્ષુ :– ધૂળમાંય નથી એમ 'ગુરુદેવશ્રી' કહેતા.

પૂજ્ય ભાઈશ્રી :– ઈ બધાથી સુખ થશે અને સુખ થયું એમ

માને છે પણ ધૂળમાંય સુખ નથી એમ કહેતા. દૃષ્ટિ ચોખ્ખી છે ને ? જ્ઞાનદૃષ્ટિ ચોખ્ખી છે એને ચોખ્ખું દેખાય છે. લોકોમાં શું છે કે, સંપત્તિવાળો હોય, સારા કપડાં, સારા સંયોગમાં ઉજળો થઈને ફરતો હોય, એનો અહમ્ભાવ પણ એને હોય (કે) આ બધું મારે છે. જ્ઞાની એને મુરખની દૃષ્ટિએ જોતા હોય છે. જ્ઞાનીની દૃષ્ટિમાં એ શું દેખાય ? કે, આ મુરખ છે. પોતાનું અહિત પોતાની મેળે કરી રહ્યો છે. આવા પરિણામથી પોતાનું અહિત પોતાની મેળે કરી રહ્યો છે અને પાછો રાચી રહ્યો છે ! પોતાનું નુકસાન કરીને રાજી થાય છે ! એમ કહે છે. એટલે એને મૂરખ તરીકે જોવે છે. લોકો એમ જોવે કે, આ..હા..હા...! ભાઈને કેવું છે ! ભાઈને કેવું છે ! જ્ઞાની જોવે છે કે એ સાવ મૂર્ખો છે.

મુમુક્ષુ :– 'ગુરુદેવશ્રી'ને સાંભળવા ઘણા પૈસાવાળા બેસતા ને !

પૂજ્ય ભાઈશ્રી :– હા, ચાબખા મારતા. બેસાડે આગળ, આગળ બેસાડીને ઠપકારે બરાબર !

મુમુક્ષુ :– ભાવનગર-દરબાર આવ્યા હતા ને !

પૂજ્ય ભાઈશ્રી :– હા, (એને) મોટા ભિખારી કીધેલા ! મોટા માગણ.. માગણ કીધેલા ! દરબાર ! એમ કહે, ઝાઝું માગે ઈ મોટા માગણ, એમ કહે. એમને તો શું કોઈ અપેક્ષાવૃત્તિ નહોતી.

મુમુક્ષુ :– 'ગાંધીજી'ને મૂઢ કીધેલા ને !

પૂજ્ય ભાઈશ્રી :– હા, 'ગાંધીજી'ને મૂઢ કીધેલા. મૂઢ કેમ (કીધા) ? કે, હું દેશનું કરી દઉં, હું બીજાની દયા પાળી શકું, બીજાના કાર્યો હું કરી શકું, હું બીજાને સુખી કરી શકું. તો જ્ઞાની કહે છે કે, મૂઢ છો. તારી બુદ્ધિ મૂઢાઈ ગઈ છે. એક પરમાણુને ફેરવી શકે નહિ.

**'પોતાના ઉપાર્જન કરેલ પુણ્યપાપાદિક કર્મ સાથે આવશે.'** કુટુંબ, પૈસા, સામગ્રી એ કોઈ ચીજ સાથે નહિ આવે પણ એની પ્રત્યેના

જે પરિણામ કર્યા છે, એ પરિણામથી જે પુણ્ય-પાપ ઉપાર્જન કર્યા છે એ સાથે આવવાના છે. જે ભાવ કર્યા એના સંસ્કાર સાથે આવશે, કર્મ સાથે આવશે. કાર્મણવર્ગણા સાથે લઈને જાય છે. જે કર્મ બાંધ્યા છે એ કાર્મણવર્ગણા સાથે લઈને જાય છે.

એક વિચાર આવ્યો હતો કે, મુમુક્ષુજીવ છે (એ) ધર્મના ક્ષેત્રમાં આવે છે ત્યારે ઇચ્છા કરે છે કે, અહીંયાં તો બધી મુ તની ચર્ચા થાય છે, સંસારમાંથી છૂટીને મોક્ષની વાતો ચાલે છે, એને પણ મન થઈ જાય. ઈ માહોલમાં આવે (એટલે) મન થાય ને ? આ માહોલમાં આવે ત્યારે એવું મન થાય કે આપણે પણ આ સંસારથી છૂટીને મુ તમાં જઈએ, પણ છૂટી શકતો નથી. અનેક પ્રકારના પ્રકૃતિના પરિણામો, પ્રતિબંધના પરિણામો, સ્વચ્છન્દના પરિણામો અને પૂર્વે એ બધા પ્રકારના પરિણામોના (ઝીલાયેલા) સંસ્કારો, એ સંસ્કારોને લઈને એવી યોગ્યતામાં જકડાયેલો – (એવી પરિસ્થિતિમાંથી) નીકળવું બહુ કઠણ પડે. આમ દેખાય આવે છે કે, સંસારથી નીકળવું જીવોને દુર્લભ તો થઈ પડ્યું છે. શું કરવું શું ? એક વાર તો એને ભેખ લેવો જોઈએ. ભેખ લેવો જોઈએ – આ એક જ કરવું છે. પાછળ પડી જવું જોઈએ, તો બધું ગૌણ થાય. નહિતર ઉદયો ગૌણ થતા નથી. જે તે પ્રકારના ઉદય આવે છે એની મુખ્યતામાં જીવ રોકાતો જાય છે... રોકાતો (જાય છે)... એક ઉદય પૂરો થયો ન થયો ત્યાં બીજો... ત્રણ સાંધે ત્યાં તેર તૂટે. ઉદયનું એવું છે.

મુમુક્ષુ :– નિરંતર ચાલતું જ રહે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, કંઈને કંઈ ચાલતું જ રહે છે. એ તો ભેખ લેવો જોઈએ કે, મારે તો આ જ કરવું છે, આની પાછળ લાગવું છે. પૂરી શ તથી, પૂરા ઉદ્યમથી પાછળ પડી જાય ત્યારે જ કામ થવાનું. ઢીલાપોચાનું અહીંયાં કામ નથી, ઢીલાઢચવાળાનું કામ નથી. એ નથી કરી શકતો.

**'ઉપાર્જન કરેલ પુણ્યપાપાદિક કર્મ સાથે આવશે.'** આમ કાર્મણવર્ગણા કહેવાય છે. પણ એની યોગ્યતા તો લઈને જાય છે ને ? પહેલા જે નુકસાન કર્યું છે, જે અયોગ્યતા સંચિત થઈ ગઈ છે એમાંથી નીકળવું કઠણ પડે છે. ધર્મનું બીજ તો ક્યારે વવાય ? ક્ષેત્રશુદ્ધિ થઈ હોય ત્યારે. ક્ષેત્રશુદ્ધિ કરવામાં પાણી  તરી જાય એવું છે. કેમકે અનાદિના વિપરીત સંસ્કાર ઘણા લીધેલા છે.

મુમુક્ષુ : 'કૃપાળુદેવે' લખ્યું છે ને પૂર્વનું ઘણું કરીને અનારાધકપણું.

પૂજ્ય ભાઈશ્રી :– અનારાધકપણું. ઈ હળવી ભાષા લીધી છે. પૂર્વનું ઘણું કરીને ઘણું કરેલું વિરાધકપણું (છે), એમ છે. એ વિરાધકભાવોથી જે અયોગ્યતા ઘડાઈ ગઈ છે એની સાફસૂફી કરવી (એ) પરસેવો  તરી જાય એવું છે. એટલે એમ કહે છે ને ? કરવા માગે અને થાય નહિ. કરવાની ઇચ્છા થાય અને કરી શકે નહિ. આત્મકલ્યાણ ધર્મ પામવાની ભાવના કરે અને પામી શકે નહિ. પછી સરખાઈની એની વેદના  પડે કે અરે..રે...! કેમકે પોતે શું કર્યું છે ઈ ખબર નથી. ભવાંતર થઈ ગયું એટલે પૂર્વે શું વિરાધકપણું કર્યું છે ઈ ખબર નથી. અહીંયાં આરાધના કરવી છે પણ આરાધનાના પરિણામ કરી શકતો નથી. એ વેદના એને ગાળે છે. વેદનાનું Stage પહેલું એટલા માટે જ લીધું છે. એ વેદના બધી અયોગ્યતાને ગાળે છે.

મુમુક્ષુ :– મૂળિયા હચમચાવી નાખે.

પૂજ્ય ભાઈશ્રી :– મૂળમાંથી બધું ખખડાવી નાખે. નહિતર નીકળી જ શકે નહિ. પરિણામ જ  પડે નહિ શું કરે ઈ ? એના પરિણામ ન ચાલે, સમજે પણ પરિણામ ન ચાલે (એનું) કરે શું ? ન ચાલે તો અમસ્તા નથી ચાલતા એવું કાંઈ નથી. એવી અયોગ્યતા લઈને બેસી ગયો છે, હજી બેઠો છે એટલે નથી ચાલતા. એમ છે. નહિતર એ પોતે ઇચ્છે છે, સમજે છે (છતાં) કામ નથી કરી શકતો,

(ત્યારે) એ વેદના એને ગાળે છે. પછી કરવું હોય અને ન થાય પછી વેદનામાં આવવું જ પડે. જો ખરેખર કરવું હોય તો. વેદનાનો અર્થ શું છે ? કે, એને હવે ખરેખર કરવું છે. થતું નથી તોપણ ખરેખર કરવું છે એનું નામ વેદના છે. એમાંથી આવે છે, લાવી ન આવે. હું કરવા માગું છું અને મારાથી થાતું નથી એની વેદના ભી થાય. તો આવે ને ? કેમકે કોઈ એવું અવરોધકપણું ઉભું છે કે જે પોતે સમજે છે એવા ભાવને પોતે પ્રાપ્ત કરી શકતો નથી. જે આત્મભાવો એને કરવા છે ઈ કરી શકતો નથી.

મુમુક્ષુ :– અવરોધકભાવોની સામે એ બળવો પોકારે.

પૂજ્ય ભાઈશ્રી :– વેદના ઈ બળવો જ છે ને ! એ બળવો છે.

મુમુક્ષુ :– વિરુદ્ધ અભિપ્રાયો જે ચાલે છે એને બદલાવવા માટે પણ બળ પડે એવું થઈ જાય છે. ખબર પડે છે આ વિરુદ્ધ અભિપ્રાય ચાલી રહ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :– એમાં એમ છે કે, પકડ તો ઢીલી થઈ જવી જોઈએ. જ્યારે ખ્યાલ આવે ત્યારે એની પકડ તો ઢીલી થઈ જવી જોઈએ. પકડ ઢીલી થાય તો પછી ફરવામાં વાંધો ન આવે. એકવાર પકડ ઢીલી થઈ જવી જોઈએ.

મુમુક્ષુ :– અવલોકનથી એનો રસ તૂટે, જોવે તો એનો રસ ઘટે.

પૂજ્ય ભાઈશ્રી :– એને જોરથી નિષેધ આવવો જોઈએ.

**'આ જાતિ કુળ રૂપાદિક તથા નગરાદિકનો સંબંધ દેહની સાથે જ વિનાશ થશે.'** જેવું શરીર છૂટ્યું (કે) કઈ જાત ને શું રૂપ ? કંઈ લેવા કે દેવા. દેશ, નગર કોઈ સંબંધ રહેવાના નથી. દેહ છૂટ્યો (એટલે) બધું છૂટ્યું. અહંભાવ કરી કરીને પોતાના આત્માથી વિરુદ્ધમાં જાય છે. અહંભાવ કરે છે એટલું વિરાધકપણું કરે છે.

'**તે અનિત્ય ચિંતવના ક્ષણ માત્ર પણ વિસ્મરણ ન થાય.**' એવી જે અનિત્યતાની ચિંતવના છે એ વિસ્મરણ કરવા જેવી નથી. જે જે ઉદયભાવો છે એ બધા ઉદયો અનિત્ય છે કે નિત્ય છે ? અનિત્ય છે. અનિત્ય છે પછી અનિત્યને અનિત્ય જોવે તો વળગે નહિ. વળગે છે ક્યારે ? કે એનું અનિત્યપણું ભૂલે છે ત્યારે. '**તે અનિત્ય ચિંતવના ક્ષણ માત્ર પણ વિસ્મરણ ન થાય.**'

'**જેથી પરથી મમત્વ છૂટી આત્મકાર્યમાં પ્રવૃત્તિ થાય એવી...**' આ અનિત્ય ભાવનાનું વર્ણન છે. આત્મકાર્યમાં પ્રવૃત્તિ કરાવવાના હેતુથી છે. અનિત્યપણું તો વાસ્તવિક છે પણ એ વાસ્તવિકતાને જીવ ભૂલે છે તો આત્મકાર્ય કરી શકતો નથી. આત્મકાર્યને અને સંયોગની અનિત્યતાને, અનિત્ય જે વસ્તુનું સ્વરૂપ છે, એને મેળ છે. આત્મહિતને – આત્મકાર્યને વસ્તુના સ્વરૂપ સાથે મેળ છે, સ્વરૂપજ્ઞાન સાથે મેળ છે. સ્વરૂપજ્ઞાન એવું છે કે બધી પર્યાય વિનશ્વર છે. તું કોને વળગવા માગે છો ? બધા જ ઉદયો સ્વપ્ના જેવા છે. બીજું શું છે ?

એ રીતે અનિત્ય ભાવના અહીંયાં પૂરી થાય છે.

પ્રશ્ન :– ભાવનામાં પણ ક્રમ લીધો છે ?

સમાધાન :– હા, એ તો જે ભાવના લીધી છે એ ક્રમથી જ લીધી છે. અનિત્યપણું છે એ તો પહેલા આવવું જોઈએ.

મુમુક્ષુ :– અનિત્યપણું જોઈને પડ્યો એ છેક દ્રવ્યદૃષ્ટિ સુધી પહોંચ્યો.

પૂજ્ય ભાઈશ્રી :– સ્વરૂપમાં લઈ જવા માટે તો આ લીધું છે. સમસ્ત જિનાગમના વચનો એક જ આશયથી કહેવામાં આવ્યા છે.

બીજી અશરણ અનુપ્રેક્ષા. અનુપ્રેક્ષા એટલે વારંવાર ચિંતવવું. '**હવે અશરણ અનુપ્રેક્ષા ચિંતવીએ છીએ.**'

'**આ સંસારમાં કોઈ દેવ, દાનવ, ઇન્દ્ર, મનુષ્ય એવા નથી કે જેના ઉપર યમરાજાની ફાંસી નથી પડી.**' બધા મરવાના. મરણ પાસે કોઈ

શરણ નથી. દેવ હોય કે દાનવ હોય, ઇન્દ્ર હોય કે મનુષ્ય હોય. મરણના મુખમાંથી કોઈ કોઈને બચાવી શકે એવું નથી. '**મૃત્યુને વશ થતાં કોઈ આશરો નથી.**' આશરો નથી એમ કહો કે કોઈ શરણ નથી એમ કહો. અશરણપણું છે, મૃત્યુ પાસે બધાનું જ અશરણપણું છે. ભલે જીવને મૃત્યુ સંમત નથી તોપણ એમાં કાંઈ ચાલે એવું નથી. એક મૃત્યુ થાય છે તો એની ગંભીરતા આવે છે કે નહિ ?

મુમુક્ષુ :– ઘરની કોઈ વ્યિ તનું થાય તોપણ આવી જાય.

પૂજ્ય ભાઈશ્રી :– ઘરની વ્યિ તનું થાય અને સ્મશાનમાં કોઈ સંબંધી માટે જાય તો ત્યાં ગંભીરતા આવે છે કે નથી આવતી ? કેટલી ગંભીરતા આવે છે ત્યાં ? અનંત જન્મમરણની ચિંતા નહિ એ કેવી વાત છે !! ઘણી વિચિત્ર વાત છે. એકની આટલી ગંભીરતા તો અનંતની કેટલી ગંભીરતા આવવી જોઈએ !! અને કેવળ મારાપણું કરીને એ અનંત (જન્મ-મરણને) નોતરે છે. અનંત જન્મ-મરણને આમંત્રણ શેનેથી દ્યે છે ? પોતાને વિષે પોતાના નહિ એવા પદાર્થોમાં પોતાપણું કરવું એટલું જ. જે પોતાના નથી એવા પદાર્થો દેહાદિકથી માંડીને જેટલા કોઈ સંયોગ છે એમાં પોતાપણું કરવું (એ) અનંત જન્મ-મરણને આમંત્રણ દેવાનું કામ છે. ભિન્ન છે એને ભિન્ન જુઓ.

'**આયુષ્ય પૂર્ણ થવાના કાળમાં ઇન્દ્રનું પતન ક્ષણ માત્રમાં થાય છે.**' ઈ તો બધાયને પ્રાણ પલકમાં જાય. પલકારો મારે ત્યાં ખલાસ ! (ભાઈ) નથી. આ તો સમર્થ દૃષ્ટાંત આપે છે. ઇન્દ્ર જેવો ઇન્દ્ર હોય તોપણ આયુષ્ય પૂરું થયું કે વાત પૂરી ! એને મોટાઈ ઘણી હતી, મોટી પદવી હતી અને એના માન-સન્માન પણ બહુ હતા, (પણ) ગયો એને લેવા કે દેવા. એને શું લેવાદેવા ? આ મોટા માણસો મરે છે ને ? Prime minister મરી ગયા. અંતિમ ક્રિયા વખતે એકવીસ તોપોની એને સલામી આપી. કેટલી ? એકવીસ. હવે એને શું લેવાદેવા ? કાંઈ લેવાદેવા ખરી ? કોઈ સંબંધ નથી.

મુમુક્ષુ :– એક જીવ ગયો એની પાછળ લાખો જીવો અમસ્તા જ મરી જાય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, તોપ ફોડે એમાં બીજા લાખો (જીવો) મરી જશે. આ તો જગતમાં શું છે કે લોકોને માનની બહુ કિંમત (હોય છે). હા...! ભાઈનું બહુ માન હતું... બહુ માન હતું... પણ એને હવે લેવા કે દેવા. જીવને કાંઈ કલ્પના કરવા જેવી નથી. માન-ફાનની કલ્પના કરવા જેવી નથી.

**'જેના અસંખ્યાત દેવ આજ્ઞાકારી સેવક...'** હોય. કેટલા ? અબજો નહિ, અસંખ્ય દેવો આજ્ઞામાં ભા હોય એવા ઇન્દ્ર હોય. છે ને ઇન્દ્ર ? બત્રીસ લાખ વિમાનનો સ્વામી કહેવાય છે. એક એક વિમાનમાં કેટલા દેવ ? અસંખ્ય દેવો ! એના આજ્ઞાકારી. એટલું પુણ્ય લઈને આવ્યો. કોઈ સામું કાંઈ કરી ન શકે. અહીંની વાત જુદી છે. અહીં તો Prime minister થાય તોપણ એને ભરબજારે ગાળો કાઢે ! એવા હલકા પુણ્ય નહિ. એવા પુણ્ય (કે) અસંખ્ય દેવો આજ્ઞાકારી હોય.

**'જે હજારો રિદ્ધિવાળા છે,...'** દેવો પણ રિદ્ધિ-સિદ્ધિવાળા છે. **'જેનો સ્વર્ગમાં અસંખ્યાત કાળથી નિવાસ છે,...'** સાગરોપમના આયુષ્ય છે. **'રોગ, ક્ષુધા, તૃષાદિક ઉપદ્રવ રહિત જેનું શરીર છે,...'** સુગંધવાળું (શરીર છે), એમાંથી દુર્ગંધ પણ ન આવે. **'અસંખ્યાત બળ પરાક્રમના જે ધારક છે, આવા ઇંદ્રનું પતન થઈ જાય ત્યાં પણ અન્ય કોઈ શરણ નથી.'** જાવ ! એનો ટાઇમ પૂરો થયો (કે) રવાના. ઇન્દ્રાસન ખાલી. કોઈ શરણ નથી.

**'જેમ ઉજ્જડ વનમાં વાઘે ગ્રહણ કરેલ હરણના બચ્ચાની કોઈ રક્ષા કરવાને સમર્થ નથી,...'** વાઘના મોઢામાંથી એને કોણ છોડાવી શકે ? **'તેમ મૃત્યુથી પ્રાણીની રક્ષા કરવાને કોઈ સમર્થ નથી. આ સંસારમાં પૂર્વે અનંતાનંત પુરુષ પ્રલયને પ્રાપ્ત થયા છે. કોઈ શરણ છે ?'** કોઈ શરણ

નથી. **'કોઈ એવાં ઔષધ, મંત્ર, તંત્ર અથવા દેવદાનવાદિક નથી કે જે એક ક્ષણ માત્ર કાળથી રક્ષા કરે.'** એક ક્ષણ પણ (આયુષ્યનો) લંબાવી (શકે નહિ) કે, એક ક્ષણ હું મારું થોડું કામ કરી લઉં, આટલું પૂરું કરી લઉં, અધૂરું છે. કાંઈ નહિ. સમય પૂરો થયો કે સૌએ કામ પડતા મૂકી મરવાના. એમ કહીને એમ કહેવા માગે છે કે, તું તારું આત્મહિત ત્વરાથી કરી લે. એ મરણને શરણ થવું પડે એ પહેલાં તું તારું આત્મહિત ત્વરાથી કર, ઝપટ કર !

મુમુક્ષુ :– બધી બાજુથી જોવે તો ચિંતાજનક પરિસ્થિતિની વચ્ચે ભો છે છતાં નિશ્ચિંત છે !

પૂજ્ય ભાઈશ્રી :– હા, કેવી વિચિત્ર વાત છે !!

મુમુક્ષુ :– એક્કેય Plus point છે નહિ પોતા પાસે છતાં એકદમ નિષ્ફિકર છે !

પૂજ્ય ભાઈશ્રી :– ગફલતમાં છે. અચાનક કાળ આવીને ભો રહી જાય છે.

આગળનું પછી લેશું.



## તા. ૧૦-૧૨-૧૯૯૬, પ્રવચન નં. ૬
## અશરણ ભાવના

'(શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત), અશરણ અનુપ્રેક્ષા. તમામ સંસારીને મરણનો ભય છે. સૌથી મોટો ભય એ છે. કોઈ મરવા ઇચ્છતું નથી. ઇચ્છતું તો નથી પણ એની કલ્પના પણ માણસને દુઃખ પહોંચાડે છે. છતાં પણ મરણ પાસે બધા અશરણ જ છે. એ અશરણ ભાવનાને ચિંતવીને જન્મ-મરણના નાશનો ઉપાય પ્રાપ્ત કરવો રહ્યો. તાત્પર્ય તો એ છે.

(૧૯મા પાને) પહેલા પેરેગ્રાફમાં વચ્ચેથી છે. **'કોઈ એવાં ઔષધ, મંત્ર, યંત્ર અથવા દેવદાનવાદિક નથી કે જે એક ક્ષણ માત્ર કાળથી રક્ષા કરે.'** એક ક્ષણ માટે પણ રક્ષા કરે એવા નથી. મરણથી બચાવે એવા તો કોઈ નથી. એક ક્ષણ પણ મૃત્યુને આઘુંપાછું ઠેલી શકે એવી પણ કોઈની શિ ત નથી. **'જો કોઈ દેવ, દેવી, વૈદ, મંત્ર, તંત્રાદિક એક મનુષ્યની મરણથી રક્ષા કરત, તો મનુષ્ય અક્ષય થઈ જાત.'** તો કોઈ મરત જ નહિ. ઘણા એમ માને છે કે, ફલાણા બચાવે છે. ફલાણા મરણથી બચાવી લે છે, પણ એ વાતમાં કાંઈ માલ નથી. **'માટે મિથ્યા બુદ્ધિને છોડી અશરણ અનુપ્રેક્ષા ચિંતવો.'**

**'મૂઢ લોક એવા વિચાર કરે છે કે મારા સગાના હિતનો ઇલાજ ન થયો,...'** આવી રીતે આમ ન થયું ને તેમ ન થયું... એ બધી વાત ખોટી છે. ઔષધ ન મળ્યું, દવા ન પહોંચી, એ વખતે દેવતાનું

શરણ ન લીધું. **'ઉપાય કર્યા વિના મરી ગયો,...'** સાચો ઉપાય કર્યો હોત તો બચી જાત. **'એવો પોતાના સ્વજનનો શોક કરે છે. પણ પોતાનો શોચ નથી કરતો કે હું જમની દાઢની વચ્ચે બેઠો છું.'** બીજા માટે આવો વિચાર કરે છે પણ હું મૃત્યુના મુખમાં બેઠો છું એનો વિચાર કરતો નથી.

**'જે કાળને કરોડો ઉપાયથી પણ ઇંદ્ર જેવા પણ ન રોકી શક્યા, તેને બાપડું માણસજાત તે શું રોકશે ?'** એ કોઈ રોકી શકે એવું છે નહિ. આ બ્રાહ્મણ લોકો મૃત્યુંજયનો જાપ કરાવે છે, મૃત્યુંજયનો મંત્ર ભણાવે છે. હજી કોઈ બચ્યું ? એનાથી કોઈ બચ્યું ? કોઈ રહ્યું છે ? એ બધી વાત સાવ ખોટી છે. **'જેમ બીજાનું મરણ થતાં જોઈએ છીએ તેમ મારું પણ અવશ્ય થશે.'** અને તે અનિશ્ચિત છે એમ ચોક્કસ નિશ્ચય કરવો જોઈએ.

**'જેમ બીજા જીવોને સ્ત્રી, પુત્રાદિકનો વિયોગ દેખીએ છીએ, તેમ મારે પણ વિયોગમાં કોઈ શરણ નથી.'** બીજાને કહે છે કે, અરે...! નાની ઉંમરમાં આમ થઈ ગયું, તેમ થઈ ગયું. વિયોગ થઈ ગયો, ફલાણું થઈ ગયું, છોકરાઓ નાના છે, આમ છે... **'અશુભકર્મની ઉદીરણા થતાં બુદ્ધિનાશ થાય છે, પ્રબળ કર્મનો ઉદય થતાં એકે ઉપાય કામ નથી આવતો.'** એટલે વિવેક નથી કરતો, વિચાર નથી કરી શકતો અને કોઈ ઉપાય કામમાં આવતો નથી. ઉદય આવ્યો એમાં ઉપાય શું કામમાં આવે ? ઉદયને કોઈ ફેરવી શકતું નથી. **'અમૃત વિષ થઈને પરિણમે છે,...'** અમૃતનું ઝેર થઈ જાય એમ કહે છે. અમૃત જેવું કોઈ પીણું નથી પણ ઉદય અનુસાર બધા પરમાણુ(ના) ફેરફાર થઈ જાય એમ કહેવું છે. **'તણખલું પણ શસ્ત્ર થઈ પરિણમે છે, પોતાના વહાલા મિત્ર પણ વૈરી થઈ પરિણમે છે, અશુભના પ્રબળ ઉદયના વશથી બુદ્ધિ વિપરીત થઈ પોતે પોતાને જ ઘાત કરે છે.'** આપઘાત પણ કોઈ કરી બેસે છે.

**'જ્યારે શુભ કર્મનો ઉદય થાય છે, ત્યારે મૂર્ખને પણ પ્રબળ બુદ્ધિ પજે છે.'** ગાંડો હોય ઈ ડાહ્યો કહેવાય છે. જુઓ ! ભાઈ ! કેટલું ડહાપણ (છે) ! આપણે બધા માનતા હતા કે ગાંડો છે... ગાંડો છે... પણ એવું કાંઈ નથી. **'કર્યા વિના સુખકારી અનેક ઉપાય પોતાની મેળે પ્રગટ થાય છે.'** આપોઆપ બધું એને સવળું પડે છે. અવળું નાખે અને સવળું પડે. **'વૈરી મિત્ર થઈ જાય છે, વિષ પણ અમૃત પરિણમે છે. જ્યારે પુણ્યનો ઉદય થાય ત્યારે સમસ્ત ઉપદ્રવકારી વસ્તુઓ નાના પ્રકારના સુખ કરવાવાળી થાય છે. તે પુણ્યકર્મનો પ્રભાવ છે.'**

જગતમાં પુણ્ય અને પાપનું મહત્ત્વ ઘણું છે. વીતરાગમાર્ગમાં એનું મહત્ત્વ નથી. મોક્ષમાર્ગી અથવા આત્માર્થી હોય ઈ તો પુણ્યનો ઉદય હોય કે પાપનો ઉદય હોય બન્નેમાં ત્રીજો જ રસ્તો પકડે છે અને આત્મહિતમાં વિશેષપણે પરિણમે છે. આ અહીંયાં તો અશરણપણું લેવું છે ને ? કે, પાપનો ઉદય આવે તો પણ તું કાંઈ ન કરી શકે, પુણ્યનો ઉદય આવે તોપણ તું કાંઈ ન કરી શકે.

**'પાપના ઉદયથી હાથમાં આવેલું ધન ક્ષણમાત્રમાં નાશ થઈ જાય છે. પુણ્યના ઉદયથી ઘણી દૂર હોય તે વસ્તુ પણ પ્રાપ્ત થઈ જાય છે. લાભાંતરાયનો ક્ષયોપશમ થાય ત્યારે, વિના યત્ને નિધિરત્ન પ્રગટ થાય છે.'** વગર પ્રયત્ને અને પાપનો ઉદય થાય તો વહાણ ડૂબી જાય અથવા ભોંમાંથી ભાલા ગે, એમ કહે છે.

મુમુક્ષુ :– ભાગ્યશાળીને ભૂત રળે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ભાગ્યશાળીને ભૂત રળે એમ કહે.

**'પાપ ઉદય થાય ત્યારે સુંદર આચરણ કરતો હોય તેને પણ દોષ, કલંક આવી પડે છે, અપવાદ...'** થાય. **'પાપ ઉદય થાય ત્યારે સુંદર આચરણ કરતો હોય તેને પણ દોષ, કલંક આવી પડે છે, અપવાદ અપયશ થાય છે. યશ નામકર્મના ઉદયથી સમસ્ત અપવાદ દૂર થઈ દોષ ગુણરૂપ થઈ પરિણમે છે.'** દોષને પણ લોકો ગુણ જોવે, પેલા

ગુણને પણ લોકો દોષ જોવે. મારાપણું કરે એટલે દુ:ખી થાય. પુણ્યના ઉદયમાં કે પાપના ઉદયમાં મારો ઉદય છે એમ કરે તો દુ:ખી થઈ જાય. '**સંસાર છે તે પુણ્ય પાપના ઉદયરૂપ છે.**' એ બધો સંસાર છે.

'**પરમાર્થથી બન્ને ઉદય (પુણ્ય-પાપ) પરના કરેલા અને આત્માથી ભિન્ન જાણીને તેના જાણનાર અથવા સાક્ષી માત્ર રહો,...**' અશરણ ભાવનામાં એ નાખ્યું. કેમકે ઉદયમાં એમ લીધું ને કે, કોઈના હાથની વાત નથી. એમાં પણ અશરણ છે. મરણને અશરણ છે એમ નહિ ઉદયમાં પણ જીવ અશરણ છે. તો મોક્ષમાર્ગમાં પરમાર્થે શું કરવું ? જ્યારે એ પરવશ છે, પોતાને વશ નથી તો જીવે શું કરવું ? કે, એને ભિન્ન જાણવું. '**હર્ષ અને ખેદ કરો નહીં.**' ન પુણ્યોદયમાં હરખાવું, ન પાપના ઉદયમાં ખેદાવું.

'**પૂર્વે બંધ કરેલ કર્મ તે હવે ઉદય આવ્યાં છે.**' એ તો પૂર્વના પરિણામનું જ્ઞાન કરાવે છે, પોતાના જ કરેલા પરિણામોનું જ્ઞાન કરાવે છે. '**પોતાનાં કર્યા દૂર નથી થતાં.**' અને એ દૂર કરવા માગે કે આઘુંપાછું કરવા માગે તો એથી કાંઈ થાય નહિ. અને '**ઉદય આવ્યા પછી ઇલાજ નથી.**' ઉદય આવ્યો એટલે એમાં તો કાંઈ ફેરફાર કરવાનો કોઈનો અધિકાર નથી.

'**કર્મનાં ફળ, જે જન્મ, જરા, મરણ, રોગ,...**' એ કર્મનાં ફળ છે. '**ચિંતા, ભય, વેદના, દુ:ખ આદિ આવતાં તેનાથી રક્ષણ કરવા મંત્ર, તંત્ર, દેવ, દાનવ, ઔષધાદિક, કોઈ સમર્થ નથી, કર્મનો ઉદય આકાશ, પાતાલ, કે ક્યાંય પણ નથી છોડતો.**' કોઈને જ્યોતિષ આદિથી કે બીજા કોઈ જ્ઞાનથી કંઈ ખબર પડે કે આમ થવાનું છે, એનો ઉપાય કરવા જાય તો કાંઈ ફેરફાર થતો નથી. બચવાનો ભાવ કરે પણ એથી કાંઈ બચી શકે નહિ. બચવું હોય તો મારાપણું છોડો. ખરી વાત એ છે. જો દુ:ખથી બચવું હોય તો પોતાપણું છોડો, મારાપણું છોડો.

ભિન્ન છે એનાથી ભિન્નપણું અનુભવવામાં વાંધો શું ? જે ભિન્ન

છે, ભિન્ન છે એને ભિન્નપણે અનુભવવું છે. એમાં કાંઈ વાંધો હોવો ન જોઈએ અને તો દુઃખ નથી, નહિતર દુઃખ છે અને ઈ દુઃખનો કોઈ ઇલાજ નથી. આ સિવાય કોઈ બીજો ઇલાજ નથી. ભિન્ન પડવા સિવાય દુઃખથી છૂટવાનો કોઈ ઇલાજ નથી.

**'ઔષધાદિક બાહ્ય નિમિત્ત, અશુભ કર્મનો ઉદય મંદ થતાં ઉપકાર કરે છે.'** કોઈ કહે કે, ઈ દવાથી મટે તો છે. તો કહે છે, ઉદય ફર્યો હોય તો (મટે) નહિતર નહિ. આ દવાએ બે લાખ દર્દીઓને ફાયદો કર્યો છે. હવે આને ફાયદો નથી કરતી તો એનો કોઈ ઉપાય નથી. અથવા એક રોગ ઉપર એક દવાએ પહેલાં ફાયદો કર્યો હોય અને અત્યારે ન કરે. શું કરો ?

**'દુષ્ટ, ચોર, ભીલ, વૈરી તથા સિંહ, વાઘ, સર્પાદિક ગામમાં કે વનમાં મારે, જલચરાદિક પાણીમાં મારે; પણ અશુભ કર્મનો ઉદય જળમાં, સ્થળમાં, વનમાં, સમુદ્રમાં, પહાડમાં, ગઢમાં, ઘરમાં, શય્યામાં, કુટુંબમાં, રાજાદિક સામંતોની વચમાં, શસ્ત્રોથી રક્ષા કરતાં છતાં ક્યાંય પણ નથી છોડતો.'** એના માટે કોઈ રક્ષણ કરવાની પરિસ્થિતિ છે જ નહિ. એવી ઘણી કથાઓ આવે છે – બચવાનો પ્રયત્ન કર્યો હોય એવી, પણ એવું કાંઈ બની શકતું નથી.

**'આ લોકમાં એવાં સ્થાન છે કે જેમાં સૂર્ય, ચંદ્રમાના ઉદ્યોત તથા પવન તથા વૈક્રિયિક રિદ્ધિવાળાં જઈ શકતાં નથી,...'** એવા એવા સ્થાનો (છે) જ્યાં કોઈ પ્રવેશ ન કરી શકે. **'પરંતુ કર્મનો ઉદય તો સર્વત્ર જાય છે.'** કેમકે એ બહારથી નથી આવતો. ઈ પરમાણુ અંદરથી ફરે છે. એનું શું કરો ? એનો કોઈ ફેરફાર કરી શકે નહિ.

પ્રશ્ન :– ભાઈશ્રી ! માની લ્યો કે જીવ નિગોદમાં ગયો તો ત્યાં તો બહુ સૂક્ષ્મ થઈ જાય છે, નાનો થઈ જાય છે તો કર્મ પણ એ વખતે સૂક્ષ્મ થઈ જાય છે ?

સમાધાન :– કર્મ તો આમ પણ સૂક્ષ્મ જ છે, કર્મ તો સૂક્ષ્મ

જ છે. અને જીવમાં અને કર્મમાં અવગાહન શ઼િ ત છે. એક પરમાણુ જે ક્ષેત્રમાં રહે છે તે જ એક પરમાણુની જગ્યામાં અનંત પરમાણુ રહી શકે છે. કેટલાં ? અનંત પરમાણુ ! એટલી અવગાહન શ઼િ ત પુદ્ગલ પરમાણુમાં છે. એટલે કાંઈ જરૂરી નથી કે એને મોટું ક્ષેત્ર જોઈએ, એ કોઈ જરૂરી નથી.

'ગુરુદેવ' કહેતા હતા. નિગોદનો જીવ – આ જે જમીનકંદ છે, બટાટા, શક્કરિયા, સૂરણ, આદુ – એની સોયના અણી જેટલી એક ટપકીમાં અસંખ્ય જીવો હોય છે. કેટલા ? Common body હોય, શરીર એક (હોય). જીવો કેટલા ? અસંખ્ય ! અનંત જીવો, અસંખ્ય નહિ પણ અનંત. અસંખ્ય શરીર (છે) અને એક શરીરમાં અનંત જીવો ! કેટલા ? અનંત ! Common body હોય. સિદ્ધ ભગવાન અનંતા છે એથી વધારે અનંત !! બધા એકક્ષેત્રાવગાહ રહે છે. એક એક જીવને અનંત કાર્મણ વર્ગણાના પરમાણુઓ હોય છે. એટલા બધા પરમાણુઓ એક જગ્યાએ હોય છે. શરીરના પરમાણુ જુદાં, કાર્મણ વર્ગણાના પરમાણુ જુદાં, તૈજસ વર્ગણાના પરમાણુ જુદાં. એટલી બધી અવગાહનપણાની અચિંત્ય શ઼િ ત છે. અવગાહન શ઼િ ત પણ અચિંત્ય છે. ઈ પરમાણુ અંદરથી ફરે એમાં બહાર શું કરે ? બહારમાં તમે ગમે તેવી રક્ષા કરી હોય પણ અંદરથી પરમાણુ ફરે એનું શું ? કર્મનો ઉદય તો અંદર આવે, એ બહારથી નથી આવતો.

મુમુક્ષુ :– ભાઈશ્રી ! બહારથી કોઈ અનુકૂળતા કરી પણ આપશે પણ અંદરના પરમાણુઓનું શું ? જ્યારે અંદરમાં કર્મનો ઉદય આવશે અને બહારથી ગમે તેટલી સુરક્ષા કરી લે તો કોઈ કામની નથી.

પૂજ્ય ભાઈશ્રી :– કોઈ રસ્તો નથી, કોઈ ઇલાજ નથી.

બાળક :– ભાઈશ્રી ! સ્કુલમાં કોઈ શક્કરકંદ લાવે છે તો એમાં ઘણા જીવ હોય છે ?

સમાધાન :– હા, જે કાચું હોય એમાં હોય છે. તેને રાંધવાથી

તે મરી જાય છે. કાચામાં હોય છે. જે કાચું હોય ને ? એમાં હોય છે. તેને રાંધવાથી તે બધાં મરી જાય છે.

બાળક :– એ મરેલા જીવને ખાવાથી પણ પાપ લાગે છે ?

સમાધાન :– જ્યારે ખાશો, તો પહેલા મારશો ત્યારે રાંધશો ને ? રાંધવામાં મરી જશે, પહેલા મારવા પડે તો એનું તો પાપ લાગે ને !

બાળક :– ભાઈશ્રી ! ખાય કોઈ બીજો અને બનાવે કોઈ બીજો તો જે બનાવે છે તેને પણ લાગે ?

સમાધાન :– હા, તેને પણ લાગે છે (અને જે ખાય) તેને પણ લાગે છે. બન્નેને લાગે છે.

બાળક :– જે ખાય છે તેને કેવી રીતે લાગે ? તેણે તો જીવને નથી માર્યા.

સમાધાન :– તેણે ખાવાની ઇચ્છા કરી ત્યારે તેણે બનાવ્યું ને ? ખાવાનો ભાવ છે, એને ખબર છે (જીવો) તો મરી જશે.

બાળક :– એમ કહી શકાય જીવને મારવાનો ભાવ છે ?

સમાધાન :– આવી ગયો એમાં એ ભાવ આવી ગયો. રાંધે છે ક્યારે ? ક્યારે રાંધે છે ? કે, ખાવાનો ભાવ થાય છે ત્યારે. તો એનો દોષ તો લાગશે.

પ્રશ્ન :– એક બટેટામાં કેટલી જીવરાશિ હોતી હશે ?

સમાધાન :– ઘણી, નિગોદના અનંત જીવો હોય છે. કોઈ હિસાબ ન લગાવી શકાય.

આ બધી પરિસ્થિતિ જોઈને શું કરવું ? જીવોની પરિભ્રમણની પરિસ્થિતિ જોઈને શું ભાવ આવવો જોઈએ ? ફટાફટ પોતાનું કામ કરી લે. પોતામાં સમાય જાય. બધા પ્રકારના ભાવના ભ્રમણને છોડીને, ભાવ પોતામાં સમાવી લે. ભાવભ્રમણ છૂટશે તો દ્રવ્યભ્રમણ છૂટશે. અને ભાવભ્રમણથી તારું શું પ્રયોજન છે ? તે બતાવ. તારો

ભાવ બહારમાં ભ્રમણ કરે છે તો તું જો શું પ્રયોજન છે ? શું મળે છે ? બતાવ. ફાલતુનું છે.

મુમુક્ષુ :- આકુળતા સિવાય કાંઈ મળતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- બીજું શું મળશે ? વર્તમાનમાં પણ દુઃખ અને ભાવિમાં પણ દુઃખનું કારણ.

મુમુક્ષુ :- જેટલી માથાકૂટ છે એટલી જ આકુળતા છે.

પૂજ્ય ભાઈશ્રી :- જીવ માથાકૂટ શા માટે કરે છે ? આ પ્રશ્ન છે. કોઈ પ્રયોજન સિદ્ધ થાય તો તો ઠીક (છે). પ્રયોજન તો કોઈ સિદ્ધ થતું નથી. જીવને કંઈ પણ કરીને જોઈએ છે તો સુખ. (તો સુખ) મળે છે ખરું ? જ્યારે મળતું તો નથી પછી પરિભ્રમણનો ભાવ કેમ કરી રહ્યો છે ?

'**પ્રબળ કર્મનો ઉદય થતાં, વિદ્યા, મંત્ર, બળ, ઔષધિ, પરાક્રમ, વહાલા મિત્ર, સામંત, હાથી, ઘોડા, રથ, પાયદળ, ગઢ, કોટ, શસ્ત્ર, સામ, દામ, દંડ, ભેદાદિક બધા ઉપાય શરણરૂપ થતા નથી.**' કોઈ કામમાં ન આવે. જ્યારે કર્મનો ઉદય આવે ત્યારે કોઈ કામમાં નહિ આવે. નકામા થઈ જશે.

આમાં 'મહાભારત'માં તો આવે છે, આમાં નથી આવતું – આપણાં 'હરિવંશ પુરાણ'માં નથી આવતું. 'મહાભારતમાં આવે છે. 'અર્જુને' 'મહાભારત'નું યુદ્ધ જીત્યું. મહાન યોદ્ધો હતો ને ? પછી 'દ્વારકા'થી પાછા આવતા રસ્તામાં લૂંટારાએ લૂંટી લીધો ! 'કાબે અર્જુન લૂટીયો, યહી ધનુષ યહી બાણ...' એવો એમાં દોહો છે. 'સમય સમય બલવાન હૈ, નહિ પુરુષ બલવાન, કાબે અર્જુન લૂટિયો, યહી ધનુષ, યહી બાણ...' ઈ જ ગાંડિવ ધનુષ એની પાસે હતું, ઈ જ બાણ હતા, પડ્યા રહ્યા. કાબા એટલે લૂટારા. એમ કર્મનો ઉદય આવે એટલે બધું નકામું. કોઈ સાધન સાધન તરીકે કામમાં ન આવે.

બાળક :- કોઈ ક્રોધ કરે એને શું કહેવાનું ?

સમાધાન :– આપણે કહીને શું કામ છે ? કોઈ ક્રોધ કરે એને આપણે કહીને શું કામ છે ? આપણે કોઈને કાંઈ કહેવાનું નહિ. બરાબર ?

**'જેમ ઉદય થતા સૂર્યને કોણ રોકે ?'** કે અસ્ત થતા સૂર્યને પણ કોણ રોકે ? **'તેમ કર્મના ઉદયને ન રોકી શકાય એવા જાણી સમતાભાવનું શરણ ગ્રહણ કરો,...'** આખરમાં એ વાત આવી – સમભાવમાં રહો. કર્મનો ઉદય પુણ્યનો હો કે કર્મનો ઉદય પાપનો હો. ભિન્નપણું કરીને સમભાવમાં રહો. દુ:ખી નહિ થવાનો એ ઉપાય છે. બચવાનો આ એક જ ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી. જ્ઞાની એમ કરે છે, જ્ઞાની છે એ એમ કરે છે. ભિન્ન રહીને જોડાતા નથી, ભિન્ન રહે છે. કર્મનો ઉદય એને નથી, પછી એ કર્મનો ઉદય ભિન્ન પડી ગયા એને છે નહિ. જે ઉદયની ઉપાધિ કરે છે એને ઉદય છે. ભિન્ન રહે છે એને ઉદય નથી.

**'કર્મના ઉદયને ન રોકી શકાય એવા જાણી સમતાભાવનું શરણ ગ્રહણ કરો, તો અશુભ કર્મની નિર્જરા થાય, અને નવો બંધ ન થાય.'** ન જોડાય તો (બંધ ન થાય). **'યોગ, વિયોગ, દારિદ્રય, મરણાદિકનો ભય છોડી પરમ ધૈર્ય ગ્રહણ કરો.'** બધાનો ભય છોડી દ્યો. લોકોને આ બધા યોગ, વિયોગ, દારિદ્રય, મરણનો ભય થાય છે એ મારાપણાને લઈને થાય છે. ભય ક્યાં થાય ? મમત્વ હોય ત્યાં જ ભય થાય. જ્યાં મમત્વ ન હોય ત્યાં ભયની ઉત્પત્તિ નથી.

**'પોતાનો વીતરાગભાવ, સંતોષભાવ, પરમ સમતાભાવ એ જ શરણ છે, બીજું કોઈ શરણ નથી.'** અશરણ ભાવનામાં શરણ કોણ છે ઈ સાથે સાથે બતાવ્યું છે. પોતાનો વીતરાગભાવ છે એ શરણ છે, આરાધકભાવ છે એ શરણ છે. એ પરમશરણ છે. પોતાનો આત્મા જ શરણરૂપ છે. પોતાનું સ્વરૂપ છે તે શરણરૂપ છે કે જ્યાં કોઈપણ પ્રકારનો ઉપદ્રવ થઈ શકતો નથી. બસ ! ત્યાં બેસી જાય. Finish.

પછી કાંઈ (ચિંતા નથી.)

(જ્ઞાનીપુરુષો) મરણને મહોત્સવમાં લઈ જાય છે. કોઈપણ પ્રસંગને કેમ ખતવવો એ પોતાની સમજણ અને જ્ઞાન ઉપર આધારિત છે.

પ્રશ્ન :– મહોત્સવમાં કેવી રીતે લઈ જાય ?

સમાધાન :– પુરુષાર્થ કરે છે. મહોત્સવમાં શું થાય ? આનંદ આવે. મહોત્સવમાં શું થાય ? લોકો(ને) આનંદ આવે. મૃત્યુના પ્રસંગે વિશેષ પુરુષાર્થ કરીને આનંદ પ્રગટ કરે માટે મહોત્સવ (કહેવાય છે). એમ છે. આનંદ પ્રગટ કરવાનો સર્વોત્તમ મોકો ! સર્વોત્તમ અવસર ! માટે એને મૃત્યુ મહોત્સવ કહેવામાં આવે છે. આ 'રત્નકરંડ શ્રાવકાચાર'માં છે ને ? છેલ્લે એ પ્રકરણ લીધું છે. 'સ્વામી સમંતભદ્રાચાર્યે' એ વાત લીધી છે. મૃત્યુ તો જ્ઞાનીઓને મહોત્સવ છે, લોકોને રોવાનું-ધોવાનું – ભયનું સ્થાન છે, જ્ઞાનીઓને મહોત્સવ છે.

મુમુક્ષુ :– ભાઈશ્રી ! આપે કીધું હતું ને મુનિ મહારાજને વાઘને આવતો જોઈને એમાં કેવળજ્ઞાન દેખાય છે ! વાઘ નથી દેખાતો કેવળજ્ઞાન દેખાય છે !

પૂજ્ય ભાઈશ્રી :– વાઘ નથી દેખાતો એને પોતાનો પુરુષાર્થ દેખાય છે ! 'પામ્યા જાણે પરમમિત્રનો યોગ જો...' લીધું કે ન લીધું ? વાઘ, સિંહનો સંયોગ થયો તો કહે મારા પરમમિત્રનો યોગ છે. એને વાઘ, સિંહ કે મૃત્યુની દૃષ્ટિએ જોતાં નથી. લોકો એમ કહે છે કે, પાપનો ઉદય ખરાબ (છે), જ્ઞાની એમ નથી કહેતા, ઈ કહે છે મારે તો પુરુષાર્થ વધવાનું કારણ છે – નિમિત્ત છે. એને ખરાબ કેમ કહું ? એટલે 'કૃપાળુદેવે' બીજી ભાષામાં 'સૌભાગ્યભાઈ'ને ન લીધું ? કે, (કઠણાઈ એ તો) ઈશ્વરની પ્રસાદી છે. જેમ પ્રસાદનો અનાદર કરાતો નથી, અન્યમતમાં એવું આવે, 'સત્યનારાયણ'ની કથામાં પ્રસાદનો

અનાદર કર્યો હોય તો ભગવાન એના ઉપર કોપાયમાન થાય. તો (અહીંયાં) કહે છે, આ પ્રતિકૂળતાનો અને પાપનો ઉદય આવ્યો. તો કહે છે, ઈ ઈશ્વરકૃપા થઈ ! ઈશ્વરની પ્રસાદી છે; એનો આદર, સત્કાર તું કરજે પણ એનો અનાદર કરીશ નહિ. ખતવણીફેર થઈ ગઈ, વાત તો જે છે ઈ છે. દૃષ્ટિ ફેરે બધો ફેર. દૃષ્ટિ ફેર થઈ તો બધું ફરી ગયું.

મુમુક્ષુ :– 'ગજસુકુમારમુનિ' કહે છે, સગડી નથી મૂકી, મને મોક્ષની પાઘડી પહેરાવી !

પૂજ્ય ભાઈશ્રી :– મોક્ષની પાઘડી બંધાવી. 'ગજસુકુમાર' !

એટલે જ્ઞાનીઓને તો પ્રતિકૂળતા એ જ અનુકૂળતા છે. પાપનો ઉદય એમ લોકો કહે છે પણ એમને અંદરમાં પુરુષાર્થનો ઉદય થાય છે. શેનો ઉદય થાય છે ? પુરુષાર્થનો ઉદય થાય છે. એ તો નિમિત્ત છે – બહારનો ઉદય તો નિમિત્ત છે. અંદરમાં પુરુષાર્થનો ઉદય થાય અને વધારે કમાણી કરે છે, નિર્જરા વધારે કરે છે.

પ્રશ્ન :– મુમુક્ષુ શું કરે ?

સમાધાન :– મુમુક્ષુ એમ જ કરે. જ્ઞાનીના માર્ગને અનુસરવું, અનુસરવાનો પ્રયત્ન કરવો એ મુમુક્ષુનો ધર્મ છે. મુમુક્ષુદશા એ પ્રયત્નદશા છે અને જ્ઞાનદશા છે એ પ્રયત્નની સફળતાની દશા છે.

જે પ્રતિકૂળતાથી બચવા જગતના જીવો પહેલેથી જ ભયવાન થઈ જાય છે (ત્યારે) જ્ઞાની હોય કે આત્માર્થી હોય એને ખબર પડે કે આ પ્રતિકૂળતાનો ઉદય શરૂ થયો અને પ્રતિકૂળતા આવશે અને વધશે. એટલે એ પુરુષાર્થની બાંયું ચડાવવા માંડે ! જેમ કોઈ લડવા માટે બાંયું ચડાવે કે, આવી જા તું ! આવી જા ! એના જેવું છે. એને ભય થતો નથી. ભય તો કાયર લોકોને થાય. જે કાયર હોય એ બીવે. ભયના ભૂતડાથી કોણ બીવે ? કે કાયર હોય એ. જે પોતે નીડર હોય એનાથી તો પેલા ભૂતડા ભાગવા માંડે, એને એ ડરાવી

શકતા નથી. એવું છે.

મુમુક્ષુ :– 'કૃપાળુદેવે' લખ્યું છે ને કે, વિચારવાન જીવને અજ્ઞાન સિવાય બીજો કોઈ ભય હોય નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– હોઈ શકે નહિ. પોતે પરમાં પોતાપણું કરે છે એનો ભય લાગવો જોઈએ, કેમકે ત્યાં ભવભ્રમણ છે. પરમાં પોતાપણું કરતાં પરિભ્રમણ છે. ૫૩૯ (પત્રમાં) ઈ જ લીધું ને ? પરમાં નિજબુદ્ધિ કરતાં પરિભ્રમણ છે અને નિજમાં નિજબુદ્ધિ કરતાં પરિભ્રમણનો નાશ થાય છે. લીધું કે ન લીધું ? પરિભ્રમણ અને પરિભ્રમણના નાશનો સંક્ષેપ કરી નાખ્યો. પછી તો પરમાં નિજબુદ્ધિ કરી એમાંથી દોષની પરંપરા ગમે એટલી ઠે એના ફળમાં વિભિન્ન પ્રકારનાં જન્મ-મરણ થાય છે. મૂળ રોગ તો પરમાં સ્વપણું કર્યું એ જ છે.

મુમુક્ષુ :– ૫૩૭ પત્રમાં લીધું ને કે, આટલો જ સંક્ષેપ જો જીવમાં પરિણામ પામે તો બધું કરી ચૂક્યો.

પૂજ્ય ભાઈશ્રી :– તો બધું કરી ચૂક્યો. વ્રત, તપ બધું કરી ચૂક્યો, બધું શાસ્ત્રજ્ઞાન કરી ચૂક્યો.

શું કીધું છેલ્લે ? '**પોતાનો વીતરાગભાવ, સંતોષભાવ, પરમ સમતાભાવ, એ જ શરણ છે, બીજું કોઈ શરણ નથી. આ જીવના ઉત્તમ ક્ષમાદિક ભાવ પોતે જ શરણરૂપ છે.**' પોતાના આત્મભાવો એ જ એને સુખનું કારણ છે. એ સિવાય બીજું કોઈ સુખનું કારણ નથી. ક્ષમાદિક ભાવ કહો કે આત્મભાવ કહો (એક જ છે).

'**ક્રોધાદિક ભાવ આ લોક પરલોકમાં આ જીવના ઘાતક છે.**' ગુણના ઘાત કરનારા છે. ક્રોધાદિક ભાવ, વિભાવભાવ, અજ્ઞાનભાવ, મિથ્યાત્વભાવ – જીવના ગુણના ઘાતક છે. ક્રોધ કહો કે દ્વેષ કહો. 'દ્વેષ અરોચક ભાવ...' 'આનંદઘનજી'એ લીધું ને ? ક્રોધ છે ઈ દ્વેષ છે. દ્વેષ કયો ? ત્યાં ચારિત્રમોહનો (દ્વેષ) ન લીધો. 'આનંદઘનજી'એ

ચારિત્રમોહનો ન લીધો. સ્વરૂપની અરુચિ ઈ જ સૌથી મોટો ક્રોધ અને દ્વેષ છે. ગુસ્સો કર્યો એમ ન લીધું, સ્વરૂપની અરુચિ લીધી, દર્શનમોહ લીધો. જ્ઞાનીઓનો વિષય ઈ છે. દર્શનમોહની જ વાત કરે, ચારિત્રમોહ તો પછી પાંગળો (છે).

**'આ જીવને કષાયની મંદતા આ લોકમાં હજારો વિઘ્નની નાશ કરનારી પરમ શરણરૂપ છે,...'** કષાયની મંદતાથી શાંતિ રહે ને? એમ. **'અને પરલોકમાં નરક તિર્યંચ ગતિથી રક્ષા કરે છે.'** મનુષ્ય, દેવ ગતિનું કારણ થાય છે ને એટલે (એમ કહ્યું). **'મંદકષાયીનું દેવલોકમાં તથા ઉત્તમ મનુષ્યજાતિમાં પજવું થાય છે. જો પૂર્વકર્મના ઉદયમાં આર્ત્ત, રૌદ્ર પરિણામ કરશો તો ઉદીરણાને પ્રાપ્ત થયાં, તે રોકવા કોઈ સમર્થ નથી.'** એનો જલદી ઉદય આવશે, એને કોઈ રોકશે નહિ. અહીં તાત્ત્વિક વાત નથી લીધી, ચાર ગતિની વાત લઈ લીધી.

**'કેવળ દુર્ગતિનાં કારણ નવાં કર્મ વધારે વધશે.'** કેવળ દુર્ગતિના કારણ એવા નવા કર્મ છે એ વધારે વધશે. ઉદીરણા થશે એટલે પાછો વધારે કર્મ બાંધશે. **'કર્મનો ઉદય આવવા માટેનાં જોઈતાં બાહ્ય નિમિત્તો ક્ષેત્ર, કાળ, ભાવ મળ્યા પછી તે કર્મનો ઉદય ઇંદ્ર, જિનેન્દ્ર, મણિ, મંત્ર, ઔષધાદિક કોઈ પણ રોકવા સમર્થ નથી.'** જિનેન્દ્ર પણ લઈ લીધા છે, પછી બીજાનો તો સવાલ રહેતો નથી.

**'રોગના ઇલાજ તો ઔષધાદિક જગતમાં દેખીએ છીએ, પરંતુ પ્રબળ કર્મના ઉદયને રોકવાને ઔષધાદિક સમર્થ નથી,...'** બહારમાં લોકો જોવે છે કે આ રોગ થયો અને દવા લીધી તો મટ્યો, એમ. પણ કર્મના ઉદય આગળ તો એ ઔષધ પણ નકામા જાય છે. **' લટા તે વિપરીત થઈ પરિણમે છે.'**

હમણાં અમારા ભાઈ એ વાત કરતા હતા. અહીંયાં એક ડૉ ટર છે. એનો બાવીસ વરસનો દીકરો (હતો) એને તાવ આવ્યો. એને મલેરિયા ગણી અને મલેરિયાની બે ટીકડી આપી. ઈ પહેલાં તો

એણે ઈ દવા એને – છોકરાને ઘણીવાર આપી હશે. આ વખતે બે ટીકડી આપી અને Reaction આવ્યું. એને કંઈક ચામડીનો એવો રોગ થયો કે ચામડીની ખોળ  તરવા જ મંડી. બધી ચામડી  તરી ગઈ. બાવીસ વરસનો છોકરો ! કેટલો ? બાવીસ વરસનો જુવાન છોકરો ! મલેરિયાની બે ટીકડી લીધી અને ચામડીની ખોળ  તરવા મંડી. એનો ઇલાજ કરવા ગયા તો છોકરો ગયો ! (પોતે) ડૉ  ટર હતા એટલે 'મુંબઈ'થી એના Specialist હોય એને બોલાવ્યા, વધારે ઇલાજ કર્યો. છોકરો થોડા દિવસમાં ખલાસ ! ડૉ  ટરનો છોકરો ! ડૉ  ટર કાંઈ બચાવી શકે ?

પ્રશ્ન :– દવાએ  ધું કામ કર્યું ને ?

સમાધાન :– અહીંયાં ઈ જ કીધું કે, ઔષધ છે ઈ  લટા વિપરીત થઈને પરિણમે છે. મેં મારા ભાઈને કીધું કે, (ઈ દવા) અત્યારે બધા લખી દે છે ? તો કહ્યું કે, રોજ ચાર-પાંચ જણને ઈ દવા લખી દઉં છું. જે દવાથી આ છોકરો મરી ગયો ઈ દવા હવે ડૉ  ટરો લખે છે ? તો કહે, આજે હું રોજ ચાર-પાંચ જણને લખી દઉં છું. ઠીક !

પ્રશ્ન :– ભાઈશ્રી ! આમાં પણ કર્મનો ઉદય કામ કરે છે ને ?

સમાધાન :– ઈ તો કહે છે, કર્મનો ઉદય કામ કરે છે. તે જ દવા વિપરીત પરિણમે. બે ટીકડી, છોકરાનું મૃત્યુ થઈ ગયું ! એટલે પ્રબળ કર્મના ઉદયને લઈને ઔષધથી મટતું તો નથી (પણ)  લટા વિપરીત પરિણમે છે. ઈ કહેતો હતો કે, એક જ ઇંજેક્ષન ઈ દર્દીને પહેલા આપો અને એને સારું દેખાય અને બીજું આપો તો ઈ મરી જાય !! પહેલા ઇંજેક્ષનથી એનો રોગ સુધરે, બીજું આપો અને ઈ મરી જાય, શું કરો લ્યો ? શું કરે શું ? એમાં કાંઈ કામ આવે એવું નથી. જે પ્રકારનો કર્મોદય હોય એ પ્રકારે બહારનું પરિણમન થાય. આત્મા એથી ભિન્ન છે. ભિન્નપણું કરીને અનુભવ કરવો, ભિન્ન પડીને અનુભવ કરવો.

મુમુક્ષુ :– સમાધાનનો ઈ એક જ ઉપાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– ઈ જ સમ્યક્ સમાધાન છે. ભિન્ન પડીને અનુભવ કરવો ઈ જ એક સમ્યક્ સમાધાન છે. બાકી તો બીજી કોઈ રીતે એને કાંઈ થઈ શકે એવું છે જ નહિ. દુઃખ જ થાય.

મુમુક્ષુ :– ભાઈશ્રી ! ગ્લુકોઝની બોટલ ચડાવે એ Reaction કરે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ઈ તો એ પ્રકારનો ઉદય હોય તો એવું પણ થાય.

ઈ ફરીને લીધું છે. **'આ જીવને અશાતા વેદનીય કર્મનો ઉદય પ્રબળ થાય ત્યારે ઔષધાદિક વિપરીત થઈ પરિણમે છે. અશાતાનો મંદ ઉદય હોય અથવા ઉપશમ હોય ત્યારે ઔષધાદિક ઉપકાર કરે છે.'** એમ કહેવાય છે કે, દવાએ ઉપકાર કર્યો. બાકી વગર દવાએ પણ મટે. આ પશુ-પક્ષીને રોગ થાય છે ઈ કયા ડૉ ટર પાસે જાય છે ઈ કહો ? ઈ તો કહેવા પણ સમર્થ નથી કે મને રોગ થયો અને મને ડૉ ટર પાસે લઈ જાઓ અને મને દવા આપો. ઈ ઉદયમાં આપોઆપ રોગનો ઉદય થાય છે અને આપોઆપ રોગ નષ્ટ થાય છે. થાય છે કે નથી થતો ? ઈ કેટલા દાખલા મળે ? લાખો ! લાખો પ્રાણીઓને રોગ થાય અને વગર દવાએ મટે છે. મનુષ્ય થયો ઈ ઉપાય કરવા મંડે છે. પશુ-પક્ષી ક્યાં જાય ? (દવા નથી કરતા તોપણ) મટે છે કે નથી મટતું ?

મુમુક્ષુ :– 'બ્રુસ-લી' છે ને ? 'બ્રુસ-લી' ! કરાટે, જુડોમાં Expert હતો એ નોવાલજીન ટેબલેટથી મરી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :– શેનાથી ? નોવાલજીનથી ? તાકાતવાળો માણસ હતો. એક પાટુ મારે તો પાડી દ્યે, ઉડાડી મૂકે, ગલોટિયા ખવડાવી દ્યે. 'ગામા' પહેલવાન છે ઈ મોઢા ઉપરથી માખી નહોતો ઉડાડી શકતો. પરમાણુમાં જીવનું શું કામ આવે ? પરમાણુના

પરિણમનમાં જીવ શું કરી શકે ? કાંઈ ન કરી શકે.

મુમુક્ષુ :– 'ઇંદિરા ગાંધી'ને એના Protection માટે માણસો રાખેલા એણે જ મારી નાખી.

પૂજ્ય ભાઈશ્રી :– ઈ મને થોડા મહિના પહેલા ખ્યાલ આવી ગયો હતો. ઈ જે Action લેતી હતી... 'ઇંદિરા ગાંધી' ! એની સામે એને બળવાન રીતે પોતાનું સંરક્ષણ કરવાનું શરૂ કર્યું હતું. શીખોની સામે એણે એટલા બધા Action લીધા હતા કે એણે બે હજાર માણસો પોતાના સંરક્ષણમાં રોક્યા હતા. કેટલા ? બે હજાર. રોજનો લાખો રૂપિયાનો એક વ્યિ તનો સંરક્ષણ ખર્ચ હતો ! એની આજુબાજુના ત્રણ માઈલમાં, રહેણાકના ત્રણ માઈલમાં (માણસો રાખેલા). ત્યારે મને કોણ જાણે ક્યાંથી આવ્યું કે, આને આના Bodyguard મારી નાખશે. કેમ ? કે, Bodyguardના પગાર કેટલા ? એને ફોડવાનું શું ? ફોડી નાખે.

મુમુક્ષુ :– Bodyguard પણ પાછા શીખ હોય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એની જાતિના હોય. એના વફાદાર હોય ઈ જ એના દુશ્મન થાય એનો શું ઉપાય ? ચાલો લ્યો ! એનો પી.એ. હોય ઈ જ એનો દુશ્મન થાય એનો શું ઉપાય ? કહો ! કાંઈ ઉપાય નહિ. ઉદય ફરે એટલે બધું ફરે. કારણ કે એણે જે Action લીધા હતા (એટલે એનું) Murder થાય એ સિવાય બીજો કોઈ ઉપાય જ નહોતો. આયુષ્ય પૂરું થાય એટલે ગમે ઈ ચોકઠા ગોઠવાઈ જાય, બીજું કાંઈ નથી.

**'કારણકે મંદ ઉદયને રોકવાને સમર્થ તો અલ્પ શિ તવાળા પણ થાય છે. પ્રબળ બળવાળાને અલ્પ શિ તધારક રોકવાને સમર્થ નથી. આ પંચમકાળમાં અલ્પ માત્ર બાહ્ય દ્રવ્ય, ક્ષેત્રાદિક સામગ્રી છે, અલ્પ માત્ર જ્ઞાનાદિક છે, અલ્પ માત્ર પુરુષાર્થ છે.'** અત્યારે બધું સાધારણ છે, એમ કહેવું છે. **'અને અશુભનો ઉદય આવવાથી બાહ્ય સામગ્રી પ્રબળ છે,**

**તો તે અલ્પ સામગ્રી અલ્પ પુરુષાર્થથી પ્રબળ અશાતાના ઉદયને કેમ જીતે ?'** કંઈ કરી શકે નહિ.

**'મોટી નદીઓનો પ્રવાહ પ્રબળ મોજાં ઉછાળતો ચાલ્યો આવતો હોય તેમાં તરવાની કળામાં સમર્થ પુરુષ પણ તરી નથી શકતો.'** પૂરમાં તણાય જાય. પૂરનું જોશ જ એટલું હોય, ભલે તરતા આવડતું હોય પણ શું કામ આવે ? તાણી જાય એને. **'નદીના પ્રવાહનો વેગ મંદ થતો જાય ત્યારે તરવાની વિદ્યા જાણનાર તરી પાર તરી જાય છે, તેવી રીતે પ્રબળ કર્મના ઉદયમાં પોતાને અશરણ જાણો. પૃથ્વી અને સમુદ્ર બન્ને મોટાં છે, પરંતુ પૃથ્વીનો છેડો લેવાને અને સમુદ્રને તરવાને ઘણાં સમર્થ જોઈએ છીએ, પરંતુ કર્મ-ઉદયને તરવાને સમર્થ થતાં દેખાતાં નથી.'** સમર્થ માણસો છે એ પૃથ્વીનો છેડો લઈ લ્યે કે સમુદ્રના તળિયે ચાલ્યા જાય પણ કર્મના ઉદય આગળ કોઈનું ચાલે એવું નથી. કર્મના ઉદય આગળ ચાલે કોનું ? ભિન્ન પડે એનું. બાકી બધા અંદર તણાય જાય. જુદો પડે ઈ તણાય નહિ.

**'આ સંસારમાં સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌દર્શન, સમ્યક્‌ચારિત્ર, સમ્યક્‌તપ–સંયમ શરણ છે. આ ચાર આરાધના વિના કોઈ શરણ નથી.'** દર્શન, જ્ઞાન, ચારિત્ર અને પુરુષાર્થથી સ્વરૂપને અવલંબે તો બચે, ઈ એક જ શરણ છે, બીજું કોઈ શરણ નથી. ઈ સિવાય કોઈ શરણ નથી. **'તથા ઉત્તમ ક્ષમાદિક દશ ધર્મ પ્રત્યક્ષ આ લોકમાં સમસ્ત લેશ, દુઃખ, મરણ, અપમાન, હાનિથી રક્ષા કરવાવાળાં છે.'** કેમકે ભિન્ન પડી ગયો, આરાધનાભાવોથી ભિન્ન પડી ગયો પછી એને દશ લક્ષણધર્મ કહો કે એને ઉત્તમ ક્ષમાદિક આરાધના કહો, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર કહો. એ એક જ શરણ છે, બીજું કોઈ શરણ નથી.

**'મંદ કષાયનાં ફલ સ્વાધીન સુખ, આત્મરક્ષા, ઉજ્જવળ યશ, લેશરહિતપણું, ઉચ્ચતા આ લોકમાં પ્રત્યક્ષ દેખી એનું શરણ ગ્રહણ કરો. પરલોકમાં એનું ફળ સ્વર્ગલોક છે.'** મંદ કષાયમાં. **'વિશેષમાં**

**વ્યવહારમાં ચાર શરણ છે.**' ઈ સામાન્ય વાત કરી. વિશેષની અંદર તો વ્યવહારે ચાર શરણ છે. **'અર્હંત, સિદ્ધ, સાધુ, કેવળજ્ઞાનીનો પ્રકાશેલ ધર્મ...**' કેવળી પણ્ણત્તો ધમ્મો શરણમ્ પવ્વજામિ. ચાર શરણ છે ને ? ચાર શરણ જે આદરે, ભવસાગરને જે તરે...

'**એ પ્રમાણે અહીં એના શરણ વિના...**' અર્હંત, સિદ્ધ, સાધુ અને ધર્મના શરણ વિના '**આત્માની ઉજ્જવળતા પ્રાપ્ત નથી થતી...**' (અર્થાત્) આત્માનું શરણ મળતું નથી. બહારમાં આટલો ફેરફાર કરે, સત્શરણમાં જાય પછી આત્મશરણમાં આવે. '**એવું દર્શાવનારી અશરણ અનુપ્રેક્ષા વિચારી.**'

આ રીતે આત્માની ઉજ્જવળતા પ્રાપ્ત કરવાના હેતુથી અશરણ અનુપ્રેક્ષા વિચારી. વચ્ચે મંદ કષાયની વાત લીધી છે પણ ઈ ધ્યેય નથી. ઈ તો વચ્ચે એક પગથિયું આવે છે એટલી વાત છે. સીધી કષાયની તીવ્રતામાંથી આરાધના ન પ્રગટે એટલે વચ્ચે કષાયની મંદતા આવી જાય પણ એ કોઈ ધ્યેય નથી. દૃષ્ટિ એના ઉપર રાખવાની વાત નથી.

અર્હંત, સિદ્ધ, સાધુનો આ કાળમાં તો (વિયોગ છે). સિદ્ધ ભગવાન તો અમસ્તા પણ સિદ્ધાલયમાં છે. અરિહંત ભગવાનનો કાળ (નથી), સાધુનો કાળ નથી. કેવળજ્ઞાનીનો પ્રરૂપેલો ધર્મ છે. ધર્મ હજી નાશ નથી પામ્યો, ધર્મ છે. ધર્મનું શરણ ગ્રહણ કરે, આત્માનું શરણ ગ્રહણ કરે.

મુમુક્ષુ :– ધર્માત્મા છે.

પૂજ્ય ભાઈશ્રી :– ધર્માત્મા છે તો ધર્મ ધર્માત્મા વિના અધ્ધર તો કાંઈ હોય નહિ. ધર્મ તો ધર્માત્માની પર્યાય છે. એ હજી છે, બસ ! બહારમાં વ્યવહારે એનું શરણ છે. પછી આગળ વધીને પોતાના સ્વરૂપનું શરણ લ્યે.

એ રીતે અશરણ અનુપ્રેક્ષા છે. નિરાશ ન થાય કે, અરે...! મને

કોઈ સહાય કરતું નથી, મારી પડખે કોઈ નથી. એને કહે છે (કે), છે ! કાંઈ નિરાશ થવાની જરૂર નથી.

અહીં સુધી રાખીએ.



**મનુષ્ય આયુ, વર્તમાન કાળે, અલ્પ અને અનિશ્ચિત છે. તેમાં અનેક કાર્યો કરવાની જંજાળમાં જીવ અટવાયેલો રહે છે. જો કે સંસારમાં જીવને તૃષ્ણા અને મહત્વકાંક્ષાઓનો પાર નથી. ત્યાં અસંગ એવું આત્મતત્વ કયાંથી સાંભરે ? આત્માર્થી જીવે સર્વ અભિલાષાઓ છોડીને, ઉદયમાં ઉપેક્ષિત રહીને, અમૂલ્ય એવા જીવનને, દેહાર્થે કરાતા એવા પ્રપંચોથી થતા આવરણથી બચાવી, `જ્ઞાન-જીવન' પ્રાપ્ત કરવું યોગ્ય છે, કે જેથી જીવ નવા આવરણને પ્રાપ્ત ન થાય, અને જૂના આવરણથી મુ  ત થાય. જો આ પ્રકારે જીવન પલટવાનો વિવેક ન થાય તો, તે ખચીત્ અવિચારીપણું છે, જેનું ફળ અનંત દુઃખ છે.**

**– પૂજ્ય ભાઈશ્રી** (અનુભવ સંજીવની–૫૧૬)

## સંસાર અનુપ્રેક્ષા

હવે સંસાર અનુપ્રેક્ષાનું સ્વરૂપ વિચારીએ છીએ :–

આ સંસારમાં અનાદિકાળના મિથ્યાત્વના ઉદયથી અચેત થયેલ જીવ, જિનેન્દ્ર, સર્વજ્ઞ વીતરાગના પ્રરૂપણ કરેલ સત્યાર્થ ધર્મને પ્રાપ્ત નહીં થઈ ચારે ગતિમાં ભ્રમણ કરે છે. સંસારમાં કર્મરૂપ દૃઢ બંધનથી બંધાઈ, પરાધીન થઈ, ત્રસસ્થાવરમાં નિરંતર ઘોર દુઃખ ભોગવતો વારંવાર જન્મ મરણ કરે છે. જે જે કર્મના ઉદય આવી રસ દે છે, તેના ઉદયમાં પોતાને ધારણ કરી અજ્ઞાની જીવ પોતાના સ્વરૂપને છોડી નવાં નવાં કર્મનાં બંધન કરે છે. કર્મના બંધને આધીન થયેલ પ્રાણીને એવી કોઈ દુઃખની જાતિ બાકી નથી રહી કે જે તેણે નથી ભોગવી. બધાં દુઃખો અનંતાનંત વાર ભોગવી અનંતાનંત કાળ વ્યતીત થઈ ગયો. એવી રીતે અનંત પરિવર્તન આ સંસારમાં આ જીવને થયાં છે. એવું કોઈ પુદ્‌ગલ સંસારમાં નથી રહ્યું કે જે જીવે શરીરરૂપે, આહારરૂપે ગ્રહણ નથી કરેલ. અનંત જાતિનાં અનંત પુદ્‌ગલોનાં શરીર ધારી આહારરૂપ (ભોજન પાનરૂપ) કરેલ છે.

ત્રણસેં તેંતાલીસ ઘનરજ્જુ પ્રમાણ લોકમાં એવો કોઈ એક પણ પ્રદેશ નથી કે જ્યાં સંસારી જીવે અનંતાનંત જન્મ મરણ નથી કરેલાં. ઉત્સર્પિણી અવસર્પિણી કાલનો એવો એક પણ સમય બાકી નથી રહ્યો કે જે સમયમાં આ જીવ અનંતવાર નથી જન્મ્યો, અને નથી મૂઓ. નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચારે પર્યાયોમાં આ જીવે જઘન્ય આયુષ્યથી લઈ ઉત્કૃષ્ટ આયુષ્ય પર્યંત સમસ્ત આયુષ્યના પ્રમાણ ધારણ કરી અનંતવાર જન્મ ધરેલ છે. એક અનુદિશ, અનુત્તર વિમાનમાં તે નથી પજ્યો, કારણ

કે એ ચૌદે વિમાનોમાં સમ્યક્દષ્ટિ વિના અન્યનો ઉત્પાદ નથી. સમ્યક્દષ્ટિને સંસારભ્રમણ નથી. કર્મની સ્થિતિબંધનાં સ્થાન તથા સ્થિતિબંધને કારણે અસંખ્યાત લોકપ્રમાણ કષાયાધ્યવસાયસ્થાન, તેને કારણે અસંખ્યાત લોકપ્રમાણ અનુભાગ બંધાધ્યવસાયસ્થાન તથા જગતશ્રેણીના સંખ્યાતમા ભાગ જેટલાં યોગસ્થાનમાંનો એવો કોઈ ભાવ બાકી નથી રહ્યો કે જે સંસારી જીવને નથી થયો. એક સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના યોગ ભાવ નથી થયા. અન્ય સમસ્ત ભાવ સંસારમાં અનંતાનંતવાર થયા છે. જિનેન્દ્રના વચનના અવલંબનરહિત પુરુષને મિથ્યાજ્ઞાનના પ્રભાવથી વિપરીત બુદ્ધિ અનાદિની થઈ રહી છે તેથી સમ્યક્માર્ગને નહીં ગ્રહણ કરતાં સંસારરૂપ વનમાં નાશ થઈ જીવ નિગોદમાં જઈ પડે છે. કેવી છે નિગોદ ? જેમાંથી અનંતાનંત કાલ થાય તોપણ નીકળવું ઘણું મુશ્કેલ છે. કદાચિત્ પૃથ્વીકાયમાં, જળકાયમાં, અગ્નિકાયમાં, પવનકાયમાં, પ્રત્યેક વનસ્પતિકાયમાં, સાધારણ વનસ્પતિકાયમાં લગભગ સમસ્તજ્ઞાનનો નાશ થવાથી જડરૂપ થઈ, એક સ્પર્શ ઇન્દ્રિયદ્વારા કર્મના ઉદયને આધીન થઈ આત્મશ  તરહિત, જિહ્વા, નાસિકા, નેત્ર, કર્ણાદિક ઇન્દ્રિયરહિત થઈ દુઃખમાં દીર્ઘ કાળ વ્યતીત કરે છે. અને બેઇન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિયરૂપ વિકલત્રય જીવ, આત્મજ્ઞાનરહિત, કેવળ રસનાદિક ઇન્દ્રિયોના વિષયોની ઘણી તૃષ્ણાના માર્યા છળી છળી વિષયોને અર્થે પડી પડી મરે છે. અસંખ્યાત કાલ વિકલત્રયમાં રહી પાછાં એકેન્દ્રિયમાં ફરી ફરી વારંવાર કૂવા પરના રેંટના ઘડાની પેઠે નવા નવા દેહ ધારણ કરતાં કરતાં ચારે ગતિમાં નિરંતર જન્મ, મરણ, ભૂખ, તરસ, રોગ, વિયોગ, સંતાપ ભોગવી

પરિભ્રમણ અનંતકાલ સુધી કરે છે. એનું નામ સંસાર છે.

જેમ કળેલા આધણમાં ચોખા સર્વ તરફ ફરતાં છતાં ચોડવાઈ જાય છે, તેમ સંસારી જીવ કર્મથી તપ્તાયમાન થઈ પરિભ્રમણ કરે છે. આકાશમાં ડતાં પક્ષીને બીજું પક્ષી મારે છે, જળમાં વિચરતાં મચ્છાદિકને બીજાં મચ્છાદિક મારે છે, સ્થળમાં વિચરતાં મનુષ્ય પશુ આદિકને સ્થળચારી સિંહ, વાઘ, સર્પ વગેરે દુષ્ટ તિર્યંચ તથા ભીલ, મ્લેચ્છ, ચોર, લૂંટારા, મહા નિર્દય મનુષ્ય મારે છે. આ સંસારમાં બધાં સ્થાનમાં નિરંતર ભયરૂપ થઈ નિરંતર દુઃખમય પરિભ્રમણ કરે છે. જેમ શિકારીના ઉપદ્રવથી ભયભીત થયેલ જીવો મોઢું ફાડી બેઠેલા અજગરના મોઢામાં બિલ જાણી પ્રવેશ કરે છે, તેમ અજ્ઞાની જીવ ભૂખ, તરસ, કામ, કોપ વગેરે તથા ઇન્દ્રિયોના વિષયોની તૃષ્ણાના આતાપથી સંતાપિત થઈ, વિષયાદિકરૂપ અજગરના મુખમાં પ્રવેશ કરે છે. વિષયકષાયમાં પ્રવેશ કરવો તે સંસારરૂપ અજગરનું મોઢું છે. એમાં પ્રવેશ કરી પોતાના જ્ઞાન, દર્શન, સુખ, સત્તાદિ ભાવપ્રાણનો નાશ કરી, નિગોદમાં અચેતન તુલ્ય થઈ, અનંતવાર જન્મ મરણ કરતાં અનંતાનંત કાળ વ્યતીત કરે છે. ત્યાં આત્મા અભાવ તુલ્ય છે, જ્ઞાનાદિકનો અભાવ થયો ત્યારે નાશ પણ થયો.

નિગોદમાં અક્ષરનો અનંતમો ભાગ જ્ઞાન છે, તે સર્વજ્ઞે જોયેલ છે. ત્રસ પર્યાયમાં જેટલા દુઃખના પ્રકાર છે, તે તે દુઃખ અનંતવાર ભોગવે છે. એવી કોઈ દુઃખની જાતિ બાકી નથી રહી જે આ જીવ સંસારમાં નથી પામ્યો. આ સંસારમાં આ જીવ અનંત પર્યાય દુઃખમય પામે છે, ત્યારે કોઈ એકવાર

ઇન્દ્રિયજનિત સુખના પર્યાય પામે છે, તે વિષયોના આતાપ સહિત ભય, શંકા સંયુ   ત અલ્પકાળ પામે. પછી અનંત પર્યાય દુઃખના, પછી કોઈ એક પર્યાય ઇન્દ્રિયજનિત સુખનો કદાચિત્ પ્રાપ્ત થાય છે.

હવે ચતુર્ગતિનું કાંઈક સ્વરૂપ પરમાગમ અનુસાર ચિંતવન કરીએ છીએ. નરકની સપ્ત પૃથ્વી છે. તેમાં ઓગણપચાસ ભૂમિકા છે. તે ભૂમિકામાં ચોરાસી લાખ બિલ છે તેને નરક કહીએ છીએ. તેની વજ્રમય ભૂમિ ભીંતની માફક છજેલ છે. કેટલાંક બિલ સંખ્યાત યોજન લાંબાં પહોળાં છે, કેટલાંક અસંખ્યાત યોજન લાંબાં પહોળાં છે. તે એક એક બિલની છત વિષે નારકીનાં ઉત્પત્તિનાં સ્થાન છે. તે   ટના મુખના આકાર આદિવાળાં, સાંકડાં મોઢાવાળાં અને   ધે માથે છે. તેમાં નારકી જીવો   પજી નીચે માથું અને ઉપર પગથી આવી વજ્રગ્નિમય પૃથ્વીમાં પડી, જેમ જોરથી પડી દડી પાછી   છળે છે તેમ (નારકી) પૃથ્વી પર પડી   છળતાં લોટતાં ફરે છે. કેવી છે નરકની ભૂમિ ? અસંખ્યાત વીંછીના સ્પર્શને લીધે   પજી વેદનાથી અસંખ્યાત ગુણી અધિક વેદના કરવાવાળી છે.

ઉપરની ચાર પૃથ્વીનાં ચાલીશ લાખ બિલ અને પંચમ પૃથ્વીનાં બે લાખ બિલ એમ બેંતાલીસ લાખ બિલમાં તો કેવળ આતાપ, અગ્નિની ઉષ્ણ વેદના છે. તે નરકની ઉષ્ણતા જણાવવાને માટે અહીં કોઈ પદાર્થ દેખવામાં, જાણવામાં આવતો નથી કે જેની સદૃશતા કહી જાય; તોપણ ભગવાનના આગમમાં એવું અનુમાન ઉષ્ણતાનું કરાવેલ છે, કે લાખ યોજનપ્રમાણ મોટા લોઢાના ગોળા છોડીએ તો તે નરકભૂમિને નહીં પહોંચતાં,

પહોંચતાં પહેલાં નરકક્ષેત્રની ઉષ્ણતાથી કરી રસરૂપ થઈ વહી જાય છે. (અપૂર્ણ)

(આ ભાવના અપૂર્ણ હોવાથી તેનો આગળનો અંશ `રત્નકરંડ શ્રાવકાચાર'માંથી લેવામાં આવેલ છે.)

પાંચમી પૃથ્વીના ત્રીજા ભાગના તથા છઠ્ઠી-સાતવી પૃથ્વીના ઠંડા બિલોમાં ઠંડીની એવી તીવ્ર વેદના છે કે જો એક લાખ યોજન મોટો લોઢાનો ગોળો રાખીએ તો એક ક્ષણમાં ઠંડીથી ચૂર–ચૂર થઈ વિખેરાઈ જાય. આવી ગરમીની વેદના અને ઠંડીની વેદનાથી ભરેલાં નરકોમાં કર્મને વશ થયેલા જીવ અસંખ્યાત કાળ સુધી ઘોર દુઃખ ભોગવે છે, આયુષ્ય પૂરું થયા વિના મરણ થતું નથી. આવી તો નરકમાં ઘોર ઠંડી–ગરમીની વેદના છે.

નરકમાં ક્ષુધા (ભૂખ) વેદના એવી છે કે જો જગતના પથ્થર, માટી આદિ બધું ખાઈ લે તો પણ ક્ષુધા વેદના ન મટે, પણ ખાવા માટે એક કણ પણ મળતો નથી. ત્યાં તૃષા (તરસ) વેદના એવી છે કે જો સમસ્ત સમુદ્રોનું પાણી પી લે તો પણ તૃષાની વેદના દૂર ન થાય, પણ પીવા માટે એક ટીપું પણ પાણી મળતું નથી.

કરોડો રોગોની ઘોર વેદના જ્યાં એક જ સમયે ઉત્પન્ન થાય છે. જ્યાં નવા નારકીને જોઈ હજારો નારકી મહા ભયંકર રૂપ તથા અનેક શસ્ત્રોની સાથે મારી નાખો, ચીરી નાખો, ફાડી નાખો, ટુકડા કરી દો આદિ ભયંકર કિકીયારીઓ પાડતા થકા ચારે બાજુથી મારવા માટે આવી જાય છે.

નારકી કેવા છે ? નગ્નરૂપ, ખૂબ આકરું ભયંકર કાળું રૂપ, લાલ–પીળી કુટિલ આંખોથી ક્રૂર (રીતે) જોતા ફાડેલા મુખે,

લપલપાતી વિકરાળ જીભ સહિત, જેમના દાંત કરવત જેવા તીક્ષ્ણ છે તથા વાંકા છે, ભા થઈ ગયેલા લાલ પીળા ધારદાર કડક વાળવાળા છે, ભયંકર તીક્ષ્ણ નખ છે, મહા નિર્દયી, હુંડક સંસ્થાનવાળા આવી આને કોઈ મુદ્‌ગર, મુસંડોથી માથુ ફોડી નાખે છે. જેમ પાણીથી ભરેલાં સરોવરમાં પાણીને ધોકાથી કૂટવાથી પાણી ઉછળીને તે જ સરોવરમાં પડીને મળી જાય છે, તે રીતે નારકીઓનું શરીર પણ ખંડ–ખંડરૂપ થઈ ઉછળીને પાછું તે જ શરીરમાં આવીને મળી જાય છે. આયુષ્ય પૂરું થયા વિના મરણ થતું નથી.

નારકી અંદરોઅંદર તલવારોથી ટુકડા કરે છે, કરવતોથી ચીરે છે, કુહાડીથી ફાડે છે, વસૂલો (ધારદાર ઓજાર)થી છોલે છે, ભાલાઓથી વીંધે છે, શૂળી પર છેદે છે, પેટ આદિ મર્મ સ્થાનોમાં છેદે છે, ફાડે છે, આંખો ઉખાડે છે, ભાડમાં શેકે છે, કઢાયામાં ખાંડે / તળે છે, ઘાણીમાં પીલે છે. આ રીતે નારકી અંદરોઅંદર મારણ, તાડન, ત્રાસ દ્વારા જે દુઃખ નરકમાં ભોગવે છે, તે કોટિ જીભો દ્વારા કોટિ વર્ષો સુધી એક ક્ષણના દુઃખને કહેવામાં કોઈ સમર્થ નથી.

નરકમાં જે દુઃખદાયી સામગ્રી છે તેના એક કણ બરાબર પણ આ લોકમાં નથી. જો નરકની ભૂમિની સામગ્રી તથા નારકીઓનું વિકરાળરૂપ જેવું કોઈને એક ક્ષણ માટે સપનામાં પણ દેખાય તો ડરથી તરત જ મરી જાય. નારકીઓની રસ સામગ્રી એવી છે જેવાં અહીં કાંઝીર ઝેર, હળાહળ પણ નથી.

## તા. ૧૧-૧૨-૧૯૯૬, પ્રવચન નં. ૭
## સંસાર ભાવના

('શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત) સંસાર અનુપ્રેક્ષા. **'હવે સંસાર અનુપ્રેક્ષાનું સ્વરૂપ વિચારીએ છીએ :–'**

**'આ સંસારમાં અનાદિકાળના મિથ્યાત્વના ઉદયથી અચેત થયેલ જીવ, જિનેન્દ્ર, સર્વજ્ઞ વીતરાગના પ્રરૂપણ કરેલ સત્યાર્થ ધર્મને પ્રાપ્ત નહીં થઈ ચારે ગતિમાં ભ્રમણ કરે છે.'** સંસાર અનુપ્રેક્ષામાં પરિભ્રમણનો વિષય લીધો છે. શું કીધું ? કે, મિથ્યાત્વ ચાલુ હોવાથી મિથ્યાત્વમાં શું (થાય) છે કે, પોતે પોતામાં પોતાપણાની બુદ્ધિ કરતો નથી, પરમાં પોતાપણાની બુદ્ધિ કરે છે. એને લઈને આધારબુદ્ધિ, સુખબુદ્ધિ, કર્તાબુદ્ધિ, ભો તાબુદ્ધિ (આદિ) બુદ્ધિના (–અભિપ્રાયના) પરિણામો ભા થાય છે. શું કહે છે ?

અનાદિકાળથી જીવની એ સ્થિતિ છે અને એને લઈને સર્વજ્ઞ વીતરાગે જે સત્ય ધર્મ નિરૂપણ કર્યો છે, પ્રકાશિત કર્યો છે એને આ જીવ પામતો નથી, પ્રાપ્ત કરતો નથી અને ચારે ગતિમાં જન્મ-મરણ, જન્મ-મરણ કર્યા કરે છે.

**'સંસારમાં કર્મરૂપ દૃઢ બંધનથી બંધાઈ, પરાધીન થઈ, ત્રસસ્થાવરમાં નિરંતર ઘોર દુઃખ ભોગવતો વારંવાર જન્મ મરણ કરે છે.'** હવે શું

ચિત્ર અહીંયાં ખડું કર્યું છે ? કે, સંસારમાં જે પરિણામો કર્યા મિથ્યાત્વ સહિતના જે ઉદયભાવો કર્યા એને લઈને કર્મ બાંધ્યા, પરાધીન થયો. બહુભાગ ત્રસસ્થાવર પશુગતિના ભવો કર્યા. મનુષ્ય તો ક્યારેક જ થયો છે. બાકી મોટાભાગના પશુગતિના ત્રસસ્થાવરના ભવો કરી ઘોર દુઃખ ભોગવ્યા છે. કેટલા ? ઘોર દુઃખ ભોગવ્યા છે અને ત્યાંને ત્યાં જન્મ-મરણ કર્યું છે.

**'જે જે કર્મના ઉદય આવી રસ દે છે, તેના ઉદયમાં પોતાને ધારણ કરી...'** (અર્થાત્) એ ઉદય મારો આવ્યો, એ ઉદય મને આવ્યો એમ ઉદયમાં પોતાને ધારણ કરી, આ ધી Practice છે. ઉદયમાં પોતાનું અસ્તિત્વ નહિ હોવા છતાં પોતાની જાતને Involve કરે છે. પોતાને ધારણ કરે એટલે પોતાની જાતને Involve કરે છે. (એ રીતે) **'પોતાને ધારણ કરી અજ્ઞાની જીવ પોતાના સ્વરૂપને છોડી નવાં નવાં કર્મનાં બંધન કરે છે.'** ફરીને ઈ બંધાય છે, ઉદયકાળે ફરીને પાછો બંધાય છે. કેમકે પોતાની જાતને એમાં ભેળવે છે. પોતે તે ઉદયમાં પ્રતિબદ્ધપણાને પામે છે. તેથી કર્મ પણ એને બંધાય છે, એ ભાવથી એને નવા કર્મ બંધાય છે. ત્યારે પોતાના સ્વરૂપને ભૂલે છે.

**'કર્મના બંધને આધીન થયેલ પ્રાણીને એવી કોઈ દુઃખની જાતિ બાકી નથી રહી કે જે તેણે નથી ભોગવી.'** સંસારમાં જેટલા દુઃખ છે એ બધા દુઃખ આ જીવે ભોગવ્યા છે. જેટલા દુઃખ છે એ બધા ભોગવ્યા છે. એમ કરીને, એવા એવા કર્મને બાંધીને કોઈ દુઃખ ભોગવ્યા વિનાનું નથી. બધા દુઃખ એણે પોતે ભોગવ્યા છે. **'બધાં દુઃખો અનંતાનંત વાર ભોગવી અનંતાનંત કાળ વ્યતીત થઈ ગયો.'** અત્યારે એ દુઃખ નથી એટલે ગંભીરતા આવતી નથી. એ ગંભીરતા આવે એટલા માટે આ સંસાર અનુપ્રેક્ષા છે. અત્યારે શું છે કે, વર્તમાનમાં એ બધા દુઃખ નથી. દુઃખ ભોગવ્યા એ ભૂલી ગયો, વિસ્મરણ થઈ ગયું. ભોગવ્યા છતાં વિસ્મરણ કરી ગયો, એને યાદ અપાવે છે કે, જો, આ બધું

બહુ માથે વીતી છે. અત્યાર સુધીમાં માથે બહુ વીતી છે. હવે જરાક જાગી જા નહિતર પાછી એ પરિસ્થિતિ આવીને  ભી રહેશે, એમ કહેવું છે. ચેતવે છે.

**'એવી રીતે અનંત પરિવર્તન આ સંસારમાં આ જીવને થયાં છે.'** અનંત ! કેમકે અનંતકાળથી છે ને ? પાછળ કોઈ છેડો નથી. જીવની ઉત્પત્તિ તો કોઈ કાળે થઈ નથી. એ અનંત પરિવર્તન થયા છે. મોક્ષમાર્ગે ચડ્યો નથી, નિર્વાણ પામ્યો નથી. ભવ પરિભ્રમણ, અનંત વાર પરિભ્રમણ (થયું છે). પાંચે પરાવર્તન અનંત વાર થયા છે.

**'એવું કોઈ પુદ્‌ગલ સંસારમાં નથી રહ્યું...'** પરમાણુ (નથી રહ્યા કે) **'જે જીવે શરીરરૂપે, આહારરૂપે ગ્રહણ નથી કરેલ.'** અત્યારે કોઈ એમ કહે કે, વમન થયેલું ખાઈ લે. તને  લટી થઈ એ તું ખાઈ લે, વિષ્ટા થઈ એ તું ખાઈ લે ! કેવી ચીતરી ચડે ? અરે...! ખાતો ખાતો સામું ન જોવે, ખાવાની વાત પછી રહી. ખાતો ખાતો સામું ન જોવે. એ બધા પરમાણુ ફરી ફરીને ગ્રહણ કર્યા છે. કેટલી વાર ? અનંત વાર ! આ પરિસ્થિતિ થઈ છે. વિચિત્રતા પણ બેહદ છે. કેટલી છે ? બેહદ વિચિત્રતા છે.

**'અનંત જાતિનાં અનંત પુદ્‌ગલોનાં શરીર ધારી આહારરૂપ (ભોજન પાનરૂપ) કરેલ છે.'** અનંત જાતિનાં અનંત પુદ્‌ગલોનાં શરીર ધારણ કરીને એનું ભોજન પણ કરેલ છે. (કોઈ) પરમાણુ બાકી રાખ્યા નથી. જે જોવા ન ગમે એનું ભોજન કરેલું છે ! પર્યાય પલટી (કે) ભૂલ્યો, પર્યાય પલટી એમાં ભૂલ્યો.

જ્ઞાનદશામાં તો 'રજકણ કે રિદ્ધિ વૈમાનિકદેવની, સર્વે માન્યા પુદ્‌ગલ એક સ્વભાવ જો.' બધાને પુદ્‌ગલ જાણ્યા છે, ગમે ઈ પર્યાય ધારણ કરે નહિ ! જડ છે, જ્ઞાન અને સુખ રહિત છે. હું જ્ઞાન અને સુખ સહિત છું અને બધા જ પરમાણુઓ જ્ઞાન અને સુખ રહિત છે. જ્ઞાન અને સુખથી ભરેલા એવા મને એનાથી શું ? જ્ઞાન અને

સુખથી ભરેલો એવો હું એવા મને એનાથી શું પણ ? કેમકે એનામાં જ્ઞાન પણ નથી અને સુખ પણ નથી. એમ લેવું જોઈએ.

**'ત્રણસેં તેંતાલીસ ઘનરજ્જુ પ્રમાણ લોકમાં એવો કોઈ એક પણ પ્રદેશ નથી કે જ્યાં સંસારી જીવે અનંતાનંત જન્મ મરણ નથી કરેલાં.'** આ ઇતિહાસ બતાવે છે, પરિભ્રમણનો ઇતિહાસ ખોલે છે. પોતાનો જ આ ઇતિહાસ છે, પોતાના પરિભ્રમણનો આ ઇતિહાસ છે. ત્રણસો તેંતાલીસ ઘન રાજુ – ઘન એટલે ક્યુબિક. રાજુ એનું માપ છે, યુનિટ છે. એટલે આખો લોક – ચૌદ બ્રહ્માંડ. એમાં કોઈ એવું સ્થળ – ક્ષેત્ર બાકી નથી કે જ્યાં આ સંસારી જીવે અનંત અનંત જન્મ-મરણ ન કર્યા હોય, એક એક પ્રદેશે અનંત જન્મ-મરણ કર્યા છે. એમ કહે ને કે, આ ફલાણો વગડામાં મરી ગયો, ફલાણો આકાશમાં મરી ગયો, ફલાણો દરિયામાં, ફલાણો હોસ્પિટલમાં, ફલાણો ઘરે, ફલાણો રસ્તામાં... કોઈ પ્રદેશ બાકી નથી કે જ્યાં અનંતવાર ન મર્યો હોય. કેટલી વાર ? એક-બે વાર નહિ, બધા પ્રદેશે બધા ક્ષેત્રે. કેમકે એ તો અસંખ્યાત પ્રદેશ છે અને જન્મ-મરણ તો અનંત થયા.

**'ઉત્સર્પિણી અવસર્પિણી કાલનો એવો એક પણ સમય બાકી નથી રહ્યો કે જે સમયમાં આ જીવ અનંતવાર નથી જન્મ્યો, અને નથી મૂઓ.'** પહેલા દ્રવ્ય પરાવર્તન લીધું પછી ક્ષેત્ર પરાવર્તન લીધું, હવે કાળ પરાવર્તન લે છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ (એમ) પાંચ પરાવર્તન થયા છે. કહે છે કે, ઉત્સર્પિણી અને અવસર્પિણીના બધા જ સમયમાં અનંતવાર જન્મ્યો અને અનંતવાર મર્યો. કોઈ કાળ બાકી રહ્યો નથી. કયો કાળ શુભ ગણવો અને કયો કાળ અશુભ ગણવો ? કહો હવે. કોઈ કાળ શુભ-અશુભ છે નહિ. બધી વખતે જન્મ્યો, બધી વખતે મર્યો છે. અનંતવાર, પાછું એક-બે વાર નહિ, અનંત વાર !

**'નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચારે પર્યાયોમાં આ જીવે જઘન્ય આયુષ્યથી લઈ ઉત્કૃષ્ટ આયુષ્ય પર્યંત સમસ્ત આયુષ્યના પ્રમાણ ધારણ**

**કરી અનંતવાર જન્મ ધરેલ છે.**' શું કહે છે ? ચારે ગતિના પર્યાયોમાં મિથ્યાદૃષ્ટિને હોય એવું ઉત્કૃષ્ટ આયુ ધારણ કર્યું છે. સમ્યક્દૃષ્ટિને હોય એવા નહિ, (એવા) સૂક્ષ્મ કથનને બાદ કરવું, અપવાદ બાદ કરવો. ચારે ગતિના જઘન્ય આયુષ્ય. જઘન્ય આયુષ્ય (એટલે) અંતર્મુહૂર્તના (આયુષ્ય). (સ્વર્ગમાં) ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૧ સાગર સુધી જાય અને નરકમાં ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૩ સાગર સુધી જાય. બાકી મોટા આયુષ્ય નરક અને તિર્યંચ સિવાય ક્યાંય નથી. બધા આયુષ્ય ધારણ કરીને ચારે ગતિમાં અનંતવાર જન્મ્યો છે.

**'એક અનુદિશ, અનુત્તર વિમાનમાં તે નથી  પજ્યો, કારણ કે એ ચૌદે વિમાનોમાં સમ્યક્દૃષ્ટિ વિના અન્યનો ઉત્પાદ નથી.**' સમ્યક્દૃષ્ટિનાં ન લેવા, બાકી મિથ્યાદૃષ્ટિના બધા આયુષ્ય ધારણ કર્યા છે. '**સમ્યક્દૃષ્ટિને સંસારભ્રમણ નથી.**' પછી સમ્યક્દૃષ્ટિને તો સંસાર ભ્રમણ નથી. એ મુ  તના રસ્તે ચડી ગયા, એ અલ્પ કાળમાં એટલે અસંખ્ય સમયમાં મુ  ત પામી જશે, પરિભ્રમણ બંધ થઈ જશે, અનંત સુખે બિરાજમાન થઈને સિદ્ધાલયમાં સ્થિર થઈ જશે.

એ પહેલાં આ ચક્કર છે. શેને લઈને ? અજ્ઞાન અને મિથ્યાત્વ, સ્વચ્છન્દ અને પ્રતિબંધ. એને લઈને છે. જે કર્મજનિત પર્યાય વર્તી રહી છે, વર્તતી હતી, વર્તી રહી છે અને વર્તશે  એવો હું – એ મોટી ભૂલ થાય છે. એ હું અને એવો હું એ મોટી ભૂલ છે. હું જીવ છું, આ જે કર્મપ્રસંગ છે તે હું નથી. એટલે આધાર બદલાઈ જાય. નહિતર તો જે ઉદય આવ્યો છે એવો હું છું, એના આધારે બધા પરિણામ થયા વગર રહેશે નહિ. (એટલે) પાયામાંથી ફેરફાર કરવાનો. જેનો આધાર લીધો છે એ આધાર ન બદલાય, જે કર્મજનિત પર્યાયનો આધાર લીધો છે એ આધાર ન બદલાય ત્યાં સુધી પરિભ્રમણ ક્યાંથી બંધ થવાનું ? પરિભ્રમણનું કારણ જ ઈ છે.

પ્રશ્ન :– ભાવભાસન થયા વગર કેવી રીતે કરવું ?

સમાધાન :– છતાં આ હું નહિ. ભલે જીવની ઓળખાણ નથી થઈ પણ હું જીવ છું, શરીર નહિ પણ હું જીવ છું એમ લેવામાં શું વાંધો છે ? શરીર ધારણ કરીને શરીરવાળો શરીરસ્વરૂપે છું એમ તો લઈ જ રહ્યો છે અને એને આધારે તો બધા ભાવ આવે છે કે જે સંસારમાં પરિભ્રમણ કરાવવાના છે. હવે તો પલટો ખાવાનો છે ને ? હું જીવ છું. અનાદિથી લટું તો કરી જ રહ્યો છે, લટી Practice ચાલુ જ છે. દુઃખ તો જીવને થાય છે ને ? દુઃખ શરીરને નથી થતું, દુઃખ તો જીવને થાય છે.

મૂળ સ્વરૂપની ખોજ માટે એ પ્રશ્ન ઠવા જોઈએ. (હું) કોણ છું ? એટલે કેવો છું ? એમ લેવું છે. કોણ છું ? એટલે કેવો છું એમ લેવું છે. જીવ છું, છું જીવ પણ કેવો જીવ છું ઈ મારે ઓળખવાનું બાકી છે, એમ.

**'સમ્યકૃદૃષ્ટિને સંસારભ્રમણ નથી. કર્મની સ્થિતિબંધના સ્થાન તથા સ્થિતિબંધને કારણે અસંખ્યાત લોકપ્રમાણ કષાયાધ્યવસાયસ્થાન, તેને કારણે અસંખ્યાત લોકપ્રમાણ અનુભાગ બંધાધ્યવસાયસ્થાન તથા જગતશ્રેણીના સંખ્યાતમા ભાગ જેટલાં યોગસ્થાનમાંનો એવો કોઈ ભાવ બાકી નથી રહ્યો કે જે સંસારી જીવને નથી થયો.'** કર્મની સ્થિતિના બંધસ્થાન (એટલે) એ બધી સ્થિતિ બાંધી છે. કોઈ સ્થિતિ બાકી રાખી નથી. પછી એ સ્થિતિબંધને કારણે અસંખ્યાત લોકપ્રમાણ (એટલે) લોકના જેટલા અસંખ્યાત પ્રદેશો છે એટલા, કષાયાધ્યવસાયસ્થાન (એટલે) સર્વ પ્રકારના કષાય પણ કર્યા છે અને તેને કારણે – કષાયને કારણે અસંખ્યાત (લોક)પ્રમાણ અનુભાગબંધાધ્યવસાયસ્થાન. અનુભાગ એટલે રસ લીધો છે. થોડો રસ... વધુ રસ... વધુ રસ... વધુ રસ... ઉત્કૃષ્ટ રસ, એમ. તથા જગતની શ્રેણીના... શ્રેણી એટલે પ્રદેશોની હારમાળા. સંખ્યાતમા ભાગ જેટલાં યોગસ્થાનો. જગતની શ્રેણીના બધા જ ક્ષેત્રના યોગસ્થાનો. એવો કોઈ ભાવ બાકી નથી રહ્યો કે જે સંસારી જીવને

નથી થયો. બધા જ ભાવ કર્યા છે. બધા પ્રકારના કર્મ બાંધીને બધા જ ભાવ કર્યા છે. ટૂંકામાં સર્વ પ્રકારના કર્મ બાંધ્યા છે એવા ભાવ આ જીવે કર્યા છે. એટલે એવા પ્રકૃતિ, પ્રદેશ, અનુભાગ અને સ્થિતિ એ બધું બાંધ્યું છે.

**'એક સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના યોગ ભાવ નથી થયા.'** બાકી બધું થયું છે. સ્વરૂપસન્મુખ નથી થયો અને સ્વરૂપસન્મુખ જે શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર સમ્યક્પણે પજે એ નથી કર્યા. બાકી બધું કરી ચૂક્યો છે, કાંઈ બાકી રાખ્યું નથી. કોઈ શુભ, કોઈ અશુભ – શુભાશુભ બધા. કોઈ બાકી રાખ્યા નથી. શુભાશુભ બાકી નથી રાખ્યા એટલે શુભાશુભના ફળ પણ બાકી રહ્યા નથી.

(દરેક જીવને) પ્રકૃતિ તો હોય છે પણ કોઈ એક પ્રકૃતિ અથવા કોઈ એક-બે પ્રકૃતિ બળવાન હોય છે. બાકી તો બધી છે. કોઈક ક્યારેક તીવ્ર હોય છે, કોઈક ક્યારેક મંદ હોય છે. આમ થયા કરે છે. હોય છે ચારે, એવું નથી ક્રોધની પ્રકૃતિ છે તેને માનની નથી, લોભ નથી – એવું નથી, છે તો બધી. કોઈ બળવાન હોય છે, કોઈ નિર્બળ હોય છે. કોઈ તીવ્ર થઈ જાય છે, કોઈ મંદ થઈ જાય છે... કોઈ તીવ્ર થઈ જાય છે, કોઈ મંદ થઈ જાય છે. એમ.

મુમુક્ષુ :– જીવે પોતાનું માઠું કરવામાં મણા નથી રાખી.

પૂજ્ય ભાઈશ્રી :– પોતાનું બૂરું કરવામાં ખામી રાખી નથી.

**'એક સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના યોગ ભાવ નથી થયા. અન્ય સમસ્ત ભાવ સંસારમાં અનંતાનંતવાર થયા છે.'** કેટલી વાર ? કરોડો, અબજો નહિ, અનંત... અનંત... વાર બધા ભાવ થઈ ગયા છે. **'જિનેન્દ્રના વચનના અવલંબનરહિત પુરુષને મિથ્યાજ્ઞાનના પ્રભાવથી વિપરીત બુદ્ધિ અનાદિની થઈ રહી છે તેથી સમ્યક્માર્ગને નહીં ગ્રહણ કરતાં સંસારરૂપ વનમાં નાશ થઈ જીવ નિગોદમાં જઈ પડે છે.'** સરવાળો આ આવે છે. ત્રસપર્યાયનો કાળ મર્યાદિત (છે એટલે) જાય પાછો

નિગોદમાં. શું કહે છે ?

**'જિનેન્દ્રના વચનના અવલંબનરહિત પુરુષને...'** પુરુષ નામ આત્મા. ભગવાને જે આત્મકલ્યાણનો બોધ આપ્યો છે એનું અવલંબન ન લીધું. સાંભળવા ન મળ્યું એમ ન કીધું. એનું અવલંબન લીધું નહિ. એનો આશ્રય, એનો આધાર લેવો જોઈએ – ભગવાન આમ કહે છે. ભગવાન એમ કહે છે કે, તું જીવ છો. ભગવાન એમ કહે છે કે તું શરીર નથી. એનું અવલંબન લે. એ અવલંબન છોડીને અજ્ઞાનપણે જીવે વિપરીત બુદ્ધિ કરી અનાદિથી વિપરીત બુદ્ધિમાં પરિણમ્યો. હું શરીરધારી, હું ફલાણો... હું ફલાણો.. હું ફલાણો... ગડબડ કરી.

અંદરમાં તારાથી એ નક્કી ન થતું હોય તો નક્કી કરવા માટે ઈ જે કહે છે એમ કર ને ! એમ કહે છે. શું કરવા માનતો નથી ? વાત તો એમ છે, વિચિત્રતા ત્યાં છે કે, તારા હિતની અને તારા સુખની વાત તું શું કરવા માનતો નથી ? એમ કહે છે. જીવને એમ કહે છે કે, તારા હિતની વાત છે, તારા સુખની વાત છે પછી તું શું કરવા માનતો નથી ? આ તે કાંઈ થોડી વિચિત્રતા કહેવાય ? એમ કહે છે.

**'જિનેન્દ્રના વચનના અવલંબનરહિત પુરુષને મિથ્યાજ્ઞાનના પ્રભાવથી વિપરીત બુદ્ધિ અનાદિની થઈ રહી છે તેથી સમ્યક્‌માર્ગને નહીં ગ્રહણ કરતાં...'** સમ્યક્ (એટલે) સીધો રસ્તો નહિ પકડતાં. **'સંસારરૂપ વનમાં નાશ થઈ જીવ નિગોદમાં જઈ પડે છે.'** સંસારના વનમાં પરિભ્રમણ કરતો... કરતો... કરતો... સરવાળે નિગોદમાં જઈને પડે છે. એમ કહે છે કે, તું તને સંભાળને ! તારી જાતને સંભાળને ! તો આ પરિભ્રમણના ચક્કરમાંથી છૂટી જઈશ. નહિતર આ ચક્કર એવું છે કે ઈ ચકરાવે ચડેલા વમળમાં ફસાયેલા વહાણ જેવું છે. છૂટવું મુશ્કેલ પડશે.

**'કેવી છે નિગોદ ? જેમાંથી અનંતાનંત કાલ થાય તોપણ નીકળવું ઘણું મુશ્કેલ છે.'** ત્યાં બુદ્ધિ નથી, બુદ્ધિપૂર્વકનો કોઈ પ્રયત્ન નથી. ત્યાંને ત્યાં જન્મ-મરણ... ત્યાંને ત્યાં જન્મ-મરણ... ઉદયભાવ એવા, ઉદયફળ એવા... ઉદયના ફળમાં ઉદયભાવ પાછા એવા, ત્યાં જ જન્મે ને ત્યાં જ મરે.

મુમુક્ષુ :– નરકના દુઃખ ઘણા દેખાય, આપણને ત્રાસ લાગે પણ આ નિગોદનું દુઃખ ખબર નથી પડતી.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ઈ ખબર નથી પડતી ને એટલે. ભયંકરમાં ભયંકર સૌથી વધારે દુઃખ હોય તો નિગોદમાં છે. વિષયોને અર્થે પડી પડીને મરે છે. એકેન્દ્રિયમાં ગયા પછી બે ઇન્દ્રિયથી ચાર ઇન્દ્રિય સુધીમાં પણ, બે, ત્રણ અને ચાર એને વિકલત્રય (કહી). ત્રણ પ્રકારની ઇન્દ્રિય થઈ ને ? એટલે ત્રય લીધું. એમાં પણ વિષયના ભાવ ઘણા રહે છે. (એમાં) ઉછળી ઉછળીને મરે છે.

મુમુક્ષુ :– કીધું છે ને તત્ત્વની વિરાધનાનું ફળ નિગોદ છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, આરાધનાનું ફળ મોક્ષ છે અને વિરાધનાનું ફળ નિગોદ છે. તત્ત્વની વિરાધના, દેવ-ગુરુ-શાસ્ત્ર, સત્પુરુષની વિરાધના આ તો સપને પણ થવું જોઈએ નહિ. ન સમજણ પડે તો બેસી રહેવું પણ બીજું કરવા જેવું નથી. દુનિયાના તોફાન ભલે ગમે એટલા કરો, ધર્મના ક્ષેત્રમાં તોફાન કરવા જેવા નથી. એનું ભયંકર ફળ છે, ભયંકર, ખરાબ !

**'અસંખ્યાત કાલ વિકલત્રયમાં રહી પાછાં એકેન્દ્રિયમાં ફરી ફરી વારંવાર કૂવા પરના રેંટના ઘડાની પેઠે નવા નવા દેહ ધારણ કરતાં કરતાં ચારે ગતિમાં નિરંતર જન્મ, મરણ, ભૂખ, તરસ, રોગ, વિયોગ, સંતાપ ભોગવી પરિભ્રમણ અનંતકાલ સુધી કરે છે. એનું નામ સંસાર છે.'** સંસાર કોને કહેવો ? બહુ કાળ તો જીવ નિગોદમાં રહે. પાછો બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિયમાં જે તે ઇન્દ્રિયોની તૃષ્ણાના

એટલા બધા તીવ્ર પરિણામ થાય (કે) જીવ દુઃખી... દુઃખી... દુઃખી... દુઃખી... થાય છે. ઉછળી ઉછળીને મરે છે. બહુ જ દુઃખમય પરિણામ છે. બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિયમાં જીવો ખૂબ દુઃખી હોય છે, ખૂબ દુઃખી હોય છે. તીવ્ર ભાવ છે એટલે (તીવ્ર દુઃખી છે).

તેઓ અસંખ્યાત કાળ એટલે સાગરોપમના કાળ બે-ત્રણ-ચાર ઇન્દ્રિયમાં રહીને વળી પાછો એકેન્દ્રિયમાં ચાલ્યો જાય, નિગોદમાં ચાલ્યો જાય. સંજ્ઞી પંચેન્દ્રિય થવું તો બહુ મુશ્કેલ અને એમાં પણ મનુષ્ય થવું તો બહુ જ મુશ્કેલ છે. એ પ્રકારે કૂવાના રેંટની જેમ ત્યાંને ત્યાં... ત્યાંને ત્યાં... ત્યાંને ત્યાં.. જન્મ-મરણ... જન્મ-મરણ... જન્મ-મરણ કરી, નવા નવા દેહ ધારણ કરી ખૂબ દુઃખ પામે છે. અનેક પ્રકારના ખૂબ પરિભ્રમણ કરીને અનંતકાળ સુધીનું દુઃખ પામે. આવા અનેક પ્રકારના દુઃખ ભોગવવાનું નામ સંસાર છે. એને સંસાર પરિભ્રમણ કહેવામાં આવે છે.

એમ કહીને એમ કીધું કે, હે જીવ ! તું ભાવના ભાવ કે કોઈપણ ભોગે મારે હવે આ સંસારથી છૂટી જાવું છે. કોઈપણ ભોગે છૂટી જાવું છે એમ ભાવના ભાવ. સંસારનું વર્ણન કરીને, દુઃખનું વર્ણન કરીને એમ કહેવું છે કે, હવે કોઈ ભોગે મારે (સંસાર) ન જોઈએ, ન જોઈએ તે ન જ જોઈએ. અને એ ન જોઈએ એના માટે જે કાંઈ કરવું પડે એના માટે હું તૈયાર છું. Unconditional – મારી કોઈ Condition જોઈએ નહિ. મારે સંસારથી છૂટવું છે – એક જ વાત છે. ડૉ ટરને ન કહે કે, તમારે જે લેવું હોય એ લ્યો પણ મને બચાવો ! જે કાપવું હોય ઈ કાપો, લેવું હોય ઈ લ્યો, જેમ કરવું હોય (તેમ કરો પણ) મને બચાવી લો. કોઈ નથી બોલી શકતા, પણ જે મરતી વખતે બોલી શકે છે એ એવું જ બોલે છે કે મને કોઈ બચાવો, બચાવો... રે મને કોઈ બચાવો... હું મરી જઈશ. બોલી શકે છે એ એવું બોલે છે. બાકી તો મોટાભાગના તો એટલા બધા દુઃખી થાય

છે કે બોલી શકતા નથી, પણ એના ભાવ ઈ જ હોય છે કે મને બચાવો રે... બચાવો. કોઈ રીતે મને બચાવો, મારે મરવું નથી. જાનવર શું, મનુષ્ય બોલી શકતા નથી, પણ એના ભાવ આ જ છે. એક શરણ સર્વજ્ઞનો ધર્મ છે. 'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી' બાકી તો અનાથ છે, એ સિવાય જીવ અનાથ છે, કોઈ હાથ પકડે એવું નથી. એ સર્વજ્ઞનો ધર્મ મળે એવી બધી તક ભી થઈ છે, હવે જીવ બેદરકારી કરે કે ગોથું ખાય તો એના જેવો કોઈ મૂરખ નથી.

અહીં સુધી રાખીએ.



## તા. ૧૨-૧૨-૧૯૯૬, પ્રવચન નં. ૮
## સંસાર ભાવના

(‘શ્રીમદ્ રાજચંદ્ર’ વચનામૃત. સંસાર ભાવના). ૨૧મા પાને છેલ્લો પેરેગ્રાફ છે. **‘જેમ  કળેલા આધણમાં ચોખા સર્વ તરફ ફરતાં છતાં ચોડવાઈ જાય છે,...’** આધણમાં સમજ્યા ? ગરમ પાણી. આધણ એટલે  કળતું ગરમ પાણી. **‘જેમ  કળેલા આધણમાં ચોખા...’** ચોખા માને ચાવલ. **‘સર્વ તરફ ફરતાં છતાં ચોડવાઈ જાય છે,...’** પાણી  કળે એમ ચોખા પણ અંદર ફરતા હોય ને ? હલકા છે એટલે. અને ચોડવાઈ જાય છે, **‘તેમ સંસારી જીવ કર્મથી તપ્તાયમાન થઈ પરિભ્રમણ કરે છે.’** ભાવનાઓમાં પરિભ્રમણનો વિષય ખાસ લીધો છે. ‘સમંતભદ્રાચાર્યદેવ’ (રચયિતા) છે ને ?

**‘તેમ સંસારી જીવ કર્મથી તપ્તાયમાન થઈને...’** કે દુઃખી થતાં થતાં પરિભ્રમણ કરે છે. તપ્તાયમાન થઈને એટલે શું ? કે દુઃખી થતાં થતાં પરિભ્રમણ કરે છે. **‘આકાશમાં  ડતાં પક્ષીને બીજું પક્ષી મારે છે,...’** મોટું પક્ષી હોય તો નાના પક્ષીને મારે. **‘જળમાં વિચરતાં મચ્છાદિકને બીજાં મચ્છાદિક મારે છે,...’** ત્યાં પણ મોટા પ્રાણી હોય ઈ નાનાને મારે છે. **‘સ્થળમાં વિચરતાં મનુષ્ય પશુ આદિકને સ્થળચારી સિંહ, વાઘ, સર્પ વગેરે દુષ્ટ તિર્યંચ તથા ભીલ, મ્લેચ્છ, ચોર, લૂંટારા, મહા નિર્દય મનુષ્ય મારે છે.’** મનુષ્યમાં પણ નિર્દયી થઈને મારે જ

છે. બળવાન હોય એ નબળાને મારે છે કે નથી મારતા ? લૂંટે છે, મારે છે.

**'આ સંસારમાં બધાં સ્થાનમાં નિરંતર ભયરૂપ થઈ નિરંતર દુઃખમય પરિભ્રમણ કરે છે.'** ભયનું દુઃખ તો બધાને બધા પ્રકારનાં ભયનું ચાલુ છે. મિથ્યાત્વ અવસ્થામાં બધા જ ભયનું દુઃખ ચાલુ છે. ભલે એ ભય સંબંધી વિકલ્પ ન હોય તોપણ અભિપ્રાય હોવાથી ભયનું દુઃખ ચાલુ છે.

પ્રશ્ન :– ભાઈશ્રી ! ઉદય આવે ત્યારે ખ્યાલ આવે ને કે કેટલું ડાણ છે ?

સમાધાન :– હા, ઉદય આવે ત્યારે અનુભવ થાય છે અને આ પરિણતિના અનુભવને પકડી શકતો નથી. કેમકે જીવનો લક્ષ ઉપયોગ ઉપર વધારે છે. જે પરિણતિ ચાલે છે એનો અભ્યાસ નથી, એનો ખ્યાલ નથી પણ એનું દુઃખ ઘણું છે. ઈ અનંતું છે. કેટલું છે ? સમયે સમયે મિથ્યાત્વ અવસ્થામાં અનંતું દુઃખ છે. સુખી દેખાતો હોય કે ગણાતો હોય એવા મનુષ્યને પણ કેમકે એ બધા પણ ભયના ઓથાર નીચે જ જીવે છે. વીમો શું કરવા ઉતરાવે છે ? ક્યારે શું થશે એની ખબર નથી માટે આપણે કાંઈક આધાર – ઓથ બાંધી રાખીએ. એમ.

મુમુક્ષુ :– એ પણ બીજા માટે, પોતાને શું કામ આવે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ પણ એને કુટુંબ-પરિવાર પ્રત્યે મમત્વ છે ને ! મારી પાછળ મારા કુટુંબીઓને કામમાં આવશે. મારા ગયા પછી એ લોકોને તકલીફ ન પડે. પણ કઈ સેકંડે ઈ લૂંટાઈ જશે એની એને ખબર નથી. (ભયની પરિણતિ) બધાને ચાલુ જ છે.

મુમુક્ષુ :– આ ભર્તૃહરિ સાહેબે એવું કંઈક કહ્યું છે ને ! કે આમાં આનો ભય છે. આમાં આનો ભય છે.

પૂજ્ય ભાઈશ્રી :– બધાયમાં ભય જ છે. જેને જેનો અહંભાવ

છે એમાં એને ભય છે પછી જેમાં જેમાં અહંભાવ થાય છે. કોઈને આમાં તો કોઈને આમાં તો કોઈને આમાં, એમ. બધાને એનો ભય છે. આબરૂ હોય એને આબરૂની બદનામી થાય એનો ભય છે. શું ? એવી જ રીતે જીવતાને મૃત્યુનો ભય છે. તવંગર છે, એને ગરીબ થવાનો ભય છે. ભોગી છે તેને રોગનો ભય છે. 'ભોગે રોગ ભયં'

મુમુક્ષુ : જે વસ્તુ એને અનુકૂળ સામગ્રી પ્રાપ્ત થઈ છે એને ભયના ઓઠા નીચે ભોગવી નથી શકતો.

પૂજ્ય ભાઈશ્રી :– ઉપલક રીતે સુખની કલ્પના કરે પણ દુઃખ તો ઘણું ભું છે. દુઃખ તો પરિણતિનું ઘણું ચાલું છે.

પ્રશ્ન :– ભયનો ખ્યાલ તો આવ્યો પણ હવે ઈ ભયને કાઢવો કઈ રીતે ?

સમાધાન :– દેહાત્મબુદ્ધિ મટે તો તૂટે, તો ભય જાય. ભય ક્યારે જાય ? જ્ઞાનદશામાં દેહાત્મબુદ્ધિ મટી જાય ત્યારે. જ્ઞાની નિર્ભય છે.

પ્રશ્ન :– ભાઈશ્રી ! પરિણતિમાં જે ભય ચાલે છે એ સૂક્ષ્મ ઉપયોગ કરવાથી મુમુક્ષુની ભૂમિકામાં દેખાય ?

સમાધાન :– હા, પરિણતિના અવલોકનનો અભ્યાસ થાય તો દેખાય છે. ઈ જરા સૂક્ષ્મ છે અને અવલોકન સૂક્ષ્મ થાય ત્યારે દેખાય છે. એ અવલોકનની ઘણી Practice પછી દેખાય છે. ન સમજાય એવો વિષય નથી, સમજાય એવો વિષય છે.

પ્રશ્ન :– ભાઈશ્રી ! અત્યારે એવું કંઈ થાય ત્યારે પ્રયોગ કરવો હોય તો થાય કે ન થાય ?

સમાધાન :– એ વખતે તો શું પ્રયોગ થાય ? એ વખતે તો તમે કાંઈ વિચાર કરો એ પહેલાં તો ભયમાં આવી જાવ છો. કાંઈ વિચાર કરવાનો અવકાશ ત્યાં તો છે નહિ. દેહાધ્યાસનો અભિપ્રાય પલટાય ગયો હોય તો ફરક પડે, નહિતર તો ફરક પડે નહિ. એટલે

એમાં તો પૂર્વતૈયારી જ કામ આવે, આત્માને કેળવ્યો હોય એટલું જ કામમાં આવે.

મુમુક્ષુ :– ભાઈશ્રી ! આ ભવભ્રમણનો ભય જો અંદર દાખલ થઈ જાય તો બીજા બધા ભય ફીકા પડી જાય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, અભિપ્રાયમાં ફેર પડે છે, મોળો પડે.

પ્રશ્ન :– ભાઈશ્રી ! કોઈ ખાવા-પીવાની ચીજ નુકસાન કરતી હોય, શરીરને માફક ન આવતી હોય તો એની પાછળ પણ ભય છે કે, આને લઈશું તો તબિયત બગડી જશે, તો એ પણ દેહાધ્યાસ ગણાય ?

સમાધાન :– હા, એ પણ દેહાધ્યાસના કારણે (થાય છે).

પ્રશ્ન :– તો એ સમયે કેવો પ્રયાસ હોવો જોઈએ ?

સમાધાન :– એ તો દેહાતીત દશા સુધીનો પુરુષાર્થ કરવો પડે.

મુમુક્ષુ :– ભાઈશ્રી ! ઈ વખતે એટલું ચાલે છે કે, જો આવી રીતે અચાનક મૃત્યુ થઈ જશે, ક્યાંક ટકરાઈ ગયા અને જો અચાનક મૃત્યુ થઈ જશે તો તું શું કરીશ ? તેં તો હજી કાંઈ કર્યું નથી. એ વખતે એટલો ભાવ ત્યાં આવી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– ઠીક છે, એ તો ભૂમિકા અનુસાર ભાવ આવવાના.

પ્રશ્ન :– ભાઈશ્રી ! આને અમારે કઈ રીતે લેવું જોઈએ ?

સમાધાન :– એ તો Channelથી ચાલવાનું છે, જે પદ્ધતિ છે તે પદ્ધતિથી ચાલવું પડે. કોઈ બીજો બીજો રસ્તો શોધવાનો પ્રશ્ન નથી રહેતો. જ્યારે એક વાત બતાવી છે કે આ રસ્તા ઉપર ચાલવાનું છે તો પછી પ્રશ્ન કેમ ઠે છે કે, અમારે શું કરવું ? જ્યાં સુધી આપણે કામ નથી કરતા ત્યાં સુધી એ કામ કેવી રીતે કરીએ (તે જ જોવાનું છે). (ન ચાલીએ) ત્યાં સુધી તો બધું ચાલવાનું જ ચાલવાનું છે. પોતાની તૈયારી નથી તો ચાલવાનું જ ચાલવાનું છે. એનો કોઈ

બીજો ઉપાય થોડો છે ? ઉપાય તો જે છે તે છે, તે ઉપાય આપણે કરવાનો છે. એ ઉપાય ન કરીએ તો બીજો બીજો ઉપાય શોધવાથી કોઈ ફાયદો તો છે નહિ.

જ્યારે આટલી પ્રયોજનભૂત વાત મળી ગઈ કે આ રસ્તે જ, આ પદ્ધતિથી જ કામ થાય છે તો પછી આપણે કામમાં કેમ ન લાગી જઈએ ? પછી બીજા બીજા પરિણામ થાય ત્યારે એને કેમ મટાડવા ? આ (પરિણામ) થાય તો આને કેમ મટાડવા ? તે (પરિણામ) થાય તો તેને કેમ મટાડવા ? એ કોઈ કામ કરવાની રીત નથી. એવો તર્ક નહિ આવવો જોઈએ. એનો અર્થ એ થયો કે આપણને જે પ્રયોજનભૂત વાત મળી છે તેની ઉપર આપણું ધ્યાન નથી. બીજી બીજી વાત ઉપર આપણું ધ્યાન જાય છે (તો) આપણે માર્ગ છોડીને બીજા માર્ગે કામ કરવા ઇચ્છીએ છીએ, એમાં આ વાત થઈ ગઈ. અજાણતા પણ એ વાત થઈ જાય છે.

(બુદ્ધિમાં) એવી વાત નહિ હોવી જોઈએ, ભલે આપણે આપણા પરિણામને બતાવીએ તોપણ હું મૌન રહું છું કે નથી રહેતો ? તમે લોકો પોતપોતાના પરિણામ બતાવો છો હું મૌન રહું છું એનો અર્થ શું થયો ? કે, તમને વાત તો બતાવી દીધી છે કે કામ કેમ કરવાનું છે. એવું નથી કે એક એક પરિણામમાં તેનો નવો નવો ઉપાય છે અને બતાવવો જરૂરી છે. એ વાત તો છે નહિ. તેથી જ મૌન રહીએ છીએ. તોપણ તમે તેને ગોતતા રહો અથવા એની પાછળ લાગો (કે) મને આમ થઈ ગયું એનું હું શું કરું ? મને આમ થઈ ગયું એનું હું શું કરું ? તો એનો અર્થ એ થયો કે તમને જે રસ્તો બતાવ્યો છે એ રસ્તા ઉપર ચાલવું પસંદ નથી. પ્રયોજન ઉપર લક્ષ નથી ગયું. કામ તો કામની પદ્ધતિથી જ થાય છે. એ ખ્યાલમાં રાખવાનું છે, લક્ષમાં રાખવાની વાત છે.

**‘આ સંસારમાં બધાં સ્થાનમાં નિરંતર ભયરૂપ થઈ નિરંતર દુઃખમય**

**પરિભ્રમણ કરે છે.**' એને સમજાય તોપણ ભલે અને ન સમજાય તોપણ ભલે, પણ આ સંસારમાં બધા સ્થાનમાં બધા જીવો નિરંતર ભયરૂપ થઈને, નિરંતર ભયમાં દુઃખરૂપ થઈને પરિભ્રમણ કરી રહ્યા છે. '**જેમ શિકારીના ઉપદ્રવથી ભયભીત થયેલ જીવો મોઢું ફાડી બેઠેલા અજગરના મોઢામાં બિલ જાણી પ્રવેશ કરે છે, તેમ અજ્ઞાની જીવ ભૂખ, તરસ, કામ, કોપ વગેરે તથા ઇંદ્રિયોના વિષયોની તૃષ્ણાના આતાપથી સંતાપિત થઈ, વિષયાદિકરૂપ અજગરના મુખમાં પ્રવેશ કરે છે.**' શું કીધું ? જેમ કોઈ શિકારી પાછળ પડ્યો હોય (તો) ભાગે. સામે કોઈ અજગર મોઢું ફાડીને બેઠો છે એને એમ થયું કે બિલ એટલે દર, આ કોઈ સરસ દર છે એમાં ઘૂસી જાઉં તો શિકારીથી બચી જઈશ ! તો લટો અજગરનો શિકાર થઈ ગયો. ઉલમાંથી પડ્યો ચૂલમાં !

'ગુરુદેવ' દૃષ્ટાંત દેતા હતા. એક સર્પ છે એ ખોરડામાં ઉપર(થી) ચાલ્યો જાય. નીચે ચૂલ ઉપર તેલ મૂકેલું, કડાઈ (મૂકી હતી) તો ધૂમાડો (ઉપર) ગયો (અને) ધૂમાડાની અસરથી એની ચાલવાની પકડ છૂટી ગઈ. ખોરડા ઉપર ચાલવાની પકડ છૂટી ગઈ. કેમકે એને પગ તો હોય નહિ. શરીર તો ગોળાઈવાળું – પેટવાળું હોય, ઈ પેટની પકડથી ચાલતો હોય. ધૂમાડાની અસરથી પકડની સાવધાની છૂટી ગઈ (એટલે) પડ્યો કળતા તેલમાં. કળતા તેલમાં પડ્યો એટલે એકદમ વેદના વધી એટલે છળ્યો ! વેદનાનો માર્યો છળ્યો એટલે પડ્યો ચૂલામાં, જેમાં અગ્નિ સળગતી હતી ! બચવા માટેનો પ્રયત્ન નિષ્ફળ જાય છે.

એમ સંસારમાં અજ્ઞાની જીવ ભૂખ, તરસ, કામ, કોપ વગેરે તથા ઇન્દ્રિયોના વિષયોની તૃષ્ણાના આતાપથી – આ લઉં, આ મેળવું, આ જોઈએ, આ જોઈએ... આ જોઈએ... એની આકુળતાથી આતાપિત થઈને એ આતાપ(થી) શાંતિ લેવા માટે વિષયોને અંગીકાર કરે છે. એ ઉલમાંથી ચૂલમાં પડે છે. ત્યાં તો વધારે સળગે છે. '**વિષયાદિકરૂપ**

**અજગરના મુખમાં પ્રવેશ કરે છે.**'

'**વિષયકષાયમાં પ્રવેશ કરવો તે સંસારરૂપ અજગરનું મોઢું છે.**' શાંતિ લેવા માટે, કષાયને મંદ કરવા માટે (વિષયોમાં) પ્રવેશ કરે તો  લટાનું ત્યાં તો વધારે આકુળિત થાય છે. '**એમાં પ્રવેશ કરી પોતાના જ્ઞાન, દર્શન, સુખ, સત્તાદિ ભાવપ્રાણનો નાશ કરી, નિગોદમાં અચેતન તુલ્ય થઈ, અનંતવાર જન્મ મરણ કરતાં અનંતાનંત કાળ વ્યતીત કરે છે.**' શું છે ? કે, એ રીતે વિષયોમાં પ્રવેશ કરીને પોતાના જ્ઞાન, દર્શન, સુખ આદિ પ્રાણોનો ઘાત કરે છે. નિગોદાદિ દુર્ગતિમાં જઈને અનંતકાળ સુધી જન્મ-મરણના પરિભ્રમણના ચક્કરમાં જઈને પડે છે. Cycloneમાં આવી ગયો.

અહીંયાં એ વંટોળમાંથી જુદાં થવાની – બચવાની એને તક મળી (અને) બચવાને બદલે એણે અજ્ઞાન, મિથ્યાત્વ સહિતના જેટલા બધા પરિણામો થાય (તે) ચાલુ રાખ્યા, ઉદયમાં ઉદયભાવો હોય એ ચાલુ રાખ્યા. પાછો ફરીને ત્યાં જાશે, વંટોળમાં ચડી જશે. જેવું આ આયુષ્ય પૂરું થયું (કે) ક્યાં ગયો એનો પત્તો નહિ લાગે. '**ત્યાં આત્મા અભાવ તુલ્ય છે,...**' નિગોદમાં તો પોતાનો આત્મા અભાવ તુલ્ય છે. છે ખરો પણ અભાવ તુલ્ય છે.

મુમુક્ષુ :– સવારે Walking માં આપે કીધેલું બાજી મળી છે એને જવા નથી દેવાની.

પૂજ્ય ભાઈશ્રી :– હા, આ દાવ મળ્યો છે, ચૂકવાનું નથી. એટલો લક્ષ રાખી લેવો જોઈએ. ઈ પકડમાં આવે તો બધે મોળું પડી જ જાય – ઉદયભાવો મોળા પડી જ જાય.

'**જ્ઞાનાદિકનો અભાવ થયો ત્યારે નાશ પણ થયો.**' આત્મા અભાવ તુલ્ય છે અને જ્ઞાનનો પણ નાશ થયો ત્યારે નાશ જેવું જ થઈ ગયું. 'સોગાનીજી'નો વિષય વિચારવા જેવો છે. કોઈ સત્પુરુષનો યોગ નહોતો. એમને આત્મશાંતિ જોઈતી હતી એટલે ક્યાંય ચેન પડતું

નહોતું. ઉદયમાંથી તો સાવ રસ   ડી ગયેલો. આત્મશાંતિની ખોજ પાછળ ખબર નહોતી એટલે ભલે ખોટા પ્રયત્નો કર્યા પણ ખોજ એટલી બધી તીવ્ર હતી (કે બધા) ઉદયભાવમાંથી   ઠી ગયા હતા. ત્યાં સુધી (કે) વેપાર-ધંધો ભાંગી ગયો તોપણ નીકળી ન શક્યા – ખોજમાંથી નીકળી ન શક્યા ! કેવી પોતાના આત્માની લગની કેવી લાગી હતી !! લગની લગાડવા માટે કોઈ સાધન નહોતું, અંદરથી જ લાગી હતી. સત્સંગ નહોતો, લગની લાગે એના માટે કોઈ સત્સંગ નહોતો. નહિતર સત્સંગ સિવાય એ વસ્તુ નથી મળતી. સંપ્રદાયની રૂઢિ પ્રમાણે સંપ્રદાયિક ધર્મસાધન કરીને જીવ સંતોષાઈ જાય છે.

ઈ જીવની યોગ્યતા એવી હતી કે ક્યાંય સંતોષાતા નહોતા. ભલે એક વાર ભૂલથી એમ માન્યું કે પૂજા કરશું તો આત્મકલ્યાણ થઈ જશે. તો ભગવાનના મંદિરમાં જઈને છ-છ કલાક પૂજા કરે ! પરોઢિયે ચાર વાગે (જાય) તો દસ વાગે દેરાસરની બહાર નીકળે. ચાર વાગ્યાના અંદર ગયા હોય ઈ દસ વાગે નીકળે !   લટાની અશાંતિ થવા મંડી (એટલે) ઈ સાધન મૂકી દીધું. જે જે સાધન કરે (અને) શાંતિ ન મળે (એટલે) છોડી દ્યે, પણ પ્રયત્ન નહોતા છોડતા. એવી લગની લાગેલી ! (આવી લગની લાગે) તો ઉદયભાવમાં ક્યાંય જોડાય નહિ. ઈ અનુદય પરિણામ થયા કે ન થયા ? આત્મશાંતિની તીવ્ર ખોજ પાછળ અનુદય પરિણામ થઈ ગયા કે ન થયા ? ઉદય તો એમને ચાલુ હતા.

આપણે (ત્યાં) લોકો ફરિયાદ કરે છે મને કે, કામમાં લાગી ગયા. પાછળથી યાદ આવ્યું. થોડો વિકલ્પ કર્યો વળી કામમાં લાગી ગયા, પાછું યાદ આવ્યું.. થોડો વિકલ્પ કર્યો વળી કામમાં લાગી ગયા... આ બધું વિચારવું જોઈએ, મને કેમ આમ છે ? મને કેમ આમ થાય છે ? એમને આમ થયું તો પામ્યા ને ? હું ક્યાંથી પામવાનો હતો ? આવું નહિ થાય તો હું ક્યાંથી પામવાનો ? એને ઉદયની સાવધાની

જ છૂટી ગઈ, લ્યો ! પાછું એવું નહોતું કે સંયોગો અનુકૂળ હતા એટલે વાંધો નહોતો, સાવધાની છોડે તો વાંધો નહોતો એવું નહોતું. પૂરેપૂરો વાંધો હતો. ત્યાં સુધીનો વાંધો પડી ગયો કે, કુટુંબને છોડીને, 'અજમેર' છોડીને 'કલકત્તા' કમાવા જાવું પડ્યું !! 'અજમેર'માં પોતાના કુટુંબને છોડીને 'કલકત્તા' કમાવા જાવું પડ્યું. ત્યાં કોઈ રહેવાની વ્યવસ્થા કે ખાવાની વ્યવસ્થા હતી નહિ. તોપણ એમને (ઉદયની) સાવધાની નથી આવી ! પછી તો જ્ઞાનદશા હતી, 'કલકત્તા' ગયા ત્યારે તો જ્ઞાનદશામાં આવી ચૂક્યા હતા. મુમુક્ષુની દશામાં પણ કેવી 'લાગી કે લાગી' એવું હતું !! અહીં તો એવું કાંઈ નથી, એવી કોઈ ચિંતાનું કારણ નથી તોપણ સાવધાનીમાં ઘૂસી જાય છે. એમને કપરા સંયોગો હતા તોપણ સાવધાની જ ન આવી.

એટલું આત્મહિતમાં વજન ગયા વગર, આત્મકલ્યાણના વિષયમાં એટલું વજન ગયા વિના પરમાત્મા પર્યાયમાં પધારે કેવી રીતે ? એટલો એમણે આદર કર્યો ! નિજસ્વરૂપનો, નિજપરમાત્માનો એટલો એમણે આદર કર્યો !! એકવાર અંદાજ મૂકી દેવાનો કે મારા સ્વરૂપની સાવધાની કરતાં સંયોગોની સાવધાની  ડી જશે અને  ડી જશે તો બહુ બહુ તો ખેદાનમેદાન થઈ જશે, બીજું શું થઈ જવાનું હતું ? આપણે થોડું નુકસાન ન વિચારીએ, ઈ ખેદાનમેદાન થઈ જશે તો જોયું જશે !! પડશે એવા દેવાશે, પણ મારે મારો પરમાત્મા પહેલાં જોઈએ. ઈ પહેલાં જગતમાંથી કાંઈ જોઈતું નથી. જગત આખું પછી અને પહેલો મારો પરમાત્મા ! તો પ્રાપ્ત થાય છે અને પ્રાપ્ત થાય એને એવું નથી કે અનુકૂળ સંયોગો જ રહે. 'સોગાનીજી'ની જેમ પ્રતિકૂળતાઓ પણ આવે પણ ઈ પ્રતિકૂળતાનો બોજો ન આવે. પછી શું વાંધો ?

એક પત્રમાં શરૂઆતમાં જ એમણે લખ્યું છે કે, પરિણતિ જબ અનંત સુખ કે પિંડ કે સાથ રહતી હૈ ફિર ચિંતા કાહેકી ? મારી

પરિણતિ તો મારા અનંત સુખના નિધાનમાં રહે છે પછી મારે કોની ચિંતા કરવાની રહી ? બહારમાં ઉદય પ્રમાણે, પ્રારબ્ધ પ્રમાણે બની રહ્યું છે અને બનતું રહેવાનું છે એમાં હું શું કરી શકું ? હું કરી પણ શું શકું ? સાવધાની કરીશ તોપણ હું કાંઈ કરી શકતો નથી અને ઉપેક્ષા કરીશ તોપણ હું કાંઈ કરી શકતો તો નથી. ઠીક છે, ખ્યાલ આવશે કે અત્યારે ઉદય પ્રતિકૂળ ચાલે છે, પણ મારો ક્યાં છે ? ઉદય ઉદયનો. પ્રતિકૂળ ચાલે છે તો ચાલવા દ્યો. અનુકૂળ ચાલે તો એમાં શું થઈ ગયું હવે ? મને એથી શું મળે છે ? ઉદયનો Problem જ એકદમ light થઈ જાય. અનુકૂળ હો કે પ્રતિકૂળ હો, મારો રસ્તો ઉદયની અનુકૂળતા અને પ્રતિકૂળતાથી પર જઈને ચાલવાનો છે. જે રસ્તા ઉપર મારે ચાલવું છે એ (રસ્તો) ઉદયની અનુકૂળતા, પ્રતિકૂળતાથી પર થઈને (ચાલવાનો છે). અને એ પ્રતિકૂળતામાં યોગ્યતા હોય કે જ્ઞાનદશા હોય તો પુરુષાર્થ વધારે ચાલશે, નુકસાન તો થવાનું નથી, પછી ભય કોનો ? પછી ભય કોનો ?

મુમુક્ષુ :– ભાઈશ્રી ! Problem તો એ છે કે એમાંથી સાવધાની છોડી દીધી અને એ સમયે કોઈ નુકસાન થઈ જશે તો મારા પરિણામ વધારે બગડી જશે, પહેલેથી જ એવો ભય અંદર આવી જાય છે. એમ દેખાય કે આમ થશે તો એની આ અસર આવશે તો એમાં મારા પરિણામ વધારે બગડી જશે. પહેલેથી એવું Visualise થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– પહેલેથી જ અભિપ્રાયની ભૂલ છે કે, મારા પરિણામ સંયોગ બગડવાથી બગડે છે અને સંયોગ સુધરવાથી સુધરે છે. Misconcept તો પહેલેથી જ છે. એમાં તો એ જ થવાનું છે. બધા વિપરીત અભિપ્રાય તોડવાના છે, બધા વિપરીત અભિપ્રાય તોડવાના છે.

**'નિગોદમાં અક્ષરનો અનંતમો ભાગ જ્ઞાન છે, તે સર્વજ્ઞે જોયેલ છે.'**

એ સર્વજ્ઞના જ્ઞાનનો વિષય છે, છદ્મસ્થના જ્ઞાનનો વિષય નથી. **'ત્રસ પર્યાયમાં જેટલા દુઃખના પ્રકાર છે, તે તે દુઃખ અનંતવાર ભોગવે છે.'** પરિભ્રમણ કરતો જીવ ત્રસ પર્યાયમાં જેટલા પ્રકારના દુઃખ છે એ બધા અનંતવાર ભોગવે છે. બે ઇન્દ્રિય થાય, શાકમાં ઇયળ થાય ને ? શિંગ હોય, ફોલેલી શિંગ હોય કે પાંદડું હોય કે ફળની અંદર થાય (એને) કાપે એટલે સીધા બે કટકા થાય ! એ ચીજને કાપે એટલે એની સાથે એના શરીરના પણ (કટકા થઈ જાય). અનંતવાર એ બધા દુઃખ ભોગવ્યા છે. અત્યારે ઇંજેક્ષનની સોય અડે ત્યાં આખો એક જગ્યાએ આવી જાય છે ! એ... મને સોય વાગી...! (અહીંયાં તો) સીધા બે કટકા જ થાય, કેવી વેદના થતી હશે ? એ ત્રસ પર્યાયના જે જે પ્રકારનાં દુઃખ છે (એ) બધાં અનંતવાર ભોગવ્યા છે.

**'એવી કોઈ દુઃખની જાતિ બાકી નથી રહી...'** એવી કોઈ જાત બાકી નથી રહી કે **'જે આ જીવ સંસારમાં નથી પામ્યો.'** શરીર કપાણું ને ત્યાં વેદના થઈ. ત્યાં આત્મા નથી કપાણો. એને એમ કે હું કપાઈ ગયો ! એની વેદના છે. વેદના એની છે, દેહાત્મબુદ્ધિની વેદના છે. નહિતર તો આત્મા સ્વરૂપથી તો દેહાતીતસ્વરૂપ જ છે. એકલું જ્ઞાનમય તત્ત્વ છે ઈ દેહાતીતસ્વરૂપે છે. દેહને ગમે તે થાય એને કાંઈ થાય નહિ. અશાતાવેદનીયનું જ્ઞાન થાય.

મુમુક્ષુ :– એકમેક થઈ જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :– થઈ શકે જ નહિ. એક જડ છે, એક ચેતન છે.

પ્રશ્ન :– ભાઈશ્રી ! શરીરના બે ભાગ થઈ જાય છે એ બન્ને પાછા હલનચલનવાળા હોય છે એ કેવી રીતે ?

સમાધાન :– પ્રદેશો હજી દેહથી છૂટા ન પડ્યા હોય. આયુષ્ય બાકી હોય, દેહના અને આત્માના પ્રદેશો જુદાં ન પડ્યા હોય (એટલે) લંબાય જાય. લંબાય, વિસ્તાર પામે. પ્રદેશો વિસ્તાર પામે. પ્રદેશનો

સંકોચ-વિસ્તાર થાય જ છે ને ?

પ્રશ્ન :– એની પછી સમયમર્યાદા હશે ને આયુષ્યપ્રમાણે ?

સમાધાન :– હા, સમયની મર્યાદા હોય છે. થોડા સમય સુધી ચાલે પછી ન ચાલે. આયુષ્યના પરમાણુ ઝાઝા હોય તો એકદમ ખરી જાય અને થોડા હોય તો તો ખરી જાય, પણ ઝાઝા હોય તો એકદમ ખરી જાય.

**'આ સંસારમાં આ જીવ અનંત પર્યાય દુઃખમય પામે છે, ત્યારે કોઈ એકવાર ઇંદ્રિયજનિત સુખના પર્યાય પામે છે,...'** બાકી તો દુઃખને જ પામે છે. **'તે વિષયોના આતાપ સહિત...'** એવું જે સુખ પામે એ પણ વિષયોના આતાપ સહિત એટલે આકુળતા સહિત **'ભય, શંકા સંયુ ત...'** ભયના અને શંકાના દુઃખ સહિત.

પ્રશ્ન :– છૂટી જવાનો ભય છે ને ?

સમાધાન :– હા, છે. શંકા છે.

(એવું સુખ) **'અલ્પકાળ પામે.'** કેટલો કાળ પામે ? અલ્પકાળ પામે. એની શું કિંમત ? એમ કહે છે. એવા ભયના દુઃખ સહિતના અલ્પકાળના સુખની કિંમત શું ? કાંઈ નહિ. એની કાંઈ કિંમત ન હોય તો એની પાછળની દોડ નકામી છે.

મુમુક્ષુ :– સાવ તુચ્છ એવા વિષયોને માટે મારું આત્મકલ્યાણ હું ચૂકી જાઉં ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, મારું આત્મકલ્યાણ હું શું કરવા ચૂકી જાઉં ? જે ઘણું કિંમતી છે.

મુમુક્ષુ :– દુર્લભ એવો મનુષ્યભવ પામી જે વિષયોમાં રમે છે તે રાખને માટે રત્નને બાળે છે.

પૂજ્ય ભાઈશ્રી :– ત્યાં તો રત્નની રાખ પણ થાય છે, આમાં તો કાંઈ હાથમાં આવે નહિ. કાંઈ હાથમાં ન આવે. જીવને શું મળે છે ? કાંઈ મળતું નથી.

'**પછી અનંત પર્યાય દુઃખના,...**' ભયસહિતનું થોડું સુખ મળે પછી પાછા અનંત પર્યાય દુઃખના, '**પછી કોઈ એક પર્યાય ઇંદ્રિયજનિત સુખનો કદાચિત્ પ્રાપ્ત થાય છે.**' અનંત પર્યાય દુઃખના (પામ્યા) પછી થોડા ઇન્દ્રિયજનિત સુખની કોઈ એક પર્યાયને પામે છે. એની કાંઈ કિંમત છે નહિ. એની તુલના કરાવી. શું કર્યું ? તુલના કરાવી કે, આટલા સુખની સામે આટલું દુઃખ છે. ઝોખી લે તું હવે ! શું કરવું છે ? વિવેક કર, પસંદ કરવામાં તું વિવેક કર.

અહીંથી પછી ચાર ગતિની વાત લીધી છે. '**હવે ચતુર્ગતિનું કાંઈક સ્વરૂપ પરમાગમ અનુસાર ચિંતવન કરીએ છીએ.**' કેમકે અહીંયાં પરોક્ષ છે ને ? એટલે આગમ પરંપરામાં જે વર્ણન ચાલ્યું છે એ વર્ણન અનુસાર અહીંયાં વર્ણન કરશું એમ કહે છે. લખનાર પ્રત્યક્ષ તો છે નહિ એથી.

મુમુક્ષુ :– 'કૃપાળુદેવે' પોતે જે આ સંસારભાવના લખી એમાં લીધું છે ને કે, ઉઘાડ ન્યાય નેત્રને નિહાળ રે નિહાળ તું.

પૂજ્ય ભાઈશ્રી :– આ ન્યાયથી તું તુલના કર. તું નિહાળ તો શીઘ્ર તું આ પ્રવૃત્તિ છોડી દઈશ.

## તા. ૧૩-૧૨-૧૯૯૬, પ્રવચન નં. ૯
## સંસાર ભાવના

('શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત). ચાલતા સ્વાધ્યાયમાં આપણે સંસાર ભાવના ચાલે છે. સંસાર ભાવનામાં જીવે કેવા કારણથી, કેવા પરિણામોથી જન્મ-મરણ કર્યા અને સંસારમાં કેવા કેવા ચાર ગતિના દુઃખ ભોગવ્યા – એ બન્નેનો વિસ્તાર કરીને આત્મકલ્યાણની ભાવના ઉપર આવવાનું તાત્પર્ય છે. તાત્પર્ય એ છે કે આત્મકલ્યાણની ભાવના ઉપર આવું. મુમુક્ષુએ તો બધા જ પડખાંથી આત્મકલ્યાણની ભાવના ઉપર આવવું ઈ પ્રકારનું વલણ થઈ જવું જોઈએ, એ પ્રકારનું વલણ હોવું જોઈએ.

(બાવીસમા પાને) છેલ્લેથી બીજો પેરેગ્રાફ. '**હવે ચતુર્ગતિનું કાંઈક સ્વરૂપ પરમાગમ અનુસાર ચિંતવન કરીએ છીએ.**' કહીએ છીએ એમ ન લીધું, ચિંતવન કરીએ છીએ (એમ લીધું). પોતાની જાતને ભેળવવાની વાત છે ને એટલે.

મુમુક્ષુ :– તીર્થંકર ભગવાન પણ ભાવનાના સ્વરૂપનું ચિંતવન કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, બાર ભાવનાનું ચિંતવન તીર્થંકર ભગવાન પણ કરતા હતા. મુનિદશા સુધી આ ભાવના છે. મુનિઓ

પણ આ ભાવના ભાવે છે. પરિભ્રમણની વેદના ન આવી હોય એ પહેલાંથી (તે) ઠેઠ મુનિદશા સુધી છે. બાર ભાવના છે એમાં મુમુક્ષુ છે એ આત્મકલ્યાણની ભાવનામાં આવે છે અને જ્ઞાનીઓ અને મુનિઓ છે એ સ્વરૂપની ભાવનામાં આવે છે. બાર ભાવનામાં મુમુક્ષુથી માંડીને મુનિ સુધી બધાનું પ્રયોજન રહેલું છે. એટલે બાર ભાવનાનો વિષય બધે આવે છે. ઘણા ગ્રંથોમાં આ વિષય છે. 'કુંદકુંદાચાર્યદેવે' તો 'બારસ અણુવે ખા' એટલે 'બાર અનુપ્રેક્ષા' (નામનો) નાનો એવો ગ્રંથ જ લખ્યો છે. બાકી 'કાર્તિકેયાનુપ્રેક્ષા'માં છે, ઘણા ગ્રંથોમાં છે.

'**નરકની સપ્ત પૃથ્વી છે.**' નરકમાં સાત નરક છે એટલે સાત પૃથ્વીઓ છે. '**તેમાં ઓગણપચાસ ભૂમિકા છે.**' સાતેમાં થઈને Total (કુલ) ઓગણપચાસ ભૂમિકાઓ છે. એટલે ચઙ- તર ભોગવવાના સ્થાનો છે. '**તે ભૂમિકામાં ચોરાસી લાખ બિલ છે તેને નરક કહીએ છીએ.**' બિલ એટલે પજવાનું સ્થાન. નરકમાં પજવાના સ્થાનને, ઉત્પન્ન થવાના સ્થાનને બિલ કહે છે. આપણે હિન્દીમાં બિલ શબ્દ વપરાય છે, બિલ એટલે દર. સાપ દરમાં જાય ને ? આપણે ગુજરાતીમાં દર કહીએ છીએ, હિન્દીમાં બિલ કહે છે. અને આ છે ઈ કુંજા જેવું હોય છે. પેટ મોટું અને મોઢું સાંકડું. જીવ પેટમાં ઉત્પન્ન થઈ જાય પછી એને જન્મવાનો સમય આવે ત્યારે બીજા ખેંચીને બહાર કાઢે ત્યારે નીકળે. એટલે ખૂબ જ પીડાવું પડે, પીડા ઘણી થાય. જન્મતી વખતે દારુણ પીડા થાય અને રાડો નાખતો જન્મે. જન્મતી વખતે એવી ચીસ નાખે... એવી ચીસ નાખે કે અહીંયાં સાંભળીને માણસ મરી જાય. દુઃખી થાય એમ નહિ, મરી જ જાય. જેમ કોઈને દુઃખી થતા જોતા માણસને દુઃખ થાય છે એમ એનું દુઃખ એટલું બધું છે કે એની રાડ સાંભળીને અહીં મરી જાય ! એટલી બધી તીવ્ર વેદનાથી એ ચીસાચીસ (કરે), ચીસો પાડે.

**'તે ભૂમિકામાં ચોરાસી લાખ બિલ છે તેને નરક કહીએ છીએ. તેની વજ્રમય ભૂમિ ભીંતની માફક છજેલ છે.'** જેમ આપણે ભીંત ચણીએ એવી રીતે એની ભૂમિ છે. એટલે કડક છે એમ. પોચી નથી. **'કેટલાંક બિલ સંખ્યાત યોજન લાંબાં પહોળાં છે,...'** બિલની Sizeના શરીર પણ ત્યાં મોટા અને બિલ પણ નાના-મોટા છે. એમાં કેટલાંક તો સંખ્યાત યોજન લાંબાં-પહોળાં છે. **'કેટલાંક અસંખ્યાત યોજન લાંબાં પહોળાં છે.'** બહુ મોટા મોટા છે.

**'તે એક એક બિલની છત વિષે નારકીનાં ઉત્પત્તિનાં સ્થાન છે.'** એક એક બિલમાં નારકી ઉત્પન્ન થાય એવા સ્થાન છે. **'તે ટના મુખના આકાર આદિવાળાં, સાંકડાં મોઢાવાળાં અને ધે માથે છે.'** કેવળજ્ઞાન અનુસાર બધું વર્ણન આવ્યું છે. અહીંયાં તો ખબર કેવી રીતે પડે ? કેમકે અહીંયાં તો એનું જ્ઞાન ન થાય. **'તેમાં નારકી જીવો પજી નીચે માથું અને ઉપર પગથી આવી વજ્રાગ્નિમય પૃથ્વીમાં પડી,...'** અગ્નિવાળી–સળગતી પૃથ્વીમાં પડે. એક તો જન્મતી વખતે દુઃખ થયું હોય, જન્મીને સીધો ક્યાં પડે ? સીધો અગ્નિમાં પડે. **'જેમ જોરથી પડી દડી પાછી છળે છે...'** જેમ દડો જોરથી પડીને પાછો છળે છે તેમ **'(નારકી) પૃથ્વી પર પડી છળતાં લોટતાં ફરે છે.'** છળે, પડી પડીને છળે ! દુઃખને લઈને છળે છે.

**'કેવી છે નરક ભૂમિ ? અસંખ્યાત વીંછીના સ્પર્શને લીધે પજી વેદનાથી અસંખ્યાત ગુણી અધિક વેદના કરવાવાળી છે.'** એક વીંછી કરડે ને ? તો શરીરે બળતરા થાય અને બહુ ઝેરી વીંછી હોય તો બળતરામાં પ્રાણ છૂટી જાય એટલી બળતરા થાય ! માણસ મરી પણ જાય. આ કેટલા વીંછી કરડે ? લાખ, કરોડ, અબજ નહિ અસંખ્ય વીંછી વળગીને એકસાથે કરડે એના કરતાં અસંખ્યાત ગુણી અધિક વેદના કરવાવાળી છે. એટલી બધી નરક ભૂમિ છે એના સ્પર્શમાત્રથી એટલી વેદના થાય. સ્પર્શ માત્રથી એટલી વેદના થાય !

મુમુક્ષુ :– ઈ સ્પર્શ તો નિરંતર ચાલુ જ રહે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એટલે તો  છળવું પડે ને ! એટલે તો  છળવું પડે છે. ઓરડાના એક છેડેથી બીજે છેડે સુધી ગલોટિયા ખાય, રહી ન શકે. આમ આળસવિળસ થાય ને ? આમ ગલોટિયા ખાવા મંડે, સહન ન કરી શકે એવી વેદના અહીં મનુષ્યમાં પણ થાય છે. તીવ્ર વેદનાનો રોગ હોય ત્યારે. એવી વેદનામાં પણ દેહાતીત દશામાં જીવો આવે છે. ત્યાંથી ઉપયોગ હટાવીને પોતાના અતીન્દ્રિય આનંદમાં આવી જાય છે. એવો પણ પુરુષાર્થ કરવાવાળા જીવો ત્યાં હોય છે !!

અહીંયાં થોડી વેદનામાં પ્રયત્ન કરતા હોય એને ખ્યાલ આવે કે, આ પુરુષાર્થ છે ઈ કેવી ચીજ છે ! જ્ઞાનીઓ એ દશાને વંદન કરે છે ! પોતે જ્ઞાની હોવા છતાં જ્ઞાનીઓ એવી દશાને વંદન કરે છે. એનું કારણ એનો પુરુષાર્થ જોવે છે. આ પુરુષાર્થ એવા પ્રકારનો છે કે નારકીની અંદર હોય તોપણ જીવ વેદનાનું ઉલ્લંઘન કરી જાય એવો પુરુષાર્થ છે. એમ પુરુષાર્થનું સ્વરૂપ પોતે જોઈ શકે છે ને ? એટલે સહેજે મસ્તક નમી પડે છે. એનું મસ્તક નમે, હૃદય નમે.

મુમુક્ષુ :– ભાઈશ્રી ! અહીંયાં તો થોડી પણ અશાતા સહન નથી થતી.

પૂજ્ય ભાઈશ્રી :– સહન નથી થતી અને ઉપયોગ ત્યાંને ત્યાં લાગ્યો રહે. અહીંયાં તો અશાતા હોય એટલે ઉપયોગ જાણે ત્યાંને ત્યાં ચોંટી રહે છે.

મુમુક્ષુ :– ત્યાંની અશાતા કેવી હશે !

પૂજ્ય ભાઈશ્રી :– પુરુષાર્થ કેવી રીતે ચાલતો હશે ? ત્યાં પણ અતીન્દ્રિય અનુભવ સુધી જાય છે. અહીં તો જીવ તુચ્છ પ્રસંગની અંદર પણ ઉપયોગને રોકી રાખે. ખાવું-ન ખાવું, ખાવું-ન ખાવું... સામાન્ય વાત (હોય). ત્યાં તો આટલો તીવ્ર ઉદય હોય તોપણ ત્યાંથી

ગુલાંટ મારે છે ! અહીંયાં સામાન્ય ઉદયમાં ઘૂસી જાય !! કે 'દી વારો આવે ?

મુમુક્ષુ :– ભાઈશ્રી ! મુનિરાજ કેવી રીતે રહેતા હશે ! માથે સગડી રાખે ત્યારે, 'શ્રેણિક મહારાજા' નિરંતર ઉપસર્ગમાં અત્યારે નરકમાં કેવા અડીખમ રહેતા હશે !

પૂજ્ય ભાઈશ્રી :– પુરુષાર્થ કરે છે અને જ્ઞાનદશામાં રહે છે. 'બાહિર નારકીકૃત દુઃખ ભોગે, અંતર સુખરસ ગટાગટી !' શક્તિ કેટલી ! એક ગુણની આટલી શક્તિ તો અનંત ગુણના પિંડની શક્તિ કેટલી !! નિજ અનંત સ્વસામર્થ્યનો આધાર છે. પોતાને કોનો આધાર છે ? પોતાને પોતાના નિજ અનંત સામર્થ્યનો આધાર છે. એમ છે.

મુમુક્ષુ :– એક આ મમત્વ મૂકાણું એટલે સ્વ છે ઈ પર થઈ ગયું અને પર થઈ ગયું એટલે બધું ગયું. ત્યાં આટલામાં જ રમત છે.

પૂજ્ય ભાઈશ્રી :– રમત આટલામાં છે. પર થયું એટલે દુઃખ ગયા. ઉપાધિ ગઈ, આકુળતા ગઈ અને દુઃખ ગયા. ભિન્ન પડ્યો એને જ્ઞાનીઓએ વંદન કર્યા ! શાબાશ ! પુરુષાર્થ તો કર્યો ! એનો અર્થ એ છે કે આપણે આ જે કામ હાથમાં લીધું છે એ કોઈ નાનુંસૂનું કામ નથી. જગતનું સૌથી મોટામાં મોટું મહત્ત્વપૂર્ણ કામ છે. એટલી ગંભીરતાથી એ કામને Handle કરવું જોઈએ. આપણે એમ કહીએ ને કે, તમને આ એક કામ સોંપીએ છીએ, આ લાખો રૂપિયાની કેશ છે, જરા બેંકમાં ભરી આવો. પછી એને કેટલી ગંભીરતા આવે ? ગફલતમાં ન રહે.

'મુંબઈ'માં કમીશન એજન્ટ તરીકે જે સોનું ખરીદીને બહાર મોકલે. કોઈવાર બજારમાંથી લે, લઈને પછી પાર્સલ કરીને મોકલી દ્યે. પોસ્ટ પાર્સલમાં એનો વીમો પણ ઉતરાવી લ્યે. પણ એને જોખમ કેટલું ? પોસ્ટમાં જવા સુધીનું. જ્યાંથી ખરીદ્યું હોય ત્યાંથી પેક કરીને

પોસ્ટમાં જવા સુધી. પૅકિંગમાં લાખનું સીલ મારીને પૅકિંગ બધું કાયદા પ્રમાણે થતું હોય છે. જે રોજનું કામ કરતા હોય એને ઓળખી લ્યે છે. એને પકડનારા માણસો હોય છે. અમારા (એક) સગા કરતા હતા. ધંધો મૂકી દીધો. ઈ કહે બાપ-દાદાથી આ ધંધો ચાલતો હતો પણ હવે ટાઇમ ફરી ગયો છે. હવે તો ખૂન કરીને લઈ લ્યે ! કેવી રીતે લઈ લ્યે ? એમને એમ લઈ લ્યે તો પેલા માણસને ખબર પડી જાય કે આ આવો હતો ને તેવો હતો અને પકડાવી લ્યે. મારી નાખે પછી એને ક્યાં પકડાવાનું રહે ? એટલે ખૂન કરી દે. (એમણે નક્કી કર્યું) આપણે કમીશન નથી ખાવું. બહુ સારો ધંધો (ચાલતો હતો), કામ ઘણું મળતું હતું. બહુ સારો એટલે વગર માંગે પુષ્કળ કામ મળે. પુષ્કળ કામ મળે એટલે જોખમ પણ વધી જાય. કોઈ ’દી એક કીલો, કોઈ ’દી બે કીલો સોનું લઈને ફરવું પડે. રોજનું થયું. ગંભીરતા ભાસી તો મૂકી દીધું. Point શું છે આમાં ? કે, એને ગંભીરતા ભાસી કે આ કમીશન ખાવા જતાં જાનનું જોખમ છે. આપણે નથી કમાવું. કમાવાના બીજા ઘણા વ્યવસાય છે, જાનના જોખમે શું કરવા કમાવું ? કામ મૂકી દીધું. ચાલતું કામ મૂકી દીધું, ચાલતો ધંધો બંધ કરી દીધો. કામ મૂકી દીધું, ધંધો જ બંધ કરી દીધો.

એમ આ તો જગતનું સર્વોત્કૃષ્ટ કાર્ય છે. તમામ પ્રકારના દુ:ખથી મુ ત કરાવે. એની કિંમત કેટલી ગણવી જોઈએ ? જેટલી કિંમત છે એટલી કિંમત ન ભાસે તો એ સ્થૂળ બુદ્ધિવાન જીવ છે. આ વિષયની કિંમત ન ભાસે તો એ સ્થૂળ બુદ્ધિવાન જીવ છે. એને ખબર નથી પડતી કે આવું સરસ કામ અને આવું મોટું કામ કરી શકવાની સ્થિતિમાં છું અને હું કરતો નથી. મારી ઉપેક્ષા થઈ ગઈ. બહુ સ્થૂળબુદ્ધિ હોય તો ઉપેક્ષા થાય. નહિતર એની કિંમત ભાસે તો પાછળ પડીને કામ કર્યા વિના રહે નહિ. પૂરી તાકાતથી પાછળ પડી જાય, બધું અવગણીને !

મુમુક્ષુ :– બધા દુઃખથી છૂટી જશે.

પૂજ્ય ભાઈશ્રી :– બધા દુઃખથી, સંસારના ચારે ગતિના તમામ દુઃખથી છૂટી જાય અને નહિતર આ બધા અકથ્ય દુઃખો નિશ્ચયથી ભોગવવા પડશે. નિશ્ચયથી ! એમ. ભોગવવા જ પડશે એ નિશ્ચય છે એમ કહે છે. કેમકે એ પરિણામ જીવ કર્યા વગર નહિ રહી શકે. મિથ્યાત્વદશામાં એ પરિણામ કર્યા વગર નહિ રહી શકે.

આ માનો કે કૂતરા, મીંદડા છે (એને) તમે સામાન્ય રીતે રોટલા કે એવી ખાવાની ચીજ ખવડાવો તો પેટ ભરીને ખાઈ લ્યે. (પણ) ન મળે તો શું કરે ? પક્ષી હાથમાં આવે તો એને મારીને ખાઈ જાય, ઉંદર હાથમાં આવે તો એને મારીને ખાઈ જાય. એનાથી નાના પ્રાણી હોય એને પકડીને મારીને ખાઈ જાય છે કે નહિ ? પેટ ભરવા માટે. ઈ વેદના સહન ન કરી શકે એટલે એથી ઘણી વેદનામાં જવાના પરિણામ અને પ્રવૃત્તિ થઈ જાય. ભૂખની વર્તમાન વેદના સહન ન કરી શકે તો એથી ઘણી વેદના થાય એવા પરિણામ અને પ્રવૃત્તિ કરી બેસે. એમાં એને તો ત્યાં જાગૃતિનો વિષય નથી. અહીંયાં મનુષ્યપણામાં બહુ ઓછા જીવો હોય છે, જાગૃતિમાં તો કો'ક કો'ક જીવો આવે છે. કો'ક કો'ક જીવો જાગૃતિ આવવાની સમજમાં છે. બાકી મોટાભાગનાને તો કાંઈ છે જ નહિ. ચોવીસે કલાક એની પાછળ લાગેલા છે. એટલે દુર્ગતિ થાય જ, અનિવાર્યપણે દુર્ગતિ થાય જ.

મુમુક્ષુ :– બહુભાગ તિર્યંચ માંસભક્ષી છે.

પૂજ્ય ભાઈશ્રી :– હિન્દુસ્તાનમાં ૯૦ ટકા મનુષ્યો માંસાહારી છે. ફોરેનમાં તો સો ટકા માંસાહારી જેવું છે. હિન્દુસ્તાનમાં જ્યાં અધ્યાત્મવિદ્યા છે, હિન્દુઓની મોટી વસ્તી છે તોપણ ૯૦ ટકા માણસો માંસાહારી છે એમ અત્યારના આંકડા બોલે છે. ઓછામાં ઓછો માંસાહાર ગુજરાતમાં છે. બાકી બધા પ્રાંતમાં ખૂબ માંસાહાર છે.

આપણે ત્યાં તો મટન માર્કેટ પણ એવી જગ્યાએ છે કે આપણા ઘણા લોકોને ખબર પણ નહિ હોય. રાજસ્થાન, યુ.પી.માં જાવ એટલે બધું ખુલ્લું ! ભરબજારમાં મટનની દુકાનો હોય, સરેઆમ રસ્તે !

'અજમેર'માં ! 'અજમેર'માં હું તો પહેલોવહેલો (સંવત) ૨૦૧૫ની સાલમાં ગયો હતો. એટલે ૩૭ વર્ષ થઈ ગયા. પહેલોવહેલો રાજસ્થાનની મુસાફરીમાં ઈ બાજુના બધા Field જોવા માટે, Survey કરવા માટે ગયો હતો. માર્કેટ જોવા માટે (ગયો હતો). પહેલોવહેલો અહીંથી 'અજમેર' ગયો. સવારમાં ગાડી 'અજમેર' પહોંચી. સાંજે પાંચ વાગે બેઠા હોય (એટલે) સવારે પહોંચે. અજાણ્યું સ્થળ એટલે દરેક શહેરમાં સ્ટેશનની આજુબાજુ તરવાની હોટેલો હોય છે, નજીકની હોટેલમાં તરી ગયો. નજીકની હોટલમાં તર્યો એટલે અજાણ્યા સ્થળમાં ભૂલા પડવાનું કાંઈ કારણ ન બને, બીજું કાંઈ આવવા-જવાનો લાંબો ખર્ચ ન લાગે. નહિતર તો શું છે કે અજાણ્યા સ્થળમાં આપણને બે રૂપિયાના ભાડામાં પાંચ લાગી જાય તો ખબર ન પડે. એવી રીતે ચાલીને પહોંચી જઈએ.

હોટલમાં તર્યો, નાહીને તૈયાર થઈ ગયો. બજારનું પૂછ્યું કે અનાજની બજાર (કઈ બાજુ આવી ?) દાણાપીઠને ત્યાં ધાનમંડી કહે છે, આપણે દાણાપીઠ કહીએ, ઈ લોકો ધાનમંડી કહે છે. અનાજની બજારને ધાનમંડી કહે. ધાનમંડી કઈ બાજુ ? તો કહે, આમ થઈને ચાલ્યા જાઓ. પૂછતા પૂછતા જાવું પડે. શહેરમાં દાખલ થયો અને બન્ને બાજુ માંસની દુકાનો ! મને એમ થયું આ ગામમાં પ્રવેશ કરવાનું આ જ ઠેકાણું છે ? લોકોને રોજ અહીંથી પસાર થાવું પડે ? બીજો રસ્તો જ નહિ હોય ? ઘણી દુકાનો પાછી ! જોયું તો આવા કપડાં પહેરેલા અને આવા સારા માણસો પણ માંસ ખરીદતા હશે ?! કોઈ બૈરાઓ ખરીદતા હોય ! નવાઈ લાગે. ગુજરાતમાં આપણે જોયું જ ન હોય. એકેય માંસની દુકાન તમને અહીંયાં જોવા ન મળે. ત્યાં

આખી બજાર જોવા મળે. પૂછતો પૂછતો ધાનમંડી પહોંચ્યો, Survey કરીને જમવાના ટાઇમે પાછો આવતો હતો (ત્યારે) મેં પૂછ્યું કે, ભાઈ ! સ્ટેશન બાજુ જવું છે પણ આ રસ્તા સિવાય (બીજો) કોઈ રસ્તો છે ? એવી રીતે મારે પૂછવું પડ્યું કે, આ રસ્તા સિવાયનો કોઈ રસ્તો છે સ્ટેશન જવા માટે ? કે અહીંથી જ પાછું જાવું પડશે ? ત્યાંથી ચાલવું ગમે નહિ, એવો રસ્તો. બજાર એવું ! (દુકાનદારે કહ્યું) જરાક આ બાજુ(થી) ફરી ફરીને જશો તો ત્યાંથી પણ પહોંચાશે. તોપણ છેલ્લે છેલ્લે એક-બે દુકાન તો મળે જ પાછી ! નવાઈ લાગે ! સ્ટેશન (પાસે) પડાવ વિસ્તાર છે. પડાવમાં એક-બે દુકાનો છે. પછી આ બાજુની સાઈડમાં – ડાબા હાથ બાજુ તો ગામમાં જવાની – શહેરમાં જવાની આખી બજાર જ એવી છે.

એટલું બધું માંસાહારનું ચલણ થઈ ગયું છે. મનુષ્યને પેટ ભરવાની તો અનેક ચીજો મળે છે. છતાં પણ માંસાહારી પ્રજાને તો કેવો Concept ખરાબ હોય છે, (એક ભાઈ) વાત કરતા હતા કે, મારો એક બંગાળી મિત્ર હતો. કોલેજમાં ભણતા. ઈ કહે, માંસાહાર વિના જીવી કેવી રીતે શકાય ? શરીરમાં તાકાત જ ન રહે. તમે માંસાહાર વગર પેટ ભરીને જીવી શકો છો ઈ જ અમને તો નવાઈ જેવું લાગે છે. એમ કહે લ્યો ! ઈ કહે, અમને ઈ વાત જ ગળે ન તરે. ઈ લોકો માછલાં વધારે ખાય. ઈ તો એને અનિવાર્ય લાગે. ખાવું જ જોઈએ, ઈ વગર આપણે જીવી કેવી રીતે શકીએ ? ઠીક ! આવી તો માન્યતા થઈ જાય છે. ઈ જ કુટુંબમાં જન્મે, ઈ જ પરંપરા એને ત્યાં હોય. એને બીજું સૂઝે કેવી રીતે ?

મુમુક્ષુ :– એક જણને ત્યાં હું બેઠો હતો ત્યાં આગળ કેવી રીતે ચર્ચા કરતા હોય, પોતે ખાતા ન હોય છતાં કહે કે, માંસાહારી માણસો માંસ ખાય છે ત્યારે આપણને અનાજ મળે છે ! ઈ બરાબર જ છે એમ અનુમોદના કરે.

પૂજ્ય ભાઈશ્રી :– ઠીક ! સારું છે ઈ લોકો માંસ ખાય છે એટલે આપણને અનાજ ખાવા મળે છે, નહિતર આપણને મળત નહિ અથવા મોંઘું મળત, ઠીક ! અનર્થદંડ આમ થાય. ન ખાતા હોય છતાં પણ ઘણું પાપ બાંધવાનો આ અભિપ્રાય થઈ ગયો. શું થઈ ગયો ? અભિપ્રાય. અનુમોદનામાં અભિપ્રાય ભળી જાય છે. એવું છે. પ્રાણીઓને તો વેદનાના માર્યા આ બધું છે.

'**ઉપરની ચાર પૃથ્વીનાં ચાલીશ લાખ બિલ...**' ચોરાસી લાખમાંથી ઉપરની એટલે પહેલી, બીજી, ત્રીજી અને ચોથી (એમ) ચાર નરક સુધી '**ચાલીશ લાખ બિલ અને પંચમ પૃથ્વીનાં બે લાખ બિલ એમ બેંતાલીસ લાખ બિલમાં તો કેવળ આતાપ, અગ્નિની ઉષ્ણ વેદના છે.**' પાંચ પૃથ્વી સુધી. ચોરાસી લાખ બિલમાંથી પાંચ પૃથ્વીમાં બેંતાલીસ લાખ બિલ અને છઠ્ઠી અને સાતમીમાં બીજા બેંતાલીસ થાય ત્યારે ચોરાસી લાખ થયા ને ?

'**તે નરકની ઉષ્ણતા જણાવવાને માટે અહીં કોઈ પદાર્થ દેખવામાં, જાણવામાં આવતો નથી કે જેની સદૃશતા કહી જાય; તોપણ ભગવાનના આગમમાં એવું અનુમાન ઉષ્ણતાનું કરાવેલ છે,...**' સર્વજ્ઞના આગમમાં (એવું અનુમાન કરાવેલ છે) '**કે લાખ યોજનપ્રમાણ મોટા લોઢાના ગોળા છોડીએ...**' કેટલા ? એક લાખ યોજનનો એક ગોળો ! '**તે નરકભૂમિને નહીં પહોંચતાં, પહોંચતાં પહેલાં નરકક્ષેત્રની ઉષ્ણતાથી કરી રસરૂપ થઈ વહી જાય છે.**' અહીંથી છોડ્યો હોય તો (ત્યાં પહેલી) પૃથ્વીને અડે ઈ પહેલાં એની પહેલાંની ગરમી એટલી લાગે કે રસ્તામાં જ ઓગળી જાય. શરીરનું શું થાય ? લોઢાના ગોળાનું આમ થાય તો શરીરનું શું થાય ?

અહીંયાં (આ ભાવના) અપૂર્ણ છે.

'**પાંચમી પૃથ્વીના ત્રીજા ભાગના તથા છઠ્ઠી-સાતમી પૃથ્વીના ઠંડા બિલોમાં ઠંડીની એવી તીવ્ર વેદના છે કે જો એક લાખ યોજન લોઢાનો**

**ગોળો રાખીએ તો એક ક્ષણમાં ઠંડીથી ચૂર-ચૂર થઈ વીખેરાઈ જાય.**' ચૂરેચૂરો થઈ જાય. એક લાખ યોજનનો લોઢાનો ગોળો હોય તો પરમાણુ છૂટા પડી જાય. વીખરાઈ જાય, છૂટા પડી જાય એટલી ઠંડી ! અહીંયાં તો એના પ્રમાણમાં કાંઈ નહિ. તોપણ દેહની એકત્વબુદ્ધિમાં જીવ પોતાપણું કેટલું મજબૂત કરી નાખે (છે) ! એકત્વબુદ્ધિમાં પોતાપણું – મિથ્યાત્વ દૃઢ થાય. કરવું શું ? કે, ભિન્ન પડવાનો પ્રયોગ કરવો. બધા જ ઉદયમાં ભિન્ન પડવાનો પ્રયોગ કરવો. ઉદય તો શિયાળા પછી ઉનાળો અને ઉનાળા પછી શિયાળો આવ્યા જ કરવાનો અથવા તમામ પ્રકારના પૂર્વસંચિત કર્મના ઉદય આવવાના જ. બધા જ ઉદયમાં એક જ Master key હાથમાં રાખવાની. ઉદય ભિન્ન અને હું ભિન્ન. પણ ઈ ભેદજ્ઞાનનો પ્રયોગ ક્યારે કરી શકે ? કે, આગળની બધી લાઇન સાંધી હોય ત્યારે. હજી પહેલે પગથિયે પગ ન મૂક્યો હોય (ત્યાં) ભિન્ન ક્યાંથી પડશે ? આ સંસારમાંથી નીકળવું જરા કઠણ છે.

મુમુક્ષુ :– જ્ઞાનીપુરુષના યોગમાં આત્મકલ્યાણ એટલું જ સુગમ પણ છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, કરવા ધારે તો પોતાનો એ સ્વધર્મ છે – નિજધર્મ છે. શા માટે સુગમ ન હોઈ શકે ?

મુમુક્ષુ :– 'કબીરજી'એ લીધું ને કે, 'દો પાટન કે બીચમેં સાબૂત બચા ન કોઈ' જે શ્રીગુરુનો ખૂંટો પકડીને બેસી ગયા ઈ બચી ગયા.

પૂજ્ય ભાઈશ્રી :– કો'ક (ચોખાનો દાણો) ખીલા બાજુ ડીને પડે, બાકી બધા પીસાઈ જાય, એવું સંસારમાં છે. કો'ક ભાગ્યશાળી બચે.

**'આવી ગરમીની વેદના અને ઠંડીની વેદનાથી ભરેલાં નરકોમાં કર્મને વશ થયેલા જીવ અસંખ્યાત કાળ સુધી ઘોર દુઃખ ભોગવે છે,...**' ત્યાં બહુ લાંબા આયુષ્ય (હોય છે). રસને લઈને અઘાતીના બંધ મોટા

પડે અને ઘોર દુઃખને ભોગવે છે. **'આયુષ્ય પૂરૂં થયા વિના મરણ થતું નથી.'** મરી જવું હોય અને ત્યાંથી છૂટવું હોય પણ છૂટી ન શકે, આયુષ્ય હોય ત્યાં સુધી રહેવું જ પડે. એવી જ પરિસ્થિતિ છે. **'આવી તો નરકમાં ઘોર ઠંડી-ગરમીની વેદના છે.'** એ પણ અહીંયાં એની કલ્પના કરવી મુશ્કેલ છે.

**'નરકમાં ક્ષુધા (ભૂખ) વેદના એવી છે કે જો જગતના પથ્થર, માટી આદિ બધું ખાઈ લે તો પણ ક્ષુધા વેદના ન મટે,...'** ભૂખ કેવી લાગે ? કે, દુનિયાના – જગતના પથ્થરો અને માટી બધી ખાઈ જાય તોપણ ભૂખ ન મટે. અહીંયાં તો શું છે કે બહુ ભૂખ લાગે તો માણસ ગમે ઈ ખાઈ લે. એમ નારકીને ભૂખ લાગે તો એ પથ્થર અને માટી પણ ખાઈ લે, તોપણ એની ભૂખ કાંઈ મટે નહિ.

**'પણ ખાવા માટે એક કણ પણ મળતો નથી.'** એટલી જબરજસ્ત વેદનામાં... આ માંસ વગેરે વેદના માટે ખાઈ લ્યે છે ને ? એક કણ મળે નહિ. એટલી ભૂખની વેદના ભોગવવી પડે છે. ક્ષુધા વેદનીય એટલી તીવ્ર (હોય છે) ! **'ત્યાં તૃષા (તરસ) વેદના એવી છે કે જો સમસ્ત સમુદ્રોનું પાણી પી લે તો પણ તૃષાની વેદના દૂર ન થાય,...'** બધાય સમુદ્રના પાણી પીવે તો (પણ) તરસ ન છીપાય. **'પણ પીવા માટે એક ટીપું પણ પાણી મળતું નથી.'** તરફડે, ભૂખથી અને તરસથી તરફડે... તરફડે... તરફડે... તરફડે પણ કાંઈ મળે નહિ. એવી તો ક્ષુધા-તૃષાની વેદના છે.

**'કરોડો રોગોની ઘોર વેદના...'** એક-બે રોગ નહિ. અહીં તો એક કૅન્સર થાય તો એમ કહે કે, મોટો મહારોગ થયો ! (ત્યાં તો) કરોડો રોગો ! રૂંવાડે રૂંવાડે રોગ ! એકસાથે બધા (નીકળે). કરોડો રોગોની વેદના ત્યાં એક જ સમયમાં ઉત્પન્ન થાય છે. એકસાથે ! એક રોગ મટે અને બીજો થાય એમ નહિ, એકસાથે બધા રોગથી ઘેરાય !

**'જ્યાં નવા નારકીને જોઈ હજારો નારકી મહા ભયંકર રૂપ તથા**

**અનેક શસ્ત્રોની સાથે મારી નાખો, ચીરી નાખો, ફાડી નાખો, ટૂકડા કરી દો આદિ ભયંકર કિકીયારીઓ પાડતા થકા ચારે બાજુથી મારવા માટે આવી જાય છે.**' નથી આ કૉલેજમાં કરતા ? નવો વિદ્યાર્થી આવ્યો હોય તો બધા જૂનાવાળા પકડી પકડીને હેરાન કરે. એ સાધારણ છે. ત્યાં નારકી નવો જન્મે તો જૂના હોય એ તૂટી પડે.

મુમુક્ષુ :– એક ગલીનો કૂતરો બીજી ગલીમાં નથી જઈ શકતો. એક જ કૂતરાને મારવા માટે દોડીને આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એક કૂતરો જો બીજાના Divisonમાં ગયો તો ત્યાંના પાંચ-સાત (કૂતરા) એની ઉપર ફરી વળે, એને ચૂંથી નાખે. અહીંયાં તિર્યંચમાં એ વૃત્તિ છે (તો) નારકીમાં કેટલી ખરાબ હશે ? તિર્યંચો છે ને ? બધા કૂતરાઓ તો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો છે. તું અહીંયાં કેમ આવ્યો ? અમારી શેરીમાં કેમ આવ્યો ? એનું કારણ શું છે કે, જે શેરીમાં પાંચ-સાત-દસ રહેતા હોય એને પૂરું ખાવા મળતું ન હોય. 'આનંદઘનજી'એ ગાયું છે ને ? 'કૂકર આશા ધારી' કૂતરો આશા ધારીને જઈને (દરવાજે) ભો રહે. હડ... કરીને કાઢે બીજે, બીજા ઘરેથી કાઢે તો ત્રીજા ઘરે... વળી પાછો ત્યાંથી કાઢે... એમ જીવની અપેક્ષાવૃત્તિ એવી છે, કૂતરા જેવી ! આમ થાય તો ઠીક, મને આમ થાય તો ઠીક, મને આમ થાય તો ઠીક, મને આમ થાય તો ઠીક... બીજાથી અપેક્ષા રાખે કે આ મારી સાથે આમ વર્તે તો ઠીક, આ મારી સાથે આમ વર્તે તો ઠીક, આ મારી સાથે આમ વર્તે તો ઠીક. એ 'કૂકર આશા ધારી' (જેવું છે).

અહીં નારકીનું એવું છે, ત્યાં કૂતરાની જમાતમાં એવું થાય, (અહીં) નારકીમાં તો નિયમથી જેવો જન્મે એને બધા ખૂબ માર મારે. અને શસ્ત્રોથી (મારે) ! ગડદાપાટું મારે એમ નહિ, શસ્ત્રોથી મારે અને શસ્ત્રો એવા ખરાબ પાછા, અહીંયાં હોય એવા સાધારણ નહિ. એવા ખરાબ શસ્ત્રો હોય. માર મારે એટલે કેવો ? શરીરના

ટુકડા ટુકડા થાય એવી રીતે મારે. મારે એટલે કેવી રીતે મારે ? કે, શરીરના અવયવો છે એ છૂટા પડી જાય. જેમ અહીંયાં કોઈના હાથ-પગ ભાંગીને છૂટા પડી જાય એવી રીતે. ઈ પાછા Automatic ભેગા થઈ જાય, પેલા પારાની જેમ. વળી પાછા એવી રીતે મારે એટલે જુદાં થઈ જાય, વળી પાછા ભેગા થાય. આયુષ્ય પૂરું ન થાય ત્યાં સુધી આ ઘટમાળ ચાલ્યા જ કરે. સમ્યગ્દર્શન પામવાવાળો કેવી રીતે પામતો હશે ?

અહીંયાં આટલી સુવિધા છે, અનુકૂળતા છે, સગવડ છે, ઉપાધિ નથી તોપણ જીવ અંદર સાવધાન થતો નથી (તો) ત્યાં કેવી રીતે અંતર સાવધાની કરે ? કરી શકે છે. જીવ કરવા ધારે તો ત્યાં પણ કરી શકે છે. એમ એમાંથી નીકળે છે. તાત્પર્ય એ નીકળે છે કે, જીવ કરવા ધારે તો ત્યાં કરી શકે છે તો અહીંયાં કરી શકે એમાં શું નવાઈ છે ? હું શા માટે ન કરી શકું ? અથવા હું નથી કરી શકતો તો હું શું કરવા બીજે અટકું છું ? સ્વરૂપમાં નથી આવતો એનો અર્થ કે હું બીજે અટકું છું. નહિતર શું કરવા સ્વરૂપમાં ન આવે ? કોણ રોકે છે ?

સમ્યક્દૃષ્ટિને અંદર વળતા પરિણામોને નારકીના સંયોગો પણ રોકી ન શકતા હોય તો તને અહીંયાં અંદર જતા પરિણામને કોણ રોકી શકે ? ઈ કહે. અહીંયાં તો કોઈ રોકે એવું છે જ નહિ. જીવ નકામો તુચ્છ સંયોગોમાં અને તુચ્છ પ્રસંગોમાં વજન આપીને રોકાય છે. Wrong weightage – ખોટું વજન જાય છે. જે કાંઈ એણે પોતાના કાર્યો માન્યા છે, પોતાના ગણીને જે કાર્યો કરે છે એ Wrong weightage છે અને કિંમતી મનુષ્ય આયુને ખર્ચે છે. એમ ખોટું વજન જાય છે. એટલે એમ આવવું જોઈએ કે પહેલાં એકદમ મારું કામ કરી લઉં, પછી જે થવું હોય ઈ થશે, નહિ થવું હોય ઈ નહિ થાય. પહેલાં મારું કામ હું કરી લઉં, સોયમાં દોરો પરોવી લઉં. મારી સોય ખોવાય

નહિ. એમ કહે છે.

પ્રશ્ન :– અપેક્ષાવૃત્તિ મારાપણાથી છે ને ?

સમાધાન :– હાસ્તો ! પારકા પાસે કાંઈ અપેક્ષા રાખીએ છીએ ? મારાપણું છે કે, આ મારા ફલાણા, એણે મારું આમ કરવું જોઈએ, આણે મારું આમ (કરવું જોઈએ...), કાંઈ નહિ. આ આત્મા નિરાલંબ નિરપેક્ષ સ્વરૂપી છે. કોઈના અવલંબનની પણ જરૂર નથી અને કોઈની અપેક્ષાની પણ જરૂર નથી. જગતનું સ્વતંત્ર દ્રવ્ય અનંત સામર્થ્ય ધારણ કરીને બેઠો છો, તું શું કરવા અપેક્ષા રાખે ? રાંકો હોય ઈ અપેક્ષા રાખે. અનંત સામર્થ્યવંત હું શું કરવા અપેક્ષા રાખું ? પૈસાવાળો એમ કહે કે, હું શું કરવા કોઈની પાસે માગું ? મારા ઘરે ભંડાર ભર્યા છે હું શું કરવા માગું ? જેના ઘરે મીઠાઈના ભંડાર ભર્યા હોય ઈ સૂકો રોટલો માગવા જાય ? શું કરવા માગે ? આ તો એના જેવું છે. એવી અંદર દિવ્ય શિ તઓનો ભંડાર છે ! શું કરવા અપેક્ષા રાખવી જોઈએ ?

મુમુક્ષુ :– ભાઈશ્રી ! બહેનશ્રીને નરકના દુઃખો જાતિસ્મરણજ્ઞાનમાં દેખાણા હતા. 'જ્ઞાનવૈભવ' છે એમાં છે.

પૂજ્ય ભાઈશ્રી :– જાતિસ્મરણ તો મહાવિદેહનું હતું ને ! થોડુંક એમાં કદાચ લખ્યું હશે. Visualise થાય.

અહીં સુધી રાખીએ.

## તા. ૧૪-૧૨-૧૯૯૬, પ્રવચન નં. ૧૦
## સંસાર ભાવના

('બહેનશ્રીનો જ્ઞાનવૈભવ' પુસ્તકમાંથી પાના નં. ૭૭થી નરકની ભૂમિનું વર્ણન).

**'આ બધું – દેવોનાં નગરની અસ્તિ, જુદા જુદા ખંડોની અસ્તિ, રંગબેરંગી મહેલો, જિનમંદિરોની દિવ્યતા વગેરે – પ્રત્યક્ષની જેમ જણાય છે. તેનો આ વિસ્તાર પૂર્વે જોયેલું, સાંભળેલું હોય તેમાંથી યાદ આવે છે, અને જ્ઞાનની નિર્મળતાને કારણે પ્રત્યક્ષની જેમ જણાય છે. જે જણાય છે તે નિઃસંશય છે.'** દૂરના ક્ષેત્રો સંબંધી આ એમને લબ્ધિ હતી.

**'ઉપયોગની એકાગ્રતા થતાં નરકની અસ્તિ, નરકની પૃથ્વી નજરે પડે છે. નરકની ભૂમિ જોવા ઉપર ઉપયોગ સહજ ચાલ્યો જાય છે.'**

પ્રશ્ન :– ઉપયોગની એકાગ્રતા થતાં... એટલે ?

સમાધાન :– એટલે ચંચળતા ઘટતાં, ચંચળતા મટી જતાં. એમ. ધ્યાનમાં બેસે એટલે ચંચળતા ઘટી જાય. **'નરકની ભૂમિ ઉપર અશુચિનો કાદવ છે,...'** અશુચિ એટલે મેલાપણું. લોહી, પસ, વિષ્ટા બધું અશુચિ છે. (એ બધાનો) કાદવ છે. **'તે કાદવ દુર્ગંધની ભરેલો છે;...'** કેવી દુર્ગંધ ? એ દુર્ગંધની એક કણી અહીંયાં આવે તો દુર્ગંધથી માણસો મરી જાય. ત્યાંની એક કણી અહીંયાં આવે એની એટલી બધી દુર્ગંધ

હોય કે અહીંયાં માણસો મરવા મંડે. એટલી સખત દુર્ગંધ હોય છે.

**'લોહી, માંસ, હાડકાં જેવા પરિણમનથી પરિણમેલી ભૂમિમાં સડેલો દુર્ગંધમય કાદવ છે;...'** (જેમ) અહીંયાં કોઈ પ્રાણી મરી ગયા પછી સડી ગયું હોય (તો) કેવી વાસ આવે ? એનાં કરતાં (આ દુર્ગંધ) અનંતગુણી (છે) ! મલિનતા – અશુચિ પણ એનાં કરતાં ઘણી અને દુર્ગંધ પણ એના કરતાં ઘણી. ઘણી એટલે ઘણી ! **'તેવી દુર્ગંધમય ભૂમિમાં નારકી જીવો રહે છે, તેવા સડેલા કાદવમાં નારકી જીવો જીવનપર્યંત રહે છે;...'**

**'નરકમાં અગ્નિના મોટા મોટા ભડકાઓ છે, જેની ઉષ્ણતા ક્યાંય સુધી ચાલી જાય છે. નરકની પૃથ્વી અતિ ઉગ્ર ઉષ્ણતારૂપે પરિણમેલી છે. મોટી અગ્નિની ભટ્ઠીઓ બળે છે; લોહી વગેરે જેવા અશુચિના ભરેલા કુંડ છે, તે કુંડ ચમારના ઘર કરતાં વિશેષ દુર્ગંધમય છે.'** અહીં ચમારના ઘરમાં આપણે જઈ ન શકીએ. **'ભાલાં, બરછી, ચાકાં, તરવાર આદિ શસ્ત્રોરૂપે પરિણમેલાં સ્થાનો છે.'** ઝાડનાં પાંદડાં ભાલાં અને બરછી જેવા છે. **'એવાં શસ્ત્રોથી ભરેલી ભૂમિ છે.'**

**'ક્યાંય સુધી જેની ઠંડી જાય એવા, દુર્ગંધયુ  ત, બરફ જેવા ઠંડા પહાડો છે, વિષ્ટા આદિનાં સ્થાનો કરતાં અધિક દુર્ગંધમય છે; તે પહાડો બરછી, ભાલાં વગેરે શસ્ત્રો જેવાં પરિણમનથી પરિણમેલા છે.'**

**'નરકનો અશુચિમય કાદવ બીજા જીવોથી સહી ન શકાય તેવી અતિ ઉગ્ર દુર્ગંધમાં નારકી જીવો રહે છે;...'** બીજા તો સહન જ ન કરી શકે. **'અતિશય પ્રતિકૂળતાના પ્રકારોમાં, અનેક શસ્ત્રોરૂપે પરિણમેલાં સ્થાનોમાં નારકી જીવો રહે છે; અતિશય દુઃખમાં જીવન જીવે છે; નારકી જીવો અરસપરસ લડતા હોય છે, ક્યાંય તેમને શાંતિનું સ્થાન નથી. આવી અગ્નિ, દુર્ગંધ અને શસ્ત્રોથી ભરપૂર સ્થાનોમાં નારકી જીવો નિરંતર દુઃખી હોય છે, વિલાપ કરે છે, રુદન કરે છે. સુખની ઇચ્છાએ તે જ્યાં જાય ત્યાં દુઃખી થાય છે.'**

**'આ વાત જોવામાં આવતાં, જાણવામાં આવતાં દયા આવે છે, કરુણા આવે છે, વૈરાગ્ય આવે છે; આ બધું પ્રત્યક્ષ નજરે જોતી હોઉં તેવી રીતે જણાય છે.'**

**'નરકની અશુચિમય પૃથ્વી કોઈ પ્રકારની જ્ઞાનની નિર્મળતાને કારણે પ્રત્યક્ષની જેમ જણાય છે.'** એ પ્રકારની મતિ-શ્રુત જ્ઞાનની નિર્મળતા છે.

**'આ વાત પૂર્વે દેવભવે જોયેલી હોય, તેમાંથી યાદ આવતી હોય. નરકની અશુચિમય પૃથ્વી, નરકની અતિશય પ્રતિકૂળતા તે પ્રત્યક્ષની જેમ જણાય છે; જે જણાય છે તે નિઃસંશય છે.'**

**'મેરુપર્વતમાં મોટાં સમવસરણ છે, મોટાં મોટાં ચળકતાં રત્નનાં પાંદડાંની વનભૂમિ છે,...'** મેરુપર્વત પણ દેખાય છે. ચળકતાં રત્નના પાંદડાં ! **'મોટાં પ્રતિમાઓ છે, રંગરંગનાં ઝગઝગાટ કરતાં હોય તેવાં જોવામાં આવે છે. ગુલાબી રત્નનાં, પીળાં રત્નનાં, જાંબલી રત્નનાં, સફેદ રત્નનાં–વિવિધ રત્નનાં જિનેન્દ્ર ભગવાનનાં પ્રતિમાઓ છે તેમ જણાય છે. મોટાં મંદિરો છે,...'** આ તો એમનાં મોઢેથી પણ સાંભળેલું. જોતાં હોય એવી રીતે વાત કરે. જ્યારે મેં વાંચ્યું હતું (પછી) હું ચર્ચામાં બેઠો હતો. જ્યારે તેઓ બોલતા હતા ત્યારે જાણે જોઈને બોલતા હોય એવી રીતે બોલતા હતા. આવું છે... આવું છે... આવું છે... જોઈને બોલતા હોય એવી રીતે બોલતા હતા.

પ્રશ્ન :– 'બહેનશ્રી'ને આપે શું પૂછેલું ?

સમાધાન :– પૂછેલું નહિ, પણ આ જે એમની ફાઈલ વાંચી હતી પછી એમની સાથે બેઠા હતા. કોઈ કોઈ વાતો વિશે ચર્ચા કાઢી એમાં આ વાત આવી રીતે બોલતા હતા.

મુમુક્ષુ :– દેખાતું હોય એવી રીતે બોલતા હતા !

પૂજ્ય ભાઈશ્રી :– એવી રીતે બોલતા હતા. આમ... આમ... હાથ કરતા હતા, આમ છે... આમ છે... આમ છે... દેખાતું હોય

એમ બોલતા હોય ને ? આંખો ઉપરથી ખ્યાલ આવે કે દેખાતું હોય એમ બોલે છે !

**'મોટાં મંદિરો છે, મંદિરમાં અનેક જાતનાં શિખરોની પંક્તિ છે. વિવિધ રંગનાં રત્નો જડિત, સુવર્ણ જડિત શિખરો છે; રાતાં, ગુલાબી, સફેદ રત્ન જડિત અનેક જાતનાં શિખરો છે. વિવિધ રત્નો જડિત અનેક જાતનાં શિખરો ઝગઝગાટ કરતાં નજરે પડે છે. તીર્થંકર ભગવાનનાં મંદિરો દેખી હૃદય નમી પડે છે, ઉલ્લાસ આવે છે, બહુમાન આવે છે.'**

**'મેરુપર્વત વગેરે વારંવાર લક્ષમાં નિઃશંકપણે આવ્યા કરે છે તેથી લખાઈ જાય છે.'** 'ગુરુદેવે' (તેમને) આજ્ઞા કરી હતી કે, વિશેષતા થાય તે લખી નાખવી. પછી લખીને કાગળ મોકલાવી દ્યે.

**'વૈમાનિક દેવોનાં વિમાન ઉપર છે તે બહુ દિવ્યતાવાળાં, મોટાં, વિશાળ અને જીવોને આશ્ચર્યકારી છે. અનેક રત્નો જડિત મોટા મોટા કમાનવાળેલા મહેલો છે, તેમાં રત્નો જડિત પ્રકાશમાન મોટા થંભ છે.'** અહીંની જેમ ચૂના અને પથ્થરનું ન હોય. સિમેન્ટ ને આ ને તે ને... Distemper કલર કર્યો હોય એવું કાંઈ નહિ. પરમાણુ જ જુદાં છે. ત્યાંના પરમાણુ જુદાં છે અને અહીંના પરમાણુ જુદાં છે.

**'વિવિધ રંગનાં રત્નોના મહેલો અદ્ભુત દિવ્યતાવાળા પ્રકાશમાન છે, ત્યાં ફળફૂલ રત્નોનાં છે. રત્નોનાં ફળોથી દેવો ભગવાનની પૂજા કરે છે. જ્યાં રત્નોનાં પાંદડાં અને રત્નોનાં ફળોથી ભરેલાં વનો છે, અદ્ભુત જિનમંદિરો છે, સ્ફટિક રત્નનાં અને વિવિધ રત્નોથી ભરપૂર જિનમંદિરો છે, આશ્ચર્યકારી જિનપ્રતિમાઓ છે, જેની શોભા અદ્ભુત છે.'**

**'આ બધું પ્રત્યક્ષની જેમ જણાય છે, વિશેષ ભાષામાં કહી શકાય તેવો વિસ્તાર જણાતો નથી. દેવોની વિભૂતિ આશ્ચર્યકારી અને દિવ્યતા ભરી વ્યવહારે છે.'**

પ્રશ્ન :– ભાષામાં કહી ન શકાય એટલે ?

સમાધાન :– જ્ઞાનમાં જેટલું દેખાય છે એટલું કાંઈ ભાષામાં

નથી આવી શકતું.

**'આમાંથી આ વાત પૂર્વે દેવભવમાં જોયેલી હોય તેને કારણે યાદ આવે છે; અને જ્ઞાનની નિર્મળતાને કારણે પ્રત્યક્ષની જેમ જણાય છે. આ રહ્યા મેરુપર્વતનાં જિનમંદિરો,...'** આ રહ્યાં ! **'આ રહ્યા મેરુપર્વતનાં જિનમંદિરો, આ રહ્યા વૈમાનિક દેવોના મહેલો, આ રહી નરકની અશુચિમય પૃથ્વી, આ રહ્યાં મધ્ય લોકના દેવોનાં નગર, એમ નિઃશંકપણે પ્રત્યક્ષની જેમ જણાય છે. દેવભવમાંથી કેટલીક વાત યાદ આવે છે તેની સાથે આ બધાં સ્થાનો પણ પ્રત્યક્ષની જેમ નજરે પડે છે; અને જિનમંદિરો દેખી બહુ મહિમા આવે છે અને ઉપયોગની એકાગ્રતા થતાં ઉપયોગ વારંવાર ત્યાં જાય છે. આ બધી વાતનો વિશેષ વિસ્તાર યાદ આવતો નથી.'**

**'આ સર્વ, ગુરુદેવનો પરમ પ્રતાપ છે.'**

ભગવાનની વાણી વિશે લખેલું છે. **'ભગવાનની વાણી જાણે સમુદ્ર છળતો હોય તેવી પરમ અદ્‌ભુત લાગે છે. ભગવાનની વાણીમાં ભેદજ્ઞાનની વાત વારંવાર આવતી હતી તેમ યાદ આવે છે. જે સાંભળીને બીજા જીવો ભવપાર થઈ જાય એવી, પરમ રહસ્યથી ભરેલી ભગવાનની વાણી છે. વિશેષ સંધિપૂર્વક ભગવાનની વાણી યાદ આવતી નથી. ભગવાનની વાણી અનંત પડખાંઓથી ભરપૂર હોય છે; પરંતુ આ જીવના પૂર્વભવમાં – દેવાભાઈના ભવમાં – જે ગ્રહણ થયું હોય તે યાદ આવે છે. પૂર્વભવે એટલે કે આ ભવ પહેલાં** (કહાન) **ગુરુદેવનો આત્મા ફતેહમંદ રાજકુમાર-પણે હતા અને શાન્તાબેનનો આત્મા લાભભાઈ-પણે હતા અને હું એટલે કે આ આત્મા દેવાભાઈ-પણે હતો; ત્યાં સીમંધર ભગવાનના સમોસરણમાં જવાથી તે વખતે ભગવાનની વાણીમાંથી જે ગ્રહણ થયું હોય તે યાદ આવે છે.'** ૨૦૧૮ના અષાડ સુદ બીજી પાંચમે આવેલું (છે).

**'જ્ઞાનગુણની અનંત પર્યાયોની પ્રગટતા, જીવ અસ્તિ છે, પુદ્‌ગલ અસ્તિ છે, આત્મા સુધાનો સાગર છે, સુધાનો પ્રવાહ વહે છે, વગેરે**

**અનંત પડખાંઓથી ભરપૂર, ગહન રહસ્યથી ભરપૂર, જાણે સમુદ્ર છળતો હોય તેવી રીતે ભગવાનની વાણી છૂટતી હતી.**' સમુદ્ર ઘૂઘવતો હોય ને ? એવી રીતે ૐકાર નાદ (આવે છે).

**'ભગવાનની વાણી શાંતરસથી ભરપૂર, મીઠીમધુરી, અમૃતરસ જેવી, મીઠો મેઘ ગાજતો હોય તેવી ગંભીર, થોડી વારમાં ચૌદ બ્રહ્માંડનું સ્વરૂપ કહેનારી અદ્‌ભુત છે. સૂક્ષ્મ રહસ્યથી ભરપૂર, ડી ડી વાત કહેનારી, ચારે તરફથી શીઘ્ર પહોંચી વળનારી, સમુદ્ર ગાજતો હોય અને સમુદ્રમાં તરંગો છળતાં હોય તેવી અદ્‌ભુત છે. સાંભળનારને જલદી ચૈતન્યસ્વરૂપની પ્રાપ્તિ થઈ જાય તેવી છે.'**

**'સીમંધર ભગવાનની વાણીની શું મહિમા થાય ! આ તો ઉલ્લાસ આવતાં લખાઈ જાય છે. અગણિત અનંત સ્વભાવો અને અગણિત અનેક અનેરા વાચકોથી ભરપૂર, અનંત ગંભીરતાથી ભરેલી વાણીની શું વાત થાય ! ભગવાનની વાણી એકાક્ષરી હોવા છતાં અનંત પડખાંઓથી ભરપૂર હોય છે.'**

**'સમવસરણમાં સીમંધર ભગવાનનાં દર્શન થતાં બહુ ઉલ્લાસ આવે છે, વંદન થઈ જાય છે.'**

**'ગણધરદેવ અને મુનિરાજો યાદ આવે છે ને હૃદય નમી પડે છે.'**

**'દેવલોકમાં રત્ને જડિત શાશ્વતાં શાસ્ત્રો છે, જેમાં રત્ને જડિત અક્ષરો છે. મોટાં મોટાં રત્ને જડિત શાસ્ત્રો છે, તેમાં ચૌદે બ્રહ્માંડના સ્વરૂપનું વર્ણન છે.'**

મુમુક્ષુ :– શાસ્ત્રો પણ રત્નોથી જડિત હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, શાસ્ત્ર પણ રત્નજડિત હોય છે, અક્ષર પણ રત્નજડિત ! મોટા મોટા !

પ્રશ્ન :– ભાઈશ્રી ! 'ચંદભાઈ' અને 'શિશુભાઈ' કોણ હતા ?

સમાધાન :– 'શિશુભાઈ' અને (બીજા) બે-ત્રણ જણની વાત આવે છે. છે, આમાં જ છે.

પ્રશ્ન :– ઈ 'શિશુભાઈ' આપ હતા ?

સમાધાન :– ખબર નથી.

મુમુક્ષુ :– 'બહેનશ્રી'ને એમ હતું કે આપનું નામ 'શિશુભાઈ' છે.

પૂજ્ય ભાઈશ્રી :– એવું અનુમાન છે.

મુમુક્ષુ :– ભાઈશ્રી ! આમાં દેવલોકની જે વાત આવી એના પરથી એમ વિચાર આવ્યો કે આટલા મોટા વૈભવમાં પણ આ જીવની તૃષ્ણા પૂરી ન થઈ.

પૂજ્ય ભાઈશ્રી :– એવું છે, મિથ્યાત્વ અવસ્થામાં દેવ થાય ને ત્યારે જીવ ઈર્ષ્યા બહુ કરે છે અને ત્યાં દુઃખી થવાનું બીજું કોઈ કારણ નથી. રોગ નથી, પાપના ઉદયની પ્રતિકૂળતા નથી, ઘડપણ નથી, બાળપણ નથી, દરિદ્રતા નથી, ભૂખ-તરસ નથી, દુર્ગંધ નથી, અંધારું નથી, ચોવીસે કલાક અજવાળું ! વગર સૂર્યે ! જેમ નરકમાં ચોવીસે કલાક અંધારું ! ઘોર અંધારામાં બધા અથડાય. સ્વર્ગમાં પ્રકાશ... પ્રકાશ... (ત્યાં) ક્યારેય અંધારું જ ન થાય. (નરકમાં) ક્યારેય અજવાળું ન થાય અને અહીંયાં ક્યારેય અંધારું ન થાય, સામેસામું છે. ત્યાં શું છે કે પોતાથી વધારે પુણ્યવાન જે બીજા દેવો હોય છે એની ઈર્ષ્યા એટલી બધી આવે, એટલી બધી આવે.. કે એ સળગે ! આમ જોયા જ કરે, આનું આ... આનું આ... આનું આ... આનું આમ છે... બહુ જલન થાય, એનું દુઃખ ઘણું છે. મારે નથી ને એને છે.

બીજું, જે મોટા દેવો હોય, એના ઉપરી દેવો હોય એના અનુચરપણે વર્તવું પડે એટલે પણ ઈર્ષ્યા વધી જાય, એવું પણ બને છે. વિશેષ પુણ્યવંત દેવ હોય ઈ કહે ઈ પ્રમાણે એના નોકરપણે – અનુચરપણે કામ કરવું પડે, આજ્ઞાધીનપણે રહેવું પડે.

અહીંયાં કેમ કોઈ વૈભવશાળી મોટરવાળો Accident કરે તો

બધા તૂટી પડે છે કે નહિ ? એને કાંઈ લેવા-દેવા ન હોય, તોપણ ! એવી રીતે ઈર્ષ્યા ઘણી છે, એનું દુઃખ ઘણું છે, એની આકુળતા ઘણી છે અને તૃષ્ણા બહુ છે. તૃષ્ણાને લઈને જ ઈર્ષ્યા છે. તૃષ્ણા બહુ છે – આ હોય તો ઠીક, મને આ હોય તો ઠીક, હજી આમ હોય તો ઠીક, આના જેવું હોય તો ઠીક, આના જેવું હોય તો ઠીક... મળે તો પુણ્ય અનુસાર (પણ) એ તૃષ્ણાની અગ્નિ અને ઈર્ષ્યાની અગ્નિ જીવને બાળે.

પ્રશ્ન :– ભાઈશ્રી ! ઈર્ષ્યા અભિમાનના હિસાબે હોય ?

સમાધાન :– નહિ, તૃષ્ણાના હિસાબે, લોભને હિસાબે. ત્યાં લોભની પ્રધાનતા છે, અહીંયાં મનુષ્યભવમાં માનની પ્રધાનતા છે, ત્યાં (સ્વર્ગમાં) લોભની પ્રધાનતા છે. મનુષ્યમાં માનની પ્રધાનતા છે, નારકીમાં ક્રોધની પ્રધાનતા છે, તિર્યંચમાં માયાની પ્રધાનતા છે.

મુમુક્ષુ :– 'બહેનશ્રી'ને જ્યારે નરકની ભયંકરતા દેખાતી હશે ત્યારે એમને શું થતું હશે...

પૂજ્ય ભાઈશ્રી :– એ પોતે તો બહુ વૈરાગી હતા ને ! પોતે બહુ ગંભીર રહેતા હતા, બહુ ઓછું બોલતા હતા, વૈરાગ્ય વિશેષ હતો. બહુ વૈરાગ્ય ! વૈરાગ્ય એટલો હતો કે ક્યારેક ફાટલા કપડાં પહેરતા હતા. દેવાવાળા તો કાંઈ ઓછા નહોતા, પણ પડ્યા રહે. વૈરાગ્ય ઘણો !

મુમુક્ષુ :– પૂર્વે કેટલી સાધના કરી હશે !

પૂજ્ય ભાઈશ્રી :– પૂર્વની અને વર્તમાનની પણ વધારે હતી. વર્તમાનમાં તેઓ જ્ઞાન-ધ્યાનમાં જ રહેતા હતા. લોકોની સાથે ઓછું હળતા-મળતા હતા. જ્ઞાન-ધ્યાનમાં જ વધારે રહેતા હતા.

(આપણે ચાલતા વિષયમાં) સંસાર ભાવના ચાલે છે. **'નારકી કેવા છે ?'** સંસારમાં ચાર ગતિમાં જીવ પરિભ્રમણ કરે છે. એમાં નરકગતિનો વિષય પહેલા લીધો છે. દુઃખનું વર્ણન કરવું છે ને ?

સૌથી વધારે દુઃખ નરકગતિમાં છે. દુઃખ કોઈ જીવ ઇચ્છતો નથી, થોડું દુઃખ પણ ઇચ્છતો નથી. પોતે પરિપૂર્ણ સુખસ્વભાવી હોવાથી થોડું પણ દુઃખ કોઈને પસંદ નથી, મંજૂર નથી, સંમત નથી. છતાં પણ જીવને અનિચ્છાએ ભોગવવું પડે છે.

**'નારકી કેવા છે ? નગ્નરૂપ,...'** એને કપડાં ન હોય. **'ખૂબ આકરૂં ભયંકર કાળું રૂપ,...'** કાળા ડિબાંગ જેવા હોય, કાળા ડામર જેવા ! શરીર જ એવા હોય. **'લાલ-પીળી કુટિલ આંખોથી ક્રૂર(રીતે) જોતાં...'** આંખો મોટી મોટી ! લાલ-પીળી અને ક્રૂર ! કોઈનામાં દયાનો છાંટો ન હોય. ક્રોધ, ક્રોધ, ક્રોધ... સમાય નહિ એટલો ક્રોધ ! આપણે નથી કહેતા કોઈ ક્રોધી મનુષ્ય હોય (એના માટે કે,) આ આખો 'દી ધૂંઆપૂંઆ જ રહે છે ! વાતવાતમાં ઝઘડી પડે. **'ફાડેલા મુખે,...'** મોઢું પણ એવું વિકરાળ ફાડે ! બિહામણું !

**'લપલપાતી વિકરાળ જીભ સહિત,...'** લાંબી લાંબી જિહ્વા બહાર કાઢ્યા કરે ! **'જેમના દાંત કરવત જેવા તીક્ષ્ણ છે...'** કરવત જેવા મોટા મોટા દાંત ! શરીરો પણ મોટા હોય છે, એટલે બધા અવયવો પણ મોટા હોય એના પ્રમાણમાં દાંત પણ મોટા મોટા હોય. **'જેમના દાંત કરવત જેવા તીક્ષ્ણ તથા વાંકા છે,...'** સીધા દાંત હોય, શોભાયમાન હોય એમ નહિ. આડાઅવળાં વિચિત્ર લાગે એવા !

**'ઉભા થઈ ગયેલા લાલ પીળા ધારદાર કડક વાળવાળા છે,...'** ... એવા વાળ હોય છે. **'ભયંકર તીક્ષ્ણ નખ છે,...'** નખ પણ મોટા મોટા ભયંકર ! **'મહા નિર્દયી,...'** જરા પણ કોઈને દયાનો અંશ ન દેખાય. **'હુંડક સંસ્થાનવાળા...'** આકાર – સંસ્થાન એટલે આકાર. હુંડક એટલે વિચિત્ર અને કદરૂપો. વિચિત્ર છતાં કદરૂપો (હોય) એને હુંડક કહે છે. શરીરના આકારોમાં બહુ કદરૂપો આકાર હોય, વિચિત્ર અને કદરૂપો આકાર હોય એને હુંડક સંસ્થાન કહે છે.

(તેઓ) **'આવી આને કોઈ મુદ્‌ગર, મુસંડોથી માથુ ફોડી નાખે છે.'**

આવી આવીને મુદ્ગર એટલે આ મગદળ હોય ને ? મગદળ ! એને હિંદીમાં મુદ્ગર કહે છે. આપણે મગદળ કહીએ છીએ, કસરતમાં લાકડાના મગદળ વાપરે છે ને ? આ લોઢાના હોય. (શ્રોતા : ડંબેલ્સ !) ડંબેલ્સ નાના હોય છે, આ મોટા હોય છે. દોઢ-બે ફૂટના મગદળ હોય છે. અખાડામાં હોય છે ને ? '**માથુ ફોડી નાખે છે.**' પથ્થરના અને લોઢાના મગદળ હોય (એનાથી) માથામાં મારે, માથાનો ભૂક્કો બોલાવી દચે !

**'જેમ પાણીથી ભરેલા સરોવરમાં પાણીને ધોકાથી કૂટવાથી પાણી ઉછળીને તે જ સરોવરમાં પડીને મળી જાય છે, તે રીતે નારકીઓનું શરીર પણ ખંડ-ખંડરૂપ થઈ ઉછળીને પાછું તે જ શરીરમાં આવીને મળી જાય છે.**' શરીરને મારે એટલે ટુકડા ટુકડા થઈને વળી પાછા આપોઆપ ભેગા થઈ જાય. '**આયુષ્ય પૂરૂં થયા વિના મરણ થતું નથી.**' ગમે એટલા મારે, ગમે એટલા કાપે, છેદે, ભેદે (છતાં) આયુષ્ય પૂરું થયા વગર ત્યાંથી નીકળી શકે નહિ.

મુમુક્ષુ :– કેટલું દુઃખ સહન કરે છે !

પૂજ્ય ભાઈશ્રી :– ઘણું દુઃખ સહન કરે છે અને આપણા જીવે પણ આવું દુઃખ અનંતવાર ભોગવ્યું છે. કેટલી વાર ? અનંતવાર આવું દુઃખ ભોગવ્યું છે. છતાં જીવ મોજૂદ રહ્યો તે તેની અનંત અસ્તિત્વ શ તનું કામ છે. જીવનો નાશ નથી થયો. એવું દુઃખ અનંતવાર ભોગવ્યા છતાં અનંત અસ્તિત્વ શ ત હોવાથી અત્યારે મોજૂદ છે. કેવો મોજૂદ છે ? અખંડ અકબંધ ! એટલે એની મહિમા ગાય છે. જ્ઞાનીઓથી માંડીને તીર્થંકરોની વાણી જીવનો મહિમા શું કરવા ગાય છે ? કે, આવું બધું અનંતવાર નિગોદમાં, આ નરકમાં અનંત અનંત દુઃખ ભોગવ્યા છતાં મૂળ શુદ્ધ ચૈતન્યધાતુ એમને એમ રહે છે ! નિર્લેપ ! જાણે એને કાંઈ અડ્યું જ નથી ! એટલે અત્યારે ખબર નથી પડતી. કેમકે મૂળ વસ્તુને કંઈ થતું નથી ને એટલે અત્યારે કાંઈ ખબર

નથી પડતી. પર્યાય પલટી ગઈ.

પ્રશ્ન :– એટલે ખબર નથી પડતી ?

સમાધાન :– હા, કાંઈ ખબર ન પડે. કેમકે અંદર સ્વરૂપમાં કાંઈ જાતું નથી. આટલું આટલું દુઃખ પડવા છતાં સ્વરૂપમાં કાંઈ જાતું નથી. સ્વરૂપસામર્થ્ય એટલુંને એટલું, એવુંને એવું અનંતુ રહે છે ! અસ્તિત્વ શિ ત જુઓને ! આટલું બધું થયા છતાં અસ્તિત્વ મટ્યું ? એવુંને એવું જ છે. એને અવલંબો એમ કહે છે, એનો આધાર લ્યો ! અને એની મહિમા કરો ! આશ્ચર્યકારી તો છે, આશ્ચર્યકારી મહિમાવંત તો છે જ.

મુમુક્ષુ :– સહનશિ ત પણ કેટલી છે કે નરકનું દુઃખ ઝીલી શકે છે !

પૂજ્ય ભાઈશ્રી :– ગમે તેટલું દુઃખ હો, અનંત દુઃખ અનંતવાર થયું તેની સહનશિ ત પણ અનંત છે. જીવની સહનશિ ત પણ અનંત છે.

મુમુક્ષુ :– કહી શક્યા નહિ પણ તે શ્રી ભગવાન જો !

પૂજ્ય ભાઈશ્રી :– હા, એવી વાત છે.

'**નારકી અંદરોઅંદર તલવારોથી ટુકડા કરે છે,...**' તલવાર લઈને, જેમ છરીથી ઝીણા ટુકડા કરી નાખે એવી રીતે ટુકડા કરી નાખે. '**કરવતોથી ચીરે છે,...**' કરવત લઈને બે નારકી ભેગા થઈને એક નારકીને ચીરે. જેમ લાકડા ઉપર કરવત ફેરવે એમ શરીર ઉપર કરવત ફેરવે, ભલે રાડ્યું નાખ્યા કરે. ઈ ફેરવે એટલે ફેરવે જ (એને) કાંઈ દયા ન હોય.

પ્રશ્ન :– પરમાધામી દેવ હોય છે ઈ નારકી હોય છે કે બીજા હોય છે ?

સમાધાન :– ના, ઈ નારકી નથી હોતા. ઈ તો આવે છે ને ? (શ્રોતા :– વ્યંતરદેવો). વ્યંતરદેવો નહિ, નીચેના દેવો છે. (શ્રોતા :–

અસુરકુમાર !) અસુરકુમાર કહેવાય છે એ નીચેના દેવો છે. નીચેના દેવો છે, ઉપરના દેવો નહિ. નીચેના હલકા દેવો (છે).

**'કરવતોથી ચીરે છે, કુહાડીથી ફાડે છે,...'** લાકડા ફાડે એવી રીતે માથા ફાડે. કુહાડા પણ બધા મોટા (હોય). **'વસૂલો (ધારદાર ઓજાર)થી છોલે છે,...'** આપણે એને વાસલો કહીએ. વાસલાથી છોલે. **'ભાલાઓથી વીંધે છે,...'** ભાલા મારી મારીને શરીરને કાણા પાડી દ્યે. **'શૂળી પર છેદે છે,...'** શૂળી પર ચડાવે. **'પેટ આદિ મર્મ સ્થાનોમાં છેદે છે,...'** પેટમાં મર્મસ્થાન હોય ત્યાં જ મારે. **'ફાડે છે, આંખો ઉખાડે છે,...'** પકડી–પકડીને આંખમાંથી ડોળા ખેંચી લે.

**'ભાડમાં શેકે છે,...'** ભાડ એટલે ભઠ્ઠી ? (શ્રોતા :– ધાણી શેકે ને ? ઈ). ધાણીયા ! (ધાણીને શેકે) એવી રીતે શેકે. મોટી મોટી કડાઈઓ હોય એમાં શેકવા માટે નાખે (પછી) શેકે. બહાર નીકળવાની મહેનત કરે તો પકડીને નાખે અંદર ! **'કઢાયામાં ખાંડે / તળે છે,...'** કઢાઈ એટલે કડાઈ એમાં તળે. **'ઘાણીમાં પીલે છે.'** ઘાણીમાં પીલવા માટે નાખે છે.

**'આ રીતે નારકી અંદરોઅંદર મારણ, તાડન, ત્રાસ દ્વારા જે દુઃખ નરકમાં ભોગવે છે, તે કોટિ જીભો દ્વારા કોટિ વર્ષો સુધી એક ક્ષણના દુઃખને કહેવામાં કોઈ સમર્થ નથી.'** ઠીક ! કરોડ જીભ હોય અને કરોડ વર્ષ સુધી કીધા કરે તો એક ક્ષણનું દુઃખ ન કહી શકે ? ત્યાં સાગરોપમનું દુઃખ (કેવું) થાતું હશે ? કરોડો જીભોથી કરોડો વર્ષો સુધી કહે તો એક ક્ષણનું દુઃખ ન કહી શકે.

**'નરકમાં જે દુઃખદાયી સામગ્રી છે તેના એક કણ બરાબર પણ આ લોકમાં નથી.'** દુઃખની જે સામગ્રી છે એનો એક કણ નરક સિવાય બીજે ક્યાંય નથી, એનો કણિયો પણ નથી ! **'જો નરકની ભૂમિની સામગ્રી તથા નારકીઓનું વિકરાળરૂપ જેવું કોઈને એક ક્ષણ માટે સપનામાં પણ દેખાય તો ડરથી તરત જ મરી જાય.'** Heart fail થઈ જાય. સપનામાં

દેખાય તો એનું Heart fail થઈ જાય. અહીં તો આ બધી કલ્પના કરવી પડે. બાકી એટલું બધું વિકરાળ હોય છે કે એક ક્ષણ માટે જો એનું સપનું આવે તો સપનામાં ને સપનામાં મરી જાય, Heart fail થઈ જાય. માણસ નથી કહેતા કે, કોઈ ભૂતને જોવે ને તો માણસ જોઈને ફાટી પડે ! ફાટી પડે એટલે ? બીકનો માર્યો મરી જાય. આ એના જેવું છે.

'**નારકીઓની રસ સામગ્રી એવી છે જેવાં અહીં કાંઝીર ઝેર, હળાહળ પણ નથી.**' રસ સામગ્રી એટલે પીણા – Liquid – પેય પદાર્થ. (તે સામગ્રી) કેવી છે ? કે, અહીંયાં કાંઝીર, વિષ અને હળાહળ પણ નથી. કાંઝીર એટલે (એવો) કોઈ પદાર્થ આવતો હશે. બાકી હળાહળ વિષ કડવું બહુ હોય, હળાહળ વિષ હોય ઈ કડવું બહુ હોય. ત્યાં પીણું એવું હોય છે.

એવી ભયંકર પરિસ્થિતિમાં નારકીઓ બહુ લાંબા કાળ સુધી દુઃખ ભોગવ્યા કરે છે. ખાસ કરીને વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્ર, સત્પુરુષનો અપરાધ થાય તો નરકનું આયુ બંધાય છે. બાકી હિંસા આદિ જે છે એનાથી નરકગતિનું નરક આયુ બંધાય છે. ઘણું વિસ્તારથી લીધું છે.

## ચતુર્થ ચિત્ર
## અન્યત્વભાવના
(શાર્દૂલવિક્રીડિત)

ના મારાં તન રૂપ કાંતિ યુવતી, ના પુત્ર કે ભ્રાત ના,
ના મારાં ભૃત સ્નેહીઓ સ્વજન કે, ના ગોત્ર કે જ્ઞાત ના;
ના મારાં ધન ધામ યૌવન ધરા, એ મોહ અજ્ઞાત્વના;
રે ! રે ! જીવ વિચાર એમ જ સદા, અન્યત્વદા ભાવના.

વિશેષાર્થ :– આ શરીર તે મારું નથી, આ રૂપ તે મારું નથી, આ કાંતિ તે મારી નથી, આ સ્ત્રી તે મારી નથી, આ પુત્ર તે મારા નથી, આ ભાઈઓ તે મારા નથી, આ દાસ તે મારા નથી, આ સ્નેહીઓ તે મારા નથી, આ સંબંધીઓ તે મારા નથી, આ ગોત્ર તે મારું નથી, આ જ્ઞાતિ તે મારી નથી, આ લક્ષ્મી તે મારી નથી, આ મહાલય તે મારાં નથી, આ યૌવન તે મારું નથી, અને આ ભૂમિ તે મારી નથી, માત્ર એ મોહ અજ્ઞાનપણાનો છે. સિદ્ધગતિ સાધવા માટે હે જીવ ! અન્યત્વનો બોધ દેનારી એવી તે અન્યત્વભાવનાનો વિચાર કર ! વિચાર કર !

## અંતર્દર્શન : ષષ્ઠચિત્ર
## નિવૃત્તિબોધ
(નારાચ છંદ)

અનંત સૌખ્ય નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા !
અનંત દુઃખ નામ સૌખ્ય પ્રેમ ત્યાં, વિચિત્રતા !!

ઉઘાડ ન્યાય-નેત્ર ને નિહાળ રે ! નિહાળ તું;
નિવૃત્તિ શીઘ્રમેવ ધારી તે પ્રવૃત્તિ બાળ તું.

વિશેષાર્થ :– જેમાં એકાંત અને અનંત સુખના તરંગ છળે છે તેવાં શીલ, જ્ઞાનને માત્ર નામના દુઃખથી કંટાળી જઈને મિત્રરૂપે ન માનતાં તેમાં અભાવ કરે છે; અને કેવળ અનંત દુઃખમય એવાં જે સંસારનાં નામ માત્ર સુખ તેમાં તારો પરિપૂર્ણ પ્રેમ છે એ કેવી વિચિત્રતા છે ! અહો ચેતન ! હવે તું તારા ન્યાયરૂપી નેત્રને ઉઘાડીને નિહાળ રે ! નિહાળ ! નિહાળીને શીઘ્રમેવ નિવૃત્તિ એટલે મહા વૈરાગ્યને ધારણ કર, અને મિથ્યા કામભોગની પ્રવૃત્તિને બાળી દે !

## શિક્ષાપાઠ–૨૪.

## સત્સંગ

સત્સંગ એ સર્વ સુખનું મૂળ છે; 'સત્સંગ મળ્યો' કે તેના પ્રભાવ વડે વાંછિત સિદ્ધિ થઈ જ પડી છે. ગમે તેવા પવિત્ર થવાને માટે સત્સંગ શ્રેષ્ઠ સાધન છે; સત્સંગની એક ઘડી જે લાભ દે છે તે કુસંગનાં એક કોટ્યાવધિ વર્ષ પણ લાભ ન દઈ શકતાં અધોગતિમય મહા પાપો કરાવે છે, તેમજ આત્માને મલિન કરે છે. સત્સંગનો સામાન્ય અર્થ એટલો કે, ઉત્તમનો સહવાસ. જ્યાં સારી હવા નથી આવતી ત્યાં રોગની વૃદ્ધિ થાય છે, તેમા જ્યાં સત્સંગ નથી ત્યાં આત્મરોગ વધે છે. દુર્ગંધથી કંટાળીને જેમ નાકે વસ્ત્ર આડું દઈએ છીએ, તેમ કુસંગથી સહવાસ બંધ કરવાનું અવશ્યનું છે; સંસાર એ પણ એક પ્રકારનો સંગ છે; અને તે અનંત કુસંગરૂપ તેમજ દુઃખદાયક

હોવાથી ત્યાગવા યોગ્ય છે. ગમે તે જાતનો સહવાસ હોય પરંતુ જે વડે આત્મસિદ્ધિ નથી તે સત્સંગ નથી. આત્માને સત્ય રંગ ચઢાવે તે સત્સંગ. મોક્ષનો માર્ગ બતાવે તે મૈત્રી. ઉત્તમ શાસ્ત્રમાં નિરંતર એકાગ્ર રહેવું તે પણ સત્સંગ છે; સત્પુરુષોનો સમાગમ એ પણ સત્સંગ છે. મલિન વસ્ત્રને જેમ સાબુ તથા જલ સ્વચ્છ કરે છે તેમ આત્માની મલિનતાને શાસ્ત્રબોધ અને સત્પુરુષોનો સમાગમ, ટાળી શુદ્ધતા આપે છે...

...જ્યાં શાસ્ત્રોના સુંદર પ્રશ્નો થાય, જ્યાં ઉત્તમ જ્ઞાન, ધ્યાનની સુકથા થાય, જ્યાં સત્પુરુષોનાં ચરિત્ર પર વિચાર બંધાય, જ્યાં તત્ત્વજ્ઞાનના તરંગની લહરીઓ છૂટે, જ્યાં સરળ સ્વભાવથી સિદ્ધાંતવિચાર ચર્ચાય, જ્યાં મોક્ષજન્ય કથન પર પુષ્કળ વિવેચન થાય એવો સત્સંગ તે મહાદુર્લભ છે. કોઈ એમ કહે કે, સત્સંગમંડળમાં કોઈ માયાવી નહીં હોય ? તો તેનું સમાધાન આ છે : જ્યાં માયા અને સ્વાર્થ હોય છે ત્યાં સત્સંગ જ હોતો નથી....

જેમ પૃથ્વી પર તરાય નહીં, તેમ સત્સંગથી બુડાય નહીં; આવી સત્સંગમાં ચમત્કૃતિ છે. નિરંતર એવા નિર્દોષ સમાગમમાં માયા લઈને આવે પણ કોણ ? કોઈ જ દુર્ભાગી; અને તે પણ અસંભવિત છે. સત્સંગ એ આત્માનું પરમ હિતૈષી ઔષધ છે.

(શિક્ષાપાઠ અંશ...)

## શિક્ષાપાઠ–૫૬

### ક્ષમાપના

હે ભગવાન ! હું બહુ ભૂલી ગયો, મેં તમારાં અમૂલ્ય

વચનને લક્ષમાં લીધાં નહીં. તમારાં કહેલાં અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહીં. તમારાં પ્રણીત કરેલાં ઉત્તમ શીલને સેવ્યું નહીં. તમારાં કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહીં. હે ભગવન્ ! હું ભૂલ્યો, આથડ્યો, રઝળ્યો અને અનંત સંસારની વિટંબનામાં પડ્યો છું. હું પાપી છું. હું બહુ મદોન્મત્ત અને કર્મરજથી કરીને મલિન છું. હે પરમાત્મા ! તમારાં કહેલાં તત્ત્વ વિના મારો મોક્ષ નથી. હું નિરંતર પ્રપંચમાં પડ્યો છું, અજ્ઞાનથી અંધ થયો છું, મારામાં વિવેકશક્તિ નથી અને હું મૂઢ છું, હું નિરાશ્રિત છું, અનાથ છું. નીરાગી પરમાત્મા ! હું હવે તમારું, તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું. મારા અપરાધ ક્ષય થઈ હું તે સર્વ પાપથી મુક્ત થઉં એ મારી અભિલાષા છે. આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાતાપ કરું છું. જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઉતરું છું તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે. તમે નીરાગી, નિર્વિકારી, સત્ચિદાનંદસ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્યપ્રકાશક છો. હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું. એક પળ પણ તમારાં કહેલાં તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ ! હે સર્વજ્ઞ ભગવાન ! તમને હું વિશેષ શું કહું ? તમારાથી કંઈ અજાણ્યું નથી. માત્ર પશ્ચાત્તાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઇચ્છું છું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

## તા. ૧૧-૦૫-૧૯૮૯, પ્રવચન નં. ૧૧
## અન્યત્વ ભાવના, સત્સંગ પાઠ તથા ક્ષમાપના

### અન્યત્વભાવના

**ના મારાં તન રૂપ કાંતિ યુવતી, ના પુત્ર કે ભ્રાત ના,**
**ના મારાં ભૃત સ્નેહીઓ સ્વજન કે, ના ગોત્ર કે જ્ઞાત ના;**
**ના મારાં ધન ધામ યૌવન ધરા, એ મોહ અજ્ઞાત્વના;**
**રે ! રે ! જીવ વિચાર એમ જ સદા, અન્યત્વદા ભાવના.**

શરીર મારું નથી, શરીરનું રૂપ મારું નથી, શરીરની કાંતિ એટલે તેજ, કોઈ તેજસ્વી શરીર મળ્યું હોય (તો) તે પણ મારું નથી. પુત્રો હોય, ભાઈ હોય, ભ્રાત, દાસ તે મારા નથી, ભાઈઓ મારા નથી. દાસ કે નોકરચાકર મારા નથી, સ્નેહીઓ તે મારા નથી, સંબંધીઓ તે મારા નથી, આ ગોત્ર તે મારું નથી, આ જ્ઞાતિ તે મારી નથી, આ લક્ષ્મી તે મારી નથી, આ મહાલય તે મારા નથી. ગોત્રથી માંડીને બધા કુળ લઈ લીધા, જ્ઞાતિ લઈ લીધી.

આ યૌવન મારું નથી, ભૂમિ મારી નથી માત્ર એ મોહ છે. મારાપણાનો મોહ છે એ અજ્ઞાનપણાને લીધે છે. કેમકે મારું હોય

તો મારાથી જુદું પડે નહિ, મારું હોય તે હંમેશાં મારી સાથે રહે. આ (બધાં) કેટલાક કાળ સુધી સાથે હોય છે પછી સાથે જોવામાં આવતા નથી માટે ખરેખર મારા નથી. છતાં મારાપણું લાગે છે એ અજ્ઞાનને લઈને લાગે છે.

**'માત્ર એ મોહ અજ્ઞાનપણાનો છે. સિદ્ધગતિ સાધવા માટે હે જીવ ! અન્યત્વનો બોધ દેનારી એવી તે અન્યત્વભાવનાનો વિચાર કર ! વિચાર કર !'** ભિન્ન છે એના ભિન્નપણાનો વિચાર કર.

પછી ૪૯ પાને 'નિવૃત્તિબોધ' કરીને (ભાવના) છે.

**અનંત સૌખ્ય નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા !**
**અનંત દુઃખ નામ સૌખ્ય પ્રેમ ત્યાં, વિચિત્રતા !!**
**ઉઘાડ ન્યાય-નેત્ર ને નિહાળ રે ! નિહાળ તું;**
**નિવૃત્તિ શીઘ્રમેવ ધારી તે પ્રવૃત્તિ બાળ તું.**

અનંત સુખ છે એ સુખને પ્રાપ્ત કરવા માટે થોડું તને કઠણ પડે છે, અજાણ્યો રસ્તો છે એટલે તને એમ લાગે છે કે આ મોહ ને મમતા છોડવા એ કઠણ છે. એ તો નામનું દુઃખ છે. તને કદાચ થોડું દુઃખ લાગે, કઠણ લાગે એટલે દુઃખ લાગે કે આ બધો મોહ કેવી રીતે છૂટે ? બધું ભર્યું ભર્યું લાગતું હોય ઈ કેમ છૂટે ? એ (દુઃખ) તો નામ માત્ર છે. ત્યાં તને મિત્રતા એટલે પ્રેમ નથી, જે અનંત સુખ અંદરમાં ભર્યું છે અને અનંત સુખ છળે એવી જ્યાં પરિસ્થિતિ છે, એવું જે આત્મસ્વરૂપ-ધામ છે ત્યાં તને રુચતું નથી એટલે કઠણ લાગે છે. અરુચિને લઈને કઠણ લાગે છે. એ તો નામનું દુઃખ છે, ખરેખર દુઃખ નથી અને તું એનાથી દૂર જાય છે, એનો અભાવ કરે છે.

પ્રશ્ન : અનંત સુખ કહો છો એ આકર્ષણને માટે કહો છો ?

સમાધાન :– નહિ, વસ્તુસ્થિતિ છે, કહેવા માટે નથી. વસ્તુનું સ્વરૂપ છે. નક્કર વસ્તુસ્થિતિ છે. જેમ સોનાની લગડી નક્કર વસ્તુ છે, ત્યાં સોનું જ છે, સોનાની લગડીમાં આદિ, મધ્ય, અંતમાં સોનું જ છે એમ આત્મા આનંદની લગડી છે ! આદિ, મધ્ય, અંતમાં અનંત આનંદ ભરેલો છે, એવું છે. આકર્ષણ કરવા માટે નથી. અલબત્ત, અનંત સુખ કહેતાં આકર્ષણ જરૂર થાય એવું છે. પણ આકર્ષણ કરાવવા માટે કોઈ વાત  પજાવીને કહી છે એવું નથી, એમ છે. એટલી વાત જરૂર છે.

પ્રશ્ન :– અનંતપણું કેવી રીતે છે ? થોડા સુખને માટે તો દોડીએ છીએ એને બદલે તમે અનંત બતાવો છો.

સમાધાન :– તોપણ મન નથી થતું. થોડા સુખ (માટે) એટલે ખરેખર દુઃખ છે, પાછું સુખ નથી, કલ્પેલું સુખ છે, આભાસમાત્ર છે તોપણ જીવ દોટ લગાવે છે. એનો અર્થ એ થાય છે, ભાઈ ! કે, એને સુખ માટે ખરેખર ઘણું આકર્ષણ છે. સુખ ન હોય અને સુખનો આભાસ હોય તોપણ આંધળી દોડ મૂકે એવો આ જીવ છે. તો અનંત સુખ છે એમ જ્ઞાનીઓએ કહ્યું, હવે તને ન ભાસતું હોય તો કાંઈક વિચારવા માટે  ભો રહે, કંઈક  ડો  તરવા માટે પ્રયત્ન કર, એટલું તો ઓછામાં ઓછું કર. એક જ્ઞાનીના વચનના વિશ્વાસ ખાતર ! (લોકો) એમ કહે છે ને કે, તમારા માન ખાતર હું આટલું કરું છું. મારી તો ઇચ્છા નહોતી પણ તમારા માન ખાતર મારે તમે કહો છો ત્યારે આટલું કરવું પડે છે. એમ સામાન્ય સંબંધની અંદર પણ આ પરિસ્થિતિ આપણે જોઈએ છે. બરાબર છે ? તો વીતરાગ સર્વજ્ઞ કેવળીથી માંડીને સંતો, સત્પુરુષો કોઈપણ જાતની સ્પૃહા વિના જ્યારે એમ કહે છે કે, તારા આત્મામાં અનંત સુખ છે તો આ જીવે કાંઈપણ નહિ કરવું ? કે, પૂરી મહેનત કરવી જોઈએ. અને એ તો

એમ કહે છે કે મારા માટે નથી કહેતો, તને જ્યારે સુખની દોડ છે ત્યારે હું કહું છું. જો ખરેખર તારે સુખ જ જોઈતું હોય તો અનંત સુખ તારામાં ભર્યું છે.

ફેરવી ફેરવીને આ વાત કહે છે. હે જીવ ! તું ભ્રમા મા ! સુખ તારા અંતરમાં ભર્યું છે, ક્યાંય ભ્રમ કરીશ નહિ. સુખ ક્યાંય બહાર નથી. કેવી કેવી મીઠાશથી એ વાતો કરી છે ! જો ખરેખર સુખ જોઈતું હોય તો એણે થોડોક પણ પ્રયોગ કરવો જોઈએ. એમ નથી કહેતા કે, તું આંધળું માની લે. અને એમ અંધશ્રદ્ધાથી માનવાથી મળશે પણ નહિ, પણ થોડો પ્રયોગ કરી લે. જે રીતે તને પ્રયોગ કરવાનું કહે છે એ તું પ્રયોગની કસોટી ઉપર કસીને નક્કી કર, તો તને જરૂર ખાત્રી થશે. પુરુષાર્થ કરતાં, પુરુષાર્થની કસોટીએ કસતાં તને જરૂર પ્રતીતિ થશે કે જેવું કહે છે એવું જ છે.

હમણાં થોડી ચર્ચા ચાલે છે. સ્વાધ્યાયમાં થોડો એ વિષય લઈએ કે, વિકલ્પમાં દુઃખ લાગતું નથી. વિકલ્પ છે એ સ્થૂળ છે, દુઃખ પણ સ્થૂળ છે. સ્વભાવ છે એ સૂક્ષ્મ છે અને સ્વભાવમાં સામર્થ્યપણે, શિ તરૂપે રહેલું સુખ પણ સૂક્ષ્મ છે. હવે જો સ્થૂળ ન દેખાય તો સૂક્ષ્મ ક્યાંથી દેખાય ? યુિ તથી અને આગમથી તો માનવું પડે છે કે ખરેખર છે દુઃખ. માનેલું સુખ એ સુખ નથી પણ દુઃખ છે. કેમકે એક લાડવો ખાધા પછી બીજા લાડવાએ અને ત્રીજા લાડવાએ (કહે છે કે), ભાઈસા'બ ! હવે Vomit થાશે. હવે રહેવા દ્યો. હવે બળજબરી કરીને ખવડાવશો તો ઓ..ક કરીને બહાર કાઢી નાખવું પડશે. ક્યાં સુખ હતું ? સુખ તો વધવું જોઈતું હતું. પહેલા લાડવાથી બીજો લાડવા ખાતા Double સુખ થવું જોઈતું હતું, એના બદલે ઘટી જાય છે. કેમકે ક્ષુધા ઘટે છે. ત્રીજા લાડવા વખતે ? ઠામૂકું નથી અને ચોથો આપે ત્યારે તો સુખના બદલે દુઃખની પરિસ્થિતિ ભી થાય છે. (એટલે) સુખ કલ્પેલું હતું એ તો અનુભવથી, યુિ તથી સમજી શકાય છે. છતાં

પણ એક નિર્ણય થઈ પડ્યો છે કે પાંચ ઇન્દ્રિયના ભોગઉપભોગમાં સુખ છે એટલે જીવ દોટ મૂકી દયે છે.

જે દુઃખ છે ઈ દુઃખરૂપે ન જણાય તો સ્વભાવનું સુખ સુખરૂપે કેવી રીતે જણાય ? તો કહે, ઈ વાત પણ કબૂલ. તો હવે કરવું શું ? દુઃખને દુઃખરૂપે જાણવા માટે કરવું શું ? તો કહે છે કે, તું જરાક ધ્યાન આપી જો કે એમાં આકુળતાના અંશો છે ? જે સુખના પરિણામ માટે તારા પરિણામ આભાસિત રીતે તને ભાસ્યા છે એનું તું પૃથ્થકરણ કર. જરાક સૂક્ષ્મતાથી, બારીકાઈથી એમાં તપાસ કર કે એમાં આકુળતા છે ? (જો હોય) તો આકુળતા દુઃખનું સ્વરૂપ છે. છતાં પણ તને ન દેખાય કે, કોઈ એવા પરિણામ છે કે જે ઘણાં મંદ કષાયના પરિણામ છે કે જેની અંદર આકુળતા નથી દેખાતી, એવા પણ જીવના પરિણામ થાય છે. પૂજા, ભ િ ત કરે ત્યારે ઉલ્લાસથી, ઉમંગથી કરે. આત્માનો વિચાર કરે ત્યારે એને દુઃખ ન દેખાય, સ્વાધ્યાય કરે ત્યારે એને દુઃખ ન લાગે એવા પરિણામ વખતે શું કરવું ? દુઃખ તો બધાયમાં છે. રાગમાત્ર – અશુભ હો કે શુભ – દુઃખરૂપ છે, ત્યાં શું કરવું ? તો કહે (છે કે), દુઃખ તો કષાયસ્વરૂપે છે. એનું બીજું એક રૂપ કષાયનું છે, રાગ પોતે કષાયરૂપે છે અને કષાયમાં દુઃખ છે. હવે એ દુઃખ દેખાતું નથી. એવું પાતળું દુઃખ છે, એવું મંદ દુઃખ છે કે જે પકડવામાં આવતું નથી. શોધવા જતાં પણ નથી ખબર પડતી. તો શું કરવું ?

ત્યારે એને કહે છે કે, આ જ્ઞાન છે એની સાથે એને મીંઢવ. બે ભાવ થયા – એક રાગભાવ, એક જ્ઞાનભાવ. જ્ઞાનમાં જ્ઞેયાકાર જ્ઞાન નથી લેવું સામાન્ય જ્ઞાન લેવું છે, તો જે સામાન્ય જ્ઞાન છે એને રાગ સાથે તું મીંઢવ. જાણવું... જાણવું... જાણવામાત્રપણે જે સામાન્ય છે એને તું રાગ સાથે મીંઢવ. મીંઢવ એટલે અનુભવ. બંનેના અનુભવને મીંઢવતા તને ચોક્કસ ખ્યાલ આવશે કે જ્ઞાનમાં કષાય

નહિ હોવાથી દુઃખ નથી, આકુળતા નથી. અને એને મીંઢવતા ગમે એવો રાગ હોય તોપણ એની અંદર કષાયને લઈને દુઃખ છે.

જો રાગમાં દુઃખ ભાસે તો જ્ઞાનમાં સુખ ભાસસે. નિરાકુળસ્વરૂપ હોવાને લીધે એ સુખના લક્ષણથી તને ભાસ્યમાન થશે. પણ આ જરા ઝીણી નજરનો વિષય છે અને હીરાનો વેપાર કરવો હોય ત્યારે ઝીણી નજર કેળવવી પડે છે, ન હોય તોપણ. એમાં ક્ષમતા છે, ઝીણું જોવાની કાર્યશિ ત છે પણ એ રીતે પોતે કેળવણી નથી લીધી. તો જે ઝવેરી થાય છે, ઝવેરી નથી હોતો અને ઝવેરી થાય છે ત્યારે એ વારંવાર જોઈને એની નજરને કેળવે છે કે, આમાં મારે ઝીણામાં ઝીણી વાત જોવાની છે, ઝીણામાં ઝીણો ડાઘ જોવાનો છે, ઝીણામાં ઝીણી અંદર બીજી કોઈ વસ્તુ, જેને એ લોકો જીરમ કહે છે, જીરમ એટલે શું ? કે, બરફની અંદર જેમ ધૂંધળાપણું હોય છે. ધુમાડા જેવું હોય, ધૂંધળા જેવું હોય અથવા વધારે સફેદાઈ હોય તો એને ઝવેરીની ભાષામાં જીરમ કહે છે, કોઈ કાળો ડાઘ નથી, બીજા કોઈ રંગનો ડાઘ નથી પણ પથ્થર જીરમવાળો છે. કેવો છે ? જીરમવાળો પથ્થર છે. તો એ પણ એવો ચોખ્ખો પારદર્શક નથી. એટલે ધૂંધળાપણું હોય ત્યારે એનું પારદર્શકપણું ઓછું હોય. એ પણ એની ખોટ છે, ખામી છે. એ બધું ક્યારે પકડાય છે ? કે, નજર ઝીણી થાય છે ત્યારે. ઉપર ઉપરથી તો બધા હીરા, હીરા જેવા જ લાગે. કાંઈ ખબર ન પડે, સામાન્ય માણસને કાંઈ ખબર ન પડે, બધા હીરા જ દેખાય. પણ જેની નજર ઝીણી છે એ બરાબર જોવે છે કે નહિ, આમાં ફેર છે, આમાં ફેર છે, આમાં ફેર છે, આમાં આ ફેર છે, આમાં આ ફેર છે.

એમ અહીંયાં પણ થોડીક કેળવણી લેવી પડે છે અને સુખ-દુઃખનું પ્રયોજન છે માટે. મારું સુખ જ્ઞાનમાં છે, મારું સુખ રાગમાં નથી. જેને રાગમાં દુઃખ ભાસે એને જ્ઞાનમાં સુખ ભાસે. જો રાગમાં

દુઃખ ન ભાસે તો જ્ઞાનમાં સુખ ન ભાસે. આ અનંત સુખ છે છતાં નથી દેખાતું આનું કારણ આ છે. અનંત સુખ છે – આત્મામાં અનંત સુખ છે પણ અહીં તો છાંટો પણ નથી દેખાતો. ભાઈ ! જોવા માટેની જે નજર કેળવવી જોઈએ એ નજર તેં કેળવી નથી. માટે ખરેખર અનંત સુખ હોવા છતાં કાંઈ નથી દેખાતું. આનું કારણ આ છે અને જ્યાં અનંત દુઃખ છે, આભાસમાત્ર – નામ સુખ છે એટલે આભાસમાત્ર સુખ છે, પ્રેમ ત્યાં વિચિત્રતા ! પેલાપણે પ્રેમ નથી થતો અને અહીંયાં પ્રેમ થાય છે કેવી લટીસૂલટી વાત છે ! આ એક વિચિત્ર પરિસ્થિતિ છે !

'**ઉઘાડ ન્યાય નેત્ર ને...**' તું ન્યાયના નેત્રને ઉઘાડ અને તું નિહાળ. જરાક ધ્યાનથી જો ! જુઓ ! અવલોકન કર (એમ કીધું), વિચાર કર એમ અહીંયાં ન લીધું. અવલોકન કર, વિચાર કર. નિહાળ એટલે જો. '**નિવૃત્તિ શીઘ્રમેવ ધારી...**' તે પ્રકારની નિવૃત્તિ અત્યારે જ તું લે. શીઘ્ર એટલે અત્યારે જ તું લે અને એ સિવાયની જે પ્રવૃત્તિ છે, આ જોવા સિવાયની જે પ્રવૃત્તિ છે એને તું બાળ. એમ કહીને એના ઉપરનો જોરથી નિષેધ કર્યો છે. કે જેની તને કિંમત છે, જે પ્રવૃત્તિની કિંમત છે, સુખના નામે તું જે પ્રવૃત્તિ કરી રહ્યો છે, મૂક એના ઉપર દીવાસળી ! એમ કહે છે. અને તારા સાચા સુખ માટે પ્રયત્નવાન થા.

આ જે નિવૃત્તિબોધનો પાઠ છે ને ? એમાં કોઈ એક જગ્યાએ બહુ સારી વાત લખી છે એવો ખ્યાલ રહી ગયો છે. Underline નથી કરી પણ ખ્યાલ રહી ગયો છે. છે કોઈ તાત્ત્વિક વાત, બહુ સારી બે-ચાર લીટીઓ છે. એ લોકોએ એક નાનો ગુટકો બહાર પાડ્યો છે ને ? એમાં નિવૃત્તિબોધમાંથી થોડી વાત લીધી છે. તે 'દી પણ તેમના Reference ઉપરથી શોધ્યું ને ત્યારે પણ વાર લાગી હતી. એમણે કોઈ વાતને વચમાં નાખી દીધી છે, બહુ સારી નાખી દીધી

છે. પાઠ મોટો છે, ઘરે નવરાશે જોઈ લઈશ. ત્યાં નિવૃત્તિબોધમાં બે-ચાર ટુકડા નાખી દીધા છે, બહુ સારા નાખી દીધા છે. તે દિવસે નિવૃત્તિબોધના પ્રકરણમાંથી શોધતા વાર લાગી હતી. નાનું આટલું એવડું સંકલન જુદું પાડેલું છે. એમાં કેટલાક ટુકડા લીધા છે.

**'નિહાળ રે ! નિહાળ તું'** હિન્દીમાં 'ળ' ને બદલે 'લ' બોલાય છે ને ? (પૂજ્ય 'સોગાનીજી' એ) પદ વાંચીને કહ્યું કે, આ તો મને જ સંબોધન કરે છે !

૭૫ પાને, પાઠ ૨૪મો – સત્સંગ. **'સત્સંગ એ સર્વ સુખનું મૂળ છે; 'સત્સંગ મળ્યો'...'** એટલે સત્સંગનો લાભ મળ્યો. **'તેના પ્રભાવ વડે વાંછિત સિદ્ધિ થઈ જ પડી છે.'** Guaranteed વાત છે. જેમ કુસંગનો નિષેધ જેટલો જોરથી છે એટલો જ સત્સંગનો આદર જોરથી છે. **'ગમે તેવા પવિત્ર થવાને માટે સત્સંગ શ્રેષ્ઠ સાધન છે; સત્સંગની એક ઘડી જે લાભ દે છે તે કુસંગનાં એક કોટ્યાવધિ વર્ષ પણ લાભ ન દઈ શકતાં અધોગતિમય મહા પાપો કરાવે છે, તેમજ આત્માને મલિન કરે છે.'**

**'સત્સંગનો સામાન્ય અર્થ એટલો કે, ઉત્તમનો સહવાસ.'** શું કહ્યું ? સત્તરમા વર્ષે આટલી વાત લીધી છે. **'સત્સંગનો સામાન્ય અર્થ એટલો કે, ઉત્તમનો સહવાસ.'** પોતાથી જે વિશેષ ઉત્તમ હોય એનો સહવાસ કરવો તે તેનો સામાન્ય અર્થ છે. આમ તો શાસ્ત્રની અંદર સત્સંગનો અર્થ એવી રીતે આવે છે કે, જેને સત્ પ્રગટ થયું તેનો સંગ કરવો – એવા જ્ઞાની મહાત્માનો, ધર્માત્માનો સંગ કરવો તે સત્સંગ – વ્યવહાર સત્સંગ છે અને અંતર સત્‌નો અંતર્મુખ થઈને સંગ કરવો તે પરિણામથી નિશ્ચય સત્સંગ છે. આવી રીતે સત્સંગ લીધો છે.

**'જ્યાં સારી હવા નથી આવતી ત્યાં રોગની વૃદ્ધિ થાય છે,...'** દૃષ્ટાંત લીધું છે **'તેમ જ્યાં સત્સંગ નથી ત્યાં આત્મરોગ વધે છે.'** શું કહ્યું ? એનું કારણ શું ? કે, જગતમાં અસત્સંગનો ઘેરાવો છે, અસત્સંગનો

ઘેરાવો છે. જો જીવ સત્સંગમાં ન રહે તો આત્મરોગ વધે, વધે ને વધે જ. એટલા માટે આ સત્સંગનો ઉપદેશ છે. **'દુર્ગંધથી કંટાળીને જેમ નાકે વસ્ત્ર આડું દઈએ છીએ, તેમ કુસંગથી સહવાસ બંધ કરવાનું અવશ્યનું છે;...'** કુસંગનો સહવાસ બંધ કરવું તે જરૂરી છે, અવશ્યનું છે.

**'સંસાર એ પણ એક પ્રકારનો સંગ છે; અને તે અનંત કુસંગરૂપ તેમજ દુઃખદાયક હોવાથી ત્યાગવા યોગ્ય છે. ગમે તે જાતનો સહવાસ હોય પરંતુ જે વડે આત્મસિદ્ધિ નથી તે સત્સંગ નથી. આત્માને સત્ય રંગ ચઢાવે તે સત્સંગ. મોક્ષનો માર્ગ બતાવે તે મૈત્રી. ઉત્તમ શાસ્ત્રમાં નિરંતર એકાગ્ર રહેવું તે પણ સત્સંગ છે;...'** બહારમાં એવા ઉત્તમ પુરુષોનો સંગ ન મળે તો શાસ્ત્રનો સંગ રાખવો.

**'સત્પુરુષોનો સમાગમ એ પણ સત્સંગ છે. મલિન વસ્ત્રને જેમ સાબુ તથા જલ સ્વચ્છ કરે છે તેમ આત્માની મલિનતાને શાસ્ત્રબોધ અને સત્પુરુષોનો સમાગમ, ટાળી શુદ્ધતા આપે છે.'** સત્તરમા વર્ષે આવા વિચારો છે ! આજે ૬૦ વર્ષે, ૭૦ વર્ષે, ૮૦ વર્ષે માણસને સત્સંગ-કુસંગની ખબર નથી પડતી. **આ સત્તર વર્ષે `શ્રીમદ્જી'ને આટલો વિવેક હતો !! પછી ૨૪મા વર્ષે (આત્મ)જ્ઞાન થયું છે. તોપણ સાત વર્ષ પછી થયું છે. કેટલો વિવેક છે ! એવી કાચી ઉંમર જેને કહેવાય, એ કાચી ઉંમરમાં આટલો વિવેક છે !!** પછી તો ધ્યાનની અને એવી બધી વાત લીધી છે.

(ત્યારબાદ) નીચે (છે). **'જ્યાં શાસ્ત્રોના સુંદર પ્રશ્નો થાય, જ્યાં ઉત્તમ જ્ઞાન, ધ્યાનની સુકથા થાય, જ્યાં સત્પુરુષોના ચરિત્ર પર વિચાર બંધાય, જ્યાં તત્ત્વજ્ઞાનના તરંગની લહરીઓ છૂટે, જ્યાં સરળ સ્વભાવથી સિદ્ધાંતવિચાર ચર્ચાય,...'** સિદ્ધાંતવિચાર ચર્ચાય એમ નહિ, જ્યાં **`સરળસ્વભાવથી'** સિદ્ધાંતવિચાર ચર્ચાય, આંટીઘૂંટી રાખીને નહિ, વક્રતાથી નહિ, સરળતાથી.

પ્રશ્ન :– એટલે ?

સમાધાન :– ઈ બધી ગડબડ છે જ. હોય છે એટલે એ ગડબડવાળી વાત નહિ. નિખાલસતાથી, સરળતાથી, સરળસ્વભાવ રાખીને સિદ્ધાંતવિચાર ચર્ચાય.

**'જ્યાં મોક્ષજન્ય કથન પર પુષ્કળ વિવેચન થાય એવો સત્સંગ તે મહાદુર્લભ છે.'** કેવા સત્તરમા વર્ષે વિચારો કર્યા છે ! વિચારો આવ્યા છે કેવા !! **'કોઈ એમ કહે કે, સત્સંગમંડળમાં કોઈ માયાવી નહીં હોય ? તો તેનું સમાધાન આ છે : જ્યાં માયા અને સ્વાર્થ હોય છે ત્યાં સત્સંગ જ હોતો નથી.'** સત્સંગનો દેખાવ ખોટો છે, સત્સંગ ત્યાં હોતો નથી. ત્યાં સત્સંગ જ હોતો નથી. માયા શું કરવા કરવી પડે ? સ્વાર્થ હોય તો માયા કરવી પડે. નહિતર સત્સંગમાં માયા કરવાની જરૂર શું ? તત્ત્વ તો સમુદ્રના પાણી જેવું છે, જે પીવે ઈ પીવે. ખુશીથી પીવે, આનંદથી પીવે, સમુદ્ર ક્યાં ખૂટવાનો છે ? ગમે તે પીવે નહિ, ગમે તેટલું પીવે નહિ ? ગમે એટલું ભરીને લઈ જાય નહિ ?

**'જેમ પૃથ્વી પર તરાય નહીં, તેમ સત્સંગથી બુડાય નહીં;...'** પાણીમાં બૂડે, પૃથ્વી ઉપર કોઈ બૂડે ? ત્યાં તરવાની જ જરૂર નથી. એમ સત્સંગથી કોઈ બૂડશે નહિ. એવો એનો ગુણ છે. **'આવી સત્સંગમાં ચમત્કૃતિ છે. નિરંતર એવા નિર્દોષ સમાગમમાં માયા લઈને આવે પણ કોણ ? કોઈ જ દુર્ભાગી; અને તે પણ અસંભવિત છે. સત્સંગ એ આત્માનું પરમ હિતૈષી ઔષધ છે.'** સત્તરમા વર્ષે સત્સંગ ઉપર આટલા વિચારો એમણે લખ્યા છે.

સત્તરમા વર્ષે જેને આટલો વિવેક છે ! (પછી) એની ભૂલનો વિચાર કરે ! કેટલો બધો સ્વચ્છન્દ ગણવો જોઈએ. જેના પરિણામમાં વિવેક આટલો બધો ! એક એક વાતનો વિવેક છે !! માણસ એની ભૂલ ગોતવા બેસે. એની (ભૂલ) દેખાય તો શું ગણવું જોઈએ ? કે, એની ઓળખાણથી બહુ દૂર છે. ઘણાં સંપત્તિવાળાને કોઈ દરિદ્રી

સમજી બેસે એના જેવી વાત છે. જેની સંપત્તિનો કોઈ પાર નથી એની સાદગી જોઈને એને કોઈ ગરીબ સમજે તો ? એના જેવું થઈ જાય આ તો. જેના આટલા ગુણ છે, આવા વિચાર છે, બચપણથી જેને આવા વિચાર છે એની શું ભૂલ હોઈ શકે ? કેવી રીતે હોઈ શકે ?

પછી જે ક્ષમાપનાનો જે પાઠ છે એ તો આપણે પ્રસિદ્ધ જ છે. ૯૮મા પાને ૫૬ નંબરનો પાઠ છે. એ ક્ષમાપનામાં એક ન્યાયે પોતાના સ્વરૂપપ્રાપ્તિની ભાવના ભાવી છે. એ પણ સત્તરમા વર્ષના એમના વિચારનો વિષય રહ્યો છે. પાનું–૯૮.

'**હે ભગવાન ! હું બહુ ભૂલી ગયો,...**' સર્વજ્ઞ ભગવાનને ઉદ્દેશીને વાત છે કે, હે સર્વજ્ઞ પરમાત્મા વીતરાગદેવ ! હું બહુ ભૂલ્યો. '**મેં તમારાં અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહીં.**' મારી સામે આવ્યા પણ મેં એના ઉપર ધ્યાન ન આપ્યું કે આની શું કિંમત છે ? '**તમારાં કહેલાં અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહીં.**' તમે જે તત્ત્વ આપ્યું એની તો જગતમાં ક્યાંય ઉપમા ન આપી શકાય એવું તત્ત્વ આપે પીરસ્યું પણ મેં એનો વિચાર ન કર્યો.

'**તમારા પ્રણીત કરેલાં ઉત્તમ શીલને સેવ્યું નહીં.**' તમે જે શીલ–સંયમનો વિષય આપ્યો એ પણ મેં અંગીકાર ન કર્યો. '**તમારા કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહીં.**' જે દયાની વાત કરી, જે શાંતિની વાત કરી, જે પ્રકારે ક્ષમાની વાત કરી, જે વીતરાગતાની – પવિત્રતાની વાત કરી એ બધા ભાવો છે, જીવના એ બધા ઉત્તમોત્તમ ભાવો છે એ ભાવોને મેં ઓળખ્યા નહિ. શબ્દનો પરિચય કર્યો, શબ્દાર્થનો પરિચય કર્યો પણ ભાવને મેં ન ઓળખ્યા.

'**હે ભગવન્ ! હું ભૂલ્યો,...**' આ બધી વાતમાં હું ભૂલ્યો. ભૂલ્યો તેથી '**આથડ્યો, રઝળ્યો અને અનંત સંસારની વિટંબનામાં પડ્યો છું.**' એટલા જન્મ-મરણ થવાની પરિસ્થિતિ છે કે આગળ જતાં આ તો

બહુ મોટી વિટંબના ભી થશે. **'હું પાપી છું.'** એકરાર કરે છે, પોતાના પરિણામનો એકરાર કરે છે. **'હું પાપી છું. હું બહુ મદોન્મત્ત...'** મદ એટલે અભિમાન. અભિમાનથી છકી ગયા જેને કહેવાય. કેમકે જ્યારે જીવ અવગણના કરે છે, વીતરાગવચનની અવગણના કરે છે, વીતરાગના ઉપદેશની અવગણના કરે છે ત્યારે એ પોતાના મદમાં ચડીને કરે છે. નહિતર તો અવગણના ન થાય અને અવગણના થાય એટલે એટલું મદનું જોર છે. મદથી ઉન્મત્ત છું **'અને કર્મરજથી કરીને મલિન છું.'** ઘણાં કર્મ બાંધ્યા છે, એમ કહે છે.

**'હે પરમાત્મા ! તમારાં કહેલાં તત્ત્વ વિના મારો મોક્ષ નથી.'** એ વગર હું છૂટીશ નહિ, એ વાત હવે નક્કી લાગી છે કે, તમે જે કહ્યું છે તે પરમ સત્ય છે એના વિના કોઈ રીતે આ જીવનો નિસ્તાર નથી, મોક્ષ નહિ થાય. પરંતુ **'હું નિરંતર પ્રપંચમાં પડ્યો છું,...'** હું તો એ મોક્ષના રસ્તે જવાને બદલે બીજી કોઈ વાતમાં પડ્યો છું. એનો અર્થ કે હું પ્રપંચમાં પડ્યો છું.

**'અજ્ઞાનથી અંધ થયો છું, મારામાં** (જરાપણ) **વિવેકશ ત નથી...'** આ બધી કબૂલાત કરે છે. આનું નામ સરળતા. પોતાની જે સ્થિતિ છે એ સ્થિતિને સ્વીકારે છે, વ્ય તપણે એને કહે છે એ સરળતા છે. **'મારામાં વિવેકશ ત નથી અને હું મૂઢ છું, હું નિરાશ્રિત છું, અનાથ છું.'** હું કાંઈક છું એમ નહિ. હું અનાથ છું. ભગવાનની સામે જોઈને કહે છે ને ? કે, તમે મને કાંઈ મદદ કરો. મારામાં કાંઈ શ ત નથી. એ (પોતાનું) અહંપણું છોડીને વાત છે. એકવાર અભિમાનના દુર્ગુણને છોડવા માટે સત્પુરુષથી માંડી અને સર્વજ્ઞ પર્યંતના જે નિમિત્તો છે એ નિમિત્તો પ્રત્યે પરમદૈન્યતા આવે છે ત્યારપછી પોતે પરમાત્મા છે એ ભાવ ભાસે છે. ત્રણલોકનો નાથ પોતે છે એ સીધું નથી ભાસતું.

ફરીને, હું પરમાત્મા છું એવો એક ઉપદેશ છે પણ 'તું પરમાત્મા છો,' પણ એ વાત કોને કહેવાય ? અભિમાનમાં છકેલાને એમ કહેવાય

કે તું પરમાત્મા છો ? (કહીએ) તો ઓર છકી જાય. જે પાત્રતામાં આવ્યો છે, જેને પરમ વિનય પ્રગટ્યો છે એને એમ કહે છે કે હવે તું પરમાત્મા છો. તું પરમાત્મા છો અમે તને એ કહેવા માગીએ છીએ. પણ પેલો મદ તર્યા પછી, વિનયમાં આવ્યા પછી આ વાત પકડાય એવું છે ત્યાં સુધી એને આ વાત પકડાય એવું નથી. ધી પડે, સવળી ન પડે. આ એનો નિયમ છે.

પ્રશ્ન :– એવો નિયમ છે ?

સમાધાન :– હા, નિયમ છે. આ એનો નિયમ છે. એક માન અને માયા અને લોભ – આ ત્રણની અંદર લોભમાં પણ સમર્પણબુદ્ધિ થયા વિના આત્માની સંપત્તિની સૂઝ ન પડે, બહારની સંપત્તિ ઉપર જે લોભકષાયથી આ જીવની પકડ છે, એનું મમત્વ છે, પરિગ્રહબુદ્ધિ છે એનું એક વખત સમર્પણ આવે છે – કિંમત જાય, ત્યારે પછી આત્માની સંપત્તિનો પત્તો લાગે છે. આ સંપત્તિની પકડ રહે અને આત્માની સંપત્તિનો પત્તો લાગે – આ બે વાત (બનવાની) નથી. એક મ્યાનમાં બે તલવાર નથી રહેતી.

એવું જ માનમાં છે કે, જે દુનિયાના માને ચડ્યો છે ત્યાંથી તરીને સત્પુરુષના ચરણમાં આવે તે એવી રીતે કે, આપના ચરણની રજ છું. હું કોણ છું ? કે, હું તો આપના ચરણની રજ છું. ત્યાં આવે પછી એને પરમાત્મા સૂઝે. ત્યારે એ સત્પુરુષ એમ કહે કે, નહિ ! બસ થઈ હવે ! ઘણું થઈ ગયું, તું પરમાત્મા છો ! જો તને દેખાડું તું પરમાત્મા છો. પછી એને દેખાય. ત્યાં સુધી દેખાડે તોપણ ન દેખાય કેમકે બીજા ઘોડે ચડ્યો છે. ઈ ઘોડાથી તર્યા વિના આ ઘોડે ચડી શકે એવું નથી. જીવના પરિણામની આ એક કુદરતી પરિસ્થિતિ છે.

એવી રીતે માયા છે એમાં અત્યંત સરળતા થયા વિના સમ્યગ્દર્શનની પ્રાપ્તિ નથી. એટલે સત્સંગમાં તો એક એનો પાકો

સિદ્ધાંત છે કે, સરળતાએ સત્સંગ સેવવો. અસરળભાવે સત્સંગ સેવાતો નથી. એ સત્સંગ જ હોતો નથી, સત્સંગ જ રહેતો નથી. જ્યાં અસરળતા હોય છે ત્યાં બહારનો જે સમાગમ છે એ સત્સંગ નથી હોતો. સત્સંગમાંથી ફેરવાય જાય છે, બદલાય જાય છે, ખરેખર તો ત્યાં સત્સંગ જ નથી, એ જીવ માટે સત્સંગ નથી, સત્પુરુષ હોય તોપણ ! આ પરિસ્થિતિ છે.

પ્રશ્ન :– અસરળતાના પરિણામ કેવા હોય છે ?

સમાધાન :– અસરળતાના પરિણામમાં એવું હોય છે કે સામાન્ય રીતે જીવને વચનમાં કાંઈ અને મનમાં કાંઈ, મનમાં કાંઈ અને કાયાની પ્રવૃત્તિમાં કાંઈ – આ વક્રતા છે. પોતાનો દેખાવ કરવા માટે કરે, દેખાવ બતાવવા માટે કરે. ભક્તિ બતાવે, લ્યો ! અંદર ભક્તિ હોય નહિ, હોં ! પણ દેખાડવી છે ભક્તિ ! આ બધી અસરળતા છે. આ સત્સંગમાં આવી અસરળતા ભૂલથી પણ ન થવી જોઈએ. મારી ભક્તિ હું વિશેષ દેખાડું. કેમ(કે) સત્પુરુષને ગમે એમ તો કરવું જોઈએને ? તો સત્પુરુષને શું ગમે છે ? ચાલો, આપણે એમ કર્યા કરીએ, માયાચારથી પણ કર્યા કરીએ ! આ માર્ગ નથી. સરળતાનો માર્ગ છે, એકદમ સરળતા ! Throughout સરળતા ! Thoroughly – સાંગોપાંગ સરળતા ! એવો આ સરળતાનો માર્ગ છે.

'શ્રીમદ્જી' કહે છે કે, જો તને કોઈ સત્પુરુષનો યોગ થાય, જોકે બહુ દુર્લભ છે, આ કાળમાં દુર્લભથી દુર્લભ છે, પણ જો કદાચ તને સત્પુરુષનો યોગ થાય અને જો તું એની આજ્ઞાએ રહેવા ઇચ્છતો હો તો તારા શ્વાસોશ્વાસ સિવાય કોઈ વાત સત્પુરુષની આજ્ઞા સિવાય તારે કરવાની હોય નહિ, ચાલવી ન જોઈએ, થવી ન જોઈએ. શ્વાસોશ્વાસ એક એવી ચીજ છે કે એ તો થયા જ કરે. એવી વાત લીધી છે.

પ્રશ્ન :– એટલી દીનતામાં આવી જવું ?

સમાધાન :– એટલી સરળતામાં આવી જવું. એમ. સરળતા એટલી બધી હોવી જોઈએ, એમ કહેવું છે.

મુમુક્ષુ :– પોતાના અસ્તિત્વને એક વાર એકબાજુ મૂકી દેવું.

પૂજ્ય ભાઈશ્રી :– એને માટે સર્વસ્વ ઈ જ છે. એમનો વિકલ્પ એ જ આજ્ઞા, એમની ઇચ્છા એ જ આજ્ઞા. બધી વાત પૂરી થઈ ગઈ. પછી વિચાર કરવાની વાત છે, પહેલાં વિચાર કરવાની વાત નથી, પહેલો સ્વીકાર કરવાની વાત છે. એટલી તૈયારી આવવી જોઈએ. એમાં ઘણી સરળતા હોય (ત્યારે એવી તૈયારી થાય).

હે '**નીરાગી પરમાત્મા ! હું હવે તમારું, તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું.**' જુઓ ! એટલા માટે અનાથ લીધું. હું હવે તમારું શરણ ગ્રહું છું. '**મારા અપરાધ ક્ષય થઈ હું તે સર્વ પાપથી મુ ત થઉં એ મારી અભિલાષા છે.**' આનું નામ સરળતા છે. '**આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાત્તાપ કરું છું. જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ડો તરું છું તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે.**'

(એક) પ્રશ્ન ઠ્યો હતો કે, 'ગુરુદેવ' પિપરમીટ વેંચતા હતા. શું એમાં સમજાય છે કહો ? કેમકે 'ગુરુદેવ'ને એક વાતનો ખ્યાલ આવ્યો હતો કે, અહીંયાં જે આવે છે એ બધા શ્રદ્ધાથી આવે છે. 'ગુરુદેવ' સંબોધન કરે તો માણસને કેવો હર્ષ થતો હતો ? કે, આજે મને 'ગુરુદેવે' બોલાવ્યો ! મારા નામથી 'ગુરુદેવે' આજે મને બોલાવ્યો. તો આ તો બોલાવ્યો નહિ, બોલાવીને આપ્યું !! જેને ઓઘસંજ્ઞાએ પણ સમાગમ થયો છે એની શ્રદ્ધામાં, સત્પુરુષ પ્રત્યેની શ્રદ્ધામાં વિશેષ અહોભાવ થાય, વિશેષ મહિમાભાવ થાય એવો એને પ્રકાર (ભજે). મને પ્રસાદ મળ્યો આજે તો ! મારા ઉપર કૃપા છે, મને પ્રસાદ મળ્યો !!

પોતાની તીર્થંકરત્વની વાત કરતા હતા. પહેલાં નહોતા કરતા, કેમકે જોયું કે હજી પરિસ્થિતિ ઠીક નથી. વાતને ગોપવી હતી. પછી

પ્રસિદ્ધપણે કરતા હતા ત્યારે એમણે જોઈ લીધું કે, હવે અહીંયાં નુકસાન થાય એવું નથી. પછી કો'કને થાય બીજી વાત છે. કેમકે એક સામૂહિક પરિસ્થિતિ ભી થઈ ગઈ, પણ ઘણાને ન થાય. ઘણાને તો લાભ જ થાય કે, ઓ..હો...! આવા ભવિષ્યના તીર્થંકર સાથે અત્યારે આપણો યોગ !! તો એને જે સત્પુરુષનો મહિમા વધે તો એનો દર્શનમોહ એ વખતે ઘટે. જો સત્પુરુષનો મહિમા વધે, પ્રસાદ લેનારને જો સત્પુરુષનો મહિમા વધે, કેમકે હાથોહાથ આપ્યો, એક ચીજ હાથોહાથ આપે કે, લ્યો તમે ! Offer કરે અને લેવાની વાત થાય તો એને મહિમા વધે. બસ ! મહિમા વધે તો એનો દર્શનમોહ ઘટે. આ સહેલામાં સહેલો, દર્શનમોહ ઘટવાનો સહેલામાં સહેલો ઉપાય છે. 'શ્રીમદ્‌જી'એ એ વાત વધારે કરી એનું કારણ ઈ છે. એનો દર્શનમોહ ઘટવાનો આથી સહેલો બીજો કોઈ ઉપાય નથી. આ બહુ સહેલો ઉપાય છે.

આ આપણે પચાસ પુસ્તકો આપ્યા. ('પૂજ્ય બહેનશ્રી') સ્પર્શ કરે, પછી ભલે બીજા બહેન આપી દ્યે, બ્રહ્મચર્ય આશ્રમમાં બધાને વહેંચી દ્યે. એમણે હાથ અડાડ્યો. બસ, એનું શું કારણ છે ? નાનામાં નાની પ્રવૃત્તિ પાછળ સમજણ હોય છે. એ કાંઈ કાજુ, બદામ ખાતા નથી. કાજુ, બદામની થાળી આવે તો (બધાને આપી ધ્યે), શું અર્થ છે એનો ? એના જે, એના પ્રત્યેની જે શ્રદ્ધાના અંશો છે એમાં ત્યાં વધારો થાય છે. મહિમાનો વધારો થાય છે ત્યાં આ બાજુ દર્શનમોહ ઘટે છે. આ એનો સીધો હિસાબ છે. (જલદી) સમજાય નહિ.

આ વાત આવી ને ? કે, **'જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ડો તરું છું તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે.'** ચમત્કારિક રીતે આ વાત સમજાય છે કે, ઓ..હો...! મારા આત્માનો પ્રકાશ થવામાં આ વાત છે ? દર્શનમોહ ઘટે તો આત્માનો પ્રકાશ થાય. જેમ ડો તરું છું એમ ખબર પડે છે, નહિતર ખબર પડતી

નથી. ઉપર ઉપરથી તો સમજાય એવી આ વાત નથી.

**'તમે નીરાગી, નિર્વિકારી, સત્‌ચિદાનંદસ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલો ચપ્રકાશક છો. હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું. એક પળ પણ તમારાં કહેલા તત્ત્વની શંકા ન થાય,...'** એક પળ પણ શંકા ન થાય. **'તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ ! હે સર્વજ્ઞ ભગવાન ! તમને હું વિશેષ શું કહું ? તમારાથી કંઈ અજાણ્યું નથી. માત્ર પશ્ચાત્તાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઇચ્છું છું. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ'**

એમ કહીને આ ક્ષમાપનાનો પત્ર પૂરો કર્યો છે. બહુ ભાવનાવાળો આ પત્ર છે. ૫૬મો ક્ષમાપનાનો પાઠ જ છે, આ બહુ ભાવનાનો પાઠ છે.

મુમુક્ષુ :– પ્રતિક્રમણમાં આ પાઠ લીધો છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પ્રતિક્રમણમાં આ પાઠ લીધો છે, બરાબર છે.

પછી 'સુખ વિશે વિચાર' (લઈશું), ટાઇમ થયો છે...

## તા. ૨૨-૦૬-૧૯૮૯, પ્રવચન નં. ૧૨
## શિક્ષાપાઠ–૫૬

('શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, શિક્ષાપાઠ–૫૬) ક્ષમાપના અથવા આત્મભાવના, સ્વરૂપપ્રાપ્તિની ભાવના. આત્મભાવના એટલે સ્વરૂપપ્રાપ્તિની ભાવના. **'હે ભગવાન ! હું બહુ ભૂલી ગયો,...'** સર્વજ્ઞ પરમાત્મા જિનેન્દ્રદેવને લક્ષમાં રાખીને, એમના નિર્દોષ સ્વરૂપને લક્ષમાં રાખીને (કહે છે).

**'હે ભગવાન ! હું બહુ ભૂલી ગયો,...'** ભૂલી ગયો એમ નહિ પણ હું બહુ ભૂલી ગયો. પશ્ચાત્તાપનો પ્રકાર છે. પોતે અનંતકાળ કાઢ્યો છે. વારંવાર અનેકવાર આપના તત્ત્વની સામે આવીને પણ ઉપેક્ષા કરી, અવગણના કરી, એમ. અનેકવાર ! **'મેં તમારાં અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહીં.'** સાંભળ્યા ખરા, અમૂલ્ય વચનો સાંભળવાનો યોગ થયો તેથી સાંભળ્યા પણ લક્ષમાં ન લીધાં. લક્ષ ન દીધું.

પ્રશ્ન :– લક્ષમાં એટલે Practically ન લીધાં એમ ?

સમાધાન :– લક્ષમાં લીધાં એટલે શું છે કે જે વજન છે એની અંદર એનું જરાય વજન ન આવ્યું. ઠીક છે, સાંભળ્યું એટલે ઉપર–ઉપરથી કર્ણપ્રિય લાગ્યું પણ એનો ઉપયોગ ન કર્યો. આત્મહિતાર્થે એનો ઉપયોગ ન કર્યો, લક્ષ ન દીધું, ધ્યાન ન આપ્યું. કાર્યાન્વિત

કરવા માટે જે કાંઈ પરિણામની અંદર મક્કમ પરિસ્થિતિ આવે એ લક્ષ વગર આવતી નથી. લક્ષ એવી ચીજ છે કે બીજા ઘણા પ્રકાર એમાંથી ભા થાય છે. જેમકે જોર થવું. જોર ક્યારે આવે ? લક્ષ હોય તો જોર આવે. જેને એમ કહીએ બળ આવે અથવા લક્ષ થાય તો મહિમા આવે, મુખ્યતા રહે, જેનું લક્ષ હોય એની મુખ્યતા રહે, ગૌણ ન થાય. એ બધા પ્રકાર લક્ષના કારણે ઉત્પન્ન થાય છે.

**'મેં તમારાં અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહીં. તમારાં કહેલાં અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહીં.'** જે આત્મતત્ત્વ છે અથવા આત્મતત્ત્વ પ્રાપ્તિનો જે ઉપાય છે એનો મેં અંતરમાં વિચાર કર્યો નહિ. વિચાર કર્યો નહિ એટલે અંતરમાં વિચાર કર્યો નહિ. **'તમારાં પ્રણીત કરેલાં ઉત્તમ શીલને સેવ્યું નહીં.'** જે પરિણામ બાહ્ય ચારિત્રને અંગે છે એટલે સદાચાર અંગેના છે એવા પણ બહારના જે શીલ અથવા ચારિત્ર જેને કહીએ એને મેં સેવ્યું નહિ, પાળ્યું નહિ. પછી જે ભૂમિકામાં જે ઘટે ઈ. મુમુક્ષુની ભૂમિકામાં (હોય તો) એ રીતે લેવાનું છે.

**'તમારાં કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહીં.'** જે દયાનું સ્વરૂપ આપે કહ્યું – સ્વદયા, પરદયા (તેને ઓળખ્યા નહિ). પરની ભિન્નતા રાખીને પરદયાની વાત છે. પરની એકત્વબુદ્ધિથી પરદયાની વાત નથી. એટલે આપની કહેલી દયા. જગતમાં તો દયા.. દયા... બધા કરે છે પણ એમાં તો આ જીવ બીજાનું રક્ષણ કરી શકે છે એવી માન્યતામાં બે પદાર્થની ભિન્નતા રહેતી નથી. એટલે આપની કહેલી દયા(ને ઓળખી નહિ). આપે કહેલી શાંતિ – કૃત્રિમ શાંતિ નહિ પણ અકૃત્રિમ (શાંતિને ઓળખી નહિ). **'ક્ષમા...'** બીજા જીવો પ્રત્યે મધ્યસ્થતા. **'અને પવિત્રતાને મેં ઓળખ્યા નહીં.'** કષાયરહિત દશા, કષાયના અભાવસ્વરૂપ દશા. તે પવિત્રતાને મેં ઓળખી નહિ.

**'હે ભગવન્ ! હું ભૂલ્યો,...'** હું માર્ગથી ભૂલ્યો, આપના ઉપદેશમાં

પણ મેં ભૂલ કરી. તેથી હું **'આથડ્યો, રઝળ્યો...'** ચાર ગતિના પરિભ્રમણમાં અનેક પ્રકારે દુઃખી થતો હું આથડ્યો, હું રઝળ્યો. **'અને અનંત સંસારની વિટંબનામાં પડ્યો છું.'** ઘણી ઉપાધિ ભોગવું છું. સંસારની અનેક પ્રકારની અનેક ઉપાધિને હું ભોગવું છું.

**'હું પાપી છું.'** મારા પરિણામ છે એ મલિન પરિણામ છે. (દોષ સ્વીકારે તો) કષાયરસ મંદ પડે છે. આવી જે પોતાના પરિણામની જે દોષની સ્વીકૃતિ છે એ સરળતાથી આવે છે. દોષ ક્યારે સ્વીકારે ? કે, સરળતા હોય ત્યારે જીવ પોતાના દોષને સ્વીકારે છે. એમાં કષાયરસ મંદ પડે છે, દર્શનમોહ પણ મંદ પડે છે.

**'હું પાપી છું. હું બહુ મદોન્મત્ત...'** મદોન્મત્ત એટલે અહંકારી. અહંભાવ થયા કરે છે. બાહ્ય પદાર્થને વિષે અહંભાવ થયા કરે છે. **'હું બહુ મદોન્મત્ત અને કર્મરજથી કરીને મલિન છું.'** અનેક પ્રકારનાં પૂર્વકર્મ બાંધ્યા છે તેનાથી હું મલિન છું. **'હે પરમાત્મા ! તમારાં કહેલાં તત્ત્વ વિના મારો મોક્ષ નથી.'** એ વાતનો મને નિશ્ચય થયો છે, મને એ વાતનો નિર્ણય થયો છે કે, આપે જે માર્ગ બતાવ્યો છે એનાથી જ મોક્ષ છે, બીજી કોઈ રીતે મોક્ષ નથી. આ નક્કી વાત છે. આપનાં કહેલાં તત્ત્વ વિના મારો મોક્ષ નથી.

મુમુક્ષુ :– ૧૭માં વર્ષમાં લખે છે !

પૂજ્ય ભાઈશ્રી :– **૧૭માં વર્ષમાં લખે છે, સંસ્કારી હતા ને ! વિચારણા તો બહુ નાની ઉંમરથી – ૧૪-૧૫ વર્ષની ઉંમરથી વિચારણા જાગી ગઈ છે. એટલે યથાર્થ વિચારધારા ચાલે છે. યથાર્થ વિચારધારા ચાલ્યા પછી અનુભવ સુધી પહોંચતા કેટલા વર્ષ ગયા છે ! ૩૪ વર્ષના આયુષ્યમાં, આ તો ૧૫-૧૬ વર્ષથી વિચારણા જાગી ગઈ છે. નવ-દસ વર્ષ જ્ઞાનદશા રહી છે. ૨૪માં વર્ષે પામ્યા છે. એટલે દસ વર્ષ જ્ઞાનદશા રહી છે. ત્રેવીસ પછી, ત્રેવીસ અને દસ તેંત્રીસ. તેંત્રીસ પૂરા કર્યા છે અને અહીં ત્રેવીસ પૂરા કર્યા છે. દસ વર્ષ જ્ઞાનદશા – એક દસકો**

**બરાબર રહી છે.**

'**હે પરમાત્મા ! તમારાં કહેલા તત્ત્વ વિના મારો મોક્ષ નથી. હું નિરંતર પ્રપંચમાં પડ્યો છું.**' કેમકે પરિણામ છે એમાં અજ્ઞાનદશામાં પરિણામ ઉપર કોઈ Control નથી. કોઈ નિયમન નથી, અનેક પ્રકારે ગમે ત્યાં પરિણામ ચાલ્યા જાય છે. '**હું નિરંતર પ્રપંચમાં પડ્યો છું.**' થોડો પણ દોષ મોટો દેખાય છે, દોષ પોસાતો નથી. ગુણની રુચિ થઈ છે એટલે થોડો દોષ પણ મોટો દેખાય છે. (એટલે કહે છે કે) નિરંતર પ્રપંચમાં પડ્યો છું. એક સમય પણ વચ્ચે જ્ઞાનદશા નથી એટલે નિરંતર પરિણતિ જ ચાલે છે.

પ્રશ્ન :– પ્રપંચમાં પડ્યો છું એટલે ?

સમાધાન :– પ્રપંચમાં પડ્યો છું એટલે અનેક પ્રકારનાં આત્માથી વિરુદ્ધ પરિણામ થાય છે ને ? વિરાધક પરિણામ થાય છે એ બધો પ્રપંચ છે.

મુમુક્ષુ :– શુભ-અશુભ ભાવ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– થાય છે શુભ-અશુભ પણ શુભ-અશુભનો ભાંગો નથી લેવો. પરિણામ આરાધનાના થતાં નથી. આરાધના નથી એટલે વિરાધના છે. એને પ્રપંચ કહે છે, વિરાધક ભાવને પ્રપંચ કહે છે. મૂળમાં જીવ શું કરે છે કે, શુભ ભાવ થાય ને એટલે ઠીક ગણી લ્યે છે. પણ આરાધકપણું નથી એનું શું ? આ સવાલ છે. જે આત્માર્થી જીવ છે એને આ ખૂંચે છે કે, આરાધકપણું નથી. ભલે શુભ ભાવ થયો પણ આરાધકપણું નથી એનું શું ? આમ પોતાને પકડે છે.

'**હું નિરંતર પ્રપંચમાં પડ્યો છું, અજ્ઞાનથી અંધ થયો છું,...**' અજ્ઞાન હોવાને લીધે હું અંધ છું. જ્ઞાનમાં પ્રકાશ છે, અજ્ઞાનમાં તો અંધકાર છે. મારા હિતની મને ખબર પડતી નથી, અહિતની મને ખબર પડતી નથી, હિતની મને ખબર પડતી નથી, એટલે અંધ થયો છું. '**મારામાં વિવેકશક્તિ નથી...**' જે પરમાત્મતત્ત્વનો આદર કરવો જોઈએ

એ વિવેક છે. અંતરમાં પરમ સ્વરૂપનો આદર કરવો એ વિવેક છે. રાગથી ભિન્ન પડવું એ વિવેક છે.

**'મારામાં વિવેકશક્તિ નથી અને હું મૂઢ છું,...'** દિશા સૂઝતી નથી. અંતર્મુખ થવાની દિશા મને સૂઝતી નથી. **'હું મૂઢ છું, હું નિરાશ્રિત છું,..'** મને કોઈનો આશ્રય નથી. નિરાશ્રિત છું એટલે ભયવાન છું. જો એવો આશ્રય હોય તો મને ભય ન હોય, પણ ખરેખર જે મને આશ્રય નથી મળતો એનો અર્થ કે હું નિરાશ્રિત છું, ભયવાન છું. **'અનાથ છું.'** નિરાધાર છું.

હે **'નીરાગી પરમાત્મા ! હું હવે તમારું, તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું.'** દેવ અને ગુરુ લીધા. હે નીરાગી પરમાત્મા ! હું હવે તમારું શરણ ગ્રહું છું, તમારા ધર્મનું શરણ ગ્રહું છું. દેવ, ગુરુ અને ધર્મ ત્રણ લીધાં. અને તમારા જે મુનિરાજ છે એમનું શરણ ગ્રહું છું. એટલે કે એમની આજ્ઞામાં, આપની આજ્ઞામાં ચાલવું, આપના કહેલાં ધર્મ પ્રમાણે ચાલવું, જે આપના મુનિ એટલે ગુરુરાજ છે એમની આજ્ઞાએ ચાલવું એનું નામ શરણ ગ્રહું છું. હું એમની આજ્ઞાએ ચાલવા માગું છું.

પ્રશ્ન :– તમારા મુનિ એમ કેમ કહ્યું ?

સમાધાન :– તમારા મુનિ એટલે નિર્ગ્રંથ મુનિ, બીજા મુનિ નહિ. એમ. જગતમાં મુનિ તો ઘણા કહેવાય.

મુમુક્ષુ :– પ્રતિક્રમણ પાઠમાં બીજો શબ્દ વાપર્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :– શું શબ્દ વાપર્યો છે ? (શ્રોતા :– ખ્યાલ નથી). આ તો Original છે, આ તો મૂળ પુસ્તક છે ને ?

**'મારા અપરાધ ક્ષય થઈ હું તે સર્વ પાપથી મુક્ત થઉં એ મારી અભિલાષા છે.'** એટલે પરિપૂર્ણ શુદ્ધ થવાની મારી અભિલાષા છે. અપરાધ ક્ષય થાય એટલે ક્ષાયિક દશા ઉત્પન્ન થાય એટલે મુક્તદશા ઉત્પન્ન થાય, સંપૂર્ણ શુદ્ધ દશા ઉત્પન્ન થાય એવી મારી અભિલાષા

છે.

મુમુક્ષુ :– પ્રતિક્રમણના પુસ્તકમાં છઠ્ઠો પાઠ છે.

પૂજ્ય ભાઈશ્રી :– તમારા સાધુનું શરણ ગ્રહું છું. '**નીરાગી પરમાત્મા ! હું હવે તમારું, તમારા ધર્મનું અને તમારા સાધુનું શરણ ગ્રહું છું.**' સાધુ કહો કે મુનિ કહો એક જ વાત છે. 'સાધુ' શબ્દ છે, કાંઈ ખાસ વાત નથી. બીજો અર્થ ફરક નથી (થતો).

'**મારા અપરાધ ક્ષય થઈ હું સર્વ પાપથી મુ  ત થઉં...**' સર્વ પાપથી ! '**મુ  ત થઉં એ મારી અભિલાષા છે. આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાત્તાપ કરું છું.**' આ કષાયરસ મંદ થાય એ પશ્ચાત્તાપનો પ્રકાર છે. '**જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી  ડો  તરું છું તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે.**' આપની તાત્ત્વિક બાબતોમાં– તાત્ત્વિક વિષયમાં હું જેમ જેમ  ડો  તરું છું તેમ તેમ આપનું તત્ત્વ છે એ ચમત્કારિક રીતે મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે. ચમત્કારિક રીતે પ્રકાશ કરે છે એટલે મારી ગણતરી નહોતી કે, આવી રીતે તત્ત્વનો પ્રકાશ જ્ઞાનમાં થતો હશે, આવું સ્વતત્ત્વ આ પ્રકારે જણાતું હશે. એમ મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે.

ચમત્કારમાં શું છે કે, આત્મા કાંઈ દૂર તો છે નહિ. આત્મા દૂર નહિ હોવા છતાં જીવ વિરાધક પરિણામથી ભાવે એટલો દૂર ગયો છે કે જાણે લાખો ગાઉ દૂર ગયો હોય ! એટલો બધો ભાવે દૂર ગયો છે; જે પ્રત્યક્ષ છે, જે પ્રત્યક્ષ પરમેશ્વરસ્વરૂપ છે, જરા પણ દૂર નથી પણ જીવ વિભાવરસમાં એટલો લીન છે કે એને સ્વભાવરસ – જ્ઞાનરસ ઉત્પન્ન થતો નથી. અથવા તો એટલું પરલક્ષ છે, પરલક્ષને લઈને એટલી પરની મુખ્યતા છે, એટલો પરનો મહિમા છે કે પોતે વેદકસ્વભાવી, જ્ઞાન પોતે વેદકસ્વભાવી હોવા છતાં પોતાના જ વેદનને પકડી શકતો નથી. પોતે અભેદ વેદકસ્વરૂપ હોવા છતાં, વેદના – જ્ઞાનવેદના પોતે જ વેદકસ્વરૂપે હોવા છતાં પોતાના જ

જ્ઞાનવેદનને પોતે જ પકડી શકતું નથી. એ જ્યાં પરિસ્થિતિ પલટો ખાય છે ત્યાં એને ચમત્કારિક વાત લાગે છે કે, અરે...! આવો વિષય છે ! હું પોતે જ છું, મારાથી અભેદ વેદનસ્વરૂપ છું ! ક્યાંય દૂર જવાનો પ્રશ્ન નથી. એમ પોતાનો આત્મરસ જ્યાં ઉત્પન્ન થાય છે ત્યારે ચમત્કારિક પરિસ્થિતિ ભી થાય છે. એટલી લટી-સૂલટી પરિસ્થિતિમાં ફરક છે.

ચમત્કારમાં શું છે કે, નથી ત્યાં છે (એ) બતાવે છે. એનું નામ ચમત્કાર. જ્યાં કાંઈ નથી ત્યાં કોઈ ચીજ બતાવી દે છે કે, જુઓ ! અહીંયાં આ ચીજ છે. એક વખત ખાલી વાસણ દેખાડે કે જુઓ ! આ ધું કર્યું ખાલી (છે). સવળું કરીને પાછું ધું કરે તો એમાંથી પાણી નીકળે ! ચમત્કાર લાગે. એમ અંદર આત્મામાં એટલું બધું ભરેલું છે, અનંત સ્વભાવ, અનંત સામર્થ્ય (છે છતાં) પોતે જાણે કાંઈ નથી, દીન-હીન નમાલો થઈને, રાંકો થઈને, માગણ થઈને ફરે છે. ત્રણલોકનો નાથ છે પણ માગણ થઈને ફરે છે. આ ચમત્કારિક વિષય છે.

મુમુક્ષુ :– સૂક્ષ્મ થાય ત્યારે પકડે.

પૂજ્ય ભાઈશ્રી :– સૂક્ષ્મ એટલે શું છે કે, એ સ્થૂળ ઉપયોગનો વિષય નથી. જે સ્વભાવ છે અને સ્વભાવનું વેદન છે એ સ્થૂળ ઉપયોગનો વિષય નથી. અનુભવ પોતે સૂક્ષ્મ ઉપયોગનો જ વિષય છે. કોઈપણ અનુભવ લ્યો. વિભાવમાં જે અનુભવ થાય છે એ પણ અનુભવનો વિચાર કરો તો સૂક્ષ્મતામાં જ જવું પડે. આ તો સ્વભાવ છે, સૂક્ષ્મ સ્વભાવ છે એનો અનુભવ તો સૂક્ષ્મ જ હોય.

મુમુક્ષુ :– સૂક્ષ્મ થયા વગર પહોંચાય નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– વસ્તુ જ જ્યાં સૂક્ષ્મ છે ત્યાં પછી સ્થૂળપણે કેવી રીતે પહોંચાય ? જેમકે મોતીના દાણાને પકડવો છે તો સવાણી જ જોઈએ પછી એમાં જાડા Pointવાળી વસ્તુ – સાણસી ક્યાંથી કામમાં

આવે ? તપેલી પકડવાની સાણસીથી કાંઈ મોતી ન પકડાય. એમ સ્થૂળ ઉપયોગે કાંઈ સૂક્ષ્મ સ્વભાવ અને સૂક્ષ્મ વેદનનું ગ્રહણ ન થાય. એટલે એ તો વસ્તુ જ સૂક્ષ્મ છે ત્યાં એને સૂક્ષ્મ થયે જ છૂટકો છે.

**'જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું...'** સ્થૂળ વિચારથી નહિ પણ સૂક્ષ્મ વિચારથી હું ઊંડો ઊતરું છું એટલે અનુભવ પ્રત્યે હું જાઉં છું. **'તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે.'** હું કેવો છું ? એની ચમત્કારિક રીતે પ્રગટ પ્રસિદ્ધિ કરે છે. આ આવ્યું ને ? 'સમયસાર' ૧૭-૧૮ ગાથામાં આ વાત આવી ને ? આ હું અનુભૂતિસ્વરૂપ છું. આ હું અનુભૂતિસ્વરૂપ છું એવું જે પરિણમન તે આત્મજ્ઞાનરૂપ પરિણમન છે. એવા આત્મજ્ઞાનથી જેવો અનુભવમાં આવે છે એવો જ છું એવું શ્રદ્ધાન એટલે પ્રતીતિ ઉદય થાય છે, સમ્યગ્દર્શન ઉદય થાય છે. આ હું અનુભૂતિસ્વરૂપ છું (એમ) લક્ષપૂર્વક જ્યાં જ્ઞાનમાં વેદન છે એ જ અનુભૂતિ છે એના ઉપર જોર જાય છે, લક્ષ વગર તો જોર જાય નહિ. કેમકે મુખ્યતા બીજે પડી છે. એટલે લક્ષ વગર જોર જાય નહિ. લક્ષ સહિત લક્ષના કારણથી જો અનુભૂતિ ઉપર જોર જાય તો સ્વસંવેદન પ્રસિદ્ધ થાય – પ્રગટ થાય. સીધી વાત છે.

જેમ પેલી રબરની ટ્યૂબ આવે. એની અંદર પાણી ભર્યું હોય માટલું પડ્યું હોય એમ પડી હોય. દબાવે તો અંદરથી પાણી નીકળે. દબાવે તો પાણી ફોર્સથી નીકળે. એમ અંદર અનંત જ્ઞાનસામર્થ્ય ભર્યું પડ્યું છે, લક્ષથી ભીંસ આવે, આ હું એમ લક્ષપૂર્વક જ્યાં ભીંસ આવે તો અંદરથી જ્ઞાનનો પ્રવાહ જોરથી આવે છે, સ્વસંવેદનનો પ્રવાહ જોરથી આવે છે. પણ દબાણ આવવું જોઈએ, લક્ષનું દબાણ ઉપર આવવું જોઈએ તો અંદરથી જ્ઞાન, આનંદનો ફુવારો નીકળે. એવું છે.

**'તમે નીરાગી, નિર્વિકારી, સત્ચિદાનંદસ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની,**

**અનંતદર્શી અને ત્રૈલોક્યપ્રકાશક છો.**' વીતરાગી પરમાત્માને કહે છે કે આપ રાગરહિત છો, વિકાર રહિત છો. નાસ્તિથી લીધું. અસ્તિથી સત્‌ચિદ્ અને આનંદસ્વરૂપ છો. ત્રિકાળ હોવારૂપ, ચૈતન્ય અને આનંદપણે હોવારૂપ એવા સ્વરૂપે છો. સહજ આનંદ આપનું સ્વરૂપ છે, સહજ જ્ઞાન, અનંત જ્ઞાન આપનું સ્વરૂપ છે, અનંત દર્શન આપનું સ્વરૂપ છે અને ત્રણલોકને જાણનારા છો. ત્રણલોકની હયાતી આપે પ્રસિદ્ધ કરી છે. કેમકે આપના જ્ઞાનમાં આવી (છે).

'**હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું.**' આપના આવા પવિત્ર નિર્દોષ સ્વરૂપની સાક્ષી રાખીને હું મારા હિતને માટે ક્ષમા ચાહું છું. મારા દોષની ક્ષમા, મારા દોષનું નિવારણ ચાહું છું. '**એક પળ પણ તમારાં કહેલાં તત્ત્વની શંકા ન થાય,...**' કેવી ભાવના છે ! ક્યાંય પણ મારી બુદ્ધિ ન પહોંચે તોપણ મને આપની કહેલી વાતમાં ક્યાંય પણ મને શંકા ન થાય.

મુમુક્ષુ :– કેવી ભાવના છે ! ૧૭મા વર્ષની ઉંમર છે !

પૂજ્ય ભાઈશ્રી :– હા, કષાય ગળ્યો છે. આ ભાવનાથી અનંતાનુબંધીનો કષાય એટલે રૂઢ થઈ ગયેલો કષાય (ગળે છે). અનંતકાળથી થઈ ગયેલો કષાય ક્યારે ગળી જાય ? નરમ ક્યારે પડે ? આવી ભાવનાથી મંદ પડે છે.

'**હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું. એક પળ પણ તમારા કહેલાં તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું,..**' આપ જે ઉપાય બતાવો છો એ જ ઉપાયમાં હું મારી પૂર્ણ લગનીથી લાગેલો રહું, પૂર્ણ ધગશથી હું એમાં લાગેલો રહું. '**એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ...**' એટલે પરિણમન '**થાઓ !**' આવી જે મારી અભિલાષા છે એ અનુસાર મારું પરિણમન થાઓ. એ ભાવના ભાવી છે. આ સ્વરૂપપ્રાપ્તિની ભાવના છે.

'**હે સર્વજ્ઞ ભગવાન ! તમને હું વિશેષ શું કહું ? તમારાથી કંઈ**

**અજાણ્યું નથી.**' હું વધારે ભેદ પાડી પાડીને વિશેષ શું વાત કરું ? કોઈ વાત આપનાથી અજાણી નથી. '**માત્ર પશ્ચાત્તાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઇચ્છું છું.**' આ તો મારો પશ્ચાત્તાપ કરવાનો ભાવ છે. દોષ ટાળવા છે. પશ્ચાત્તાપ થયા વિના દોષ ટળતા નથી.

મુમક્ષુ :– શરૂમાં પશ્ચાત્તાપ લીધો, પછી ક્ષમા માગી.

પૂજ્ય ભાઈશ્રી :– એ પ્રકાર ઉત્પન્ન થાય જ છે. ત્યારે એ હળવો થાય છે. આ તબક્કે તો હજી થોડોક હળવો થાય છે. કર્મ ઉપરનો ભાર થોડો હળવો થાય છે. સૂક્ષ્મ થવા માટે તો થોડો વિશેષ પ્રયત્ન માગે છે. ક્ષમાપના પાઠ એ બહુ પ્રસિદ્ધ પાઠ છે.

પ્રશ્ન :– મુમુક્ષુજીવે આ પ્રકારમાં આવવું ?

સમાધાન :– હા, એવો પ્રકાર આવે છે ત્યારે એનો કષાય ગળે છે. નહિતર કષાય ગળે નહિ.

૧૦૪ પાને સુખ વિષે વિચાર છે. એમાં એક વાર્તા એમણે સુખ માટે ઉઠાવી છે. એમાં એક-બે સિદ્ધાંતિક વાત મૂકી છે. એમ કે, સંયોગોમાં મેં સુખ માન્યું હતું અને એના માટે મેં ઘણું કર્યું પણ ખરેખર એ સુખ નથી. શાતાવેદની ઉત્પન્ન થાય છે. એ શાતાવેદનીય(નું) ખરું સુખ નથી. એ વાત લીધી છે. પહેલેથી ૬-૭ લીટી છોડીને પછી એ વાત છે.

'**એમ કહેવરાવવા માટે આ સઘળું મેં કર્યું.**' એમ કરીને વાત લીધી છે ને ? '**એને હું સુખ માનતો નથી.**' સુખ વિષે વિચાર છે. આમ તો બધી બહારની અનુકૂળતા છે માટે સુખ ગણાય કે નહિ ? તો કહે છે, જોકે હું બીજા કરતાં સુખી છું. બહારની અનુકૂળતા છે '**તોપણ એ શાતાવેદની છે; સત્સુખ નથી.**' આત્માનું સુખ નથી. એટલી વાત ત્યાં લીધી છે. પછી નીચે છેલ્લી લીટી છે. '**હું નિર્ગ્રંથ થવાની ઇચ્છા રાખું છું. હમણાં નિર્ગ્રંથ થઈ શકું તેમ નથી;...**' આ તો કલ્પિત વાર્તા લખી છે, સાચું સુખનું સ્વરૂપ બતાવવા માટે (વાર્તા લખી છે).

**'એમાં સંસારમોહિની કે એવું કારણ નથી; પરંતુ તે પણ ધર્મસંબંધી કારણ છે. ગૃહસ્થધર્મનાં આચરણ બહુ કનિષ્ઠ થઈ ગયાં છે; અને મુનિઓ તે સુધારી શકતા નથી. ગૃહસ્થ ગૃહસ્થને વિશેષ બોધ કરી શકે; આચરણથી પણ અસર કરી શકે.'** આટલી વાત એમને કહેવી છે એટલે પેલી વાત નાખી છે. **'ગૃહસ્થ ગૃહસ્થને વિશેષ બોધ કરી શકે;...'** એટલે શું છે કે, એની છાપ જે ખુલ્લાં મનથી સ્પષ્ટીકરણ થવું જોઈએ; એનો યોગ વધારે રહે છે ને ? ગૃહસ્થનો યોગ વધારે રહે છે. મુનિનો એટલો યોગ ન રહે. **'એટલા માટે થઈને ધર્મસંબંધે ગૃહસ્થ વર્ગને હું ઘણે ભાગે બોધી યમનિયમમાં આણું છું.'** એ વાત થોડી ગૃહસ્થ ગૃહસ્થને વિશેષ બોધ કરી શકે.

પ્રશ્ન :– ગૃહસ્થ એટલે સમ્યક્દ્દષ્ટિ ?

પૂજ્ય ભાઈશ્રી :– એમાં શું છે કે, એક ગૃહસ્થ છે એ બીજા સમ્યક્દૃષ્ટિ ગૃહસ્થને જોવે છે ત્યારે એમ વિચારણા થાય છે કે, હું પણ ગૃહસ્થ અને આ પણ ગૃહસ્થ છે; સંયોગો તો બન્નેને ગૃહસ્થના છે છતાં આ કેટલાં આગળ આવે છે, એમ. એટલે એમના આચરણથી, એમના સહવાસથી એને વિશેષ છાપ પડે છે. પેલામાં તો શું છે કે, એ તો મુનિ છે. આપણે ક્યાં હજી મુનિ થઈ શક્યા છીએ, એ તો મુનિ થઈ શક્યા છે, એમ. તો એ થોડું ગૌણ કરી જાય છે. એક જગ્યાએ ઈ જરાક સારો મુદ્દો છે.

૧૦૬ પાને **સુખ વિષે વિચાર–ભાગ ૬.**

છઠ્ઠા ભાગનો વિષય છે **'જેઓ કેવળ લક્ષ્મીને ઉપાર્જન કરવામાં કપટ, લોભ અને માયામાં મૂંઝાયા પડ્યા છે...'** કેવી સ્થિતિમાં પડ્યા છે ? કપટ, લોભ અને માયામાં મૂંઝાયેલા પડ્યા છે. મૂંઝાતા હોય છે એમાં કાંઈ એને સુખ-શાંતિ હોતી નથી. **'તે બહુ દુઃખી છે. તેનો તે પૂરો ઉપયોગ કે અધૂરો ઉપયોગ કરી શકતા નથી,...'** જે લક્ષ્મી પ્રાપ્ત થાય છે એ ચાલ્યો જાય ત્યાં સુધીમાં પૂરેપૂરી વાપરી નાખે એવું

તો કોઈને બનતું નથી અને મોટાભાગના તો અડધી પણ વાપરતા નથી. એમને એમ પડી રહે છે, મૂકીને જાય છે.

**'માત્ર ઉપાધિ જ ભોગવે છે.'** ઉપાધિ પૂરેપૂરી ભોગવે છે. ઉપયોગ અધૂરો પણ નથી કરી શકતા. **'તે અસંખ્યાત પાપ કરે છે.'** પરિણામની અંદર તો એને અસંખ્યાત પાપ થાય છે. કેટલા ? હિસાબ વગરના પાપ થાય છે. **'તેને કાળ અચાનક લઈને ઉપાડી જાય છે.'** ઓચિંતું એનું આયુષ્ય પૂરું થાય છે, માણસ ચાલ્યો જાય છે. **'અધોગતિ પામી તે જીવ અનંત સંસાર વધારે છે.'** અને પરિસ્થિતિ એ થાય છે કે અધોગતિમાં જાય છે. પાછળ પછી કેટલા જન્મ-મરણ થાય એનો કાંઈ છેડો નથી.

**'અનંત સંસાર વધારે છે. મળેલો મનુષ્યદેહ એ નિર્મૂલ્ય કરી નાખે છે જેથી તે નિરંતર દુઃખી જ છે.'** મનુષ્યદેહ તો સાવ કોડીની કિંમત જેટલો કરી નાખે છે. એનાથી એ દુઃખી છે. એ ખાસ કરીને જે પ્રવૃત્તિના રસવાળા એવા જીવને માટે એ માર્ગદર્શનનો વિષય છે.

પછી ૬૭માં પાઠમાં 'બહુ પુણ્ય કેરા પુંજથી' તત્ત્વવિચાર કરીને એક પાઠ લખેલો છે. આગળ ઉપર એ વાત લખે છે કે, જે આ મોક્ષમાળા લખી એમાં પહેલાં આ જગ્યાએ કાંઈક બીજો પાઠ લખેલો એના ઉપર શ્યાહી ઢોળાઈ ગઈ હતી. પહેલાં ખડિયા અને કલમથી લખવાની પદ્ધતિ હતી તો શ્યાહી ઢોળાઈ ગઈ છે. એટલે પછી ઈ જગ્યાએ આ પદરચના મૂકી છે. પછી એ પાઠ લખવાનો વિચાર છોડી દીધો અને એ જગ્યાએ આ કાવ્યની સ્ફુરણા થઈ એ પોતે લખ્યું છે. **૧૭માં વર્ષે પણ કેટલું ચિંતવન ચાલતું હતું ! આ વસ્તુ પૂરાવો છે કે કેવું ચિંતવન ચાલતું હતું !**

**'બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,...'** જે મનુષ્યદેહ મળ્યો છે એનું કારણ ઘણો પુણ્યનો સમૂહ ભેગો થયો ત્યારે મનુષ્યઆયુની Entry (–સ્થિતિ) પડી. આયુનો જે બંધ પડે છે; આ

શરીરનું બંધન એવું છે, શરીર છે એનું બંધન આયુ પર્યંત છે. એ દોરડીના બંધન જેવું છે. છોડ્યું ન છૂટે. દોરી છે એ અનેક તાંતણાંને વળ ચડાવીને થયેલી છે. એમ શુભાશુભ ભાવનાં તાંતણાં ભેગા થઈને એક દોરડી ભી થાય છે અને આયુષ્યમાં પરિણમે છે. તો જે મનુષ્યઆયુ છે એમાં શુભની મુખ્યતા વિશેષ છે. શુભ આયુ છે, અને ખાસ કરીને મોક્ષમાર્ગ માટે એનું શુભપણું વિશેષ ગણવામાં આવે છે. નહિતર તો શુભ આયુમાં દેવ અને મનુષ્ય બન્ને શુભ આયુ છે. પણ છતાં દેવને શુભ આયુ નહિ ગણતાં મનુષ્યપણાને પ્રાધાન્ય દેવામાં આવે છે. કેમકે એનું શુભપણું મોક્ષના લક્ષે જરા વિશેષતાવાળું છે.

દેવલોકમાં ભલે અનુકૂળતાનો ઉદય વધારે હોય છે. નીરોગતા, ધન (આદિ વધારે હોય છે). પણ ઉત્કૃષ્ટ ચીજ મળતાં લાભ પણ ઉત્કૃષ્ટ થાય એવો સંસારી જીવનો પરિણામસ્વભાવ છે કે સારી ચીજ મળે તો આ જીવ રાગ પણ તીવ્ર કરી લ્યે છે. એમ દેવલોકમાં તીવ્ર રાગે કરીને પરિણમે છે. એટલે એને ત્યાં તીવ્ર બંધન થાય છે. અહીંયાં મધ્યમ કોટિની ચીજો મળે છે એટલે રાગની તીવ્રતા નથી થતી. રાગરસ તીવ્ર ન થાય તો જ્ઞાન થોડું મધ્યસ્થ થઈને, ખુલ્લું થઈને મોક્ષમાર્ગનો વિચાર કરી શકે, વિવેક કરી શકે. તીવ્ર રાગના કાળમાં જ્ઞાન વિવેક નથી કરી શકતું. મંદ રાગરસ હોય ત્યારે જ્ઞાન વિવેક કરી શકે છે. આમ જ્ઞાનના વિવેક સાથે રાગરસની તીવ્રતાને સંબંધ છે. એવા એક View point થી દેવ આયુ કરતાં પણ મનુષ્ય આયુને શુભ વધારે ગણવામાં આવે છે. મનુષ્યપણું શુભ ગણવામાં આવે છે. શુભ એટલે સારું. શુભ એટલે અશુભ-શુભનો સવાલ નથી. શુભ એટલે સારું. એટલે (કહ્યું કે), '**બહુ પુણ્યકેરા પુંજથી...**' ઘણા પુણ્યનો સમૂહ ભેગો થયો ત્યારે આવો સારો મનુષ્યનો અવતાર મળ્યો. દેહ મળ્યો એટલે અવતાર મળ્યો.

**'તોયે અરે ! ભવચક્રનો આંટો નહિ એક્કે ટળ્યો;'** મનુષ્ય થયો, મોક્ષમાર્ગ પ્રાપ્ત થવાની સુગમતા થઈ પણ ભવચક્રનો આંટો તોડ્યો નહિ, શ્રૃંખલા તોડી નહિ, એક ભવ પણ ઓછો થાય એવું કર્યું નહિ. આ બહુ વિચિત્રતા ગણવી જોઈએ ! એમ (કહે છે). જે મુખ્ય કામ કરવાની અહીંયાં સગવડ છે એ કામ તો કર્યું જ નહિ. એમ. તો શું કર્યું ? કે, સંયોગના સુખ પ્રાપ્ત કરવા પાછળ સમય વીતાવ્યો.

**'સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,'** થોડું તો ધ્યાનમાં લો ! જે સુખ પ્રાપ્ત કરવાના પરિણામ છે એ તો અશુભ ભાવ છે. અશુભ ભાવ છે એ તો અમસ્તા પણ સુખનો નાશ કરનારા પરિણામ છે. આકુળતાના પરિણામ છે, વર્તમાન અને ભવિષ્યમાં સુખને ટાળનારા પરિણામ છે અને કર્મબંધનના પરિણામ છે. (એટલે) એ વાત થોડી લક્ષમાં લ્યો, ધ્યાનમાં લ્યો અને જે સંયોગ પાછળના પરિણામ છે એમાં આત્માના જ્ઞાન અને આનંદ પ્રાણનો નાશ છે એટલે મૃત્યુ છે, આત્માનું એમાં મૃત્યુ છે. એ ભયંકર ભાવમરણ છે. ક્ષણે ક્ષણે જે પરિણામ થાય છે એમાં આત્માના પ્રાણનો નાશ છે. જીવ એમાં પાછો રાચે છે કે, આ..હા...! મને આમ મળ્યું મને આટલું બધું મળી ગયું, મને ખૂબ મળ્યું, ઘણું ઝાઝું મળ્યું, બહુ કમાણો, બહુ સંયોગો મળ્યા, બહુ પરિવાર વધ્યો. એમાં રાચે છે, ખુશી થાય છે. પોતાનું અહિત થાય છે, રાગરસ તીવ્ર થાય છે, રાગરસનું ઝેર ચડે છે, એ ઝેરથી ભાવમરણ થાય છે અને પાછો પોતે ખુશી થાય છે ! ઝેર ખાય અને ખુશી થાય !! આવી પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :– કોઈ વસ્તુની ઇચ્છા કરી અને ઇચ્છિત વસ્તુ મળી જાય તો પરિણામમાં મંદતા આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– ભલે કષાયની મંદતા આવે પણ રસ તીવ્ર થશે. ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થતાં મને આ ચીજ મળી એનો રસ ચડી જશે. કષાય ભલે મંદ થશે પણ કષાયરસ તીવ્ર થશે.

પ્રશ્ન :– ભવિષ્યમાં પણ ઉદય આવશે ?

સમાધાન :– હા, ભવિષ્યમાં પણ એ પરિણામનો ઉદય છે એ પાપના ફળસ્વરૂપે છે, પુણ્યના ફળસ્વરૂપે નથી. એમ જ છે.

પ્રશ્ન :– જ્યારે જે ઇચ્છા કરી એ ચીજ ભવિષ્યમાં નહિ મળવાની ?

સમાધાન :– નહિ, ભવિષ્યમાં એ ચીજ નહિ મળવાની. એમ જ છે. જે (ચીજ) મળી અને ખુશી થયો એ પાપબંધન થયું. પાપનું ફળ આવશે. ચીજ મળે છે એ પુણ્યના ફળમાં મળે છે. નહિ મળે (ત્યારે) ઇચ્છા થશે અને નહિ મળે.

મુમુક્ષુ :– પુણ્યનો ઉદય આવી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :– એ આવી ગયો હવે વર્તમાન પરિણામના પાપનું ફળ બાકી રહ્યું. વર્તમાન પરિણામ પાપ, એનું ફળ બાકી રહ્યું. એમ. મને મળ્યું એનો જે રસ ચડ્યો ઈ ઝેર ખાધું. આ મોટી વાત છે. ખબર નથી પડતી, પોતાને નુકસાન થાય છે એની પોતાને ખબર નથી પડતી. એમ છે.

મુમુક્ષુ :– અનુકૂળતાની ઇચ્છા પ્રતિકૂળતાને આમંત્રણ આપે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એમ જ છે. અનુકૂળતાની ઇચ્છા પોતે જ પાપ છે અને એ જ પ્રતિકૂળતાને લઈ આવે છે. સીધી વાત છે. પછી પ્રતિકૂળતામાં ખેદાશે એટલે ફરીને પાછો ઝેર પીશે. અનુકૂળતાનો જે રસ આવ્યો એ પણ ઝેર છે, પ્રતિકૂળતામાં ખેદખિન્ન થશે એ પણ ઝેર છે. બેમાંથી એક તો થાવાનું જ છે, કાં અનુકૂળતા થશે કાં પ્રતિકૂળતા થશે. જીવ અધોગતિમાં જાય છે એનું કારણ આ છે. કાં અનુકૂળતા આવી તો અનુકૂળતાના રસમાં ચડી જાય કાં પ્રતિકૂળતા આવી તો એના ખેદખિન્નતાના રસમાં ચડી જાય. બન્ને વખતે એ પોતે તો પોતાને નુકસાન જ કરે છે. આનું કારણ એને જ્ઞાન નથી એ એક જ છે, વિવેક નથી આ એક જ વાત છે, બીજું કાંઈ કારણ

નથી. મને ક્યાં નુકસાન થાય છે એની એને ખબર નથી પડતી, એ સંબંધીનું અજ્ઞાન છે.

પ્રશ્ન :– શુભ-અશુભના ઉદયમાં કઈ રીતે ચાલવું ?

સમાધાન :– મારું કાંઈ નથી. હું ભિન્ન છું, મારે કાંઈ લેવાદેવા નથી. ઠીક છે, પૂર્વના કારણે જેમ થવું હોય તેમ (થાય) ખરેખર મારું નથી, મારે કાંઈ લેવાદેવા નથી. પોતે ભિન્ન જ્ઞાયક છે એનો પુરુષાર્થ એને બધા જ ઉદય વખતે વર્તવો જોઈએ. નહિતર નુકસાન કરે, કરે અને કરે જ, બીજું કાંઈ થાય જ નહિ. સાવધાન ન રહે (અર્થાત્) પોતે જ્ઞાનમાત્ર છે એમ જો સાવધાન ન રહે તો નુકસાન કરે જ કરે. બીજું કાંઈ ન થાય.

મુમુક્ષુ :– અનુકૂળતા મળી અને રાજી થયો એના ફળમાં અધોગતિ મળશે.

પૂજ્ય ભાઈશ્રી :– અધોગતિ તો ભવિષ્યમાં થશે પણ અત્યારે એને ભયંકર ભાવમરણ થઈ રહ્યું છે. એકલું ભાવમરણ નહિ, એક વિશેષણ લગાડ્યું છે 'ભયંકર ભાવમરણ' થઈ રહ્યું છે. પોતાના આત્મિક આનંદનો ઘાણ કાઢીને કષાયિક આનંદને ભોગવે છે. જે એને ખુશી થઈ એ તો કષાયનો આનંદ છે. આત્મામાં ઈ આકુળતા છે, માને છે કે હું ખુશી થાઉં છું પણ છે આકુળતા. પણ એમાં એને આનંદપ્રાણનો કચ્ચરઘાણ કાઢીને એ પરિણામ થયા છે, એ એને ખબર નથી. આ અજ્ઞાનનું કારણ છે. એને ખબર જ નથી શું થાય છે.

મુમુક્ષુ :– આ ભાવમરણ પકડાતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :– ભાવમરણ નથી પકડી શકતા. કેમકે એને પોતાના પ્રાણ શું છે એની ખબર નથી. જ્ઞાન અને આનંદ પ્રાણ શું છે એ જ ખબર નથી. કેવી રીતે પકડાય ? આ તો જ્ઞાનદૃષ્ટિથી બતાવે છે કે, આ પરિસ્થિતિ થઈ રહી છે.

હવે જગતના પદાર્થની વાત કરે છે કે, **'લક્ષ્મી અને અધિકાર**

**વધતાં, શું વધ્યું તે તો કહો ?**' સંયોગમાં પૈસા વધ્યા કે સત્તા મળી, રાજની સત્તા કે જે ઉદય હોય એમાં ગમે ત્યાં સત્તા મળે (એનાથી) શું વધ્યું તે તો કહો ? પૂછે છે. બતાવ શું વધ્યું ? '**શું કુટુંબ કે પરિવારથી વધવાપણું, એ નય ગ્રહો;**' ઘરના સભ્યો વધે, કુટુંબના સભ્યો વધે, દીકરા-દીકરી વધતાં જાય (એમાં) શું વધ્યું ? એમ પૂછે છે. તારા આત્મામાં શું વધ્યું ? પૈસા વધ્યા ત્યારે તારા આત્મામાં શું વધ્યું ? સત્તા મળી ત્યારે તારા આત્મામાં શું આવ્યું ? દીકરા-દીકરી, પરિવાર વધ્યા ત્યારે તારા આત્મામાં શું આવ્યું ? એમ કહે છે. શું આવ્યું તારા આત્મામાં જો તો ખરો. એમ પૂછે છે.

મુમુક્ષુ :– આ અવલોકન કરવાની વાત કરી.

પૂજ્ય ભાઈશ્રી :– અવલોકન કર કે, તારા આત્મામાં શું વધ્યું ? એ દૃષ્ટિથી જો. '**નય ગ્રહો**' એટલે એ ન્યાયથી તું જો કે તારા આત્મામાં શું વધ્યું ? કે, તને જે મમતા થઈ, રસ ચડ્યો (કે) મને મળ્યું... મને મળ્યું... મને મળ્યું... એ જે રસ ચડ્યો (એ) '**વધવાપણું સંસારનું...**' તારો સંસાર વધ્યો, આત્મામાં તો કોઈ ચીજ આવી નથી પણ આત્મામાં જે રસ વધ્યો – આ મને મળ્યું એવો જે રસ વધ્યો એ તારો સંસાર વધ્યો, બીજું કાંઈ નથી. અને તું મનુષ્યદેહને હારી ગયો. મનુષ્યદેહ પર્યંત જ્ઞાનપ્રાપ્તિ નહિ થાય, આયુષ્ય પૂરું થશે ત્યાં સુધી જ્ઞાનપ્રાપ્તિ નહિ થાય કેમકે સંયોગનો રસ ચડી ગયો. એનો વિચાર કાં કરતો નથી ? એક ક્ષણ પણ, એક પળ પણ એનો વિચાર તું કાં કરતો નથી ? કેમ તને એનો વિચાર આવતો નથી. આમ પ્રશ્ન પૂછે છે. બહુ માર્મિક પદ્ધતિ છે !

પછી ચોથી કડી છે. '**હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?**' આ જિજ્ઞાસાનું પદ છે. આત્માર્થી જીવને પ્રથમમાં પ્રથમ સ્વરૂપ જિજ્ઞાસા હોવી ઘટે. સ્વરૂપ જિજ્ઞાસાપૂર્વક શાસ્ત્રસ્વાધ્યાય કે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવો ઘટે. સ્વરૂપ જિજ્ઞાસા એટલે કે મારું

સ્વરૂપ કેવું છે ? એને ઓળખવાની વૃત્તિથી તત્ત્વઅભ્યાસ કે શાસ્ત્રઅભ્યાસ થવો ઘટે. આ સિવાય બીજો ઉદ્દેશ હોય તો એ શાસ્ત્રીય અભિનિવેશમાં પરિણમી જશે, બીજું કાંઈ નહિ થાય.

પ્રશ્ન :– નિર્દોષ સુખ અને નિર્દોષ આનંદ લખ્યું છે તો નિર્દોષ સુખ અને નિર્દોષ આનંદ એટલે શું ?

સમાધાન :– આત્મામાં નિર્દોષ સુખ છે અને આત્મામાં નિર્દોષ આનંદ છે. એ તું લે. ગમે તેમ કરીને તું એની પ્રાપ્તિ કર. એની પ્રાપ્તિ કરતાં તારો જે દિવ્યશ‍િ તમાન આત્મા છે એ આ કર્મબંધનરૂપી જે જંજીર છે એમાંથી છૂટો થાય. આ જે અનેક પ્રકારનાં સંયોગો છે એના મોહમાં તને જે મૂંઝવણ થાય છે એવો આત્માને મૂંઝવવા જેવો નથી. એની દયા રાખ, દયા કર. મોહથી મૂંઝાય છે, એની દયા ખાવા જેવી છે. તને એમાં ક્યાંક સુખ લાગતું હોય તો નક્કી કર કે પાછળથી દુઃખ થાય છે. કેમકે સંયોગ વખતે સુખ થાય છે તો વિયોગ વખતે દુઃખ થયા વિના રહે નહિ. **`પશ્ચાત્ દુઃખ તે સુખ નહિ'** એ સુખાભાસ છે એ સુખ નથી, કેમકે પાછળથી દુઃખ થાય છે. માટે એ સિદ્ધાંતિક વાત છે કે જેની પાછળ દુઃખ હોય એને સુખ શું કહેવું ? જેની પાછળ દુઃખ હોય એને સુખ શું કહેવું ? એ સુખ છે જ નહિ.

આ જે જિજ્ઞાસાનો વિષય છે, આ એક બહુ સુંદર પદ છે. આખા કાવ્યનું જો વિશેષ સુંદર પદ હોય તો આ ચાર નંબરનું છે ! ચોથી કડી છે એ બહુ સુંદર પદ છે !! એવી જિજ્ઞાસા થવી જોઈએ કે, અત્યારે જે વર્તમાન પરિસ્થિતિ છે, **'કોના સંબંધે વળગણા છે ?'** એ વર્તમાન પરિસ્થિતિ બતાવી છે. એને વળગવા જેવું છે કે એને ત્યાગ કરવા જેવું છે ? આ પ્રશ્ન ઉઠાવ્યો છે. કેમકે જીવો તો વળગે છે. વર્તમાન પરિસ્થિતિને જીવ વળગે છે ત્યારે વિવેક અંદરથી ગ્યો છે એ વિચાર કરે છે કે આને છોડવા જેવું છે કે વળગવા જેવું છે ?

આ મારું ખરું સ્વરૂપ નથી. અત્યારની પરિસ્થિતિ છે એ મારું ખરું સ્વરૂપ નથી. તો મારું ખરું સ્વરૂપ શું ? એવી જો જિજ્ઞાસા ઠે તો એને આત્માનું સ્વરૂપ શું છે ? અને આત્મજ્ઞાન કેવી રીતે પ્રાપ્ત થાય ? આત્માના સ્વરૂપનો નિશ્ચય થાય, નિશ્ચય થાય તો અનુભવપદ્ધતિ અથવા અંતર્મુખ થવાની પરિસ્થિતિ ગ્રહણ થાય અને એને આત્મજ્ઞાનનો સિદ્ધાંત અનુભવગોચર થાય.

'**આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં.**' સિદ્ધાંતતત્ત્વો શીખી લીધા એમ નહિ. '**તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં.**' એમ કીધું. તેં આત્મજ્ઞાનના બધા સિદ્ધાંતો જાણી લીધા અને શીખી લીધા એમ નહિ, એને અનુભવી લીધા. સિદ્ધાંતજ્ઞાન અનુભવગોચર થયું એને સિદ્ધાંતજ્ઞાન કહ્યું છે. જાણ્યું, સાંભળ્યું, જાણવા મળ્યું એને તે કોઈ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંત નથી કહેતાં. કેમકે અનુભવનો વિષય છે. અનુભવનો વિષય અનુભવથી જ પ્રાપ્ત થાય. અનુભવનો વિષય જાણવાથી પ્રાપ્ત ન થાય. ખાવાની ચીજને ખાવાથી જ માની શકાય. એની વાત સાંભળવાથી કાંઈ પેટ ન ભરાય કે સ્વાદ ન આવે. એમ.

આ એક કોઈપણ જીવને પ્રથમ સ્વરૂપનિર્ણયમાં આવતાં પહેલાં ઉત્પન્ન થયેલી જિજ્ઞાસા, જે જિજ્ઞાસાની પરિતૃપ્તિથી થતો સ્વરૂપનિશ્ચય અને સ્વરૂપનિશ્ચયથી થતો જે સ્વાનુભવ એ બધી વાત એમણે ચાર લીટી(ની) એક કડીમાં નાખી છે. બધાનું મૂળ જિજ્ઞાસા છે અને ભાવના છે. અને એના પ્રયત્નથી, એ જિજ્ઞાસાની પૂર્તિના પ્રયત્નથી સ્વરૂપનિશ્ચય છે.

સ્વરૂપનિશ્ચય છે એમાં લક્ષ બંધાય જાય છે અને લક્ષથી જોર આવે છે, લક્ષ વગર કદી જોર આવતું નથી અથવા મુખ્યતા થતી નથી, મહિમા આવતી નથી. એ સ્વરૂપ લક્ષ (નથી થયું તેનું) કારણ છે. એટલે સ્વાધ્યાય અથવા તત્ત્વ અભ્યાસ સ્વરૂપનિશ્ચય કરવાના

ઉદ્દેશથી થવો ઘટે છે તો જ એને આત્માર્થ કહી શકાય અને આત્માર્થમાં દેહાર્થ છૂટે. જીવ સ્વરૂપનિશ્ચયની પ્રવૃત્તિ આત્માર્થે કરે છે અને એમાં એને સ્વરૂપનો નિર્ણય થતાં દેહાર્થ છૂટે છે. નહિતર જીવનું જીવન દેહાર્થે છે. દેહને અર્થે જીવન છે. એ દેહાર્થ ક્યારે છૂટે ? કે, સ્વરૂપલક્ષ થાય, સ્વરૂપનિશ્ચય થાય તો જ એને દેહાર્થ છૂટે, દેહાર્થ મટે અને આત્માર્થ પ્રગટે અને સ્વાનુભવ સુધી પહોંચીને આત્માર્થ સિદ્ધ થાય. માટે સર્વ શાસ્ત્રોનો બોધ એક સ્વરૂપલક્ષ થવા માટે છે. જીવ શું કરે છે એની કિંમત નથી, કયા લક્ષથી કરે છે એની કિંમત છે. ગમે તે કરતો હોય પણ એનું લક્ષ ક્યાં છે ? આના ઉપર એની પ્રવૃત્તિ અને પરિણામનું મૂલ્યાંકન છે. એટલે લક્ષ છે એ બહુ મોટી વાત છે અને જિજ્ઞાસા વિના સ્વરૂપનિશ્ચય થાય નહિ. જિજ્ઞાસા તીવ્ર થવી જોઈએ, જ્યાં સુધી નિશ્ચય ન થાય ત્યાં સુધી જિજ્ઞાસા લંબાવી જોઈએ અથવા તીવ્ર થવી જોઈએ.

પ્રશ્ન :– દસ વરસે ધારા ઉલ્લસી... એ શું ?

સમાધાન :– હા, એ આ વિચારધારા ઉલ્લસી છે. અંદરથી – અંતરથી વિચારધારા ઉત્પન્ન થઈ છે. બહુ નાની ઉંમરથી – દસ-બાર વરસથી વિચારણા જાગી છે અને ત્યારપછી લખવાનું શરૂ કર્યું છે, પંદર વર્ષે તો લગભગ એમણે થોડું થોડું લખવાનું શરૂ કરી દીધું છે. એ જે રહી ગયું એ અત્યારે વિદ્યમાન છે.

અહીં સુધી રાખીએ.

## શિક્ષાપાઠ–૬૭
## અમૂલ્ય તત્ત્વવિચાર
### (હરિગીત છંદ)

બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે ! ભવચક્રનો આંટો નહિ એક્કે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો ? ૧
લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો ?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું, એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું નર દેહનો હારી જવો,
એનો વિચાર નહીં અહોહો ! એક પળ તમને હવો !! ૨
નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે;
પરવસ્તુમાં નહિ મૂંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાતદુઃખ તે સુખ નહીં. ૩
હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?
કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરહરું ?
એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં. ૪
તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું ?
નિર્દોષ નરનું કથન માનો 'તેહ' જેણે અનુભવ્યું;
રે ! આત્મ તારો ! આત્મ તારો ! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો આ વચનને હૃદયે લખો. ૫

## શિક્ષાપાઠ—૬૮

### જિતેન્દ્રિયતા

.... એક સમયમાં અસંખ્યાતા યોજન ચાલનાર અશ્વ તે મન છે. એને થકાવવું બહુ દુર્લભ છે. એની ગતિ ચપળ અને ન ઝાલી શકાય તેવી છે. મહાજ્ઞાનીઓએ જ્ઞાનરૂપી લગામ વડે કરીને એને સ્તંભિત રાખી સર્વ જય કર્યો છે....

## શિક્ષાપાઠ—૮૧

### પંચમકાળ

.... એઓ પંચમકાળનું સ્વરૂપ મુખ્ય આ ભાવમાં કહે છે. નિર્ગ્રંથ પ્રવચન પરથી મનુષ્યોની શ્રદ્ધા ક્ષીણ થતી જશે. ધર્મનાં મૂળતત્ત્વોમાં મતમતાંતર વધશે. પાખંડી અને પ્રપંચી મતોનું મંડન થશે. જનસમૂહની રુચિ અધર્મ ભણી વળશે. સત્ય, દયા હળવે હળવે પરાભવ પામશે. મોહાદિક દોષોની વૃદ્ધિ થતી જશે. દંભી અને પાપિષ્ઠ ગુરુઓ પૂજ્યરૂપ થશે. દુષ્ટવૃત્તિનાં મનુષ્યો પોતાના ફંદમાં ફાવી જશે. મીઠા પણ ધૂર્ત વ  તા પવિત્ર મનાશે. શુદ્ધ બ્રહ્મચર્યાદિક શીલયુ  ત પુરુષો મલિન કહેવાશે. આત્મિકજ્ઞાનના ભેદો હણાતા જશે. હેતુ વગરની ક્રિયા વધતી જશે. અજ્ઞાનક્રિયા બહુધા સેવાશે. વ્યાકુળ વિષયોનાં સાધન વધતાં જશે. એકાંતિક પક્ષો સત્તાધીશ થશે. શૃંગારથી ધર્મ મનાશે. ....

## શિક્ષાપાઠ—૮૪

### તત્ત્વાવબોધ—ભાગ-૩

મહાવીર ભગવંતના શાસનમાં બહુ મતમતાંતર પડી ગયા છે, તેનું મુખ્ય આ એક કારણ પણ છે કે તત્ત્વજ્ઞાન ભણીથી

ઉપાસક વર્ગનું લક્ષ ગયું. માત્ર ક્રિયાભાવ પર રાચતા રહ્યા; જેનું પરિણામ દૃષ્ટિગોચર છે. વર્તમાન શોધમાં આવેલી પૃથ્વીની વસતિ લગભગ દોઢ અબજની ગણાઈ છે; તેમાં સર્વ ગચ્છની મળીને જૈનપ્રજા માત્ર વીશ લાખ છે. એ પ્રજા તે શ્રમણોપાસક છે. એમાંથી હું ધારું છું કે નવ તત્ત્વને પઠનરૂપે બે હજાર પુરુષો પણ માંડ જાણતા હશે;....

## શિક્ષાપાઠ–૯૪

## તત્ત્વાવબોધ–ભાગ-૧૩

.... બહુ બહુ મનનથી અને મારી મતિ જ્યાં સુધી પહોંચી ત્યાં સુધીના વિચારથી હું વિનયથી એમ કહું છું કે, પ્રિય ભવ્યો ! જૈન જેવું એક્કે પૂર્ણ અને પવિત્ર દર્શન નથી; વીતરાગ જેવો એક્કે દેવ નથી, તરીને અનંત દુઃખથી પાર પામવું હોય તો એ સર્વજ્ઞ દર્શનરૂપ કલ્પવૃક્ષને સેવો.

## શિક્ષાપાઠ–૯૫

## તત્ત્વાવબોધ–ભાગ-૧૪

જૈનના એક્કેકા પવિત્ર સિદ્ધાંત પર વિચાર કરતાં આયુષ્ય પૂર્ણ થાય, તોપણ પાર પામીએ નહીં તેમ રહ્યું છે. બાકીના સઘળા ધર્મમતોના વિચાર જિનપ્રણીત વચનામૃતસિંધુ આગળ એક બિંદુરૂપ પણ નથી. જૈન જેણે જાણ્યો અને સેવ્યો તે કેવળ નીરાગી અને સર્વજ્ઞ થઈ જાય છે. એના પ્રવર્તકો કેવા પવિત્ર પુરુષો હતા ! એના સિદ્ધાંતો કેવા અખંડ સંપૂર્ણ અને દયામય છે ? એમાં દૂષણ કાંઈ જ નથી. કેવળ નિર્દોષ તો માત્ર જેનું દર્શન છે. એવો એક્કે પારમાર્થિક વિષય નથી કે જે જૈનમાં નહીં હોય અને એવું એક્કે તત્ત્વ નથી કે જે

જૈનમાં નથી. એક વિષયને અનંત ભેદે પરિપૂર્ણ કહેનાર તે જૈન દર્શન છે. પ્રયોજનભૂત તત્ત્વ એના જેવું ક્યાંય નથી. એક દેહમાં બે આત્મા નથી; તેમ આખી સૃષ્ટિમાં બે જૈન એટલે જૈનની તુલ્ય એક્કે દર્શન નથી. આમ કહેવાનું કારણ શું ? તો માત્ર તેની પરિપૂર્ણતા, નીરાગિતા, સત્યતા અને જગતહિતસ્વિતા.

## શિક્ષાપાઠ–૯૮

## તત્ત્વબોધ-ભાગ-૧૭

... જગત મોહાંધ છે, મતભેદ છે ત્યાં અંધારું છે; મમત્વ કે રાગ છે ત્યાં સત્યતત્ત્વ નથી એ વાત આપણે શા માટે ન વિચારવી !

## શિક્ષાપાઠ–૯૯

## સમાનજની અગત્ય

પડેલા ગચ્છના મતમતાંતરને ટાળવા તેમજ ધર્મવિદ્યાને પ્રફુલ્લિત કરવા એક મહાન સમાજ સદાચરણી શ્રીમંત અને ધીમંત બન્નેએ મળીને સ્થાપન કરવાની અવશ્ય છે એમ દર્શાવું છું. પવિત્ર સ્યાદ્વાદમતનું ઢંકાયેલું તત્ત્વ પ્રસિદ્ધિમાં આણવા જ્યાં સુધી પ્રયોજન નથી, ત્યાં સુધી શાસનની ઉન્નતિ પણ નથી. લક્ષ્મી, કીર્તિ અને અધિકાર સંસારી કળાકૌશલ્યથી મળે છે, પરંતુ આ ધર્મકળાકૌશલ્યથી તો સર્વ સિદ્ધિ સાંપડશે. મહાન સમાજના અંતર્ગત ઉપસમાજ સ્થાપવા. મતમતાંતર તજી, વાડામાં બેસી રહેવા કરતાં એમ કરવું ઉચિત છે. હું ઇચ્છું છું કે તે કૃત્યની સિદ્ધિ થઈ જૈનાંતર્ગચ્છ મતભેદ ટળો, સત્ય વસ્તુ ઉપર મનુષ્યમંડળનું લક્ષ આવો; અને મમત્વ જાઓ !

## તા. ૨૮-૦૬-૧૯૮૯, પ્રવચન નં. ૧૩<br>શિક્ષાપાઠ ૬૭, ૬૮, ૮૧, ૮૪, ૯૪, ૯૫, ૯૭, ૯૯.

('શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત). ૧૦૭ પાનું. ૬૭મા પાઠનું ચોથું (પદ).

**'હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?**
**કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરહરું ?**
**એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,**
**તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં.**' ૪.

પાત્રતાવાળા જીવને બહુ શરૂઆતમાં કેવા પ્રકારની જિજ્ઞાસાથી અંદરમાં પોતા સંબંધીનો પ્રશ્ન ઠે છે ? કે, '**હું કોણ છું ?**' સામાન્ય રીતે સંસારી પ્રાણી જે દેહાત્મબુદ્ધિએ પ્રવર્તે છે, દેહથી ભિન્ન કેવળ ચૈતન્ય મારું સ્વરૂપ છે, અખંડ ચૈતન્યજ્યોતિ માત્ર હું આત્મા છું એવું આત્મજ્ઞાન અનાદિથી આ જીવને નથી. દેહાત્મબુદ્ધિએ દેહથી એકત્વપણે એવા જ ભાવથી પ્રવર્તે છે એમાં પ્રથમમાં પ્રથમ એને શંકા પડે છે.

હું કોણ છું ? એ દેહાત્મબુદ્ધિ મંદ થતાં, દર્શનમોહ મંદ થતાં ઉત્પન્ન થયેલો પ્રશ્ન છે. હું કોણ છું ? આ શરીરવાળો હું છું ? જગતના લોકો મને ઓળખે છે એ જ મારું સ્વરૂપ છે ? હું પણ જગતમાં જે રીતે મને ઓળખાવું છું એવું જ મારું સ્વરૂપ છે ? કે, મારું વાસ્તવિક મૂળ સ્વરૂપ – ખરૂં સ્વરૂપ – સાચું સ્વરૂપ કાંઈક બીજું છે ? આ એને શંકા પડે છે.

વળી, હું મનુષ્ય કેમ થયો ? '**ક્યાંથી થયો ?**' એટલે કેમ મનુષ્ય થયો ? પ્રાસ મેળવવા જેવું છે, પણ અહીંયાં ખરેખર પ્રશ્ન એમ છે કે, હું કેમ મનુષ્ય થયો ? બીજા પણ અનેક પ્રાણીઓ, અનેક જીવો બીજી પર્યાયે પ્રત્યક્ષ જોવામાં આવે છે. પશુ, પક્ષી, અનેક પ્રકારનાં જંતુઓ જોવામાં આવે છે. આંગણામાં કૂતરા, મીંદડા, ગાય, ભેંસ આવતા હોય છે. જેને શરીર હોવા છતાં મનુષ્યોચિત સગવડવાળી કોઈ વ્યવસ્થા નથી. એ જીવોને કોઈ વ્યવસ્થા નથી. રહેવા માટે ઘર કે શરીરના રક્ષણ માટે કોઈ કપડાં, આહાર માટેની અગાઉથી વ્યવસ્થા (નથી). આપણે કોઠારમાં અથવા Store roomમાં છ-બાર મહિનાનું અનાજ ભરી લઈએ એવી કોઈ વ્યવસ્થા (એને નથી). શરીર તો એને પણ છે, ભલે ચિત્ર-વિચિત્ર શરીર છે. આવું શરીર એને નથી તો એને કેમ એવું શરીર ? કેમ એના શરીરના પોષણની વ્યવસ્થા નહિ ? શરીરના રક્ષણની વ્યવસ્થા નહિ ? હું કેમ આમ થયો ? ઈ – બીજા કેમ આમ ? આ પ્રશ્ન એને ઠે છે એની પાછળ એના કારણને એ શોધે છે કે, આ બધી જગતની વ્યવસ્થા કઈ રીતે ચાલે છે ? આવું બધું થવા પાછળ શું સિદ્ધાંત છે ? આત્મજ્ઞાન અને અનાત્મજ્ઞાન – આત્માનું અજ્ઞાન એ સંબંધીના સિદ્ધાંતો શું છે ?

વળી, જેને જ્ઞાનીઓ એમ કહે છે કે, આ સપના જેવો સંસાર છે. શરીર પડ્યું રહેશે, ફૂ થઈ જશે અંદરથી. માલ-મિલકત, કુટુંબ-પરિવાર, કીર્તિ બધું અહીંયાં રહી જશે અને સાવ સપનું પૂરું થઈ

ગયું એવું થઈ જશે. ઓચિંતું ! તો આ બધે હું વળગ્યો છું શું હિસાબે ? એક સેકંડમાં ખતમ ! વળગ્યો છું પણ કાંઈ વળગી નહિ શકાય. પરિણામમાં વળગ્યો હોવા છતાં વળગી નહિ શકાય. તો પછી એ સંબંધીનું દુઃખ અને ભય તો અત્યારથી જીવને ભું થઈ જાય છે તો આનું શું કરવું ? '**રાખું કે એ પરહરું ?**' એનો અર્થ કે હવે શું કરવું ? આ જે જિજ્ઞાસા છે અને આ બધા પ્રકારનાં જે પ્રશ્નો છે એ અંતરખોજના પ્રશ્નો છે.

જો કોઈ શાંતભાવથી આ વિષયની અંતરખોજ કરે તો એને જરૂર આત્મજ્ઞાન થાય, આત્માનો નિર્ણય થાય – નિશ્ચય થાય અને નિશ્ચયપૂર્વક અનુભવ થાય. સિદ્ધાંત એટલે છેવટની વાત એને સમજાય, અનુભવમાં આવે. સમજાય એટલે અનુભવમાં આવે. જ્ઞાનમાં આવે, અનુભવમાં આવે. એવો પ્રકાર છે.

પોતાને વિચારવા માટે, પોતાની ચાલતી અંતરખોજની દશામાંથી આ કાવ્ય લખ્યું છે. ચાલતા અનુભવથી આ કાવ્ય લખ્યું છે. એટલે બહુ માર્મિક વિષય એમણે લખી નાખ્યો છે. એ પ્રકારની અંતર જિજ્ઞાસાથી જો અંતરશોધ ચાલે તો જરૂર અંતર્મુખ થવાની દિશામાં માર્ગ મળે અને એનું પરિણામ પણ અતિ કલ્યાણકારક આવે. એ આ પદનો બહુ સારામાં સારો વિષય હોય, આમ તો પાંચે પાંચ કડીમાં બધી વાત બહુ સરસ લખી છે, પણ સૌથી વધારે સારી વાત લખી હોય તો આ ચોથા પદમાં લખી છે. કેમકે એ વાત એમને પોતાની જ અંતર જિજ્ઞાસામાંથી ચાલી છે.

મુમુક્ષુ :– દર્શનમોહ મંદ થાય એવી વિચારધારા છે કે દર્શનમોહ પહેલાંથી મંદ હોય (તો આવી વિચારધારા થાય) ?

સમાધાન :– એ તો પાત્રતા છે અથવા જેને પોતાની દરકાર લાવવી છે એને તો કાંઈને કાંઈ વિચારણા થશે. આ જીવ સુખ માટે કાંઈને કાંઈ તો શોધે જ છે. દુનિયામાં જેટલી શોધ છે એ શેના

અર્થે થઈ છે ? અનુકૂળતાના સાધનો, સગવડો થઈ છે તે શેના માટે થઈ ? કે, બુદ્ધિમાન માણસોએ સુખ માટે શોધ કરી અને કોઈ વિશિષ્ટ બુદ્ધિમાન હોય તો એને આ વિચાર આવે છે કે, આખરમાં શું ? જો આખી જીંદગી પરિશ્રમ કર્યા પછી એક ઝાટકે એ બધો પરિશ્રમ ખલાસ કરી દેવામાં આવતો હોય તો એ પરિશ્રમ કરવામાં ડહાપણ કેટલું ? આ એક બુદ્ધિનો વિષય છે કે નહિ ?

માણસ પચાસ-સો વરસની જિંદગી સુખી થવા માટે પૂરો પરિશ્રમ કરે અને ઓચિંતું એક ઝાટકે એ બધા પરિશ્રમ ઉપર પાણી ફેરવી દ્યે. એવી પરિસ્થિતિ  ભી થાય તો કોઈ પાણી પહેલા પાળ બાંધવા તૈયાર ન થાય કે, આનો કાંઈ રસ્તો હશે કે નહિ ? કે આમ જ બધું ચલાવી લેવાનું ? અને આવી રીતે જો પરિશ્રમ વ્યર્થ જતો હોય તો આ પરિશ્રમ કરવાનો અર્થ શું ? નીરસપણું આવી જશે, એનો ઉત્સાહ ઠંડો થશે, ઉત્સાહ ઠંડો થશે તો દર્શનમોહ મંદ થશે. આ વિચારણા જ દર્શનમોહ મંદ થાય ત્યારે ઉત્પન્ન થાય છે. નહિતર તો આ વિચાર ઉગતો નથી. જગતની દોડ ચાલી રહે છે. પોતાના અનુભવથી સમજી શકે છે કે નહીં કે આપણને કેમ આટલા વર્ષ પહેલાં આ વિચાર નહિ આવ્યો હોય ? એક જ બાજુની દોડ હતી કે, હું જગતની અંદર કેવી રીતે આગળ વધું ? જગતમાં સંયોગોમાં વધારેમાં વધારે સંયોગવાળો દેખાઉં, વધારે વધારે આબરુ – કીર્તીવાળો દેખાઉં, બધી રીતે હું જગતની દૃષ્ટિએ વધારે સમૃદ્ધ દેખાઉં. એક એક જ બાજુની (દોડ પાછળ) બીજો વિચાર કેમ નહોતો આવતો.

નહિતર સામાન્ય રીતે તો જે કુળપરંપરામાં આવ્યા છે એને તો નાનપણથી આ વાત મળે છે, બીજાને તો શોધ કરવી પડે છે પણ કુળપરંપરાવાળાને તો બચપણથી આ વાત સાંભળવા મળે છે છતાં જીવ દુર્લક્ષ કરીને દોટ મૂકે જ છે, બીજાની જેમ જ. કુળપરંપરાવાળો બીજાની જેમ જ, એથી વધારે (દોડ) મૂકે છે. પણ

જો જીવને પોતાને દીર્ઘદૃષ્ટિથી ભાવિનો વિચાર આવે કે, હવે પછી આગળ શું ? તો એનો ઉત્સાહ થોડો ઠંડો પડે છે, કંઈક વિચાર કરતો થાય છે. એ વિચાર કરતો થાય ત્યારે વાસ્તવિક પાત્રતામાં આવે, અંતર શોધમાં આવે ત્યારે આ પ્રશ્નો એને ઠે છે – આ પ્રકારના પ્રશ્નો ઠે છે. એ જરૂર આત્મજ્ઞાન પામે એવા સિદ્ધાંતજ્ઞાન સુધી પહોંચી જાય છે, સિદ્ધાંતના અનુભવ સુધી પહોંચી જાય છે. એમ એમણે એ વખતે નિચોડ કાઢીને મૂકી દીધો છે. ભલે પોતે પામ્યા નથી પણ વાત એમના ખ્યાલમાં ત્યાં સુધી વિચારમાં આવી ગઈ છે કે, આનું પરિણામ આ જ આવે, બીજું ન આવે. પોતાને ખાત્રી છે. આગળ વધે છે એનું કારણ કે એ Line નો વિશ્વાસ છે, એ Lineનો વિશ્વાસ આવી ગયો છે.

મુમુક્ષુ :– પાત્રતા પાકી છે.

પૂજ્ય ભાઈશ્રી :– પાકી ! **સારામાં સારી ઉત્કૃષ્ટ પાત્રતા !! ઉત્કૃષ્ટ પાત્રતા પામ્યા, પામ્યા એટલું જ નહિ પણ એમની યોગ્યતા એવી (કે) એક ભવ (બાકી રહી ગયો) !! વિશેષ વાત છે ! એક જ ભવ ! એટલી બધી આત્માની નિર્મળતા છે ! આત્માની નિર્મળતા ઘણી છે એ તો દેખાઈ આવે છે.**

આ કાળમાં પૂર્ણ ન થવાય એ એમને બેસતું નથી. આવું આગમમાં કેમ લખ્યું હશે ? પૂર્ણ કેમ ન થવાય ? પૂર્ણ જ થવાય, પૂર્ણતાનો જ પુરુષાર્થ હોય, પૂર્ણ કેમ થવાય નહિ ? ઠીક ! હવે આગમમાં લખ્યું તો આ કાળ પૂરતી વાત છે મારે કાળનું શું બંધન છે ? મારે ક્ષેત્રનું શું બંધન છે ? પાંચ-પચીસ વરસમાં આ કાળ અને આ ક્ષેત્ર છોડીને હું બીજે જઈશ, બાકી હવે હું પૂર્ણ થઈ જઈશ. હવે બહુ અલ્પ કાળમાં પૂર્ણ થઈ જઈશ. એ પુરુષાર્થનો ઉપાડ આવ્યો છે. એટલે પહેલાં બેસતું નથી પછી આગમ સામે છે એટલે હળવેક દઈને ઢીલું કરે છે કે, તો પછી આ કાળ અને આ ક્ષેત્ર પૂરતી વાત

લાગે છે. ઠીક છે, આપણે ક્યાં આ કાળ અને ક્ષેત્ર સાથે બંધન છે ? આપણે તો આપણું કામ આગળ વધારવા થોડાક ટાઈમમાં આ ચાલ્યા અહીંથી ! શું કરવા ? આપણું કામ આગળ વધારવા – પૂર્ણ થવા માટે. ઈ રીતે એ તો વિચારી લ્યે છે.

પ્રશ્ન :– પરિહરું એટલે શું ?

સમાધાન :– પરિહરું એટલે છોડવું. ગ્રહણ કરવું અને છોડવું. શું રાખવું ? શું છોડવું ? એટલે કર્ત્તવ્ય શું ? અકર્ત્તવ્ય શું ? એ સંબંધીનો પ્રશ્ન ઠચો છે કે, મારે કરવા જેવું શું છે ? મને જ્ઞાન થયા પહેલાં કાંઈ સમજણ પડતી નથી અને એમને એમ ચાલ્યો જાઉં એ વાત હવે મને (સંમત નથી), જે રીતે જીવન જીવું છું એ જ રીતે મારું જીવન ચાલ્યું જાય એ સંમત કરતા નથી. તો હવે શું કરવું ? આ વળગણા છે એ રાખવા જેવી છે, આ બધા સંબંધો રાખવા જેવા છે કે આ સંબંધો તોડવા જેવા છે ? અને તોડવા જેવા છે તો કયા પ્રકારે તોડવા જેવા છે ? એનો કોઈ સમ્યક્ પ્રકાર છે કે નહિ ? કેમકે ત્યાગ તો ઘણા કરે છે પણ એમ નહિ. સમ્યક્ પ્રકારે એનો પરિહાર કરવાની વાત છે, કે જેથી નવું બંધન ભું ન થાય. એ બહુ માર્મિક વિષય લીધો છે.

મુમુક્ષુ :– ઘણી સુવિચારણા છે !

પૂજ્ય ભાઈશ્રી :– ઘણી સુવિચારણા છે અને પહેલી વખત તો આવી વાત સામે આવે ત્યારે એની જે છાપ હ્દયમાં રહી જાય એ નીકળે નહિ કોઈ દિવસ !! એવો વિષય છે.

મુમુક્ષુ :– પાંચમી કડી લઈ લ્યોને.

પૂજ્ય ભાઈશ્રી :– પાંચમી ને ! '**તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું ?**' એવો આત્મજ્ઞાનનો અનુભવ થવા માટે કોણે સાચું કહ્યું હશે ? કેમકે ઘણાં આત્મજ્ઞાનની વાત (કરે છે), બીજા મતમાં પણ આત્મજ્ઞાનની વાત કરે છે, આત્મસાક્ષાત્કારની વાત કરે

છે. કોની વાત સાચી હશે ? તો એમણે અહીંયાં (એક) આંક બાંધ્યો કે, જેની નિર્દોષતા હોય, પવિત્રતા હોય અને એનો જેણે અનુભવ કર્યો હોય એનું માનવું. હવે એ વાત તો પોતાને નક્કી કરવી રહી કે, આમાં નિર્દોષતા કોની છે ? પવિત્રતા કોની છે ? એનો અનુભવ છે કે નહિ ? અનુભવી પુરુષ છે કે નહિ ? એ વાત જીવે પોતાને, મુમુક્ષુને નક્કી કરવી પડે છે. એ જવાબદારી પોતા ઉપર આવે છે.

આત્માને ઓળખવો જોઈએ એ વાત એમણે લીધી છે. આત્માને તારો ! આત્માને તારો ! શીઘ્ર એને ઓળખો ! આ બંધનથી છોડાવીને, તારો એટલે બંધનથી છોડાવીને. એ તો એમનો આત્માને છોડાવવાનો પોકાર છે. અને એના માટે શીઘ્ર ઓળખવું અને બધા આત્મામાં સમદૃષ્ટિ દેવી (એટલે કે) બધા આત્મા એક જાતિના છે. કોઈના પ્રત્યે પણ દ્વેષ, વૈમનસ્ય એ કાંઈ કરવા જેવું નથી. અને રાગ કરે તો દ્વેષ થાય ને ? એક ઉપર રાગ કરે તો બીજા ઉપર દ્વેષ થાય. ન તો કોઈ આત્મા રાગનો વિષય છે, (ન) તો કોઈ આત્મા દ્વેષનો વિષય છે. **(નાની) ઉંમરમાં પણ ઘણી પ્રૌઢ વિચારદશા છે ! સામાન્ય વિચારદશા નથી પણ એકદમ પરિપકવ વિચારદશા છે.**

મુમુક્ષુ :– પૂર્વના સંસ્કાર હતા ને !

પૂજ્ય ભાઈશ્રી :– પૂર્વના સંસ્કાર અને અત્યારે પણ આત્મા જાગી જ ગયો છે ને ! અનુભવનો પુરુષાર્થ નથી પણ જાગી તો ગયો છે. જીવનમાં આત્મહિત સિવાય બીજું કરવું નથી એ વાત તો પાકી થઈ ગઈ છે. જીવનમાં આત્મહિત સિવાય બીજું કંઈ કરવું નથી. ઉદય આવી પડે, માથે આવી પડે અને ક્યાંક રોકાવું પડે (એ) બીજી વાત છે પણ કરવું નથી, એક જ કામ કરવું છે – એ ગાંઠ તો મારી દીધી છે.

## શિક્ષાપાઠ ૬૮. જિતેન્દ્રિયતા

૬૮મો પાઠ જિતેન્દ્રિયતા ઉપર છે. છેલ્લી ત્રણ લીટીમાં

જ્ઞાનદશાની વાત છે. **'એક સમયમાં અસંખ્યાતા યોજન ચાલનાર અશ્વ તે મન છે.'** મનને ઘોડાની ઉપમા આપી છે. મનનો ઘોડો એક સમયમાં કેટલું ચાલે ? કે, અસંખ્યાતા યોજન ! સર્વાર્થસિદ્ધ અસંખ્ય યોજન દૂર છે. **'એને થકાવવું બહુ દુર્લભ છે.'** એ મન થાકતું નથી. થાકે તો વિરામ પામે, કાંઈક અટકે, પણ થાકતું નથી, ઘણી ગતિ છે.

**'એની ગતિ ચપળ અને ન ઝાલી શકાય તેવી છે.'** એને પકડે એ પહેલાં તો ક્યાંયનું ક્યાંય પહોંચી ગયું હોય છે. **'મહાજ્ઞાનીઓએ જ્ઞાનરૂપી લગામ વડે કરીને એને સ્તંભિત રાખી સર્વ જય કર્યો છે.'** જ્ઞાનીપુરુષોએ મનને કાબૂમાં લઈ લીધું છે. સ્તંભિત એટલે ભું રાખી દીધું છે. એના Control બહાર વિકલ્પ ચાલે નહિ, મર્યાદા બહાર એનો વિકલ્પ જાય નહિ. એટલો જેણે મન ઉપર કાબૂ મેળવી લીધો છે. ભેદજ્ઞાનની પ્રક્રિયામાં એ સ્થિતિ આવે છે પછી જ ધ્યાન જામે છે, એ પહેલાં કોઈનું ધ્યાન નથી જામતું.

ધ્યાનનો એ નિયમ છે કે જેણે યથાર્થ પ્રકારે ભેદજ્ઞાનપૂર્વક મનને સંયમિત કર્યું હોય અથવા જેણે મનની ચંચળતા ઘટાડી દીધી હોય અથવા જેણે મનને લગામમાં રાખી લીધું હોય, એવા જે જ્ઞાનીપુરુષો છે એને સ્વરૂપની સ્થિરતા આવે છે, બીજાને સ્વરૂપની સ્થિરતા નથી આવતી. ધ્યાનના બે બોલ છે, આખરમાં એ વિષય છે.

પ્રશ્ન :– મનની ચંચળતા કેમ ઘટાડવી ?

સમાધાન :– ભેદજ્ઞાનનો પ્રયોગ સારી રીતે ચાલવો જોઈએ. ભિન્નતાનો પ્રયોગ ચાલે તો મન કાબૂમાં આવી જાય. પછી તો પોતાને એના ઉપરનો જે Control છે એ જ ખ્યાલમાં આવી જાય છે. (માટે) બધા જ ઉદયની અંદર ભેદજ્ઞાનનો પ્રયોગ સારી રીતે ચાલવો જોઈએ. પછી મનને આઘું-પાછું જવાની તાકાત રહેતી નથી અથવા આત્મા જ એટલો બળવાન થઈ જાય છે. પોતાની બાજુથી આત્મા બળવાન થઈ જાય.

મુમુક્ષુ :– 'અનુભવ પ્રકાશ'માં આવે છે કે મન મરી ફિટે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ તો અનુભવ પહેલાં મરી ફિટે છે. કેમકે ત્યાં તો નિર્વિકલ્પદશા થાય છે એટલે વિકલ્પ તૂટી જાય છે એમ કહેવું છે. પણ અહીં તો (એમ કહે છે કે) મનની પ્રવૃત્તિ રહે છતાં મન કાબૂમાં રહે, એની લગામમાં રહે, લગામ વડે કરીને એને સ્તંભિત કરી નાખ્યું, આગળ જતું અટકે, એને ખ્યાલ આવે. સામે ઉદય આવે એ પહેલાં એને જાગૃતિમાં ખ્યાલ આવે કે આ ઉદય છે, આપણે મર્યાદામાં (આવો) આત્મા જાગૃત છે. એટલી પોતાને જાગૃતિ હોવી જોઈએ કે, હું આત્મા છું, હું જ્ઞાનસ્વરૂપી છું. મારી વ્યાપકતા જોતા હું દેહમાં પણ વ્યાપતો નથી (તો) અન્ય જગ્યાએ વ્યાપવાનો મારે સવાલ નથી. જ્યારે હું મારી વ્યાપ્ય-વ્યાપકતા જોતાં હું મારા શરીરમાં વ્યાપતો નથી તો પછી જે મન બહાર જાય છે (એને બહાર જવાનો) પ્રશ્ન ક્યાં રહ્યો ? ભું રાખી દ્યે. પરિણામ ભું રહી જાય – સ્તંભિત થઈ જાય. (એ) થઈ શકે છે. પ્રયોગ તો કેળવણીનો વિષય છે.

પ્રશ્ન :– બીજા પદાર્થોમાં જે મન લાગે છે એનું કારણ પરપદાર્થમાં સુખબુદ્ધિ છે ?

સમાધાન :– એ તો શું છે કે દેહાત્મબુદ્ધિથી જ્યાં જીવ પ્રવર્તે છે તો પછી દેહની અનુકૂળતાના આકર્ષણના જેટલા કોઈ (પદાર્થો છે જેમાં) એક નિર્ણય થઈ પડ્યો છે ને (કે), આ ચીજો સારી છે, સંગીત સારું છે, સુગંધ સારી છે, કર્કશ અવાજ સારો નથી. કાગડાનો અવાજ સારો નથી, કોયલનો અવાજ મીઠો છે – આ તો નિર્ણય કરી નાખ્યો છે. મીઠાઈ સારી છે – એમ દરેક પદાર્થો માટે એણે કલ્પના કરી નાખી છે. 'હું જ્ઞાનમાત્ર છું, બધું જ્ઞેયમાત્ર છે' – એમ એક કોટિમાં રાખવાની જે વાત છે એ જીવની પાસે છે નહિ. દેહાત્મબુદ્ધિએ એક બાજુથી પરિણતિ જ્યાં ઈ ચાલતી હોય છે, ઇષ્ટ-

અનિષ્ટ પદાર્થો વિષયની પરિણતિ જ ચાલુ હોય છે એટલે ઉદય આવે એટલે જીવ સવાર થઈ જાય છે. મન દોડી જાય એને રોકી ન શકે. એ આવેગવાળી ચીજ છે એટલે એને રોકી ન શકે.

મુમુક્ષુ :– આ બધી જુદી જુદી ચીજોમાં કાંઈ વિચાર કરીને નિર્ણય નથી કર્યો કે, આ સારી છે... આ સારી છે.

પૂજ્ય ભાઈશ્રી :– પરિણતિ થઈ ગઈ છે. એટલે તો કહ્યું કે, પરિણતિ થઈ ગઈ છે. એની પરિણતિ ચાલે છે. પછી શું થાય ? દાખલા તરીકે, જગતના પદાર્થોની જે મહત્તા છે એની પરિણતિ છે. એ સંબંધીનો રસ, એ સંબંધીની મહત્તા, એ સંબંધીની મીઠાશ, એ સંબંધીની આસક્ત િ ત એની જીવને પરિણતિ છે. વિચાર કરવો જ નથી પડતો. વગર વિચાર્યે મન દોડી જ જાય છે. કેમકે પરિણતિ પડી છે પછી જ્યારે અંદરમાં ઉદય આવે છે એટલે પરિણામ તો સીધા ત્યાં લાગી જાય છે, મન દોડી જાય છે.

એક (વાત) બહુ સરસ છે. આની અંદર એક બોલ બહુ સારો છે. 'પરમાગમસાર'માં ! 'ગુરુદેવે' તો કોઈ કોઈ વાત કરી છે... ખતમ કરી છે !! ધ્યાન દેવા જેવો વિષય છે જરા. એક ચૈતન્ય '**સ્વભાવ સિવાય...**' (આત્મા પોતે) શાંતરસનો કંદ છે એવો જે એક ચૈતન્ય '**સ્વભાવ સિવાય ભાઈ ! બીજે ક્યાંય...**' જો આ જીવને '**મીઠાશ રહી ગઈ હશે તો...**' મીઠાશ ક્યારે રહી ગઈ હોય ? (કેમકે) પરિણતિ છે. '**તને એ ચૈતન્યની મીઠાશમાં નહિ આવવા દે.**' મીઠાશ છે ત્યાં રસ છે, ત્યાં મહત્તા છે. હવે એ પરિણતિ શું કરશે ? કે, તું શાસ્ત્ર લઈને આત્માની મહિમા કરવા અને આત્માના ગાણા ગાવા બેસીશ એ વખતે તારે એની જે મીઠાશ કેળવવી છે એ મીઠાશમાં તને આવવા નહિ દે. શું ? તારે આવવું છે, તારી ઇચ્છા એવી છે કે, હું આત્માની મહિમા કરું, આત્મામાં જોડાઈ જાઉં, આત્મામાં લીન થઈને મારી શાંતિને – આત્માની શાંતિને ભોગવું – અનુભવું. (પણ એ મીઠાશ)

તને આવવા નહિ દે. શું ?

ચૈતન્યની મીઠાશ લાવવામાં પરની મીઠાશ તને વિઘ્ન કરશે, આડી આવશે. માટે રસ લે ત્યાં ધ્યાન દેજે. જ્યાં રસ પડે ત્યાં મોટું નુકસાન છે એમ સમજીને જાગૃત થઈ જજે, એમ કહે છે. આ આત્માર્થીની ભૂમિકા છે. આપણે આગળ ચાલવાનું છે, પછી ૧૧૭ પાનું કાઢવું. પંચમકાળનો વિષય આવવાનો છે. આ તો વચ્ચે વાત લીધી છે.

આત્માર્થી જીવને એ સમજણ કરવાની અંદર આ એક મહત્ત્વનો મુદ્દો છે કે, જ્યાં મને ચૈતન્યસ્વભાવ સિવાય ક્યાંય રસ પડશે, મીઠાશ આવશે તો એ મીઠાશ મને ચૈતન્યની મીઠાશ ઉત્પન્ન થવામાં વિઘ્ન થવાની છે. મીઠાશ અત્યારે લીધી (અને) એની પરિણતિ થઈ ગઈ. કેમકે રસથી પરિણમ્યો ને ? એટલે એ પરિણતિ થઈ ગઈ. હવે એ જ્યારે આત્મામાં આવવા માગશે ત્યારે ઈ એને નહિ આવવા દ્યે. પરિણતિ આડી ભી છે, આમ છે.

મુમુક્ષુ :– મીઠાશની જે પરિણતિ થઈ ગઈ છે ઈ પરિણતિ ફરે તો આત્મામાં આવવા દ્યે.

પૂજ્ય ભાઈશ્રી :– પણ ઈ ક્યારે ફરે ? કે, ચૈતન્યસ્વભાવ ઓળખે, એની અનંત શાંતિને ઓળખે, એના અનંત સામર્થ્યને ઓળખે, જ્ઞાનની જ્યોતિને પરખે ત્યારે એની મહત્તા આવે (અને) આની મહત્તા ટળે તો પર તરફની મીઠાશ મટે. નહિતર સંયોગની મીઠાશ મારી નાખે. અનુકૂળતા જીવને ખલાસ કરી નાખે. એને બહાર નીકળવા ન દ્યે, એની પરિણતિમાંથી એને બહાર નીકળવા ન દ્યે અને ચૈતન્યમાં એને આવવા ન દ્યે. આ મોટી ગડબડ છે. અંતર વિચારના સ્થાનમાં આ વિષય બહુ–બહુ મંથનથી વિચારવા જેવો છે.

પ્રશ્ન :– એટલે અનુકૂળતા કરતા પ્રતિકૂળતા વધારે સારી એમ ?

ઉત્તર :– પ્રતિકૂળતામાં જીવ કાંઈક વિચાર કરે છે. કે આ મારું

ધાર્યું થતું નથી ઈ એમ બતાવે છે કે, બીજા પદાર્થો મારે આધીન નથી. નહિતર કેમ મારું ધાર્યું થાય નહિ ? એને પ્રતિકૂળતા કેમ લાગે છે ? ઇચ્છા પ્રમાણે (થતું) નથી એનું નામ પ્રતિકૂળતા છે, બીજું કાંઈ નથી. એક માણસને કાંઈ ન હોય અને દસ હજાર કમાય એટલે એને એમ થાય કે, હું તો જાણે ન્યાલ થઈ ગયો ! અને બીજો માણસ લાખ રૂપિયામાંથી નેવુ હજારની ખોટ કરે ત્યારે એને એમ થાય કે, મરી ગયો ! બન્નેની પાસે દસ હજારની મૂડી છે. એકને (કાંઈ) નહોતું એમાંથી દસ હજાર થયા અને એકને હતું એમાંથી દસ હજાર રહ્યા. ઈ દસ હજારમાં તો એની જે કિંમત છે એટલી જ છે, ઈ તો Fix છે, એક રૂપિયો ઓછી પણ નથી અને એક રૂપિયો વધારે પણ નથી. છતાં એક દુઃખી, દુઃખી થઈ ગયો છે અને એક સુખી, સુખી થઈ ગયો છે. એમ કેમ અનુભવ કરે છે ? ચીજ તો જે છે ઈ જ છે.

દેહાત્મબુદ્ધિને લીધે એણે અનુકૂળતા અને પ્રતિકૂળતા છે એની કલ્પના કરી નાખી છે. એવી જે એની કલ્પના છે એની પરિણતિ થઈ ગઈ છે, એની મીઠાશ છે. એ મીઠાશ છે એ એને ચૈતન્યની મીઠાશમાં નહિ આવવા દ્યે, વિઘ્ન કરશે. એટલે જ્યાં જ્યાં આ જીવને રસ પડે, જે જે ઉદયમાં રસ પડે ત્યારે 'મોટું નુકસાન છે' એનો એને ભય થવો જોઈએ, નુકસાનીનો ભય લાગવો જોઈએ કે, આ મને અંદર નહિ આવવા દ્યે. આ રસ મને ચૈતન્યમાં નહિ વળવા દ્યે. જો જાગૃતિ નહિ રાખી અને રસ ઠંડો નહિ થયો તો મોટી ઉપાધિ છે. આત્મકાર્યમાં આ મોટું વિઘ્ન છે. મોટી ઉપાધિ એટલે મોટું વિઘ્ન છે. આત્માર્થીને અંતર-વિચારમાં આ વાત ઘર કરી જવી જોઈએ. જો ન ઘર કરે તો જાગૃતિ જરાય ન આવે. પરિણતિ તો પડી જ છે, જેવો ઉદય આવશે, રસમાં પડીને ઓતપ્રોત થઈ જશે. એટલે તો વારંવાર કહે છે, ચૈતન્યનિધાનને ઓળખ ! તારા નિધાનને

ઓળખ ! તને મહિમા આવ્યા વગર કોઈ રીતે જે મહિમા થઈ પડેલો છે એ મટશે અને તૂટશે કેવી રીતે ? પરનો જે મહિમા ઘર કરી ગયો છે એ મટશે અને તૂટશે કેવી રીતે ? ફરશે કેવી રીતે ? બદલશે કેવી રીતે ? ઈ તો પરિણતિ પડી છે.

મુમુક્ષુ :– સંસારની પરિણતિ હજી ખૂબ દૃઢ છે એટલે પરિણતિ જલદી ફરશે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– હા. ઓળખે તો આવે. જલદી ભલે ન હટે પણ રસ પડે ત્યારે એને નુકસાનનો એક ખ્યાલ આવે (અને) ખ્યાલ તો એને ઠંડો પાડી જ દ્યે. નુકસાનનો ખ્યાલ એને નુકસાનના પરિણામમાં ઉત્સાહ આવવા ન દ્યે એ નક્કી વાત છે, સીધી વાત છે.

પ્રશ્ન :– એ વખતે વિચારમાં નુકસાનના ખ્યાલની જાગૃતિ રહેવી જોઈએ ?

સમાધાન :– હા, વિચારમાં એટલે જ્ઞાનમાં. વિકલ્પમાં નહિ પણ જ્ઞાનમાં. જાગૃતિ તો જ્ઞાનનો વિષય છે. રાગનો વિષય નથી પણ જ્ઞાનનો વિષય છે. ભલે વિચારાત્મક દશા છે પણ મુખ્યપણે એ જ્ઞાનનું કાર્ય છે.

પ્રશ્ન :– 'પરમાગમસાર'નો કયો બોલ છે ?

સમાધાન :– ૫૬ નંબરનો. 'પરમાગમસાર' ૫૬ નંબરનો બોલ છે. પણ છે મંથનમાં લેવા જેવો બોલ છે. એના ઉપર મંથન ચાલે તો ઉદયકાળે એ મંથન આવીને ભું રહે, જાગૃતિ આવે. ઉપરથી વાંચીને કાઢી નાખે તો ભૂલી જાય. એવું છે.

(આપણે ચાલતા વિષયમાં) ૧૧૭મા પાને 'પંચમકાળ' ઉપર એ જમાનામાં એમણે (આ લખ્યું છે) ૧૭મા વર્ષે. ૧૦૫ વર્ષ થયા. ૧૦૫ વર્ષ પહેલાં પંચમકાળ વિષે એમણે આ વિચારો લખ્યા છે. બીજા પેરેગ્રાફમાં નિર્ગ્રંથ પ્રવચનમાં આગમની અંદર (પંચમકાળનું

સ્વરૂપ આ પ્રમાણે કહે છે). પાઠ ૮૧મો, 'મોક્ષમાળા' ચાલે છે.

**'એઓ...'** એટલે નિર્ગ્રંથો **'પંચમકાળનું સ્વરૂપ મુખ્ય આ ભાવમાં કહે છે. નિર્ગ્રંથ પ્રવચન પરથી મનુષ્યોની શ્રદ્ધા ક્ષીણ થતી જશે.'** જે વીતરાગની વાણી છે એને નિર્ગ્રંથ પ્રવચન કહે છે. એના ઉપરથી માણસોની શ્રદ્ધા ઓછી થતી જશે કે, હજાર, બે હજાર વરસ (પહેલાંની) શાસ્ત્રની વાતો અત્યારે કામમાં આવતી હશે ? આ જમાનો કયો ? તે 'દી જમાનો કયો ? આ તો બે હજાર વર્ષ પછી આધુનિક વાતને (અને) પ્રાચીન વાતને શું મેળ ખાય ? એમ કરીને એમને એમ કાઢી નાખે.

**'મનુષ્યોની શ્રદ્ધા ક્ષીણ થતી જશે. ધર્મનાં મૂળતત્ત્વોમાં મતમતાંતર વધશે.'** મૂળ વાતોની અંદર મતમતાંતર વધી જશે. બુદ્ધિવાળા એમ કહેશે કે, નહિ. આમ નહિ, આમ હોવું જોઈએ. આમ કેમ થાય ? આમ કેમ હોવું જોઈએ ? (એમ) જુદાં જુદાં મતમતાંતર વધશે.

પ્રશ્ન :– નિર્ગ્રંથ પ્રવચન એટલે ?

સમાધાન :– એટલે ભાવલિંગી મુનિઓની વાણી. નિર્ગ્રંથ પ્રવચન (લખ્યું છે) ! બહુ વિચક્ષણ હતા ને ! બહુ વિચક્ષણ હતા ! ૧૭મા વર્ષે વાત લખવી છે. સામે આખો સમાજ ભો છે. સાધુઓની જમાત ભી છે. એ તો બધા ધમાલ કરે, મારવા લ્યે બીજું કાંઈ ન કરે. (પણ આ તો) બહુ વિચક્ષણ પુરુષ છે ! કોઈની ઉપર આંગળી નથી ચીંધતા (કે), આ આમ છે ને આ આવા છે ને તેવા છે, કાંઈ નહિ. જે વાત પોતાને કરવી છે એ સરખી રીતે મૂકી દ્યે છે.

**'નિર્ગ્રંથ પ્રવચન પરથી મનુષ્યોની શ્રદ્ધા ક્ષીણ થતી જશે. ધર્મનાં મૂળતત્ત્વોમાં મતમતાંતર વધશે. પાખંડી અને પ્રપંચી મતોનું મંડન થશે.'** દુકાનદાર લોકો પોતાનો મત ચલાવશે. **'જનસમૂહની રુચિ અધર્મ ભણી વળશે.'** જે ધર્મ નથી, ધર્મને નામે જે પાખંડ ચાલતું હોય એ બાજુ લોકોની રુચિ વધશે. કોઈ ચમત્કાર, દોરા-ધાગા, જંતર-મંતર-તંતર...

'દિલ્હી'માં તો અત્યારે કેટલું ચાલે છે !

**'સત્ય, દયા હળવે હળવે પરાભવ પામશે.'** સત્યની હાર થાશે એમ કહે છે. **'સત્ય, દયા હળવે હળવે પરાભવ પામશે. મોહાદિક દોષોની વૃદ્ધિ થતી જશે.'** મોહ વધતો જશે. **'દંભી અને પાપિષ્ઠ ગુરુઓ પૂજ્યરૂપ થશે.'** પાપાચરણ કરવાવાળા લોકોને લોકો પૂજતા થશે. **દુષ્ટવૃત્તિનાં મનુષ્યો પોતાના ફંદમાં ફાવી જશે.'** દુષ્ટવૃત્તિનાં મનુષ્યો અનેક રીતે યુિ ત-પ્રયુિ તથી જે કાંઈ કરશે એમાં એ લોકો ફાવશે – એની જીત થશે.

**'મીઠા પણ ધૂર્ત્ત વ  તા પવિત્ર મનાશે.'** ૧૦૫ વર્ષ પહેલાં લખ્યું છે ! શું ? મીઠું બોલતા આવડતું હશે અને બીજાને જાળમાં લેવા માગતા હશે એવા ને લોકો પવિત્ર માનશે. **'શુદ્ધ બ્રહ્મચર્યાદિક શીલયુ  ત પુરુષો મલિન કહેવાશે.'** એના ઉપર લોકો આરોપ કરશે. જે શુદ્ધ હશે એના ઉપર લોકો ખોટા આરોપો કરશે.

**'આત્મિકજ્ઞાનના ભેદો હણાતા જશે.'** આત્મિકજ્ઞાનનાં જે મુદ્દાઓ છે, ઈ જ્ઞાન સંબંધીની જે ખાસ ખાસ વાતો છે, ભેદો એટલે અંદરની વાતો, ભેદોનો અર્થ એ છે, રહસ્યવાળી વાતો, એ બધી હણાતી જશે. **'હેતુ વગરની ક્રિયા વધતી જશે.'** હેતુ એટલે હેતુશૂન્ય. બસ ! આપણા સંપ્રદાયમાં આમ કરે છે (માટે) આપણે કરો. એને હેતુશૂન્ય ક્રિયા કહેવામાં આવે છે, બધા કરે છે માટે આપણે પણ કરો. **'હેતુ વગરની ક્રિયા વધતી જશે. અજ્ઞાનક્રિયા બહુધા સેવાશે.'** સમજણ વગર ક્રિયા કર્યા કરવાની, (એવું) વધારે ચાલશે.

**'વ્યાકુળ વિષયોનાં સાધનો વધતાં જશે.'** પંચેન્દ્રિયમાં વ્યાકુળતા વધે એના સાધનો દિવસે દિવસે વધતાં જશે. **'એકાંતિક પક્ષો સત્તાધીશ થશે.'** જે પાખંડવાળા હશે એના હાથમાં સત્તાઓ હશે અને **'શૃંગારથી ધર્મ મનાશે.'** અને લોકો શૃંગાર કરી કરીને ધર્મ માનશે. જેટલો શૃંગાર વધારે કરી શકે એટલો ધર્મ વધારે માનશે. આ પરિસ્થિતિ નજર

સામે જોવામાં આવે છે.

પ્રશ્ન :– શૃંગાર એટલે વેશ ?

સમાધાન :– હા, શૃંગાર એટલે રીતસર શૃંગાર કરવો. તપશ્ચર્યા કરે તો આ કપડાં, દાગીના પહેરે છે કે નહિ ? ભગવાનને દાગીના પહેરાવે છે કે નહિ ? એમ શૃંગારથી ધર્મ માનશે. બસ, સમજવા માટે એટલો પરેગ્રાફ લીધો છે. આખા પાઠમાંથી એટલું Selection કર્યું છે.

પછી એવું જ લીધું છે, એ વિષય ૧૧૯મા પાને ચાલ્યો છે.

## શિક્ષાપાઠ–૮૪
## તત્ત્વાવબોધ–ભાગ–૩

(બીજો પેરેગ્રાફ). **'મહાવીર ભગવંતના શાસનમાં બહુ મતમતાંતર પડી ગયા છે, તેનું મુખ્ય આ એક કારણ પણ છે કે તત્ત્વજ્ઞાન ભણીથી ઉપાસક વર્ગનું લક્ષ ગયું.'** જે સાધુઓ છે, ત્યાગીઓ છે, જે ઉપાસનાના નામે ક્રિયા કરે છે એ લોકોએ તત્ત્વજ્ઞાનને ગૌણ કરી નાખ્યું, તત્ત્વજ્ઞાન ઉપરનું લક્ષ ઘટી ગયું. એટલે ભગવાનના શાસનની અંદર મતમતાંતર પડી જવાનું મુખ્ય કારણ આ છે કે, જે એમનું તત્ત્વજ્ઞાન છે, જેનાથી સંસ્કૃતિ જાળવી શકાય એ વિષય ગૌણ થઈ ગયો. 'ગુરુદેવે' તત્ત્વજ્ઞાન ઉપર વધારે જોર દીધું, સ્વાધ્યાય ઉપર વધારે જોર દીધું એનું કારણ એ છે કે, એ ખામી એમને દેખાણી.

**'માત્ર ક્રિયાભાવ પર રાચતા રહ્યા; જેનું પરિણામ દૃષ્ટિગોચર છે.'** અત્યારે એની પરિસ્થિતિ શું થઈ છે એ અત્યારે ખ્યાલમાં આવે છે. **'વર્તમાન શોધમાં આવેલી પૃથ્વીની વસતિ લગભગ દોઢ અબજની ગણાઈ છે;...'** અત્યારે જે છ અબજ થઈ છે. અત્યારે ૫૮૫ કરોડ છે, પોણા છ અબજથી વધારે છે, છ અબજથી ઓછી છે, પણ ૧૦૫ વર્ષ પહેલાં

દોઢ અબજ હતી. મનુષ્યની વસતિ ચાર ગણી થઈ. '**વર્તમાન શોધમાં આવેલી પૃથ્વી...**' એટલે કે આ સિવાય મનુષ્યની પૃથ્વી છે. આ તો અત્યારે પૃથ્વી શોધમાં આવી. કેવા શબ્દ વાપર્યા છે !

'**તેમાં સર્વ ગચ્છની મળીને જૈનપ્રજા માત્ર વીશ લાખ છે.**' અત્યારે આપણે એક કરોડ ગણીએ છીએ. એ તો ચાર-પાંચ ગણો ફેર પડ્યો ને ? '**એ પ્રજા તે શ્રમણોપાસક છે.**' જૈનો તો શ્રમણ ઉપાસક છે, સાધુઓને માનનાર છે. '**એમાંથી હું ધારું છું કે નવ તત્ત્વને પઠનરૂપે બે હજાર પુરુષો પણ માંડ જાણતા હશે;...**' પઠનરૂપે, હોં ! તત્ત્વની દૃષ્ટિએ તો એકાદ આંગળીને વેઢે ગણવું પડે ! નવ તત્ત્વનાં સ્વરૂપને પઠનમાં, પાઠમાં – સ્વાધ્યાયમાં (જાણવાવાળા) દસ ટકા પણ નહિ હોય. પરિસ્થિતિ તો આપણી પણ બહુ કંગાળ છે, ઘણી દરિદ્ર પરિસ્થિતિ છે. બે હજાર એટલે એક ટકો થયો ને ? એમણે વીસ લાખની વસતિ લીધી, એમાંથી બે હજાર (એટલે) એક ટકો થયો. એક ટકો પણ સ્વાધ્યાય નહોતા કરતા એમ કહે છે. અત્યારે શું પરિસ્થિતિ છે ? અત્યારે એક કરોડમાં કેટલા કરતા હશે ? એક લાખ માણસો સ્વાધ્યાય કરે છે ? ના, રે ના ! ન નીકળે, એક ટકો અત્યારે પણ ન નીકળે.

હું તો બીજી વાત કરવા માગું છું કે, 'ગુરુદેવ'ના જ્યાં મંદિરો અને મંડળો છે ત્યાં કેટલા ટકા સ્વાધ્યાયમાં આવે છે ? પાંચ ટકાની અંદરની Average છે. બે ટકા, ત્રણ ટકાની સ્વાધ્યાયની Average છે. હજી તો 'ગુરુદેવ'ને સ્વર્ગમાં ગયા દસ વર્ષ નથી થયા. પાંચ વરસની અંદર સ્વાધ્યાય કરનાર અનુયાયીઓ – મુમુક્ષુઓ ગણાય એમાંથી અત્યારે બે ટકા, ત્રણ ટકાની Average આવે. આપણા મંડળનો વિચાર કરીએ તો જુદી વાત છે કે, આપણે દસ ટકામાં આવીએ, પણ Average બે ટકા, ત્રણ ટકાથી વધારે નથી. પૂરા પાંચ ટકા ક્યાંય નથી. ક્યાંક તો એક ટકો પણ નથી. પાંચ ટકા તો સરેરાશ લોકો

નથી. એટલે બે-ત્રણ ટકાની Average મૂકીએ છીએ. જ્યાં આટલો તત્ત્વજ્ઞાનનો વિષય મુખ્યપણે 'ગુરુદેવે' આપ્યો ત્યાં આપણાં સમાજનું આટલું દારિદ્રય છે. પછી સમજદાર કેટલા એ તો (એનાથી પણ ઓછા ટકામાં આવે).

હમણાં 'ઘાટકોપર'ની અંદર એક વિદ્વાનોની શિબિર – ચર્ચા રાખી હતી. (એમાં) એક જણ પ્રશ્ન પૂછે અને એના ઉપર બધા વિદ્વાનો પોતાનો વિચાર બતાવે. તો નવાઈ લાગે ! અમે સાત જણા બેઠા હતા. એમ લાગે કે જે લોકો બીજાને સમજાવે છે એ એટલા તૈયાર નથી થયેલા. આ તો કેટલી અંદર પોલ છે !

એક દ્રવ્યનો વિષય ચાલ્યો. દ્રવ્ય પરિણામી પણ છે અને અપરિણામી (પણ) છે ઈ કેવી રીતે ? કોઈ ચોખવટ નહોતા કરી શકતા. દ્રવ્યને પરિણામી કેવી રીતે કહેવું ? અને અપરિણામી કેવી રીતે કહેવું ? આ પરિસ્થિતિ હતી. વિદ્વાનોની આ પરિસ્થિતિ ! શ્રોતાની શું હશે !! બહુ કંગાળ પરિસ્થિતિ છે. તત્ત્વજ્ઞાનનો વિષય હાથમાં લઈએ તો આપણી પરિસ્થિતિ કાંઈ સારી નથી. આવા મહાપુરુષ થયા જેણે ૪૫ વરસ સુધી તત્ત્વજ્ઞાનની ધોધમાર વર્ષા કરી, પાછળ આટલું અંધારું છે !!

પછી, શિક્ષાપાઠ–૯૪, તત્ત્વાવબોધ–ભાગ ૧૩. ૧૨૫ પાનું. એમાં છેલ્લી ત્રણ લીટી છે.

'**પ્રિય ભવ્યો !**' શું કહે છે ? '**બહુ બહુ મનનથી અને મારી મતિ જ્યાં સુધી પહોંચી ત્યાં સુધીના વિચારથી હું વિનયથી એમ કહું છું કે, પ્રિય ભવ્યો ! જૈન જેવું એક્કે પૂર્ણ અને પવિત્ર દર્શન નથી;...**' એમ (કહે છે કે) બીજા મતમતાંતરો વિષયમાં અમે બહુ વિચારી લીધું છે અને બહુ બહુ વિચાર પછી મારી બુદ્ધિ ચાલી ત્યાં સુધી કહું છું કે, '**જૈન જેવું એક્કે પૂર્ણ અને પવિત્ર દર્શન નથી; વીતરાગ જેવો એક્કે દેવ નથી,...**' જગતમાં હજારો દેવની વાત ચાલશે, વીતરાગ

જેવો એક્કેય દેવ નથી, જૈન જેવું એક્કેય દર્શન નથી. **'તરીને અનંત દુઃખથી પાર પામવું હોય તો એ સર્વજ્ઞ દર્શનરૂપ કલ્પવૃક્ષને સેવો.'** ૧૦૫ વર્ષ પહેલાં જૈનદર્શન વિષે આટલી ઘોષણા કરી છે !

એના ઉપર તત્ત્વાવબોધ ભાગ–૧૪માં વચ્ચેથી લે છે કે, **'જૈનના અક્કેકા પવિત્ર સિદ્ધાંત પર વિચાર કરતાં...'** સાતમી લીટીમાં છે. **'આયુષ્ય પૂર્ણ થાય, તોપણ પાર પામીએ નહીં તેમ રહ્યું છે. બાકીના સઘળા ધર્મમતોના વિચાર જિનપ્રણીત વચનામૃતસિંધુ આગળ એક બિંદુરૂપ પણ નથી.'** બિંદુ જેટલું જ છે એમ નહિ પણ બિંદુ જેટલું પણ નથી.

**'જૈન જેણે જાણ્યો અને સેવ્યો તે કેવળ નીરાગી અને સર્વજ્ઞ થઈ જાય છે.'** જેણે જૈનધર્મને જાણ્યો, સેવ્યો એ કેવળ નીરાગી થઈને સર્વજ્ઞ થઈ જાય છે. વીતરાગ થઈને સર્વજ્ઞ થઈ જાય છે. **'એના પ્રવર્તકો કેવા પવિત્ર પુરુષો હતા ! એના સિદ્ધાંતો કેવા અખંડ સંપૂર્ણ અને દયામય છે ? એમાં દૂષણ કાંઈ જ નથી. કેવળ નિર્દોષ તો માત્ર જેનું દર્શન છે. એવો એક્કે પારમાર્થિક વિષય નથી કે જે જૈનમાં નહીં હોય...'** જૈન એટલે જૈનદર્શનમાં નહિ હોય. **'અને એવું એક્કે તત્ત્વ નથી કે જે જૈનમાં નથી. એક વિષયને અનંત ભેદે પરિપૂર્ણ કહેનાર તે જૈન દર્શન છે. પ્રયોજનભૂત તત્ત્વ એના જેવું ક્યાંય નથી.'**

જેમ **'એક દેહમાં બે આત્મા નથી; તેમ આખી સૃષ્ટિમાં બે જૈન એટલે જૈનની તુલ્ય એક્કે દર્શન નથી.'** એમને આટલો જૈનદર્શનનો મહિમા છે !! **'આમ કહેવાનું કારણ શું ? તો માત્ર તેની પરિપૂર્ણતા, નીરાગિતા, સત્યતા અને જગતહિતસ્વિતા.'** (આ) એમના સત્તરમા વર્ષના વિચારો છે ! એમણે એ વખતે જૈનદર્શનનો કેટલો મહિમા કર્યો છે !!

મુમુક્ષુ :– જૈનમાં પણ શ્વેતાંબર-દિગંબરનો કોઈ ખુલાસો નથી કરતા.

પૂજ્ય ભાઈશ્રી :– નહિ, એ કાંઈ જરૂર નહિ. જેને આત્મા જ જોઈએ છે એને દિગંબર-શ્વેતાંબર વાત કાંઈ જરૂરી નથી લાગતી.

મુમુક્ષુ :– લોકોમાં એ વખતે પક્ષ તો હતો જ.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પક્ષ હતો. પણ ઈ તોફાનમાં સત્તર વર્ષની ઉંમરે ઈ કેવી રીતે પડે ? હજી સાધવું ઘણું બાકી છે. ખ્યાલ આવે, તમે રસ્તે ચાલો (છો). તમને ખબર પડે છે કે, કાંઈક તોફાન ચાલે છે. હવે તોફાનમાં એવું હોય કે એક નિર્દોષ હોય એને સાવ મવાલી જેવા માણસો માર મારતા હોય. નિર્દોષ ગાય જેવો માણસ હોય અને અમથો અમથો એને મારતા હોય અને ટોળું વળી ગયું હોય. તમને એ ખ્યાલ આવે કે, કાંઈક તોફાન લાગે છે, તો તમે તરીને ચાલવાના. શાંતિપ્રિય માણસ હોય તો તમે શું કરશો ? કે, કાંઈક તોફાન લાગે છે, આપણું કામ નથી. ધમાલ ચાલે છે, કાંઈક મારામારી ચાલે છે, જાવા દ્યો.

એમ એમણે જોયું કે સંપ્રદાયમાં આ બધી મારામારી અને ધમાલ ચાલે છે, મારું એમાં કામ નથી. હું એક્કે ગચ્છમાં નથી, મતમાં નથી, વાડામાં નથી, સંપ્રદાયમાં નથી. હું આત્મામાં છું. એમ સીધું કરી નાખ્યું. ઈ તરીને ચાલતા હતા. તોફાન ઘણું થાય. આજે 'ગુરુદેવ' આટલા સમર્થ હતા, આટલા પુણ્યશાળી હતા, (તોપણ) થોડા તોફાન થયા છે ? આ 'ઇંદોર'માં જુઓને ! ઈ તો આટલા પુણ્ય લઈને આવ્યા હતા. ત્રણ ત્રણ ફિરકામાં એમના જેટલા પુણ્ય નહોતા, એવા પુણ્ય લઈને આવ્યા હતા ! તોપણ કેટલી ધમાલ થતી હતી.

આમાં શું છે કે આમાં તો બહુ કટ્ટર વિરોધ ભો થાય. જ્યારે તમે એમ કહો કે, આ બધા ખોટા છે, બધા પાખંડ છે, આ બધા પ્રપંચી છે, દુકાન માંડીને બેઠા છે, શિષ્યો વધારવા અને સંપ્રદાય વધારવાનો ધંધો – Business લઈને બેઠા છે. મારવા ન લ્યે તો શું કરે ? મારે નહિ તો કરે શું ? તોફાન થાય. (અહીં તો) સત્તર વર્ષની હજી બાળક જેટલી ઉંમર છે. બહુ વિચક્ષણ છે ! દૂરથી નમસ્કાર ! એનું ઈ જાણે. મને જે સાચું લાગે છે ઈ કહેતો જાઉં છું, લખતો

જાઉં છું. મારું પુણ્ય નથી એટલે કોઈ માનશે નહિ. લખતો જાઉં છું. આ 'મોક્ષમાળા' ચોપડી તો એમણે લખી છે.

(ત્યારપછી) સત્તરમો પાઠ છે. તત્ત્વાવબોધ–ભાગ–૧૭. તત્ત્વાવબોધનો છેલ્લો પાઠ છે. એમાં નીચેથી છઠ્ઠી લીટી છે.

**'જગત મોહાંધ છે, મતભેદ છે ત્યાં અંધારું છે;...'** મતમતાંતરના ખંડન-મંડનના પ્રકાર છે ત્યાં અંધારું છે. **'જગત મોહાંધ છે, મતભેદ છે ત્યાં અંધારું છે; મમત્વ કે રાગ છે ત્યાં સત્યતત્ત્વ નથી...'** સંપ્રદાયનું મમત્વ છે અને રાગ છે ત્યાં સાચું તત્ત્વ નથી. **'એ વાત આપણે શા માટે ન વિચારવી !'** માટે એ વાત વિચારવી કે, સંપ્રદાયનો રાગ કે મમત્વ કરવા જેવું નથી. એમ.

પછી નીચે ૯૯મા પાઠમાં એ વાત આગળ (સાતમી લીટીથી) લે છે. **'પડેલા ગચ્છના મતમતાંતરને ટાળવા...'** હવે એનું સમાધાન આપે છે. આ તો એક Problem છે, સંપ્રદાયોનો Problem છે એનું Solution – સમાધાન પણ પોતે આ ઉંમરે આપે છે ! **'પડેલા ગચ્છના મતમતાંતરને ટાળવા તેમજ ધર્મવિદ્યાને પ્રફુલ્લિત કરવા એક મહાન સમાજ સદાચરણી શ્રીમંત અને ધીમંત બન્નેએ મળીને સ્થાપન કરવાની અવશ્ય છે...'** શું કહે છે ? કે, ધર્મવિદ્યાને પ્રફુલ્લિત કરવા એક મહાન સમાજની સ્થાપના કરવી. કેવો (સમાજ) ? સદાચરણી શ્રીમંત અને ધીમંત. બન્નેએ મળીને એની સ્થાપના કરવી અવશ્ય છે. પૈસાવાળા માણસો હોય અને બુદ્ધિવાળા માણસો હોય એણે ભેગા મળીને સદાચરણી સમાજની સ્થાપના કરવી. કોઈ ખોટું પ્રોત્સાહન આપવું નહિ. ખોટું કરે (એને એમ કહે કે), આમ ન ચાલે, આ સમાજમાં – આ માર્ગમાં ન ચાલે. આ માર્ગ આત્માનું હિત કરવાનો છે. કરવું, કરાવવું, અનુમોદવું આમાં હોય નહિ. આટલી તૈયારી એની હોવી જોઈએ. તો ધર્મવિદ્યા પ્રફુલ્લિત થાય, તો વિકાસ થાય.

પ્રશ્ન :– ધીમંત તો બરાબર છે, શ્રીમંતને કેમ લીધા ?

સમાધાન :– બહારના કામમાં પૈસા તો લાગે જ છે ને ? આવવું-જાવું પૈસા તો લાગે જ છે ને ? પ્રભાવનાના કાર્યમાં પૈસા તો લાગે જ છે ને ? શું કહે છે ?

**'પડેલા ગચ્છના મતમતાંતરને ટાળવા તેમજ ધર્મવિદ્યાને પ્રફુલ્લિત કરવા એક મહાન સમાજ સદાચરણી શ્રીમંત અને ધીમંત બન્નેએ મળીને સ્થાપન કરવાની અવશ્ય છે એમ દર્શાવું છું.'**

મુમુક્ષુ :– શ્રીમંતને વિશેષણ લગાડેલું છે.

પૂજ્ય ભાઈશ્રી :– **'સદાચરણી શ્રીમંત અને ધીમંત બન્નેએ મળીને સ્થાપન કરવાની અવશ્ય છે...' 'પવિત્ર સ્યાદ્વાદમતનું ઢંકાયેલું તત્ત્વ પ્રસિદ્ધિમાં આણવા જ્યાં સુધી પ્રયોજન નથી,...'** આ શાસ્ત્ર છપાવવામાં શ્રીમંત માણસો જોઈએ ને ? તત્ત્વ છે. **'પવિત્ર સ્યાદ્વાદમતનું ઢંકાયેલું તત્ત્વ પ્રસિદ્ધિમાં આણવા...'** હજારોગમે શાસ્ત્ર છાપવા હોય તો એમાં શ્રીમંત જોઈએ કે નહિ ? એમ.

મુમુક્ષુ :– સદાચારી શ્રીમંત લીધા છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, બીજા નથી લીધા. સદાચારી લેવા, ગડબડવાળા ન લેવા.

**'જ્યાં સુધી પ્રયોજન નથી, ત્યાં સુધી...'** એટલે તત્ત્વના પ્રકાશન ઉપર બહુ વજન છે એમનું ત્યારથી, એટલે પોતે તો સંસ્થા સ્થાપી છે ને ? આ જે અત્યારે સંસ્થા ચાલુ છે ઈ એમની સ્થાપેલી છે. જ્યાં પુસ્તકો પ્રકાશન થાય છે ઈ એમની સ્થાપના કરેલી છે. 'શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથમાળા' એ પોતે સ્થાપેલી સંસ્થા છે. 'પરમશ્રુત પ્રભાવક મંડળ' ! 'ઝવેરીબજાર', 'મુંબઈ'માં ઑફીસ છે. ઈ 'પરમશ્રુત પ્રભાવક મંડળ'ની સ્થાપના પોતે કરેલી છે. પરમશ્રુત એટલે આગમ. આ તત્ત્વનું પ્રકાશન કરવું.

જ્યાં સુધી તત્ત્વને પ્રસિદ્ધિમાં આણવાનું પ્રયોજન નથી **'ત્યાં સુધી શાસનની ઉન્નતિ પણ નથી. લક્ષ્મી, કીર્તિ અને અધિકાર સંસારી**

**કળાકૌશલ્યથી મળે છે, પરંતુ આ ધર્મકળાકૌશલ્યથી તો સર્વ સિદ્ધિ સાંપડશે. મહાન સમાજના અંતર્ગત ઉપસમાજ સ્થાપવા. મતમતાંતર તજી, વાડામાં બેસી રહેવા કરતાં એમ કરવું ઉચિત છે. હું ઇચ્છું છું કે તે કૃત્યની સિદ્ધિ થઈ જૈનાંતર્ગચ્છ મતભેદ ટળો, સત્ય વસ્તુ ઉપર મનુષ્યમંડળનું લક્ષ આવો;...'** જૈનનું ન લીધું, હોં ! '**મનુષ્યમંડળનું લક્ષ આવો; અને મમત્વ જાઓ !**' કુળધર્મનું મમત્વ જાઓ.

ઘણા વિચારો મૂક્યા ! આ સમસ્યાનું સમાધાન આપ્યું કે, શું કરવાથી ફાયદો થશે ? કે, તત્ત્વજ્ઞાનનો પ્રચાર થવો જોઈએ. સંસ્કૃતિ એથી ટકશે.

અહીં સુધી રાખીએ. હવે પછી જે શરૂ કરવાનું છે એ સત્તરમાં વર્ષ પછી ૧૯મું વર્ષ શરૂ થાય છે. ૨૦માં વર્ષમાં મહાનીતિ (લખી) છે ત્યાંથી શરૂ કરશું. ૨૦મા વર્ષની જે મહાનીતિ છે – વચન સપ્તશતી. સાતસો વચનોમાંથી કેટલાક વચનો છે એની પસંદગી કરેલી છે. ૧૩૬મા પાને, આંક ૧૯મો છે. (અહીં સુધી રાખીએ.)

## આંક–૧૯

## મહાનીતિ–(વચન સપ્તશતી)

૧૧. તત્ત્વધર્મ સર્વજ્ઞતાવડે પ્રણીત કરવો.
૧૯. શિર જતાં પણ પ્રતિજ્ઞા ભંગ ન કરવી.
૨૬. એકાંતે રહું નહીં.
૪૪. લોકનિંદાથી ડરું નહીં.
૬૯. માયાવીને વિદ્વાન કહું નહીં.
૭૦. કોઈ દર્શનને નિંદું નહીં.
૧૩૩. આજીવિકા માટે ધર્મ બોધું નહીં.
૧૩૭. સત્ય વસ્તુનું ખંડન કરું નહીં.
૧૩૯. તત્ત્વ આરાધતાં લોકનિંદાથી ડરું નહીં.
૧૪૦. તત્ત્વ આપતાં માયા કરું નહીં.
૧૪૪. ધર્મ વડે અર્થ પેદા કરું.
૧૬૯. ગુરુનો ગુરુ બનું નહીં.
૧૭૩. ગુણ વગરનું વ તૃત્વ સેવું નહીં.
૧૭૪. તત્ત્વજ્ઞ તપ અકાળિક કરું નહીં.
૧૮૨. નિરભિમાની થાઉં.
૧૮૩. મનુષ્ય જાતિનો ભેદ ન ગણું.
૧૮૪. જડની દયા ખાઉં.
૨૧૮. ત્રિદંડથી ખેદ માનું નહીં.
૨૩૬. કંદમૂળનું ભક્ષણ ન કરું.
૨૩૮. આજીવિકા માટે ઉપદેશક થઉં નહીં. (૨)
૨૫૯. કાયાને કૂર્મરૂપ રાખું.

૨૬૦. હ્દયને ભ્રમરરૂપ રાખું.

૨૬૧. હ્દયને કમળરૂપ રાખું.

૨૬૨. હ્દયને પથ્થરરૂપ રાખું.

૨૬૩. હ્દયને લીંબુરૂપ રાખું.

૨૭૦ વચનને નિદ્રારૂપ રાખું.

૨૮૩. ખોટી પ્રશંસા કરું નહીં. (મુ. બ્ર. ઉ. ગૃ. સામાન્ય)

૩૬૪. પ્રતિમાને નિંદું નહીં.

૩૬૫. પ્રતિમાને નીરખું નહીં.

૪૨૦. નીરાગીનાં વચનોને પૂજ્યભાવે માન આપું.

૪૨૨. તત્ત્વને જ ગ્રહણ કરું.

૪૨૩. નિર્માલ્ય અધ્યયન કરું નહીં.

૪૩૫. ક્ષમાપના વગર શયન કરું નહીં.

૪૪૦. મર્મલેખ કરું નહીં.

૪૪૮. આદર્શ જોઉં નહીં.

૪૪૯. આદર્શમાં જોઈ હસું નહીં.

૪૫૦. પ્રવાહી પદાર્થમાં મોઢું જોઉં નહીં.

૫૬૬. વાત્સલ્યતાથી વૈરીને પણ વશ કરું.

૫૪૯. કોઈ કાળે તત્ત્વ વડે કરી દુનિયામાંથી દુઃખ જશે એમ માનું.

૬૩૪. માનાર્થે કૃત્ય કરું નહીં.

૬૩૫. કીર્ત્યર્થે પુણ્ય કરું નહીં.

૬૪૪. મલિન વસ્ત્ર પહેરું.

૬૭૪. સંતને સંકટ આપું નહીં.

૬૮૧. સામા પક્ષનાં સગાં સ્વધર્મી જ ખોળીશ.

૬૮૩. આજીવિકા અર્થે સામાન્ય પાપ કરતાં પણ કંપતો જઈશ.

## ૨૧– વચનામૃત

૧. આ તો અખંડ સિદ્ધાંત માનજો કે સંયોગ, વિયોગ, સુખ, દુઃખ, ખેદ, આનંદ, અણરાગ, અનુરાગ ઇત્યાદિ યોગ કોઈ વ્યવસ્થિત કારણને લઈને રહ્યા છે.

૩. કોઈનો પણ સમાગમ કરવા યોગ્ય નથી છતાં જ્યાં સુધી તેવી દશા ન થાય ત્યાં સુધી સત્પુરુષનો સમાગમ અવશ્ય સેવવો ઘટે છે.

૬. એક ભોગ ભોગવે છે છતાં કર્મની વૃદ્ધિ નથી કરતો, અને એક ભોગ નથી ભોગવતો છતાં કર્મની વૃદ્ધિ કરે છે; એ આશ્ચર્યકારક પણ સમજવા યોગ્ય કથન છે.

૮. આપણે જેનાથી પટંતર પામ્યા તેને સર્વસ્વ અર્પણ કરતાં અટકશો નહીં.

૧૦. હજારો ઉપદેશવચનો, કથન સાંભળવા કરતાં તેમાંનાં થોડાં વચનો પણ વિચારવાં તે વિશેષ કલ્યાણકારી છે.

૧૨. જ્ઞાનીઓએ એકત્ર કરેલા અદ્‌ભુત નિધિના ઉપભોગી થાઓ.

૧૪. પઠન કરવા કરતાં મનન કરવા ભણી બહુ લક્ષ આપજો.

૧૫. મહાપુરુષનાં આચરણ જોવા કરતાં તેનું અંતઃકરણ જોવું એ વધારે પરીક્ષા છે.

૧૭. મહાત્મા થવું હોય તો ઉપકારબુદ્ધિ રાખો; સત્પુરુષના સમાગમમાં રહો; આહાર, વિહારાદિમાં અલુબ્ધ અને નિયમિત

રહો; સત્શાસ્ત્રનું મનન કરો; ચી શ્રેણીમાં લક્ષ રાખો.

૨૧. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર અને અનંતવીર્યથી અભેદ એવા આત્માનો એક પળ પણ વિચાર કરો.

૨૪. નિર્ગ્રંથતા ધારણ કરતાં પહેલાં પુર્ણ વિચાર કરજો; એ લઈને ખામી આણવા કરતાં અલ્પારંભી થજો.

૨૯. યથાર્થ વચન ગ્રહવામાં દંભ રાખશો નહીં કે આપનારનો ઉપકાર ઓળવશો નહીં.

૩૦. અમે બહુ વિચાર કરીને આ મૂળતત્ત્વ શોધ્યું છે કે, – ગુપ્ત ચમત્કાર જ સૃષ્ટિના લક્ષમાં નથી.

૩૧. રડાવીને પણ બચ્ચાંના હાથમાં રહેલો સોમલ લઈ લેવો.

૩૨. નિર્મળ અંતઃકરણથી આત્માનો વિચાર કરવો યોગ્ય છે.

૩૩. જ્યાં `હું' માને છે ત્યાં `તું' નથી; જ્યાં `તું' માને છે ત્યાં `તું' નથી.

૩૮. મહા સૌંદર્યથી ભરેલી દેવાંગનાના ક્રીડાવિલાસ નિરીક્ષણ કરતાં છતાં જેના અંતઃકરણમાં કામથી વિશેષ વિશેષ વિરાગ છૂટે છે તેને ધન્ય છે, તેને ત્રિકાળ નમસ્કાર છે.

૩૯. ભોગના વખતમાં યોગ સાંભરે એ હળુકર્મીનું લક્ષણ છે.

૫૨. હું કહું છું એમ કોઈ કરશો ? મારું કહેલું સઘળું માન્ય રાખશો ? મારાં કહેલાં ધાકડે ધાકડ પણ અંગીકૃત કરશો ? હા હોય તો જ હે સત્પુરુષ ! તું મારી ઇચ્છા કરજે.

૫૮. જ્ઞાનીઓ અંતરંગ ખેદ અને હર્ષથી રહિત હોય છે.

૬૧. સંસારરૂપી કુટુંબને ઘેર આપણો આત્મા પરોણો દાખલ છે.

૫૪. દેવદેવીની તુષમાનતાને શું કરીશું ? જગતની તુષમાનતાને શું કરીશું ? તુષમાનતા સત્પુરુષની ઇચ્છો.

૬૫. પરિગ્રહની મૂર્ચ્છા પાપનું મૂળ છે.

૭૧. એકનિષ્ઠાએ જ્ઞાનીની આજ્ઞા આરાધતાં તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે.

૭૨. ક્રિયા એ કર્મ, ઉપયોગ એ ધર્મ, પરિણામ એ બંધ, ભ્રમ એ મિથ્યાત્વ, બ્રહ્મ તે આત્મા અને શંકા એ જ શલ્ય છે. શોકને સંભારવો નહીં; આ ઉત્તમ વસ્તુ જ્ઞાનીઓએ મને આપી.

૭૩. જગત જેમ છે તેમ તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ જુઓ.

૭૪. શ્રી ગૌતમને ચાર વેદ પઠન કરેલા જોવાને શ્રીમત્ મહાવીર સ્વામીએ સમ્યક્‌નેત્ર આપ્યાં હતાં.

૮૧. જીવતાં મરાય તો ફરી મરવું ન પડે એવું મરણ ઇચ્છવા યોગ્ય છે.

૮૩. જગતમાં માન ન હોત તો અહીં જ મોક્ષ હોત !

૯૨. સ્યાદ્‌વાદ શૈલીએ જોતાં કોઈ મત અસત્ય નથી.

૯૩. સ્વાદનો ત્યાગ એ આહારનો ખરો ત્યાગ જ્ઞાનીઓ કહે છે.

૯૪. અભિનિવેશ જેવું એક્કે પાખંડ નથી.

૯૭. આખા જગતના શિષ્ય થવારૂપ દૃષ્ટિ જેણે વેદી નથી તે સદ્‌ગુરુ થવાને યોગ્ય નથી.

૯૮. કોઈ પણ શુદ્ધાશુદ્ધ ધર્મકરણી કરતો હોય તો તેને

કરવા દો.

૧૧૦. પવિત્ર પુરુષોની કૃપાદૃષ્ટિ એ જ સમ્યક્દર્શન છે.

૧૨૨. સત્પુરુષો કહેતા નથી, કરતા નથી; છતાં તેની સત્પુરુષતા નિર્વિકાર મુખમુદ્રામાં રહી છે.

૧૨૪. આત્મા જેવો કોઈ દેવ નથી.

૧૨૫. કોણ ભાગ્યશાળી ? અવિરતિ સમ્યગ્દૃષ્ટિ કે વિરતિ ?

## તા. ૦૬-૦૭-૧૯૮૯, પ્રવચન નં. ૧૪
## આંક–૧૯. મહાનીતિ

(‘શ્રીમદ્ રાજચંદ્ર’ વચનામૃત) પાનું–૧૩૬. ૭૦૦ વચનામૃત છે. ૧૯મા આંકનું પ્રકરણ છે. મહાનીતિ એટલે નીતિમય વચનો છે. મહા વિશેષણ એટલા માટે લગાડ્યું છે (કે), કોઈ એક વ્યિ તને લાગુ પડે એવી વાત નથી. અનેક પ્રકારની ભિન્ન ભિન્ન યોગ્યતાવાળી વ્યિ તઓને, ભિન્ન ભિન્ન સ્થાનમાં રહેલી વ્યિ તઓને લાગુ પડે એવી નીતિના ઉપદેશના વચનો છે.

અગિયારમું વચન લઈએ. **‘તત્ત્વધર્મ સર્વજ્ઞતાવડે પ્રણીત કરવો.’** જે નિરૂપણ કરનાર છે – વિદ્વાન છે, જ્ઞાની છે, ગુરુ છે – જે ધર્મનું નિરૂપણ કરનારા છે એને લાગુ પડે છે. બધાને લાગુ પડે છે એમ નથી. જેને નિરૂપણ કરવું હોય એણે સર્વજ્ઞતા સ્થાપીને, સર્વજ્ઞપણું સ્થાપીને તત્ત્વધર્મ નિરૂપણ કરવો. જૈનદર્શન સિવાય સર્વજ્ઞની સ્થાપના નથી અને સર્વજ્ઞની સ્થાપના વિના તત્ત્વજ્ઞાનનો પાયો અને ચણતર ને એ બધું અન્યમતમાં ચાલે છે. એક જૈનદર્શનમાં જ સર્વજ્ઞને મુખ્ય કરીને, સર્વજ્ઞને સ્થાપીને તદ્નુસાર પછી તત્ત્વનું નિરૂપણ છે અને એ જ યથાર્થ પદ્ધતિ છે. કેમકે વસ્તુના અનેક ધર્મો સર્વજ્ઞના જ્ઞાન સિવાય છદ્મસ્થના જ્ઞાનમાં આવતા નથી. જેમકે અગુરુલઘુથી માંડીને (બીજા બધા ગુણો અને ધર્મો). બે પદાર્થ ભિન્ન રહે છે એનું કારણ

કે દ્રવ્ય-ગુણ-પર્યાય પોતાનું સ્વરૂપ છોડતા નથી. (કારણ કે) એમાં અગુરુલઘુ (ગુણ) છે. ત્યાંથી માંડીને અનેક ધર્મો એવા છે કે જે માત્ર સર્વજ્ઞના જ જ્ઞાનનો વિષય છે, છદ્મસ્થના જ્ઞાનનો વિષય નથી. છ દ્રવ્યમાં પણ જીવ અને પુદ્‌ગલ બુદ્ધિગોચર – ગમ્ય થાય છે બાકીના ચાર દ્રવ્યો ભલે કોઈ તર્કથી સિદ્ધ કરે તોપણ એ સીધા મતિ-શ્રુતજ્ઞાનનો વિષય થતા નથી. એટલે સર્વજ્ઞની સ્થાપના વિના તત્ત્વનું નિરૂપણ છે એ સંભવિત નથી અથવા કરવું પણ ન જોઈએ એમ અહીંયાં એક નીતિ વિષયક વચન છે.

જો તત્ત્વનું નિરૂપણ કરવું હોય તો સર્વજ્ઞપદને સ્થાપીને – સર્વજ્ઞપણું સ્થાપીને થઈ શકવા યોગ્ય છે. એને બાદ કરીને કરવા જાય તો અનેક પ્રકારે બાધા પહોંચે છે, તત્ત્વનું નિરૂપણ થઈ શકતું નથી. એ વાત એમણે ૨૦મા વર્ષે કરી છે.

મુમુક્ષુ :– શ્રોતા અને વ  તા બન્નેમાં સ્થાપિત કર્યા છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, 'સમયસાર'ની પહેલી ગાથામાં સિદ્ધપદને સ્થાપિત કર્યા છે તો આત્માનું સ્વરૂપ જ સ્થાપિત કર્યું છે. અહીંયાં થોડો Logicનો વિષય છે. નિરૂપણ કરવાની અંદર ન્યાયથી નિરૂપણ કરવું હોય ત્યારે પહેલી વાત  ભી ઈ થાય છે કે, જે અજાણ્યા હોય એ કેવી રીતે વાત કરશે તો એમાં દોષ નહિ આવે ? અજ્ઞાનનો દોષ નહિ આવે ? જેણે સર્વ જાણ્યું હોય એને જ કોઈ પ્રકારનું અજ્ઞાન નહિ હોવાને લીધે જે કાંઈ કહેશે એ બધું જાણેલું કહેશે ત્યાંથી ન્યાય શરૂ થાય છે.

જે સર્વજ્ઞ હોય તે જ વીતરાગ હોય, વીતરાગ હોય તે જ સર્વજ્ઞ હોય. તેથી બીજો ન્યાય એ છે કે એ કહેશે એ કોઈપણ પ્રકારના પક્ષપાત વિના વીતરાગભાવે જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવું જ કહેશે, અન્યથા નહિ કહે અથવા રાગ-દ્વેષયુ  ત કોઈ વચન નહિ હોય. તેથી એમાં કોઈપણ પ્રકારે એકબાજુનો એકાંત કે ખેંચાણ થઈને (નિરૂપણ)

કર્યું હોય એવી વાત નહિ રહે. એમ (એ) તો બહુ મોટું પ્રકરણ છે. સર્વજ્ઞને સ્થાપો એટલે આખું જૈનદર્શન એના ઉપર આધારિત છે. બધો વિસ્તાર એમાંથી નીકળી શકે છે. એટલે એનો સંક્ષેપ Total મારી દીધો કે, જો તત્ત્વધર્મનું નિરૂપણ કરવું હોય તો સર્વજ્ઞતાને સ્થાપીને કરવું એ સિવાય તત્ત્વધર્મનું નિરૂપણ થઈ શકવા યોગ્ય નથી. એ એનો સરવાળો છે.

મુમુક્ષુ :– એમાં પોતાનો સર્વજ્ઞસ્વભાવ પણ સ્થાપિત થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પછી એના વિસ્તારમાં એ બધું આવે છે કે, સર્વજ્ઞપણું સ્થાપે તો એ સર્વજ્ઞપણું ક્યાંથી ઉત્પન્ન થયું ? એ સવાલ ભો થાય છે. એવું સત્ત્વ – સામર્થ્યમાં સત્ત્વ પડ્યું છે તો વ્ય ત થાય છે. જો એવું સત્ત્વ જ નથી તો કોઈ અધ્ધરથી સર્વજ્ઞપણું આવી શકે એમ કેમ બને ? એ બધો વિષય એમાંથી ભો થાય છે. પણ એ સ્થાપીને. સ્થાપ્યા વિના બધું નકામું છે. એટલે તો ઘણી ગંભીર વાત છે અને વિશાળ વાત છે.

પ્રશ્ન :– ૨૬મા બોલમાં લખ્યું છે કે **`એકાંતે રહું નહીં'** એનું શું કારણ છે ?

સમાધાન :– **`એકાંતે રહું નહીં'** એ તો ભિન્ન ભિન્ન યોગ્યતામાં લાગુ પડે છે. જ્યાં સુધી પોતે યોગ્ય રીતે જ્ઞાન-વૈરાગ્યની અંદર પરિપકવ ન હોય ત્યાં સુધી જો એકાંતમાં રહેવા જાય તો અનેક પ્રકારે વિચારો ઠશે અને એ બધા વિચારો એને પોતાને અનુકૂળ નહિ રહે. બહુભાગ એવી સ્થિતિમાં એકાંતમાં રહેનારા માનસિક નબળાઈમાં આવે છે, અનેક પ્રકારે ખોટા વિચારે ચડી જાય છે, અનેક પ્રકારની જુદી જુદી કલ્પનાએ ચડી જાય છે. કેમકે ઇષ્ટ-અનિષ્ટપણું મટ્યું નથી, અનેક પ્રકારના ભય ગયા નથી. સાતે ભયથી ગ્રસિત છે. એકાંતમાં તો નિર્ભય માણસ રહી શકે છે. નહિતર તો કાંઈને

કાંઈ એને ભય સતાવશે. એટલે એક જ યોગ્યતાવાળાને બધા વચનો લાગુ નથી પડતા. ભિન્ન ભિન્ન યોગ્યતા વિચારવી પડે છે.

મુમુક્ષુ :– '**શિર જતાં પણ પ્રતિજ્ઞા ભંગ ન કરવી.**' (૧૯)

પૂજ્ય ભાઈશ્રી :– '**શિર જતાં પણ પ્રતિજ્ઞા ભંગ ન કરવી.**' બરાબર છે. એટલે મરણ, શિર (જતાં) એટલે મરણ. પહેલાં તો એવી વાત છે કે, તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ પછી જ પ્રતિજ્ઞા લેવાની આજ્ઞા છે. જૈનદર્શનમાં તો એવી જ આમ્નાય છે કે પ્રથમ તત્ત્વજ્ઞાન વડે વસ્તુનું સ્વરૂપ સમજે અને પોતે તત્ત્વજ્ઞાનમાં પરિપકવ થાય. પછી પણ પોતાની શ િ ત અનુસાર પ્રતિજ્ઞા લ્યે. એવી વાત છે. અજ્ઞાનથી જે પ્રતિજ્ઞા લીધી એ ક્યાં પ્રતિજ્ઞા છે ? એ તો એક જાતનો રાગ છે, એ પ્રતિજ્ઞા નથી. પ્રતિજ્ઞામાં 'જ્ઞા' શબ્દ છે એ તો જ્ઞાનને સૂચવે છે. જ્ઞાનપૂર્વક જે પ્રતિનિયત થયેલું, – નક્કી થયેલું એને જ પ્રતિજ્ઞા કહીએ. પણ જ્યાં જ્ઞાન જ નથી ત્યાં પ્રતિજ્ઞા કેવી ?

'ગુરુદેવ'ને કોઈ (વિદ્વાને) 'ઇસરી'માં પૂછ્યું કે, આપે તો સ્થાનકવાસી સંપ્રદાયમાં દીક્ષા લીધી હતી. પ્રતિજ્ઞા લીધી હતી કે, હું આવું સાધુપણું પાળીશ. જેવું સમજ્યા હતા એવું. તો એનું શું છે ? તો (કહ્યું કે) એ પ્રતિજ્ઞા નહોતી, એ તો એક જાતનો રાગ હતો. એ રાગ વ્યય થઈ ગયો, રાગનો અભાવ થઈ ગયો. એ પ્રતિજ્ઞા જ નથી, એમ છે. પ્રતિજ્ઞાનું સ્વરૂપ તો સમજવું જોઈએ.

૪૪મું વચનામૃત. '**લોકનિંદાથી ડરું નહીં.**' લોકનિંદાથી સત્યને છોડવા માટે ડરું નહિ એમ લેવું. લોકનિંદ્ય કાર્ય કરવા માટે પણ લોકનિંદાથી ડરું નહિ એમ કહેવું નથી. દરેક વચનની મર્યાદા છે, અપેક્ષા છે અને કયા સંજોગોમાં કયા પ્રકારે લાગુ પડે છે એ વિચારવું જોઈએ. સત્ય ગ્રહણ કરવા માટે, સત્યના માર્ગે ચાલવા માટે, સત્યની ઉપાસના માટે લોકનિંદાથી ડરું નહિ, એમ લેવું છે.

૬૯. '**માયાવીને વિદ્વાન કહું નહીં.**' એટલે જ્ઞાની હોય એને જ

વિદ્વાન કહેવાય. ખરેખર જ્ઞાની ન હોય એને વિદ્વાન ન કહેવાય. એમ અહીંયાંથી નીકળે છે. માયાવી એટલે શું છે કે, જે વિદ્વાન છે છતાં જ્ઞાની નથી એને પોતાની મહત્તાનો દેખાવ કરવાનો, આડંબર કરવાનો માયાચાર પર્યાયબુદ્ધિ હોવાને લીધે સહજ સહજ થઈ જાય છે. એટલે એવાને વિદ્વાન શું કહેવા ? અને વિદ્વાન તરીકેની મહત્તા શું આપવી ? ન આપવી જોઈએ એમ કહેવું છે.

પ્રશ્ન :– ૭૦મા બોલમાં શું કહેવું છે ?

સમાધાન :– '**કોઈ દર્શનને નિંદું નહીં.**' નિંદા કરવી બીજી વાત છે, જેમ છે એમ એનું નિરૂપણ કરવું એ બીજી વાત છે. નિંદા છે એ ઈર્ષ્યા અને દ્વેષયુ ત પરિણામ છે. કોઈ દ્વેષયુ ત પરિણામથી કોઈ દર્શનની વાત કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી.

'અષ્ટપાહુડ'ની અંદર ભગવાન 'કુંદકુંદાચાર્યે' શ્વેતાંબર દર્શન અને અન્ય દર્શનનો નિષેધ કર્યો છે. તો કોઈએ એનો ભાવાર્થ લખતાં દ્વેષયુ ત વચન લખેલા. 'ગુરુદેવે' એમ કહ્યું કે, આવું ન લખવું જોઈએ. આ ગાથાનો ભાવાર્થ આવો ન લખવો જોઈએ. આ તો દ્વેષની વાત થઈ જાય છે. કોઈના પ્રત્યે દ્વેષ કરવાનો આપણો ધર્મ નથી. જો કોઈના પ્રત્યે રાગ કરવાનો ધર્મ નથી તો કોઈના પ્રત્યે દ્વેષ કરવાનો ધર્મ પણ આપોઆપ જ નથી. એમ. એટલા પૂરતી વાત છે.

મુમુક્ષુ :– જે માર્ગ અસત્ય હોય...

પૂજ્ય ભાઈશ્રી :– અસત્યને અસત્ય કહેવું એનું નામ નિંદા નથી. એ સત્ય વચન છે. અસત્યને અસત્ય કહેવું તે સત્ય વચન છે, તે નિંદાનું વચન નથી. એમ. પાખંડને પાખંડ કહી શકાય છે. મિથ્યાત્વ પોતે જ પાખંડ છે, મહાપાખંડ છે. પણ તેથી એની એ નિંદા નથી. નિંદા બીજી વસ્તુ છે અને જેમ છે તેમ કહેવું તે બીજી વસ્તુ છે.

દારૂ નુકસાન કરે છે એમ કહેવાય કે ન કહેવાય ? પછી દારૂનો વેપારી તો એમ જ કહેશે કે તમે અમારા ધંધાની નિંદા કરો છો.

એવું નથી, એને સમજવાફેર છે. એમ કોઈ અન્યમતને મિથ્યાત્વ કહેતાં એને એમ લાગે કે અમારા મતની નિંદા કરે છે તો ખરેખર એવું નથી. એ સાચું કહેવાની વાત છે.

૧૩૩. **'આજીવિકા માટે ધર્મ બોધું નહીં.'** ધર્મનો ઉપદેશ, ધર્મની ચર્ચા, ધર્મનું વાંચન, ધર્મની–બોધની પ્રવૃત્તિ આજીવિકા માટે કરવી ન જોઈએ. એમાં મોટો દોષ આવે છે અને એ મોટો દોષ છે એ દર્શનમોહ સંબંધિત દોષ છે. એટલે આજીવિકાની અવેજીમાં ધર્મ-ઉપદેશ કોઈએ પણ કરવા યોગ્ય નથી.

૧૩૭. **'સત્ય વસ્તુનું ખંડન કરું નહીં.'** જે સત્ય હોય એને તોડવાની વાત કદી ન કરવી જોઈએ. સત્ય હોય એને સત્ય જ કહેવું જોઈએ, જેમ હોય એમ જ કહેવું જોઈએ અને એટલી મધ્યસ્થતા અવશ્ય હોવી જોઈએ.

૧૩૯. **'તત્ત્વ આરાધતાં લોકનિંદાથી ડરું નહીં.'** લોકનિંદાથી ડરું નહિ (એમ જે આગળ આવ્યું) એની અપેક્ષા અહીંયાં ૧૩૯માં આવી ગઈ. પહેલાં ૪૪મા (બોલમાં) જે વાત લીધી ને ? ૪૪નો ખુલાસો આવી ગયો. તત્ત્વ આરાધતાં, સત્ય આરાધતાં લોકનિંદાથી ડરું નહિ, એમ. કેમકે એમાં તો કોઈને સંપ્રદાય બદલવાનો પ્રકાર પણ બને છે, તો સંપ્રદાયમાંને સંપ્રદાયમાં કોઈ એમ કહે કે, તમે તો ફલાણાંને માનતા થઈ ગયા, તમે તો 'કાનજીસ્વામી'ને માનતા થઈ ગયા. તમે તો મૂળ દિગંબર છો ને કેમ 'કાનજીસ્વામી'ને માનો છો ? તમારે જે કહેવું હોય તે, મારે તો સત્યના આરાધન સાથે સંબંધ છે. એમાં લોકો મને શું કહેશે ? અથવા લોકોની નજરથી હું ચાલું એવું આરાધનની અંદર હોઈ શકે નહિ. એમાં લોકવિરુદ્ધતા જરા પણ નથી.

૧૪૦. **'તત્ત્વ આપતાં માયા કરું નહીં.'** એટલે કે જેવું પોતાનું વલણ હોય, પોતાનું વર્તન હોય, પોતાની યોગ્યતા હોય એ અનુસાર

તત્ત્વની વાત પ્રદર્શિત કરે. તત્ત્વને પ્રદર્શિત કરતાં પોતાની મહત્તા દર્શાવવાનો પ્રકાર ઉત્પન્ન થાય તો એમાં સહેજે માયાચાર ઉત્પન્ન થાય છે. તેથી એ પ્રકારથી આત્માર્થી જીવ, જ્ઞાની સાવધાન હોય છે, જાગૃત હોય છે. એવા પ્રકારથી તત્ત્વનું નિરૂપણ કે ઉપદેશ કરતા નથી.

મુમુક્ષુ :– ૧૪૪.

પૂજ્ય ભાઈશ્રી :– '**ધર્મ વડે અર્થ પેદા કરું.**' અર્થ એટલે પ્રયોજન. અહીંયાં અર્થ એટલે પ્રયોજન લેવું, અર્થ એટલે પૈસા એમ નહિ. કેમકે એ તો ઉપર આવી ગયું કે, આજીવિકા માટે ધર્મ બોધું નહિ. અર્થ એટલે અહીંયાં પ્રયોજન લેવું. આત્માર્થી, ધર્માર્થી, મોક્ષાર્થી – એ અર્થી, અર્થી કહે છે તે અર્થનું પ્રયોજન છે. પ્રયોજન જેને છે તેને અર્થી કહે છે.

પ્રશ્ન :– ધર્મપૂર્વક અર્થ પેદા કરું એમ ?

સમાધાન :– ધર્મ વડે એટલે ધર્મની મર્યાદામાં રહીને એમ. એમ પણ અર્થઘટન થઈ શકે છે. ધર્મની મર્યાદામાં રહીને આર્થિક ઉપાર્જન કરવું, મર્યાદા તોડીને ન કરવું. કોઈ હિંસાત્મક પ્રવૃત્તિ નહિ, અનીતિ નહિ, ભેળસેળ નહિ – એ વગેરે પ્રકાર. એમ. એટલે એમાં હું ધર્મને સાથે રાખું, એમ (કહેવું છે). 'વડે'નો અર્થ સાથે રાખું એમ.

૧૬૯. '**ગુરુનો ગુરુ બનું નહીં.**' ગુરુ કહેતા હોય એમાં હું સુધારો કરું, ગુરુ કહેતા હોય એમાં હું ફેરફાર કરું, ગુરુ કહેતા હોય એમાં હું ભૂલ જોઉં – એ પ્રકાર ગુરુનો ગુરુ બનવાનો છે. જે વિનયાન્વિત શિષ્ય છે એનો એવો પ્રકાર સહેજે આવતો નથી. (ગુરુના ગુરુ બનવાનો પ્રકાર હોય) ત્યાં ભક્તિનો અભાવો થાય છે. જેને ભક્તિ હોય એને એ પ્રકાર આવે નહિ. એ અભક્તિનો પ્રકાર છે.

મુમુક્ષુ :– ગુરુનો ગુરુ બનું એટલે ગુરુ કરતાં વધારે જાણકાર છું..

પૂજ્ય ભાઈશ્રી :– વધારે જાણું છું. ગુરુ કરતાં પણ મારી યોગ્યતા વધારે છે. કોઈ અપેક્ષાએ પણ મારી યોગ્યતા વધારે છે. એવું પણ ન વિચારવું જોઈએ. કેમકે જે ગુરુ છે એ તો ગુણથી મહાન છે અને જે પોતાના ગુણથી મહાન છે તો ગુણ આગળ બીજી બધી વિશેષતાઓ કોઈ વિશેષ નથી, ગુણ સૌથી વિશેષ છે. ખરેખર તો એમ છે.

પ્રશ્ન :– ગુરુની ભૂલ કાઢે તોપણ દોષ આવે ને ?

સમાધાન :– દર્શનમોહનો દોષ આવે.

મુમુક્ષુ :– ગુરુએ બધું સાચું કીધું પણ આટલું જરાક...

પૂજ્ય ભાઈશ્રી :– એ સમજ્યો નથી. એ ગુરુને સમજ્યો જ નથી. ગુરુને ગુરુ તરીકે નથી સમજ્યો, સામાન્ય વ્યિ ત સમજ્યો છે. એવું છે.

૧૭૩. '**ગુણ વગરનું વ  તૃત્વ સેવું નહીં.**' જે વ  તા છે એણે ગુણ કેળવવા. ગુણ કેળવીને વ  તૃત્વમાં આવવું. એ પહેલાં વ  તૃત્વમાં ન આવવું. આ એક વ  તાને બહુ સારું માર્ગદર્શન આપ્યું છે. એમને એમ જે વ  તા થઈ જાય છે – વગર ગુણે, એને જાણપણું તો છે, ક્ષયોપશમ તો છે, સમજાવી તો શકે છે એ આ માર્ગમાં ચાલતું નથી. ગુણવાન હોય, ગુણ ભલે ઓછા-વત્તા અંશે પણ ગુણ પ્રગટ કરે એને વ  તૃત્વનો અધિકાર છે. એટલે પોતાના માટે એમ વિચારવું જોઈએ, પોતાના હિતના માટે એમ વિચારવું જોઈએ કે, ગુણ પ્રાપ્ત કરીને હું વ  તૃત્વને સેવું, ગુણ વગર વ  તૃત્વને હું સેવવા ઇચ્છતો નથી અથવા કરવા ઇચ્છતો નથી. એ બહુ સારુ માર્ગદર્શન છે. વ  તા થતાં પહેલાં આ એક બહુ મહત્ત્વનો મુદ્દો છે.

પ્રશ્ન :– ગુણ એટલે સમ્યગ્દર્શન લેવું ?

સમાધાન :– સમ્યગ્દર્શનમાં તો સવાલ જ નથી, (એમાં તો) ગુણ પ્રાપ્ત થઈ ગયા પણ સમ્યગ્દર્શન પહેલાંની પણ યથાર્થ ભૂમિકામાં આત્માર્થી અંગેના જે કેટલાક ગુણો આવવા જોઈએ એટલા તો

ઓછામાં ઓછા હોવા જોઈએ તો કાંઈક વ  તૃત્વ છે એનો પોતે ગુણ – લાભ લઈ શકે અથવા સ્વ-પર હિતકારી પ્રવૃત્તિ થઈ શકે. નહિતર પોતાને પણ નુકસાન થાય અને બીજાને પણ નુકસાન થાય. આ જગ્યાએ એ બહુ મહત્ત્વની વાત કરી છે.

પ્રશ્ન :– ખરા વ  તા ખરેખર તો પોતાનું જ કરે ને ?

સમાધાન :– ખરેખર તો જે સ્વાધ્યાય છે, વ  તા છે એ પોતાનો સ્વાધ્યાય કરે છે, પોતાના આત્માને ઉપદેશે છે. ખરી વાત આ છે. ઉપદેશમાં અંતરંગમાં પોતાના આત્માને ઉપદેશે છે.

મુમુક્ષુ :– 'ગુરુદેવશ્રી'એ ખરેખર તો પોતે પોતાનું જ કર્યું.

પૂજ્ય ભાઈશ્રી :– એમ જ છે. પછી બીજાને એ સાંભળતાં આપોઆપ ઉપદેશ ગ્રહણ કરવાનું યોગ્ય જીવોને એમાંથી સૂઝે છે. આપોઆપ જ.

પ્રશ્ન :– આ ગુણ લૌકિક ગુણ લેવા કે...?

સમાધાન :– લૌકિક ગુણનો સવાલ નથી. આત્મપ્રાપ્તિ અંગેના જે પૂર્વભૂમિકાના ગુણો છે એ ગુણોની વાત છે. આત્માર્થીને યોગ્ય ગુણોની વાત છે. મધ્યસ્થતા, સરળપણું, જિતેન્દ્રિયપણું, પ્રયોજનની તીક્ષ્ણતા, સૂક્ષ્મતા, સ્વરૂપપ્રાપ્તિની ભાવના, પૂર્ણ નિર્દોષતાનું ધ્યેય એ બધા જે પ્રકાર મોક્ષાર્થીની ભૂમિકામાં છે એ બધા ગુણો છે.

૧૭૪. '**તત્ત્વજ્ઞ તપ અકાળિક કરું નહીં.**' અકાળિક એટલે કાળ પાક્યા પહેલાં, એમ. ત્યાં પોતાની શ  તનો સવાલ છે. તત્ત્વથી તપની જે વાત હોય પણ એ પોતાની શ  ત જોઈને કરે. નહિતર અકાળિક થઈ જાય છે. (અકાળિક એટલે) કાળ પહેલાં.

૨૩૬માં સદાચારને યોગ્ય એક બોલ છે. '**કંદમૂળનું ભક્ષણ ન કરું.**' એ બાહ્ય આચારમાં જાય છે. કેમકે કંદમૂળની અંદર, જેવી રીતે માંસની અંદર ઘણાં જીવોની હિંસા છે, એવો જ પ્રકાર કંદમૂળમાં છે.

મુમુક્ષુ :– ૧૮૪.

પૂજ્ય ભાઈશ્રી :– **'જડની દયા ખાઉં.'** (૧૮૨) **'નિરભિમાની થાઉં.'**, (૧૮૩) **'મનુષ્ય જાતિનો ભેદ ન ગણું.'** **'જડની દયા ખાઉં.'** જડ તો હવે ચેતન નથી પછી એની તો શું દયા ખાવાની હોય ? એની અંદર કોઈ અપેક્ષા રાખી છે. બહુ ટૂંકું લખેલું છે એટલે કોઈ ન્યાય પોતાના મનમાં રાખેલો છે. ખરેખર તો જે નિર્દય પરિણામ છે એ માનસિક અને દૈહિક ત્રાસ બીજા જીવો ઉપર ગુજારવામાં થાય છે. આખરમાં એનો હેતુ તો જીવ ઉપર જાય છે. પછી ભલે કોઈ દેહને લગતી વાત હોય. જેમકે કોઈ જીવ-જીવાતનો ઘાત થાય છે. વાત તો જીવની દયાની છે. જડ અને ચૈતન્ય ભિન્ન છે. જડ દેહને હું તો આમ કરું છું, જીવને ક્યાં હું અડી શકું છું ? જીવ ક્યાં મરે છે ? એવી કોઈ અપેક્ષાથી વાત લાગુ થઈ શકે. (બાકી બીજી) કોઈ અપેક્ષા બેસતી નથી.

૨૩૮. **'આજીવિકા માટે ઉપદેશક થઉં નહીં.'** એ ફરીને આવ્યું છે.

૨૮૩. **'ખોટી પ્રશંસા કરું નહીં.'**

મુમુક્ષુ :– ૨૧૮.

પૂજ્ય ભાઈશ્રી :– **'ત્રિદંડથી ખેદ માનું નહીં.'** ત્રિદંડ – મન, વચન ને કાયા, એમ ત્રણ. ત્રણ પ્રકારે કોઈ દંડ થાય કે પ્રતિકૂળતા થાય તો એનાથી ખેદ માનું નહિ, એને પ્રતિકૂળતા ગણું નહિ.

પ્રશ્ન :– આ જે ૧૪૩મા પાને લીધું છે **'હૃદયને ભ્રમરરૂપ રાખું.'**, **'હૃદયને કમળરૂપ રાખું.'**, **'હૃદયને પથ્થરરૂપ રાખું.'** એમાં શું કહેવું છે ?

સમાધાન :– કોઈ અપેક્ષા લીધી છે. પોતે એમાં શું ધારણા રાખી છે એ તો કહેવું મુશ્કેલ પડે.

મુમુક્ષુ :– **'કાયાને કૂર્મરૂપ રાખું.'** (૨૫૯).

પૂજ્ય ભાઈશ્રી :– કૂર્મ... કૂર્મ...! કૂર્મ એટલે ચામડું... ચામડું. વાળે એમ વળી શકે. ચામડું જેમ વાળવું હોય એમ વળે. એમ કાયાને પણ. મને આના વગર ન ચાલે એમ નહિ. ચા વગર ન ચાલે, ફલાણાં

વગર ન ચાલે એમ નહિ. એવી રીતે ટેવ એવી પાડવી જોઈએ કે, આના વગર ન ચાલે એવી શારીરિક પ્રક્રિયા નહિ હોવી જોઈએ, એમ. એમણે મનમાં શું રાખ્યું છે એ બીજી વાત છે. આ તો આપણે વિચારીએ તો એવી રીતે વિચારવું. કેમકે આમાં તો શું છે કે, જ્યારે બહુ ટૂંકા વચનો લખ્યા હોય (ત્યારે સમજવું અઘરું પડે).

મુમુક્ષુ :– ૨૬૩માં લખે છે કે, '**હૃદયને લીંબુરૂપ રાખું.**'

પૂજ્ય ભાઈશ્રી :– '**હૃદયને લીંબુરૂપ રાખું.**' લીંબુમાં એવો શું ગુણ છે ? એમ. ઈ વિચારવું પડે. લીંબુમાં એવો કયો (ગુણ) વિચાર્યો કે જે હૃદય સાથે મેળ ખાય છે ? હૃદયમાં સરળતા હોય, હૃદયમાં કઠોરતા ન હોય અને ભીનાશ હોય. એમ. કૂણું હૃદય હોય, સરળ હૃદય હોય જેને એમ કહે છે.

મુમુક્ષુ :– માતાજીએ કહ્યું, ભીંજાયેલું હૃદય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ તો એમાંથી અનેક અર્થ નીકળે છે. જેવા જેવા એના ગુણો વિચારો (એવો અર્થ નીકળે). પોતે મનમાં શું રાખ્યું છે એ બીજી વાત છે. લખનારનો અભિપ્રાય શું છે એ ચોક્કસ ન કહી શકાય. એટલા બધા ટૂંકા વચનો છે કે બધી જગ્યાએથી સીધો જ લખનારનો અભિપ્રાય ખેંચી નથી શકાતો.

મુમુક્ષુ :– '**વચનને નિદ્રારૂપ રાખું.**' (૨૭૦).

પૂજ્ય ભાઈશ્રી :– '**વચનને નિદ્રારૂપ રાખું.**' આગ્રહ ન કરવો એમ એમાંથી નીકળે. આ મારું વચન છે, મારો શબ્દ ન ફરે, હું કહું છું એમ જ (થાય), મારો શબ્દ એટલે અફર શબ્દ છે એમ પકડ રાખે. એમ નહિ રાખવું જોઈએ. નિદ્રાનો કોઈ ગુણ લીધો છે.

પ્રશ્ન :– નિદ્રામાં જેમ શાંતિ રહે છે એમ બોલવામાં સૌમ્યતા રાખવી એમ હશે ?

સમાધાન :– આમ તો નિદ્રામાંથી ગુણ કાઢવો જ મુશ્કેલ છે.

પ્રશ્ન :– મૌન રાખવું ?

સમાધાન :– વચન બોલવું અને મૌનરૂપ રાખવું બે વાત કેવી રીતે બને ? પછી ગમે ઈ તર્ક-વિતર્કથી મારીમચડીને બેસાડવું પડે (એમ નહિ).

૨૮૩. '**ખોટી પ્રશંસા કરું નહીં.**' એમાં કૌંસમાં લખ્યું છે. મુનિ, બ્રહ્મચારી, ઉપદેશક, ગૃહસ્થ સામાન્ય. બધાની અપેક્ષા લઈ લીધી. ખોટી પ્રશંસા કોઈની કરું નહિ. જેટલા ગુણ હોય એટલા કહું. ગુણ ન હોય અને એની પ્રશંસા કરવી એને ખોટી પ્રશંસા કહે છે. હોય અવગુણી છતાં ગુણ ગાય અથવા ગુણ ન હોય અને ગુણ ગાય એ બધી ખોટી પ્રશંસા છે. એ કરવા યોગ્ય નથી. જે ખોટી પ્રશંસા કરશે એ ખોટું આળ પણ આપી દેશે.

૩૬૪. '**પ્રતિમાને નિંદું નહીં.**' ભગવાનની પ્રતિમા હોય એની નિંદા કરવાનો પ્રશ્ન નથી રહેતો. કેમકે એ તો નિર્દોષ શુ લધ્યાનનું પ્રતીક છે. પ્રતિમા તો શુ લધ્યાનનું પ્રતીક છે. નિર્મળતા, પવિત્રતા પરિપૂર્ણ પ્રગટ થઈ છે એનું પ્રતીક છે.

મુમુક્ષુ :– ૩૬૫.

પૂજ્ય ભાઈશ્રી :– '**પ્રતિમાને નીરખું નહીં.**' હા, આમાં એક એવી વાત આવે છે કે, પ્રતિમામાં જે આત્માના ભાવ છે, આત્મિકભાવ છે એને નીરખવાના છે. પ્રતિમાને નીરખવા માટે પ્રતિમા નથી. કેમકે એ તો દેહાકાર છે. દેહબુદ્ધિથી નહિ જોવું. એવી રીતે પ્રતિમાને ન નીરખાય. પ્રતિમામાં આત્મિકભાવોને નીરખાય છે. ભાવને નીરખવા માટે – આત્મભાવને નીરખવા માટે પ્રતિમા છે. દેહને નીરખવા માટે પ્રતિમા નથી. ચહેરો બહુ સુંદર છે, ફલાણું આમ છે... આમ છે... એ બરાબર નથી, એવી રીતે પ્રતિમાને ન જોવી જોઈએ. એમાં શું છે કે એ મનુષ્યનો – દેહનો ભાવ થઈ જશે. આત્માનો અને પરમાત્માનો ભાવ નહિ રહે. એમ. ખરેખર પ્રતિમા તો પરમાત્મભાવને પ્રદર્શિત કરે છે, પણ માત્ર દેહને જ નીરખે તો મનુષ્યપણું જોવાશે,

એમાં પરમાત્મપણું નહિ જોવાય. એની અંદર આ એક ખાસ વાત છે. એટલે એવી રીતે પ્રતિમાને ન નીરખાય. એના જે આત્મભાવો પ્રદર્શિત થાય છે એ રીતે નીરખાય. આકૃતિની દૃષ્ટિએ ન નીરખાય – એમ કહેવું છે. કળા છે, આકૃતિ છે, પથ્થર છે, ધાતુ છે, ફલાણું છે... એ રીતે નહિ જોવું.

૪૨૦. '**નીરાગીનાં વચનોને પૂજ્યભાવે માન આપું.**' નીરાગી એટલે વીતરાગ. વીતરાગના વચનોને પૂજ્યભાવે માન આપું. વચનો છે, જડ છે તોપણ પૂજ્યભાવે માન આપું. એમ. એ વાણી પ્રત્યેની પૂજ્યતાનો વિષય લીધો છે.

૪૨૨. '**તત્ત્વને જ ગ્રહણ કરું.**' એટલે તત્ત્વદૃષ્ટિથી તત્ત્વનો અભ્યાસ કરું અને તત્ત્વને ગ્રહણ કરું.

૪૨૩. '**નિર્માલ્ય અધ્યયન કરું નહીં.**' (એટલે) એમને એમ ઉપરછલ્લું વાંચી જાઉં એમ નહિ. સૂક્ષ્મ ઉપયોગથી, ગંભીરતાથી શાસ્ત્ર અધ્યયન કરવું જોઈએ, સ્થૂળ ઉપયોગથી નહિ કરવું જોઈએ.

પ્રશ્ન :– નિર્માલ્ય અધ્યયન કરું નહીં એટલે રાગ-દ્વેષવાળું અધ્યયન કરવું નહિ, એમ નહિ ?

સમાધાન :– નિર્માલ્ય એટલે માલ વગરનું, કસ વગરનું. માલ વગરનું કહો, કસ વગરનું કહો, જેમાં કાંઈ ગુણ ન થાય એવા પ્રકારનું – એને માલ વગરનું કહે છે. એમ નહિ (થવું જોઈએ). અધ્યયન કરવાના રાગથી કરી જાય કે આજ તો આટલા પાનાં વાંચ્યા, આટલી કલાક વાંચ્યું, એમ નહિ. પોતાને અંદરથી કસ શું મળે છે ? શાસ્ત્ર અધ્યયનનો એ મુખ્ય પ્રકાર હોવો જોઈએ.

૪૩૫. '**ક્ષમાપના વગર શયન કરું નહીં.**' આ સૂતાં પહેલાં ભાવનાનો એક પ્રકાર છે. દિવસ પર્યંત જે કાંઈ રાગ-દ્વેષ આદિ દોષિત પરિણામ થયા હોય એની ક્ષમાપના વિચારે તો હળવો થાય. એ બહુ સારો સદાચાર છે અને એ એટલા માટે છે કે, કોઈ કોઈ જીવોને

તો નિદ્રામાં દેહત્યાગ થાય છે, આયુષ્ય પૂરું થઈ જાય. એ પહેલાં આ જે પ્રક્રિયા હોય છે એ ઘણી હળવાશની છે. ક્ષમાપનાની જે પ્રક્રિયા છે એ હળવાશની (પ્રક્રિયા છે).

જેમ આપણે શાસ્ત્ર-સ્વાધ્યાય કરીએ તો કેમ પહેલાં સ્તુતિ કરીએ છીએ ? કે, પહેલેથી જ હળવો થઈ જાય. બાર મહિને એક આપણે ક્ષમાપનાનો વ્યવહાર છે કે, વર્ષ પર્યંત જે કાંઈ દોષ થયા હોય એની ક્ષમા માગે છે. એમ આ દિવસ પર્યંત (જે કાંઈ દોષ થયા હોય તેની ક્ષમાપના કરીને) હળવા થવાની વાત છે. બહુ સારો આચાર છે.

૪૪૦ '**મર્મલેખ કરું નહીં.**' મર્મ એટલે કોઈ અન્ય વ્યિ તઓના ગુપ્ત દોષોને ખુલ્લાં કરવા. એ લેખની અંદર એને મર્મલેખ કહે છે અથવા કોઈના મર્મસ્થાને દુઃખ પહોંચે, કોઈના હૃદયને ઠેસ પહોંચે, ભાવનાને ઠેસ પહોંચે, એવા લેખ લખવા એને મર્મલેખ કહે છે.

મુમુક્ષુ :– ૪૫૦.

પૂજ્ય ભાઈશ્રી :– '**પ્રવાહી પદાર્થમાં મોઢું જોઉં નહીં.**' '**આદર્શમાં જોઈ હસું નહીં.**' (૪૪૯). આદર્શ એટલે દર્પણ. '**આદર્શ જોઉં નહીં.**' (૪૪૮). એટલે દર્પણ જોઉં નહિ. જેમકે મુખાકૃતિની સુંદરતા. એમ. પછી અરીસામાં જોઈને હસવું નહિ. જેમ પોતાનું ને પોતાનું મોઢું જોઈ (હસવું) એ બધી જે બાળક જેવી ચેષ્ટા છે (એ કરવી નહિ). '**પ્રવાહી પદાર્થમાં મોઢું જોઉં નહીં.**' અરીસામાં મોઢું જોવું નથી પછી પ્રવાહી પદાર્થમાં ક્યાં જોવાનું રહે છે ? એ તો શૃંગારની ક્રિયા છે ને ? એટલા માટે.

મુમુક્ષુ :– આ બધા બોલ મહાનીતિમાં આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, મહાનીતિ એટલે General. મહા એટલે વિશાળ. મહા એટલે વિશાળ ! વિશાળ નીતિ લીધી છે.

૫૬૬. '**વાત્સલ્યતાથી વૈરીને પણ વશ કરું.**' એ વાત્સલ્ય લીધું છે. સામો જીવ ભલે વૈરભાવ રાખે, દ્વેષભાવ રાખે કે ગમે તે પ્રકારે

વૈમનસ્ય રાખે તોપણ પોતે એને વશ કરવા માટે વાત્સલ્યનો ઉપયોગ કરે. આ એક બહુ સારી પ્રક્રિયા છે. પોતે પોતાનું સ્થાન નથી છોડતો. સામાન્ય રીતે દ્વેષની સામે માણસને દ્વેષ આવે છે. અહીંયાં એ પ્રકાર નથી. આ માર્ગમાં બીજો પ્રકાર છે. દ્વેષ કરતો હોય તો એ કરે છે, હું તો મારા વાત્સલ્યને ન છોડું. એ પ્રકારે (વાત છે).

૬૩૪. '**માનાર્થે કૃત્ય કરું નહીં.**' માન વધારવા માટે કોઈ કાર્ય ન કરવું.

૬૩૫. '**કીર્ત્યર્થે પુણ્ય કરું નહીં.**' દાન, પુણ્ય પણ કીર્તિ માટે, આબરૂ વધારવા માટે કરું નહિ.

૬૭૪. '**સંતને સંકટ આપું નહીં.**' જે શાંત છે, જ્ઞાની છે, સત્પુરુષ છે એને સંકટમાં મૂકવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી. એને કોઈ પ્રતિકૂળતા થાય એ પ્રકાર તો એને સ્વાભાવિકપણે ભૂલથી પણ (ન હોય).

મુમુક્ષુ :– ૬૪૪.

પૂજ્ય ભાઈશ્રી :– '**મલિન વસ્ત્ર પહેરું.**' ખાસ કરીને પોતાનો જે દેખાવ છે એ બીજાને મોહ થાય એવો દેખાવ નહિ કરવા માટે. સામાન્ય રીતે વસ્ત્ર, આભૂષણ એ બીજાને મોહ ઉત્પન્ન થાય એવા પ્રકારથી નહિ પહેરવા જોઈએ. એ નીતિથી વાત છે. એટલા પૂરતું લેવું.

૬૮૧. '**સામા પક્ષનાં સગાં સ્વધર્મી જ ખોળીશ.**' એ બહુ સીધીસાદી વાત છે. સંસ્કારના કારણે અન્યમતની અંદર સગાઈ નથી કરતા એ સંબંધીની વાત છે. કુટુંબની અંદર સંસ્કારનું કારણ (થાય) છે.

૬૮૩. '**આજીવિકા અર્થે સામાન્ય પાપ કરતાં પણ કંપતો જઈશ.**' આજીવિકા માટે તીવ્ર પાપ તો ન કરવું પણ થોડું પાપ કરવું પડે તોપણ પોતાને ક્ષોભ થાય, હૃદયમાં કંપ થાય. જેને પૂર્ણ નિર્દોષ થવું છે એને એ પ્રકારની લાગણી હોય છે.

મુમુક્ષુ :– ૫૪૯.

પૂજ્ય ભાઈશ્રી :– '**કોઈ કાળે તત્ત્વ વડે કરી દુનિયામાંથી દુઃખ જશે એમ માનું.**' એ તો સીધી વાત છે કે તત્ત્વથી જ દુઃખ જાય છે. બીજી રીતે તો દુનિયામાંથી દુઃખ જવાનો પ્રશ્ન નથી. આખી દુનિયામાં નહિ પણ જ્યાંથી જાય ત્યાં તત્ત્વ વડે જ (જશે). કોઈપણ કાળે દુનિયામાંથી દુઃખ જાય તો તત્ત્વ વડે જ જશે. એમ માનવું. બીજી રીતે દુઃખ મટવાનું દુનિયામાં કોઈ સાધન નથી.

મુમુક્ષુ :– તત્ત્વથી જ સમાધાન થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– સમાધાન થાય છે અથવા નિરાકુળ શાંતિ તો તત્ત્વથી જ થાય છે ને ? આત્મતત્ત્વના અનુભવથી જ નિરાકુળ શાંતિ થાય છે. દુઃખ જાય છે એ તો તત્ત્વ વડે જ જાય છે. કોઈ કાળે એટલે સર્વ કાળે લઈ લેવું.

મુમુક્ષુ :– ૨૦મા વર્ષે કેવું સરસ લખ્યું છે ! એટલી ઉંમરમાં કેવા બોલ લખ્યા છે !

પૂજ્ય ભાઈશ્રી :– **એમની વિચારધારા કેટલી વિશાળ હતી ! એ ૭૦૦ વચનોની મહાનીતિ તો એમણે ૨૦મા વર્ષે લખી છે, એક જ દિવસમાં !**

મુમુક્ષુ :– પત્રાંક–૨૭માં એ વાત લખી છે.

પૂજ્ય ભાઈશ્રી :– ૨૭માં ? '**સાતસેં મહાનીતિ હમણાં એ ધર્મના શિષ્યોને માટે એક દિવસે તૈયાર કરી છે.**' (પાનું–૧૬૬) બરાબર છે, **બહુ વિશાળ વિચારધારા હતી ! સંસ્કાર લઈને આવેલા, આરાધન લઈને (આવેલા).**

૨૧મા આંકમાં પહેલું વચન છે.

'**આ તો અખંડ સિદ્ધાંત માનજો કે સંયોગ, વિયોગ, સુખ, દુઃખ, ખેદ, આનંદ, અણરાગ, અનુરાગ ઇત્યાદિ યોગ કોઈ વ્યવસ્થિત કારણને લઈને રહ્યા છે.**' એટલે પૂર્વકર્મને માનવું જ રહ્યું. અખંડ સિદ્ધાંત માનજો કે, જે કાંઈ સંયોગ-વિયોગ થાય છે, સુખ-દુઃખ, અનુકૂળતા-પ્રતિકૂળતાના

પ્રકાર ઉત્પન્ન થાય છે, એટલે જેટલા કોઈ યોગ નામ જોડાણ – સંયોગ થાય છે એ કોઈ વ્યવસ્થિત કારણને લઈને એટલે અવશ્ય આ જીવનું જ બાંધેલું પૂર્વકર્મ છે. એવી વ્યવસ્થા છે. અધ્ધરથી એમનેમ થતું નથી, મફતનું થતું નથી. કેટલીક વાર માણસને ગમતું નથી કે, આમ નહિ થવું જોઈએ. તો કહે છે, પૂર્વકર્મ એમ જ કુદરતને મંજૂર છે. એમાં કોઈ વિકલ્પ કરવા જેવો નથી, વ્યવસ્થિત છે. એ પૂર્વકર્મનો સિદ્ધાંત છે.

૩. '**કોઈનો પણ સમાગમ કરવા યોગ્ય નથી છતાં જ્યાં સુધી તેવી દશા ન થાય...**' (તેવી દશા એટલે અસંગ દશા). કોઈનો પણ સમાગમ ન કરવો એટલે એકાંતમાં અસંગ રહેવું. છતાં જ્યાં સુધી તેવી પરિપકવ દશા ન થાય – અસંગ દશા ન થાય '**ત્યાં સુધી સત્પુરુષનો સમાગમ અવશ્ય સેવવો ઘટે છે.**' આ નાખ્યું. કોઈ કુસંગ કરવો નહિ, સત્પુરુષ સિવાય સંગ કરવો નહિ. એ વાત એમણે પોતાની પદ્ધતિથી લખી છે, વિશિષ્ટ પદ્ધતિથી (લખી છે).

આમ તો પરમાર્થે તો કોઈનો સમાગમ કરવા જેવો નથી. આ આત્મા અસંગ તત્ત્વ છે અને અસંગ તત્ત્વની અસંગ દશા રહે તે જ એને ઉચિત છે. તોપણ એ દશાને પહોંચી ન શકે ત્યાં સુધી લૌકિક સંગ, કુસંગ નહિ કરતાં સત્પુરુષનો સંગ કરવો ઘટે છે.

મુમુક્ષુ :– કુસંગનો કડક નિષેધ કર્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, '**કોઈનો પણ સમાગમ કરવા યોગ્ય નથી**' એમાં બધો કુસંગ આવી જાય.

૬. '**એક ભોગ ભોગવે છે છતાં કર્મની વૃદ્ધિ નથી કરતો,...**' એક એટલે (અહીંયાં) જ્ઞાની લેવા. જ્ઞાની ભોગ ભોગવે છે છતાં કર્મની વૃદ્ધિ નથી કરતો, કેમકે નીરસ પરિણામ છે. '**અને એક ભોગ નથી ભોગવતો...**' (એટલે કે) મિથ્યાદૃષ્ટિ. '**છતાં કર્મની વૃદ્ધિ કરે છે; એ આશ્ચર્યકારક પણ સમજવા યોગ્ય કથન છે.**' વિચિત્ર વાત છે. એક

ભોગ ભોગવે છે (છતાં) કર્મ બાંધતો નથી, એક ભોગવતો નથી અને કર્મ બાંધે છે ! વિચિત્ર વાત છે, પણ છતાં એ સમજવા યોગ્ય કથન છે. એટલે કે સમ્યક્દૃષ્ટિનું સ્વરૂપ સમજવા યોગ્ય છે, મિથ્યાદૃષ્ટિનું સ્વરૂપ સમજવા યોગ્ય છે. એમ એમાંથી કાઢ્યું છે પણ ગૂઢ ભાષામાં એ વાત એમણે લખી છે.

મુમુક્ષુ :– 'સમયસાર'ના 'નિર્જરા અધિકાર'માં આવે છે...

પૂજ્ય ભાઈશ્રી :– હા, 'નિર્જરા અધિકાર'માં એ ભાવ આવે છે પણ એમને તો 'સમયસાર' નથી મળ્યું એ પહેલાં લખ્યું છે. પોતાની સૂઝ, વિચારણાથી લખેલું છે.

મુમુક્ષુ :– આ શબ્દો બરાબર એને મળતા આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, મળતા આવે છે છતાં પોતાની વિચારણામાંથી કાઢેલું છે.

૮. **'આપણે જેનાથી પટંતર પામ્યા તેને સર્વસ્વ અર્પણ કરતાં અટકશો નહીં.'** પટંતર એટલે મિથ્યાત્વનો પડદો જેનાથી તૂટ્યો હોય, મિથ્યાત્વ નાશ થાય એવો બોધ જેનાથી મળ્યો હોય '**તેને સર્વસ્વ અર્પણ કરતાં અટકશો નહીં.**' એના પ્રત્યે પૂરી અર્પણતા રાખવી. એ ઉપકારી પ્રત્યેની ભિ તનો વિષય લીધો છે.

૧૦. **'હજારો ઉપદેશવચનો, કથન સાંભળવા કરતાં તેમાંનાં થોડાં વચનો પણ વિચારવાં તે વિશેષ કલ્યાણકારી છે.'** થોડાં એટલે પોતાને પ્રયોજનભૂત હોય તેવા થોડાં. એમ. ગમે તેવા થોડાં એમ નહિ. ગમે ત્યાંથી ગમે તે લઈ લેવા એમ નહિ, પણ જે પોતાને ઉપયોગી હોય, પોતાના પ્રયોજનમાં જે લાગુ પડતા હોય એવા જે કોઈ થોડાં વચનો હોય એ વિશેષ વિચારવા એ કલ્યાણકારી છે. ઘણું વિચારવું, ઘણું વાંચવું, ઘણું સાંભળવું એ કલ્યાણકારી નથી પણ પોતાને ઉપયોગી હોય એવું થોડું પણ વધારે વિચારવું એ કલ્યાણકારી છે. એવું એક માર્ગદર્શન એની અંદરથી નીકળે છે.

કેમકે લોકો એ રીતે સામાન્ય બુદ્ધિમાં એમ વિચારે છે કે, ઘણું સાંભળ્યું અને ઘણું વાંચ્યું માટે ઘણો લાભ – એમ નથી. પોતે કેટલું અંગીકાર કર્યું અને પોતે કેટલું ઉતાર્યું એના ઉપર એનો લાભ-નુકસાન છે. અથવા જે વિવેક નથી કરતો એ બધું ભેગું જ કરે છે – Collection (કરે છે), સમાચારો, માહિતી ભેગી કરે છે. પોતાને એમાં ઉપયોગી શું છે એ વાત નથી રહેતી.

૧૨. '**જ્ઞાનીઓએ એકત્ર કરેલા અદ્‌ભુત નિધિના ઉપભોગી થાઓ.**' જ્ઞાનીઓએ જે મહામૂલી નિધિ, એટલે જે કાંઈ મુખ્ય વાત કરી છે (અર્થાત્) સ્વરૂપની મહિમાની, સ્વરૂપની પ્રાપ્તિની, એના ઉપભોગી થાઓ. એ જ્ઞાનીઓએ ખરેખર એકત્ર શું કર્યું છે ? એમને સ્વરૂપનો – આત્મસ્વરૂપનો વિષય મુખ્ય છે. એટલે એ નિધિ છે. અનંત ગુણનો નિધિ તો એ છે. અદ્‌ભુત નિધિ ! એના ઉપભોગી થાઓ. એટલે સ્વરૂપ અનુભવન ઉપર વાત લીધી છે.

મુમુક્ષુ :– એને અદ્‌ભુત નિધિ કીધી છે.

પૂજ્ય ભાઈશ્રી :– અદ્‌ભુત નિધિ કીધી છે. જ્ઞાનીઓના વચનોનું કેન્દ્રસ્થાન એ છે.

૧૪. '**પઠન કરવા કરતાં મનન કરવા ભણી બહુ લક્ષ આપજો.**' વાંચી જવા કરતાં મનન કરવું એ વધારે વજન આપવા જેવો વિષય છે. વાંચવા કરતાં પણ એના ઉપર એનું મનન વિશેષ ચાલે (એ મહત્ત્વનું છે). ઘણું વાંચી જવું એવું નહિ હોવું જોઈએ. થોડું પણ જેટલું વાંચ્યું હોય એના ઉપર પોતાનું મનન કેટલું ચાલે છે એ વધારે લક્ષ આપવા જેવો વિષય છે.

૧૫. '**મહાપુરુષનાં આચરણ જોવા કરતાં તેનું અંતઃકરણ જોવું એ વધારે પરીક્ષા છે.**' સામાન્ય બુદ્ધિવાળા માણસો બાહ્ય આચરણથી પરીક્ષા કરે છે. ખરેખર એમની અંતરંગ દશા છે એ પરીક્ષા કરવાનો વિષય છે. અંતઃકરણ કહો કે એમની અંતર પરિણતિ કહો, એમની

અંતરંગ દશા કહો એ મુખ્ય પરીક્ષા કરવાનો વિષય છે. મહાપુરુષ ત્યાંથી ઓળખાશે. આચરણથી નહિ પણ અંતઃકરણથી ઓળખાશે. આચરણથી ઓળખવા જઈશ (તો) કદાચ તારી ભૂલ થઈ જશે. કેમકે મહાપુરુષોને ભિન્ન ભિન્ન પ્રકારના ઉદય હોય છે. એક પ્રકારના ઉદય બધા મહાપુરુષોને હોતા નથી. તેથી આચરણ જોવામાં પરીક્ષા નહિ થાય એનું અંતઃકરણ તપાસવામાં, એની પરિણતિ જોવામાં ખરેખરી પરીક્ષા થાય છે.

એ પરિણતિ જોવાની નજર હોવી, પરિણતિ જોવાની યોગ્યતા કેળવવી એ પછી પરીક્ષા કરનારની પરિસ્થિતિ ઉપર આધારિત છે, પણ એટલી તૈયારી તો પરીક્ષા કરનારની હોય તો મહાપુરુષને ઓળખી શકે. નહિતર કેવળ બાહ્ય આચરણને જોવા જાય; કોઈ ત્યાગી, વૈરાગી હોય પણ મહાપુરુષ ન હોય, જ્ઞાની ન હોય (તો) એમાં ભૂલો પડી જાય. એને અનુસરી જાય. એવું થાય. એટલે આમ ખાસ તાત્ત્વિક દૃષ્ટિનો વિષય છે. અંતઃકરણને તપાસવું એટલે એની પરિણતિને ઓળખવી એ તત્ત્વદૃષ્ટિનો વિષય છે અને એટલી તૈયારી હોય એને નુકસાનથી બચવાનો સંભવ છે. નહિતર કાંઈને કાંઈ, કોઈને કોઈ રીતે માણસ ભૂલમાં આવી જાય છે.

અહીં સુધી રાખીએ.

## તા. ૧૭-૦૭-૧૯૮૯, પ્રવચન નં. ૧૫
## વચનામૃત-૨૧

'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ. પાનું-૧૫૬. આંક ૨૧માં વચનામૃત છે એમાં ૧૭મું વચનામૃત, ૧૫૬ પાને. પહેલી લીટી.

**'મહાત્મા થવું હોય તો ઉપકારબુદ્ધિ રાખો; સત્પુરુષના સમાગમમાં રહો; આહાર, વિહારાદિમાં અલુબ્ધ અને નિયમિત રહો; સત્શાસ્ત્રનું મનન કરો; ચી શ્રેણીમાં લક્ષ રાખો.'** મહાત્મા થવું એટલે મહાપુરુષ. જે કોઈ મહાપુરુષ થયા તે બધા પહેલાં સામાન્ય મનુષ્ય હતા. એમણે વિશાળતા શું રાખી ? કે, કોઈના ઉપર પણ ઉપકાર કરવો, કોઈના ઉપર પણ અપકાર ન કરવો.

ઉપકારબુદ્ધિ રાખવી એટલે બધા જ ઉપર, થઈ શકે એટલા બધા જ ઉપર ઉપકાર કરવાનો અભિપ્રાય રાખવો અને એ અભિપ્રાય અનુસાર થઈ શકે એટલો ઉપકાર કરવો. એટલે બીજાને લાભ થાય તે જોવું. ઉપકારબુદ્ધિ રાખવી એટલે બીજા સર્વ કોઈને લાભ થાય તે દૃષ્ટિકોણ રાખવો.

આ એક હૃદયની વિશાળતાનો પ્રકાર છે. જેનું વિશાળ હૃદય છે, જેના હૃદયમાં ઉદારતા છે એ સર્વ પ્રત્યે ઉપકારબુદ્ધિ રાખે છે, સર્વ પ્રત્યે ઉપકાર કરવાનો અભિપ્રાય રાખે છે. એ મહાનતા હોવાથી, એવું વલણ તે મહાન હોવાથી એમની પ્રસિદ્ધિમાં તે મહાત્મા કહેવાય

છે. પ્રસિદ્ધિ ન થાય તોપણ તે મહાત્મા જ છે. એની મહાનતા છે માટે (મહાત્મા જ છે).

'**સત્પુરુષના સમાગમમાં રહો;...**' એને સત્સંગ હોવો જોઈએ, કુસંગ નહિ હોવો જોઈએ. ગુણવાન પુરુષોના સમાગમમાં રહે એ પોતાને હિતનું કારણ છે. મુમુક્ષુથી માંડીને મુનિદશા પર્યંત સમાગમમાં એક માત્ર સત્સમાગમ જ આદરણીય છે. કુસંગ જરા પણ આદરણીય નથી. એ પોતાના પરિણામને ચડવાનો પ્રકાર છે અને કુસંગ છે એ એક પડવાનો પ્રકાર છે. મુનિ પણ દ્રવ્યલિંગી મુનિનો સમાગમ રાખે તો પડી જાય. ભાવલિંગી મુનિ હોય અને એની સાથે કોઈ દ્રવ્યલિંગી મુનિ ફરતા હોય, એના પ્રત્યે પ્રીતિ રાખે, એની સેવાની અપેક્ષા રાખે, એના સમાગમમાં પ્રેમ રાખે, પ્રીતિ રાખે, અનુરાગ રાખે, રુચિ રાખે તો મુનિદશામાંથી પડી જાય. નીચેવાળાએ તો હંમેશાં પોતાથી જે વિશેષ ગુણવાન હોય એનો સમાગમ કરવો. એ પોતાને ઉચ્ચ પરિણામ થવાનું કારણ થાય છે.

પ્રશ્ન :– ભાવલિંગી મુનિ તો બળવત્તર છે, એનામાં ફેરફાર ન કરાવે અને પોતે પડી જાય ?

સમાધાન :– બળવત્તર છે પણ એના સમાગમની ઇચ્છા રાખે તો પડી જાય. જે નીચેવાળા છે એ તો ઉપરવાળાના સમાગમનો ભાવ રાખે એમાં ઉપરવાળાને નુકસાન નથી. પણ ઉપરવાળા નીચેવાળાના (સમાગમનો) ભાવ રાખે તો પડી જાય. એમ વાત છે. એને એવો ભાવ નહિ રાખવો. એમ. પેલો તો પોતાના હિતના કારણથી અનુસરશે પણ પોતે એને અનુસરે એવું નહિ કરવું જોઈએ.

એટલે શું છે ? એમાં બહુ સીધી વાત એ છે કે, જે નીચેના સ્થાને છે એ એટલા માટે નીચેના સ્થાને છે કે એનામાં દોષ છે. ચાં સ્થાને છે એ એટલા માટે છે કે એનામાં નિર્દોષતા છે અને ગુણ છે. તો ઉપરવાળા નીચેવાળાના દોષને પોતે કરે તો નહિ પણ

એની પાસે કરાવે પણ નહિ, કરતો હોય તો અનુમોદે નહિ, પણ નિષેધે. એટલે એને અનુસરવાનું ન થયું. પણ નીચેવાળાના દોષનું સંરક્ષણ કરે કે, ભાઈ ! એ મને અનુકૂળ રહે છે માટે એના દોષનું રક્ષણ કરે, એના દોષનું અનુમોદન કરે, એના દોષને ગૌણ કરે તો પોતે દોષિત થઈ જાય – પોતે પડી જાય. એમ છે. અને એવું ત્યારે જ કરે કે એને કાંઈ અપેક્ષાભાવ રહેતો હોય તો. એ અપેક્ષાભાવને સમાગમ કીધો છે.

સમાગમ કરવો એટલે અપેક્ષાભાવે સંગમાં રહેવું, સંગમાં જવું. કોઈ અપેક્ષાથી સંગમાં જવું, સંગમાં રહેવું – એ એને સમાગમ કર્યો કહેવાય છે. નીચેવાળા  ચેવાળાનો સમાગમ કરે છે.  ચેવાળા નીચેવાળાનો સમાગમ કરે છે એમ ન કહેવાય, એમ ન કહી શકાય. ભલે એના સંગમાં એ આવે છે તોપણ. એટલો ફરક છે.

‘**આહાર, વિહારાદિમાં અલુબ્ધ...**’ આહારમાં, વિહારમાં એટલે કોઈ પંચેન્દ્રિયના વિષયમાં નીરસ પરિણામ. ‘**અને નિયમિત...**’ નિયમિત એટલે મધ્યમ કક્ષાનું. જેમકે આહાર છે તો મિતાહાર જેને કહેવામાં આવે છે (એવો આહાર લે). બહુ વધારે આહાર તો માણસને સ્વાદની તીવ્રતા થાય તો જ કરે છે. નહિતર વધારે આહાર કરવાનો પ્રશ્ન રહેતો નથી. મધ્યમ કોટિનો આહાર ફ ત શરીરનિર્વાહ માટે (લે). શરીરમાં રહેવાથી શરીરને ભાડું ચૂકવવું પડે. બસ ! એટલું કારણ (છે).

નિયમિતપણે આહાર, વિહારમાં અલુબ્ધ પરિણામે રહે. સત્શાસ્ત્રોનું અધ્યયન, મનન, ચિંતન રાખે. ‘  **ચી શ્રેણીમાં...**’ એટલે પોતાના આત્માને  ચે લાવવો. ઉપલા વર્ગમાં, ઉપરની કક્ષામાં પોતાનો આત્મા આવે એવું લક્ષ રાખે. આ બધા પ્રકાર મહાપુરુષ થવાના છે. આવો જીવ આગળ જતાં મહાપુરુષ થઈ શકે છે, થાય છે.

મુમુક્ષુ :– આહાર તો બરાબર છે. વિહારમાં...

પૂજ્ય ભાઈશ્રી :– આહાર, વિહાર આદિ એમ લીધું ને ? એ પંચેન્દ્રિયના વિષય લઈ લેવાં, જે ઉદયગત પંચેન્દ્રિયના વિષય હોય એ બધાંમાં નિયમિત થઈ જવું. ઘણાં શરીર સ્વાસ્થ્ય માટે ફરવા જાય છે, લ્યો ને ! વિહાર કરે એટલે ફરવા જાય (છે). ખૂબ ચાલો, ખૂબ કસરત કરો, ખૂબ શરીરને સારું બનાવો – એમ નહિ. નિયમિત ! અમૂક નિયમ એનો હોવો જોઈએ. નીરસ પરિણામથી પ્રમાદ આદિ ન વધે એ ખાતર સામાન્ય જે પ્રકાર હોય એવો પ્રકાર નિયમિતપણે રાખે. મર્યાદિત, નિયમિત એટલે મર્યાદિત. એકદમ મર્યાદામાં રાખે. અતિ વધારે પણ નહિ, એકદમ નહિ એમ પણ નહિ. એમ.

મહાત્મા થવા એટલે પોતાને ઉચ્ચ કોટિમાં આવવા માટે. એમ. મહાત્મા કહેવડાવવા માટે નહિ, પણ મહાનતા ગ્રહણ કરવા માટે, મહાનતા પ્રાપ્ત કરવા માટે, મહાન ગુણોની ઉપલબ્ધિ કરવા માટે. એમ. આત્માના ગુણો પ્રગટ કરવા માટે. એમ લેવું.

પ્રશ્ન :– આત્માર્થીની ભૂમિકા તરીકેની વાત છે ?

સમાધાન :– હા, આત્માર્થી તરીકેની જ વાત છે. જેમકે એક વાત કરીએ તો 'શ્રીમદ્જી'ને અત્યારે આપણે શું કહીએ છીએ ? કે, એક મહાપુરુષ થઈ ગયા. પણ એ તો એમણે પોતે ૨૦ વર્ષની ઉંમરે આ બધા વિચાર કર્યા છે. ત્યારે એ સામાન્ય કોટિમાં છે. પછી આગળ વધતાં વધતાં સમ્યગ્દર્શનને પામ્યા. એથી સ્વરૂપમાં વિશેષ રમણતા કરતાં એકાવતારી પદ સુધી પહોંચ્યા તો આજે આપણે એને મહાત્મા કહીએ છીએ. એ કંઈ જન્મ્યા ત્યારે થોડા મહાત્મા હતા ? એમ. તે મહાત્મા થયા. તો જેને એવા થવું હોય તેણે શું કરવું જોઈએ ? એટલી વાત લીધી. લાઇનદોરી આપી છે. અંદરની-બહારની, વિચારની-ચિંતવનની, આહાર-વિહારની, સમાગમની ચારે બાજુથી માર્ગદર્શન આપ્યું છે.

મુમુક્ષુ :– બધા વ્યવહારથી જ વાત કરી છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, વ્યવહારથી વાત કરી છે, પણ વ્યવહાર એટલે એવો વ્યવહાર કે જેને લઈને પોતાના પરિણામ ઉપર સીધી અસર આવે. ઉપકારબુદ્ધિ રાખવી એટલે એ પોતાના પરિણામની વાત છે. સત્પુરુષના સમાગમમાં જવું તો સત્‌ની રુચિ હોય તો રુચિવાળો સત્‌સમાગમ કરે છે. એમ એ બધા પરિણામનો વિષય થઈ ગયો ને ? એવી રીતે. આહાર-વિહારમાં નીરસ પરિણામ. અલુબ્ધ એટલે નીરસ પરિણામ. ગૃદ્ધિના પરિણામ આહારમાં ન હોય. ભલે ગમે તેવું સુંદરમાં સુંદર ભોજન બન્યું હોય તોપણ એને ગૃદ્ધિના પરિણામ ન થાય. નીરસપણે આહાર લ્યે કે, ઠીક છે, આ એક ભાડું દેવાની વાત છે, આથી વધારે કાંઈ નથી. આત્મા અનાહારી પદાર્થ છે. આહાર કરતો નથી, કરી શકતો નથી. એનો સ્વાદ લ્યે; એનો રસ લ્યે; જેટલો રસ તીવ્ર લ્યે એટલું આત્મા નુકસાન કરે.

ઇન્દ્રિય તરફના પરિણામોમાં જેટલો રસ લ્યે એટલો અતીન્દ્રિય સ્વભાવથી દૂર જાય. આ એનો સિદ્ધાંત છે. અતીન્દ્રિય પરિણમન અને અતીન્દ્રિય સ્વભાવથી એ દૂર રહે, નજીક ન આવી શકે. 'ગુરુદેવે' ત્યાં સુધી એ વાત લીધી કે, જેને પરલક્ષી ક્ષયોપશમજ્ઞાનના રસ ચડી જશે તેને અતીન્દ્રિય સ્વસંવેદનજ્ઞાન નહિ થાય, ઉત્પન્ન નહિ થાય, એ એનાથી દૂર થઈ જશે. કેમકે એ પણ મનસહિતના એક પરિણામ છે. એનો રસ ચડી જાય, ઉઘાડનો રસ ચડી જાય, ક્ષયોપશમનો રસ ચડી જાય (અર્થાત્) મને ઘણી સમજણ પડે છે, મને આવડે છે, હું જાણું છું – એ અતીન્દ્રિય જ્ઞાનનું સ્વસંવેદન(રૂપ) જે આત્માનું પરિણમન છે એનાથી એ દૂર થઈ જાય છે, એને એ પરિણમન થતું નથી, આવતું નથી. એટલે પોતાના ક્ષયોપશમની મહત્તા કરવી નહિ, બીજા એવા બહિર્લક્ષી ક્ષયોપશમવાળા હોય એની પણ મહત્તા કરવામાં એનું અનુમોદન આવી જાય છે. પોતાની મહત્તા

કરવી અને બીજાનું અનુમોદન કરવું એનું ફળ એક જ થાય છે. એવી વાત છે.

મુમુક્ષુ :– બીજાનું અનુમોદન કરવામાં પોતાની મહત્તાની ઇચ્છા રહેલી છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, રહેલી જ છે. ગર્ભિતપણે એમ છે કે, મને પણ આવું જ થાઓ. આવો જેનો ઉઘાડ છે એવો ઉઘાડ મારે હોય તો કેવું સારું ! એમ એનો અર્થ છે. અનુમોદનનો સીધો અર્થ જ એ છે. જેમ બીજાનું સારું મકાન, મોટું મકાન જોઈને શું વિચારે છે કે, બહુ સરસ છે... બહુ સરસ છે... એનો અર્થ કે મારે એવું હોય તો સારું ! સીધી વાત છે. એ તો બીજાના બહાને પોતાની રુચિને પોષે છે, પોષણ આપે છે, વૃદ્ધિગત કરે છે. બહાનું બીજાનું છે, પરિણામ તો પોતાના છે.

મુમુક્ષુ :– ભાવના તો   ચી રાખવી, એમ કહેવાય છે.

પૂજ્ય ભાઈશ્રી :–   ચી એટલે ગુણની. ગુણ   ચા છે અને ગુણની ભાવના રાખવી. બાહ્ય વૈભવની નહિ, ક્ષયોપશમજ્ઞાનની નહિ. એ બધી ભાવના   ચી નથી એ તો નીચી ભાવના છે. એ ક્યાં   ચી ભાવના છે ?

૨૧. '**અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર અને અનંતવીર્યથી અભેદ એવા આત્માનો એક પળ પણ વિચાર કરો.**' એકાંતમાં બેસીને આ પોતાનું સ્વરૂપ છે, જેમાં અત્યારે અનંત જ્ઞાન વિદ્યમાન છે, અનંત દર્શન વિદ્યમાન છે, અનંત ચારિત્ર વિદ્યમાન છે, અનંત વીર્ય વિદ્યમાન છે. ચારિત્ર એટલે સુખ લઈ લેવું. અનંત સુખ વિદ્યમાન છે. ચાર કહ્યાં પણ ચારનું એક ભાવ સ્વરૂપ – ચારેથી અભેદ એવો આત્મા એટલે પોતાનું સ્વરૂપ. આત્મા એટલે કોઈ ચીજ નહિ. આત્મા એટલે પોતાનું સ્વરૂપ. એનો '**એક પળ પણ વિચાર કરો.**' હું આવો છું એનો વિચાર કરો એમ કહેવું છે. પોતાના આવા અસ્તિત્વ(નો), આવા

મોજૂદ સ્વરૂપનો વિચાર કરો. વિચાર કરો એનો અર્થ કે એને દેખવાનો, એને જોવાનો પ્રયત્ન કરો.

મુમુક્ષુ :– મૂળ સ્વરૂપની વાત એકદમ રસથી કરી છે.

પૂજ્ય ભાઈશ્રી :– કરી જ છે. કરી છે ને ! એ તો પોતે સંસ્કારી હતા. એટલે એમની જે વિચારણા છે એ શરૂથી જ સુવિચારણા તરીકે ચાલું થઈ ગઈ છે. 'જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજ જ્ઞાન.' આ નિજજ્ઞાન કહો કે આત્મજ્ઞાન કહો. જ્યાં આવી સુવિચારણા હોય છે ત્યાં આત્મજ્ઞાન પ્રગટ થાય છે. 'જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ.' મોક્ષનું કારણ છે. એક 'આત્મસિદ્ધિ'ની કડીમાં મુમુક્ષુની ભૂમિકાની સુવિચારણાથી માંડીને નિર્વાણના પદ સુધીની સંધિ છે ! એક પદની અંદર આટલી વાત છે ! ભૂલી જાય છે, જીવ પોતાના આવા અનંત ચતુષ્ટયથી મંડિત એવા સ્વરૂપને વિસ્મરણ કરે છે. એને અહીંયાં એમાં સાવધાન થવાની પ્રેરણા આપી છે. તું એમાં સાવધાન છે. પોતાનું આવું સ્વરૂપ છે એને સંભાળ.

એક પળ પણ વિચાર કરો એનો અર્થ કે એક પળ વિચાર કરો ને ! જેટલો થઈ શકે એટલો વિચાર કરો, પણ ઓછામાં ઓછું ચોવીસ કલાકમાં તદ્દન વિસ્મરણ રહે એમ તો થવું જ નહિ જોઈએ. એક ક્ષણ પણ જો પોતાના આવા સ્વરૂપને સંભાળવાની જાગૃતિ આવશે તો ચોવીસ કલાકના બીજા બધા પરિણામ ઉપર એની અસર આવશે. એમ છે. એવી એ વિશિષ્ટ વાત છે !

('સોગાનીજી'ની) બહુ ઉગ્રતાવાળી લાઇન હતી, એકદમ ! હાલતાં-ચાલતાં, ખાતા-પીતા ઘણો પુરુષાર્થ હતો !!

૨૪. '**નિર્ગ્રંથતા ધારણ કરતાં પહેલાં પૂર્ણ વિચાર કરજો;...**' આ દીક્ષા લેવાની વાત છે. નિર્ગ્રંથતા એટલે જિનદીક્ષા ધારણ કરતાં પહેલાં પૂરો વિચાર કરજો. '**એ લઈને ખામી આણવા કરતાં...**' દીક્ષા લઈને પછી એમાં ગમે તેમ ચાલવા કરતાં '**અલ્પારંભી થજો.**' ગૃહસ્થ

અવસ્થામાં આરંભ-પરિગ્રહ અલ્પ કરી નાખવો. મુનિદશા લેવી હોય તો બહુ વિચાર કરીને લેવી. એમાં પછી કોઈ પ્રતિજ્ઞાનો ભંગ થાય, કોઈ વ્રતનો ભંગ થાય, મૂળ આચારમાં ક્યાંય ફેર પડે એવું તો નહિ જ થવું જોઈએ. એ ન થાય તો અલ્પારંભી થવું પણ ઉતાવળ કરીને પ્રતિજ્ઞાભંગ થાય એ રીતે દીક્ષા નહિ લેવી જોઈએ. એ સાધુને માટે વાત કરી છે.

૨૯. '**યથાર્થ વચન ગ્રહવામાં દંભ રાખશો નહીં કે આપનારનો ઉપકાર ઓળવશો નહીં.**' કોઈ આત્મહિતના યથાર્થ વચન કહે તો એને ગ્રહણ કરવામાં દંભ રાખવો એટલે ઉપરથી ગ્રહણ કરવા, અંદરથી અભિપ્રાય બીજો રાખવો, અભિપ્રાય ખોટો લઈને બેસવું અને પોતે સાંભળવા બેસે છે, ગ્રહણ કરવા બેસે છે એવો દેખાવ થાય; અને જેણે યથાર્થ વચન આપ્યું હોય એના પ્રત્યે ઉપકારબુદ્ધિથી જોવું. બીજા પ્રકારે નહિ જોવું અથવા એની વિરુદ્ધ નહિ જવું. એ એના ઉપકારને નહિ ઓળવવા બરાબર છે અને નહિ તો ઓળવવા બરાબર છે. એટલે એ એક બહુ મોટો અપરાધ છે.

જીવના પરિણામ ઘણાં મલિન થાય ત્યારે તે યથાર્થ વચન ગ્રહણ કરવામાં પણ આડંબર કરે અને એવા વચન કહેનાર પ્રત્યે પણ વિરોધ કરે અથવા એના ઉપકારના પ્રત્યે અપકાર કરે એવું બને. એ ઘણા મલિન પરિણામ છે, એવું નહિ થવું જોઈએ. એવું એક માર્ગદર્શન છે.

સજ્જનતામાં તો એવી વાત લે છે કે, તૃષા લાગે અને કોઈ પાણી આપે – પીવડાવે તો એનો ઉપકાર ન ભૂલે. તો જે આત્મા સંભળાવે એનો ઉપકાર કેટલો ? આત્મરસનું પોષણ થાય એ રીતે જેના વચન હોય એનો ઉપકાર કેટલો ? એમ સજ્જનતાથી પણ વિચારે તો ઘણો ફરક પડે છે.

મુમુક્ષુ :– પાણી પાનારનો પણ ઉપકાર ભૂલતા નથી !

પૂજ્ય ભાઈશ્રી :– એવી સજ્જનતા હોય છે. તો આત્મરસ પીવડાવે એના પ્રત્યે તો એને કેટલો ઉપકારભાવ આવે ? એ બધો એક સજ્જનતાનો પ્રકાર છે.

પ્રશ્ન :– આ વસ્તુ સાંભળી પણ અમે ઉતારતા નથી તો દંભ કહેવાય ?

સમાધાન :– હા ! દંભ થાય છે. બીજા એમ કહે કે, આ તો તત્ત્વની મોટી મોટી વાતો કરે છે અને સાંભળે છે (પણ) આમાં તો કાંઈ માલ નથી. ઈ દંભ થયો ને ? એમ પ્રયત્ન તો હોવો જ જોઈએ. પ્રયત્નરહિત સાંભળે છે એટલે દંભ કહે છે. જે સાંભળે છે એવું ગ્રહણ કરવાનો અંતર પ્રયત્ન હોય, અંતરની ભાવના હોય એ દંભમાં નથી ગણાતું. ભલે પ્રાપ્ત ન થયું હોય તો એ પછી પ્રાપ્ત થશે પણ એ પ્રાપ્ત કરવાની અને પ્રાપ્ત થવાની શ્રેણીમાં આવેલો જીવ છે એને દંભી નથી કહેવાતો. પણ એમને એમ ઉપર ઉપર જ ચાલે છે અથવા બીજાની નજરમાં પોતાને ગણતરીમાં ગણાવું છે એ બધો દંભ છે. એટલે કે જ્યાં લોકસંજ્ઞાના પરિણામ થાય છે – જ્યાં સમાજનો દૃષ્ટિકોણ મુખ્ય થાય છે ત્યાં દંભ ઉત્પન્ન થયા વિના રહેતો નથી અને જીવને એ મોટું નુકસાન છે.

મુમુક્ષુ :– આમાં જવાબદારી બહુ વધી જાય છે. આમ એમ કહેવાય કે આપણે 'કાનજીસ્વામી'ના ભગત છીએ.

પૂજ્ય ભાઈશ્રી :– હા, (જવાબદારી) છે જ. પોતાની સાથે 'ગુરુદેવ'ની આબરૂનો સંબંધ છે. એટલે એમની કિંમત ઘટે એવું પોતે વર્તન કરે ત્યારે એ ઉપકારને ઓળવવા બરાબર થઈ જાય છે. ત્યારે એ ઉપકારીનો ઉપકાર ઓળવવા જેવું થાય છે.

મુમુક્ષુ :– ઉપકાર ઓળવે એનું ફળ બહુ કડક લીધું છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, અનંત સંસાર લીધો છે, એનું ફળ અનંત સંસાર લીધું છે. બહુ મોટો અપરાધ છે.

૩૦. **‘અમે બહુ વિચાર કરીને આ મૂળતત્ત્વ શોધ્યું છે કે, – ગુપ્ત ચમત્કાર જ સૃષ્ટિના લક્ષમાં નથી.’** બહુ બહુ વિચાર કરીને આ મૂળતત્ત્વ શોધ્યું છે અથવા અમને શોધતાં મળ્યું છે કે, અંદરમાં જે આત્મા અનંત ચમત્કારિક શિ તનો ધણી છે એ આખા જગતમાં કોઈને એ વાત લક્ષમાં નથી. એને ભૂલીને જ બધા વ્યવહાર કરે છે. ‘હું ફલાણો છું’ – સંયોગની જે કર્મજનિત અવસ્થા છે એ માનીને ચાલે છે. અંદરમાં જે સ્વભાવ છે, જેની અંદર ચમત્કારિક ગુણો રહેલા છે અને જે શિ તપણે હોવાથી ગુપ્ત છે – વ્ય ત નથી, એના ઉપર વિશ્વમાં – સૃષ્ટિના જીવોનું લક્ષ નથી એવું અમને સ્પષ્ટ લાગે છે. એ ગુપ્ત ચમત્કાર જ સૃષ્ટિના લક્ષમાં નથી.

જગતની અંદર કેટલાક લોકો ડાહ્યા માણસ ગણાય છે, કોઈ કોઈ અતિ બુદ્ધિમાન પણ ગણાય છે, અતિ વિચારવાન ગણાય છે પણ (અમે) વિચાર કરીને જોઈએ છીએ ત્યારે એમ લાગે છે કે, અરે...! પોતાનો પરમાત્મા છે એના ઉપર જ લક્ષ નથી ! આ તો ભારે ગજબ વાત છે ! અને ડાહ્યા ગણાય છે !! એ ડહાપણનો ઉપયોગ ‘ગુરુદેવ’ની ભાષામાં કહીએ તો રખડવામાં થાય છે, બીજી કોઈ રીતે થતો નથી.

એક વખત વાત કરી હતી, એક-બે વખત વાત કરી હતી. ‘ગુરુદેવ’ ‘ભાવનગર’ પધારેલા. (એક મુમુક્ષુને) ત્યાં તર્યા હતા. તત્ત્વચર્ચા પણ ત્યાં જ એમના મકાનમાં થતી. એટલે તત્ત્વચર્ચા પહેલાં ઘરે તો જે ઘરે હોય ઈ જ હોય, બહારના માણસો તો ટાઇમ થાય ત્યારે આવે. (ચર્ચાને) દસ-પંદર મિનિટની વાર હતી. એ તો રૂમમાં આવીને બેઠા. કુદરતી હું પણ દસ-પંદર મિનિટ વહેલો હતો, એટલે હું જઈને બેઠો. ‘ગુરુદેવ’ પધાર્યા (એટલે) ચાલો બેસીએ. (એ મુમુક્ષુ) આવીને બેઠા.

‘ગુરુદેવ’ વ્યિ તગત વાત બહુ ઓછી કરતા. એમનો ઉદય

મુખ્યપણે સમષ્ટિગત કથન કરવાનો હતો. સભાની અંદર ઉપદેશ આપે. વ્યિ તગત કોઈને એમ ન કહે કે, તું આમ કર ને તું આમ કર ને તું આમ કર ને તું આમ કર. કોઈ ભાગ્યશાળી હોય તો એને પણ એવો યોગ બને છે. (એ મુમુક્ષુને) એ વાત કરી હતી. 'એમ સાંભળ્યું છે કે તમે બુદ્ધિવાળા માણસ છો. બહુ વ્યવહારકુશળ ડાહ્યા માણસ ગણાઓ છો. પણ માણસનું ડહાપણ ક્યારે ? કે, જન્મ-મરણનો નાશ કરી નાખે એવો ધર્મ પ્રાપ્ત કરી લ્યે તો એને ડહાપણ કહે છે.' શું કહ્યું ?

એટલે કે તમારી બુદ્ધિનો ઉપયોગ અત્યારે જે આ વિષય અને વાત ચાલે છે એ અનંત જન્મ-મરણનો નાશ કરી નાખે એવી વાત છે, એની કિંમત આંકવી એનું નામ ડહાપણ છે અને એ કરવા જેવું છે. એટલું ખાનગીમાં કીધું.

મુમુક્ષુ :– મુત્સદ્દી, બાહોશ એવી એમની છાપ.

પૂજ્ય ભાઈશ્રી :– બાહોશ અને મુત્સદ્દી હોય પણ જો એ બુદ્ધિનો ઉપયોગ આત્મહિતમાં ન કરે તો જન્મ-મરણ વધારવામાં થાય, પરિભ્રમણમાં એનો ઉપયોગ થાય. કેમકે બુદ્ધિ તો પછી મુત્સદ્દીગીરીમાં આડીઅવળી ચાલવાની. મુત્સદ્દીગીરી છે એ શબ્દ તરીકે સુંવાળો શબ્દ છે (પણ એમાં) તીવ્રપણે માયાચાર સેવાય છે. કઠોર ભાષામાં એને સારી એવી લુચ્ચાઈ કરતા આવડે ત્યારે એને મુત્સદ્દીગીરી કરતા આવડે છે એમ કહેવાય છે, બીજું કાંઈ નથી.

મુમુક્ષુ :– 'ગુરુદેવ'ની વાતને બહુ અવધારતા, વાંચતા...

પૂજ્ય ભાઈશ્રી :– એ તો એમનો ભાવ જોયો હોય ત્યારે જ આટલી વાત કરે. એમણે એમ જોયું કે આ જીવને હવે કાંઈક ઠીક છે. અત્યારે કહેવા જેવી તક છે અને એનો ભાવ જોવે તો જ કહે, નહિતર ન કહે. એટલે એ તો એમને જે કહેવાનો ભાવ આવ્યો હોય એનો અર્થ જ એ છે કે ભલે અત્યાર સુધી એમણે દુનિયામાં

ગમે એટલી મુત્સદ્દીગીરી કરી હોય પણ અત્યારે એમને જે ધર્મબુદ્ધિ થઈ છે એ સારી બુદ્ધિ થઈ છે. એટલે એમણે આ વાત કરી.

મુમુક્ષુ :– ઘણી કૂણાશ જોઈ.

પૂજ્ય ભાઈશ્રી :– હા, કૂણપ જોઈ, એની ભાવના જોઈ. એમને ધર્મ અને ધર્માત્મા પ્રત્યેનું બહુમાન જોયું. નહિતર શેઠિયાઓને, કરોડપતિને અત્યારે કામ-ધંધા આડે નવરાશ ક્યાં છે ? હજાર જાતના એને તો Problem હોય. એ બિચારા લોકોને ઉપાધિ કાંઈ થોડી નથી. તેઓ તો ગૂંચવાયેલા પડ્યા છે. એના બદલે નવરાશ કાઢીને 'ગુરુદેવ'ને કહે, મારે ત્યાં તરજો. ધંધો છોડીને, 'મુંબઈ' છોડીને ઘર ખોલીને અહીંયાં રહ્યા, ત્યાં ઉતાર્યા. એ ધર્મબુદ્ધિથી એટલા નજીક આવવાનો પ્રયત્ન કર્યો ત્યારે 'ગુરુદેવે' એને ભલામણ કરી કે આ માર્ગ એવો છે કે, ધ્યાન દ્યો તો જન્મ-મરણનો નાશ થઈ જાય એવી વાત છે. એટલી કરુણાથી, વ્યિ તગત કરુણા કરી છે. યોગ્યતા જોઈને જ કહે છે, ગમે એને તો કહે નહિ.

૩૧ (બોલ) પણ સારો છે. '**રડાવીને પણ બચ્ચાંના હાથમાં રહેલો સોમલ લઈ લેવો.**' સોમલ એટલે ઝેર. ઝેર લઈ લેતા (બાળક) રડવા મંડે, હાથમાં ઝેરી પદાર્થ આવી ગયો હોય (તેને) લઈ લેતાં રડે તો ભલે રડે. પણ એને ઝેર ખાવા દેવાય નહિ. એમ કદાચ કોઈને કઠોર વચન કહેવા પડે તોપણ એને ઝેર ખાતો અટકાવવો હોય અને અટકી શકે એવું હોય તો કઠોર વચન કહેવામાં દોષ નથી. એમ કહેવું છે.

૩૨. '**નિર્મળ અંતઃકરણથી આત્માનો વિચાર કરવો યોગ્ય છે.**' કોઈ પ્રતમાં '**નિર્મળ અંતઃકરણથી ગુપ્ત ચમત્કારનો વિચાર કરવો યોગ્ય છે.**' એમ લીધું છે. ફૂટનોટમાં પાઠાંતર લીધું છે. નિર્મળ અંતઃકરણથી એટલે નિર્મળ જ્ઞાનથી અંતરમાં, અંતરંગથી પોતાના સ્વરૂપના અનુભવને – અનુભૂતિને જોવાવાળું જે જ્ઞાન છે એને નિર્મળ જ્ઞાન

કહે છે, નિર્મળ અંતઃકરણ કહે છે. એ પૂર્વક આત્માનો વિચાર કરવા યોગ્ય છે. આત્માને લક્ષમાં લેવા યોગ્ય છે. એમને એમ ઉપરછલ્લા સ્થૂળ વિચારથી, સ્થૂળ ઉપયોગથી આત્માનો વિચાર કરે (કે), હું જ્ઞાયક છું... હું તો જ્ઞાયક છું... જ્ઞાયક છું... એમ ન ચાલે.

નિર્મળ અંતઃકરણથી એટલે અંતરંગમાં સૂક્ષ્મ અનુભવના દૃષ્ટિકોણથી શુદ્ધ સ્વરૂપનો –શુદ્ધાત્માનો વિચાર કરવા યોગ્ય છે. એટલે હું શુદ્ધાત્મા છું એમ વિચારવા યોગ્ય છે. હું આવો શુદ્ધાત્મા છું એમ વિચારવા યોગ્ય છે. વિચાર કરવો એટલે કોઈનો વિચાર નથી કરવો. પોતે આવો છે એમ શુદ્ધ અંતઃકરણથી, નિર્મળ અંતઃકરણથી વિચાર કરવા યોગ્ય છે. કેવા શબ્દનો પ્રયોગ કર્યો છે ! ૨૦મા વરસે આ બધી વાતો લખી છે ! સેંકડો વચન લખ્યા છે. પહેલાં ૭૦૦ તો ગયા, પછી આ ૧૨૬ છે. આપણે કોઈ કોઈ Select કરેલા લઈએ છીએ.

મુમુક્ષુ :– ૩૩.

પૂજ્ય ભાઈશ્રી :– '**જ્યાં 'હું' માને છે ત્યાં 'તું' નથી; જ્યાં 'તું' માને છે ત્યાં 'તું' નથી.**' તું માને છે ત્યાં તું નથી. હું અને તું એમ કરે છે ને ? અહીંયાં હું, આ મારું ને આ તારું. હું અને તું. કહે છે કે, '**જ્યાં 'હું' માને છે ત્યાં 'તું' નથી; જ્યાં 'તું' માને છે ત્યાં 'તું' નથી.**' 'તું'નું 'તું' જ લીધું છે એટલે 'હું' અને 'તું' બન્નેમાં તું ભૂલેલો છે. એમ. પરને પણ ભૂલેલો છે અને સ્વને પણ ભૂલેલો છે. કારણ કે પરને પર્યાયદૃષ્ટિએ તું માને છે. આ તો આવો, આ તો આવો જ છે, એમ પર્યાયદૃષ્ટિએ જોવે છે. બન્નેમાં – 'હું' અને 'તું'માં પર્યાયદૃષ્ટિનો નિષેધ છે.

૩૮. '**મહા સૌંદર્યથી ભરેલી દેવાંગનાના ક્રીડાવિલાસ નિરીક્ષણ કરતાં છતાં જેના અંતઃકરણમાં કામથી વિશેષ વિશેષ વિરાગ છૂટે છે તેને ધન્ય છે, તેને ત્રિકાળ નમસ્કાર છે.**' આ પદમાં તેમણે કોઈ

સમ્યક્દૃષ્ટિ દેવલોકમાં જાય છે ત્યાં એને હજારો અપ્સરાઓ હોય છે. એવા પુણ્યવંત દેવ થાય છે. એ બધી અપ્સરાઓ નૃત્ય કરે છે. એના સ્વાગતમાં હજારો વર્ષ સુધીનું નાટક ચાલે. સ્વાગત નાટક ! એક એક હજાર વરસ સુધી ચાલે ! એક હજાર વરસે તો આપનું સ્વાગત પૂરું થશે.

આ અહીંથી સમ્યગ્દર્શન લઈને ગયો છે (એટલે) વૈરાગ્ય છૂટે છે. કેમકે અવધિજ્ઞાનથી ઉપયોગ મૂકે છે. ઓ..હો...! ક્યાંથી આવ્યો છું ? કેવી રીતે આવ્યો છું ? કેમ છે ? તો એને વૈરાગ્ય વધે છે. એને કોઈ અપ્સરાનું સૌંદર્ય જોતા વિશેષ આસક્તિના પરિણામ થવાને બદલે વૈરાગ્યના પરિણામ થાય છે. એવા જે મહાત્મા છે એને પોતે નમસ્કાર કર્યા છે. કે અમે તો આવા પરિણામ જોઈને એને નમસ્કાર કરીએ છીએ. સમ્યક્દૃષ્ટિના આવા પરિણામ જોઈને અમે નમસ્કાર કરીએ છીએ.

મુનિઓ હોય છે, સમ્યક્દૃષ્ટિઓ હોય છે, ધર્માત્માઓ હોય છે (એ) સ્વર્ગમાં જાય છે. દેવાંગનાઓ તો સ્વર્ગમાં જ હોય, એ કાંઈ પૃથ્વી ઉપર તો હોય નહિ. એ ત્યાં જાય છે. મોક્ષમાર્ગની સાધના અધૂરી રહી ગઈ છે તો દેવલોકમાં જાય છે પણ ત્યાં એને વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. અહીંયાં સંભારીને પોતે એને નમસ્કાર કરે છે કે, વાહ ! આ સંયોગ ફરી ગયા અને કોઈ બીજી જ જાતના સંયોગમાં આવી ગયા તોપણ ત્યાં પણ અલિપ્ત રહે છે, નીરસ પરિણામથી રહે છે ! ધન્ય છે એમને ! નમસ્કાર છે એમને !! પોતાને એ પ્રકારમાં વિશેષ આગળ વધવું છે એટલે કેવી કેવી વાતો કરીને વાત લીધી છે. નહિતર આ તો કાંઈ અહીંયાં પૃથ્વી ઉપર બનતી વાત નથી. દેવલોકની વાત અહીંયાં સંભારીને એ વાતમાં પોતાનો ભાવ અને અભિપ્રાય પ્રદર્શિત કર્યો છે. વિશિષ્ટ શૈલી છે એમની !

૩૯. **'ભોગના વખતમાં યોગ સાંભરે એ હળુકર્મીનું લક્ષણ છે.'**

જ્યારે ભોગ-વિલાસનો ઉદય હોય ત્યારે પણ આત્માના હિતનો વિચાર આવે ત્યારે એના પરિણામ આત્મહિતના લક્ષે ત્યાંથી નીરસ થઈ જાય છે તો એ એમ બતાવે છે કે કોઈ પાત્રતાવાળો જીવ છે, કોઈ હળુકર્મી જીવ છે. નહિતર ભોગના કાળે તીવ્ર આસ િ તના પરિણામ થાય છે અને એ વખતે આત્મહિતનો વિચાર પણ આવતો નથી. એવે વખતે જ્યારે વિચાર આવે છે ત્યારે એમ સમજવું કે કોઈ હળુકર્મી જીવ છે, ભારેકર્મી જીવ નથી.

જેમ આત્માની ઉચ્ચ કોટિનો ઉપદેશ જ્ઞાનીનાં શ્રીમુખેથી આવતો હોય ત્યારે કોઈને પોતાના વેપારના-ધંધાના, ભોગના, બીજા-ત્રીજા કોઈ વિચારો આવે, એનું સ્મરણ થાય, ઘ આવે, પ્રમાદ થાય (તો) આ ભારેકર્મી જીવના લક્ષણ છે. પ્રતિપક્ષ લઈએ તો (આવું છે). એ જેમ ભારેકર્મી જીવના લક્ષણ છે એમ જ્યાં તીવ્ર બંધન થાય એવો ઉદય હોય ત્યાં એને આત્મહિતનો –બંધનથી છૂટવાનો વિચાર આવે તો સમજવું કે એ હળુકર્મી જીવ છે. એમ એની યોગ્યતા દર્શાવી છે.

એવી કેટલીક વાત પોતાના અંતરમાંથી કાઢીને, શાસ્ત્રમાં ગોતવા જાઓ તો આવા બધા પ્રકાર જલદી ન મળે (એવી) આ બધી અંદરથી કાઢેલી વાતો છે.

૫૨. **'હું કહું છું એમ કોઈ કરશો ? મારું કહેલું સઘળું માન્ય રાખશો ? મારાં કહેલાં ધાકડે ધાકડ પણ અંગીકૃત કરશો ? હા હોય તો જ હે સત્પુરુષ ! તું મારી ઇચ્છા કરજે.'** ઇચ્છા કરવાવાળાને સત્પુરુષ કહી દીધો છે ! સત્પુરુષે મુમુક્ષુને વાત કરી છે કે, હું કહું છું એમ તું કરીશ ? અથવા હું કહું એટલું બધું માન્ય રાખીશ ? એમ. હું કહું કે, પડ કૂવામાં ! તો તૈયાર છો ? એમ કહે છે.

**'મારાં કહેલાં ધાકડે ધાકડ પણ અંગીકૃત કરશો ?'** એટલે કે હું કહું છું એ બધું જ માન્ય રાખશો ? ધાકડે ધાકડમાં બધું જ, એમ (કહે છે). આટલું કાઢીને આટલું રાખું એમ નહિ. આપની વાતમાં

આટલું બરાબર નથી, બાકીનું આટલું બરાબર છે. જો એમ તારી ઇચ્છા હોય એટલે કે સર્વથા સત્પુરુષના ચરણમાં રહીને એને અનુસરવાની ઇચ્છા હોય તો '**હે સત્પુરુષ !**' એ ભાવિ સત્પુરુષ છે. તો '**તું મારી ઇચ્છા કરજે.**' નહિતર તું મારી ઇચ્છા છોડી દેજે, મારો સંગ કરવાની ઇચ્છા નહિ કરતો એમ કહે છે.

એમ કહીને પ્રત્યક્ષ સત્સમાગમ મળે તો કઈ રીતે સત્સમાગમ કરવો ? કેવી રીતે કરવો ? એના ઉપર આ વાત લીધી છે. પૂરેપૂરી અર્પણતા હોવી જોઈએ. એના એક વિકલ્પથી પણ વિરુદ્ધ જવાનું મુમુક્ષુજીવ સ્વપ્નમાં પણ વિચારે નહિ. બુદ્ધિપૂર્વક તો વિચારે નહિ પણ સ્વપ્નમાં પણ વિચાર કરે નહિ. એમ હોવું જોઈએ. નિશ્ચયમાં તમારું સાચું અને વ્યવહારમાં તો અમે ડહાપણવાળા ! – એ બધો સ્વચ્છન્દનો પ્રકાર છે. એ પ્રકાર હોતો નથી.

હમણાં સમાજમાં જે બે વિભાગ થયા એનું મૂળ કારણ એ છે કે, આ વિષય સમજાણો નથી. જે લોકો દૂર થયા, વિમુખ થયા એને આ વિષય સમજમાં નથી આવ્યો કે, કોઈ વિદ્યમાન જ્ઞાની હોય – સત્પુરુષ હોય તો એના વિકલ્પને આજ્ઞા માનીને એને અનુસરવું જોઈએ. એ વાત સમજમાં નથી આવી. હું જાણું છું, હું સમજું છું, માટે હું કહું તે બરાબર અને હું કહું તેમ બધાએ ચાલવું જોઈએ. કેમકે અત્યારે સમાજમાં હું મુખિયો છું. આટલી સમજણ એમાં નથી. આ પ્રકારની આટલી સમજણ એમાં નથી. એમાંથી ભી થયેલી પરિસ્થિતિ – એમાં અત્યારે આપણે બે ભાગમાં છીએ એનું મૂળ કારણ આ છે.

મુમુક્ષુ :– 'ગુરુદેવશ્રી'એ તો આ સિંહગર્જના કરી છે, ઢોલ પીટીને કહ્યું કે, માતાજીની રીતે જ રહેજો.

પૂજ્ય ભાઈશ્રી :– એટલે તો 'ધન્ય અવતાર'નો હિન્દી અનુવાદ, ગુજરાતી અનુવાદ 'વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ' તરફથી

શરૂઆતમાં જ પ્રકાશિત કર્યો. એની પાછળ હેતુ એ હતો કે, કોઈ સમજે કે 'ગુરુદેવ'ની આજ્ઞા શું છે ? અને મુમુક્ષુઓનો ધર્મ શું છે ? એ સમજે. પણ સમજવું હોય તે સમજે છે, સમજવાને યોગ્ય હોય તે સમજે છે.

૫૮. **'જ્ઞાનીઓ અંતરંગ ખેદ અને હર્ષથી રહિત હોય છે.'** આ જ્ઞાનદશા છે. જ્ઞાનીઓને બહારમાં કોઈવાર હર્ષ-વિષાદ દેખાય તોપણ અંતરંગમાં તે તેનાથી રહિત હોય છે. ખરેખર પોતાને ભિન્નતા થઈ ગઈ હોવાથી ઉદયના હર્ષ-શોકના પરિણામ ઉપરછલ્લાં થાય છે, અંદરથી ભિન્ન પડી ગયા છે. કાંઈ સંબંધ નથી, મારા આત્માને કોઈની સાથે કાંઈ સંબંધ નથી.

મુમુક્ષુ :– જ્ઞાનીનાં કુટુંબમાં કોઈનું મૃત્યુ થઈ જાય...

પૂજ્ય ભાઈશ્રી :– હા, કદાચ ખેદ દેખાય તોપણ એ ઉપરછલ્લો (હોય છે), અંતરંગથી નથી. કેમકે અંતરંગથી તો સ્પષ્ટ જ્ઞાન વર્તે છે કે આ આત્મા કોઈ આત્મા સાથે ખરેખર સગાઈ-સંબંધ ધરાવતો નથી, હોઈ શકે જ નહિ, થઈ શકે એવી વસ્તુસ્થિતિ જ નથી. આ તો કહેવા માત્ર જગતનો વ્યવહાર છે. પારમાર્થિક વાતમાં એની સાથે કાંઈ છે જ નહિ.

પ્રશ્ન :– સગાંવહાલામાં લગ્ન હોય તો ?

સમાધાન :– કાંઈ નહિ ને, બને ત્યાં સુધી તો જાય જ નહિ. જાય તોપણ એ બીજાથી અતડા હોય એવા જ લગભગ તો લાગે. બીજા જેવું એને નથી. આવ્યું છે ને ? (પૂજ્ય 'બહેનશ્રી'નાં) 'અભિનંદન ગ્રંથ'માં નથી વાત આવી ? કે, તમે મને લગ્ન અવસરે બોલાવો છો પણ મારે તો કાંઈ આવવાનો ભાવ નથી અને એવા કાર્યમાં મને કંઈ ઉપસ્થિત રહેવું ગમતું નથી.

'શ્રીમદ્જી'ને એમની બહેનના લગ્ન હતા તો એમ કહ્યું કે, આ જાવું પડે છે. ન જાવું પડે તો સારું, આવવાની ઇચ્છા નથી. પણ

એમના પિતાશ્રીની આજ્ઞા થઈ કે, નહિ (ચાલે), તમારે આવવાનું જ છે. તો કેટલા કચવાતા પરિણામથી ગયા છે એના પત્રો બીજાને લખ્યા છે એના પરથી (ખ્યાલ આવે છે). નહિતર તો ખબર પણ ન પડે. એવા પત્રો જો ઉપલબ્ધ ન હોત, પ્રાપ્ત ન થયા હોય તો ખબર ન પડત. એમ થાય કે એ તો જતા હતા, આમ કરતા હતા, ફલાણું કરતા હતા, ઠીકણું કરતા હતા... આવશે, એ બધું આમાં છે. આપણે ક્રમથી બધું આવશે.

જુઓ ! ૬૧ લીધું છે કે, '**સંસારરૂપી કુટુંબને ઘેર આપણો આત્મા પરોણા દાખલ છે.**' મહેમાન થઈને આવ્યો છે. આમાં – 'દોહા પાહુડ'માં એક વાત આવે છે કે, કોઈ આવાગમન કરતાં એવા જે મહેમાનો હોય એનું ગામ વસાવવા માગે તો ગામ વસે ખરું ? કોઈ એમ કહે કે, (હું) તો પાંચ દિવસ રહી શકું એમ છું, કોઈ કહે કે, હું પચીસ દિવસ રહીશ, કોઈ કહે કે, હું એક દિવસ રહીશ, કોઈ કહે કે, હું દોઢ મહિનો રહીશ. હવે એ જે આવવા-જવાવાળા માણસ છે એનાથી કાંઈ ગામ વસે ? જેને ઘર કરીને કાયમ રહેવું હોય એનાથી ગામ વસે પણ મહેમાનની જેમ જેને આવવું હોય એવા માણસોથી ગામ કેવી રીતે વસે ? એમ આ જીવને આવવા-જવાવાળાનું ગામ વસાવવું છે કે, આટલા દીકરા થયા, આટલી દીકરી થઈ, આ મા-બાપ, આ પત્ની, આ ફલાણું... ભાઈઓ... આ આપણું ઘર ! એવો ડેરા-તંબુ નાખીને બેસી જાય છે કે, ગામ વસાવી નાખે છે, પણ બધા આવવા-જવાવાળા છે, કોઈ રહેવાવાળા નથી. આવ્યા છે (ઈ) જાશે, સીધી વાત છે. તો કહે, આપણો આત્મા ? બસ ! આપણે પરોણા. પરોણો એટલે મહેમાન. આ કાઠિયાવાડી ભાષા છે. પરોણો એટલે અમારે ત્યાં મહેમાનને પરોણો કહે છે. અમારે ત્યાં પરોણા આવ્યા છે. બહુ જૂની કાઠિયાવાડી ભાષા છે.

મુમુક્ષુ :– અમારે પાહુણા કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :– પાહુણા કહે છે ? ઠીક ! ભળતી ભાષા છે ને ? અમારે ત્યાં પરોણો કહે છે. બે-ચાર દિવસ માટે આવ્યા હોય તો કહે, અમારે ત્યાં પરોણા છે. કોણ આવ્યું છે ? તો કહે, પરોણા આવ્યા છે, એમ કહે.

એમ આપણો આત્મા અનિશ્ચિત મુદતથી અહીંયાં રહેવા આવ્યો છે. પરોણા જેવો છે. આથી વધારે એણે લાગણી નહિ રાખવી જોઈએ. આથી વધારે લાગણી રાખે એટલે પરિણામ બગડ્યા વિના રહે નહિ આ સીધી વાત છે.

**૨૦ વર્ષે તો એમને કેટલો વૈરાગ્ય છે !** આ દિવસોમાં તો લગભગ એમની લગ્ન થવાની ઉંમર છે. આ ઉંમર આસપાસ (એમના લગ્ન થયેલાં).

મુમુક્ષુ :– ત્યારે એવો સત્સંગ નહોતો, એવું વાતાવરણ નહોતું.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એવું વાતાવરણ નહોતું છતાં એમનું અંદરનું વાતાવરણ જુદું હતું.

૬૫. **'પરિગ્રહની મૂર્ચ્છા પાપનું મૂળ છે.'** પરિગ્રહ તરફના તીવ્ર પરિણામ કે જેને લઈને પોતાના સ્વરૂપની સાવધાની છૂટી જાય, સ્વરૂપ સાંભરે નહિ, સ્વરૂપ-સંભાળ ન કરી શકે એવા પરિગ્રહ તરફના તીવ્ર પરિણામ. જાળવવાના હોય, વધારવાના હોય, સાચવવાના હોય, મેળવવાના હોય – એ પાપનું મૂળ છે. એ અનેક પાપને જન્મ આપનારું સ્થાન છે.

મુમુક્ષુ :– ૫૪.

પૂજ્ય ભાઈશ્રી :– **'દેવદેવીની તુષમાનતાને શું કરીશું ? જગતની તુષમાનતાને શું કરીશું ? તુષમાનતા સત્પુરુષની ઇચ્છો.'** પ્રસન્ન થાય. તુષ્યમાન થવું એટલે પ્રસન્ન થવું. દેવદેવી પ્રસન્ન થાય તો તમે શું કરશો ? અમે એને શું કરશું ? આ આખું જગત અમારા ઉપર પ્રસન્ન થાય તો અમે શું કરીએ ? લોકો આ માન પાછળ દોડે છે. (અહીંયાં

કહે છે) આખું જગત અમારા ઉપર પ્રસન્ન થઈને રહે તો એને અમારે શું કરવાનું ? કોઈ દેવદેવીઓ પ્રસન્ન થાય તો અમારે શું કરવાનું ? એક સત્પુરુષ અમારા ઉપર પ્રસન્ન રહે. બસ ! આટલી ઇચ્છા અમને છે.

સત્પુરુષ તો એમના હૃદયમાં ક્યાં બેસી ગયા છે (એ) કહેવું મુશ્કેલ પડે એવી વાત છે !! બહુ શૈલી કરી છે ! આ વિષયમાં એમણે જે શૈલી કરી છે ! ગજબ કરી છે !!

મુમુક્ષુ :– આ ભવમાં કોઈ સત્પુરુષ મળ્યા નથી.

પૂજ્ય ભાઈશ્રી :– મળ્યા નથી તોપણ ! જાતિસ્મરણ હતું ને ? એટલે ખ્યાલ આવ્યો છે કે, આ જીવે એટલો પરિશ્રમ કર્યો તોપણ જે માર્ગનો પત્તો ન લાગ્યો એ સત્પુરુષના સમાગમે સહજમાત્રમાં લાગ્યો. એવું રહસ્ય એમણે ખોલીને આપ્યું ! એટલે એમ કહે છે કે, કોઈ જીવ સત્પુરુષની નજીક જાય તો એને નસીબ આડે પાંદડું ખસતા વાર લાગે એટલી વાર લાગે, જો એનું હિત સાધવું હોય તો ! એને પોતાને હિત સાધવું હોય તો નસીબ આડે પાંદડું જ છે, એને બીજી કાંઈ વધારે વાર નથી. એ વાત એમણે બરાબર સમજી છે, અનુભવી છે એટલે એ વાતને એ અનેક રીતે રજુ કરે છે. ભાવના હોય તોપણ મળતા નથી.

મુમુક્ષુ :– હોય ત્યારે એનો વિવેક કરતા નથી.

પૂજ્ય ભાઈશ્રી :– હોય તો એનો વિવેક ન થાય, અવિવેક થાય તો એના જેટલું બીજું દુર્ભાગ્ય કોઈ નથી.

૭૧. **‘એકનિષ્ઠાએ જ્ઞાનીની આજ્ઞા આરાધતાં તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે.’** જો તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો એકનિષ્ઠાએ જો જ્ઞાનીની આજ્ઞા આરાધવામાં આવે તો અવશ્ય એને આત્મજ્ઞાનની – તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય જ છે. આ સત્પુરુષના સમાગમનો બહુ મોટો લાભ એ છે કે એને જન્મ-મરણ છૂટવાં સહેલાં છે.

પ્રશ્ન :– એકનિષ્ઠાએ એટલે ?

સમાધાન :– એકનિષ્ઠાએ એટલે બીજો વિકલ્પ નહિ. એકનિષ્ઠા ! નિષ્ઠા એટલે શ્રદ્ધા. એકનિષ્ઠા – જેમાં પછી બીજો કોઈ વિકલ્પ ન  ઠે. એવી શ્રદ્ધાને એકનિષ્ઠા કહેવામાં આવે છે. એમ. પૂરેપૂરી નિષ્ઠા. એકનિષ્ઠા એટલે પૂરેપૂરી નિષ્ઠા. એ જે કહે છે તે યોગ્ય જ છે. એમ. આમ કેમ કહે છે ? એ પ્રશ્ન નથી. એ તો સત્પુરુષ મળવા છતાં આત્મજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી તો એનું કારણ જ આ છે કે જે કંઈ ખામી છે એ આ નિષ્ઠાની ખામી છે, બીજું કાંઈ નથી.

૭૨માં કેટલોક સિદ્ધાંત લીધો છે. '**ક્રિયા એ કર્મ, ઉપયોગ એ ધર્મ, પરિણામ એ બંધ, ભ્રમ એ મિથ્યાત્વ, બ્રહ્મ તે આત્મા અને શંકા એ જ શલ્ય છે. શોકને સંભારવો નહીં; આ ઉત્તમ વસ્તુ જ્ઞાનીઓએ મને આપી.**' કેવી શૈલી કરી છે !

'**ક્રિયા તે કર્મ,...**' (અર્થાત્) જેટલા કોઈ શુભાશુભ પરિણામ થાય છે એ બધાં કર્મ છે. જીવનો ઉપયોગ છે – જ્ઞાનનો ઉપયોગ છે એ ધર્મ છે. કેમકે જ્ઞાન છે એમાં સ્વભાવઅંશ ખુલ્લો છે અને જે અંશ છે એ ત્રિકાળીનો અંશ છે. એટલે અંશ ઉપરથી સ્વભાવ છે એના ત્યાં પૂરેપૂરા દર્શન થાય છે. એ ઉપયોગ તે ધર્મ છે અથવા વિપરીત ઉપયોગ કરે તો તે અધર્મ છે. આત્માનો ઉપયોગ કરે તો એ ધર્મ છે.

'**પરિણામ એ બંધ,...**' જેવા પરિણામ કરે એવો બંધ થશે. તીવ્ર કરે, મંદ કરે, જેવી યોગ્યતાના પરિણામ કરશે એવો બંધ થશે. પરિણામે બંધ થશે. એમ. શરીર ચાલ્યું માટે બંધ થયો એમ નહિ, વાણી થઈ માટે બંધ થયો એમ નહિ. પરિણામ ઉપર બંધ થશે. મન, વચન, કાયાની સાથે એને સંબંધ નથી પણ પરિણામ સાથે બંધનો સંબંધ છે. જીવના પરિણામનો (સંબંધ છે).

પ્રશ્ન :– પરિણામ એટલે ?

સમાધાન :– પરિણામ એટલે જીવની પર્યાય. જેમકે એક માણસ ગુસ્સો કરે છે પણ તીવ્ર રસ નથી. એક માણસ શાંત દેખાય છે પણ અંદરમાં તીવ્ર ગુસ્સો કર્યો કે કરે છે, બોલતો કાંઈ નથી. તો પરિણામે એને બંધ છે.

પ્રશ્ન :– એટલે કે ભાવ ?

સમાધાન :– હા, પરિણામ એટલે ભાવ. ભાવ જ લેવો. જેમ તાંદુલિયો મચ્છ છે (એ) સાતમી નરકે જાય છે. કોઈને મારતો નથી, મારી શકે એવું એની પાસે શરીર નથી.

મુમુક્ષુ :– ચોખા જેવું શરીર હોય.

પૂજ્ય ભાઈશ્રી :– એટલે તો તાંદુલિયો કીધો. તંદુલ જેટલું એનું શરીર છે. કોને ખાય ? પણ મગરમચ્છ ઉપર બેઠો છે એ મગરમચ્છને મૂર્ખ ગણે છે કે આ મોઢું ફાડીને આમને આમ રાખે છે, કેટલાય આવ્યા ને કેટલાય ગયા. હું હોઉં તો કોઈને જાવા જ ન દઉં ! પરિણામે બંધ છે. મગરમચ્છ સાતમી નરકે નહિ જાય, આ સાતમી નરકે જશે. એવી રીતે પરિણામે બંધ છે.

જેમકે કોઈ શુભ પરિણામ કરે છે, પણ સાથે એનું અભિમાન કરે છે. દાન આપે છે, સ્તુતિ બોલે છે, સ્વાધ્યાય કરે છે, પૂજા કરે છે અને સાથે સાથે એનું અહંપણું કરે છે તો પરિણામે બંધ છે. જેવા પ્રકારનાં પરિણામ છે એવો બંધ પડશે, ક્રિયા પ્રમાણે નહિ પડે. ક્રિયા તો પૂજાની ચાલે છે, એનો બંધ નહિ પડે. બંધ પરિણામ થશે એવો થશે. એમ. ભાવ પ્રમાણે (બંધ થશે).

'**ભ્રમ એ મિથ્યાત્વ,...**' જે મિથ્યાત્વના પરિણામની વાત કહેવામાં આવે છે એ એક પ્રકારનો ભ્રમ છે. આત્માના મૂળ સ્વરૂપને ભ્રમિત દશામાં વર્તમાન સ્થિતિએ જોઈ લ્યે છે કે હું આવો આત્મા છું. એ મિથ્યાત્વ છે, એ જ્ઞાનની અપેક્ષાએ એક ભ્રમ છે. ખરેખર આત્મા તો '**બ્રહ્મ તે આત્મા...**' છે. ત્રિકાળ એકરૂપ રહેનારો જે પરમબ્રહ્મ

છે તે આત્મા છે.

**'શંકા એ જ શલ્ય છે.'** એટલે કે નિઃશંકપણે જે તત્ત્વ સમજવું જોઈએ એમાં શંકા રહે છે એ એક શલ્ય છે. **'શોકને સંભારવો નહીં;...'** એટલે યાદ કરી કરીને શોકાન્વિત પરિણામ કરવા નહિ. **'આ ઉત્તમ વસ્તુ...'** ઉત્તમ શિખામણ **'જ્ઞાનીઓએ મને આપી.'** સુખી થવા માટે અને દુઃખી નહિ થવા માટે જ્ઞાનીઓની આ શિખામણ છે. છેલ્લું લઈ લઈએ.

૭૩. **'જગત જેમ છે તેમ તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ જુઓ.'** જગત તો જેવું છે તેવું છે અને જેમ છે તેમ છે. ત્રણે કાળે જેવું છે તેવું જ રહેવાનું છે પણ એને જોવા માટેની દૃષ્ટિ તત્ત્વજ્ઞાનયુ ત હોવી જોઈએ. તત્ત્વની દૃષ્ટિએ જગતનું અવલોકન કરવું. લૌકિક દૃષ્ટિએ જગત જે રીતે જોવે છે એ રીતે નહિ, જગતના લોકોની દૃષ્ટિએ નહિ પણ તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ જગતને જોવું. તો જગત માટે કોઈ અનુચિત પરિણામ નહિ થાય. જગતને જોઈને પણ અનુચિત પરિણામ નહિ થાય.

એક જગ્યાએ પોતે લખે છે કે જગતને અને જગતની લીલાને એટલે જગતમાં જે થઈ રહ્યું છે એને મફતમાં બેઠાં બેઠાં જોઈએ છીએ. એટલે જ્ઞાતાદૃષ્ટા થઈને જોઈએ છીએ. આણે આ આમ કેમ કર્યું ? આણે તેમ કર્યું – એ રાગ-દ્વેષ અમને થતાં નથી. તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ જોઈએ છીએ કે જે કાળે, જે ક્ષેત્રે, જે દ્રવ્ય, જે રીતે પરિણમવાનું – જે ભાવે પરિણમવાનું તે રીતે જ પરિણમવાનું છે. મારે એથી કોઈ લાભ પણ નથી અને નુકસાન પણ નથી.

૭૩ સુધી રાખીએ. વિશેષ લેશુ....

## વચનામૃત—૨૫

૮. મન જો શંકાશીલ થઈ ગયું હોય તો `દ્રવ્યાનુયોગ' વિચારવો યોગ્ય છે; પ્રમાદી થઈ ગયું હોય તો `ચરણકરણાનુયોગ' વિચારવો યોગ્ય છે; અને કષાયી થઈ ગયું હોય તો `ધર્મકથાનુયોગ' વિચારવો યોગ્ય છે; જડ થઈ ગયું હોય તો `ગણિતાનુયોગ' વિચારવો યોગ્ય છે.

૧૧. તેનો તું બોધ પામ કે જેનાથી સમાધિમરણની પ્રાપ્તિ થાય.

## તા. ૧૮-૦૭-૧૯૮૯, પ્રવચન નં. ૧૬
## વચનામૃત–૨૧, ૨૨, ૨૫

'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ. આંક–૨૧, પાનું–૧૫૮, ૮૧મો બોલ છે. **'જીવતાં મરાય તો ફરી મરવું ન પડે એવું મરણ ઇચ્છવા યોગ્ય છે.'** શું કહે છે ? જેને વર્તમાન સ્થિતિમાં એક પોતાના પ્રયોજનની મુખ્યતા થવાને લીધે બધા સંબંધોમાં જાણે પોતે મરી ગયો છે અને કોઈની સાથે સંબંધ રહ્યો નથી એવા પ્રકારમાં એકવાર આવી જાય છે. સમ્યગ્દર્શન પહેલાં મુમુક્ષુ જીવ પ્રયોજનની એટલી બધી મુખ્યતા કરી લ્યે છે કે, મારે કોઈની સાથે કાંઈ સંબંધ નથી. હું છું જ નહિ, માની લ્યો કે હું તમારી વચ્ચે નથી. જેમ કોઈ મરેલા માણસનું દુઃખ નથી લગાડતું (કે) કેમ ભાઈ ન આવ્યા અમારે ત્યાં ? કેમ અમારી સાથે ન બોલ્યા ? કેમ અમારી સાથે ફલાણો વ્યવહાર ન કર્યો. એવી પ્રયોજનની મુખ્યતા આવી જાય કે પોતે જાણે મરી ગયેલો છે એમ જ સમજે. એવું મૃત્યુ ઇચ્છવા યોગ્ય છે. પ્રયોજનની મુખ્યતાથી એ પ્રકાર ઇચ્છવા યોગ્ય છે એમ કહે છે.

પ્રશ્ન :– કોની વચમાં પોતાને મરેલો સમજવો ?

સમાધાન :– આખા જગતની વચમાં. પોતાનું જે જગત રચ્યું છે એ બધાની વચ્ચે પોતે મરી ગયો છે. 'આપ મૂઆ તો ડૂબ ગઈ

દુનિયા’ દુનિયા ડૂબી ગઈ. એક પોતાના પ્રયોજન સિવાય (કોઈની મુખ્યતા ન થાય). બહારમાં લોકોને અમુક વિદ્યા મેળવવી હોય તો એવી પરિસ્થિતિ કરવી પડે કે, એક જ ચીજ જે એને ધ્યેય છે એ સિવાય બીજું દેખાય તો એને એ વિદ્યા સાધ્ય ન થાય. એ તો લૌકિક વિદ્યા છે તોપણ એમાં એટલી એકાગ્રતા સાધવી પડે છે.

આ ‘અર્જુન’નો દૃષ્ટાંત છે ને ? (એને મત્સ્યવેધ કરતી વખતે પૂછ્યું કે) શું દેખાય છે ? તો કહે, મને (માછલીની આંખ સિવાય) કાંઈ દેખાતું નથી. લૌકિકમાં આટલી એકાગ્રતા હોય છે. આટલી મુખ્યતા હોય તો એ સાધ્ય થાય. ત્યારે આ તો પારલૌકિક, અલૌકિક વિદ્યા છે. અધ્યાત્મ વિદ્યા તો અલૌકિક વિદ્યા છે. એની પ્રાપ્તિ માટે કેટલી મુખ્યતા આવે ? કે, જીવતાં મરે. હોય જીવતો છતાં જીવતાં મરે. એને ફરીને મરવું ન પડે. એને ભાવમરણ અને દ્રવ્યમરણ છૂટી જાય છે. એકવાર જીવતાં મરે એનું પરિભ્રમણ મટી જાય છે. એને (પછી) જન્મ-મરણ નથી.

મુમુક્ષુ :– ઘરમાં તો કંકાસ   ભો થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :– કાંઈ કંકાસ   ભો નથી થતો અને   ભો થાય તોપણ ક્ષમા માગી લ્યે. પોતે કંકાસ ન કરે. ‘સોગાનીજી’એ શું લખ્યું ? કે, મૈં તો પંગુ હો ગયા હું. મેરે હાથ-પગ તો હૈ નહીં, દો ટાઇમ રોટી ખીલા દેના. અને છતાં નહિ ખવડાવે એમ સમજીને તૈયારી રાખવાની. તૈયારી એની શું છે કે, એ તો ખવડાવે છે એટલે એટલી વાત મૂકી છે. ન ખવડાવે તો અપેક્ષા નથી. એટલી તૈયારી છે.

જેને કોઈનો આધાર લેવો નથી, કોઈના આધારની જેને જરૂર નથી. તીર્થંકરકી આધારબુદ્ધિ ભી સ્વયં કો નુકસાન કરનેવાલી હૈ. આ તો સિદ્ધાંત લઈને બેઠા છે. બીજાનો આધાર શું લેશો ? સાક્ષાત્ તીર્થંકર કી આધારબુદ્ધિ ભી સ્વયં કો નુકસાન કરનેવાલી હૈ, ઇસસે

લાભ માનના હી અલાભ હૈ. આટલા શબ્દો લખ્યા છે. એને ફરીને મરવું ન પડે. એવું જીવતાં મરાય એવું મરણ ઇચ્છવા યોગ્ય છે. પોતે એવી શૈલી કરી છે, કેટલી શૈલી કરી છે ! સ્વરૂપની મુખ્યતા કરે એમ સીધું કહે (એમાં) એટલી અસર ન થાય, એટલી અસર આ શૈલીથી થાય. સીધું – Direct એમ કહે કે, તું તારા આત્માની – પરમાત્માની મુખ્યતા કર તો એને એટલો ખ્યાલ ન આવે. એને એમ કહે કે, તું બીજું બધું ગૌણ કર. કેટલું ? કે, જીવતા મર્યો હોય એવી રીતે. એ એક વિશિષ્ટ વાત કરી. કેમકે એની ચાલતી સ્થિતિ ઉપર ત્યાં પ્રહાર છે. ચાલુ પરિસ્થિતિ ઉપર આ પ્રહાર છે. તોડી નાખ આ પરિસ્થિતિ !

પ્રશ્ન :– પરથી લૂલા થઈ જવું એમ ?

સમાધાન :– તું પાંગળો થઈ જા. પાંગળો શું અહીંયાં તો એમ કહે છે જીવતો મરાય ! સીધી એવી જ વાત કરી. મારે કોઈની સાથે કાંઈ પ્રયોજન જ નથી ને ! એક મારે આ ભવમાં અત્યારે મારા આત્મા સિવાય કાંઈ પ્રયોજન જ નથી. જેમ થાવાનું હોય એમ થાઓ. પરિસ્થિતિ જે ભી થાવી હોય તે થાઓ, હું તૈયાર છું ! કોઈપણ પરિસ્થિતિ માટે હું તૈયાર છું. પછી એને અંદરથી પરમાત્મા મદદ કરે છે. એની તૈયારી હોય તો પરમાત્મા તૈયાર છે, એની તૈયારી ન હોય તો શું કરે ? પરમાત્મા પણ શું કરે ?

પ્રશ્ન :– ૭૪માં બોલમાં કેમ એમ લખ્યું છે કે, '**શ્રી ગૌતમને ચાર વેદ પઠન કરેલા...**'

સમાધાન :– '**શ્રી ગૌતમને ચાર વેદ પઠન કરેલા જોવાને શ્રીમત્ મહાવીર સ્વામીએ સમ્યક્નેત્ર આપ્યાં હતાં.**' એટલે શું છે કે, ચાર વેદ તો એ ભણી ગયા હતા પણ જ્યારે ભગવાને એમને સમ્યક્નેત્ર આપ્યું ત્યારે એમને ખબર પડી કે આમાં રહસ્ય શું છે ? એમાં રહસ્ય શું છે ? કોઈપણ અન્યમત પણ એક નયનો વિષય છે. કોઈપણ

અન્યમત કોઈ એક નયનો વિષય છે. એ સમ્યક્ જ્ઞાનરૂપી નેત્ર હોય ત્યારે પત્તો લાગે છે. એટલે તો કહ્યું ને ? 'ચાર વેદ પુરાણ આદિ, શાસ્ત્ર સૌ મિથ્યાત્વના, પણ જ્ઞાનીને તે જ્ઞાન ભાસ્યા, એ જ ઠેકાણે ઠરો. જિનવર કહે છે જ્ઞાન તેને સર્વ ભવ્યો સાંભળો.' એ સમ્યક્જ્ઞાનથી ઘટાવે છે.

આત્મા કૂટસ્થ છે એમ સાંખ્ય કહે છે. તો કહે, હા. નિશ્ચયનયે, પરમશુદ્ધનયે આત્મા કૂટસ્થ જ છે. સાંખ્ય કહે છે કે, આત્મા અપરિણામી છે. તો કહે, હા, પરમશુદ્ધનયથી આત્મા અપરિણામી છે. સમ્યક્ નેત્ર હોવું જોઈએ. નહિતર ગૃહીત મિથ્યાત્વ ઘૂસી જાય. એમ છે.

મુમુક્ષુ :– 'મહાવીરસ્વામી'ની વાણી નિમિત્ત બની.

પૂજ્ય ભાઈશ્રી :– ત્યાંથી સમ્યક્તા પ્રાપ્ત થઈ.

પ્રશ્ન :– 'ગૌતમ' તો વેદાંતી હતા ને ?

સમાધાન :– હા, પારગામી હતા. ચારે વેદના પારગામી હતા. હજારો શિષ્યના ગુરુ હતા. 'ઇન્દ્રભૂતિ' નામના બ્રાહ્મણ હતા.

મુમુક્ષુ :– ૭૭માં બોલમાં એમ જ છે, '**સમ્યક્નેત્ર પામીને...**'

પૂજ્ય ભાઈશ્રી :– '**સમ્યક્નેત્ર પામીને તમે ગમે તે ધર્મ શાસ્ત્ર વિચારો તોપણ આત્મહિત પ્રાપ્ત થશે.**' કેમકે એ તો નયથી ઘટાવી શકે ને ? એને અહિત થવાનું કારણ નથી થતું.

૮૩. '**જગતમાં માન ન હોત તો અહીં જ મોક્ષ હોત !**' અન્યમતના જેટલા પણ ફાંટા પડે છે અથવા જૈનદર્શનમાં જેટલા ફાંટા પડે છે, જેટલા ફિરકાઓ પડે છે એનું કારણ માન છે, બીજું કોઈ કારણ નથી. જો માન ન હોય તો મોક્ષ મળવો સહેલો છે, સુલભ છે. જીવને ઘણો સમર્થ હોય છે, ઘણો પુણ્યયોગ હોય છે, ઘણો ઉઘાડ હોય છે તોપણ મોક્ષ નથી એનું કારણ અહંપણું છે. વર્તમાન પર્યાયમાં અહંપણું છે.

'ગુરુદેવે' તો આવા વિષય ઉપર બહુ શૈલી કરી છે કે, ચાર જ્ઞાન ઉત્પન્ન થાય તોપણ મુનિરાજને અહંપણું ઉત્પન્ન થતું નથી. ચાર જ્ઞાન તો મુનિરાજ સિવાય કોઈને હોય નહિ. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન. તો કહે છે, ચારમાંથી એક વખતે એક જ ચાલુ રહે. ચારમાં(થી) ત્રણ તો લબ્ધમાં ચાલ્યા જાય. જેનો ઉપયોગ હોય – મનઃપર્યયનો ઉપયોગ હોય તો મતિ, શ્રુત અને અવધિ ત્રણે લબ્ધમાં જાય. શ્રુત(જ્ઞાનનો) ઉપયોગ હોય તો અવધિ, મનઃપર્યય, મતિ લબ્ધમાં જાય. એકનો ઉપયોગ થાય. કહેવાય ચાર જ્ઞાનના ધણી (પણ) ઉપયોગ એકનો હોય અને એ ઉપયોગ પણ એક કાળે એકને જ વિષય કરે, બીજા વિષયને વિષય ન કરી શકે. એમાં ચાર જ્ઞાનમાં શું મોટી વાત છે ? જાણે છે કે મારા જ્ઞાનસ્વભાવ (પાસે), અનંત જ્ઞાનસ્વભાવ પાસે આ તો બધી પાંગળી વાત છે. ચાર જ્ઞાન કહેવાય છે પણ કેટલું પાંગળું છે ! ચારે જ્ઞાન કેટલા પાંગળાં છે ! ચારેનો ઉપયોગ નથી. આનું શું અહંપણું કરવું ? અહીં તો થોડો ક્ષયોપશમ વધે તો પ્યાલો ફાટી જાય છે પણ ચાર જ્ઞાનના ધણી મુનિરાજ હોય છે, આચાર્ય હોય છે (એમને એમ લાગે છે કે આ તો) પાંગળું જ્ઞાન છે. આ બધું જ્ઞાન પાંગળું છે. મારો અનંત જ્ઞાનસ્વભાવ, પૂર્ણ જ્ઞાનસ્વભાવ પાસે આ કાંઈ નથી, છાંટો પણ નથી આ તો ! એનું શું અહંપણું કરે ? એટલે એમને ક્યાંય માન ચડતું નથી.

નહિતર એવા આચાર્ય હોય છે કે, પંથ ચલાવવો હોય તો જુદો પંથ ચલાવી શકે. એવા સમર્થ હોય, એવા પુણ્યશાળી હોય, હજારો લોકો એના અનુયાયી હોય – રાજા, મહારાજાઓ (અનુયાયી હોય). અત્યારે તો કાંઈ નથી. અત્યારે તો પાંચ-પચીસ જણનું એક ખોબા જેટલું ગૂઠ (ટોળું) થઈ જાય તો જુદો થઈને બેસી જાય કે, હું જુદો, મારું જુદું કરી લઉં, મારું માન સચવાવું જોઈએ નહિતર ન ચાલે.

કહે છે, ચાર જ્ઞાનના ધણી હોય તોપણ માન કરતાં નથી. એને માન થતું નથી. આ દ્રવ્યદૃષ્ટિનું કારણ છે.

પ્રશ્ન :– માનને મારવું હોય તો શું કરવું ?

સમાધાન :– માનને મારવું હોય તો માનરહિત પોતાના સ્વરૂપ બાજુ વળવું પડે છે. જેમાં માનનો કોઈ અવગુણ નથી. એમાં માનનો કોઈ અવગુણ નથી. માન-અપમાનનો દ્વંદ્વ નથી, એકરૂપ સ્વભાવ (છે), અદ્વૈત અભેદ સ્વભાવ છે.

પ્રશ્ન :– દૃષ્ટિકોણ એક ધ્રુવ ઉપર જ રાખવાનો છે ને ?

સમાધાન :– હા, એ તો કરોડો, અબજો, અસંખ્ય વિભાવો જે છે, અસંખ્ય પ્રકારના, અનંત પ્રકારના વિકાર છે એની એક જ Master key (છે), દવા એક જ છે. બુદ્ધિપૂર્વકના હો કે અબુદ્ધિપૂર્વકના હો 'સ્વશ િ ત સ્પર્શન' પોતાની શ િ તને – સ્વભાવને સ્પર્શે છે. આ એક જ (ઉપાય છે). બુદ્ધિપૂર્વક હો, અબુદ્ધિપૂર્વક હો એક જ વાત છે. 'સમયસાર'માં કળશ છે. 'સ્વશ િ ત સ્પૃશતન્' પોતાની શ િ તને સ્પર્શે (છે).

૯૨માં લીધું છે, **'સ્યાદ્વાદ શૈલી જોતાં કોઈ મત અસત્ય નથી.'** સ્યાદ્વાદ વગર બધાં પાખંડ છે અને સ્યાદ્વાદથી કોઈ અસત્ય નથી. કેમકે બધામાં એક એક નય લાગુ પડે છે અને વિકલ્પ પણ ત્યાંથી જ આવે છે કે, એક નયને સ્યાત્‌ની અપેક્ષા છોડી દીધી છે. એટલે સર્વથા માની લે છે. આ ભૂલ છે.

૯૩. **'સ્વાદનો ત્યાગ એ આહારનો ખરો ત્યાગ જ્ઞાનીઓ કહે છે.'** આ લોકો ઉપવાસ કરે છે એને પહેલાં એ વિચારવું જોઈએ કે, ભાવે છે અને નથી ભાવતું એવું કેટલું છે ? જીવનની અંદર જે આહારનો વિષય છે એમાં આ નથી ભાવતું અને આ ભાવે છે એવું કેટલું છે ? બસ, સીધી વાત છે. એ પહેલાં નક્કી કર, સ્વાદનો ત્યાગ નક્કી કર, માત્ર જ્ઞાતા-દૃષ્ટા રહીને જે તે સ્વાદનો જાણનારો રહે. આ ભાવે

છે, આ ફાવે છે અને આ નથી ભાવતું, નથી ફાવતું એ છોડી દે. એને જ્ઞાનીઓએ આહારનો ખરો ત્યાગ કહ્યો છે. ઉપવાસ કરે છે એણે આહારનો ત્યાગ નથી કર્યો, જેણે સ્વાદનો ત્યાગ કર્યો એણે આહારનો ત્યાગ કર્યો એમ જ્ઞાનીઓએ કહ્યું છે અને એવા જ્ઞાનીઓએ ઉપવાસ કર્યો છે. કેમકે એને તો સ્વાદની પડી નહોતી. એટલે એને ઉપવાસ કરવો એ સહજ છે. પણ સ્વાદ રાખીને, સ્વાદનો બરાબર ટેસ્ટ રાખીને આહાર છોડે તો રસ તો સ્વાદનો છે, અંદર સ્વાદનો રસ ભર્યો છે અને ઉપરથી બૂચ મારી દ્યે, અંદર ધૂંધવાય નહિ (તો) બીજું શું થાય ? અંદર અગ્નિ સળગેલો હોય અને ઉપર ધૂળ નાખે તો ધૂંધવાય. બીજું શું થાય ? એ પ્રકાર યોગ્ય નથી.

૯૪. '**અભિનિવેશ જેવું એક્કે પાખંડ નથી.**' શું કહે છે ? અભિનિવેશ છે એમાં ચાર-પાંચ પ્રકાર લેવા જેવા છે. દેવ, ગુરુ, શાસ્ત્ર, સત્પુરુષ અને નવ તત્ત્વ. આ પાંચ મુદ્દા લેવા. જોકે નવ તત્ત્વમાં દેવ, ગુરુ, શાસ્ત્ર અને સત્પુરુષ આવી જાય છે પણ એ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ જુદો પાડીએ અને એક દેવ-ગુરુ-શાસ્ત્ર સ્વમતના અને પરમતનાને (જુદો પાડીએ).

ઓછામાં ઓછું મુમુક્ષુને વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રની તો દૃઢ શ્રદ્ધા હોવી જોઈએ. વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રને પણ માને અને બીજે પણ પાછો જાય આ તો બહુ મોટું પાખંડ છે. અહીંયાં આવીએ છીએ, અમે તો માનીએ છીએ. જ્ઞાનીને – સત્પુરુષને પણ માને, અજ્ઞાની હોય એને પણ માને (એ) બહુ મોટું પાખંડ છે. એ જ્ઞાનીને માનતો નથી. એમ કુદેવને માને છે એ સુદેવને માનતો નથી. પણ અમે સો વખત તો જૈનમંદિરમાં જઈએ છીએ એક વખત ધનતેરસને દિવસે ફ ત મહાલક્ષ્મી માતાના મંદિરે જઈએ છીએ. કેમકે આજે ધનતેરસ છે ને એટલે લક્ષ્મીદેવીની કાંઈક કૃપા થવી જોઈએ તો વ્યવહાર તો સરખાં ચાલે. વરસમાં ૩૬૦ દિવસ તો અમે જિનમંદિરે જ જઈએ

છીએ. એક જ દિવસ અમે મહાલક્ષ્મી માતાના મંદિરે જઈએ છીએ. અહીં કહે છે કે, (એ) વિપરીત અભિનિવેશ છે અને એને પાખંડ એટલા માટે કીધું કે, જીવ ખોટો દેખાવ કરે છે. એટલે એને પાખંડ કહે છે. જેનો દેખાવ સાચા જેવો પણ અંદરમાં સાચો નહિ, બહારનો દેખાવ સાચા જેવો પણ અંદરમાં સાચો નહિ એને પાખંડ કહેવામાં આવે છે. એવા દેવ-ગુરુ-શાસ્ત્રના સંબંધમાં અને સત્પુરુષના સંબંધમાં આ ભૂલ નહિ થવી જોઈએ. અન્ય દેવને માને, સત્પુરુષને માને (અને) અન્ય ગુરુને માને, અન્ય શાસ્ત્રની પ્રશંસા કરે એ બધું એનું પાખંડ છે.

એ સિવાય નવ તત્ત્વમાં નવ તત્ત્વને તો વ્યાખ્યા કરીને સ્વીકારે કે, બરાબર, મને વ્યાખ્યા માન્ય છે. પણ અભિપ્રાય છે એ એનો વિરુદ્ધ જાતો હોય, વલણ જુદું હોય, અભિપ્રાય જુદો હોય તો એ પણ પાખંડ થઈ જાય છે. નવ તત્ત્વને ખરેખર સ્વીકારતો નથી. ભાવના તો આસ્રવની રાખે અને આસ્રવને બંધનું કારણ ગણે, પછી ભાવના રાખે આસ્રવની ! તો એ તો કાંઈ યોગ્ય નથી. એમ '**અભિનિવેશ જેવું એક્કે પાખંડ નથી.**' દેખાવ ખોટો થાય છે એમ કહેવું છે.

૯૫માં એક વ્યંગ કર્યો છે. '**આ કાળમાં આટલું વધ્યું :– ઝાઝા મત, ઝાઝા તત્ત્વજ્ઞાનીઓ,...**' બધા પોતપોતાની ફિલસૂફી હંકારે ! વ્યંગ કર્યો છે. અત્યારે ઝાઝા તત્ત્વજ્ઞાની પણ વધ્યા એમ કહે છે. ઝાઝા મત વધ્યા, ઝાઝા તત્ત્વજ્ઞાની વધ્યા. '**ઝાઝી માયા...**' વધી. '**અને ઝાઝો પરિગ્રહવિશેષ.**' પણ વધ્યો. આ કાળમાં આ બધું વધ્યું. પોતે સો વર્ષ પહેલાં આ વાત કરી. અત્યારે તો એનાથી વધારે ઘણી ગડબડ છે. આ ૨૦મું વર્ષ છે ને ? ૧૯૪૩(માં લખ્યું છે અત્યારે) ૨૦૪૫ ચાલે છે, ૧૦૨ વર્ષ પહેલાં લખેલી વાત છે.

મુમુક્ષુ :– અત્યારે તો ઘણા મતો વધી ગયા, આ તો સો વરસ પહેલાની વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, અત્યારે તો ઘણું વધી ગયું. તે ’દી આ વાત કરી છે.

૯૭. **‘આખા જગતના શિષ્ય થવારૂપ દૃષ્ટિ જેણે વેદી નથી તે સદ્‌ગુરુ થવાને યોગ્ય નથી.**’ કેવી વાત લખી છે ! જેને બધેથી શિક્ષા લેવી છે, કોઈપણ જગ્યાએથી જેને ગુણપ્રાપ્તિ કરવી છે. નાનામાં નાની જગ્યાએથી ગુણની દૃષ્ટિવાળો અંદરથી ગુણ ખેંચે છે. એમ આખા જગતમાં શિક્ષા ગ્રહણ કરવી, શિષ્ય થવું, બોધ ગ્રહણ કરવો, પોતાના આત્મા માટે ઉપદેશ ગ્રહણ કરવો એવી દશા જેણે વેદી નથી, એવો દૃષ્ટિકોણ જેણે અપનાવ્યો નથી. દૃષ્ટિ એટલે દૃષ્ટિકોણ લેવો, એ દૃષ્ટિકોણ જેણે અપનાવ્યો નથી એને મહાનતા કદી પ્રાપ્ત થતી નથી. એ સદ્‌ગુરુ થવાને યોગ્ય નથી. **કેવી કેવી વાતો એમણે કાઢી છે ! પોતાની વિચારણામાં કેવી કેવી વાતો કાઢી છે !!**

પ્રશ્ન :– એમાં એક વાત છે, ફાધર ‘વાલેસ’ જેવા કોઈ બોલતા હોય એના પણ ગુણગ્રામ કરવાની ભાવના કરવી ?

સમાધાન :– એમ નથી કહેવું. એને જ્ઞાની તરીકે સાંભળવા, એને ઉપદેશક તરીકે સ્વીકારવા – એમ નથી. પણ એમ વિચારી શકાય, આ તો ક્રિશ્ચિયન છે, મુસલમાન છે એની ધર્મચુસ્તતા કેવી હોય છે ? એની પોતાની ધર્મચુસ્તતા કેવી હોય છે ? કે, પોતાનો ધંધો, પોતાનો કારોબાર, પોતાના ઉદ્યોગ ગૌણ કરીને પણ પોતાના ધર્મની ક્રિયા કરે છે. ભલે એને જ્ઞાન નથી એટલે એના માનેલા ધર્મને તો વળગીને રહે છે. તો એનો ગુણ એમાંથી એ લે કે, હું જો સાચા ધર્મને સમજું છું તો મારી ધર્મચુસ્તતા તો હોવી જોઈએ. એક સાધારણ કારણ આવી પડે એટલે મૂકો ધર્મને એકબાજુ. ભાઈ ! આજે તો અમારે આમ હતું ને એટલે આજે તો અમારે મૂકી દેવું જ પડ્યું. એમ નહિ. ગુણ લેવાની વાત આ છે. ગુણ લેવો એટલે એવી રીતે વાત છે. એ ઉપદેશ શું આપે છે એનો સવાલ નથી. પણ

એનામાં કોઈ એવો ગુણ હોય છે કે જે ગ્રહણ કરવા યોગ્ય હોય છે.

એવું આખા જગતમાંથી, એક કૂતરામાંથી (પણ ગુણ) મળે. જેનો રોટલો ખાય છે એને નહિ કરડે. 'કૂતરાથી ચેતો' (ઘરની) બહાર લખે છે ને ? એ જેને ભાળશે એને સીધો છલાંગ મારી બટકું ભરશે પણ એના ઘરનાને કોઈને બટકું નહિ ભરે. જંગલી કૂતરા રાખ્યા હોય છે પણ એના ઘરનાને કોઈને બટકું ન ભરે. બહારવાળો હોય તો એને દરવાજામાંથી અંદર પગ મૂકવો મુશ્કેલ પડી જાય. તો એનામાંથી એણે શું ગુણ લીધો ? કે, એની પ્રમાણિકતા તો જુઓ ! જેનો ઉપકાર છે એની સામે નથી જાતો. રોટલો ખવડાવે છે એટલે એનો ઉપકારી છે. જેનો ઉપકાર છે એના ઉપકારની સામે એ ભસતો નથી, ઉપકારની સામે બટકું નથી ભરતો. એમ ગુણ તો માણસ ગમે ત્યાંથી લઈ શકે છે.

આખા જગતમાંથી ગુણદૃષ્ટિ લઈ શકે. ગુણદૃષ્ટિ એવી ચીજ છે, ગમે ત્યાંથી ગુણ જ ઉઠાવે. એનામાં અવગુણ હજાર હોય. એ એનો વિષય નથી. એને શું લેવું છે ? પોતે શું ગ્રહણ કરવું છે ? એના ઉપર જ એનું ધ્યાન છે. બીજું જાણે – ન ઓળખે, ન જાણે, ન સમજે – એમ નથી. ગુણને સમજે તે અવગુણને જરૂર સમજે. કેમકે એ તો પ્રતિપક્ષ છે. પણ પોતાને જે બોધ ગ્રહણ કરવો છે, પોતાને જે ગુણ ગ્રહણ કરવો છે એના ઉપર એનું વજન છે. એના દોષ એને ભારે, એના દોષનું ઈ જાણે આપણે શું ? એમ.

'શ્રીમદ્જી'ને બહુ નાની ઉંમરમાં એમના કવિત્વની પરીક્ષા કરવા માટે એમને એક વખત કોઈ મેળાવડો, સંમેલન હશે એમાં એમને એમ કહ્યું કે, તમે શીઘ્રકવિ છો, તો શીઘ્રકવિ છો તો તમારો પરચો બતાવો ! તમારી શ િ ત દર્શાવો. (એટલે 'કૃપાળુદેવે') કહ્યું, તમે કોઈપણ વિષય આપો હું તરત જ એના ઉપર પદ રચી દઈશ.

ગમે તેવો ક્ષુદ્ર વિષય હોય તો ? એનો વાંધો નહિ. વિષય તમે ગમે તે આપો. નકામામાં નકામો વિષય આપો એનો કાંઈ વાંધો નહિ, એના ઉપર હું પદ રચીશ. તો કોઈ બુદ્ધિશાળી માણસ હશે એણે એમ કહ્યું કે, આ કાંકરો પડ્યો છે, સાવ નકામો છે એના ઉપર કાંઈક પદ રચો. કાંકરો ! કાંકરો આવે ને ? નાના પથ્થરને કાંકરો કહે છે ને ? નકામી ચીજ (છે), રસ્તામાં કાંકરા પડ્યા હોય છે. એ કોઈ કામની ચીજ નથી હોતી. આના ઉપર પદ રચો.

એવું સરસ પદ રચ્યું કે, આ જીવ જો પોતાનું હિત ન સાધે તો કાંકરા જેવો છે ! એની જિંદગીનું મૂલ્ય કેટલું ? ઈ જ વખતે ચાર લીટી ભા ભા રચી દીધી કે, જો આ જીવ પોતાના હિતના વિષયમાં ન સમજ્યો તો આ કાંકરો અને મનુષ્યનું જીવન એમાં કાંઈ બીજો ફરક નથી. ઠીક ! એમની દૃષ્ટિ કેવી છે ! બહુ નાની ઉંમરમાં એમણે આ બધી રચના કરેલી છે. બહુ શિ ત લઈને આવેલા !

**'ગુરુદેવ' કહેતાં, 'શ્રીમદ્' જેવા બહુ શિ ત લઈને આવેલા, છસ્સો વરસમાં આવા શિ તશાળી પુરુષ નથી થયા એવા પુરુષ થયા છે !! આયુષ્ય ટૂંકું હતું. બહુ શિ ત હતી ! જુઓને ! સેંકડો વચનો કેટલી ગંભીર વિચારણામાંથી કાઢ્યા હોય એવા વચનો છે !! વીસ વર્ષની ઉંમરે સમ્યગ્દર્શન થયા પહેલાં બહુ જેની ગંભીર વિચારણા હોય અને જે વાત કાઢે એવી વાત કાઢી છે !**

મુમુક્ષુ :– ૯૮મો બોલ.

પૂજ્ય ભાઈશ્રી :– '**કોઈ પણ શુદ્ધાશુદ્ધ ધર્મકરણી કરતો હોય તો તેને કરવા દો.**' અપેક્ષિત વાત છે. એવું છે કે ઉપદેશ તો તેને દેવાનો હોય કે જે ઉપદેશ માને એને. કોઈ થોપવાનો સ્થાપવાનો વિષય નથી. થોપી દેવાનો એ વિષય નથી.

બીજું, કે જેને જે શ્રદ્ધા હોય છે એ શ્રદ્ધા મર્મસ્થાનનો વિષય

છે. આળા ગૂમડા જેવો ! તમે ઘડ દઈને કહી દો કે, આ તો આમ છે ને તેમ છે. માણસને દુઃખ થઈ જાય. પણ એ ઇચ્છુક હોય કે મારે કાંઈક સમજવું છે. સાચું કાંઈક સમજવું છે. એને તમે કહો એનો વાંધો નહિ. એ તો કોઈપણ ગમે તે હોય, કોઈ શુદ્ધ-અશુદ્ધ કરણી – કાર્ય કરતો હોય (તો) એને એની માન્યતા પ્રમાણે કરવા દેવો. જ્યાં ત્યાં કહેતા ફરવું કે, આ તમારું મિથ્યાત્વ છે ને આ ઢીકણું છે ને આમ છે ને ખોટું છે. એ બરાબર નથી. એમ નહિ કરવું.

મુમુક્ષુ :– એ તત્ત્વની વાતને નહિ સમજી શકે એટલે એને વાત ન કરવી.

પૂજ્ય ભાઈશ્રી :– એનો અર્થ નથી, આ વસ્તુ એવી છે, 'ગુરુદેવ' કહેતા ને ? કે આ કોઈ એવી ચીજ નથી કે તમે લારીમાં ફેરી કરવા નીકળો કે, દૂધી બે રૂપિયાની કિલો, લેવી હોય ઈ લેવા આવો ! એવી ચીજ નથી. આ ફેરી કરવાની ચીજ નથી કે, તું સત્યની ફેરી કરતો ફર. એનો કોઈ ગ્રાહક હોય એને સત્ય દેવું. ગ્રાહક ન હોય ત્યાં શિ ત અને સમય વેડફવા જેવો નથી.

એમને તો બહુ જબરજસ્ત વિવેક હતો ! (લખ્યું છે) 'તૃષાતુરને પાણી પાયાની મહેનત કરજો.' પણ તૃષાતુર હોવો જોઈએ, તો એને પાણી દીધું કામનું. નહિતર પગ ધોશે. તૃષાતુર ન હોય તો ? તૃષાતુર ન હોય તો તેને તૃષા ઉત્પન્ન થાય એટલી મહેનત કરજો. ઠીક ! એમની પોતાની બહુ બુદ્ધિ હતી ! વિશાળ બુદ્ધિ હતી ! એવું બધું કાઢ્યું છે એમણે ! તૃષાતુર હોય એને તો ઉપદેશ દેવો, સાચી વાત – સત્ય બતાવવું. અને એવા ન હોય તો શું કરવું ? એમને કાંઈક તૃષા જાગે, જિજ્ઞાસા ઉત્પન્ન થાય, તૃષા ઉત્પન્ન થાય એવી કોઈ વાત કરવી. સીધી વાત ઠપકારી ન દેવી. એને વિચાર કરતો મૂકી દેવો.

અમારે તો એવું બહુ બને, બધા સગાસંબંધી હોય ને ? એટલું મૂકીએ, ઝાઝી વાત નહિ કરવાની. આમ તો બધાને ખબર હોય

કે વાંચન કરીએ છીએ. એ (કાંઈક) કરતા હોય તો એમ કહીએ કે, આ બીકના માર્યા તો નથી કરતા ને ? ભયથી તો નથી પૂજતા ને ? અંદર ભય હોય તો ખરો જ. જેને એવી દેવ-દેવીઓની માન્યતા હોય ત્યાં ભય તો હોય જ. એ તો નાગપૂજા જેવું થાય. નાગબાપાને ભયથી પૂજે. કોઈ 'દી દર્શન દેતા નહિ. એનો અર્થ એમ છે. નાગપાંચમને 'દી પૂજા કરે પણ મનમાં શું રાખે કે, કોઈ 'દી તમે સામા મળશો નહિ. સીધું મોત ભાળે ! એટલે થોડો વિચાર કરતા એને મૂકી દેવા. બુદ્ધિશાળી માણસો હોય (એને) વિચાર કરતા મૂકી દેવા. એથી વધારે લાંબી વાત નહિ કરવાની. એની બુદ્ધિમાં એને શંકા તો પડે કે, સમજ્યા વગર આ શું (કરીએ છીએ) ? આપણે બુદ્ધિવાળા માણસ હાંકે રાખીએ છીએ ? એને શંકા પડે, એ વિચારતો થાય એટલી થોડી વાત કરાય.

મુમુક્ષુ :– (કૃપાળુદેવે) કોઈને પૂછ્યું હતું, તરસ લાગી છે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ તો મુમુક્ષુ જ હતા. મુમુક્ષુ હતા પણ ઉપર ઉપરથી વિચારતા હતા. એમના કોઈ દૂરના સગા થતા હશે એટલે એમને ત્યાં   તર્યા હતા.

મુમુક્ષુ :– 'મણિલાલ રાયચંદભાઈ ગાંધી.'

પૂજ્ય ભાઈશ્રી :– 'મણિભાઈ' હતા ? તૃષાની વાત કરી એ ? એમને તો દીક્ષા લેવી હતી. દીક્ષા લેતા અટક્યા હતા. એમના નિમિત્તે તો દીક્ષા લેતા અટક્યા હતા. પણ તોપણ ઈ ભૂલ કરી હતી. એવું છે.

મુમુક્ષુ :– તૃષા લાગી છે ? એમ પૂછ્યું તો આમણે કહ્યું, ચોવિહાર છે. તો કહ્યું, ભાવિ જોગન, જાવ.

પૂજ્ય ભાઈશ્રી :– પતી ગયું, સમજે તો સમજે, ન સમજે તો કાંઈ નહિ. લાંબુ લેકચર ફાડે નહિ. એવું છે.

'ગુરુદેવે' એકવાર એવું પૂછ્યું હતું કે, સોનાના શું ભાવ છે ?

ઠીક ! (બધા) સમજ્યા નહિ. 'ગુરુદેવ' આવો પ્રશ્ન પૂછે ? સોનાનો શું ભાવ છે ? સોનાના ભાવ તો દાગીના ઘડાવવા હોય ઈ પૂછે. 'ગુરુદેવ'ને દાગીના ઘડાવવાનો કાંઈ પ્રશ્ન નથી. સોનાના શું ભાવ છે ? એમ પૂછ્યું. (બધા) વિચારતા થઈ ગયા. તોપણ કોઈએ કીધું, ફટ દઈને ઘણા ઉતાવળા થાય (એણે કહ્યું), સાહેબ ! આજકાલ છાપામાં આ ભાવ આવે છે. અત્યારે આ ભાવ ચાલતા લાગે છે. તો કહ્યું, ઈ ભાવ અમે નથી પૂછતા. એનો – સોનાનો સ્વભાવ શું છે ? એમ પૂછીએ છીએ. સોનાને એનો સ્વભાવ શું ? સોનાપણું શું છે ? પીળાપણું તે સોનું છે ? ચીકાશ તે સોનું છે ? વજન તે સોનું છે ? સોનું શું છે આમાં ? સોનાનો સ્વભાવ શું છે ? એમ પૂછવું છે. ત્યાંથી આત્મામાં વાત લીધી હતી.

૧૧૦. **'પવિત્ર પુરુષોની કૃપાદૃષ્ટિ એ જ સમ્યક્દર્શન છે.'** સત્પુરુષોની – પવિત્ર પુરુષોની કૃપાદૃષ્ટિ એ જ સમ્યગ્દર્શન છે અને સમ્યગ્દર્શન ન થયું હોય તો એથી સહેલું સમ્યગ્દર્શન જોઈતું હોય તો પાત્રતા કેળવવી. સત્પુરુષોને કૃપાદૃષ્ટિ કોના ઉપર થાય છે ? જેની પાત્રતા હોય છે. પાત્રતા જોઈને સત્પુરુષનું ચિત્ત પણ પ્રસન્ન થાય છે. ઘણા જીવો આ ક્ષેત્રમાં આવીને સમજવાની મહેનત કરે છે પણ આમાંથી આ કોઈ એક પાત્ર છે. તો એ જીવ ભાવિનૈગમનયથી સમ્યગ્દર્શનનો અધિકારી જોઈને એને વર્તમાનમાં ઉપચાર કરવામાં આવે છે. એ એમની કૃપાદૃષ્ટિ થઈ એ જ એને માટે સમ્યગ્દર્શન છે.

'ગુરુદેવ'ને કોઈ પ્રિય હોય, 'ગુરુદેવ'ની કોઈના ઉપર કૃપાદૃષ્ટિ હોય તો આપણે ત્યાં લોકો જુદી જ દૃષ્ટિથી જોતા હતા કે, આ ભાઈ અજાણ્યા છે, નવા છે, ફલાણાં છે, ઢીકણાં છે પણ 'ગુરુદેવ'ની નજરમાં કાંઈક એનું મહત્ત્વ છે, કૃપાદૃષ્ટિ છે. એમ જોતા હતા. 'શ્રીમદ્' કહે છે કે, એને તો સમ્યગ્દર્શન સમજવું. એ પામી જાશે.

જેના ઉપર સત્પુરુષની પ્રસન્નતા થઈ, જેની યોગ્યતા ઉપર સત્પુરુષનો આત્મા તુષ્ટમાન થયો, તુષ્યમાન થયો, એનું ચિત્ત પ્રસન્ન થયું, ઠર્યું કે, વાહ ! છે કોઈ પાત્ર જીવ ! એ જીવ નજીકમાં જ પામનારો હોય છે. એટલે એને જ સમ્યગ્દર્શન કહી દીધું છે. પોતે ઈ શૈલી બહુ કરી છે. કથનની શૈલી ઘણી કરી છે !

પ્રશ્ન :– સત્પુરુષ એટલે આત્મા પણ લઈ શકાય ?

સમાધાન :– નહિ, અહીંયાં એ વાત નથી. પવિત્ર પુરુષો (એમ) બહુવચન વાપર્યું છે, એકવચન નથી. પવિત્ર પુરુષો એટલે એમાંથી કોઈપણ પવિત્ર પુરુષ હોય. અનેક હોય એમાંથી કોઈની પણ કૃપાદૃષ્ટિ થાય, જેને જેનો સંગ હોય. એને સમ્યગ્દર્શન છે.

૧૨૨. **'સત્પુરુષો કહેતા નથી, કરતા નથી; છતાં તેની સત્પુરુષતા નિર્વિકાર મુખમુદ્રામાં રહી છે.'** કેવી વાત ખેંચી છે ! જેમની મૌન મુખમુદ્રા પણ એક બોધ આપે છે, ઉપદેશનું નિમિત્ત થાય છે. એ ભલે કહેતા નથી, કાંઈ કરતા દેખાતા નથી, કાંઈ કહેતાં જોવાતા નથી, (કાંઈ કરતા) દેખાતા નથી. છતાં તેમની સત્પુરુષતા અછાની રહેતી નથી. નિર્વિકાર મુખમુદ્રામાં તેમની સત્પુરુષતા રહી છે. એ પ્રકારની જેની પાત્રતામાં નજરવાળા જીવો હોય છે એને એ પ્રકાર પોતાના જ્ઞાનમાં આવે છે.

એટલે એવું એ ઇચ્છતા નથી કે, અમને એ જ્ઞાનદાન કરે ત્યારે જ અમને બહુ સારું લાગે છે, જ્યારે મૌન હોય ત્યારે અમને એમ નથી લાગતું કે આજે અમને વ્યાખ્યાન નથી આપતા. એવું નથી. હું નવો નવો 'સોનગઢ' જતો હતો (ત્યારે) સ્વાધ્યાયમાં સંખ્યા ઓછી હોય. 'ગુરુદેવ' પાટ ઉપર આવીને બિરાજે. સ્વાધ્યાય હોય (તોપણ) 'ગુરુદેવ' પાટ ઉપર આવે પણ ત્યાં સંખ્યા બહુ ઓછી હોય. કોઈ રસ્તામાં મળે, કોઈ બજારમાં મળે, કોઈ ઘરે મળે અથવા આપણાં પરિચિત હોય અને ન આવ્યો હોય ત્યારે આપણે એને પૂછીએ કે,

કેમ આજે તમને જોયા નહિ ? (તો કહે), આજે તો સ્વાધ્યાય હતી ને એટલે અમે નહોતા આવ્યા. અમને તો એ વખતે નવાઈ લાગતી. નવા નવા ગયા હતા ત્યારની વાત છે. પછી તો વાત ખ્યાલમાં આવી ગઈ કે અહીંયાં આપણા મુમુક્ષુઓનો આ પ્રકાર જ છે. પણ તે 'દી નવાઈ લાગતી. આજે સ્વાધ્યાય છે એટલે આ લોકો આવતા નથી ! એમ કેમ હશે ?

'ગુરુદેવ' બેઠા હોય અને આપણે સ્વાધ્યાય કરતા હોઈએ તોપણ ભાવ તો ઈ જ બધા આવે. ભલે 'આત્મસિદ્ધિ'ની સ્વાધ્યાય થતી હોય. ભાવ તો બધા ચા ભાવ આવી શકે કે નહિ ? સ્વાધ્યાયની અંદર તો એ જ રસ ભર્યો છે, એ જ વાત છે. જે રોજ સાંભળીએ છીએ એની તો સ્વાધ્યાય છે. એ જ શાસ્ત્રો – 'સમયસાર' ને 'પ્રવચનસાર' ને 'આત્મસિદ્ધિ' ને 'નિયમસાર' ને એ બધા ગુટકા એ દિવસોમાં પ્રસિદ્ધ થયેલા, પ્રકાશિત થયેલા. એ ગુટકા લઈને સ્વાધ્યાય કરતા. કોઈ ન આવે અને ઈ જ્યારે એમ કહે કે, આજે તો સ્વાધ્યાય હતી માટે નહોતા આવ્યા તો અમને તે દિવસે નવાઈ લાગતી હતી કે, આવું કેમ વિચારતા હશે ? 'ગુરુદેવ'ના દર્શન કરે તોપણ માણસના ભાવ ફરે છે. 'બહેનશ્રી' છે એમના દર્શન કરે તોપણ માણસના ભાવમાં ફેર પડે છે. એવી એમની મુખમુદ્રા, નિર્વિકાર સૌમ્ય મુખમુદ્રા હોય છે ! એટલો વિચાર ન કરે. આજે હવે કાંઈ નથી જાવું (એમ કહે) અને પાછો ટાઇમ બગાડે.

મુમુક્ષુ :– એ દિવસે 'ભાવનગર' ખરીદીમાં આવે.

પૂજ્ય ભાઈશ્રી :– અરે...! ખરીદીમાં આવે પણ આખો દિવસ તો છે ખરીદીનો.

મુમુક્ષુ :– એવું ક્યારેક હોય ને ખરીદી ન હોય પણ કામ કાઢે.

પૂજ્ય ભાઈશ્રી :– બરાબર છે પણ પછી આખો દિવસ તો

છે જ ને ? સવારમાં સ્વાધ્યાય હોય પછી બપોરે ૩ વાગે પ્રવચન હોય. ત્યાં સુધીનો આખો ગાળો તો ખાલી હોય છે. કોઈ તો બજારમાં આવીને છાપું વાંચવા બેઠા હોય ! કાં હાથમાં થેલી લઈને શાક લેવા નીકળ્યા હોય ! એ બરાબર નથી. એમને સત્પુરુષનો પ્રત્યક્ષ યોગ શું વસ્તુ છે એ સમજાયું નથી.

૧૨૪. '**આત્મા જેવો કોઈ દેવ નથી.**' પરમદેવ આત્મા પોતે જ છે. આત્મા જેવો કોઈ દેવ નથી.

પ્રશ્ન :– ૧૨૫માં શું કહેવા માગે છે ?

સમાધાન :– '**કોણ ભાગ્યશાળી ? અવિરતિ સમ્યક્‌દૃષ્ટિ કે વિરતિ ?**' એટલે અહીંયાં અજ્ઞાની વિરતિ લેવો છે. બેમાંથી ભાગ્યશાળી કોણ ? સમ્યક્‌દૃષ્ટિ ભાગ્યશાળી (છે). વિરતિ થયો છે એ નહિ. વિરતિ એટલે જેણે ત્યાગ કર્યો છે તે.

પ્રશ્ન :– વિરતિ એ ભાગ્યશાળી નહિ ?

સમાધાન :– નહિ, (એનું કારણ) સમ્યગ્દર્શન નથી. આને તો અનંત ભવ છૂટી ગયા, પેલાને અનંત ભવ ભા છે. સમ્યગ્દર્શન નથી ત્યાં સુધી મિથ્યાત્વનું અનંત ભવનું સત્ત્વ પડેલું છે.

મુમુક્ષુ :– આ પ્રશ્ન આમ કર્યો છે એટલે કાંઈક ગૂઢાર્થ હોય એમ લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :– સમ્યગ્દર્શનનું મહત્ત્વ દર્શાવવું છે. ગૂઢાર્થમાં એ છે કે, ત્યાગનું મહત્ત્વ નથી દર્શાવવું, સમ્યગ્દર્શનનું મહત્ત્વ દર્શાવવું છે. એટલે એકલો સમ્યક્‌દૃષ્ટિ નથી લખ્યો, અવિરતિ સમ્યક્‌દૃષ્ટિ એમ લીધો છે. એમ. ખાલી સમ્યક્‌દૃષ્ટિ શબ્દ નથી લીધો કેમકે સમ્યક્‌દૃષ્ટિ તો પાંચમે હોય અને છઠ્ઠે-સાતમે (પણ) હોય. અવિરતિ સમ્યક્‌દૃષ્ટિ ભાગ્યશાળી કે વિરતિ ભાગ્યશાળી ? અવિરતિ સમ્યક્‌દૃષ્ટિ ભાગ્યશાળી. જવાબ નથી આપ્યો પણ એમનો કહેવાનો આશય એ છે.

મુમુક્ષુ :– અવિરતિ સમ્યક્‌દૃષ્ટિ સાથે લખ્યું છે અને વિરતિમાં

ખાલી વિરતિ જ લખ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એમ જ છે. સમ્યગ્દર્શનનું મહત્ત્વ સ્થાપવું છે.

પ્રશ્ન :– વિરતિ એટલે મિથ્યાદૃષ્ટિ છે ?

સમાધાન :– હા, ત્યાગી. વિરતિ એટલે ત્યાગી.

૨૫મો આંક. મારા ગ્રંથમાં ૧૬૫મું પાનું છે. એમાં પણ કેટલાક વચન છે. એમાં આઠમું વચન છે.

મુમુક્ષુ :– ૧૬૨માં પાને છે એ (લ્યો ને) !

પૂજ્ય ભાઈશ્રી :– '**મેરા મેરા મત કરે, તેરા નહિ હૈ કોય; ચિદાનંદ પરિવારકા, મેલા હૈ દિન દોય.**' તું પરિવારમાં મારા.. મારાપણું કરીને વળગ્યો છે પણ તારું કોઈ નથી. હે ચિદાનંદ ! આ જે પરિવારનો મેળો છે એ બે દિવસનો છે. બે દિવસના મહેમાન છીએ, એકબીજા એકબીજાને ત્યાં બે દિવસના મહેમાન છે. મહેમાન બે દિવસ રહે એવી વાત છે. મહેમાન તરીકે રહે, ધણી થઈ જા મા. જેના ઘરે આવ્યો એનો ધણી થઈ જા મા. મહેમાન તરીકે રહે તો વાંધો નથી. નહિતર મમત્વમાં અનંત ભવ વધી જશે. મમત્વ કરીશ (તો) અનંત ભવ વધી જશે.

૧૬૫ (પાનું). મન ઉપર એક માર્ગદર્શન છે. મનના વિષયમાં અહીંયાં મનની જુદી જુદી સ્થિતિ થાય છે એમાં '**મન જો શંકાશીલ થઈ ગયું હોય તો 'દ્રવ્યાનુયોગ' વિચારવો યોગ્ય છે;...**' દ્રવ્યાનુયોગમાં પદાર્થનું જે સ્વરૂપ છે એ ત્રણે કાળે અફર સિદ્ધાંતો છે. એ સિદ્ધાંતથી તને ક્યાંય શંકા નહિ પડે. નિઃશંક થઈ જઈશ. '**મન જો શંકાશીલ થઈ ગયું હોય તો 'દ્રવ્યાનુયોગ' વિચારવો યોગ્ય છે;...**'

જેમકે આ કહે છે ને ? કે, દેવો કાંઈ ન કરી શકે ? શાસનદેવ પણ કાંઈ ન કરી શકે ? સમ્યક્દૃષ્ટિ દેવ મદદ કરે કે ન કરે ? લોકો શંકા કરે છે ને ? ભાઈ ! એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ ન

કરી શકે. સમ્યક્દૃષ્ટિ દેવની શું વાત કરે છે, સર્વજ્ઞદેવ પણ કોઈનું કાંઈ ન કરી શકે પછી બીજા દેવની ક્યાં વાત રહી ? શંકા છોડી દે. મન શંકાશીલ થયું હોય તો દ્રવ્યાનુયોગ વિચારજે. તારી બધી શંકા  ડી જશે.

**'પ્રમાદી થઈ ગયું હોય તો 'ચરણકરણાનુયોગ' વિચારવો યોગ્ય છે;...'** ચરણાનુયોગ અને કરણાનુયોગ બન્ને સાથે લીધાં છે. પ્રમાદી એટલે નિષ્ક્રિય. કાંઈ વિચાર આવતો નથી, તત્ત્વનો પણ કાંઈ વિચાર આવતો નથી. સાવ શૂન્યની જેવું મન થઈ ગયું છે. તો કહે (છે), ચરણાનુયોગનો વિચાર કર, કરણાનુયોગનો વિચાર કર. તારા વિચારો છે એ તત્ત્વના વિષયમાં ચાલુ થઈ જશે. મન ચાલુ થઈ જશે.

**'કષાયી થઈ ગયું હોય તો 'ધર્મકથાનુયોગ' વિચારવો યોગ્ય છે;...'** ધર્માત્માઓના જે ચારિત્ર છે, એ કેવા કેવા પ્રબળ ઉદયના વખતે પણ જેમણે પોતાના આત્માના શ્રદ્ધાન-જ્ઞાનનો ત્યાગ કર્યો નથી. એ રીતે પોતે પરિણામ(માં) કષાયી થઈ ગયો હોય ત્યારે ધર્મકથાનુયોગ વિચારવો યોગ્ય છે.

**'જડ થઈ ગયું હોય...'** આ કરણાનુયોગ છેલ્લે લીધો છે. પેલું ચરણકરણ (આવ્યું એમાં) ચરણનું કાર્ય (લેવું). ત્યાં કરણ એટલે કાર્ય લેવું. કરણાનુયોગ ન લેવો. પણ ચરણકરણ એટલે ચરણરૂપી આચરણ. પ્રમાદી થઈ ગયું હોય તો આચરણનો અધિકાર વિચારવો અને **'જડ થઈ ગયું હોય...'** શુષ્ક થઈ ગયું હોય તો **'ગણિતાનુયોગ' વિચારવો યોગ્ય છે.'** એ કરણાનુયોગ છે. ગણિતાનુયોગ એટલે આ કર્મ. કેવા પરિણામથી કેવા કર્મ બંધાય ? કેવા પરિણામથી કેવા કર્મ બંધાય ? એ વગેરે.

પ્રશ્ન :– જડ થઈ ગયું હોય એટલે ?

સમાધાન :– જડ થઈ ગયું હોય એટલે ઘણા એ રીતે (કહેતા

હોય છે કે) અમને તો કાંઈ વિચાર જ આવે નહિ. જેમ જડને કાંઈ વિચાર ન આવે એમ અમને તો કાંઈ વિચાર જ ન આવે. એમ. અને પ્રમાદમાં નિરુત્સાહી લેવું, ઉત્સાહ નથી. એમ. એવી રીતે મનને જોડવા માટેનું એક સામાન્ય માર્ગદર્શન છે.

અગિયારમો બોલ છે. '**તેનો તું બોધ પામ કે જેનાથી સમાધિમરણની પ્રાપ્તિ થાય.**' તેનો એટલે એવા તારા ગુણસ્વરૂપનો બોધ પામ કે જેનો બોધ પામતા સમાધિમરણની પ્રાપ્તિ થાય. એવો બોધ પ્રાપ્ત કર. એકવાર જો સમાધિમરણ થયું તો સર્વ કાળના તારા અસમાધિમરણ ટળી જશે. એટલે એવો બોધ – આત્મજ્ઞાન એકવાર થાય તો સમાધિમરણ થશે.

પ્રશ્ન :– ઈ બોધ કયો ?

સમાધાન :– બોધ એટલે આત્મજ્ઞાન. સ્વરૂપબોધ – આત્મસ્વરૂપનો બોધ. એનો તું બોધ પામ, એમ. શૈલી કરી છે. તેનો તું બોધ પામ (એટલે) સ્વરૂપબોધની વાત લેવી છે કે જેને લઈને સમાધિમરણ થાય.

હવે બધા પત્રો શરૂ થાય છે. અહીં સુધી અમુક વચનો અને એવી બધી રચનાઓ હતી. હવે ૨૧માં વર્ષથી પત્રો શરૂ થાય છે. એમાં ૩૭ નંબરનો આંક છે. પાનું–૧૬૯. ૨૧માં વર્ષમાં પ્રવેશ થઈ ગયો છે. ૨૧મું વર્ષ તો પૂરું થશે. (૩૭ પત્રાંકમાં) એમાં પહેલી લીટી પૂરી થયા પછી પેરેગ્રાફ છે.

'**જગતને રૂડું દેખાડવા અનંતવાર પ્રયત્ન કર્યું;...**' લોકોને સારું લાગે, બીજા કોઈને ખરાબ ન લાગવું જોઈએ, બધાને સારું લગાડવું, કોઈને ખરાબ લાગે એવી રીતે આપણે શા માટે કાંઈ કરવું જોઈએ ? '**જગતને રૂડું દેખાડવા અનંતવાર પ્રયત્ન કર્યું;...**' આ પ્રકારનો પ્રયત્ન અનંતવાર કર્યો છે પણ '**તેથી રૂડું થયું નથી.**' જોકે આમાં ઘણાં ડહાપણ સમજે છે. લોકોને આપણે સારું દેખાડીએ એમાં શું વાંધો છે ? લોકોને ખરાબ લાગે એવું શું કરવા આપણે કાંઈ કરવું જોઈએ ? એક વખત

પોતાની ફરજ હોય, સત્ય હોય તોપણ એને ગૌણ કરે કેમકે લોકોને સારું નહિ લાગે. કહે છે કે, એવું તો અનંતવાર કર્યું છે. તું સત્યને વળગી નથી રહી શક્યો. સત્યને પણ ગૌણ કરીને '**જગતને રૂડું દેખાડવા અનંતવાર પ્રયત્ન કર્યું;...**' પણ તેથી તારું રૂડું એટલે કલ્યાણ થયું નથી. અહીંયાં રૂડુંનો અર્થ કલ્યાણ. પણ તારું '**રૂડું થયું નથી.**' આ કાઠિયાવાડી ભાષા છે. તારું કલ્યાણ ન થયું – તારું રૂડું ન થયું.

'**કેમકે પરિભ્રમણ અને પરિભ્રમણના હેતુઓ હજુ પ્રત્યક્ષ રહ્યા છે.**' એટલે મિથ્યાત્વ અને અજ્ઞાન મટ્યું નથી, જે પરિભ્રમણ અને પરિભ્રમણના કારણભૂત છે. તે હજી પ્રત્યક્ષ ભા છે. '**એક ભવ જો...**' અનંત ભવમાં તેં આ બધું જગતને રૂડું દેખાડવાનો પ્રયત્ન કર્યો છે તો હવે '**એક ભવ જો આત્માનું રૂડું થાય તેમ વ્યતીત કરવામાં જશે, તો અનંત ભવનું સાટું વળી રહેશે, એમ હું લઘુત્વભાવે સમજ્યો છું;...**' નમ્રતાથી આ વાત કરું છું. શું કરે છે ? જીવને આવી એક જાણ્યે-અજાણ્યે અભિલાષા હોય છે કે, આખું જગત મને સારો ગણે. કોઈ મને નઠારો ન ગણે. બધા મને સારો ગણે. એવું જ બધું કરું કે બધા મને સારો જ ગણે અને હું એવા જ કાર્યો કરું કે જેથી બધાની નજરમાં હું સારો જ ગણાઉં. આવું જગતમાં પોતાનું સ્થાન સારું રહે એવી જે અભિલાષા છે, એવી જે મહત્ત્વાકાંક્ષા છે એમાં આત્માનું કલ્યાણ થતું નથી, એમાં કદી આત્માનું કલ્યાણ થતું નથી. એમ છે. '**કેમકે પરિભ્રમણ અને પરિભ્રમણના હેતુઓ હજુ પ્રત્યક્ષ રહ્યા છે.**' ત્યાં સુધી આત્માનું કલ્યાણ નથી, ભલે જગતને રૂડું દેખાડવા ગમે તે કર્યું હોય.

પ્રશ્ન :– એમાં પોતાનો માનકષાય જ છે ને ?

સમાધાન :– હા, માનકષાય છે. છે, માનકષાય, તીવ્ર માનકષાય છે. કેમકે આખા જગતને એણે રૂડું દેખાડવું છે. આખા

જગતની નજરમાં પોતાનું માન જળવાઈ રહે. એ માનકષાય છે. માનકષાય છે, માયાકષાય છે, એની અંદર બધું છે. અને મોટી વાત તો એ છે કે, પોતાની શિ ત એણે જગતને રૂડું દેખાડવામાં ખર્ચી છે, પોતાનો સમય અને શિ તનો ખર્ચ એણે કર્યો છે પણ મિથ્યાત્વ અને અજ્ઞાન તોડવા માટે એણે પોતાની શિ તનો ઉપયોગ કર્યો નથી. તો તારું કલ્યાણ નથી થયું એમ કહે છે. પેલું બધું તેં કર્યું પણ કલ્યાણ ન થયું એનું શું ? પરિભ્રમણ ભું છે એનું શું ?

**'એક ભવ જો...'** એક નક્કી કરી નાખવું કે આ ભવ. એક ભવ એટલે ? ચાલુ વર્તમાન ભવ. પછી ભવિષ્યમાં એક ભવમાં આમ કરીશ એમ વાત નથી. એક ભવ એટલે આ ભવ જો **'આત્માનું રૂડું થાય...'** કલ્યાણ થાય **'તેમ વ્યતીત કરવામાં જશે, તો અનંત ભવનું સાટું વળી રહેશે,...'** એક ભવ જો આત્માનું કલ્યાાણ કરવામાં જશે (તો) તારા અનંત ભવ સાર્થક થઈ ગયા. **'એમ હું લઘુત્વભાવે સમજ્યો છું;...'**

પછી બીજો જે પેરેગ્રાફ છે એમાં વચ્ચે એક લીટી છે. **'ઉપયોગ શુદ્ધ કરવા આ જગતના સંકલ્પ-વિકલ્પને ભૂલી જજો;...'** પોતાના ઉપયોગની શુદ્ધિ માટે આખા જગતને ભૂલી જવું, જગતની વિસ્મૃતિ કરવી. જગતના કોઈ પ્રસંગ, કોઈ વ્યિ ત, કોઈ બનાવ, કોઈ કાળ, કોઈ દ્રવ્ય, કોઈ ભાવ માટે સંકલ્પ-વિકલ્પ નહિ કર, ચિંતા નહિ કર. બધાને ભૂલીને એક શુદ્ધાત્મામાં ઉપયોગને લગાવવો તો ઉપયોગ શુદ્ધ થાય. ઉપયોગની શુદ્ધિ માટે આખું જગત ગૌણ કરવાની વાત છે.

ત્યારપછી પાછળમાં જે પહેલો પેરેગ્રાફ શરૂ થાય છે એની બીજી લીટીથી વાત છે. 'રાજનગર'ના 'ઉજમશીભાઈ'ને પત્ર લખેલો છે. **'આ તમારા માનેલા 'મુરબ્બી' માટે કોઈ પણ પ્રકારે હર્ષ-શોક કરશો નહીં;...'** (એટલે) પોતાને માટે. આ જે 'ઉજમશી' છે ને ? 'ઉજમશી' એટલે બનતા સુધી 'જેસિંગભાઈ ઉજમશી' છે ને ? 'રાજનગર,

અમદાવાદ !' મિલવાળા ! 'જૂઠાભાઈ ઉજમશી' ! 'ઉજમશીભાઈ' એમના પિતાશ્રી. પણ 'શ્રીમદ્' પ્રત્યે એમને બહુમાન ઘણું હતું. 'અમદાવાદ'માં એમને ત્યાં  તરતા હતા.

(કહે છે), **'આ તમારા માનેલા 'મુરબ્બી' માટે...'** ઉંમરમાં ભલે પોતે નાના હશે કેમકે એ તો ૨૧ વર્ષના છે. **'હર્ષ-શોક કરશો નહીં; તેની ઇચ્છા...'** તેની એટલે મારી. તમારા મુરબ્બી એટલે પોતે. 'મુરબ્બી' જે અવતરણ ચિહ્નમાં લખ્યું છે એ પોતાની વાત છે એટલે અવતરણ ચિહ્ન કર્યું છે.

**'તેની ઇચ્છા માત્ર સંકલ્પ-વિકલ્પથી રહિત થવાની જ છે;...'** જુઓ ! હવે સમ્યગ્દર્શનની નજીક જાય છે ને ? એટલે આ વિષય ચાલુ થયો. તમારા મુરબ્બીનો તમે કાંઈ હરખ-શોક કરશો નહિ, મારે કોઈ ઇચ્છા નથી. અહીંથી મને સારું લાગશે કે અહીંથી ખરાબ લાગશે, – નહિ ! મારે તો સંકલ્પ-વિકલ્પ રહિત થવું છે, નિર્વિકલ્પ થવું છે. **'તેને અને આ વિચિત્ર જગતને કંઈ લાગતુંવળગતું કે લેવાદેવા નથી.'** આ મરી ગયા, જગતમાંથી મરી ગયા ! આમ વાત છે. તેને અને આ વિચિત્ર જગતને કાંઈ લેવાદેવા નથી અને કાંઈ લાગતુંવળગતું નથી.

**'એટલે તેમાંથી તેને માટે ગમે તે વિચારો બંધાય...'** કોઈ મને ગમે તે કહે, મને કોઈ ખરાબ ગણે, સારો ગણે મારે કાંઈ લેવાદેવા નથી. જગતની એવી એક વિચિત્રતા છે કે, સારાને સારો ન પણ ગણે. કાંઈ નહિ, મારે શું સંબંધ છે ? **'તેને માટે ગમે તે વિચારો બંધાય કે બોલાય...'** એના માટે ગમે તે બોલાતું હોય. (આપણે નથી કહેતાં ?) તમારા માટે ફલાણાં લોકો બહુ આમ કહે છે. કાંઈ નહિ, લોકોને જે કહેવું હોય એ કહે. મારે તો આખા જગતની વિસ્મૃતિ કરવી છે.

**'તે ભણી હવે જવા ઇચ્છા નથી. જગતમાંથી જે પરમાણુ પૂર્વકાળે ભેળાં કર્યાં છે તે હળવે હળવે તેને આપી દઈ  ણમુ  ત થવું...'** છે.

જેટલું કર્મનું નિબંધન કર્યું છે એ કર્મ છોડી દેવા છે. એ બધું દેવું કર્યું છે. કર્મ બાંધીને બધું દેવું કર્યું છે (એ) દેવામાંથી મુ  ત થવું છે. **'એ જ તેની સદા સઉપયોગી, વહાલી, શ્રેષ્ઠ અને પરમ જિજ્ઞાસા છે; બાકી તેને કંઈ આવડતું નથી;...'** મને કાંઈ આવડતું નથી. **'તે બીજું કંઈ ઇચ્છતો નથી; પૂર્વકર્મના આધારે તેનું સઘળું વિચરવું છે;...'** આ હજી જ્ઞાનદશા નથી થઈ તો પણ કેવી રીતે પરિણામ વળી ગયા છે !

**'એમ સમજી પરમ સંતોષ રાખજો; આ વાત ગુપ્ત રાખજો.'** આનો ફેલાવો કરવાની તમારે જરૂર નથી. મારો ફેલાવો ક્યાંય કરશો નહિ નહિતર મને તકલીફ થાશે એમ કહે છે. **'કેમ આપણે માનીએ છીએ, અથવા કેમ વર્તીએ છીએ તે જગતને દેખાડવાની જરૂર નથી; પણ આત્માને આટલું જ પૂછવાની જરૂર છે, કે જો મુ  તને ઇચ્છે છે...'** પોતે પોતાને (કહેવું) કે, જો તું મુ  તને ઇચ્છે છે **'તો સંકલ્પ-વિકલ્પ, રાગ-દ્વેષને મૂક અને તે મૂકવામાં તને કંઈ બાધા હોય તો તે કહે.'** તને કંઈ તકલીફ પડતી હોય તો કહે. આત્માને કહે કે, તું આ સંકલ્પ-વિકલ્પ ને આ બધી પળોજણને મૂકી દે ને ! આ રાગ-દ્વેષ છોડ ને ! તને આ છોડવામાં શું નડે છે ? કાંઈ તકલીફ હોય તો કહે. તારી તકલીફ દૂર કરી દઈએ. પણ શા માટે તું મૂકતો નથી ? એમ તું આત્માને પૂછ. **'તે તેની મેળે માની જશે.'** તારો આત્મા ડાહ્યો છે, **`માની જશે અને તે તેની મેળે મૂકી દેશે.'**

**'જ્યાં ત્યાંથી રાગ-દ્વેષ રહિત થવું એ જ મારો ધર્મ છે; અને તે તમને અત્યારે બોધી જઉં છું. પરસ્પર મળીશું ત્યારે હવે તમને કંઈ પણ આત્મત્વ સાધના બતાવાશે તો બતાવીશ.'** બતાવીશ એમ નહિ, બતાવાશે તો સહેજે સહેજે બતાવીશ. **'બાકી ધર્મ મેં ઉપર કહ્યો તે જ છે અને તે જ ઉપયોગ રાખજો. ઉપયોગ એ જ સાધના છે.'** અહીંયાં ઉપયોગ એટલે સાવધાની. **'એ જ સાધના છે. વિશેષ સાધના તે માત્ર**

**સત્પુરુષનાં ચરણકમળ છે; તે પણ કહી જઉં છું.**’ અહીં વાત નાખી છે. ઉપયોગ તો રાગ-દ્વેષ નહિ થવાનો રાખજો. એની સાવધાની રાખજો કે રાગ-દ્વેષ ન થાય અને બીજી સાધના સત્પુરુષના ચરણકમળમાં રહેવું તે છે. એ પણ કહી જાઉં છું.

**‘આત્મભાવમાં સઘળું રાખજો; ધર્મધ્યાનમાં ઉપયોગ રાખજો; જગતના કોઈ પણ પદાર્થ, સગાં, કુટુંબી, મિત્રનો કંઈ હર્ષ-શોક કરવો યોગ્ય જ નથી.'** જુઓ ! **‘પરમશાંતિપદને ઇચ્છીએ એ જ આપણો સર્વસમ્મત ધર્મ છે અને એ જ ઇચ્છામાં ને ઇચ્છામાં તે મળી જશે, માટે નિશ્ચિંત રહો. હું કોઈ ગચ્છમાં નથી; પણ આત્મામાં છું; એ ભૂલશો નહીં.**’

**‘દેહ જેનો ધર્મોપયોગ માટે છે, તે દેહ રાખવા જે પ્રયત્ન કરે છે, તે પણ ધર્મને માટે જ છે.**’ આ ‘ખાવું છે તોપણ આત્મા માટે’, એ આવી વાત છે. **‘વિ. રાયચંદ્ર.**’

આ ૨૧માં વર્ષથી એમના આત્માર્થીપણાના પ્રસિદ્ધક પત્રો છે. એ ભાવ ૨૧માં વર્ષથી બહુ સ્પષ્ટ દેખાય આવે છે કે કેવી આત્માર્થીની દશા એમની શરૂ થઈ ગઈ છે. કેટલા આત્માર્થી થયા છે પછી સમ્યગ્દર્શન થયું છે એ વાત અહીંથી અછાની રહેતી નથી.

(અહીં સુધી રાખીએ).

# श्री वीतराग सत्साहित्य प्रसारक ट्रस्ट
# उपलब्ध प्रकाशन (हिन्दी)

| ग्रंथ का नाम एवं विवरण | | मूल्य |
|---|---|---|
| ०१ | जिणसासणं सव्वं (ज्ञानीपुरुष विषयक वचनामृतोंका संकलन) | ०८-०० |
| ०२ | द्रव्यदृष्टिप्रकाश (तीनों भाग - पूज्य श्री निहालचंद्रजी सोगानीजीके पत्र एवं तत्त्वचर्चा) | ३०-०० |
| ०३ | दूसरा कुछ न खोज (प्रत्यक्ष सत्पुरुष विषयक वचनामृतोंका संकलन) | ०६-०० |
| ०४ | दंसणमूलो धम्मो (सम्यक्त्व महिमा विषयक आगमोंके आधार) | ०६-०० |
| ०५ | निर्भ्रांत दर्शनकी पगडंडी (ले. पूज्य भाईश्री शशीभाई) | १०-०० |
| ०६ | परमागमसार (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके १००८ वचनामृत) | |
| ०७ | प्रयोजन सिद्धि (ले. पूज्य भाईश्री शशीभाई) | ०४-०० |
| ०८ | मूलमें भूल (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके विविध प्रवचन) | ०८-०० |
| ०९ | विधि विज्ञान (विधि विषयक वचनामृतोंका संकलन) | १०-०० |
| १० | सम्यक्ज्ञानदीपिका (ले. श्री धर्मदासजी क्षुल्लक) | १५-०० |
| ११ | तत्त्वानुशीलन (भाग १-२-३) (ले. पूज्य भाईश्री शशीभाई) | २०-०० |
| १२ | अनुभव प्रकाश (ले. दीपचंदजी कासलीवाल) | |
| १३ | ज्ञानामृत (श्रीमद् राजचंद्र ग्रंथमें से चयन किये गये वचनामृत) | |
| १४ | मुमुक्षुता आरोहण क्रम (श्रीमद् राजचंद्र पत्रांक-२५४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | |
| १५ | सम्यग्दर्शनके सर्वोत्कृष्ट निवासभूत छः पदोंका अमृत पत्र (श्रीमद् राजचंद्र पत्रांक-४९३ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | १८-०० |
| १६ | आत्मयोग (श्रीमद् राजचंद्र पत्रांक-५६९, ४९१, ६०९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| १७ | परिभ्रमणके प्रत्याख्यान (श्रीमद् राजचंद्र पत्रांक-१९५, १२८, २६४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| १८ | अनुभव संजीवनी (पूज्य भाईश्री शशीभाई द्वारा लिखे गये वचनामृतोंका संकलन) | १५०-०० |
| १९ | धन्य आराधना (श्रीमद् राजचंद्रजीकी अंतरंग अध्यात्म दशा पर पूज्य भाईश्री शशीभाई द्वारा विवेचन) | |
| २० | सिद्धपदका सर्वश्रेष्ठ उपाय | २५.०० |

| | | |
|---|---|---|
| २१ | कुटुम्ब प्रतिबंध | २५.०० |
| २२ | दिशा बोध (श्रीमद् राजचंद्र पत्रांक-१६६, ४४९, ५७२ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| २३ | प्रवचन नवनीत भाग-१ (पूज्य गुरुदेवश्री कानजीस्वामी के प्रवचन) | ७५-०० |
| २४ | गुरु गुण संभारणा (पूज्य बहिनश्री चंपाबहन द्वारा गुरु भक्ति) | १५-०० |
| २५ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन (पूज्य गुरुदेवश्री द्वारा) | ५०-०० |
| २६ | कहान रत्न सरिता (परमागमसार के विभिन्न वचनामृतों पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन) | ३०.०० |
| २७ | सुविधि दर्शन (सुविधि लेख पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन) | ४०.०० |
| २८. | वचनामृत रहस्य (पूज्य गुरुदेवश्री के नायरोबी में हुए प्रवचन) | २०.०० |

# વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

## ઉપલબ્ધ પ્રકાશન (ગુજરાતી)

| | ગ્રંથનું નામ તેમજ વિવરણ | મૂલ્ય |
|---|---|---|
| ૦૧ | ગુરુગુણ સંભારણા (પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી સ્ફુરિત ગુરુભક્તિ) | ૦૫-૦૦ |
| ૦૨ | જિણસાસણં સવ્વં (જ્ઞાનીપુરુષ વિષયક વચનામૃતોનું સંકલન) | ૦૮-૦૦ |
| ૦૩ | દ્વાદશ અનુપ્રેક્ષા (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત) | ૦૨-૦૦ |
| ૦૪ | દ્રવ્યદૃષ્ટિપ્રકાશ ભાગ-૩ (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીની તત્ત્વચર્ચા) | ૦૪-૦૦ |
| ૦૫ | દસલક્ષણ ધર્મ (ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મો પર પૂ. ગુરુદેવશ્રીનાં પ્રવચનો) | ૦૬-૦૦ |
| ૦૬ | ધન્ય આરાધના (શ્રીમદ્ રાજચંદ્રજીની અંતરંગ અધ્યાત્મ દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન) | ૧૦-૦૦ |
| ૦૭ | નિર્ભ્રાંત દર્શનની કેડીએ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ) | ૧૦-૦૦ |
| ૦૮ | પરમાત્મપ્રકાશ (શ્રીમદ્ યોગીન્દ્રદેવ વિરચિત) | ૧૫-૦૦ |
| ૦૯ | પરમાગમસાર (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૦૦૮ વચનામૃત) | ૧૧-૨૫ |
| ૧૦ | પ્રવચન નવનીત ભાગ-૧ (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૧૧ | પ્રવચન નવનીત ભાગ-૨ (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૧૨ | પ્રવચન નવનીત ભાગ-૩ (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય ઉપર ખાસ પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૧૩ | પ્રવચન નવનીત ભાગ-૪ (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ શક્તિઓ ઉપર ખાસ પ્રવચનો) | ૭૫-૦૦ |
| ૧૪ | પ્રવચન પ્રસાદ ભાગ-૧-૨ (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | ૬૫-૦૦ |
| ૧૫ | પ્રયોજન સિદ્ધિ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ) | ૦૩-૦૦ |
| ૧૬ | વિધિ વિજ્ઞાન (વિધિ વિષયક વચનામૃતોનું સંકલન) | ૦૭-૦૦ |
| ૧૭ | ભગવાન આત્મા (દ્રવ્યદૃષ્ટિ વિષયક વચનામૃતોનું સંકલન) | ૦૭-૦૦ |
| ૧૮ | પથ પ્રકાશ (માર્ગદર્શન વિષયક વચનામૃતોનું સંકલન) | ૦૬-૦૦ |
| ૧૯ | સમ્યક્જ્ઞાનદીપિકા (લે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક) | ૧૫-૦૦ |
| ૨૦ | આધ્યાત્મિક પત્ર (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના પત્રો) | ૦૨-૦૦ |
| ૨૧ | અધ્યાત્મ સંદેશ (પૂજ્ય ગુરુદેવશ્રીના વિવિધ પ્રવચનો) | પ્રેસમાં |
| ૨૨ | જ્ઞાનામૃત (શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃતો) | ૦૬-૦૦ |
| ૨૩ | બીજું કાંઈ શોધ મા (પ્રત્યક્ષ સત્પુરુષ વિષયક વચનામૃતોનું સંકલન) | ૦૬-૦૦ |
| ૨૪ | મુમુક્ષુતા આરોહણ ક્રમ (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૧૫-૦૦ |
| ૨૫ | સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ નિવાસભુત છ પદનો અમૃત પત્ર (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૪૯૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૨૬ | આત્મયોગ (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૫૬૯, ૪૯૧, ૬૦૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૭ | પરિભ્રમણના પ્રત્યાખ્યાન (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૧૯૫, ૧૨૮ તથા ૨૬૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૮ | અનુભવ સંજીવની (પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા લિખિત વચનામૃતોનું સંકલન) | ૧૫૦-૦૦ |
| ૨૯ | સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૧૪૭, ૧૯૪, ૨૦૦ ૫૧૧, ૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫.૦૦ |
| ૩૦ | કુટુંબ પ્રતિબંધ (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૧૦૩, ૩૩૨, ૫૧૦, ૫૨૮, ૫૩૭ તથા ૩૭૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫.૦૦ |
| ૩૧ | વચનામૃત રહસ્ય (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં `બહેનશ્રીના વચનામૃત' પર થયેલાં પ્રવચનો) | ૨૫.૦૦ |
| ૩૨ | પ્રવચન સુધા (ભાગ-૧) 'પ્રવચનસાર' શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦.૦૦ |
| ૩૩ | પ્રવચન સુધા (ભાગ-૨) 'પ્રવચનસાર' શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૮૫.૦૦ |
| ૩૪ | દિશા બોધ (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૧૬૬, ૪૪૯, ૫૭૨, પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫.૦૦ |
| ૩૫ | કહાન રત્ન સરિતા (ભાગ-૧) ('પરમાગમસાર' માંથી ચૂંટેલા કેટલાક વચનામૃતો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫.૦૦ |
| ૩૬ | સમયસાર દોહન (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં `સમયસાર' પરમાગમ ઉપર થયેલાં પ્રવચનો) | ૩૫.૦૦ |
| ૩૭ | સુવિધિદર્શન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત 'સુવિધિ' લેખ ઉપર તેમનાં પ્રવચન) | ૨૫.૦૦ |
| ૩૮ | સ્વરૂપભાવના (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક–૯૧૩, ૭૧૦ અને ૮૩૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫.૦૦ |
| ૩૯ | સમકિતનું બીજ (શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથમાંથી સત્પુરુષની ઓળખાણ વિષયક પત્રો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૩૦.૦૦ |
| ૪૦ | પ્રવચન સુધા (ભાગ-૩) 'પ્રવચનસાર' શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૪૧ | કહાન રત્ન સરિતા (ભાગ-૨) ('પરમાગમસાર' માંથી ક્રમબદ્ધપર્યાય વિષયક ચૂંટેલા કેટલાક વચનામૃતો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૩૦.૦૦ |
| ૪૨ | પ્રવચન સુધા (ભાગ-૪) 'પ્રવચનસાર' શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૪૩ | અધ્યાત્મ સુધા (ભાગ-૧) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૪૪ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૧) 'કાર્તિકેયાનુપ્રેક્ષા' ગ્રંથ ઉપર | |

| | | |
|---|---|---|
| | પૂજ્ય ગુરુદેવશ્રી કાનીજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૪૫ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૨) 'કાર્તિકેયાનુપ્રેક્ષા' ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનીજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૪૬ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૧) 'દ્રવ્યસંગ્રહ' ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો. | ૨૦.૦૦ |
| ૪૭ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૨) 'દ્રવ્યસંગ્રહ' ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો. | ૨૦.૦૦ |
| ૪૮ | પ્રવચન સુધા (ભાગ—૫) 'પ્રવચનસાર' શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૪૯ | અધ્યાત્મ સુધા (ભાગ-૨) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૫૦ | પ્રવચન સુધા (ભાગ—૬) 'પ્રવચનસાર' શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૫૧ | રાજ હૃદય (ભાગ-૧) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | |
| ૫૨ | રાજ હૃદય (ભાગ-૨) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | |

# वीतराग सत् साहित्य प्रसारक ट्रस्टमें से प्रकाशित हुई पुस्तकोंकी प्रत संख्या

| | | |
|---|---|---|
| ०१ | प्रवचनसार (गुजराती) | १५०० |
| ०२ | प्रवचनसार (हिन्दी) | ४२०० |
| ०३ | पंचास्तिकायसंग्रह (गुजराती) | १००० |
| ०४ | पंचास्तिकाय संग्रह (हिन्दी) | २५०० |
| ०५ | समयसार नाटक (हिन्दी) | ३००० |
| ०६ | अष्टपाहुड (हिन्दी) | २००० |
| ०७ | अनुभव प्रकाश | २१०० |
| ०८ | परमात्मप्रकाश | ४१०० |
| ०९ | समयसार कलश टीका (हिन्दी) | २००० |
| १० | आत्मअवलोकन | २००० |
| ११ | समाधितंत्र (गुजराती) | २००० |
| १२ | बृहद द्रव्यसंग्रह (हिन्दी) | ३००० |
| १३ | ज्ञानामृत (गुजराती) | १०,००० |
| १४ | योगसार | २००० |
| १५ | अध्यात्मसंदेश | २००० |
| १६ | पद्मनंदीपंचविंशती | ३००० |
| १७ | समयसार | ३१०० |
| १८ | समयसार (हिन्दी) | २५०० |
| १९ | अध्यात्मिक पत्रो (पूज्य निहालचंद्रजी सोगानी द्वारा लिखित) | ३००० |
| २० | द्रव्यदृष्टि प्रकाश (गुजराती) | १०,००० |
| २१ | द्रव्यदृष्टि प्रकाश (हिन्दी) | ६६०० |
| २२ | पुरुषार्थसिद्दिउपाय (गुजराती) | ६१०० |
| २३ | क्रमबद्धपर्याय (गुजराती) | ८००० |
| २४ | अध्यात्मपराग (गुजराती) | ३००० |
| २५ | धन्य अवतार (गुजराती) | ३७०० |
| २६ | धन्य अवतार (हिन्दी) | ८००० |
| २७ | परमामगसार (गुजराती) | ५००० |
| २८ | परमागमसरा (हिन्दी) | ४००० |

| | | |
|---|---|---|
| २९ | वचनामृत प्रवचन भाग-१-२ | ५००० |
| ३० | निर्भ्रांत दर्शननी केडीए (गुजराती) | ५००० |
| ३१ | निर्भ्रांत दर्शनकी पगडंडी (हिन्दी) | ७००० |
| ३२ | अनुभव प्रकाश (हिन्दी) | २००० |
| ३३ | गुरुगुण संभारणा (गुजराती) | ३००० |
| ३४ | जिण सासणं सव्वं (गुजराती) | २००० |
| ३५ | जिण सासणं सव्वं (हिन्दी) | २००० |
| ३६ | द्वादश अनुप्रेक्षा (गुजराती) | २००० |
| ३७ | दस लक्षण धर्म (गुजराती) | २००० |
| ३८ | धन्य आराधना (गुजराती) | १००० |
| ३९ | धन्य आराधना (हिन्दी) | १५०० |
| ४० | प्रवचन नवनीत भाग-१-४ | ५८५० |
| ४१ | प्रवचन प्रसाद भाग-१-२ | १५०० |
| ४२ | पथ प्रकाश (गुजराती) | २००० |
| ४३ | प्रयोजन सिद्धि (गुजराती) | ३५०० |
| ४४ | प्रयोजन सिद्धि (हिन्दी) | २५०० |
| ४५ | विधि विज्ञान (गुजराती) | २००० |
| ४६ | विधि विज्ञान (हिन्दी) | २००० |
| ४७ | भगवान आत्मा (गुजराती) | २००० |
| ४८ | सम्यक्‌ज्ञानदीपिका (गुजराती) | १००० |
| ४९ | सम्यक्‌ज्ञानदीपिका (हिन्दी) | १५०० |
| ५० | तत्त्वानुशीलन (गुजराती) | ४००० |
| ५१ | तत्त्वानुशीलन (हिन्दी) | २००० |
| ५२ | बीजुं कांई शोध मा (गुजराती) | ४००० |
| ५३ | दूसरा कुछ न खोज (हिन्दी) | २००० |
| ५४ | मुमुक्षुता आरोहण क्रम (गुजराती) | २५०० |
| ५५ | मुमुक्षुता आरोहण क्रम (हिन्दी) | ३५०० |
| ५६ | अमृत पत्र (गुजराती) | २००० |
| ५७ | अमृत पत्र (हिन्दी) | २००० |
| ५८ | परिभ्रमणना प्रत्याख्यान (गुजराती) | १५०० |
| ५९ | परिभ्रमणके प्रत्याख्यान (हिन्दी) | २००० |
| ६० | आत्मयोग (गुजराती) | १५०० |

| | | |
|---|---|---|
| ६१ | आत्मयोग (हिन्दी) | २५०० |
| ६२ | अनुभव संजीवनी (गुजराती) | १००० |
| ६३ | अनुभव संजीवनी (हिन्दी) | १००० |
| ६४ | ज्ञानामृत (हिन्दी) | २५०० |
| ६५ | वचनामृत रहस्य | १००० |
| ६६ | दिशा बोध (हिन्दी-गुजराती) | ३००० |
| ६७ | कहान रत्न सरिता (हिन्दी-गुजराती) | २५०० |
| ६८ | प्रवचन सुधा (भाग-१) | १००० |
| ६९ | कुटुम्ब प्रतिबंध (हिन्दी-गुजराती) | ३५०० |
| ७० | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (हिन्दी-गुजराती) | ३००० |
| ७१ | गुरु गिरा गौरव (हिन्दी-गुजराती) | ३००० |
| ७२ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन | ७५० |
| ७३ | प्रवचन सुधा (भाग-२) | ७५० |
| ७४ | समयसार दोहन | ७५० |
| ७५ | गुरु गुण संभारणा | ७५० |
| ७६ | सुविधिदर्शन | १००० |
| ७७ | समकितनुं बीज | १००० |
| ७८ | स्वरूपभावना | १००० |
| ७९ | प्रवचन सुधा (भाग-३) | १००० |
| ८० | प्रवचन सुधा (भाग-४) | १००० |
| ८१ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-१ | १००० |
| ८२ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-२ | १००० |
| ८३ | सुविधि दर्शन (हिन्दी) | १००० |
| ८४ | प्रवचन सुधा (भाग-५) | १००० |
| ८५ | द्रव्यसंग्रह प्रवचन (भाग-१) | १००० |
| ८६ | द्रव्यसंग्रह प्रवचन (भाग-२) | १००० |
| ८७ | वचनामृत रहस्य (हिन्दी) | १००० |
| ८८ | प्रवचन सुधा (भाग-६) | १००० |
| ८९ | राज हृदय (भाग-१) | १५०० |
| ९० | राज हृदय (भाग-२) | १५०० |
| ९१ | अध्यात्मसुधा (भाग-१) | १००० |
| ९२ | अध्यात्मसुधा (भाग-२) | १००० |

# વાચકોની નોંધ માટે

# વાચકોની નોંધ માટે

## વાચકોની નોંધ માટે